

(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર
શાસ્ત્ર પર સન્ ૧૯૭૧ના પ્રવચન)

# નિયમનો સાર

ભાગ
૧





ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમનો સાર
# ભાગ-૧

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૧ની સાલના પ્રવચન )

પ્રકાશક
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૮

વીર સંવત
૨૫૪૮

ઈ. સન
૨૦૨૨

: પ્રકાશન પ્રસંગ :
ફાગણ વદ ૮, ૨૭-૦૩-૨૦૨૨;
પૂ. બહેનશ્રી ચંપાબહેનની સમ્યક્ત્વ જયંતી (વિ. સં. ૧૯૮૯)

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭



# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા''શ્રી

અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દ્રઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવને તો ખૂબ ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા- ટીકાનો અક્ષરશઃ

ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ (ઈ. સ. ૧૯૭૧) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૦૨ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com) તથા એપ (app) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧માં થયેલ ૨૦૨ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમનો સાર ભાગ-૧માં અત્રે (૧) જીવ અધિકાર અને (૨) અજીવ અધિકાર પરના સળંગ ૩૨ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન

સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રીમતી પારુલબેન શેઠ, વિલે પાર્લા શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.


જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કરકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,

વિલેપાર્લા, મુંબઈ




કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની

દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્નન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી

તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર

દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૧) જીવ અધિકાર | | | | | | |
| ૧ | ૨૭-૦૨-૧૯૭૧ | ફાગણ સુદ ૨ | શનિવાર | - | ૧-૪ | ૦૧-૧૦ |
| ૨ | ૨૮-૦૨-૧૯૭૧ | ફાગણ સુદ ૩ | રવિવાર | ૧ | ૪-૭ | ૧૧-૨૨ |
| ૩ | ૦૧-૦૩-૧૯૭૧ | ફાગણ સુદ ૪ | સોમવાર | ૧-૨ | ૮ | ૨૩-૩૪ |
| ૪ | ૦૨-૦૩-૧૯૭૧ | ફાગણ સુદ ૫ | મંગળવાર | ૩ | ૯ | ૩૫-૪૮ |
| ૫ | ૦૩-૦૩-૧૯૭૧ | ફાગણ સુદ ૬ | બુધવાર | ૩ | - | ૪૯-૬૧ |
| ૬ | ૦૫-૦૩-૧૯૭૧ | ફાગણ સુદ ૯ | શુક્રવાર | ૩ | ૧૦ | ૬૨-૭૨ |
| ૭ | ૦૬-૦૩-૧૯૭૧ | ફાગણ સુદ ૧૦ | શનિવાર | ૪ | ૧૧ | ૭૩-૮૨ |
| ૮ | ૦૭-૦૩-૧૯૭૧ | ફાગણ સુદ ૧૧ | રવિવાર | ૫-૬ | ૧૨ | ૮૩-૯૪ |
| ૯ | ૦૮-૦૩-૧૯૭૧ | ફાગણ સુદ ૧૨ | સોમવાર | ૬ | ૧૩ | ૯૫-૧૦૮ |
| ૧૦ | ૦૯-૦૩-૧૯૭૧ | ફાગણ સુદ ૧૩ | મંગળવાર | ૭ | - | ૧૦૯-૧૨૨ |
| ૧૧ | ૧૦-૦૩-૧૯૭૧ | ફાગણ સુદ ૧૪ | બુધવાર | ૮ | ૧૪ | ૧૨૩-૧૩૫ |
| ૧૨ | ૧૧-૦૩-૧૯૭૧ | ફાગણ સુદ ૧૫ | ગુરુવાર | ૯ | ૧૫ | ૧૩૬-૧૪૮ |
| ૧૩ | ૧૩-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૨ | શનિવાર | ૯ | - | ૧૪૯-૧૬૧ |
| ૧૪ | ૧૪-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૩ | રવિવાર | ૯ | - | ૧૬૨-૧૭૭ |
| ૧૫ | ૧૫-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૪ | સોમવાર | ૯-૧૦ | ૧૬ | ૧૭૮-૧૯૨ |
| ૧૬ | ૧૬-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૫ | મંગળવાર | ૧૦-૧૨ | ૧૭ | ૧૯૩-૨૦૪ |
| ૧૭ | ૧૭-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૫ | બુધવાર | ૧૧-૧૨ | - | ૨૦૫-૨૧૭ |
| ૧૮ | ૧૮-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૬ | ગુરુવાર | ૧૧-૧૨ | ૧૮ | ૨૧૮-૨૩૧ |
| ૧૯ | ૧૯-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૭ | શુક્રવાર | ૧૯-૨૨ | - | ૨૩૨-૨૪૬ |
| ૨૦ | ૨૧-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૯ | રવિવાર | ૧૩ | - | ૨૪૭-૨૫૯ |
| ૨૧ | ૨૨-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૧૦ | સોમવાર | ૧૪ | ૨૩-૨૫ | ૨૬૦-૨૭૨ |
| ૨૨ | ૨૩-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૧૧ | મંગળવાર | ૧૫ | ૨૬ | ૨૭૩-૨૮૫ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૩ | ૨૪-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૧૨ | બુધવાર | ૧૫ | ૨૭ | ૨૮૬-૨૯૯ |
| ૨૪ | ૨૫-૦૩-૧૯૭૧ | ફાગણ વદ ૧૪ | ગુરુવાર | ૧૬-૧૮ | ૨૮-૨૯ | ૩૦૦-૩૧૩ |
| ૨૫ | ૨૭-૦૩-૧૯૭૧ | ચૈત્ર સુદ ૧ | શનિવાર | - | ૩૦-૩૪ | ૩૧૪-૩૨૬ |
| ૨૬ | ૨૮-૦૩-૧૯૭૧ | ચૈત્ર સુદ ૨ | રવિવાર | - | ૩૦-૩૫ | ૩૨૭-૩૩૮ |
| ૨૭ | ૨૯-૦૩-૧૯૭૧ | ચૈત્ર સુદ ૩ | સોમવાર | ૧૯ | ૩૬ | ૩૩૯-૩૫૨ |
| (૨) અજીવ અધિકાર | | | | | | |
| ૨૮ | ૩૦-૦૩-૧૯૭૧ | ચૈત્ર સુદ ૪ | મંગળવાર | ૨૦-૨૫ | ૩૭-૩૮ | ૩૫૩-૩૬૫ |
| ૨૯ | ૩૧-૦૩-૧૯૭૧ | ચૈત્ર સુદ ૫ | બુધવાર | ૨૬-૨૭ | ૩૯-૪૦ | ૩૬૬-૩૭૮ |
| ૩૦ | ૦૧-૦૪-૧૯૭૧ | ચૈત્ર સુદ ૬ | ગુરુવાર | ૨૮-૨૯ | ૪૧-૪૩ | ૩૭૯-૩૯૪ |
| ૩૧ | ૦૨-૦૪-૧૯૭૧ | ચૈત્ર સુદ ૭ | શુક્રવાર | ૩૦-૩૪ | ૪૪-૫૧ | ૩૯૫-૪૧૦ |
| (૩) શુદ્ધભાવ અધિકાર | | | | | | |
| ૩૨ | ૦૪-૦૪-૧૯૭૧ | ચૈત્ર સુદ ૯ | રવિવાર | ૩૫-૩૮ | ૫૨-૫૩ | ૪૧૧-૪૨૩ |

## ફાગણ સુદ ૨, શનિવાર, તા. ૨૭-૨-૧૯૭૧
## શ્લોક – ૧ થી ૪, પ્રવચન નં. ૧

પાઠમાં છે ને, શીલ પાહુડ? શીલ એટલે સ્વભાવ. આ અધિકાર પૂરો થઈ ગયો છે પણ આ પંડિત થોડું લખે છે. આત્માનો સ્વભાવ શુદ્ધ જ્ઞાન, દર્શન ને ચેતના સ્વરૂપ છે. ભગવાનઆત્મા તો જ્ઞાન, દર્શનની ચેતનામય અભેદ છે, એને આત્મા કહીએ. એ અનાદિકર્મથી સંયોગથી વિભાવરૂપે પરિણમે છે. છે તો એ જ્ઞાન દર્શન ચેતનામય સ્વભાવ વસ્તુ આત્મા પણ અનાદિ કર્મના સંગે વિકારરૂપે, દોષરૂપે થાય છે, એના ભેદ ઘણા છે. વિશેષ મિથ્યાત્વ કષાય આદિ અનેક તેને રાગ-દ્વેષ-મોહ પણ કહીએ. તેના સંક્ષેપ ચોરાશી લાખ ભેદ છે. એ વિભાવના ચોરાશી લાખ ભેદ છે. કુશીલ, કુશીલ તેને કુશીલ કહીએ.

ભગવાનઆત્મા જાણન, દેખન, આનંદ એનાથી ઉલટા જેટલા વિકલ્પ ભેદ છે એ બધા કુશીલ કહેવામાં આવે છે. તેનો અભાવરૂપ સંક્ષેપ કરી ચોરાશી લાખ વિકલ્પ દુઃખરૂપ છે. એ બધાના વિભાવનો અભાવ કરી અને સ્વરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મા એની અસ્તિનો વિકાસ કરીને અનુભવ કરીને પ્રગટ દશા થાય તેને ચોરાશી લાભ ઉત્તરગુણ કહેવામાં આવે છે. વિસ્તાર અનંત .. આ તો સામાન્ય પરદ્રવ્ય કે સંબંધની અપેક્ષાએ પ્રસિદ્ધ વ્યવહાર સ્ત્રીના સંગની અપેક્ષા એ બધી વાત આવી ગઈ છે આ શીલને કુશીલનો અર્થ તેનો અભાવ શીલનો અઢારહજાર ભેદ છે તે જિનાગમથી જાણી પાળવા. લોકોને શીલની મહિમા પ્રસિદ્ધ છે જે પાળે તે સ્વર્ગમાં જાય. તેને અમારા નમસ્કાર કે, અમારે પણ શીલની પ્રાપ્તિ કરો. અમારા આત્મા આનંદ ને જ્ઞાન દર્શનનો પિંડ પ્રભુ છે, એની જ્ઞાતા-દૃષ્ટા ને આનંદની દશા પ્રગટ અમને હો, એ અમારું સ્વરૂપ છે ને એ અમારો ધર્મ છે. સમજાય છે કાંઈ?

અંતર વચમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે એ કુશીલ છે. શુશીલ નહિ, શુશીલ તો આત્મા આનંદ સ્વરૂપ જ્ઞાન ને દર્શનની ચેતનામય અભેદ સ્વરૂપ એની એકતાથી પ્રગટેલી વીતરાગી નિર્મળ દશા તેને શીલ અને સુશીલ અને તેને ધર્મ કહે છે. આન વસ્તુકે સંગરાચી જિનભાવસંગ કરી અનેરી આત્મા જ્ઞાનાનંદ સ્વભાવને છોડી અનેરી વસ્તુ મારાથી જિનભાવ ભંગ કરી, પોતાનો વીતરાગ ભાવ છે તેને ભંગ કરીને રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે એ બધા કુશીલ અને અધર્મ અને દુઃખરૂપ છે. વર્તે કાંઈ કુશીલ હો ભાખે કુરંગભરી. એ રાગનો રંગ પુણ્ય-પાપના વિકલ્પનો રંગ એ કુરંગ છે. આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે. એનો અંતર જ્ઞાન ને આનંદનો રંગ લાગતા જ્ઞાન ને આનંદની દશા પ્રગટે એને ભગવાન જૈન ધર્મ કહે છે. ઝીણી વાત છે. ‘પંડિતજી’!

કાંઈ સજે મુનિરાજ શુદ્ધ આનંદ સ્વરૂપ ભગવાન એવા ચૈતન્ય આનંદના જળને ધર્મી જીવ અંતર્મુખ થઈને પામીને શુદ્ધરૂપી જળ ધોઈ કર્મરજ. કર્મની રજ એણે ધોઈ નાખી છે એ સિદ્ધિ પામે અને અવિચળ સુખને પામે. એવા નિશ્ચય શીલ શુદ્ધ રમણમય આત્માનો આનંદ અને જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ એની એકાગ્રતાનો બ્રહ્મચર્ય એ નિશ્ચય બ્રહ્મચર્ય છે. એ નિશ્ચય શીલ, વ્યવહારે ... વ્યવહારથી સ્ત્રીનો ત્યાગ એ વ્યવહાર કહેવાય છે. જો પાળે શિવ વિધિ. જેને ભવને જન્મ નથી તેવા ધર્માત્માને, જિનેન્દ્રને હું નમન કરું છું.

નમું પંચપદ બ્રહ્મમય. આથી માંગળીક કરે છે. નમું પંચ પદ બ્રહ્મમય, પાંચ પદ બ્રહ્મ આનંદમય છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ તો અતીન્દ્રિય આનંદમય પાંચ પદ છે. એ બહારનો ભેખ છે એ કાંઈ પદ નથી. એમ પંચમહાવ્રતના અંદર વિકલ્પ ઊઠે છે એ કાંઈ નિજપદ નથી, એ આચાર્ય, ઉપાધ્યાય, સાધુપદ નથી. બ્રહ્મમય નિજપદ છે. આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વરે જોયો, જાણ્યો ને કહ્યો એવા આત્માને આનંદમય કરીને પ્રગટ કરે છે એવા ... મંગળરૂપ છે, માંગળીક છે. અંત જેની કોઈ ઉપમા નથી. 'ઉત્તમ ચરણ સદા લહુ' એવા ભગવાન સંતોના પાંચ પરમેષ્ઠી ... ફરીને ભવ .. આવું નહિ. એમ અધિકાર પૂરો કર્યો.

હવે આજે 'નિયમસાર' શરૂ કરવું છે ને? 'સેઠી'! 'નિયમસાર' નથી લાવ્યા? 'સેઠી' ને 'નિયમસાર' આપો, 'નિયમસાર'. આંખે દેખાય છે? કે તકલીફ છે?

હવે આ 'નિયમસાર' શાસ્ત્ર આજ શરૂ થાય છે. માંગળીક તરીકે આજ એનું મંગળાચરણ છે. **'ૐ પરમાત્મને નમઃ. શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત'** 'કુંદકુંદાચાર્ય' પરમાત્મા (શરૂ કરે છે). 'જીવ અધિકાર', 'નિયમસાર'.

'નિયમસાર' એટલે આત્મા શુદ્ધ ચૈતન્યમયના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને નિયમ કહે છે. આત્મા શુદ્ધ અખંડ આનંદમય (છે) એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય, એનો આશ્રય લઈને સમ્યગ્જ્ઞાન થાય, એનો આશ્રય લઈને સ્થિરતા થાય એને નિયમ એટલે મોક્ષનો માર્ગ કહે છે. સમજાણું કાંઈ? અને સાર એટલે વિકારના વ્યવહારના વિકલ્પ રહિત એવો આત્મા અખંડ આનંદ સ્વરૂપ (છે) એની સન્મુખતાનું દર્શન, જ્ઞાન ને ચારિત્ર તે વિકાર વિનાનું, એને 'નિયમસાર' કહેવામાં આવે છે. શરૂઆત થાય છે, હોં! પાંચ, છ વર્ષ પહેલાં વાંચેલું છે પણ આ ...

**'જીવ અધિકાર'** **'શ્રીપદ્મપ્રભમલધારિદેવવિરચિતતાત્પર્યવૃત્તિઃ।'** 'કુંદકુંદાચાર્ય'ની ગાથા છે ને ટીકા 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ દિગંબર વનવાસી જંગલમાં રહેતા, એમણે આની ટીકા બનાવી છે. હવે પહેલાં નમસ્કાર કરે છે, 'પદ્મપ્રભમલધારીદેવ' ટીકા કરતાં 'નિયમસાર'ની ટીકા એટલે સ્પષ્ટીકરણ કરતાં પહેલાં મંગળાચરણ કરે છે.

**त्वयि सति परमात्मन्मादशान्मोहमुग्धान्**
**कथमतनुवशत्वान्बुद्धके शान्यजेऽहम्।**
**सुगतमगधरं वा वागधीशं शिवं वा**
**जितभवमभिवन्दे भासुरं श्रीजिनं वा ।।१।।**

મંગળાચરણ પરમાત્માનું. **'સાત શ્લોકો દ્વારા મંગળાચરણ કરે છે :'**

**'હે પરમાત્મા!'** જુઓ! પરમાત્મા કેવા એ ઓળખીને વંદન કરે છે. અરિહંતદેવ સર્વજ્ઞદેવ જેને અનંતજ્ઞાન, દર્શન, આનંદ પ્રગટ થયા છે એને કહે છે, હે નાથ! **'હે પરમાત્મા! તું હોતાં...'** આ જગતમાં તારી હયાતી પરમાત્માની હોવાથી, **'હું મારા જેવા (સંસારીઓ જેવા)...'** મારા જેવા એટલે સંસારી જેવા એમ લીધું છે. **'મોહમુગ્ધ...'** મિથ્યાત્વમાં મોહમુગ્ધ એવા ઈશ્વર નામ ધરાવનારાઓને કેમ પૂજું? એમ કહે છે. **'અને કામવશ બુદ્ધને...'** ... શબ્દ છે ને ... શરીર વિનાનું કામ. જે વિષયમાં વશ થઈ ગયા છે, સ્ત્રીમાં વશ થયા છે, જગતના કર્તા તરીકે માનીને રાગને તાબે થઈ ગયા છે એવાને હું કેમ પૂજું? સમજાણું કાંઈ?

હે પરમાત્મા! તું તો મોહ રહિત છો, તેં કામને વશ કર્યો છે, કામને વશ તું થયો નથી. એવા પરમાત્મા સર્વજ્ઞદેવ પૂર્ણ આનંદને પ્રાપ્ત અરિહંતપદે હોય તો શરીર આદિ હોય છે પણ શરીર એનું પરમ ઔદારિક (અને) રોગ, ક્ષુધા, તૃષા વિનાનું હોય છે. એવા પરમાત્માને મુકીને આ કામને વશ થયેલા, રાગને વશ થયેલા એવાને હું કેમ નમું? આંતરો પાડે છે, આંતરો. સમજાય છે કાંઈ? એવા બુદ્ધને, લ્યો! આ બૌદ્ધ કહે છે ને? બુદ્ધ ભગવાન ને બુદ્ધ ભગવાન, એ બધા મોહમુગ્ધ હતા, એને આત્માનું ભાન નહોતું. રાગમાં મુગ્ધ, ક્ષણિક પદને માનનારા. આહા..!

**'બ્રહ્મા-વિષ્ણુ-મહેશ...'** એ બધા અજ્ઞાનપણે માનનારા વસ્તુના સ્વરૂપનો ... એવા જીવોને, હે પરમાત્મા! આપની વીતરાગતા ને નિર્દોષતા એને મેં જાણી અને એના સિવાય બીજાઓને હવે કેમ હું નમું? '....' **'હવે કોને પૂજું? (ન જ પૂજું.) જેણે ભવોને જીત્યા છે તેને હું વંદું છું...'** આહાહા..! જિન છે ને? જિન. જેણે આત્માના આનંદ દ્વારા ઉદયભાવ રાગને જેણે જીત્યો છે. પરમ સ્વભાવ આત્માનો એના દ્વારા જેણે પહેલું મિથ્યાત્વ જીત્યું, નાશ કર્યો પછી અસ્થિરતા નાશ કરી અને પૂર્ણ જેને આનંદ ને સ્થિરતા પરમાત્મ દશા પ્રગટ થઈ છે. જેને ભવ જીત્યા એટલે ભવ નથી હવે, એવા જિનને હું વંદું છું. એવા પરમાત્માને વંદન કરું છું, પહેલું દેવને વંદન કર્યું.

જુઓ! દેવ આવા હોય એને ઓળખાવ્યા છે. જેને સ્ત્રી હોય ને હથિયાર હાથમાં હોય ને રાગને તાબે થઈ ગયા હોય, એ બધા પરમાત્મા નથી. ઈશ્વર આદિ નામ ધરાવ્યા હોય પણ ઈશ્વર તો આવા હોય. જેણે ભવને જીત્યા એનો અર્થ કે જે અભવ સ્વરૂપ આત્માનું એણે પ્રગટ કર્યું અને ઉદયભાવ ભવનું કારણ એને પોતે નાશ કર્યો. આહા..! ઉદય શું ને સ્વભાવ શું?

સમ્યગ્દર્શન થતાં જ પહેલો તો ચૈતન્ય સ્વભાવ આનંદ છે, એ ઉદય મારો નથી એમ જીતી લીધો છે. ધર્મની પહેલી દશા થતાં ભવ ને ભવનું કારણ મારામાં નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન થયા પછી જરી રાગાદિ રહ્યો છે એ પણ સ્વરૂપની સ્થિરતા દ્વારા જેણે રાગનો, વ્યય એટલે નાશ કર્યો છે જેને ભવ નથી, જેને સિદ્ધપદ પરમાત્મપદ પ્રાપ્ત થયું છે એને હું નમસ્કાર કરું છું, એ સિવાય હું કોઈને નમસ્કાર કરતો નથી.

**'તેને પ્રકાશમાન એવા શ્રી જિન કહો,...'** પ્રકાશમાન, લ્યો! એમ કહ્યું. **'भासुरं'** ચોથું પદ છે ને? **'भासुरं'** એવા સર્વજ્ઞ પરમેશ્વર જેની જ્ઞાનની દશામાં ત્રણકાળ, ત્રણલોક જણાણા છે એવા કેવળજ્ઞાની પરમાત્મા 'પ્રકાશમાન...' જગતમાં **'भासुरं'** પ્રકાશમાન થયું. એવા શ્રી જિન, એવા પરમાત્મા જિન ભગવાન એને **'સુગત કહો,...'** એને બુદ્ધ કહો એમ કહે છે. આ બુદ્ધ થયા એ નહિ. જો આ ઓળખાણ કરીને (વંદન કરે છે). એમ ને એમ ઓઘે, ઓઘે વંદે ને (પૂજે) એ કાંઈ સાચી વસ્તુ નથી એ તો અજ્ઞાનમાં મરીને ચાર ગતિમાં જવાના. સમજાણું કાંઈ?

**'એને સુગત કહો એને ગિરિધર કહો એને વાગીશ્વર કહો કે શિવ કહો.'** પણ આવી દશા પ્રાપ્ત થાય એને આ બોલ લાગુ પડે, બીજાને બોલ લાગુ પડતા નથી. નીચે છે અર્થ. **'(૧) બુદ્ધને સુગત કહેવામાં આવે છે.'** બુદ્ધ છે ને એને સુગત, **'સુગત એટલે (૧) શોભનીકતાને પ્રાપ્ત,...'** ખરેખર તો આત્માની આનંદ આદિ શોભનીક દશા, એને પ્રાપ્ત (થયા) તેને સુગત કહેવામાં આવે છે, એ સુગત તો જિનેશ્વરદેવ છે. સમજાણું કાંઈ? **'અથવા (૨) સંપૂર્ણતાને પ્રાપ્ત.'** સુગત, ભલી જેને દશા પ્રાપ્ત થઈ છે અથવા સંપૂર્ણ ગત જેને સુગત, ભલું જેને પ્રાપ્ત પૂર્ણ થઈ ગયું છે. અનંતજ્ઞાન, દર્શન, આનંદ એવી દશાને પ્રાપ્ત એને સુગત કહેવામાં આવે છે. એ **'શ્રી જિનભગવાન છે...'** એ જિન ભગવાન સુગત છે, બાકી કોઈ સુગત છે નહિ.

**'(૧) મોહરાગદ્વેષના અભાવને લીધે શોભનીકતાને પ્રાપ્ત છે,...'** પરમાત્માને તો મિથ્યાત્વ નથી, રાગ-દ્વેષ નથી. સમ્યગ્દર્શન અને વીતરાગતા પ્રગટી છે એથી તે શોભાને પામેલા છે, એ શોભનીય છે. શરીરાદિ ને બહારની આબરૂ ને પૈસા-ફૈસા એ શોભનીય છે નહિ. ભગવાન **'કેવળજ્ઞાનાદિકને પામ્યા હોવાથી...'** સર્વજ્ઞ પ્રભુ તો પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ પામ્યા છે. અહો..! એવી મહાસત્તાનો સ્વીકાર, જગતમાં એવા પરમેશ્વર છે આવ, એવું એને જ્ઞાનમાં લાવીને, મહાસત્તા એક સમયની દશા પૂર્ણતાને પ્રાપ્ત પૂર્ણ ત્રણકાળ, ત્રણલોક જાણે એવી સત્તાને જેણે સ્વીકારી છે અંદરમાં, એણે આત્માનો સ્વીકાર કર્યો છે. ત્યારે એ સત્તાનો સ્વીકાર કર્યો છે. એવી અનંતી અનંતી પર્યાયો એની હું ખાણ, સાગર આત્મા એવા ચૈતન્ય ભગવાન સન્મુખ જોયા વિના અને સન્મુખ થઈને આત્માને માન્યા વિના આવા કેવળજ્ઞાની માન્યતામાં યથાર્થપણે આવી શકતા નથી. સમજાણું કાંઈ? લ્યો!

**'અહીં સુગત કહ્યા છે.'** જિનદેવને સુગત કહેવામાં આવે છે. શોભનીક તે પૂર્ણતાને પ્રાપ્ત. પૂર્ણ શું કહેવાય? આમ તો બધા કહે, કેવળી, કેવળી કેવળજ્ઞાની ભગવાન ત્રણકાળને જાણે. વળી પાછા એને ક્ષુધા ને એને તૃષા ને એને રોગ ને એનો ઉપયોગ એક સમયે જ્ઞાન ને બીજે સમયે દર્શન ને એ બધું કેવળજ્ઞાનનું સ્વરૂપ નથી. અજ્ઞાનીએ પોતાનું કલ્પેલું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આને સુગત કહીએ.

(૨) હવે **'ગિરિધર,...'** **'अगघरं'** હતું ને? **'अगघरं'**. **'अगघरं'** હતું ને પાઠમાં? 'सुगतमगघरं' અગ એટલે પર્વતના ધરનારા. એ **'(૨) કૃષ્ણને ગિરિધર કહેવામાં આવે છે.'** કૃષ્ણ હતા એક ટચલી આંગળીએ એણે શીલા મોટી હતી એને ઉપાડી છે. 'વાસુદેવ' હતા ને? 'વાસુદેવ'. એવી શક્તિ હતી. ગિરિધર–આખો ગિરિ–આખો પર્વત આંગળીએ ઉપાડ્યો હતો. કહે છે કે, એને ગિરિધર કહેવામાં આવે છે. **'શ્રી જિનભગવાન અનંતવીર્યવાન હોવાથી તેમને અહીં ગિરિધર કહ્યા છે.'** ઓલી આંગળીએ, ટચલી આંગળીએ મેરૂ ગિરિધર ઉપાડ્યો ગોવર્ધન એ નહિ. આ તો અનંતવીર્યથી લોકાલોકને જેણે જાણ્યા ને વીર્યમાં પોતાની શક્તિને થંભાવી રાખી એને અહીંયાં અનંતવીર્યવાનને ગિરિધર કહેવામાં આવે છે. આહા..! સમજાણું કાંઈ? જિનવરદેવ અનંતવીર્યવાન હોવાથી, ગિરિ એટલે અનંતવીર્યવાળા (હોવાથી) એને ગિરિધર કહેવામાં આવે.

(૩) **'વાગીશ્વર,...'** **'બ્રહ્માને અથવા બૃહસ્પતિને વાગીશ્વર (અર્થાત્ વાણીના અધિપતિ) કહેવામાં આવે છે.'** બ્રહ્મા કહે છે ને? ચાર વેદ ભણે ને આમ ભણે ને વગેરે. વાગીશ્વર કહે છે. અને બૃહસ્પતિ, ઇન્દ્રોના ગુરુ એમ કહેવામાં આવે છે. **'શ્રી જિનભગવાન દિવ્ય વાણીના પ્રકાશક હોવાથી...'** ભગવાનની વાણી દિવ્ય પ્રધાનવાળી ૐ ધ્વનિ છૂટે. સર્વજ્ઞ પરમેશ્વર હોય, જેને પરમાત્મપણું પ્રગટ થયું છે એને ૐ ધ્વનિ છૂટે, આવી વાણી હોય નહિ. સમજાણું કાંઈ? દિવ્ય એટલે પ્રધાન અવાજ. સમવસરણમાં... **'વાણીના પ્રકાશક હોવાથી તેમને અહીં વાગીશ્વર કહ્યા છે.'** લ્યો! એ વાક્ના ઈશ્વર, વાણીના ઈશ્વર. વાણીનો ઈશ્વર આત્મા હોય? બીજાની એવી વાણી નથી એ અપેક્ષાએ વાણીના ઈશ્વર વ્યવહારથી કહેવામાં આવે છે. વાણી તો જડ છે, પણ બીજાની વાણી એવી હોય નહિ. સર્વજ્ઞ વીતરાગ સિવાય એવી વાણી કોઈને છદ્મસ્થને ગણધરને પણ ન હોય, એથી એને વાગેશ્વર કહ્યા છે.

**(૪) 'મહેશને (શંકરને) શિવ કહેવામાં આવે છે.'** શંકરને શિવ કહે છે ને? **'શ્રી જિનભગવાન કલ્યાણસ્વરૂપ હોવાથી તેમને અહીં શિવ કહેવામાં આવ્યા છે.'** શિવનો અર્થ કલ્યાણ સ્વરૂપ થાય છે. ઉપદ્રવ નહિ, જેમાં વિઘ્ન નહિ એવું આત્માનું કલ્યાણ સ્વરૂપ પ્રગટ થયું, અખંડ આનંદમય દશા પ્રગટ થઈ એને શિવ કહેવામાં આવે છે. બસને? એ થઈ ગયું. એ કળશ થયો, પહેલો કળશ થયો, મંગળાચરણના સાત શ્લોકનો પહેલો. બીજો.

**वाचं वाचंयमीन्द्राणां वक्त्रवारिजवाहनाम्।**
**वन्दे नयद्वयायत्तवाच्यसर्वस्वपद्धतिम् ।।२।।**

(૫) **'વાચંયમીન્દ્રોનું (-જિનદેવોનું) મુખકમળ જેનું વાહન છે...'** આહાહા..! શું કહે છે? **'વાચંયમીન્દ્રો = મુનિઓમાં પ્રધાન અર્થાત્ જિનદેવો; મૌન સેવનારાઓમાં શ્રેષ્ઠ...'** એકકોર વાગીશ્વર કહ્યા, એકકોર મૌન સેવનારાઓમાં શ્રેષ્ઠ કહ્યા. ઇચ્છા નથી ને. એ ભગવાન તો મૌન જ છે. વાણીને કારણે વાણી નીકળે છે એમ કહે છે. વાગીશ્વર–વાણીને ઈશ્વર બધા કરતાં ખરી પણ પોતે તો મૌન છે. એય..! 'પંડિતજી' એકકોર વાગીશ્વર, એકકોર મૌન ઇન્દ્ર, મૌનના ઇન્દ્ર. જે અપેક્ષા છે એને સમજવું જોઈએને. **'મૌન સેવનારાઓમાં શ્રેષ્ઠ અર્થાત્ જિનદેવો; વાક્સંયમીઓમાં ઇન્દ્ર સમાન અર્થાત્ જિનદેવો. [વાચંયમી = મુનિ; મૌન સેવનાર; વાણીના સંયમી.]**...'માં જિનદેવ પૂરા સંયમી છે, એને ઇચ્છા માત્ર છે નહિ, વાણી વાણીને કારણે નીકળે છે.

કહે છે કે, **'મુખકમળ જેનું વાહન છે, વાણી હો. અને બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે...'** શું કહે છે? નિશ્ચય અને વ્યવહાર બે નયે જેના કથનો છે. નિશ્ચયનયથી નિશ્ચયનું સ્વરૂપ કહે, વ્યવહારથી પણ વ્યવહારનું સ્વરૂપ છે એમ કહે. વ્યવહાર નથી એમ નહિ. વ્યવહાર ધર્મ નથી, ધર્મ નિશ્ચય આત્માનું શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ ધર્મ. પણ વ્યવહાર હોય તેને વ્યવહારનય જણાવે. નિશ્ચયને નિશ્ચય જણાવે. બે નયનું કથન છે વીતરાગનું. એમાંથી કાઢે છે ને? ભગવાનનું બે નયનું કથન છે પણ બે નયનું કથન શી રીતે? છે એમ બે નયનું. સમજાણું કાંઈ?

જેમ નિશ્ચયથી અભેદ સ્વરૂપ ભગવાન છે આત્મા, એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન એ અભેદ ચૈતન્યને આશ્રયે પ્રગટ થાય છે, તે નિશ્ચય છે પણ છતાં એક સમયની પર્યાય રાગ આદિ છે એવો વ્યવહાર પણ બતાવે છે. બે નયનું કથન છે. ત્યારે પ્રમાણજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? એનો અર્થ એવો નથી કે, વ્યવહારથી પણ લાભ થાય ને નિશ્ચયથી પણ લાભ થાય. એમ ભગવાનનું કથન (છે), એમ નહિ. બે નયનો વિષય છે અને બે નયની પદ્ધતિ કહેવાની છે. આ બધા ભારે ગોટા અત્યારે બે નયમાં ઉઠ્યા છે ને.

મુમુક્ષુ :– એક નય કહીએ તો વાંધો શું આવે છે?

ઉત્તર :– એક નય આવે તો પર્યાય, રાગાદિ અસ્તિપણે છે એનો નાશ થઈ જાય. ગુણસ્થાન ભેદ આદિ બધો વ્યવહાર છે. વ્યવહાર છે, વ્યવહારનું સ્વરૂપ બતાવે છે. ગુણસ્થાન ભેદ ચાર તીર્થ, સમ્યગ્દર્શન આદિ પર્યાય એ બધો વ્યવહાર છે. એ તો ત્રિકાળી વસ્તુ છે. વ્યવહાર વ્યવહાર તરીકે બતાવે અને નિશ્ચય નિશ્ચય તરીકે (બતાવે). ભગવાનની વાણી બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ ભાષા (છે). સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં, સમ્યક્ચારિત્રમાં બધામાં બે નયનું કથન છે. સમજાણું કાંઈ?

નિશ્ચયનું નિશ્ચય તરીકે ને વ્યવહારનું વ્યવહાર તરીકે પ્રમાણજ્ઞાન કરાવે છે. સમ્યગ્દર્શન દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, એને સમ્યગ્દર્શન વ્યવહાર કહે. છે નહિ, છે નહિ એને કહે એ વ્યવહારનયનો વિષય છે. અંતર સ્વરૂપ ભગવાનઆત્મા સ્વસન્મુખ થઈને અભેદનો આશ્રય કરે અને સમ્યગ્દર્શન થાય એ સાચું સમ્યગ્દર્શન. પણ એ સાચા સાથે આવો વિકલ્પ પણ (હોય છે). દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ ભક્તિનો રાગ હોય છે. એમ બે નયનું કથન વીતરાગમાર્ગમાં છે. એક નયનું કથન હોય તો એકાંત થઈ જાય છે. કહો, 'પંડિતજી'! આ ભારે.

**'બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે તે વાણીને...'** મુખકમળ જેનું વાહન છે એમ કીધુંને? આ તો એક ભાષા બાકી ખરેખર તો આખા શરીરમાંથી વાણી નીકળે પણ લોકભાષામાં જેમ સમજાય ને એ રીતે વાત કરી છે. મુખકમળ એમ કીધું ને. અહીંથી વાણી નીકળે છે. વ્યવહાર લોકોને સમજાવવા માટે, બાકી આખા શરીરમાં છે. પરમાત્મા તીર્થંકર હોય એને તો આખા શરીરમાંથી ૐ ધ્વનિ ઉઠે. મોઢુ બંધ હોય, કંઠ ચાલે નહિ, હોઠ હલે નહિ. એવો ૐનો ધ્વનિ ભગવાનના મુખમાંથી આવે છે. તે વાણી બે નયને આશ્રયે કહેવાની પદ્ધતિ છે.

નિશ્ચય જીવ, વ્યવહાર જીવ. નિશ્ચય જીવ અભેદ અખંડ સ્વરૂપ તે. એક સમયનો પર્યાય ને રાગ એ વ્યવહાર જીવ છે. એમ બે નયનું કથન સર્વસ્વ વીતરાગ માર્ગમાં હોય છે પણ બે નયમાં એક નય જાણવા લાયક છે ને એક નય આદરવા લાયક છે. નહિતર બે નય જુદા પડે નહિ. સમજાણું કાંઈ? આ કહે છે, હોં! ઘણા આમાંથી કાઢીને. જુઓ! ભગવાનની વાણી બે નયના આશ્રયે છે. કોણે ના પાડી બે નયના આશ્રયે નથી? બે નયનું કથન નથી? આ ત્રસ જીવો, સ્થાવર જીવો, ગતિ આદિ કહે એ બધો વ્યવહાર છે, એ વ્યવહાર જીવ છે. પણ અખંડ અભેદ ચૈતન્યમૂર્તિ આત્મા, જેને એક સમયની પર્યાય પણ અડતી નથી એવો અભેદ ધ્રુવ સ્વભાવ તે નિશ્ચય જીવ છે, કે જે જીવને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. લ્યો! આ બે નયના આશ્રયે આમાં કથન છે. ઘણા કહે કે, એક નયનું કથન છે, એક નયનું કથન છે. તને કોણે એક નયનું કીધું? એક નયનો અભેદ વિષય તે આદરણીય છે, બીજો વિષય છે તે જાણવા લાયક છે. દરેકમાં એમ પાછું.

**'તે વાણીને હું વંદું છું.'** એ શાસ્ત્રને વંદન કર્યું, પહેલાં દેવને વંદન કર્યું. આવે છે ને ત્રણ બોલ? દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. ત્રણને વંદન કરતાં પહેલાં દેવને કર્યું. પરમેશ્વર પરમાત્મા આવા હોય. પછી વાણીને નમસ્કાર કર્યો. વાણી બે નયને આશ્રયે કથન જેનું હોય અને વીતરાગના મુખકમળથી નીકળેલી હોય. કલ્પિત બનાવેલી એ વાણી વીતરાગની નહિ એમ કહે છે. પરમાત્માના મુખમાંથી નીકળેલી વાણી એની પરંપરાએ એની રચના થઈ એને જિનવાણી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમ કહે છે. પાછળથી જિનને નામે શાસ્ત્રો લખ્યા એ જિનવાણી નથી. સમજાણું કાંઈ? આકરું કામ ભારે.

જૈન સંપ્રદાયમાં બે ભંગ પડી ગયા. તડા પડી ગયા, તડા. તડ પડી ગઈ એમ. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી વાણી દિગંબરના સંતોએ જેને જાળવી રાખી છે. સમજાય છે કાંઈ? જેમાં બે નયનું કથન યથાર્થ ચાલ્યું આવે છે એ વીતરાગ માર્ગમાં જ છે. સમજાણું કાંઈ?

તેને **'હું વંદું છું.'** વાણીને વંદું છું. વ્યવહાર નાખ્યો. આ પરમાત્માને વંદુ છું, એ વ્યવહાર છે. એવી ભક્તિનો વિકલ્પ હોય છે. જાણે છે કે, પુણ્યબંધનનું કારણ છે, પુણ્ય બંધનું કારણ છે. ભગવાનને વંદન પણ પુણ્યબંધનું કારણ છે, સંવર નિર્જરા નહિ, ધર્મ નહિ. આત્માના આનંદ, જ્ઞાન સ્વરૂપમાં એકાગ્રતા એ એને નમન ને વંદન ને ભક્તિ, આત્માની ભક્તિ એને અહીં સંવર ને ધર્મ કહેવામાં આવે છે. એ નિશ્ચય અને આ ભગવાનની ભક્તિનો વિકલ્પ એ વ્યવહાર. વાણીને નમસ્કાર કરવો એ પણ વિકલ્પનો વ્યવહાર (છે). કહો, સમજાણું કાંઈ? ભારે.

વ્યવહાર છે પણ વ્યવહારથી ધર્મ ન થાય, એને આશ્રયે ધર્મ ન થાય. .... પર્યાય, આત્માની એક સમયની અવસ્થા એ વ્યવહાર છે. ત્રિકાળ વસ્તુ તે દ્રવ્ય નિશ્ચિય છે. મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર છે. આત્માના પૂર્ણ સ્વરૂપ સિદ્ધના અંતર્મુખ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ પ્રગટ થાય એ પણ વ્યવહાર છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને ભક્તિનો વિકલ્પ એ તો અસદ્ભૂત વ્યવહાર છે. એય..! આહાહા..! હોય છે. એમ અહીં સિદ્ધ કરીને જણાવ્યું છે. વાણી કેવી હોય એની પરીક્ષા કરવી જોઈએ, એમ કહે છે. એકલું વ્યવહારનું કથન હોય એ જૈનનું કથન, વીતરાગનું નહિ. એકલું નિશ્ચયનું કથન હોય અને વ્યવહાર નથી એ જિનનું કથન નહિ. સમજાણું કાંઈ?

એને હું વંદું છું, લ્યો! આવા શાસ્ત્રને હું વંદન કરું છું. દેવને વંદન કર્યું ને શાસ્ત્રને ઓળખીને કર્યું, હોં! ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં કીધા કરે પણ અરિહંત કેવા હોય એની ખબર નથી, એને આત્માની ખબર નથી, એને એની ખબર નથી. આત્માની ખબર હોય, શુદ્ધ ચૈતન્ય નિર્વિકલ્પ આનંદ છું એવું ભાન હોય એને વીતરાગની વાણી ને વીતરાગની ઓળખાણ હોય એને વ્યવહાર કહેવામાં આવે છે.

ત્રીજો શ્લોક. જુઓ! આ બે નયના આશ્રયે સર્વસ્વ કહેવાની પદ્ધતિ છે એમાં મોટો ગોટો છે. ભગવાન વ્યવહાર પણ કહે છે. પણ વ્યવહાર કહે છે એટલે શું? વ્યવહારનો વિષય છે. વસ્તુ નથી એમ નહિ પણ એ વ્યવહાર સમકિત આદિ કહેવું એ કાંઈ વાસ્તવિક તત્ત્વ નથી. અવાસ્તવિકને કહેવું એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે.

અરે..! જગતના પ્રાણીને સત્ય મળે નહિ ને સત્યને માટે દોડે. ઝાંઝવાના જળ. ઓહો..! જન્મ-મરણ રહિત થવાનો માર્ગ, ભગવાનનો નિર્વિકલ્પ માર્ગ કોઈ અલૌકિક છે. એને નિશ્ચય કહેવામાં આવે છે. વીતરાગની વાણીમાં એ પણ કથન હોય છે અને જ્યાં સુધી પૂર્ણ સર્વજ્ઞ વીતરાગ આત્મા ન થાય ત્યાં સુધી એને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ ને શ્રદ્ધાનો પણ રાગ આવે છે. એવું વ્યવહારનું કથન પણ ભગવાનના શાસ્ત્રમાં છે. સમજાણું કાંઈ? વંદન ભગવાનને કરવું એ વ્યવહાર

શ્રદ્ધાને સાચી શ્રદ્ધા માની લે તો વ્યવહાર અને નિશ્ચયનયમાં વિપરીત થઈ ગયું. વ્યવહારને વ્યવહાર જાણે ને નિશ્ચયને નિશ્ચય જાણે તો બે નયની પદ્ધતિ રહી. સમજાણું કાંઈ? દેવ-શાસ્ત્ર ને ગુરુ, હવે ગુરુને વંદન કરે છે.

'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ પંચમહાવ્રતધારી હતા, આગમ જેના મુખમાંથી નીકળે છે એમ આગળ લખ્યું છે. જેના મુખમાંથી આગમ ઝરે છે, એવા 'પદ્મપ્રભમલધારીદેવ', દેવ પરમાત્માને ઓળખીને વંદન કર્યું, વાણી આવી હોય એને ઓળખીને વંદન કર્યું, હવે ગુરુ અમારા કોણ હતા એનું...

**सिद्धान्तोद्धश्रीधवं सिद्धसेनं**
**तकाब्जाक भट्टपूर्वाकलंकम्।**
**शब्दाव्धीन्दुं पूज्यपादं च वन्दे**
**तदविद्याढयं वीरनन्दिं व्रतीन्द्रम् ।।३।।**

પોતાના ગુરુમાં બધું હતું એમ કહે છે. **'ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનીન્દ્રને,...'** વંદન કરું છું. એ દિગંબર મુનિમાં સિદ્ધસેન મુનિ થયા છે એને આ વંદન છે. શ્વેતાંબરમાં એ સિદ્ધસેન મુનિ થયા એની અહીં વાત નથી. સિદ્ધસેન દીવાકર, સન્મતિ તર્કના કરનારા. એને હવે કોઈ આમાં નાખે છે. અરે..! ભગવાન! શું કરે છે જીવો? સન્મતિ તર્ક આવે છે ને એક? 'સિદ્ધસેન દીવાકર'નું. શ્વેતાંબરમાં થયા છે એ નહિ. આ તો દિગંબરમાં મહામુનિ સિદ્ધસેન નામના થઈ ગયા છે.

**'ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ...'** જેમાં ઉત્તમ સિદ્ધાંતરૂપી લક્ષ્મીના એ પતિ હતા, **'સિદ્ધસેન મુનીન્દ્રને વંદું છું...'** એ મુનીન્દ્ર નામ આચાર્ય કોઈ હતા. **'તર્કકમળના સૂર્ય ભટ્ટ અકલંક મુનીન્દ્રને,...'** અકલંક દેવ. **'તર્કકમળના સૂર્ય = તર્કરૂપી કમળને પ્રફુલ્લિત કરવામાં સૂર્ય સમાન.'** અકલંક દેવ છે ને? 'તત્ત્વાર્થ રાજવાર્તિક' બનાવેલું. ઓહોહો..! તર્કરૂપી કમળ એને ખીલવવાને સૂર્ય સમાન હતા. દિગંબર મુનિઓ, સંતો એવા પાક્યા આભના થોભ, ધર્મના ધુરંધર. ઓહોહો..! અરે..! પણ પરીક્ષા ન મળે, શું થાય? સમજાય છે કાંઈ? જેને સરાણે ચડાવીને પરીક્ષા કરે. કાટ નીકળેલો છે ને કાટ છે કે નહિ, એની ખબર નથી, એમ ને એમ માની લે એ માનવું સાચું છે નહિ. આ તો પરીક્ષા કરીને માનવું જોઈએ. 'અકલંકદેવ' કેવા હતા? તર્કકમળના સૂર્ય ભટ્ટ અકલંકદેવ.

(૭) **'શબ્દસિંધુના ચંદ્ર પૂજ્યપાદ મુનીન્દ્રને...' 'શબ્દરૂપી સમુદ્રને ઉછાળવામાં ચંદ્ર સમાન.'** 'પૂજ્યપાદ સ્વામી' આ 'સર્વાર્થ સિદ્ધ' ટીકા કરનારા. 'સર્વાર્થ સિદ્ધ' ની ટીકા, ગજબ ટીકા. 'તત્ત્વાર્થસૂત્ર'ની ગજબ મોટા દરિયા, જ્ઞાનના દરિયા! એને કહે છે કે, હું વંદું છું ને પણ એવા અમારા ગુરુ તો ત્રણેયમાં સરખા હતા, એમ કહે છે. **'અને તદ્વિદ્યાથી...'** છે ને? **'તદ્વિદ્યાથી સમૃદ્ધ વીરનંદિ મુનીન્દ્રને હું વંદું છું.'** ત્રણેયમાં પ્રવિણ હતા. સિદ્ધાંતરૂપી શ્રીના પતિ હતા, તર્કકમળના

સૂર્ય હતા અને શબ્દ સિંધુના ચંદ્ર હતા. એવા મુનિ થઈ ગયા, જુઓને! 'પદ્મપ્રભમલધારિદેવ' પોતાના ગુરુની આટલી પ્રશંસા કરીને વંદન કરે છે. સમજાણું? ભાવલિંગી સંત હતા. છટ્ઠે, સાતમે ગુણસ્થાને ઝુલનારા મુનિ વીતરાગી નગ્ન દિગંબર વનવાસી એવા અમારા આ ગુરુ, એમ કહે છે. તદ્વિદ્યાથી સિદ્ધાંત આદિ ત્રણેમાં સમૃદ્ધ **'વીરનંદિ મુનીન્દ્રને હું વંદું છું.'** દેવ-શાસ્ત્ર-ગુરુ તીન. ત્રણને નમસ્કાર કર્યા. 'પદ્મપ્રભમલધારિદેવ' ટીકા કરતાં, ટીકા કરનારે પોતે કર્યા છે. ચોથો શ્લોક.

**अपवर्गाय भव्यानां शुद्धये स्वात्मनः पुनः।**
**वक्ष्ये नियमसारस्य वत्तं तात्पर्यसंज्ञिकाम ।। ४।।**

આ ત્રણને વંદન કર્યું, ચોથા હવે કોને માટે આ છે? **'ભવ્યોના મોક્ષને માટે...'** આ ટીકા કરું છું, કહે છે. લાયક પ્રાણીની મુક્તિ માટે. **'તેમ જ નિજ આત્માની...'**

મુમુક્ષુ :– આ કાળે મુક્તિ ક્યાં છે.

ઉત્તર :– મોક્ષ જ છે આ કાળે. નથી ક્યાં? દ્રવ્ય શુદ્ધિ જ્ઞાન, દર્શન, ચારિત્ર થયા એ મોક્ષ જ છે, સાંભળને! એકાદ ભવ વચ્ચે હોય એની કાંઈ ગણતરી નથી. ગણે કોણ?

**'ભવ્યોના મોક્ષને માટે તેમ જ નિજ આત્માની શુદ્ધિને અર્થે...'** ઓલામાં આવે છે ને? આ ટીકા કરતાં મારી શુદ્ધિ થાજો, એ શૈલી લીધી છે. ('સમયસાર'નો) ત્રીજો કળશ છે. **'મારા આત્માની શુદ્ધિને અર્થે નિયમસારની 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકા હું કહીશ.'** લ્યો! મારા આત્માની શુદ્ધિને માટે, ભવ્ય જીવના મોક્ષને માટે આ ટીકાનો વિસ્તાર ભગવાને કરેલો 'કુંદકુંદાચાર્ય'નો કહીશ. એમ કરીને મંગળીક કર્યું છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ ૩, રવિવાર, તા. ૨૮-૨-૧૯૭૧
## ગાથા – ૧, શ્લોક – ૪ થી ૭, પ્રવચન નં. ૨

'જીવ અધિકાર' એનું મંગલાચરણ. 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ હતા, દિગંબર સંત વનવાસી, એની ટીકા કરતાં મંગલાચરણ કરે છે. ચોથો શ્લોક ચાલ્યો આપણે, ફરીને લઈએ.

**अपवर्गाय भव्यानां शुद्धये स्वात्मनः पुनः।**
**वक्ष्ये नियमसारस्य वृत्तिं तात्पर्यसंज्ञिकाम्** ।। ૪।।

આ ટીકા **'ભવ્યોના મોક્ષને માટે...'** જુઓ! અહીં કહે છે, ચાર ગતિ મળે કે એવું નહિ. જેનાથી આત્માની પૂર્ણ પવિત્ર દશા પ્રાપ્ત થાય એને માટે અહીં ટીકા કરી. પહેલા આવવું જોઈએ ને પહેલા. વ્યાખ્યાન પહેલાં આવવું જોઈએ, તો મોઢા આગળ બેસાય, નહિતર નહિ બેસવાનું. પાછળ આવે તો ગડબડ થાય. આ ટીકા ભવ્યોના મોક્ષને માટે છે.

મુમુક્ષુ :– એટલે શું?

ઉત્તર :– એટલે કે આત્માની પૂર્ણ પવિત્રતા પ્રગટ થાય એને માટે છે. સ્વર્ગ મળે કે ચક્રવર્તીપદ મળે એને માટે આ ટીકા નથી, એમ કહે છે. ચાર ગતિ મળે એને માટે આ ટીકા નથી. ગતિનો અભાવ થઈને પંચમગતિ–મોક્ષ મળે એવી વાતું આ છે.

**'ભવ્યોના મોક્ષને માટે તેમ જ નિજ આત્માની શુદ્ધિને અર્થે...'** પોતે વિકલ્પ છે એટલે એમ કહ્યું ભવ્યોના મોક્ષને માટે. બાકી આ ટીકા કરતાં મારું લક્ષ આત્મા ઉપર છે એટલે મારા આત્માની શુદ્ધિમાં આ ટીકા વખતે મારી શુદ્ધિમાં વૃદ્ધિ થાઓ એ માટે આ ટીકા કરું છું. એ ટીકા છે તો વિકલ્પ છે પણ વિકલ્પના કાળમાં મારું ઘોલન અંતર્મુખ અખંડ આનંદમૂર્તિ પ્રભુ એના ઉપર ઢળ્યું છે એની શુદ્ધિ વૃદ્ધિ થાઓ. એ માટે આ ટીકા કરું છું.

**'નિયમસાર'ની 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકા...'** આમ તો 'પ્રવચનસાર'ની 'જયસેનાચાર્ય'ની ટીકાનું નામ પણ 'તાત્પર્યવૃત્તિ' છે. 'તાત્પર્યવૃત્તિ' એટલે ટીકાનું તાત્પર્ય શું છે એ કહેવામાં આવશે. **'ટીકા હું કહીશ.'** ભાષા હું કહીશ, એમ છે ને?

મુમુક્ષુ :– ઉત્તર પ્રદેશથી આવ્યો છું. થોડું હિન્દીમાં...

ઉત્તર :– કેટલા માણસ આવ્યા છે?

મુમુક્ષુ :– છ માણસ.

ઉત્તર :– છ માણસ. સારું. કાલે હતા મેરઠવાળા. પછી ચાલ્યા ગયા. હિન્દી છે? હિન્દી. આપણું હિન્દી છે? લાવો.

આ 'નિયમસાર' નામનું શાસ્ત્ર છે. 'કુંદકુંદાચાર્ય' મહારાજ દિગંબર મુનિ સંવત ૪૯ માં થયા, એમણે બનાવ્યું. એની ટીકા 'પદ્મપ્રભમલધારીદેવ' દિગંબર મુનિ હતા તો એની ટીકા કરે છે. એનું મંગળાચરણ કાલથી શરૂ કર્યું. કહે છે, આ ટીકા મોક્ષને માટે કરું છું. આત્માની શુદ્ધિ કઈ રીતે પ્રગટ થાય? ચાર ગતિનો નાશ થાય અને પોતાનું નિજ સ્વરૂપ જે શુદ્ધ સ્વભાવ છે, એ શુદ્ધતાની પૂર્ણ પ્રાપ્તિ માટે આ ટીકા બનાવું છું. એમ કહે છે. સમજાય છે કાંઈ? અને **'નિજ આત્માની શુદ્ધિને અર્થે...'** મારા આત્માની શુદ્ધિ એ ટીકા કરવાના કાળમાં મારું શુદ્ધ સ્વરૂપ, આનંદ સ્વરૂપનું ઘોલન ચાલે જ છે. હું શુદ્ધ છું, પવિત્ર છું, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છું. શરીર, કર્મથી પણ હું રહિત છું. એમ મારી દૃષ્ટિ અંતરમાં ચાલે છે એની વિશેષ શુદ્ધિ થાઓ. ટીકાના કાળમાં વિશેષ શુદ્ધિ હો, એવી ટીકાકારની પ્રાર્થના ભાવના છે. હવે સાંભળો, પાંચમો શ્લોક.

**गुणधरगणधररचितं श्रुतधरसन्तानतस्तु सुव्यक्तम्।**
**परमागमार्थसार्थं वक्तुमभुं के वयं मन्दाः ।।५।।**

અહો! મુનિ છે ભાવલિંગી સંત છે, આત્મઆનંદમાં મસ્ત છે, આત્માના આનંદમાં મસ્ત છે, એને મુનિ કહીએ. અંતર અતીન્દ્રિય આનંદમાં મસ્ત છે એવા ટીકાકાર 'પદ્મપ્રભમલધારીદેવ' કહે છે, હું આ શાસ્ત્રની ટીકા કરું છું. હું મંદબુદ્ધિ શું આ ટીકા કરું? એમ કહે છે.

**શ્લોકાર્થ :– 'ગુણના ધરનારા ગણધરોથી રચાયેલા...'** ગણધરોએ ટીકા કરી છે. જુઓ! પ્રમાણ આપે છે, પંડિતજી! કેટલાક કહે છે કે આ ટીકા 'પદ્મપ્રભમલધારીદેવે' બનાવી છે માટે બરાબર નથી, એમ પંડિત લોકો કહે છે. કોઈક કોઈક પંડિત એમ કહે છે. અહીં કહે છે, નહિ, હું ટીકા બનાવું છે એ ગણધરદેવોએ રચી છે એ ટીકા હું કરું છું. ભગવાન પરમાત્મા ત્રિલોકનાથના ગણધર, પ્રધાન ધર્મના દિવાન, એવા ગણધરોએ ટીકા બનાવી હતી, ભાવ કહ્યા એ ટીકા હું કહીશ. સમજાય છે કાંઈ?

**'શ્રુતધરોની પરંપરાથી સારી વ્યક્ત કરાયેલા...'** પાછળથી પણ શ્રુતના ધરનારા સંતો દિગંબર મુનિઓ ભાવલિંગી સંત, એમણે આ શાસ્ત્રની ટીકા વ્યક્ત કરી. પરંપરાથી સારી રીતે વ્યક્ત કરી. પરંપરાથી ચાલી આવે છે. સર્વજ્ઞ ભગવાનથી, ગણધરોથી રચિત આ ટીકા પરંપરાથી ચાલી આવે છે. ગુરુએ શિષ્યને કહી, શિષ્યએ શિષ્યને કહી, ઠેઠ દિગંબર પરંપરા, સર્વજ્ઞ પરંપરાથી ચાલી આવે છે. એ આધાર આપે છે. સમજાય છે કાંઈ? વચ્ચે શ્વેતાંબર નીકળ્યા એમણે તો પોતાની કલ્પનાથી નવું કાઢ્યું છે. એ પરમાત્માની પરંપરાનો માર્ગ નથી. સમજાય છે કાંઈ? આ તો પરંપરા સર્વજ્ઞદેવ ગણધરોએ... જુઓ! આધાર આપે છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! ગણધરોએ રચી અને શ્રુતધર, ભલે ગણધરની જેવી શક્તિ હતી એવી બીજાને નહોતી, પણ શ્રુતને ધરનારા હતા. ભાવશ્રુતના ધરનારા, એવા **'પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા...'** પરંપરાથી બરાબર વ્યક્ત કરાયેલા **'પરમાગમના અર્થસમૂહ...'** જુઓ! આ 'નિયમસાર'ને પરમાગમ નામ આપ્યું. પરમ

આગમ. સમજાય છે કાંઈ? પરંપરાથી આવેલું એવા પરમાગમનો અર્થ. આપણે મંદિર બને છે ને? એનું નામ પણ પરમાગમ (છે). પરમાગમ મંદિર છે. આ નવું બને છે ને? **'પરમાગમના અર્થસમૂહ...' 'सार्थः' 'अर्थसार्थ'** એ ને? સમૂહ. આહા..! જુઓ! કેટલા નિર્માન છે! 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ દિગંબર સંત છે, જંગલમાં રહેતા હતા અને 'નિયમસાર'ની ટીકા કરતાં કહે છે, હું કોણ છું? હું તો શું છું? ગણધરોથી, શ્રુતધરોથી એની ટીકા ચાલી આવે છે. પરંપરા, ભગવાનની પરંપરાથી ચાલી આવે છે.

(કહે છે), **'કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?'** આહાહા..! કહો, સમજાય છે કાંઈ? એવી ટીકા અલૌકિક ટીકા છે. દિગંબર સંતોની કથની અલૌકિક કથન છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથની પરંપરાની ધારા ચાલી આવે છે. સમજાય છે કાંઈ? આવી ટીકા છે તો સૂક્ષ્મ. હવે કહેશે. છઠ્ઠો શ્લોક.

**अस्माकं मानसान्युच्चैः प्रेरितानि पुनः पुनः।**
**परमागमसारस्य रुच्या मांसलयाऽधूना ।। ६ ।।**

કહે છે કે, આ ટીકા થઈ કઈ રીતે? કે અમારા મનમાં વારંવાર એવી પ્રેરણા થતી હતી કે હું ટીકા બનાવું, હું ટીકા બનાવું, એવી વારંવાર (પ્રેરણા થતી હતી). 'મગનભાઈ'! એ વિકલ્પ જ એવો આવતો હતો. આહાહા..! સહેજે એવો વિકલ્પ આવતો હતો કે હું ટીકા બનાવું, ટીકા બનાવું. ટીકાની વાણીનો કર્તા આત્મા છે નહિ. ટીકાની વાણીનો કર્તા આત્મા નથી. એ તો જડની પર્યાય છે. આહાહા..! પણ મને વારંવાર એમ વિકલ્પ આવતો હતો, ઓહો..! ભગવાન 'કુંદકુંદાચાર્ય', એમના 'નિયમસાર'ની ટીકા બને, ટીકા બને એમ મને વારંવાર પ્રેરણા થતી હતી.

**'હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી...'** જુઓ! આહા..! પુષ્ટ રુચિ. પરમાગમ, પરમાત્માએ જેમ કહ્યું તેમ સંતોએ પરંપરા 'કુંદકુંદાચાર્યદેવ' જેમ કહે છે તેમ તેની ટીકા કરવાની મને રુચિ થઈ છે. એ પુષ્ટિ(નો અર્થ). પરમાગમનો સાર, પાછો. પરમાગમ એમ નહિ, પણ પરમાગમનો સાર. જુઓ! પરમાગમ છે તેનો પણ સાર. 'નિયમસાર' છે ને? આહાહા..! **'પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.'** અંદર પ્રેરણા થાય છે કે ઝટ બનાવું, ટીકા બને, ટીકા બને. એવો વિકલ્પ છે ને? 'મગનભાઈ'! એ વિકલ્પ વિના કંઈ (ટીકા) બનતી નથી. વારંવાર એવો વિકલ્પ આવે છે કે આમ કરું, આમ કરું. વિકલ્પ છે પુણ્યબંધનું કારણ. પણ અમારા સ્વરૂપ તરફનું જે ઘોલન છે તેનાથી મારી શુદ્ધિ વધી જાઓ એવી મારી ભાવના છે. આહાહા..! **'ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.'** અત્યંત પ્રેરિત થાય છે. એ વિના વિકલ્પ તૂટતો નથી. આમ બનાવું, આમ બનાવું એવો વિકલ્પ વારંવાર આવ્યા કરે છે. **'(એ રુચિથી પ્રેરિત થવાને લીધે 'તાત્પર્યવૃત્તિ' નામની આ ટીકા રચાય છે).'** લ્યો. આ કારણથી આ ટીકા બનાવી છે. જુઓ! ભગવાનની પરંપરાથી ગણધરોએ રચેલી ટીકાનો અર્થ હું કહું છું. મારી કલ્પનાનું કે મારા ઘરનો અર્થ નથી, એમ કહે છે.

સાતમો શ્લોક.

**पंचास्तिकायषड्द्रव्यसप्ततत्त्वनवार्थकाः।**
**प्रोक्ताः सूत्रकृता पूर्वं प्रत्याख्यानादिसत्क्रियाः ।।७।।**

'કુંદકુંદાચાર્ય' મહારાજ, **'સૂત્રકારે પૂર્વે પાંચ અસ્તિકાય,...'** કહ્યા. કાળ સિવાય જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ. કાળને મેળવીને છ દ્રવ્ય કહ્યા. સાત તત્ત્વ કહ્યા અને નવ પદાર્થ (કહ્યા). **'તેમ જ પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે...'** એમ કહે છે, જુઓ! એમાં તો સત્ પ્રત્યાખ્યાન–સાચું પ્રત્યાખ્યાન–શું છે? સાચી ભક્તિ શું છે? એવા કથન 'કુંદકુંદાચાર્યે' કહ્યા છે. સાચું પ્રતિક્રમણ શું છે? સાચી આલોચના શું છે? સત્ક્રિયા (સત્ક્રિયા?) એવો શબ્દ પડ્યો છે ને? સત્ક્રિયાનું કથન કર્યું છે. પોતાનો આનંદસ્વરૂપ ભગવાનમાં લીનતાની ક્રિયાનું નામ સત્ક્રિયા છે. બાકી વ્યવહારના જે વિકલ્પ ઉઠે છે, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાનના વિકલ્પ એ સત્ક્રિયા નથી, એ વિકલ્પ તો બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? 'કુંદકુંદાચાર્યે' આમ કહ્યું છે, એમ કહેછે.

જેમાં સત્ક્રિયા–પ્રત્યાખ્યાન આદિ શબ્દ છે ને? આલોચના, પ્રત્યાખ્યાન, ભક્તિ, પ્રતિક્રમણ, સામાયિક, યોગ, નિયમ. એ બધું, આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, એવા આત્માની અંતર એકાગ્રતાથી આનંદ અને શુદ્ધિની વૃદ્ધિ થાય એનું નામ સત્ક્રિયા કહેવાય છે. દેહની ક્રિયા જડ છે, આ તો માટી છે. આ બોલાય છે તે જડ માટી છે. આત્મા બોલતો નથી. એ જડની ક્રિયા છે. અને અંદર ભક્તિનો, કથનનો વિકલ્પ ઉઠે છે એ તો રાગ છે. એ સત્ક્રિયા નથી. આહાહા..! ભગવાનની ભક્તિ, દયા, દાન, વ્રત, પૂજા, સાંભળવું, સંભળાવવું એવો જે વિકલ્પ, રાગ ઉઠે છે એ સત્ક્રિયા નથી. સમજાય છે કાંઈ? એય..! આ જાત્રા-બાત્રાનો વિકલ્પ ઉઠે એ સત્ક્રિયા નથી, એમ કહે છે.

સત્ક્રિયા તો એને કહીએ કે ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે, પુણ્ય-પાપના ભાવ શુભ-અશુભરાગથી રહિત છે, એવી આત્મવસ્તુમાં લીનતાની એકાગ્રતા થવી એનું નામ પરમાત્મા અને સંતો સત્ક્રિયા કહે છે. સમજાય છે કાંઈ? લોકો બહારમાં એટલા અટવાઈ ગયા છે. અહીં તો કહે છે, 'કુંદકુંદાચાર્ય' આમ કહ્યું છે, એમ કહે છે. હું એનું સ્પષ્ટીકરણ કરીશ. પંડિતજી! **'સત્ક્રિયાનું કથન કહેલ છે...'** એમ કહે છે, જોયું? 'કુંદકુંદાચાર્યે' 'સમયસાર'માં, 'પ્રવચનસાર'માં (કેટલું કહ્યું છે)!

મુમુક્ષુ :– જૈનધર્મમાં ક્રિયા..

ઉત્તર :– ક્રિયા, પણ કઈ ક્રિયા? ક્રિયાના ત્રણ પ્રકાર. હમણાં કહ્યું ને? આ શરીર, વાણીની ક્રિયા થાય છે એ તો જડની છે. હાલવું, ચાલવું, બોલવું એ તો જડની ક્રિયા છે. અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વિકલ્પ ઉત્પન્ન થાય છે એ રાગની ક્રિયાછે.

મુમુક્ષુ :– ધર્મ નહિ?

ઉત્તર :– ધર્મ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ધર્મ તો વીતરાગ પરમાત્માની પરંપરાથી આવેલો, ચૈતન્યસ્વરૂપ ભગવાન આનંદનું ધામ પ્રભુઆત્મા છે, એમાં એકાગ્રતા થવી, સત્ સ્વરૂપ શુદ્ધમાં એકાગ્રતા થવી એનું નામ 'કુંદકુંદાચાર્યદેવ' સત્‌ક્રિયા કહે છે. કોઈ કહે છે કે એ તો 'કુંદકુંદાચાર્યે' કહી છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? એમાં સત્‌ક્રિયા કહી છે. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના (આદિ). આહાહા..!

આત્મા જ્ઞાન અને આનંદ, શાંત, અવિકારી સ્વભાવ સ્વરૂપની સન્મુખ થઈ એમાં લીનતા કરવી એ લીનતાની ક્રિયાને અહીંયા સત્‌ક્રિયા કહે છે. અપૂર્વ કઠણ વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. પંડિતજી! એવી વાત છે. ગડબડ ગડબડ કરે છે. આમ કરો ને આમ કરો. હો, શુભભાવ હોય છે. ભક્તિનો, વ્રતનો વિકલ્પ હોય છે, પણ એ છે પુણ્યબંધનું કારણ. એ ધર્મસ્વરૂપ નથી.

મુમુક્ષુ :– થોડો પણ ધર્મ નથી.

ઉત્તર :– થોડો પણ ધર્મ નથી.

મુમુક્ષુ :– અશુભથી તો બચે છે.

ઉત્તર :– તોપણ એ વસ્તુ ધર્મ નથી. પણ એને વ્યવહારધર્મ કહેવાય છે, ક્યારે? કે પોતાના નિશ્ચય આનંદસ્વરૂપની લીનતાની સત્‌ક્રિયા ઉત્પન્ન થાય તો એ વિકલ્પ ઉઠ્યો એને વ્યવહારધર્મ કહે છે. આવી વાત છે, ભાઈ! આહાહા..! જુઓને! કહે છે, પરંપરા, અમારા સંતોએ પરંપરાથી આવી વાત કરી છે. આ ટીકા હું કહીશ એ મારી નથી, એ તો પરંપરાથી ચાલી આવી છે અને 'કુંદકુંદાચાર્યે' એમાં સત્‌ક્રિયા કહી છે. કહો, 'પોપટભાઈ'! સમજાણું કાંઈ આમાં? અંદર આવી ઝીણી ક્રિયા છે. તમે જાણો કે બહારથી પૈસા ખર્ચી કરી નાખ્યા ને દાન કર્યા માટે ધર્મ થાય છે, (એમ નથી). ધૂળમાંય ધર્મ નથી. એમાં પણ પાછી પુષ્ટિ તો બીજી કરી. ગ્રહીત મિથ્યાત્વનું પોષણ કર્યું. સમજાણું કાંઈ? એ ન સમજાય, જરી ઝીણું પડે એને. વીતરાગનો દિગંબર સંપ્રદાયનો માર્ગ અનાદિથી ચાલ્યો આવે છે. એનાથી વિરુદ્ધ જે માર્ગ છે તેની પુષ્ટિ કરવી તે ગ્રહીત–નવા મિથ્યાત્વનું પોષણ કરનારી ક્રિયા છે.

મુમુક્ષુ :– નવા લાકડા ઘાલ્યા?

ઉત્તર :– નવા વિશેષ લાકડા (નાખ્યા). એય..! ઝીણી વાત છે, ભાઈ! 'સ્વરૂપચંદભાઈ'! આવી વાત છે આ. 'સ્વરૂપચંદભાઈ'નો જન્મ તો શ્વેતાંબરમાં થઈ ગયો. ખબર છે? હવે (દિગંબર) થઈ ગયા. બાપુ! માર્ગ એ છે, હોં! આ પક્ષનો માર્ગ નથી. આ તો વસ્તુના સ્વરૂપનો માર્ગ છે. વસ્તુનો જ એવો માર્ગ છે. સમજાય છે કાંઈ? બહુ કઠણ માર્ગ પડે. આહાહા..!

કહે છે, **'પ્રત્યાખ્યાનાદિ...'** છે ને શબ્દ અંદરમાં? જુઓ! શુદ્ધભાવ પ્રત્યાખ્યાન આદિ છે ને? સ્તુતિમાં છે ને અંદર? જુઓ! ભક્તિ, નિશ્ચય પરમઆવશ્યક, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ,

નિશ્ચય પ્રત્યાખ્યાન, પરમાર્થ પ્રતિક્રમણ એ બધા અંદર એકએક અધિકાર છે. ભક્તિ પણ એને કહીએ કે આત્મા આનંદસ્વરૂપમાં એકાગ્ર થવું એ ભક્તિ છે. સાચી ભક્તિ તો એ છે કે જે સત્‌ક્રિયા અને મુક્તિનું કારણ છે. વચ્ચે ભગવાનની ભક્તિનો વિકલ્પ આવે છે પણ એ પુણ્યબંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

એમ નિશ્ચયસ્વરૂપ આત્મા પોતાના નિજાનંદમાં લીન થઈ જે શાંતિ અને અનાકુળતા પ્રગટ કરે છે એનું નામ સત્‌ક્રિયા કહેવામાં આવે છે. એ ભૂમિકામાં પછી શુભભાવ હોય છે તો એ શુભભાવને વ્યવહારધર્મનો આરોપ કહેવાય છે. વ્યવહાર શબ્દે પુણ્ય. છે પુણ્ય, પણ એ નિશ્ચયધર્મની ભૂમિકાની સાથે આવ્યો છે તો એને વ્યવહારધર્મનો આરોપ દેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભારે કઠણ. જગતની સાથે અતડા થઈને ઉભા રહે ત્યારે (થાય એવું છે). (જગતની સાથે) મેળ ખાય એવું નથી.

કહે છે, ભગવાન 'કુંદકુંદાચાર્યે' સત્‌ક્રિયાનું કથન કર્યું છે. લ્યો. **'(પ્રથમ પાંચ અસ્તિકાય વગેરે અને પછી પ્રત્યાખ્યાનાદિ સત્‌ક્રિયા કહેલ છે).'** સાત (શ્લોક દ્વારા) મંગલાચરણ કહ્યું.

હવે 'કુંદકુંદાચાર્ય' ટીકાકાર (કહે છે). **'અતિ વિસ્તારથી બસ થાઓ, બસ થાઓ.' 'અલમ અલમ' 'अलमलमतिविस्तरेण' 'સાક્ષાત્ આ વિવરણ જયવંત વર્તો.'** આહાહા..! કહે છે કે આ ટીકા છે એ કાયમ રહો. એમ કહ્યું ને? એ વિવરણ કહ્યું ને? જયવંત વર્તો. આ પરમટીકા સત્ય પરમાત્મસ્વરૂપને બતાવનારી, પોતાના ધર્મની શાંતિની ક્રિયા બતાવનારી એવી ટીકા જયવંત વર્તો. 'પદ્મપ્રભમલધારીદેવ' દિગંબર મુનિ પોતે કહે છે.

**'હવે (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ વિરચિત) ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છેઃ'** માથે છે ને? **'अथ सूत्रावतार--'** આમાં એ શબ્દ પડ્યો છે, લ્યો. સૂત્રનો અવતાર થાય છે. સૂત્ર જન્મે એટલે સૂત્રની ઉત્પત્તિ થાય છે, સૂત્રની ઉત્પત્તિ થાય છે. 'કુંદકુંદાચાર્ય' સૂત્રની ઉત્પત્તિ કહે છે. આ 'કુંદકુંદાચાર્ય'ની ગાથા છે. સંવત ૪૯ માં ભરતક્ષેત્રમાં મહામુનિ દિગંબર સંત થયા છે. પોન્નુર હિલમાં રહેતા હતા. મદ્રાસથી એંસી માઈલ દૂર 'વંદેવાસ' નામનું એક નાનકડું ગામ છે. ત્યાંથી પાંચ માઈલ દૂર 'પોન્નુર હિલ' નામની ટેકરી છે. ત્યાં પગલા છે, 'કુંદકુંદાચાર્ય'ના પગલા છે. અમે બે વાર જઈ આવ્યા છીએ. ત્યાં આનંદમાં રહેતા હતા. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' પરમાત્મા તીર્થંકરદેવ મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન છે. તીર્થંકરપણે અરિહંતપદે બિરાજમાન છે. ત્યાં ગયા હતા, આઠ દિવસ રહીને અહીં આવી આ બનાવ્યું છે. ત્યાં આઠ દિવસ રહ્યા હતા પછી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. સૂત્રનો જન્મ થાય છે, એમ કહે છે. સૂત્રનું અવતાર–અવતરણ–થાય છે. હવે 'કુંદકુંદાચાર્ય'ની ગાથા.

**णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं ।**
**वोच्छामि णियमसारं केवलिसुदकेवलीभणिदं ।।१।।**

'સમયસાર'માં

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं ।।१।।**

એમ હતું. આમાં તો ચોખ્ખા કેવળી અને શ્રુતકેવળી બે નામ પાડ્યા છે. ટીકામાં એમ કર્યું છે. ટીકામાં ચોખ્ખું કરી નાખ્યું છે. આ પ્રમાણે ચોખ્ખું કર્યું છે. આ 'નિયમસાર' કેવળજ્ઞાનીએ કહ્યું છે. જુઓ! 'કુંદકુંદાચાર્ય' સીધું કહે છે. ભગવાન પછી છસ્સો વર્ષે દિગંબર મુનિ થયા. એના સો વર્ષ પહેલા શ્વેતાંબર પંથ દિગંબરમાંથી નીકળી ગયો હતો. પછી 'કુંદકુંદાચાર્ય' થયા. કહે છે કે આ 'સમયસાર' કેવળીનું કહેલું કહીશ, એમ કહે છે, લ્યો. કેવળીનું કહેલું કહીશ તો શું કેવળી પાસેથી સાંભળ્યું છે? હા. સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહમાં 'સીમંધર' ભગવાન બિરાજે છે ત્યાં ગયા હતા. કેવળી અને શ્રુતકેવળી, ચૌદ પૂર્વધર જે શ્રુતકેવળી મહાવિદેહમાં હતા તેમની પાસે જે સાંભળ્યું છે તે હું કહીશ, એમ કહે છે. નીચે હિન્દી છે ને?

**નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમય જિન વીરને;**
**કહું નિયમસાર હું કેવળીશ્રુતકેવળીપરિકથિતને. ૧.**

પહેલા એનો અન્વયાર્થ લઈએ. **'अनंन्तवरज्ञानदर्शनस्वभावं' 'અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન જેમનો સ્વભાવ છે...'** ભગવાનનો. કેવળજ્ઞાની વીર પરમાત્માની વ્યાખ્યા કરે છે. વીર ભગવાન મહાવીર પરમાત્મા કેવા છે? **'અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન જેમનો સ્વભાવ છે...'** એવી જેમની દશા પ્રગટ થઈ ગઈ છે. ત્રણકાળ ત્રણલોક એક સમયમાં ભગવાન જાણે છે અને દેખે છે. એવું ભગવાન 'મહાવીર'નું શાસન છે તો 'મહાવીર'ને નમન કરે છે. અત્યારે ભગવાનનું શાસન ચાલે છે ને.

કહે છે, અનંત અને ઉત્કૃષ્ટ. **'જ્ઞાનદર્શન જેમનો સ્વભાવ છે એવા (–કેવળજ્ઞાની અને કેવળદર્શી)...' 'जिनं वीरं' 'જિન વીરને...'** જેમણે ચાર ગતિ અને રાગ-દ્વેષ, મોહ જિત્યા છે, એવા જિન વીરને **'નમીને...'** લ્યો, એને નમન કરું છું, એમને હું નમન કરું છું. વીર–જેમણે આત્મામાંથી અજ્ઞાન અને રાગ-દ્વેષ કાઢી નાખ્યા છે અને પરમાત્મપદની પ્રાપ્તિ કરી છે, તેમને હું નમન કરું છું.

**'केवलिश्रुतकेवलिभणित'** 'કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું...' છે. આ નિયમસાર કોઈ અજ્ઞાનીનું કે કોઈ કલ્પનાથી બનાવ્યું છે એમ નથી. સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ કેવળજ્ઞાની અને તેમની પાસે રહેનાર શ્રુતકેવળીઓનું કહેલું આ નિયમસાર છે. સમજાય છે કાંઈ? **'નિયમસાર હું કહીશ.'** નિયમ એટલે મોક્ષનો માર્ગ. એ અર્થમાં આવશે. સાર એટલે પુણ્ય અને પાપના વિકારથી,

વ્યવહારરત્નત્રયથી રહિત. નિયમ એટલે પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાનની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર દશારૂપી નિયમ. અને સાર એટલે વ્યવહારરત્નત્રય જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિના વિકલ્પથી રહિત, એનું નામ નિયમસાર કહેવાય છે. વ્યવહારશ્રદ્ધાથી રહિત, અહીં તો એમ કહે છે. આહાહા..! ત્યારે પેલા કહે કે, વ્યવહારથી પ્રાપ્ત થાય છે, વ્યવહારથી પ્રાપ્ત થાય છે. વ્યવહાર હો, આવે છે જરૂર પણ એનાથી મુક્તિ થાય છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ટીકા કરશે.

**ટીકા :–** **'અહીં...'** હું કહીશ એમ છે ને? **'वक्षामि'**. હું કહીશ. 'કુંદકુંદાચાર્ય' કહે છે, કહેનાર તો હું છું ને! મેં ભલે કેવળી અને શ્રુતકેવળી પાસેથી સાંભળ્યું પણ વર્તમાનમાં તો હું કહું છું. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા અને શ્રુતકેવળીઓ, ચૌદ પૂર્વધરોનું કહેલું છે પણ વર્તમાનમાં તો હું કહું છું. **'અહીં...'** **'जिनं नत्वा'** **'એ ગાથાની શાસ્ત્રના આદિમાં અસાધારણ મંગળ કહ્યું છે.'** મહામાંગલિક. ઓ..હો..! અસાધારણ માંગલિક, એવી વસ્તુ બીજી છે નહિ. એવું મંગલ–પવિત્રતાની પ્રાપ્તિ, એવું માંગલિક અહીંયા પહેલા કહ્યું છે. મંગ એટલે પવિત્રતા, લ એટલે લાતી–પ્રાપ્તિ. પોતાના આનંદની, શુદ્ધિની પ્રાપ્તિ. એનું નામ મંગલ કહેવામાં આવે છે. આહાહા..!

**'नत्वा'** **'ઇત્યાદિ પદોનું તાત્પર્ય કહેવામાં આવે છે.'** જુઓ! તાત્પર્યવૃત્તિ છે ને? એટલે તાત્પર્ય (કહ્યું). **'અનેક જન્મરૂપ અટવીને પ્રાપ્ત કરાવવાના હેતુભૂત સમસ્ત મોહરાગદ્વેષાદિકને જે જીતે છે...'** વિકારી ભાવને કહ્યું. એય..! પંડિતજી! કર્મ શબ્દ નથી લીધો. જુઓ! ટીકા જુઓ! અનેક જન્મ ચોરાશીના અવતાર. નિગોદ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય આદિ અવતાર થવાનું કારણ, ચોરાશીના અવતાર જન્મ-મરણ થવાનો હેતુ સમસ્ત મોહ, રાગ-દ્વેષ આદિ ભાવ (છે). અહીંયા કર્મને હેતુ કહ્યો નથી. સમજાય છે કાંઈ? વીરના અર્થમાં અર્થ કરશે. કર્મશત્રુઓ પર વિજય પ્રાપ્ત કરે. વીરના અર્થમાં ત્યાં આગળ કર્મશત્રુ નાખશે.

અહીં તો ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનઘન આનંદસ્વરૂપથી વિપરીત માન્યતા–મિથ્યાત્વ–શરીર હું છું, રાગ હું છું, પુણ્ય હું છું, પુણ્યથી મને ધર્મ થાય છે એવી મિથ્યા માન્યતા અને રાગ-દ્વેષ, અનુકૂળ-પ્રતિકૂળતામાં રાગ અને દ્વેષ, એવા જે મોહ અને રાગ-દ્વેષને જેણે જીતી લીધા છે. **'જીતે છે તે જિન છે.'** એને જિન કહીએ. જિન કોઈ પક્ષનો શબ્દ નથી, કોઈ સંપ્રદાય નથી. જિન તો ગુણવાચક શબ્દ છે. આહાહા..! જેણે આત્મામાંથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષને જીતી લીધા અને સમ્યગ્દર્શન ને વીતરાગતા પ્રગટ કર્યા, તેને જિન કહેવામાં છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'અનેક જન્મરૂપી અટવી...'** એમ શબ્દ લીધો છે ને? **'अनेकजन्माटवी'** સંસ્કૃતમાં એમ શબ્દ છે. અનંત શબ્દ ન લીધો. અનેક જન્મરૂપી અટવી–વન–જંગલ. આહાહા..! ચોરાશીના અવતાર, જેમાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, નિગોદ, બટાકા, ફૂગના અનંત અવતાર કર્યા. એવા જન્મ-મરણનો હેતુ મોહ, રાગ-દ્વેષ છે. મોહ એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ

એટલે અસ્થિરતાનો ભાવ, એને જીતી લીધા. જેણે પોતાના સ્વભાવનો આશ્રય કરીને એને જીતી લીધા. ભાષા જુઓ! મોહ, રાગ-દ્વેષને જીત્યા. જિનની વ્યાખ્યા કરવી છે ને! એનો ઇ અર્થ છે કે સ્વભાવ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ, શુદ્ધ બુદ્ધ જ્ઞાનઘનમાં લીન થઈને મોહ ને રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થઈ એનું નામ મોહ ને રાગ-દ્વેષ જીત્યા એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? એવા જિન છે. લ્યો, માંગલિકમાં પહેલો જિન શબ્દ આવ્યો. આહા..!

મોહ અને રાગ-દ્વેષને જીતી લીધા. એનો અર્થ એ થયો કે રાગ, દ્વેષથી આત્માને લાભ થાય છે, એમ તો નથી. સમજાય છે કાંઈ? શુભરાગ છે તેને પણ જીતી લીધો, એમ કહ્યું ને? શુભરાગ છે તેનાથી મને લાભ થાય એમ તો રહ્યું નહિ. એને તો જીતી લીધા. શુભરાગથી રહિત મારી વસ્તુ શુદ્ધ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ છે, એની દૃષ્ટિ કરીને અનુભવમાં ભાન કરી અંતરમાં લીન થઈને મોહ ને રાગ-દ્વેષને જીતી લીધા. શુભરાગને જીતી લીધો. સમજાય છે કાંઈ? શુભરાગથી મને લાભ થશે, એમ તો રહ્યું નહિ. એને તો જીતી લીધા. જેને જીત્યા એનાથી આત્મામાં જીતવાની મદદ થશે? શું કહે છે, સમજાણું? શુભરાગાદિને જીતવા છે, નાશ કરવો છે. જેનો નાશ કરે છે તેનાથી આત્માની શાંતિની ઉત્પત્તિ થાય છે? એના કારણે (થાય છે)? **'સમસ્ત મોહરાગદ્વેષાદિકને...'** દ્વેષ આદિ એટલે વિષયવાસના, રતિ, અરતિ. **'જે જીતે છે...'** એમ છે. **'તે જિન છે.'** આહા..!

**'વીર..'** હવે વીરની વ્યાખ્યા. જિનવીર. **'વીર એટલે વિક્રાંત (–પરાક્રમી)...'** પરમાત્મા તીર્થંકરદેવ, વીર પરમાત્મા **'વીરતા ફોરવે,...'** પ્રગટ કરે. વીર, વિક્રાંત, પરાક્રમી, એક અર્થ. વીરતા પ્રગટ કરે. આત્માની–પોતાના સ્વભાવની–અનંતબળશક્તિ જે પ્રગટ કરે. પામરતાનો નાશ કરી પોતાની વીરતા પ્રગટ કરે, એમ કહે છે. **'શૌર્ય ફોરવે,...'** પ્રગટ કરે. એ બધા શબ્દાર્થ (છે). શૌર્ય, શૌર્ય. **'વિક્રમ (પરાક્રમ) ફોરવે,...'** પોતાનું અંદરનું પરાક્રમ દર્શાવે. વીર તો એને કહીએ કે પોતાના સ્વરૂપની, આનંદની રચના કરવામાં વીર્ય ફોરવે. રાગની રચના કરવામાં વીર્ય ફોરવે નહિ. (રાગની રચના કરે) એ વીર નથી. સમજાય છે કાંઈ?

**'શૌર્ય ફોરવે,...'** પ્રગટ કરે. શૌર્ય નામ વીરતા, હોં! શરીરની શૌર્યતાની અહીંયા વાત નથી. **'વિક્રમ (પરાક્રમ) ફોરવે...'** પોતાના શુદ્ધ સ્વરૂપ તરફનો આશ્રય કરી પોતાનું પરાક્રમ ફોરવે કે મારું પરાક્રમ અનંતવીર્ય છે, એમાં પામરતા રહી શકે નહિ. એનું નામ વીર પરમાત્મા કહેવામાં આવે છે. આહા..! એમ ઓળખાણ કરીને હું નમન કરું છું, એમ કહે છે. એમ ને એમ ભગવાન ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં કર્યું એમ નહિ. એવા વીર, જેમણે પોતાના પુરુષાર્થથી વીરતા ફોરવી. શત્રુ સાથે લડવામાં વીરતા દેખાડે છે ને? વીરતા. માણસ આમ જટ મારે છે. એમ પરમાત્મા આદિ આત્મા પોતાની અંતરની વીરતા ફોરવે છે એને વીર કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મહાવીર ભગવાનને નમન કરે છે. એમનું શાસન ચાલે છે ને! પરમાત્મા મહાવીર તો મોક્ષ પધાર્યા પણ શાસન એમનું છે ને!

**'તે વીર છે.'** એને વીર કહેવાય છે. જેમણે પુણ્ય-પાપના રાગને જીતવામાં નિજ વીર્ય ફોરવ્યું, પરાક્રમ ફોરવ્યું, એમ કહે છે. પંડિતજી! આહાહા..! શુભ-અશુભરાગને જીતવામાં જેણે, આત્માએ વીરતા ફોરવી, પરાક્રમ કર્યું, શૌર્ય ફોરવ્યું. આહાહા..! સ્વભાવની શૌર્યતા પામરતાનો નાશ કરવામાં ફોરવી તેને અમે વીર કહીએ છીએ. સમજાય છે કાંઈ? એ વીરના કેડાયત પણ એવા હોવા જોઈએ, એમ કહે છે. જુઓ! કેવી વાત કરી છે! ટીકા કેટલી સરસ કરી છે!

**'વિજય મેળવે,..'** એમ લીધું ને? જુઓ! **'કર્મશત્રુઓ પર વિજય મેળવે,...'** જડ કર્મ નિમિત્ત છે પણ ભાવકર્મ ઉપર વિજય પ્રાપ્ત કર્યો. પોતાની ધજા (ફરકાવી) કે હું શુદ્ધ આનંદઘન છું. મેં મારી વીરતાથી મારું સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું છે. મારો આનંદ આદિ સ્વરાજ્ય, હોં! આ અત્યારે લોકો કહે છે એ ધૂળના રાજ નહિ. અત્યારે બન્ને જણા જુઓને સ્વરાજ્ય માટે માહોંમાહે હેરાન હેરાન થઈ જાય છે. આ તો સ્વરાજ્ય–અનંતઆનંદ, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતશાંતિ–વીતરાગતા, એવું મારું સ્વરાજ્ય મારી વીરતાથી મને પ્રગટ થયું છે. કહો. સમજાય છે કાંઈ? કર્મશત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે.

'આનંદઘનજી'માં આવે છે ને? 'વીરપણું તે માગું...' પહેલો શબ્દ શું આવે છે? 'વીર જિનેશ્વર ચરણે લાગું વીરપણું તે માગું રે, વીરપણું તે આતમ ઠાણે જાણ્યું તુમથી વાણે રે..' ભગવાન! તમારી વાણીમાં મેં સાંભળ્યું કે આ વીરપણું તો અંદર આત્મામાં છે. પોતાના અસંખ્ય પ્રદેશમાં અનંતવીર્ય પડ્યું છે. 'વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમથી વાણે રે... ધ્યાન વિજ્ઞાન વિના ને...' એમ કંઈક શબ્દ છે. 'નિજપદ પહિચાને રે...' નિજપદ ઓળખે. પોતાના આનંદના ધ્યાનને શુદ્ધતાથી પોતાના નિજપદની ઓળખાણ કરે. એવા વીરને વીર કહેવાય છે. 'ધ્યાન વિના ને શક્તિ પ્રમાણે' એમ છે. શક્તિ પ્રમાણે. 'નિજ ધ્રુવ પદ પહિચાને..' એમ છે. 'આનંદઘનજી'માં આવે છે.

વીરના કેડાયાતો વીર હોય, એમ કહે છે. પામર માયકાંગલા ન હોય. સમજાય છે કાંઈ? પોતાના સ્વભાવના સાધનથી જેમણે વિકાર અને કર્મને જીતી લીધા છે એનું નામ વીર અને પંડિત કહેવાય છે. આહા..! શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર્યો. જુઓ! પેલા ના પાડે છે, ભાઈ! અરિહંત ન કહેવાય. આમાં તો આ આવ્યું. કર્મશત્રુઓ પર વિજય. કેટલે ઠેકાણે ભુલ કાઢશે? કર્મને શત્રુ કહેવા એમાં તો હિંસા છે, (એમ કહે છે). અરે...! એ તો નામમાત્ર કહેવામાં શું? શબ્દમાં હિંસા ક્યાં આવી? હમણા આવ્યું છે ને? ણમો અરિહંતાણં ન કહેવું, ણમો અરહંતાણં કહેવું. એવી ચર્ચા છાપાઓમાં બહુ ચાલી છે. કેમકે ણમો અરિહંતાણંમાં અરિ–દુશ્મન–આવે છે. નામમાત્ર દુશ્મન

છે, અંદર હિંસાની ઉત્પત્તિ થાય છે માટે નહિ. પંડિતજી! કોઈકનું આવ્યું છે ને? ફિરોઝાબાદ. માણેકચંદ નામના કોઈ પંડિતછે.

અહીં તો આ કહ્યું. કર્મરૂપી શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર્યો. એનો અર્થ સ્વભાવની શાંતિમાં મગ્ન થયા અને વિકારની ઉત્પત્તિ ન થઈ તો શત્રુઓનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. કર્મને શત્રુ કહ્યા તો શું એમાં દ્વેષ છે? સમજાય છે કાંઈ? તેમને નમન કરીને કહું છું. અહો...! એવા પરમાત્માને હું નમન કરીને, વંદન કરીને આ તાત્પર્યવૃત્તિ ટીકા કહીશ. આ તો શરૂઆત છે ને? કાલે તો શરૂ કર્યું.

**'શું કહું છું? નિયમસાર કહું છું.'** જુઓ! હું નિયમસાર કહીશ. 'કુંદકુંદાચાર્યે' કહ્યું છે તેમ હું ટીકા કરીશ. આ તો 'કુંદકુંદાચાર્ય' કહે છે કે હું નિયમસાર કહીશ. 'નિયમસાર'નો **'નિયમ' શબ્દ, પ્રથમ તો, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર માટે છે.'** આ નિયમ છે. આહાહા..! આ વ્રત ને તપના નિયમના વિકલ્પ છે એ નિયમ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– શબ્દના અર્થ ફરી જાય.

ઉત્તર :– શું થાય? અહીં તો આત્મામાં શુદ્ધ સ્વરૂપ પવિત્રનું સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એની લીનતાને અહીંયા નિયમ કહેવાય છે. એ નિયમ મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'નિયમ' શબ્દ, પ્રથમ તો, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર માટે છે.'** વ્યવહાર વિકલ્પ માટે નિયમ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આ નિયમ લીધો, આ વ્રત લીધું એ તો બધો વ્યવહાર વિકલ્પ છે, એ વાસ્તવિક નિયમ નહિ. આહાહા..! હવે નિયમનો અર્થ ટીકામાં આવશે. નિયમસાર– નિયમનો સાર. **'એમ કહીને શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.'** જુઓ! વ્યવહાર નહિ. આહાહા..! પંડિતજી! આવી વાત છે.

કહે છે, ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે કે હું નિયમસાર કહીશ. તો નિયમનો અર્થ શું? પોતાનો શુદ્ધ પવિત્ર ભગવાન, પૂર્ણ ભગવાન પૂર્ણ બ્રહ્મ આનંદની અંતર્મુખ થઈને પ્રતીતિ, અંતર્મુખ થઈને સ્વસંવેદનજ્ઞાન અને અંતર્મુખમાં લીનતા (થવી) એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને નિયમ કહેવાય છે. સમજાય છે કાંઈ? અને સાર કહેતાં શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ કહ્યું. સમ્યગ્દર્શન શુદ્ધ સ્વભાવનો અનુભવ અને એમાં પ્રતીતિ ને એમાં લીનતા, એ શુદ્ધ રત્નત્રય. શુદ્ધ રત્નત્રયને અહીંયા મોક્ષમાર્ગ કહ્યો. વ્યવહારરત્નત્રયને મોક્ષમાર્ગ કહેવાયો નથી. ઘણા પંડિતો રાડ પાડે છે ને? વ્યવહારરત્નત્રય પણ મોક્ષમાર્ગ છે. વ્યવહારરત્નત્રય પહેલો ને પછી નિશ્ચયરત્નત્રય. પંડિતજી! ગપ્પ મારે છે. આહાહા..! જુઓ! શું કહે છે?

**'એમ કહેતાં...'** નિયમસાર શબ્દમાં ભગવાન 'કુંદકુંદાચાર્યે' એમ કહ્યું, નિયમ એટલે પોતાનો ચૈતન્ય ભગવાન પુણ્ય-પાપથી રહિત, વ્યવહારરત્નત્રયના રાગથી રહિત પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા થવી, એવા ત્રણને નિયમ કહેવાય છે. અને સાર કહેતાં એ

શુદ્ધ રત્નત્રય છે. વચ્ચે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ વાસ્તવિક નિયમસાર નહિ. છે એમાં? પંડિતજી! સંસ્કૃતમાં પણ છે. **'शुद्धरत्नत्रयस्वरूपमुक्तम्'**. સંસ્કૃતમાં છે. આહા..! અશુદ્ધરત્નત્રય બીજી કોઈ વસ્તુ છે કે નહિ? છે. પણ એ મોક્ષમાર્ગ નથી. શુદ્ધ શબ્દ વાપર્યો તો બીજી વસ્તુ અશુદ્ધ છે ને? વ્યવહારરત્નત્રય અશુદ્ધ રત્નત્રય છે, વિકલ્પ છે, રાગ છે. આહાહા..! ભારે.

નિયમસાર–નિયમ કહેતાં શુદ્ધ રત્નત્રય. સાર કહેતાં શુદ્ધ રત્નત્રય. એમ. નિયમ કહેતા રત્નત્રય અને સાર કહેતાં શુદ્ધ રત્નત્રય, એમ. સમજાય છે કાંઈ? 'કુંદકુંદાચાર્ય' પહેલેથી કહે છે કે આ નિયમસાર છે. અંતરમાં મોક્ષનું નિર્વિકારી સમ્યગ્દર્શન, નિર્વિકારી જ્ઞાન અને વિકાર રહિત આનંદની લીનતા, એનું નામ શુદ્ધ રત્નત્રય, તે જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ ૪, સોમવાર, તા. ૧-૩-૧૯૭૧**
**ગાથા – ૧ થી ૨, શ્લોક – ૮, પ્રવચન નં. ૩**

'નિયમસાર' એટલે મોક્ષનો માર્ગ, મોક્ષ એટલે પૂર્ણ આનંદની પ્રાપ્તિનો માર્ગ. મોક્ષ એટલે પૂર્ણ આનંદ, એની પ્રાપ્તિનો માર્ગ, એને 'નિયમસાર' કહે છે. અહીં સુધી આવ્યું છે આપણે. **'નિયમસાર એમ કહેતાં શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.'** ત્યાં સુધી આવ્યું. શું કહ્યું એ? ભગવાન 'કુંદકુંદાચાર્ય' 'નિયમસાર' કહે છે. એટલે શું? કે, શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ એને 'નિયમસાર' કહેવામાં આવે છે.

શુદ્ધ રત્નત્રય એટલે શું? એ ઉપર આવી ગયું છે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂ,પ આનંદ સ્વરૂપ છે. એની અંતરમાં સ્વસન્મુખ શુદ્ધતાની સામે એકાગ્રતા થવી એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. સમજાય છે કાંઈ? શુદ્ધ રત્નત્રય. શુદ્ધ એવો જે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન પવિત્ર ધામ એવા શુદ્ધની શ્રદ્ધા, શુદ્ધનું જ્ઞાન અને શુદ્ધની રમણતા એને અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે. શુદ્ધ કહેતા અશુદ્ધતાનો નિષેધ કર્યો. વ્યવહારરત્નત્રય જે કહેવામાં આવે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન અને વ્યવહાર પંચમહાવ્રતના વિકલ્પ, ચારિત્ર વ્યવહાર એ માર્ગ નથી, એ તો રાગ છે વચમાં. આત્મા વીતરાગ પરમ આનંદ સ્વરૂપ છે એની સ્વસન્મુખની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એને જ મોક્ષનો માર્ગ, તીર્થંકર પરમેશ્વરના મુખમાં એ આવ્યો છે. સમજાણું કાંઈ?

**'કેવું છે તે?'** શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ કહ્યું એ. કોણે કહ્યું? **'કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું છે.'** જુઓ! છે? એમ તો બીજાઓ પણ એમ કહે છે કે ભગવાને કહ્યું એમ કહું છું. આ તો સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાન પૂર્ણ જેને પ્રગટ થયું. શક્તિ ને સ્વભાવ તો આત્માનો કેવળજ્ઞાન જ છે. એ અંતર સન્મુખ ધ્યાન દ્વારા, શુકલધ્યાન દ્વારા જેણે એ કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણવાની પોતાની શક્તિ હતી એને પ્રગટ કરી. એવા કેવળીઓએ આ 'નિયમસાર' કહ્યું છે. સમજાણું કાંઈ?

પેલામાં એમ આવે છે, નહિ? **'सुदकेवलीभणिदं'**. અહીં **'केवलिसुदकेवलीभणिदं'**. સ્પષ્ટ કરી નાખ્યું. 'સમયસાર'માં **'सुदकेवलीभणिदं'** (કહ્યું). શ્રુત અને કેવળી બે જુદા પાડીને ટીકામાં અર્થ કર્યા. ટીકાકાર એમ કહે છે. નહિતર **'सुदकेवलीभणिदं'** એમ છે. 'સમયસાર'. 'નિયમસાર'માં તો **'केवलिसुदकेवलीभणिदं'** (કહી દીધું). કેવળીના બે વિશેષણ–એક કેવળી અને એક શ્રુતકેવળી. બન્નેએ આ કહેલું છે. આહા...! સમજાય છેકાંઈ?

ભગવાનના સમવસરણમાં પ્રભુ બિરાજતા. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા. કહે છે કે કેવળી શ્રુતકેવળીએ કહ્યું એ હું કહું છું. એ શુદ્ધરત્નત્રય કેવળીઓએ અને શ્રુતકેવળીઓએ કહેલું છે. એ તો શબ્દાર્થ થયો.

હવે **''કેવળીઓ' તે સકલપ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા...'** કેવળજ્ઞાન તે સકળપ્રત્યક્ષ છે. ત્રણકાળ, ત્રણલોક બધા જેને જ્ઞાનની દશામાં પ્રત્યક્ષ થઈ ગયા છે. એવા **'સકલપ્રત્યક્ષ કેવળીઓ જ્ઞાનના ધરનારા અને 'શ્રુતકેવળીઓ' તે સકળ દ્રવ્યશ્રુતના ધરનારા;...'** જુઓ! અહીં ચોથા-પાંચમાના નિશ્ચયના શ્રુતકેવળી નથી લીધા. 'મગનભાઈ'! દ્રવ્યશ્રુત જે પૂર્ણ દ્રવ્યશ્રુત છે, બાર અંગ, એના ધરનારા શ્રુતકેવળીઓ. શ્રુતજ્ઞાનમાં પૂરા, ભગવાનના સમવસરણમાં બિરાજતા એમણે કહેલું, ભગવાને કહેલું બેયનું કહેલું આ છે. સમજાણું કાંઈ? સકળ દ્રવ્યશ્રુત ધરનારા જેટલા શાસ્ત્રો બધા બાર અંગ કહેવાય એ બધું જેને અંતર હતું. એમણે આ 'નિયમસાર' કહેલુંછે.

**'એવા કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું, સકળ ભવ્યસમૂહને હિતકર,...'** હવે આ કેવું છે 'નિયમસાર'? ભવ્ય લાયક પ્રાણીને હિતકર છે. જેને આત્માનો મોક્ષ કરવો છે ને લાયકાત છે એવા જીવને આ 'નિયમસાર' હિતકર છે. આહા..! સમજાણું કાંઈ? **''નિયમસાર' નામનું પરમાગમ હું કહું છું.'** 'નિયમસાર' નામનું પરમાગમ હું કહું છું એમ કહ્યું. આગમ તો કહે છે પણ આ તો પરમાગમ. હું કહું છું, 'પદ્મપ્રભમલધારિદેવ' એનો અર્થ કરે છે. પોતે કહે છે ને હું 'નિયમસાર' કહું છું. **'केवलिसुदकेवलीभणिदं'**. એ કહીશ –**'वोच्छामि'**

'કુંદકુંદાચાર્ય' કહે છે કે, હું કહીશ. કહેનાર તો હું છું, એની ટીકા કરનાર 'પદ્મપ્રભમલધારિદેવ' મુનિ છે. બેય દિગંબર મુનિ સંતો વનવાસી (હતા). સંતોની જૈન ધર્મની રીત જ અનાદિ નગ્ન ને વનવાસી હતા. પછી આ દુકાળ પડ્યો એમાંથી આ બધું અર્ધફાલક (થયા). ધોળો કટકો લઈ સાધુ થઈને નીકળ્યા પછી એમાંથી આ શ્વેતાંબર પંથ નીકળ્યો. વીતરાગના માર્ગથી પરંપરાથી વિરુદ્ધ થઈને નીકળ્યો. એના પછી પંદરસો, અત્યારથી પાચસો વર્ષ પહેલાં આ સ્થાનકવાસી નીકળ્યા. એ મૂર્તિને ઉથાપીને નીકળ્યા. બાકી બીજી માન્યતા રાખી. પછી આ વળી તેરાપંથી નીકળ્યા. અણુવ્રત આંદોલન કરનારા. એ તો વળી હમણા (નીકળ્યા). એ બધા એક પછી એક સર્વજ્ઞ વીતરાગ પંથમાંથી વિપરીતપણે નીકળેલા છે. એમ છે. આહા..! બહુ આકરું કામ. 'સ્વરૂપચંદભાઈ'! આવું છે આ.

**'આમ, વિશિષ્ટ ઇષ્ટદેવતાના સ્તવન પછી,...'** ખાસ પોતાના પ્રિય વીર ભગવાન, અત્યારે વીર શાસન જેનું ચાલે છે એવા ઇષ્ટદેવતાના સ્તવન પછી. એની સ્તુતિ કરી આમાં. આમાં કહ્યું ને? નમીને. **'સૂત્રકાર પૂર્વાચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવગુરુએ પ્રતિજ્ઞા કરી.'** ટીકાકાર 'કુંદકુંદાચાર્ય'ને એમ કહે છે કે, પૂર્વાચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવગુરુએ પ્રતિજ્ઞા કરી એમ કહ્યું. દેવ અને ગુરુ. ટીકાકાર 'પદ્મપ્રભમલધારિદેવ' પંચમહાવ્રતધારી મહાલિંગી મુનિ છે . વનવાસી જંગલમાં રહેનારા, એ કહે છે, કે પૂર્વાચાર્ય એવા કુંદકુંદાચાર્યદેવગુરુ, દેવ-ગુરુ. એણે પ્રતિજ્ઞા કરી. 'કુંદકુંદાચાર્ય' ઉપર કેટલું

(બહુમાન છે)! પંચમહાવ્રતધારી મુનિ ભાવલિંગી દિગંબર સંત છે એ પણ 'કુંદકુંદાચાર્ય'ને 'કુંદકુંદાચાર્યદેવગુરુ' એમ કહે છે. એમણે આ પ્રતિજ્ઞા કરી છે. સમજાણું કાંઈ? આહા..!

**'આ પ્રમાણે સર્વ પદોનું તાત્પર્ય કહેવામાં આવ્યું.'** લ્યો! એક એક શબ્દનો અર્થ જોટો પાડીને કહેવામાં આવ્યો. **'[હવે પહેલી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]'** લ્યો! હવે મુનિ પોતે શ્લોક કહે છે. ટીકા પોતે કરી છે એનો સાર કહે છે. આઠમો શ્લોક છે, જુઓ! સાત તો મંગલાચરણમાં આવી ગયા છે.

**जयति जगति वीरः शुद्धभावास्तमारः**
**त्रिभुवनजनपूज्यः पूर्णवोधेकराज्यः।**
**नतदिविजसमाजः प्रास्तजन्मद्रुबीजः**
**समवसूतिनिवासः के वलश्रीनिवासः ।।८।।**

પેલી બાજુ અર્થ છે. ભગવાન વીર પરમાત્મા કેવા હતા? 'પદ્મપ્રભમલધારિદેવ' સંત મુનિ એ પોતે વર્ણન કરે છે. **'શુદ્ધભાવ વડે *મારનો (કામનો) જેણે નાશ કર્યો છે,...'** જુઓ! પહેલેથી ઉપાડ્યું છે. એ પુણ્ય-પાપના શુભ-અશુભભાવ તો અશુદ્ધભાવ છે. એનાથી કામનો, અજ્ઞાનનો, રાગનો નાશ થતો નથી. આહાહા..! કામભોગ કથા આવે છે ને? રાગ પોતે જ કામ છે. આહા..! શુદ્ધભાવ આત્મા પવિત્ર આનંદસ્વરૂપ, એની સન્મુખતાનો જે શુદ્ધભાવ એવા ભાવ વડે જેને કામનો, મારનો, માર એટલે કામ, એનો નાશ કર્યો છે. અતીન્દ્રિય આનંદનો જેને અનુભવ છે. સમજાણું કાંઈ?

કામવાસના જગતને દુઃખદાયક છે એમ પહેલું બતાવે છે. જગતને પ્રિય લાગે છે. આમ શરીર, લક્ષ્મી, બાહ્ય ચીજો એ બધી વિષય વાસના કામ છે. સમજાય છે કાંઈ? પોતાના પદાર્થ સિવાય બીજો કોઈ પણ પદાર્થ જેને ઉલ્લસીત વીર્યમાં ઉલ્લાસ આપે એ બધો કામ છે. એ કામનો જેણે નાશ કર્યો છે. આહા..! દુનિયા જેને પ્રીતિના પ્રેમથી, જેને ભોગને આદરે છે. ઇન્દ્રાણી ને સુંદર શરીર ને ખાવા-પીવાના બધા મેસુબ ને જાંબુ ને દહીંથરા ને.. શું કહેવાય એ? સાટા ને.. આ બાજુ બેઠો હોય ને સ્ત્રી હોય, ખાવાનું હોય. પેલા કહેતા ને? રાજાને પાંચ હતી ને? માસ્તર કહેતા. 'હીરાચંદ' માસ્તર નહિ? માસ્તર નહોતા કહેતા? એકકોર વેશ્યા નાચતી હોય, એકકોર બાગમાં બેઠો હોય, એકકોર ખાતો હોય, એકકોર વાજિંત્ર વાગતા હોય. એમ કાંઈક છે. પાંચે ઇન્દ્રિયના (વિષય) એકસાથે (ભોગવે). અરે..! ભગવાન! તારા બાગને મુકીને આ રાગના બાગમાં આવ્યો (એ) મહા વિષયની વાસના છે. પાંચે ઇન્દ્રિયના વિષયોમાં પ્રેમ એ બધી વાસના, કામવાસના છે. એને જેણે શુદ્ધભાવ વડે નાશ કર્યો છે. જુઓ! દયા, દાન ને વ્રતના શુભભાવ વડે નાશ કર્યો છે એમ નથી. કારણ કે એ પોતે રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! જેની મીઠાશ આત્મામાં આનંદની છે એ મીઠાશને ન જાણતા રાગની મીઠાશમાં પડ્યા છે, એ કામ વાસનાને વશ થઈ ગયેલા છે, ઇ પામર છે. આહાહા..! પ્રભુએ પામરતાનો પ્રભુતા વડે જેણે નાશ કર્યો છે. સમજાણું કાંઈ? શુદ્ધભાવ વડે પુણ્ય-પાપના ભાવ છે શુભ-અશુભ, દયા-દાન આદિ કામ-ક્રોધ છે એ તો અશુદ્ધભાવ છે અને અશુદ્ધભાવ છે એ પોતે જ કામ છે અને દુઃખ છે. એવી કામભોગની કથા તો અનંતવાર સાંભળીને કરી છે. એના નાશની કથા સાંભળી નથી, એમ ત્યાં કીધું. આહાહા..! **'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगवंधकदहा । एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ।। ४।।'** પણ રાગનો વાસનાનો શુભ કે અશુભ વિકલ્પનો છે, એનાથી ભિન્ન ભગવાન એકત્વ છે અને રાગથી ભિન્ન છે. એવા સ્વભાવની વાત પ્રીતિ કરીને સાંભળી નથી, પરિચય કર્યો નથી, અનુભવ્યું નથી. સમજાણું કાંઈ? એ વાતની વાત ન્યાંથી માંડી, જુઓ! શુદ્ધભાવ વડે જેણે.. અને એ રીત છે એમ જગતને કહે છે જરી. રાગ અને દ્વેષ વાસનાનો નાશ આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ (થયો), એ શુદ્ધભાવ વડે નાશ થાય છે. સમજાણું કાંઈ? એક વાત ગુણની કરી, હવે બહાર પુણ્યની કરે છે.

**'ત્રણ ભુવનના જનોને જે પૂજ્ય છે,...'** એ બહારની વાત છે, ઓલી અંતરની કરી. ત્રણ ભુવનના જનો–લોકોને ભગવાન પૂજ્ય છે. ત્રણ ભુવનમાં બધા જીવો એકેન્દ્રિય આદિ છે. બધા પણ મહાપુરુષો છે, લોકો એને પૂજે છે ને એ આમને પૂજે છે. ભગવાનને એ પૂજે છે. એમ કરીને ત્રણલોકના ભુવનના પૂજ્યને પૂજવાલાયક છે એમ કહેવામાં આવે છે. બીજા કેટલાક ન માને એટલે એનું કાંઈ પૂજ્યપણું વયું જાય છે? એમ કહે છે. ત્રણ ભુવનના લોકને પૂજ્યપણું છે. આહા..! એટલી તો પુણ્યની પ્રકૃતિ. વીર ભગવાન તીર્થંકરદેવ શાસનમાં કેવળપણે વિચરતા. સમવસરણમાં, હોં! આ સમવસરણમાં વિચરતાની વાત છે. અત્યારે તો મોક્ષ પધાર્યા પણ ભગવાન નીચે બિરાજતા એ વખતની વાત યાદ કરે છે.

**'ત્રણ ભુવનના જનોને જે પૂજ્ય છે,...'** એમ કરીને ત્રણલોક પણ સિદ્ધ કર્યા અને અનાદિથી કામવાસના હતી એ પણ સિદ્ધ કરી ને? હા, કામવાસના હતી. તદ્દન પવિત્ર દશામાં અનાદિનો છે એમ છે નહિ. પોતાના ઘર ભૂલીને પર ઘરમાં ભમવાની લાગણી અનાદિથી હતી. એણે જેણે આત્માના અનુભવથી, શુદ્ધભાવના મોક્ષમાર્ગથી જેનો નાશ કર્યો.

**'પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે,...'** લ્યો! સામ્રાજ્ય છે, ભગવાન પાસે સામ્રાજ્ય છે, પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે. પૂર્ણ કેવળ. જેના જ્ઞાનની દશા ઝળહળ જ્યોતિ પૂર્ણ જેને પ્રગટ થઈ ગઈ છે એ એનું રાજ છે, એ એનું રાજ છે. આ ધૂળના રાજ એ એના નહિ. હવે બીજો. એ ગુણનું વર્ણન કર્યું. હવે બહારનું.

**'દેવોનો સમાજ જેને નમે છે,...'** પહેલાં ત્રણ ભુવનને પૂજ્ય છે એમ કહ્યું. આ દેવોનો, દેવનો સમાજ કરોડો, અબજોના ટોળા જેને નમે છે, એવા વીર ભગવાન જયવંત વર્તો એમ કહેશે. દેવોનો સમાજ જેને 'દેવાદિનમનપંતિ' આવે છે ને? ... **'જન્મવૃક્ષનું બીજ જેણે નષ્ટ કર્યું છે,...'**

ગાથાનો સાર લીધો ને? જિન જિન, જિન છે ને વીતરાગ. જેણે જન્મવૃક્ષનું બીજ, ચોરાશીના અવતારના રખડવાના બીજનો જેણે નાશ કર્યો છે. જેણે મોક્ષના બીજડા વાવીને મોક્ષ પ્રગટ કર્યો છે. કેવળજ્ઞાન ઇ મોક્ષ, ભાવમોક્ષ. **'સમવસરણમાં જેનો નિવાસ છે...'** જુઓ! બહારથી વાત કરી પાછી. અંદરની પછી લેશે. સમવસરણ ધર્મસભા ઇન્દ્રોએ રચી હોય છે એમાં જેનો ભગવાન 'મહાવીર'નો નિવાસ છે. સમજાય છે કાંઈ? કો'કની વાડીમાં ઉતરે ને પરથી શીલા ઉપર બેસે ને, એમ નહિ એમ કહે છે. આવે છે ને? શ્વેતાંબરમાં એવું આવે છે. ચંપાનગરી ને ફલાણા વનમાં ને હેઠે પથ્થરની શીલા હતી ત્યાં બિરાજતા.

બાર જાતની સભા મોટી. એ તો અલૌકિક રચના! એમાં જેનો નિવાસ છે. એ વ્યવહાર કહ્યો. અરિહંતપદે હતા ત્યારની વાત વર્ણવે છે. ...

કેવળ જેનામાં કેવળલક્ષ્મી વર્તે છે. **'અને કેવળશ્રી (-કેવળજ્ઞાનદર્શનરૂપી લક્ષ્મી) જેનામાં વસે છે,...'** આ લક્ષ્મી એને છે, એની પાસે. આહાહા..! કહો, આ લક્ષ્મીપતિ કહેવાય છે ને? આ બધા ધૂળના એ તો જડપતિ છે. 'નવનીતભાઈ'! લક્ષ્મીપતિ કહે છે ને? ધનપતિ, લક્ષ્મીપતિ, નરપતિ, ઉદ્યોગપતિ, વળી મોટા ઉદ્યોગપતિ હમણાં એ વખાણે. એમણે હાથે બાહુબળે ઉદ્યોગ વધારી ઉદ્યોગપતિ થયા. મોટા પૂંછડા વળગાડે. પૈસા લેવા હોય ને. '..ભાઈ'! એમ અત્યારે બહારમાં ચાલે છે કે નહિ? આહાહા..!

**'અને કેવળશ્રી (-કેવળજ્ઞાનદર્શનરૂપી લક્ષ્મી) જેનામાં વસે છે,...'** જેનામાં અંતરમાં તો પોતે જ્ઞાન ને દર્શનમાં વસે છે અથવા જ્ઞાન-દર્શન એમાં વસે છે. એ સમવસરણમાં વસતા નથી. એમ કહે છે. એ વ્યવહાર કહ્યો. આહાહા..! વ્યવહાર પણ જણાવ્યો ને નિશ્ચય જણાવ્યો. **'તે વીર જગતમાં જયવંત વર્તે છે.'** વર્તે છે, છે ને પાઠ? એવો છે ને? પહેલો શબ્દ છે ને? **'जयति जगति वीरः'**. તે જગતની અંદર વીર જયવંત વર્તો. આવા પરમાત્મા! ઓહો! જેને અરિહંત પરમેશ્વર કહીએ એમની જ ઓળખાણ નહિ. અને ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં ગોખ્યા કરે, બોલ્યા કરે. આવા અરિહંત ને દેવ હોય એને હું દેવ તરીકે સ્વીકારીને વંદન કરું છું એમ કહે છે. પરમાત્મા આવા હોય. તીર્થંકરદેવ વીરપ્રભુ આવા હોય. બીજી ગાથા. એ તો વંદન ને સ્તુતિ કરી. હવે 'નિયમસાર' કહેવાની પ્રતિજ્ઞા કરી હતી એ હવે કહે છે.

**मग्गो मग्गफलं ति य दुविहं जिणसासणे समक्खादं ।**
**मग्गो मोक्खउवाओ तस्स फलं होइ णिव्वाणं ।। २।।**

નીચે હરિગીત,

**છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;**
**ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.**

**અન્વયાર્થ :– 'मार्गः मार्गफलम्' 'માર્ગ અને માર્ગફળ એમ બે પ્રકારનું જિનશાસનમાં કથન કરવામાં આવ્યું છે;...'** વીતરાગ શાસનમાં આ કથન છે. એવું કથન બીજે ત્રણકાળમાં સર્વજ્ઞ સિવાય હોય શકે નહિ. તીર્થંકરદેવ વીતરાગ પરમાત્મા જિનેશ્વર પરમેશ્વર, એના શાસનમાં આ માર્ગ કહ્યો છે. માર્ગ ને માર્ગનું ફળ (કહ્યું છે). લોકોને એમ લાગે કે, આ તો પક્ષ છે, જૈન ધર્મ એ પક્ષ છે. પક્ષ નથી ભાઈ! વસ્તુનું સ્વરૂપ જ એ છે. જિનવર શાસન એ જ ધર્મનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? **'જિન શાસનમાં કથન કરવામાં આવ્યું છે;...'** એ સિવાય બીજે આવો માર્ગ અને માર્ગનો ઉપાય, માર્ગ ઉપાય ને એનું ફળ એવું વર્ણન, જિનેન્દ્રદેવના મુખમાંથી આવ્યું એવું વર્ણન બીજે છે નહિ. સમજાણું કાંઈ?

**'માર્ગ મોક્ષોપાય છે...'** માર્ગ કહો, ઉપાય કહો, કારણ કહો. **'અને તેનું ફળ નિર્વાણ છે.'** માર્ગનું ફળ નિર્વાણ છે. જુઓ! કેટલી સ્પષ્ટતા થઈ છે. માર્ગ તો એક જ છે એમ સિદ્ધ કરે છે. માર્ગ બે છે એમ નથી. જુઓ! નીચે કહેશે.

**'આ, મોક્ષમાર્ગ અને તેના ફળના સ્વરૂપનિરૂપણની સૂચના...'** આ મોક્ષમાર્ગ અને તેના ફળના સ્વરૂપનું નિરૂપણ, કથનની સૂચના **'(-તે બંનેના સ્વરૂપના નિરૂપણની પ્રસ્તાવના) છે.'** શરૂઆત–પ્રસ્તાવના–કરી આ. હવે જુઓ! નિરૂપણ શબ્દ તો આવ્યો ત્યાં. નિરૂપણ બધે આવે છે ને? નિરૂપણ, નિરૂપણ. વ્યવહાર નિરૂપણ, નિશ્ચય નિરૂપણ આવે છે ને બધે? 'ટોડરમલ્લજી'એ લીધું છે ને.

**'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'** દેખો! આ 'ઉમાસ્વામી'નું સૂત્ર. 'કુંદકુંદાચાર્ય'ના શિષ્ય 'ઉમાસ્વામી' થયા, જેણે ગાગરમાં સાગર ભરી દીધો. આખા શાસનનું ટૂંકામાં સૂત્ર 'તત્ત્વાર્થસૂત્ર' બનાવ્યું. એનું પહેલું સૂત્ર આ છે. **'(સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે).'** હવે હજી જુઓ એ કોઈ કહે છે કે એ મોક્ષમાર્ગ જે ન્યાં કહ્યો છે એ વ્યવહાર છે એમ કોઈ કહે છે. આ તો નામ કરીને એને અહીંયા નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો. એ વ્યવહાર મોક્ષમાર્ગ છે, (એમ કહે છે). તત્ત્વાર્થ શ્રદ્ધાન વ્યવહાર મોક્ષમાર્ગ છે. **'એવું (શાસ્ત્રનું), વચન હોવાથી,...'** એ 'પદ્મપ્રભમલધારિદેવ' 'ઉમાસ્વામી'નું શાસ્ત્ર છે એનું આ વચન છે એમ કહેવા માગે છે.

**'માર્ગ તો શુદ્ધરત્નત્રય છે...'** લ્યો! આ આવ્યું, એનો અર્થ જ એ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર શુદ્ધરત્નત્રયની વ્યાખ્યા છે, અશુદ્ધની છે જ નહિ. આહાહા..! મોક્ષમાર્ગ છે તો ન્યાં વ્યવહારનો માર્ગ એ તો બંધમાર્ગ છે. એ.. પંડિતજી! ... કરશે તમારા પંડિતમાં તો બહુ. ... ઓલા 'ઉદયપુર'વાળા શું કહેવાય? 'ચાંદમલજી'. 'ઉદયપુર'માં 'ચાંદમલજી' હતા ને? આ એને પૂછ્યું કે, આ સમ્યગ્દર્શન-જ્ઞાન (શું છે)? તો કહે, એ તો વ્યવહાર છે, વ્યવહાર મોક્ષમાર્ગ છે. 'પન્નાલાલે' 'તત્ત્વાર્થસૂત્ર'નો અર્થ કર્યો છે ને. એ 'પન્નાલાલ' આના છે ઇ. એણે લખ્યું છે કે, વ્યવહાર મોક્ષમાર્ગ છે. અહીંયા પુસ્તક છે. આ તમારા પંડિતમાં આ ચાલે છે. પુસ્તક છે ને આપણે અહીંયા?

'મોક્ષમાર્ગ પ્રકાશક' એનું બનાવેલું. લાવો ને. એમાં લખ્યું છે. એ 'પન્નાલાલ' 'સાગર'વાળા છે ને. આ તો વ્યવહાર મોક્ષમાર્ગની વાતછે.

અહીં તો કહે છે **'માર્ગ તો શુદ્ધરત્નત્રય છે...'** આ ત્રણ જે શબ્દ કહ્યા છે એ શુદ્ધરત્નત્રયના કહ્યા છે, એમ કહે છે. એનો અર્થ કર્યો. અરેરે...! મૂળ વસ્તુ ...

મુમુક્ષુ :– આવા અર્થ કર્યા છે માટે જ અમને કબુલ નથી એમ કેટલાક કહે છે.

ઉત્તર :– પણ અર્થ કર્યા .... સાચા મહા મુનિ છે, પંચમહાવ્રતધારી છે. તારી દૃષ્ટિ પ્રમાણે કહે એ સાચા અને તારી દૃષ્ટિ વિરુદ્ધ કહે એ ખોટા. આ ટીકાને 'રતનચંદજી' નથી માનતા. આ 'રતનચંદજી મુખત્યાર' નહિ? આહાહા..! અરે..! ભગવાન! શું કરે છે તું? ક્યાં જાવું છે? ભાઈ! તારે. અહીં તો કહે છે કે, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ એ તો શુદ્ધ રત્નત્રયની વ્યાખ્યા મેં કહી, એમ કહે છે જુઓ! આ કહે છે. 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્' એ વ્યવહાર સમ્યગ્દર્શનનું લક્ષણ છે. ત્યાં ચિહ્ન કર્યું છે. 'પન્નાલાલ' આવા ને આવા લખાણ કરે અને લોકો બિચારા ભ્રમમાં પડે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– શું થાય? ગમે તેમ કરે. આ શું કહે છે?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ 'તત્ત્વાર્થસૂત્ર'નું (સૂત્ર). એ સમ્યગ્દર્શન એ શુદ્ધરત્નત્રય શુદ્ધ છે. માર્ગ તો શુદ્ધરત્નત્રય એક જ વાત લીધી, બે વાર ન લીધા. ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ, એની અંતરમાં સન્મુખની વિકલ્પ વિનાની નિર્વિકલ્પ વીતરાગી પ્રતીતિ, શ્રદ્ધા એને શુદ્ધરત્નત્રયમાં એનો એક અવયવ કહે છે. સમ્યગ્દર્શન, આને સમ્યગ્દર્શન કહીએ. સમજાણું કાંઈ?

**'માર્ગ તો શુદ્ધરત્નત્રય છે...'** આમ ચોખ્ખું ધડાકાબંધ કહે છે ને. આહા..! બાપુ! મોક્ષનો માર્ગ તો શુદ્ધરત્નત્રય છે. એની સામે અશુદ્ધરત્નત્રય વ્યવહાર છે એ માર્ગ છે નહિ એમ આવ્યું. અર્થ કરવામાં પણ વાંધા. ઓલામાં આવે છે ને? જાતિઅંધનો દોષ નહિ આકરો. જન્મનો જાતિઅંધ હોય એ તો દેખતો નથી કાંઈ. 'ભુરાભાઈ' ગયા? ગયા હશે. 'જાતિઅંધનો દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ, મિથ્યાદૃષ્ટિ દેખી આકરો કરે અર્થના રે અનર્થ.' છોકરાને કહ્યું, એલા છોકરા ફાનસ સળગાવ, તમે કહ્યું હતું ને સળગાવ (એટલે) નાખ્યું ભડકામાં. સળગાવવાનું કહ્યું હતું ને. સળગાવવાનો અર્થ શું? અમારે એક છોડી ત્યાં હતી ઇ બોલતી. નાની હતી ૭ વર્ષની. 'પોપટભાઈ'ના દીકરાની દીકરી. ૭ વર્ષની હતી. આવા શ્લોકો બહુ બોલતી. બિચારીને ૭ વર્ષની ઉંમરમાં ક્ષય થઈ ગયો, મરી ગઈ. 'સમજાવ્યા સમજે નહિ કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું નાખ્યું ભડકા માંહી'. સવળો અર્થ વકીલને પૂછો. 'રામજીભાઈ' જેવાને, લ્યો! શબ્દાર્થ કરો. 'પંડિતજી'ને પૂછો, આ સંસ્કૃતના 'પંડિત' છે. એ ઠીક છે. ફાનસ સળગાવો કહ્યું, એમ કહ્યું છે,

લ્યો! પણ સળગાવવાનો અર્થ એમાં બત્તી કર, દીવો કર એમ કીધું. સળગાવવું એટલે બાળી મુકવું? આવા ને આવા અર્થ સમજે. સમજાણું કાંઈ? એ છોડી બોલતી. ઘણા વર્ષ (પહેલાની) સંવત ૧૯૮૦ની સાલની વાત છે. ૪૭ વર્ષ થયા. એ બિચારી મરી ગઈ. આહાહા..! 'નટુભાઈ'ની દીકરી હતી. નાની ઉંમર. એના દાદાએ આવા ૨૫-૫૦ શ્લોકો શીખવેલા. ઇ બોલે બિચારી. ક્ષય થઈને મરી ગઈ. આહાહા..!

હજી શાસ્ત્રના વાસ્તવિક અર્થ કરવામાંય ઊંધાય. 'પંડિતજી'! આ શું કહે છે? મોક્ષમાર્ગ તો શુદ્ધરત્નત્રય એક જ છે. વ્યવહાર મોક્ષમાર્ગ એ માર્ગ નથી, એ તો ઉપચારથી નિમિત્તનું કથન છે. ભાઈએ લખ્યું છે ને? 'ટોડરમલ્લજી'એ. મોક્ષમાર્ગ બે નથી, નિરૂપણ બે પ્રકારે, કથન બે પ્રકારે છે. નિશ્ચય અને વ્યવહાર કથનનો પ્રકાર છે, વસ્તુ બે નથી. ત્યારે હવે એ કહે છે કે નહિ, મોક્ષમાર્ગ બે માને તો ભ્રમ છે, આ કહે છે. સમજાય છે? ઇ કહે છે મોક્ષમાર્ગ બે ન માને એ ભ્રમ છે. હવે આનું ક્યાં સમજવું? આહાહા..! 'ટોડરમલજી' કહે છે કે મોક્ષમાર્ગ બે માને તો ભ્રમ છે. કારણ કે અહીં એક જ કહ્યો છે. ત્યાં 'રતનચંદજી' કહે છે કે, બે માને નહિ એ ભ્રમમાં પડ્યા છે. હવે આનું શું કરવું? ધૂતારા.

વાડ વેલાને ખાય. અમારે ... શેઠ. ઇ બિચારા કહેતા. સાધુ હતો ને? ... સ્થાનકવાસી સાધુ હતા. એની શ્રદ્ધા વેદાંતની. આ 'લીમડી' સંઘાડાના. મોટાભાગે 'લીમડી' સંઘાડાના હતા. અમે જોયેલા બધાને. 'પાલેજ' આવેલા. 'પાલેજ' અમારે વચમાં ખરું ને. 'મુંબઈ'થી દેશમાં આવે ત્યારે અમારે ત્યાં આવે 'પાલેજ'માં. બધા આવેલા ત્યારે જોયેલા. એની શ્રદ્ધા વેદાંતની થઈ ગયેલી. જૈનની રહી નહિ. સ્થાનકવાસીમાં હતા. પછી આ અમારા શેઠ હતા. 'દામોદર' શેઠ હતા એની શ્રદ્ધા ખોટી પણ એની વેદાંતની નહિ, જૈન ખરી. એટલે સુધરેલા લાગતા, ગૃહસ્થ માણસ એટલે સુધરેલા લાગે. એની સાથે વાત કરતાં વેદાંતની વાત કહી દીધી એણે. એ જાણે કે આ મારી વાત કબુલશે. બિચારા બોલ્યા, અરે..! મહારાજ! વાડ વેલાને ખાય. અમારે ક્યાં જાવું? એમ બોલ્યા હતા. અમારો વેશ પહેરીને આ વેદાંતને માને, અમારે ક્યાં જાવું? એમ અહીંયાં વીતરાગ માર્ગને ઓથ છોડી દઈને પોતાની કલ્પનાના માર્ગે માર્ગ કહે એને ક્યાં જાવું? 'જેતપુર'માં કહ્યું હતું.

(અહીંયા) કહે છે માર્ગ તો ખુદ રત્નત્રય એક જ છે, એમ થયું કે નહિ? **'અને માર્ગફળ મુક્તિરૂપી સ્ત્રી...'** પોતાના પૂર્ણ આનંદની પરિણમન દશા, પૂર્ણ અતીન્દ્રિય આનંદ, પૂર્ણ અતીન્દ્રિય આનંદ, અનંત અનંતઆનંદ એવી મુક્તિરૂપી પરિણતિ સ્ત્રી એનો **'વિશાળ ભાલપ્રદેશ...'** કપાળ વિશાળ છે. **'શોભા-અલંકારરૂપ તિલકપણું છે...'** લ્યો! એમાં તિલક હોય ને. એમ મુક્તિરૂપી લક્ષ્મી તિલકરૂપ છે. આહાહા..! **'(અર્થાત્ માર્ગફળ મુક્તિરૂપી સ્ત્રીને વરવું તે છે).'** આવો જે માર્ગ, ભગવાનઆત્મા પરિપૂર્ણ શુદ્ધ છે એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરે એ એક જ માર્ગ છે અને એના ફળ તરીકે આવી મુક્તિ છે. વ્યવહાર તરીકેનું ફળ મુક્તિ ને વ્યવહાર મોક્ષમાર્ગ, એ બે છે નહિ. 'પંડિતજી'! એમાં કહ્યું કે નહિ એમ? 'ટોડરમલ્લજી'એ ભાષા શું કહી છે? શાસ્ત્રમાં આવ્યું છે, બે

મોક્ષમાર્ગ નથી. બધા આવા ને આવા. એ વાત 'દામોદર' શેઠ કહેતા. 'ટોડરમલજી' શું કેવળી થઈ ગયો? બધાને ખટકતું. (સંવત) ૧૯૮૩ની સાલમાં ચર્ચા બહુ ચાલતી. ૧૯૮૩, હોં! કેટલા વર્ષ થયા? ૪૪ થયા. ખુબ ચર્ચા ચાલતી હતી. આ 'ટોડરમલ્લજી' આમ કહે છે. (તો એ કહે), ઇ કેવળી થઈ ગયો? ... પણ વસ્તુનું સ્વરૂપ જે પરંપરાએ છે એ કહે છે. આવું ન હોય તો બીજી રીતે હોઈ શકે જ નહિ ને. મોટી ચર્ચા ચાલે, આ તો ચર્ચાઓ તો અમારે ઠેઠથી (સંવત) ૧૯૭૧થી ચાલે છે, ૫૬ વર્ષ થયા. આહાહા..!

કહે છે માર્ગનું ફળ, આહાહા..! માર્ગનો છેડો પૂર્ણ આવે એ મુક્તિ. મુક્તિરૂપી લક્ષ્મી વરે છે. તિલકપણું છે ને? આમ તિલકપણું કરે એટલે વર્યો. મુક્તિરૂપી સ્ત્રીને વરે છે. **'આ રીતે ખરેખર (માર્ગ અને માર્ગફળ એમ) બે પ્રકારનું,...'**.

મુમુક્ષુ :– નિશ્ચય-વ્યવહાર ન લીધું, આ બે પ્રકાર એમ લીધું.

ઉત્તર :– આ બે પ્રકાર છે ને. આ જ છે ને બે પ્રકાર, એમ કહે છે. ઉપાય અને ફળ, બે છે. ઉપાય બે પ્રકારના છે એ ક્યાંથી આવ્યું? આહા..! શું થાય? જગતને પંડિતો જ્યારે લૂંટે ત્યારે એને જાવું ક્યાં?

આ બે પ્રકારનું પ્રરૂપણ વીતરાગ માર્ગમાં **'ચતુર્થજ્ઞાનધારી...'** ચાર જ્ઞાનના ધરનારા ગણધર. **'(-મનઃપર્યયજ્ઞાનના ધરનારા) પૂર્વાચાર્યોએ પરમવીતરાગ સર્વજ્ઞના શાસનમાં કથન કર્યું છે.'** ચાર જ્ઞાનના ધરનારાએ પૂર્વાચાર્યોએ, અનંત આચાર્યોએ પરમ વીતરાગ સર્વજ્ઞના શાસનમાં એમ પાછું. પરમ વીતરાગ સર્વજ્ઞના શાસનમાં આ કથન કર્યું છે. માર્ગ ને માર્ગનું ફળ બે પ્રકાર છે. માર્ગ શુદ્ધરત્નત્રય એ કથન પૂર્વાચાર્યોએ પરમવીતરાગ સર્વજ્ઞ શાસનમાં કથન આ કર્યું છે, કહે છે. વ્યવહાર તે મોક્ષમાર્ગનું કથન આચાર્યનું કહ્યું નથી, કથન છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). ભારે વાત, ભાઈ! આહા..!

પૂર્વાચાર્યો કેટલા? જેટલા આચાર્ય થયા એ. પરમવીતરાગ સર્વજ્ઞના શાસનમાં પરમેશ્વર વીતરાગદેવ જિનેન્દ્રદેવે શાસનમાં કથન કર્યું છે. આ બધા ગણધરોએ આવું કથન કર્યું છે. કહો, સમજાણું? ભગવાનની વાણી તો અમુક સમયે નીકળે છે ને. રચના તો ગણધરો કરે છે. એટલે સૂત્રમાં આવા આચાર્યોએ આમ કહ્યું છે, એમ કહ્યું છે. ગણધરદેવે આ પ્રમાણે કહ્યું છે. કારણ કે સૂત્રની રચના તો એ આચાર્યો કરે છે. આહા..!

**'પરમ વીતરાગ સર્વજ્ઞના શાસનમાં કથન કર્યું છે.'** અનંત આચાર્યો અને ગણધરોએ શાસ્ત્રમાં આમ કહ્યું છે, એમ કહે છે. નિશ્ચય આત્માના સ્વભાવનું ભાન, અનુભવ એ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર (છે), એ જ મોક્ષનો માર્ગ છે. આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ મોક્ષનો માર્ગ નહિ એમ કહે છે, છૂટવાનો માર્ગ નહિ એમ કહે છે. આહાહા..! આ વીતરાગ કહે. મોઢા આગળ કોળિયો કોને ... . બાપુ! એમ નથી, હોં! તારો સ્વભાવ પ્રભુ! મારા જેટલો જ પરિપૂર્ણ છે.

એનું અંતર જ્ઞાન કરી, એનું જ્ઞાન કરી અને તારાથી તારી શ્રદ્ધા તું કર. એને અમે સમ્યગ્દર્શન, જ્ઞાન કહીએ છીએ. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ લોકોને સાંભળવા મળે નહિ. ઊંધે રસ્તે જાય ને માને કે, આપણે (ધર્મ કરીએ છીએ). જિંદગી જાય, ચાલી જાય છે.

હવે એનો ખુલાસો કરે છે. **'પૂર્વાચાર્યોએ પરમવીતરાગ સર્વજ્ઞના શાસનમાં...'** બધાને નાખ્યું, જોયું! અનંત ગણધરોએ અને પરમ વીતરાગ સર્વજ્ઞનું શાસન, એમાં આ વાત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તે મોક્ષનો માર્ગ, એમ અનંત સર્વજ્ઞોએ અને ગણધરોએ કહ્યું નથી. છે એમાં? આહાહા..! હવે એ શું માર્ગ (છે)? જે ચાર જ્ઞાનના ધણીએ વીતરાગ શાસનમાં કહ્યું એ શું?

**'નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન...'** ભાષા તો જુઓ! અરિહંત પરમાત્માની શ્રદ્ધા પણ નહિ. 'શશીભાઈ'! આહાહા..! નિજ પરમાત્મ તત્ત્વ, પોતાનું પરમ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ અચિંત્ય, અચળ અવિનાશી એવો ભગવાનઆત્મા, એવું પરમાત્મતત્ત્વ સ્વભાવ એનું સમ્યક્શ્રદ્ધાન, એની સાચી શ્રદ્ધા. એ શુદ્ધરત્નત્રય માહ્યલું એક સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? '...'! જુઓ! શું છે, જુઓ! આહાહા..! ભગવાન તું પરિપૂર્ણ પ્રભુ છો, હોં! જુઓને પરમાત્મા લીધું ને? નિજ પરમાત્મા પોતે પરમ સ્વરૂપ. જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા (આદિ) અનંત શક્તિઓનું પરમ સ્વરૂપ પોતે આત્મા. એવો નિજ આત્મા, નિજ પરમાત્મા એની સમ્યક્શ્રદ્ધા, એને સમ્યગ્દર્શન અને મોક્ષનો માર્ગ કહે છે. સમજાણું કાંઈ?

નિજ પરમાત્મતત્ત્વના જ્ઞાન એની સાથે લેવું. નિજ પરમાત્મતત્ત્વનું સમ્યક્શ્રદ્ધાન એની સાથે નિજ પરમાત્મતત્ત્વનું સમ્યક્જ્ઞાન એમ લેવું. નિજ આત્માનું જ્ઞાન તેને જ્ઞાન કહીએ. દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. આહાહા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રને જાણ્યા, ઓળખ્યા એ જ્ઞાન નહિ, કહે છે. એ તો પરલક્ષી છે, એ તો બંધનું કારણ છે. ભારે ગજબ વાત. વીતરાગનો માર્ગ, આહાહા..! નિજ પરમાત્મતત્ત્વનું સમ્યક્જ્ઞાન. પોતાનો નિજ સ્વરૂપ ભગવાન, પૂર્ણ બ્રહ્માનંદ નિજ પ્રભુ આત્મા, એનું જ્ઞાન. એ જ્ઞાનને જ્ઞાન કહીએ. સમજાણું કાંઈ? એ જ્ઞાન મોક્ષનો માર્ગ છે. પોતાના આત્માનું સ્વરૂપ, એનું જ્ઞાન તે મોક્ષનો માર્ગ છે. શાસ્ત્રનું જ્ઞાન, પરલક્ષી બધું ભણતર, એ કાંઈ જ્ઞાન નથી, એ કાંઈ મોક્ષમાર્ગ નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

નિજ પરમ આત્મા, પરમસ્વરૂપ ભગવાન એવો જ્ઞાયકભાવ ત્રિકાળ, એવો અનંત ગુણનો એકરૂપ સ્વભાવ, એની અંતરમાં રુચિ દૃષ્ટિનું પરિણમન (થાય) તેને શ્રદ્ધા કહીએ, એની રુચિ સહિતનું અંતરનું જ્ઞાન (થાય) તેને જ્ઞાન કહીએ. અને નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્અનુષ્ઠાન એની સાથે લેવું. નિજ પરમાત્મા, આનંદ ને જ્ઞાન સ્વરૂપ પ્રભુ આત્મા, એનું અનુષ્ઠાન–સમ્યક્અનુષ્ઠાન પાછું દરેકને. સમ્યક્અનુષ્ઠાન અંતરમાં આચરણમાં આનંદમાં સ્થિર થવું એનું નામ ચારિત્ર છે. આ લુગડા ફેરવ્યા ને નગ્ન થયા એ ચારિત્ર નહિ, પંચમહાવ્રતના વિકલ્પ થાય એ પણ ચારિત્ર નહિ.

આહાહા..! સમજાણું કાંઈ? આ છે ને 'લીલાધરભાઈ'! એમાં લખ્યું છે કે નહિ? એ.. 'રાજુભાઈ'! ... આહાહા..!

ભાઈ! તારા ઘરની ચીજ તો આ છે, એને પહેલી સમજમાં તો લેવી જોશે. એ વિના જરીયે આગળ નહિ ચાલે. આહા..! શ્રદ્ધામાં એમ લે કે, મારાથી જ મારી શ્રદ્ધા (થશે) ને મારાથી મારું જ્ઞાન (થશે), એવી શ્રદ્ધા નહિ કરે તો સ્વસન્મુખ વળી શકશે નહિ. કારણ કે વસ્તુનો સ્વભાવ એ માને એવો ઊંધો નથી. સમજાણું કાંઈ?

નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, નિજ પરમાત્મતત્ત્વનું સમ્યક્જ્ઞાન, નિજ પરમાત્મતત્ત્વનું સમ્યક્અનુષ્ઠાન. લ્યો! આ અનુષ્ઠાન, અનુષ્ઠાન આચરણ કહે છે એ કાંઈ નહિ. આહાહા..! ખાંડાની ધાર જેવું લાગે આ તો. આહાહા..! કેમ પહોંચાય? 'સ્વરૂપચંદભાઈ'! છે તો એનું સ્વરૂપ પણ એને એવું થઈ ગયું છે કે... એવા **'નિજ પરમાત્મતત્ત્વના...'** શું પણ ખુલાસો કર્યો છે! ટીકા એટલી સ્પષ્ટ કરી કે, વ્યવહારવાળાને આ ગોઠે નહિ.

મુમુક્ષુ :– એટલે તો માનતા નથી.

ઉત્તર :– માનતા નથી. હજી તો કહેશે, જુઓને.

**'શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી...'** આહાહા..! વ્યવહારથી નિશ્ચય થાય એવું વસ્તુના સ્વરૂપમાં નથી. વ્યવહાર શુભઉપયોગ છે, રાગ છે, વિભાવ છે એનાથી શુદ્ધ ઉપયોગ ને આત્મસ્વભાવ થાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. આહાહા..! કષાયની મંદતા કરો, ભક્તિ કરો, દયા, દાન, વ્રત, પૂજા (કરો) એનાથી વ્યવહારથી પછી નિશ્ચય સમજાશે. કહે છે કે, એ વસ્તુનું સ્વરૂપ જ એવું નથી. આહાહા..!

શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ–એ ત્રણ શુદ્ધ કીધા ને? ત્રણેય. શુદ્ધ રત્નત્રય સ્વરૂપ માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી. એકલું નિરપેક્ષ નહિ. એને વ્યવહારના વિકલ્પની અપેક્ષા નથી. જેને દેવ-ગુરુની, શાસ્ત્રની શ્રદ્ધા હોય તો સમકિત થાય એવી અપેક્ષા નથી. સાંભળ્યું ન હોય કોઈ દિ' એવું. આખો દિ' ટોકરી વગાડ્યા કરે અને સામે 'શ્રીમદ્'નો ફોટો રાખે. જય ભગવાન! આપણું કલ્યાણ થઈ જશે.

મુમુક્ષુ :– પણ ગુરુ જ કલ્યાણ કરી દે ને?

ઉત્તર :– કર્યા. ગુરુ પોતે છે. ગુરુ ક્યાં ....? કહો, સમજાણું આમાં? આવો માર્ગ છે. 'પ્રકાશદાસજી'! ભગવાન આપી દેશે, ગુરુ આપી દેશે. ન્યાં ક્યાં એની પાસે તું હતો કે ઇ આપે. તું તો તારી પાસે છો.

શુદ્ધરત્નત્રય માર્ગ પરમ નિરપેક્ષ, એમ કરીને વ્યવહારની અપેક્ષા એને નથી એમ સિદ્ધ કરે છે. આહાહા..! વિકલ્પની અપેક્ષા, રાગની અપેક્ષા, નિમિત્તની અપેક્ષા (નથી). વ્યવહાર કહો કે નિમિત્ત કહો. શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની દશામાં રાગની, નિમિત્તની અપેક્ષા વિનાનું

એ તત્ત્વ છે. આહાહા..! પણ જ્યાં ક્યાંક ક્યાંક વ્યવહાર ને કારણ ને સાધન ને એમ છે ને... એ.. 'ભિખાભાઈ'! એ તો વ્યવહારના કથનો છે. એ ભૂમિકામાં આવું હોય છે, એનું નિમિત્તનું જ્ઞાન કરાવવા (કહ્યું છે). હોય છે, પણ એનાથી થાય છે એમ નથી. આહાહા..! ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ?

એકલો નિરપેક્ષ (શબ્દ) નથી વાપર્યો, પરમ નિરપેક્ષ (કહ્યું છે). કથની પણ 'પદ્મપ્રભમલધારિદેવ'ની. જંગલવાસી વીતરાગી સિંહ હતા. આહાહા..! રાગ ઉપર તો હરણને જેમ સિંહ ફાડે એમ ફાડી નાખીને તોડી નાખીને વીતરાગતા પ્રગટ કરી છે. મારફાડ વીતરાગતા અંદર ઝળહળે છે. આ વીતરાગભાવની શ્રદ્ધા, જ્ઞાનમાં અમને દેવ-ગુરુની, શાસ્ત્રની શ્રદ્ધાના વિકલ્પની પણ જરૂર નથી. 'નવનીતભાઈ'! નિરપેક્ષ. આહાહા..! શ્રદ્ધામાં તો લે, પહેલા જ્ઞાનમાં તો લે. આહાહા..! આવો નિરાલંબી પરના આલંબન વિનાનો, ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું પૂર્ણ ધામ એની શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતામાં પરની કોઈ જરીએ, જરીએ અપેક્ષા નથી. એવો નિરપેક્ષ રત્નત્રયમાં આવે તે મોક્ષનો ઉપાય છે. વીતરાગના વચનો આકરાં, કાયરને પ્રતિકૂળ, 'શ્રીમદ્'માં આવે છેને? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવ રોગના પણ કાયરને પ્રતિકૂળ.' હીજડા જેવા, વીર્ય વિનાના. અરે..! આવો માર્ગ હોય? આવો માર્ગ હોય? અરે..! સાંભળને! વીરના માર્ગ તો આવા હોય. અફરગામીના માર્ગ આવા હોય. જે રસ્તે ચઢ્યા ત્યાંથી પાછા ન ફરે એવા માર્ગ હોય. પરની અપેક્ષા રાખ્યા વિનાનો માર્ગ હોય. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે...'** પરની અપેક્ષા વિનાનો છે માટે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે. આહાહા..! **'અને તે શુદ્ધરત્નત્રયનું ફળ...'** પેલો માર્ગ કહ્યો. **'સ્વાત્મોપલબ્ધિ (-નિજ શુદ્ધ આત્માની પ્રાપ્તિ) છે.'** બસ, આત્માની પ્રાપ્તિનો અર્થ આત્મા જેવો છે એવી પૂર્ણ દશામાં પ્રાપ્તિ, એનું નામ રત્નત્રયનું ફળ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ ૫, મંગળવાર, તા. ૨-૩-૧૯૭૧**
**ગાથા – ૩, શ્લોક-૯, પ્રવચન નં. ૪**

નિશ્ચયથી પોતાના પરમ આત્માની શ્રદ્ધા તે વાસ્તવિક શ્રદ્ધા અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ વાસ્તવિક શ્રદ્ધા નહિ, એનું નામ કથંચિત્. કહો, સમજાય છે કાંઈ? વીતરાગ માર્ગ બાપુ! ઝીણો છે, ભાઈ! એણે અનંતકાળમાં એ વાતને દૃષ્ટિમાં લીધી નથી. આહા..! નિજ પરમાત્મા એમ આચાર્યે શબ્દ વાપર્યો છે ને? 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ હતા, પંચમહાવ્રતધારી દિગંબર આત્મધ્યાની અંતરમાં ઉતરેલા. ઇ કહે છે કે, નિજ પરમાત્મતત્ત્વની શ્રદ્ધા. પોતે અખંડ આનંદમૂર્તિ પૂર્ણ સ્વરૂપ (છે). પરમ આત્મ એટલે પરમ ધ્રુવ સ્વરૂપ પારિણામિકભાવ, જ્ઞાયકભાવ, આનંદભાવ, ત્રિકાળભાવ. આહાહા..! એના સન્મુખ થઈને એની અંતર સમ્યગ્દૃષ્ટિ કરવી એને વ્યવહાર રત્નત્રયની અપેક્ષા નથી. એવો એ સમ્યગ્દર્શન ભાવ છે. સમજાણું કાંઈ?

**'નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્ જ્ઞાન...'** જુઓ! આ આચાર્ય! ટીકા તો કેટલી સરસ છે પણ લોકોને નિશ્ચય સત્ય શું છે એની ખબરું ન મળે, બહારમાં ભટક્યા ભટક કરીને જાણે કલ્યાણ થઈ જશે. આહાહા..! ભગવાનઆત્મા સર્વજ્ઞદેવ, તીર્થંકરદેવ અને પૂર્વ આચાર્યો અનંતા આને સમ્યગ્દર્શન કહે છે. માથે આવ્યું છે ને? પૂર્વાચાર્યોએ પરમ વીતરાગ સર્વજ્ઞના શાસનમાં આ કથન કહ્યું છે. ભગવાનઆત્મા... દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો નહિ, કેમકે વિકલ્પ છે. રાગનો ભાગ વ્યવહાર રત્નત્રય ત્રણનો ભેગો આવે એ વિકલ્પ છે, એ નહિ. એક સમયની પર્યાયનો અંશ જે વિકાસ છે એની શ્રદ્ધા પણ નહિ. કારણ કે, પર્યાયના અંશની બુદ્ધિ, શ્રદ્ધા એ તો મિથ્યાશ્રદ્ધા છે. એ તત્ત્વ તો એમાં આવ્યું નથી. સમજાણું કાંઈ? ભારે.

નિજ પરમતત્ત્વનું શ્રદ્ધાન અને એનું જ્ઞાન. પોતાનો નિજ સ્વભાવ ધ્રુવ, જ્ઞાન ને આનંદ (છે), એનું જ્ઞાન. એ જ્ઞાનમાં, શાસ્ત્રજ્ઞાનની અપેક્ષાની એને જરૂર નથી, એમ કહે છે. એ.. 'દેવાનુપ્રિયા'! આ એમ કહે છે.

મુમુક્ષુ :– આમાંથી બીજું કાંઈ સહેલું થઈ શકે એમ છે?

ઉત્તર :– માર્ગ એનો આ હોય. મોઢે ખવાય એનું સહેલું એવું કાંઈ છે? આંખમાં નખાય ને કાનમાં નખાય એવું (છે કાંઈ?). એવો પ્રશ્ન છે એનો. આહા..! માર્ગ તો ભગવાન અનાદિ તીર્થંકર ત્રિલોકનાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવે આ કહ્યો છે. એનાથી વિરુદ્ધ કહે ઇ વીતરાગના માર્ગની શ્રદ્ધા નથી. એવી વાત છે. જગતને સાચું સાંભળવા મળે નહિ, એ ક્યારે શ્રદ્ધે ને ઓળખે ને ક્યારે અનુભવે. ભગવાન તારું સ્વરૂપ તો પૂર્ણ છે ને! નિજ પરમાત્મ શબ્દ વાપર્યો છે. અરિહંત

તીર્થંકરદેવ તો પરદ્રવ્ય છે, પરદ્રવ્યની શ્રદ્ધા, ધારણા, ત્વરાથી તજો એમ 'શ્રીમદ્'માં આવે છે. ૩૧ પાને. ભાઈએ વાંચ્યું છે કે નહિ? સંતની વાણી, અમૃતવાણી સંતની, એમાં આવે છે. પરદ્રવ્યની શ્રદ્ધા ત્વરાથી તજો એમ આવે છે. ભગવાન કહે છે કે, મારી શ્રદ્ધા ત્વરાથી છોડ, તારી શ્રદ્ધા કર એમ કહે છે. લ્યો! એ.. 'સ્વરૂપચંદભાઈ'! ચોપડી મળી છે કે નહિ? નથી આમાં? આ મળી છે કે નહિ? નથી મળી. એમાં છે, ૩૧ પાને છે. જુઓ!

'પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.' તીર્થંકરદેવ અરિહંત આવા હોય ને એની આવી શ્રદ્ધા હોય, એ ધારકતા ત્વરાથી તજો. કેમકે એ તો વિકલ્પ છે, રાગ છે. આહા..! માર્ગ તે માર્ગ પ્રભુનો. 'પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.' પર અરિહંત તીર્થંકરદેવ એનો પણ વિકલ્પ ને એની શ્રદ્ધા એ રાગ છે. એની રમણતા છોડ. આહાહા..! 'પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.' ભગવાન નિજ દ્રવ્ય ત્રિકાળી જ્ઞાયક અવિનાશી સ્વભાવ ભાવનો ભંડાર, એવો પરમાત્મા પોતાનો. આહાહા..! એનું જ્ઞાન તે જ્ઞાન છે અને તે જ્ઞાનને શાસ્ત્રજ્ઞાન અને તીર્થંકરદેવે કહેલી વાણીનું જ્ઞાન, એની પણ જેને અપેક્ષા નથી. 'નવરંગભાઈ'! આહાહા..! છે? જુઓ!

**'નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન,...'** નિજ પરમાત્મતત્ત્વનું સમ્યક્જ્ઞાન, એ સમ્યક્ બધાને લાગુ પાડવું. નિજ પરમાત્મતત્ત્વનું સમ્યક્અનુષ્ઠાન. ચારિત્ર કોને કહેવું? કે, ભગવાન આનંદ અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ, એનું જે દર્શન ને જ્ઞાન થયું એમાં અંદર લીનતા, અતીન્દ્રિય આનંદમાં લીનતા (થવી). એને ચારિત્ર ને અનુષ્ઠાન કહેવામાં જૈન દર્શનમાં આવે છે. આહાહા..!

આ 'પદ્મપ્રભમલધારીદેવ' પંચમહાવ્રતધારી મુનિ જંગલમાં વસનારા દિગંબર મુનિ હતા. એ 'કુંદકુંદાચાર્યે' કહેલું, પરમાત્માનું કહેલું, 'કુંદકુંદાચાર્ય'નું કહેલાની આ ટીકા કરે છે. ભાઈ! તારા માર્ગની રીતી તેં સાંભળી નથી, ભાઈ! ઊંધે રસ્તે જઈને અમે રસ્તે છીએ એમ માન્યું છે. આહાહા..! નિજ પરમાત્મતત્ત્વનું અનુષ્ઠાન, 'જેઠાભાઈ'! એ અનુષ્ઠાન કીધું છે. ઇ અનુષ્ઠાન છે. પંચમહાવ્રતમાં વિકલ્પ-ફિકલ્પ એ અનુષ્ઠાન (નહિ). એ તો રાગ છે, ઝેર છે. આહાહા..! વીતરાગનો માર્ગ સાંભળવો કઠણ પડે. સમજાણું કાંઈ?

**'નિજ પરમાત્મતત્ત્વના સમ્યક્ અનુષ્ઠાનરૂપ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ...'** શુદ્ધરત્નત્રય– વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન ને વીતરાગી લીનતા, એ શુદ્ધરત્નત્રય. એને શુદ્ધ મોક્ષનો માર્ગ કહે છે. વ્યવહારરત્નત્રય વચમાં વિકલ્પ (આવે) એ કાંઈ મોક્ષનો માર્ગ નથી એમ ભગવાન પોકાર કરે છે. જૈન શાસનમાં આ પ્રકાર છે. સમજાણું કાંઈ? **'એ શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી...'** હવે એનો નીચે આપણે અર્થ છે ને? ઓલું મીંડુ એની નોટ નીચે છે, જુઓ! **'શુદ્ધરત્નત્રય અર્થાત્ નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા, તેનું સમ્યક્ જ્ઞાન...'** તેનું જ્ઞાન– ભગવાનઆત્માનું જ્ઞાન. આહાહા..! **'અને તેનું સમ્યક્ આચરણ...'** ભગવાનઆત્મા જ્ઞાન ને

આનંદનું ધામ, એ આનંદનું આચરણ, અંતરમાં અતીન્દ્રિય આનંદમાં આચરણ– રમવું, **'એ પરની તેમજ ભેદોની લેશ પણ અપેક્ષા રહિત હોવાથી...'** નિમિત્તની પણ જેમાં અપેક્ષા નથી, ભેદોની જેમાં અપેક્ષા નથી, ગુણ-ગુણીના ભેદ ને પર્યાયવાન ને પર્યાયના ભેદની પણ અપેક્ષા જ્યાં નથી. આહાહા..!

કહે છે કે, **'પરની તેમ ભેદોની લેશ પણ અપેક્ષા...'** નહિ. જરીએ અપેક્ષા નહિ. કારણ કે પરમ નિરપેક્ષ કીધું છે ને? આહાહા..! ક્યાં ગયું આમાં સ્યાદ્વાદ? આમ પણ થાય ને આમ પણ થાય. આમ જ થાય, બીજી રીતે ન થાય એનું નામ સ્યાદ્વાદ છે. એ.. 'દેવાનુપ્રિયા'! હા, પાડે છે, શું કરે પણ ન્યાં? આહાહા..! હમણા નહિ કહે, પછી કહેશે, એમ કહે છે. આહાહા..!

**'તે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે;...'** બાકી દયા, દાન, વ્રતના ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના ભાવ, શાસ્ત્રનું જ્ઞાન એ બધું અશુદ્ધ રત્નત્રય–શુભ વિકલ્પ, રાગ છે. આહાહા..! જગતને સાંભળવું કઠણ પડે. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! આવો માર્ગ છે, ભાઈ! લોકો તો એમ જ કહે, હોં! આ 'સોનગઢ'વાળાએ આમ કર્યું. પણ આ ભગવાન શું કહે છે, સાંભળને! 'સોનગઢ'વાળાનું 'સોનગઢ'પાસે રહ્યું. એ... 'પંડિતજી'! નથી સમજવું, ભગવાન શું કહે છે નથી સાંભળવું, નથી સમજવું. પોતાનો માનેલો કક્કો ઘુંટવો. ઇ વીતરાગ માર્ગમાં ન ચાલે. આ તો સર્વજ્ઞ જેના શાસન ચાલે છે, પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માનું શાસન છે. સમજાણું કાંઈ?

**'તે શુદ્ધરત્નત્રયનું ફળ...'** હવે શું કહે છે? જે મોક્ષ થાય છે એ આ શુદ્ધ રત્નત્રયના કારણે થાય છે. વ્યવહાર રત્નત્રયને કારણે નહિ. લ્યો! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ૮૦ મી ગાથામાં શું કહ્યું?

ઉત્તર :– શું કીધું? ક્યાં કીધું? શું કીધું? અરિહંતે શું કીધું? અરિહંતને જાણીને પોતાને જાણે એ મોહક્ષયનો (ઉપાય છે). વળી ક્યાં માર્યું ગપ્પ! 'નવનીતભાઈ' કહે છે, ઠીક પ્રશ્ન (કાઢે છે).

મુમુક્ષુ :– હાંકે રાખે છે.

ઉત્તર :– હાંકે નહિ, ભાઈ બીજું કહે છે. ચાલતા પ્રવાહને તોડવું એવા એમના પ્રશ્ન છે, એમ ભાઈ કહેતા હતા. કહે છે, શું કીધું? પાછળથી શું કીધું? 'જે જાણતો અરહંતને' એનો અર્થ શું? એ તો આવી ગયું પહેલા કે, જેણે દેવ-ગુરુ અરિહંત પરમાત્માનું કેવળજ્ઞાન જગતમાં છે એવો જેણે વિકલ્પથી નિર્ણય કર્યો છે, એ નિર્ણય છોડી દઈને સ્વદ્રવ્યને આશ્રયે નિર્ણય કરે ત્યારે સમકિત થાય છે. એમાં ટીકામાં છે. સમજાણું કાંઈ? ઇ તો વધારે સ્પષ્ટ કરવા કરે છે. ઇ તો પ્રશ્ન નારદ છે.

ખોટું છે એને એમ નથી પણ જરી વધારે કાંઈક ખૂટે છે એમ કાંઈક બતાવવું હોય ને કે, મને આમ..... આહાહા..!

કહે છે, ભગવાનઆત્મા નિજ શુદ્ધ આનંદનું ધામ અતીન્દ્રિય રસકંદ, એની સન્મુખની અંતર્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એ એક જ માર્ગ છે ને એક જ માર્ગથી મોક્ષનું કાર્ય થાય છે. બે મોક્ષમાર્ગ છે ને બે મોક્ષમાર્ગનું ફળ મોક્ષ છે (એમ નથી). 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં આવે છે. ભાઈ! નિશ્ચય અને વ્યવહારરત્નત્રય બેયથી મોક્ષ થાય. એ તો વ્યવહારનું, પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. શું થાય? જગત લુટાણું છે. અનંતકાળે આવા મનુષ્યદેહ મળ્યા. જૈનમાં વાડામાં જન્મ (થયો) છતાં જૈન પરમેશ્વરનું શું કહેવું છે એની ખબર નથી અને આ ખબરું વિના એ વ્રત ને તપ ને સાધુઓને લઈને બેસે, બધા એકડા વિનાના મીંડા છે. ચાર ગતિમાં રખડવાના આચરણ છે એ બધા, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કોઈને દૂધપાક ન પચતો હોય તો પછી....

ઉત્તર :– રોટલો જોઈએ કે કાંકરા? અનાજ જોવે કે કાંકરા? પેલા તો કાંકરા છે. કહો, સમજાણું કે નહિ? અનાજ જોવે ને? અનાજ જોવે ને. એટલે કે શ્રદ્ધા તો પાકી જોવે ને. ચારિત્ર નબળુ હોય અંદર. એમ. ચોથે ગુણસ્થાને હજી ચારિત્ર ન હોય. આત્માનું જ્ઞાન થાય, આત્માનું દર્શન થાય, ચારિત્ર ન હોય. આખો મોક્ષમાર્ગ જ એ છે. અને આત્માના આ સમ્યગ્દર્શન વિનાના વ્રત ને તપ એ બધા ઊંધે માર્ગે છે. મિથ્યાત્વને માર્ગે છે, અજ્ઞાનને માર્ગે, સંસાર માર્ગે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, **'એ શુદ્ધરત્નત્રયનું ફળ શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ...'** શુદ્ધ આત્માની (પૂર્ણ પ્રાપ્તિ). છે ને? શુદ્ધ આત્મ ઉપલબ્ધિ. સ્વ-આત્મ ઉપલબ્ધિ છે ને? એટલે પૂર્ણ પ્રાપ્તિ એમ. આત્મા પૂર્ણ દશાને પ્રાપ્ત થાય એનું નામ મોક્ષ. પણ એ મોક્ષનું કારણ આ શુદ્ધ રત્નત્રય છે. કહો, સમજાણું કાંઈ? લ્યો! ઇ ગાથા પૂરી થઈ. પરમ નિરપેક્ષમાં ઘણું વજન છે. જેને સ્વનો આશ્રય લઈને દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય એને પરના આશ્રયની, નિમિત્તની, વિકલ્પની બિલકુલ અપેક્ષા નથી. નિશ્ચયથી એની અપેક્ષા નથી, વ્યવહારથી હો. એ તો જાણવા લાયક છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'[હવે બીજી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:]'** પોતે 'પદ્મપ્રભમલધારીદેવ' ટીકા કરી છે. મુનિ હતા, દિગંબર જંગલવાસી હતા. તીર્થંકરના પરંપરાના કેડાયત સાચા મુનિ હતા, સાચા મુનિ હતા. એકલા દ્રવ્યલિંગ નગ્નપણું ને પંચમહાવ્રતના વિકલ્પો એ તો દ્રવ્યલિંગી કહેવાય અને જેના પંચમહાવ્રતના વિકલ્પમાં પણ ઠેકાણા નથી એ તો દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ. સમજાણું કાંઈ? એ ભાવલિંગી સંત હતા, એ આ શ્લોક બનાવે છે.

**क्वचिद् व्रजति कामिनीरतिसमुत्थसौख्यं जनः**
**क्वचिद् द्रविणरक्षणे मतिमिमां च चक्रे पुनः।**
**क्वचिज्जिनवरस्य मार्गमुपलभ्य यः पंडितो**
**निजात्मनि रतो भवेद्व्रजति मुक्तिमतां हि सः ।।९।।**

**શ્લોકાર્થ :– 'મનુષ્ય ક્યારેક કામિની પ્રત્યે રતિથી ઉત્પન્ન થતા સુખ તરફ ગતિ કરે છે...'** અનાદિનો વિષય વાસનામાં મીઠાશને સુખ માની અનાદિથી મિથ્યાદૃષ્ટિ જીવ એમાં ગતિ કરે છે. ઓહોહો..! આત્મામાં અતીન્દ્રિય આનંદ હોવા છતાં એ આનંદનો અનાદર કરીને મિથ્યાદૃષ્ટિ એ કામિની પ્રત્યે, સ્ત્રી પ્રત્યે, રતિ રમતમાં ઉત્પન્ન થતા સુખ–કલ્પના, રાગ, ઝેર, દુઃખ એ સુખને વ્યવહારે લોકો કહે માટે કહ્યું છે. એના તરફ ગતિ કરે છે. અરે..રે..! જે ચૈતન્યને લૂંટે છે. અહીં તો ધર્મ, અર્થ ને કામ ત્રણ છે ને? એમાંથી કામ અને અર્થ બેની વ્યાખ્યા લેવી અને ઓલામાં સાધન મોક્ષનું લેવું છે.

**'મનુષ્ય ક્યારેક કામિની પ્રત્યે રતિથી ઉત્પન્ન થતા સુખ તરફ ગતિ કરે છે...'** પણ એનો અર્થ એમ નહિ કે, સ્ત્રીનો વિષય છોડ્યો માટે એને ધર્મ થઈ ગયો, એમ નથી. શરીરથી જાવજીવનું બ્રહ્મચર્ય પાળે, (આખી) જિંદગી બાળબ્રહ્મચારી (રહે). છતાં એની દૃષ્ટિ હજી પર ઉપર છે. શરીરમાં બ્રહ્મચર્ય પાળવું, દેહથી બ્રહ્મચર્ય પાળવું એ હજી શુભ વિકલ્પ ને રાગ છે, ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ રતિને પણ, એ રાગના ભાવને છોડી આત્માના આનંદનો અંતર બ્રહ્માનંદ બ્રહ્મ એટલે આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા, એનું બ્રહ્મચર્ય–અંદર રમે એને બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સ્ત્રી છોડી ને બ્રહ્મચર્ય પાળીએ માટે અમે ધર્મી છીએ, ભગવાન ના પાડે છે. આહાહા..! કેમકે અંદરમાં જે રાગ ઉઠે છે કે, આને સેવું નહિ, ભોગવું નહિ, એવો વિકલ્પ, એ વિકલ્પને પણ પોતાનો માને છે અને એની સાથે વ્યભિચાર–એકત્વ કરે છે એ અબ્રહ્મચારી છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે કોઈ કહે કે, કામિની પ્રત્યેનું સુખ છોડીએ છીએ તો હવે તો અમારે ધર્મ થાય ને? પણ ખરેખર તો રાગભાવ જે છે એની સાથે એકત્વબુદ્ધિ (છે) એ જ વ્યભિચાર ને અબ્રહ્મચર્ય છે. આહા..! ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એને પરમાં ક્યાંય સુખબુદ્ધિએ કલ્પનાથી માનવું એ બધો મિથ્યાત્વભાવ છે.

**'વળી ક્યારેક ધનરક્ષાની બુદ્ધિ કરે છે.'** આ અર્થ લીધો, અર્થ. પહેલો કામ લીધો હતો. લક્ષ્મીની રક્ષાની બુદ્ધિ કરે છે. **'चक्रे'** શબ્દ છે ને? ભાઈ! એનો અર્થ 'કરે છે'. **'चक्रे'** એટલે કરે છે. અનેકાંત ચક્રમાંથી ક્યાંથી કાઢ્યું? ....

મુમુક્ષુ :– ક્રેમાંથી કાઢ્યું?

ઉત્તર :– હા કે છે ને. કરે છે. ... ચક્ર બનતું હશે? પણ ચ ક્યાંથી આવ્યો? મને તો શંકા પડી. ચક્રેમાં ચ શબ્દ છે ને? ચક્રે બનતો હશે, પણ ચ ક્યાંથી આવ્યો? સંસ્કૃતના પ્રોફેસર છે. **'चक्रे'** છે ને. કરે છે.

ક્યારેક લક્ષ્મીની રક્ષા કરે છે. એનું રૂપ લીધું ને! માણસનું રૂપ. આહાહા..! ક્યારેક કામિની પ્રત્યે પ્રેમથી ભૂલી ગયા છે, ક્યારેક લક્ષ્મીના પ્રેમમાં, રક્ષામાં રહી ગયા, પણ આત્માની રક્ષા કરવામાં કોઈ દિ' આવ્યા નથી, એમ કહે છે. આહાહા..!

**'જે પંડિત ક્યારેક જિનવરના માર્ગને પામીને...'** આહાહા..! પંડિત તો એને કહીએ, ધર્મી ને જ્ઞાની તો એને કહીએ. બધા બહારના ગમે એટલા શાસ્ત્ર ને સંસ્કૃત ભણેલા હોય, પણ પંડિત તો **'ક્યારેક જિનવરના માર્ગને પામીને...'** વીતરાગ પરમેશ્વરે જે માર્ગ અંતરનો નિજાનંદ નિજ પરમાત્મા સ્વરૂપનું ભાન કરીને શ્રદ્ધા કરવી, એવો જે જિનવરનો માર્ગ પામીને. હવે જુઓ! શું પામીને? **'નિજ આત્મામાં રત થાય છે,...'** જુઓ! આ જિનવરનો માર્ગ.

વીતરાગ તીર્થંકરદેવ પરમેશ્વર કેવળીઓ અનંત પરમાત્માઓ થઈ ગયા વર્તમાન મહાવિદેહમાં 'સીમંધર' ભગવાન બિરાજે છે, લાખો કેવળીઓ બિરાજે છે. અનંતા થયા, અનંતા થશે. સંખ્યાતા વર્તમાન મનુષ્યદેહમાં વર્તે છે. એ બધા ભગવંતોએ માર્ગ કહ્યો. ક્યો? નિજ આત્મામાં રત થા. પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવારને માનવું એ તો રાગ છે, કહે છે. 'ભીખાભાઈ'! ભારે આકરું કામ, ભાઈ! સ્ત્રી તરફ લક્ષ જાય તો અશુભ રાગ થાય, દેવ તરફ લક્ષ જાય તો શુભ થાય. છે તો બેય રાગ. પોતાના શેઠ તરફ લક્ષ જાય તો પાપભાવ થાય, ગુરુ ઉપર લક્ષ જાય તો પુણ્યભાવ થાય, રાગ થાય. છે તો બન્ને રાગ.

અહીં તો ભગવાનનો માર્ગ એ કહ્યો છે, નિજ સ્વરૂપ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' નિજાનંદ ભગવાન... ધીરજની વાતું છે, ભાઈ! આ કાંઈ વાદ-વિવાદે પાર પડે એવું નથી. ભગવાનઆત્મા શરીર, વાણીની, ક્રિયાથી તો જુદો, પાપના ભાવથી હિંસા, જૂઠું, ચોરી એનાથી જુદો. દયા, દાન, વ્રત, ભક્તિ, ભગવાનની શ્રદ્ધા આદિ રાગ એનાથી પણ જુદો. આહાહા..! **'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવ રોગના કાયરને પ્રતિકૂળ...'** સાંભળતા (એમ થાય) અર..ર...! આવો માર્ગ? આવો વીતરાગ માર્ગ હોય? આવો? કાયરના તો કાળજા કંપી ઉઠે એવો માર્ગ છે. 'પંડિતજી'! માર્ગ તો ભગવાન આવો છે, હોં! ભલે દુનિયા ન માને અને દુનિયા એનો વિરોધ કરે પણ માર્ગ તો માર્ગ છે, માર્ગમાં કાંઈ બે મત થશે નહિ. ત્રણકાળમાં સત્ય માર્ગના બે પંથ હોય નહિ. આહાહા..! પંડિત એને કહીએ..

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભેદજ્ઞાન કરે એ પંડિત છે. વ્યવહાર રત્નત્રયથી ભિન્ન પાડી પોતાના સ્વરૂપનો અનુભવ કરે એ પંડિત છે. નહિતર પંડિતા... પંડિતા... પંડિતા... આવ્યું છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. હે પાંડે... પાંડે... પાંડે... ફોતરા ખાંડે. ફોતરા ખાંડ્યા છે. આહાહા..! બાપા! તને કણ ખાંડતા આવડ્યા નથી, ભાઈ! દુનિયા ગમે તે કહે પણ વસ્તુનો માર્ગ દુનિયાથી કોઈ જુદો છે. જિનવરના માર્ગમાં તીર્થંકરદેવ જૈન શાસનમાં નિજ આત્મામાં રત થવું તે ધર્મ છે. આહાહા..! છે અંદર? નિજ નિજ શબ્દ વાપર્યો છે એટલે કોઈ વળી પર ભગવાન ન સમજી લે. પેલા કહે ભગવાનની ભક્તિની ધૂન લગાવો, ભગવાનની ભક્તિની ધૂન. ધૂન લગાવે એ તો રાગ છે. ભક્તિમાં બરાબર એકાકાર થઈ જવું, એમાં નિર્જરા થાય. ધૂળેય ન થાય, સાંભળને. પુણ્યબંધ થાય અને એમાં કર્તાબુદ્ધિ એકાકાર થાય તો મિથ્યાત્વ થાય. સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો 'ભાખ્યો શ્રી વીતરાગ'. સમજાણું કાંઈ?

**'જિનવરના માર્ગને પામીને...'** એટલે કે જિનવરનો માર્ગ એ અનાદિનો છે કે, **'નિજ આત્મામાં રત થાય...'** પોતાનો ભગવાન અંદર અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે, એ જ્ઞાનનો સાગર આત્મા છે. પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચિદાનંદ ધ્રુવ છે એ નિજ આત્મામાં રત થાય, એની બાજુમાં એકાગ્ર થાય એને અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે. જિનવરના માર્ગમાં એને માર્ગ કહ્યો છે. સમજાણું કાંઈ? **'તે ખરેખર આ મુક્તિને પામે છે.'** લ્યો! શું કીધું ઇ? બેય કહી દીધું કે, નિજ આત્મામાં રત થાય તે મોક્ષમાર્ગ અને તે જ મુક્તિને પામે છે. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન જુદા, દેવ-ગુરુ-શાસ્ત્ર જુદા, સ્ત્રી, કુટુંબ જુદા, સમ્મેદશિખર ને શેત્રુંજય જુદા. એના ઉપરનું લક્ષ જશે તો એને શુભભાવ થાશે, ધર્મ નહિ. સમજાણું કાંઈ? એમ કહે છે. તેથી **'નિજ આત્મામાં રત થાય છે,...'** જુઓ! મુનિરાજ કહે છે. સંત આત્મજ્ઞાની ધર્માત્મા ભાવલિંગી 'પદ્મપ્રભમલધારીદેવ' (કહે છે). ભગવાનઆત્મા જેમાં પુણ્ય-પાપના વિકલ્પની પણ ગંધ નથી, જેમાં એક સમયની ચાલતી વ્યક્ત પર્યાયનો પ્રવેશ નથી. 'મગનભાઈ'! આહાહા..!

પરદ્રવ્યનો તો પ્રવેશ સ્વરૂપમાં નથી, દયા, દાનના વિકલ્પ, ભક્તિ આદિનો પણ પ્રવેશ નથી પણ વર્તમાન જ્ઞાનનો અંશ પર્યાયરૂપે પ્રગટ જે અંશ છે, એ પણ ધ્રુવ નિત્ય ભગવાન સ્વભાવમાં એનો પ્રવેશ નથી. એવા નિજ આત્મા સ્વરૂપ જે ત્રિકાળી જીવદ્રવ્ય, એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા લીન થવું, એને અહીંયાં ધર્મ અને મોક્ષનો માર્ગ કહે છે. આહાહા..! પછી આ કહે, એ તો નિશ્ચય છે, નિશ્ચય. પણ વ્યવહાર? નિશ્ચય એટલે સાચું, વ્યવહાર એટલે ખોટું. વ્યવહાર તો દોષ છે, અપવાદ છે. આહા..!

મુમુક્ષુ :– પ્રથમ ભૂમિકામાં જેણે પોતાનો પગ માંડ્યો છે એને...

ઉત્તર :– માંડ્યો છે એને એટલે શું? એવી જ્ઞાનની સમજણ હોય છે એ અંદર નિમિત્તરૂપે હોય છે એટલું. પણ એને છોડીને સ્થિર થાય ત્યારે એમાં કાંઈ છે નહિ, એમ એનો અર્થ છે. પગથિયે પગ મુક્યો છે એ છોડવા કે રાખવા? એ તો જાણીને વધારે પૂછે છે, હોં! અમને આવડે છે એમ તો કહેવું હોય ને, ખબર તો પડે ને લોકોને. અહીં તો પંદર વર્ષ રહ્યા. એ તો હવે સગવડતા અને શરીર માટે બહાર ફરે છે. રોટલા-બોટલાની સગવડતા અહીં સરખી ન હોય, ન્યાં સરખી હોય. ઘરના મકાન છે ને ભાડાના પૈસા સારા આવે છે, ખાય તોય ખુટે એવું નથી એટલા પૈસા આવે છે. બસ, ન્યાં રખડે પછી. ભાઈ તો કાલે કહેતા હતા, 'નવનીતભાઈ' કહેતા હતા, તમને કહેતા હતા. આહાહા..! માર્ગ તો પ્રભુ એવો છે ભાઈ! કોઈ વ્યક્તિગતની વાત આ નથી. ઓહોહો..!

**'તે ખરેખર આ મુક્તિને પામે છે.'** એમ શબ્દ છે ને? જે નિજ ભગવાનઆત્મામાં શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા–રમણતા નિર્વિકલ્પ કરે છે, એ જ જીવ મુક્તિને પામે છે. તે ખરેખર આ મુક્તિને પામે છે, આહા..! બીજો કોઈ પામતો નથી. કલ્પના માને, માને કે અમારે મોક્ષ થાશે. આ વ્રત પાળીએ ને તપ કરીએ ને અપવાસ કરીએ ને ધર્મ મુક્તિ થાશે. 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો;' અનંતવાર પાંચ મહાવ્રત પાળ્યા, નગ્નપણું લીધું, બ્રહ્મચર્ય પાળ્યા, યમ, નિયમ પાળ્યા. એ તો પુણ્ય હતું, રાગની ક્રિયા (હતી), એ કાંઈ ધર્મની ક્રિયા નહોતી. આહાહા..! ભારે આકરી વાત. નિજ પરમાત્મામાં રત થાય તે ખરેખર આ મુક્તિને પામે છે. **'निजात्मनि रतो भवेद् व्रजति मुक्तिमेतां हि सः'** કહો, 'જેઠાભાઈ'! એ બે ગાથા થઈ. હવે ભગવાન 'કુંદકુંદાચાર્ય' ત્રીજી ગાથા (કહે છે).

**णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं ।**
**विवरीयपरिहरत्थं भणिदं खलु सारमिदि वयणं ।। ३ ।।**

નીચે હરિગીત,

**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;**
**વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.**

ભગવાન 'કુંદકુંદાચાર્ય' એમના શબ્દો. નીચે એનું હરિગીત હતું આપણા પંડિતજીનું કરેલું, શબ્દાર્થ–બરાબર શબ્દ પ્રમાણે (અર્થ કર્યા છે). હવે ત્રીજી ગાથાનો અન્વયાર્થ લઈએ. **'નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવાયોગ્ય હોય તે...'** નિયમ એટલે નિશ્ચયથી કરવાયોગ્ય હોય તે. **'અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર.'** લ્યો! એ નિયમ છે. આત્માના સ્વરૂપનો–શુદ્ધ આનંદનો– અનુભવ

એની પ્રતીતિ અને એની લીનતા એ નિયમ છે અને એ નિશ્ચયથી કરવા લાયક છે. આ કરવાનું આવ્યું, એય..! 'દેવાનુપ્રિયા'! કાલે કહેતા ને? આ કરવું આવ્યું (નહિ). આ કરવાનું આવ્યું,જુઓ!

**'णियमेण य जं कज्जं'** નિયમથી કરવાલાયક હોય તો ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, એનું અંતરમાં જ્ઞાન, અંતર દૃષ્ટિ ને અંતર લીનતા તે નિશ્ચયથી કરવા લાયક છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ કરવા લાયક નથી. આવી જાય છે એને જાણવાલાયક છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે કામ. જ્ઞાન, દર્શન ને ચારિત્ર તે નિયમ છે, દેખો! નિયમ એને કહીએ કે, જે નિશ્ચયથી કરવાલાયક હોય એને નિયમ કહીએ. અને તે નિયમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (છે). સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિજ આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહીએ.

**'વિપરીતના પરિહાર અર્થે (-જ્ઞાનદર્શનચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે)...'** વ્યવહારના ત્યાગ (માટે). વ્યવહાર રત્નત્રય તે વિકલ્પ છે, દુઃખરૂપ છે, બંધરૂપ છે. **'એના ત્યાગ માટે ખરેખર 'સાર' એવું વચન કહ્યું છે.'** 'નિયમસાર'. આ શાસ્ત્રનું નામ 'નિયમસાર' (છે). 'કુંદકુંદાચાર્ય'કૃત. નિયમ એટલે નિશ્ચયથી કરવા લાયક એવો આત્માનો પરમાનંદ સ્વભાવ, એની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ, એ નિશ્ચયથી નિર્વિકલ્પ દશા કરવા લાયક છે, લ્યો! કરવા લાયક છે આ આવ્યું. શું કરવું? આ કરવું.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ઇ નહિ. આ કરવાથી સુખી, ઊંધુ કરવાથી દુઃખી. કહો, સમજાણું કાંઈ? આ તો 'કુંદકુંદાચાર્ય'ના સીધા વચનો સાદા, સરળ (છે). પંચમહાવ્રતધારી જંગલમાં વસનારા, આત્મધ્યાની ભાવલિંગી સંત કહે છે કે, નિયમથી જીવને કરવા લાયક હોય તો તે નિયમ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે. અને તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં વ્યવહારના પરિહાર અર્થે નિયમની સાથે સાર કહેવામાં આવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? 'નિયમસાર' શબ્દ છે ને?

મુમુક્ષુ :– સમયસારમાં...

ઉત્તર :– એય છે. સમયસાર એટલે દ્રવ્ય, ભાવકર્મ, નોકર્મ રહિત. સમય એટલે આત્મા. કેવો? કે, જેમાં જડકર્મ, નોકર્મ શરીર ને પુણ્ય-પાપના ભાવકર્મ, એનાથી રહિત એનું નામ 'સમયસાર'. આ 'મોક્ષમાર્ગ' (કહ્યો). 'નિયમસાર' આ તો પર્યાયની વાત છે, એ દ્રવ્યની વાત હતી. સમજાણું કાંઈ?

'નિયમસાર' મોક્ષમાર્ગ એ પર્યાય છે. શું? મોક્ષમાર્ગ પર્યાય છે, શુદ્ધ પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માની શુદ્ધ પર્યાય–અવસ્થા છે. દ્રવ્ય ત્રિકાળી શુદ્ધ છે, વસ્તુ ત્રિકાળી શુદ્ધ ધ્રુવ છે ભગવાન. એની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર નિર્વિકલ્પ શુદ્ધ પર્યાય છે. એ પર્યાય મોક્ષનું

કારણ છે. મોક્ષ પણ પર્યાય છે. સાર એવું, વિપરીતના ત્યાગ માટે 'કુંદકુંદાચાર્ય' કહે છે કે, જોડેલો શબ્દ છે. આહાહા..! કેટલી વાત કરી! બહુ સરસ!

**ટીકા :– 'અહીં આ (ગાથામાં), 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.'** જુઓ! પેલામાં નિશ્ચય કહ્યું હતું, નિરપેક્ષ. સ્વભાવ રત્નત્રય એમ કરીને બે ભાગ પાડે છે. આત્મા અખંડ આનંદ ધ્રુવ શુદ્ધ (છે). એના સ્વભાવમાંથી પ્રગટેલી શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ ચારિત્ર એ નિર્વિકલ્પ વીતરાગી દશાને અહીંયાં સ્વભાવ રત્નત્રય કહેવામાં આવે છે. જે આત્માની વીતરાગી પર્યાય છે. સ્વભાવ રત્નત્રય– એનો અર્થ થયો, કે જે બાહ્યનો વ્યવહાર રત્નત્રય છે એ વિભાવ રત્નત્રય છે. શું 'પંડિતજી'! આહા..! ભારે કામ, ભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ વિભાવશ્રદ્ધા છે. શાસ્ત્રનું જ્ઞાન વિભાવજ્ઞાન છે ને પંચમહાવ્રતનું પાલન એ વિભાવરાગભાવ છે, વિભાવભાવ છે, એ સ્વભાવભાવ નહિ. જુઓ! એમ કહે છે ને? જુઓ!

**''નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે....'** વ્યવહાર રત્નત્રયના અભાવ દ્વારા શુદ્ધ રત્નત્રય સ્વભાવનું સ્વરૂપ અહીંયાં કહ્યું છે. એનો અભાવ કરવા. ભારે વાત, ભાઈ! વ્યવહારના ગ્રંથોમાં એવી વાતું આવે ને કે, માણસ આ સાંભળીને મૂંઝાઈ જાય. વ્યવહારના ગ્રંથમાં આવે કે આમ કરવું, આમ કરવું એમ આવે, લ્યો! વ્યવહારનય અન્યથા કથન કરે છે. જેવું વસ્તુનું સ્વરૂપ છે એથી ઉલટું (કથન) કરે છે. સમજાણું કાંઈ?

**'જે સહજ પરમ પારિણામિક ભાવે સ્થિત, સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તે નિયમ (-કારણનિયમ) છે.'** જરી ઝીણી વાત છે. પરમ પારિણામિક ભાવે એ ત્રિકાળ. પરમ પારિણામિક સહજ ત્રિકાળ ભાવ. એક સમયની વર્તમાન પર્યાય સિવાયનો સ્વાભાવિક પરમ પારિણામિક એટલે જેને કર્મના નિમિત્તની સદ્ભાવની અપેક્ષા કે અભાવની અપેક્ષા વિનાની ઇ ચીજ છે. એવો પરમ પારિણામિક ભાવે સ્થિત અંતર સ્વરૂપનું. **'સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક...'** અંતર સ્વરૂપ ધ્રુવ ભગવાનઆત્મા, એમાં અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતઆનંદ ને અનંતવીર્ય એ અંદર ધ્રુવમાં સ્થિત છે. અરે..! શું આ? પરમ સ્વભાવભાવમાં આ ચાર બોલ સ્થિત–ધ્રુવ–છે. સમજાણું કાંઈ?

એ **'શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ...'** એવું જે ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તે નિયમ છે. ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતના, ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતના--ધ્રુવ, એને અહીંયાં નિયમ--કારણરૂપ નિયમ કહેવામાં આવે છે. મોક્ષનો માર્ગ તો કાર્યનિયમ છે ને આ? એનું કારણ આ ત્રિકાળી વસ્તુ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! અર્થ છે ને નીચે.

**'આ પરમ પારિણામિક ભાવમાં 'પારિણામિક' શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી...'** મોક્ષનો માર્ગ છે ને સિદ્ધપદ છે એ તો ઉપજે છે અને સંસાર પર્યાયનો નાશ થાય છે. અથવા નિશ્ચય મોક્ષમાર્ગ જે રત્નત્રય નિશ્ચય છે, વીતરાગી દશા (છે), એ પણ પર્યાયનો નાશ થાય (છે) ને મોક્ષની પર્યાય ઉત્પન્ન થાય (છે). એ ઉત્પાદ-વ્યય આ પારિણામિક ભાવમાં નથી. એ ઉત્પાદ-વ્યય જે પર્યાય–અવસ્થા–દશા છે એ તો એક સમયની દશામાં ઉત્પાદ-વ્યય છે, ત્રિકાળી ધ્રુવમાં ઉત્પાદ-વ્યય છે નહિ. આહાહા..! 'ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્' આવે છે ને? આખું દ્રવ્ય–પ્રમાણના વિષયનું દ્રવ્ય. અહીં તો નિશ્ચયનયના વિષયનું દ્રવ્ય. જે ઉત્પાદ-વ્યયનો અંશ છે એ તો વ્યવહાર છે, ત્રિકાળી ધ્રુવ તે નિશ્ચય છે. સમજવું કઠણ હજી તો. આહા..! બહારની વાતુંમાં એવો ઘૂંચાઈ ગયો ને એમાં અંતર વાતું સાચી સાંભળવાને પણ મોખ રહ્યો નહિ. માર્ગ એ નહિ, એમ (કહે છે). એ તો નિશ્ચય એકાંત છે એમ કરીને માળાએ કાઢી નાખ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

આચાર્ય કહે છે, 'પદ્મપ્રભમલધારીદેવ' ટીકા–અર્થ કરે છે. નિયમ છે ને? મોક્ષનો માર્ગ, એમાંથી નિશ્ચય નિયમ કાઢ્યો. મોક્ષનો માર્ગ નિયમ કહ્યો ને? નિર્વિકલ્પ વીતરાગી દશા એ મોક્ષનો માર્ગ. એ તો પર્યાય છે. ત્યારે અહીં દ્રવ્યને નિયમ તરીકે કારણ કાઢ્યું. સમજાણું? શબ્દ તો શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ શબ્દ પડ્યો છે, શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. પણ એ પરિણામ ઉત્પાદ-વ્યયવાળા નહિ. રાગની ઉત્પત્તિ થાય ને નાશ થાય એ જુદી વસ્તુ. સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થાય અને એ સમ્યગ્જ્ઞાન વિશેષ ઉત્પન્ન થાય ને પહેલાનું નાશ થાય એ જુદી વસ્તુ. આ ઉત્પાદ-વ્યય વિનાનું ત્રિકાળી ધ્રુવ એને પણ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ કહેવામાં આવે છે. ભારે વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આ શું હશે આવો માર્ગ?

'પદ્મપ્રભમલધારીદેવ' ટીકા કરે છે, જુઓને! તે નિયમ છે. **'ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી અને પર્યાયાર્થિક નયનો વિષય નથી;...'** આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ એ વર્તમાન પર્યાયનયનો વિષય નથી, એ ત્રિકાળી ધ્રુવ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. આ શું વિષય છે? ગ્રીક લેટિન લાગે આ તો. ચાલતો વિષય નથી ને. અત્યારે આ ધર્મનો વિષય ચાલતો નથી. બહારની ક્રિયાકાંડની પ્રવૃત્તિ જે અધર્મ ને રાગ, એને ધર્મ માનીને લોકો પ્રવૃત્તિ કરી રહ્યા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– દેશનાલબ્ધિ કીધી ને.

ઉત્તર :– દેશનાલબ્ધિ કીધી એટલે શું? માટે એમ કે સમજવામાં ગુરુનું નિમિત્ત જોઈએ ને, એમ કહે છે. પણ એ પહેલા અહીં સાંભળી લીધું છે ને પંદર વર્ષ? જોયું? આ શું કીધું? ... શું કહેવાય? ઝરિયા, ઝરિયામાં દેશનાલબ્ધિ મળતી હશે એમ કહે છે.

મુમુક્ષુ :– એ તો સાંભળેલી વાત છે.

ઉત્તર :– પણ એનામાં પંદર વર્ષ પહેલાં સાંભળ્યું નથી? એમ ખબર નથી? ઇ નથી કહેતા? .........

અહીં તો હજી એક નિયમને સિદ્ધ કરવું છે. આ પુસ્તકનું નામ 'નિયમસાર' (છે). ધ્યાન રાખજો! હવે નિયમ એટલે નિશ્ચયથી કરવા લાયક આત્માના સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ. શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર એટલે અંદર વસ્તુના સ્વરૂપમાં રમવું શ્રદ્ધા, જ્ઞાન (કરવા) એ નિયમ. અને સાર એટલે વ્યવહારના અભાવ માટે શબ્દ કહ્યો છે. હવે એ નિયમને સિદ્ધ કરવા એ તો પર્યાયનો નિયમ કીધો. હવે એ પર્યાયનો નિયમ પ્રગટ ક્યાંથી થાય? કે, ત્રિકાળી દ્રવ્યનિયમ છે એમાંથી પ્રગટ થાય. સમજાણું કાંઈ? 'પદ્મપ્રભમલધારીદેવ'ની ટીકા એવી છે. સાધારણ માણસ ના પાડે છે, આવી ટીકા તો... આહાહા..!

મુમુક્ષુ :– જે સીધું હતું એ ગડબડવાળું કરી નાખ્યું.

ઉત્તર :– ક્લિષ્ટ કર્યું, લોકો એમ કહે છે. ભાઈ! તમને ખબર નથી. કારણ કે, જ્યાં મૂળ પાઠમાં જ નિજ પરમાત્માની શ્રદ્ધા એમ જે આવે છે એટલે કહે છે કે, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાચા નિશ્ચય, એ નિયમ છે અને તે કરવા લાયક કીધા. હવે એ તો પર્યાયનો નિયમ કીધો પણ નિયમનું કોઈ કારણ ત્રિકાળી ચીજ છે કે નહિ? તો કહે છે, ત્રિકાળી અંદરમાં શુદ્ધજ્ઞાનચેતનાપરિણામરૂપી ભાવ જે ત્રિકાળી ધ્રુવ છે, એમાં ઉત્પાદવ્યય પરિણામ નથી. આ મોક્ષના માર્ગના પરિણામ પ્રગટ્યા એ પણ એમાં નથી. 'સ્વરૂપચંદભાઈ'!

મુમુક્ષુ :– મૂળમાં નથી.

ઉત્તર :– મૂળમાં ક્યાં છે, એ તો ધ્રુવ છે. એને નિશ્ચય નિયમ કહેવામાં આવે છે. પરમ નિયમ એટલે ત્રિકાળી નિયમ. સમજાણું કાંઈ?

**'આ પરમ પારિણામિક ભાવ તે ઉત્પાદવ્યયનિરપેક્ષ એકરૂપ છે...'** જુઓ! જે મોક્ષનો માર્ગ પ્રગટે છે, વીતરાગી શ્રદ્ધા, વીતરાગી શ્રદ્ધા એટલે વિકલ્પ વિનાની આત્માની નિર્વિકલ્પ શ્રદ્ધા, આત્માનું સ્વસંવેદનજ્ઞાન, આત્માનું ચારિત્ર એ પર્યાયનયનો વિષય છે અને આ જે શુદ્ધચેતનાપરિણામ કહ્યા એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. એ ઉત્પાદવ્યયનિરપેક્ષ એકરૂપ ત્રિકાળ છે. પર્યાય છે, વીતરાગી પર્યાય એ નિશ્ચયથી કરવા લાયક કીધી પણ એ તો પર્યાય છે, વસ્તુ છે એ તો છે જ, એને કરવા લાયક કે કરવા-ફરવાનું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

**'અને દ્રવ્યાર્થિકનયનો વિષય છે.'** જુઓ! કોણ? આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. કોણ? કે, જે પરમ સ્વભાવિકમાં સ્થિત એવો સ્વભાવ અનંત ચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. ભારે!

એ તો વસ્તુ ત્રિકાળી ધ્રુવ એની દૃષ્ટિ કરવાનો એ વિષય છે. અહીં તો વ્યવહાર મોક્ષમાર્ગ એ તો મોક્ષમાર્ગ નહિ. કારણ કે, વિકલ્પ ને રાગ છે. પણ નિશ્ચય મોક્ષમાર્ગ એક સમયની પર્યાય છે એ વર્તમાન પર્યાય વ્યવહારનયનો વિષય છે, ભાઈ! લ્યો! ઓહોહો..! પેલો વ્યવહાર જે વ્યવહારરત્નત્રય એ વ્યવહારનયનો વિષય તો અહીં છે જ નહિ, એની વાત જ નથી. ફક્ત ભગવાનઆત્મા નિજ પરમાત્મ સ્વરૂપ જે ત્રિકાળ, એની અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી દશા થાય એ પણ પર્યાયનયનો વિષય છે, વ્યવહારનયનો વિષય છે. દેખો! આ વ્યવહારનય. એ.. 'ચંદુભાઈ'! નિશ્ચય મોક્ષમાર્ગ છે એ વ્યવહારનયનો વિષય છે. સદ્ભૂત વ્યવહાર છે ને. આહાહા..! હવે ઓલો ક્યાંય તારા વિકલ્પનો વ્યવહાર તો ક્યાંય ગયો. દેહની ક્રિયા એ તો જડની ક્રિયા, એ તો ક્યાં હતી આત્મામાં. સમજાણુંકાંઈ?

અહીંયા 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ સંત દિગંબર જંગલવાસી આત્મજ્ઞાની ધ્યાની મોક્ષમાર્ગમાં હતા. ઇ કહે છે કે, ભાઈ! આ 'કુંદકુંદાચાર્યે' 'નિયમસાર' કહ્યું એટલે 'કુંદકુંદાચાર્ય' કહે છે કે, નિયમ એટલે શું? કે, નિશ્ચયથી આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય કરવા લાયક તેને નિયમ કહીએ છીએ. અને સાર એટલે એમાં વિકલ્પનો અભાવ, વ્યવહારનો અભાવ સૂચવવા સાર શબ્દ કહ્યો છે.

હવે એ નિયમસારના ભાવમાંથી એમણે કાઢ્યું કે એ નિયમસાર તો પર્યાયનયનો વિષય નિયમ છે, એમાં ઉત્પાદવ્યયવાળી દશા થઈ એ તો. ધ્રુવ ત્રિકાળી વસ્તુ છે ઇ? ઓહોહો..! મોક્ષમાર્ગ વ્યવહારનયનો વિષય–પર્યાયાર્થિકનયનો વિષય કીધો ને? આ ધ્રુવ પર્યાયાર્થિક નયનો વિષય નથી. આહા..! પહેલું તો હજી કાને પડતાં ગ્રીક લેટિન જેવું લાગે. આહાહા..! જૈનની સાચી કથની જ ઘસાઈ ગઈ અને માર્ગ રહી ગયો ઉપલો થોથા. આહાહા..! માથું છે એ. ઓલામાં લખ્યું છે ને? થોથું. 'રવજીભાઈ'એ લખ્યું છે. આ કાને સાચું સાંભળે એ કાન બાકી કોડા. આ માથું સાચું સમજે ને હા પાડે એ માથું બાકી થોથા, માથુ નહિ તો થોથું. એવું આમાં 'આત્મધર્મ' કાંઈક આવ્યું છે. ક્યાંક વાંચ્યું છે.

**'વિશેષ માટે સમયસારની ૩૨૦મી ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકા જુઓ...'** ૩૨૦ ગાથા ને? આપણે વ્યાખ્યાન થઈ ગયા. બહુ સૂક્ષ્મ, બહુ સૂક્ષ્મ. ૩૨૦ ગાથા, 'જયસેનાચાર્ય'ની ટીકા અલૌકિક વાત છે. જેના ત્રિકાળી પરમ સ્વભાવમાં પર્યાયની ગંધ નથી, પર્યાય જેમાં અડતી નથી. આહાહા..! ભારે વસ્તુ, ભાઈ! મોક્ષનો માર્ગ એ વ્યવહાર છે, સાચો મોક્ષમાર્ગ, હોં! પેલો વિકલ્પ એ તો નહિ, જેમાં તો છે જ નહિ એની વાત કરી. આ તો સાચો મોક્ષમાર્ગ–આત્માના આનંદનો અનુભવ અને એનું જ્ઞાન ને શ્રદ્ધા એ પણ પર્યાય છે માટે વ્યવહારનયનો વિષય છે. પણ

આ જે શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ છે ત્રિકાળી એ નિશ્ચયનયનો વિષય છે. એની વિશેષ વ્યાખ્યા આવશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ ૬, બુધવાર, તા. ૩-૩-૧૯૭૧**
**ગાથા – ૩, પ્રવચન નં. ૫**

'નિયમસાર' 'જીવ અધિકાર' ૩જી ગાથા. 'નિયમસાર'ની વ્યાખ્યા કરે છે. નિયમસાર એટલે શું?

**ટીકા :– 'અહીં આ (ગાથામાં), 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે...'** નિયમસાર છે ને? નિયમસાર–તો નિયમને સાર શબ્દ કેમ લગાડ્યો છે, **'તેના પ્રતિપાદન દ્વારા...'** સાર (શબ્દ) નિયમને કેમ લગાડ્યો એના કથન દ્વારા, **'સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.'** સ્વભાવરત્નત્રય એટલે શું? ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ ઈ.

મુમુક્ષુ :– આપે કાલ સમજાવ્યું હતું.

ઉત્તર :– ના ઈ કહેતા હતા, આ બધું સમજ્યા નહોતા ને એને અંદર...

મુમુક્ષુ :– પર્યાયની વાત છે આ.

ઉત્તર :– પર્યાયની વાત છે આ તો. સમજાણું કે નહિ? ક્યાં ગયા? 'પ્રકાશદાસ'! આ બધું સાંભળજો, સમજવા જેવું છે. અદ્ધર ને અદ્ધર શબ્દ પડે એમ ન ચાલે.

આ સ્વભાવ... નિયમસાર એ તો પર્યાયની વ્યાખ્યા છે. નિયમ એ મોક્ષનો માર્ગ, પર્યાય રૂપ એને સાર કેમ લગાવવો પડ્યો છે એનું આ કથન છે. સ્વભાવ રત્નત્રય એટલે ત્રિકાળી સ્વભાવ નહિ. એમાં તો રત્નત્રય ક્યાં હતા? ન્યાં તો અનંતુ ચતુષ્ટય પડ્યું છે. પર્યાયમાં– અવસ્થામાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ દશા વીતરાગી પર્યાય થાય એને અહીંયાં સ્વભાવ રત્નત્રય કહેવામાં આવે છે.

હવે, એ નિયમસારને કહેવા પહેલાં એ નિયમનું કારણ કોણ છે? સમજાણું કાંઈ? નિયમસાર એટલે નિયમ એટલે મોક્ષનો માર્ગ. આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ... એનો ખુલાસો કરશે અંદર, પરદ્રવ્યનો આશ્રય છોડી સ્વદ્રવ્યની અંતર્મુખથી જે સમ્યગ્દર્શનની પ્રતીતિ થવી એ દર્શન. આત્માને આશ્રયે અંદર જ્ઞાન થવું તે જ્ઞાન અને એમાં લીનતા થવી તે ચારિત્ર. એ વર્તમાન મોક્ષમાર્ગની દશા (થઈ). એને સાર કેમ લાગુ પાડ્યો એને માટે કથન છે. એ વ્યવહારનો એમાં પરિહાર છે. હવે એ નિયમ જે છે, મોક્ષના માર્ગરૂપ નિયમ એટલે પર્યાય, એટલે અવસ્થા એનું કારણ કોણ છે? બહુ ઝીણી વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? આ તો કાર્ય નિયમસાર કહ્યું પણ એનું કારણ નિયમ કોણ? એને નિયમસાર નહિ પણ કારણ નિયમ કોણ? 'પંડિતજી'! આહાહા..! હવે કારણનિયમની વ્યાખ્યા કરે છે. 'મગનભાઈ'!

**'જે...' 'य'** શબ્દ પડ્યો છે ને? **'य' 'જે...'** તે એમ કહેશે. જે તે કારણ નિયમસાર છે. સમજાણું કાંઈ? **'જે સહજ પરમ પારિણામિક ભાવે સ્થિત,...'** આત્માનો અનાદિઅનંત પરમ સ્વભાવભાવ, સહજ ધ્રુવ સ્વભાવભાવ, એક સમયની વર્તમાન મોક્ષમાર્ગની પર્યાય વિનાનો... સમજાણું કાંઈ? જે સ્વભાવિક પરમ પારિણામિક (ભાવ). ત્રિકાળી સ્વભાવભાવ, ધ્રુવભાવ, ચૈતન્યભાવ, જ્ઞાયકભાવ એમાં પારિણામિકભાવે. એ પારિણામિકભાવ હોવા છતાં.. એ ખુલાસો કાલ થઈ ગયો હેઠે. એ પારિણામિક પર્યાય નથી, પરિણામ નથી. મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય કે સિદ્ધની પર્યાય પ્રગટ થાય, એ પર્યાય આ પારિણામિકભાવ એ નહિ. સમજાય છે કાંઈ? વીતરાગનો માર્ગ એટલો સરસ ને સૂક્ષ્મ છે, સરસ અને સૂક્ષ્મ (છે). આનંદના રસવાળો અને સૂક્ષ્મ છે. બહારથી જગતે કલપ્યું છે એ માર્ગ નથી. સમજાણું કાંઈ?

કહે છે, જે સ્વભાવિક ધ્રુવ નિત્ય આત્માનો સ્વભાવ, જે સ્વભાવિક પરમ પારિણામિક (ભાવ). એટલે કે જેને પરની કોઈ અભાવ કે સદ્ભાવની અપેક્ષા નથી. કર્મના નિમિત્તનો સદ્ભાવ કે અભાવ, એની અપેક્ષા નથી એવો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ. એમાં **'સ્થિત,...'** એવા ત્રિકાળી વસ્તુના સ્વભાવમાં રહેલા, રહેલા **'સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક...'** આ ધ્રુવ સ્વભાવ છે. પહેલા સ્વભાવ રત્નત્રય કહ્યું હતું એ પર્યાય હતી. સમજ્યા? એમ અદ્ધરથી એમ ને એમ (હા કહે) એમ અહીં ન ચાલે. સમજાણું કે નહિ?

અહીં કહે છે કે, **'સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક...'** એટલે? આત્માના મૂળ સ્વભાવ, નિત્ય સ્વભાવ, ધ્રુવ સ્વભાવમાં. સ્વભાવ અનંતજ્ઞાન એટલે કે જેના ધ્રુવ સ્વભાવમાં જ્ઞાન ભાવ છે એ જ્ઞાન ભાવ અનંત છે, અનંત છે, સ્વભાવની શક્તિનું સામર્થ્ય અનંત છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતબળ એવું જે સ્વભાવિક પારિણામિક ભાવમાં રહેલા આવો જે ભાવ એ **'શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ...'** એ ચારેયના સમૂહને એકરૂપ ગણી નાખ્યો પાછો. સમજાણું? 'મગનભાઈ'! આહાહા..! વસ્તુ નિત્ય ધ્રુવ પરમ સ્વભાવભાવ. એમાં રહેલા આ ચાર ધ્રુવભાવ. અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતબળ એનું એકરૂપ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. આ પરિણામ પણ પર્યાય નહિ. નીચે બે અર્થ કર્યા, જુઓ! પારિણામિકભાવની વ્યાખ્યા કાલે આવી ગઈ.

હવે (૨ ફૂટનોટ). **'આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામમાં 'પરિણામ' શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી...'** છે? 'હરિભાઈ'! બહુ ઝીણું છે આ. આહાહા..! કહે છે, ભગવાનઆત્મા પૂર્ણ, પૂર્ણ સ્વરૂપ ધ્રુવ નિત્યભાવ સ્વભાવ, એ નિત્યભાવ સ્વભાવમાં રહેલા અનંત બેહદ જેનો જ્ઞાનસ્વભાવ, આનંદ બેહદ સ્વભાવ, અનંતવીર્ય અને અનંતદર્શન એવા સ્વરૂપમય શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. શુદ્ધજ્ઞાનમય ચેતવું એવા જે ભાવ, એ ત્રિકાળી ભાવને અહીંયાં શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, 'પંડિતજી'!

**'જે...'** એમ શબ્દ હતો ને? સ્વભાવિક, સ્વભાવિક વસ્તુ. ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક છે એ તો પર્યાય છે. કર્મના અભાવસ્વભાવરૂપ પર્યાય છે. આ એ નહિ, આ તો ત્રિકાળી સ્વભાવભાવ. આત્માનો ત્રિકાળી ધ્રુવભાવ, એમાં રહેલા બેહદ સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ એનું એકરૂપ ગણીને શુદ્ધ જ્ઞાન. એને જ્ઞાનની પ્રધાનતા આપતા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય છે, છતાં એનું એકરૂપ ગણીને શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ એને કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? એ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ જે તે એમ, તે નિયમ છે. આનું નામ ત્રિકાળી નિયમ છે. આ નિયમસાર જે કહે એ તો પર્યાય કહે છે પણ એ પર્યાયનું કારણ ત્રિકાળ કોણ છે એનું આ વર્ણન છે. સમજાણું કાંઈ?

જે સ્વભાવિક પરમ સ્વભાવભાવમાં સ્થિત, સ્વભાવિક અનંતચતુષ્ટયસ્વરૂપ, સ્વભાવિક શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ ભાવ તે નિયમ–કારણનિયમ છે. નીચે ૩–ત્રગડો કર્યો છે. **'આ નિયમ તે કારણનિયમ છે.'** કારણનિયમ એટલે જે મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાચો સત્ય માર્ગ–પર્યાય એનું કારણ આ નિયમ છે. સમજાણું કાંઈ? એનું કારણ વ્યવહાર રત્નત્રય નથી એમ અહીં સિદ્ધ કરવું છે, ભાઈ! ભારે કામ, ભાઈ! સમજાણું કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વર ભગવાન તીર્થંકરદેવે જે આ આત્મા ધ્રુવ સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ છે, જેની વર્તમાન દશાનું પરિણમન, એક સમયની દશા, એ વિનાની ચીજ જે ધ્રુવ છે, ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ સત્ એમ કહ્યું છે. એ માંયલો આ જે ઉત્પાદવ્યયનો પર્યાય જે મોક્ષમાર્ગનો છે, એનું કારણ કોણ? એમ અહીં સિદ્ધ કરવું છે. કહો, 'ચંદુભાઈ'! 'નવરંગભાઈ' કાલે કહેતા હતા, 'ચંદુભાઈ' કેમ આવામાં નથી આવતા? 'સ્વરૂપચંદભાઈ'! જુઓ! આ તમારા ઘરની વાતું છે. આહાહા..! અરે..! વીતરાગ માર્ગ શું છે એ એણે સાંભળ્યો ન હોય, એના ખ્યાલમાં ન આવ્યો હોય, સમજ્યો ન હોય અને એને ધર્મ થઈ જાય. શું થાય? અનાદિથી જગત લૂંટાય છે. ધર્મને નામે પણ લૂંટાય છે.

મુમુક્ષુ :– ખુશી થાય.

ઉત્તર :– ખુશી થાય ને એમાં રાજી થાય, લૂંટાય. લઈ ગયા તો હળવો થઈ ગયો. લુગડા ને દાગીના ભાર લઈ ગયો ને (એટલે) હળવો થઈ ગયો. આહાહા..! અરે..! ભગવાન! એ તારા સમ્યગ્દર્શનની રીત જુદી છે, ભાઈ! સમજાણું કાંઈ?

એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તો નિર્વિકારી, વીતરાગી નિર્દોષ આનંદદાયક પર્યાય છે. પણ એ પર્યાયનું કારણ જે આ નિયમ શબ્દ પડ્યો છે ને? એટલે કે એ નિયમસાર જે મોક્ષમાર્ગ છે એનું કારણ કોણ? કારણ કે, નિયમસારમાં તો એમ શબ્દ આવ્યો કે, સાર છે એ વ્યવહારનો અભાવ બતાવે છે. સમજાય છે? ત્યારે હવે એ નિયમ વ્યવહાર કારણ નહિ, ત્યારે એ મોક્ષમાર્ગના નિયમનું કારણ કોણ.? 'નવરંગભાઈ'! એનું કારણ ત્રિકાળી ભગવાનઆત્માનો સ્વભાવ, શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ. ચેતવું એટલે જ્ઞાનમાં એકાગ્ર એવો જે ત્રિકાળી સ્વભાવ, હોં!

જે આ તે નિયમ છે. મોક્ષમાર્ગની દશાના કારણરૂપે તેને નિયમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! નીચે કહ્યું છે ને? આ પરિણામ **'પર્યાયાર્થિકનયનો વિષય નથી; આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તો ઉત્પાદવ્યયનિરપેક્ષ એકરૂપ છે...'** શું કીધું? ત્રિકાળી સદશ્યરૂપ છે. હજી સમજવું કઠણ આ શું કહે છે?

વસ્તુ જે છે આત્મા નિત્ય ધ્રુવ એ સદશ્ય જેનું એકરૂપ છે. ઊપજવું, વિણસવું એવી ઉત્પાદવ્યયની પર્યાયનો જેમાં અભાવ છે. સમજાણું કાંઈ? આહા..! **'એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે.'** શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ એ દ્રવ્યનયનો વિષય છે, આખા દ્રવ્યને બતાવે તે વિષય છે. એમાં પરિણામનો ભેદ બતાવે એ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

જેને ધર્મ કરવો હોય સમ્યગ્દર્શન, પહેલામાં પહેલો, તો એણે શું કરવું, એણે કોને કારણ બનાવવું એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર કારણ હશે? વ્યવહાર રત્નત્રય દયા, દાન, વિકલ્પ આદિ કારણ હશે? એ પર્યાયનું પર્યાય કારણ? એ નિશ્ચયથી, એ વળી બીજી વાત, પણ આ પર્યાયનું બીજું કારણ (છે)?

મુમુક્ષુ :– આશ્રય કોનો?

ઉત્તર :– આશ્રય કોનો? કોને કારણે ત્યાંથી આવી એ અવસ્થા? સમજાણું કાંઈ? ત્રિકાળી ધ્રુવસ્વભાવ, પરમસ્વભાવભાવ, એમાં રહેલો અનંતચતુષ્ટય, એના એકરૂપ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ, એવો જે ધ્રુવભાવ તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર એનું એ કારણ છે. સમજાણું કાંઈ? વાંધા મોટા પાડે છે ને? 'છ ઢાળા'માં આવે ને? વ્યવહાર હેતુ છે, નિયમનો, નિશ્ચયનું કારણ છે. એ તો એક નિમિત્તપણે શું હતું એનું જ્ઞાન કરાવવા કહેવાય. વ્યવહારના કથનો એ બધા અન્યથા કથન છે. ખરું કારણ તો ભગવાનઆત્મા ધર્મની સમ્યગ્દર્શન દશા, પહેલી દશા એનું નિયમ ત્રિકાળી વસ્તુ તે કારણ છે. નિયમથી તે નિયમ કારણ છે. અથવા એ નિયમનું નિયમથી આ નિયમ કારણ છે. સમજાણું કાંઈ?

**'તે નિયમ (-કારણનિયમ) છે.'** લ્યો! પાઠમાં એ શબ્દ નથી. પાઠમાં તો મોક્ષના માર્ગની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાનની નિર્વિકારી (પર્યાય), સ્વભાવ આશ્રયે થયેલી એની વ્યાખ્યા છે. પણ એની વ્યાખ્યામાંથી કાઢ્યું. 'અમૃતચંદ્રાચાર્ય'ની એવી શૈલી છે, એવી આ આચાર્યે 'પદ્મપ્રભમલધારીદેવે' (કરી છે). કાર્યનિયમની વાત છે તો એમાંથી કારણનિયમ કાઢ્યું. સમજાણું કાંઈ? આહા..! એ નિયમ તે કારણનિયમ છે.

ત્રણ અર્થની વ્યાખ્યા ચાલી. પરમ પારિણામિકભાવ એ ઉત્પાદ-વ્યય નથી, ધ્રુવ છે. પારિણામિકભાવ શબ્દ હોવા છતાં. બીજો પરિણામ શબ્દ હોવા છતાં, પેલો પારિણામિકભાવ હોવા છતાં એને ઉત્પાદવ્યય પર્યાય લાગુ પડતી નથી. હવે અહીં પરિણામ શબ્દ લાગુ પડતા એમાં પણ નવી અવસ્થા ઉપજે ને (જૂની) એ જાય એની અપેક્ષા લાગુ પડતી નથી. ત્રીજું એ નિયમ છે. નિયમ

એટલે ત્રિકાળી કારણનિયમ છે. સમજાણું કાંઈ? 'પ્રકાશદાસજી'! આ એમ ને એમ હાંકે જાય છે કલાકમાં, એમ નથી આ.

મુમુક્ષુ :– ગુરુ સમજાવ્યે કેટલું સમજાય.

ઉત્તર :– એમ છે. અહીં કહે છે કે, સમજવામાં ગુરુ નહિ, ગુરુ તરફનો વિકલ્પ નહિ ને વિકલ્પની સાથે જાણનારનો પર્યાય (થયો) એ પણ નહિ, એમ કહે છે. 'મગનભાઈ'! આહાહા..! ગુરુદેવ તો પર રહ્યા, એ નહિ, એની શ્રદ્ધાનો વિકલ્પ રાગ છે એ નહિ, પણ વિકલ્પને જાણનારા જ્ઞાનનો જે અંશ છે એ પણ નહિ. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ એણે વીતરાગમાં–વાડામાં જન્મ્યા છતાં અરે..! એને હાથ લાગે નહિ, હજી સાંભળવા મળે નહિ, એ સમજે કે દિ'? શ્રદ્ધા–સમકિત કે દિ' કરે? બહારમાં ને બહારમાં ભટક્યા ભટક (કરે છે). સમજાણું કાંઈ?

કહે છે કે, નિયમ એટલે મોક્ષનો માર્ગ. એને કારણમાં તો ત્રિકાળી દ્રવ્ય કારણ છે. એના કારણમાં વ્રત ને તપ ને પૂજા ને ભક્તિ ને રાગની મંદતાની ક્રિયા એ એના કારણમાં નથી, ભાઈ! 'સ્વરૂપચંદભાઈ'! છે ને એમાં? હવે એ કારણનિયમની વ્યાખ્યા થઈ. ગાથામાં નહોતી એની. હવે ગાથામાં છે એની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? ગાથામાં વિશેષ મોક્ષમાર્ગની વ્યાખ્યા હતી, એમાંથી સામાન્ય દ્રવ્ય કાઢ્યું. ત્રિકાળી ધ્રુવ ભગવાનઆત્મા એ મોક્ષના માર્ગની વિકાર રહિત પર્યાયની કારણ દશા એ ત્રિકાળ વસ્તુ છે. ત્રિકાળ વસ્તુ તે કારણ. આહાહા..!

આવું સ્પષ્ટ એક ને એક બે જેવું ચોખ્ખું ક્યાંય સંદેહને સ્થાન ન મળે એ વ્યાખ્યા સંતો વિના, દિગંબર સંતો વિના ક્યાંય આ વાત છે નહિ. 'પંડિતજી'! પણ વાંચતા પણ આવડે નહિ, પાછુ વાંચે નહિ, એમ ને એમ હાંકે જાય. બાપુ! આ તો અધ્યાત્મની વાતું છે, ભાઈ! અનંતકાળમાં એણે તો સાધુપણા વ્રત, નિયમ ને તપસ્યા અનંતવાર કરી છે, એ કાંઈ ધર્મ નથી. એ તો વિકલ્પની ક્રિયા, રાગની પુણ્યની વિકારની છે. એ વિકારની ક્રિયાના કારણે આત્માને કાંઈ લાભ થાય એમ છે નહિ, એમ કહે છે. આહાહા..! પણ નિર્વિકારી આત્માની જે મોક્ષમાર્ગની પર્યાય એને પ્રગટવાનું ભૂમિ સ્થાન તો ત્રિકાળ દ્રવ્ય છે. પાતાળ કૂવામાં છે એ બધું. આહાહા..! સમજાણું કાંઈ?

હવે કાર્યનિયમ. પહેલી નિયમ–કારણનિયમની–ત્રિકાળ ધ્રુવની વ્યાખ્યા થઈ. નીચે (ફૂટનોટ–૩) છે ને? **'આ નિયમ તે કારણનિયમ છે, કેમકે તે સમ્યગ્જ્ઞાનદર્શનચારિત્રરૂપ...'** આમાં જ્ઞાન શબ્દ પહેલો આવ્યો છે. આમાં શૈલી પહેલી આવે છે ને! ભાઈ! જ્ઞાનદર્શનચારિત્ર. પહેલું જ્ઞાન આવે છે. પહેલો અર્થ ઇ કરે ને. પાઠમાં છે તેમ કરે. સમજાણું કાંઈ? **'સમ્યગ્જ્ઞાનદર્શનચારિત્રરૂપ કાર્યનિયમનું...'** કાર્યનિયમ એટલે વર્તમાન દશા, મોક્ષમાર્ગની વીતરાગી દશા એવો જે **'કાર્યનિયમ એનું કારણ છે.'** એ ત્રિકાળી દ્રવ્ય સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ એ મોક્ષના આનંદદાયક ધર્મની પર્યાયનું કારણ છે. **'[કારણનિયમના આશ્રયે કાર્યનિયમ પ્રગટે છે.]'** કૌંસમાં નાખ્યું.

ત્રિકાળી ભગવાન ધ્રુવ એમાં દૃષ્ટિ દેવાથી, એનો આશ્રય લેવાથી ત્રિકાળી સહજ પરમ સ્વભાવભાવ, એમાં જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાયને પકડાવવાથી એને સમ્યગ્દર્શન-જ્ઞાનની દશા પ્રગટ થાય છે. આવી વાત હતી તમારે ત્યાં? લ્યો! એને ન્યાં શ્વેતાંબરની બધી ક્રિયા બહુ કરી. હજી ઉનું પાણી રાખે છે. ઉના પાણી ને આ ઉપધાન ને શું બધા..? હેરાન થવાના રસ્તા છે. આંબેલની ઓળીઓ. એક આંબેલ ને એક અપવાસ, એક અપવાસ ને બે આંબેલ. એક અપવાસ ને ત્રણ આંબેલ, એક અપવાસ ને સો આંબેલ. અરે..! પણ ભાઈ! હજી મૂળિયું–વર પકડ્યા વિના તારી જાન ક્યાં જાશે? તત્ત્વની દૃષ્ટિ શું છે? વસ્તુનું મૂળ ધર્મનું શું છે? એ મૂળનું મૂળ શું છે? ચારિત્ર એ ધર્મ છે એનું મૂળ સમ્યગ્દર્શન. બરાબર છે? છે ને સામે? 'દંસણ મૂલો ધમ્મો'.

ધર્મ એટલે ચારિત્ર, વીતરાગભાવ એ ચારિત્ર છે, એનું મૂળિયું સમ્યગ્દર્શન, એનું મૂળિયું કારણનિયમ. આહાહા..! પૂર્ણાનંદનો નાથ ભગવાન તારો પૂર્ણ એક સમયમાં પડ્યો છે, પ્રભુ! જેને બદલવાના ઉત્પાદ-વ્યયની અપેક્ષા જ નથી. આહાહા..! ૩૨૦ માં તો એમ કહે, મોક્ષનો માર્ગ જેમાં નથી. ભલે મોક્ષમાર્ગનું કારણ કહો એને, પણ મોક્ષમાર્ગ એમાં નથી. એમાં તો ના પાડી છે, કારણની ના પાડી. ૩૨૦ ગાથામાં. સમજાણું કાંઈ? ૩૨૦ ગાથા સાંભળી છે? હમણાં ક્યાં સાંભળે, રખડવા ગયા હતા. ૩૨૦ ગાથા નવી આવી.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શનનું કારણ કારણનિયમ.

ઉત્તર :– કારણનિયમ ધ્રુવ. શું કહેવું છે? આ સાંભળીને કહે છે. પહેલાં ક્યાં સાંભળ્યું હતું ન્યાં. આ સાંભળ્યું હતું. ૩૨૦ ગાથા ક્યાં સાંભળી હતી એમ કહું છું. આહાહા..!

હવે કાર્યનિયમ એટલે કાર્યનિયમ એટલે મોક્ષનો માર્ગ–પર્યાય–દશા, સમ્યગ્દર્શન આનંદદાયક પર્યાય, સમ્યગ્જ્ઞાન આનંદદાયક પર્યાય, ચારિત્ર આનંદદાયક પર્યાય. એવી જે મોક્ષમાર્ગની પર્યાય એ કાર્યનિયમ છે. એટલે? એનું કાર્ય મોક્ષ એની અહીં વાત નથી અત્યારે. આ તો પોતે કાર્યનિયમ એની મોક્ષમાર્ગની પર્યાય, જે મોક્ષનું કારણ અને જેનું કાર્ય મોક્ષ, એનું કારણ જે મોક્ષમાર્ગ એને અહીં કાર્યનિયમ કહ્યો છે. સમજાણું કાંઈ? કેટલા આમાં શબ્દો યાદ રાખવા.

એક કોર કહે કે, નિશ્ચય મોક્ષનો માર્ગ કારણ, મોક્ષ કાર્ય. બીજું હવે મોક્ષમાર્ગ પર્યાય છે એ કાર્ય, એનું કારણ ત્રિકાળ દ્રવ્ય. સમજાણું કાંઈ? કાર્યપરમાત્મા તો તેરમે (ગુણસ્થાને) આવે. કાર્યનિયમ તો ચોથેથી શરૂ થાય. ત્રિકાળી વસ્તુ જે કારણનિયમ છે એને આશ્રયે પ્રગટ થતી મોક્ષના માર્ગની પર્યાય એને અહીંયાં કાર્યનિયમ તરીકે કહેવામાં આવે છે. એનું પાછું કાર્ય, એ કાર્ય નિયમનું કાર્ય જે મોક્ષ, એ વળી બીજી વાત. આહાહા..!

**'(–કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય...'** જુઓ! ઓલા નિયમમાં કરવાયોગ્ય કાંઈ નહોતું, એ તો છે એને કરવું શું? શું કીધું? ત્રિકાળી ધ્રુવ સ્વભાવ પરમ પારિણામિક ભાવ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ ભાવ છે... છે... છે... છે... છે એને કરવું શું? હવે એને

આશ્રયે જે કરવાની દશા છે એ કરવા જેવી છે. આમાં વિકલ્પ કરવા જેવો છે કે પરનું કરવા જેવું એ વાત નથી આવી આમાં.

**'(નક્કી) જે કરવા યોગ્ય...'** પાઠ છે ને? મૂળ પાઠ. **'णियमेण य जं कज्जं'**. જે નિયમથી કરવાલાયક જીવને છે તે **'પ્રયોજનસ્વરૂપ–હોય તે,..' 'નક્કી જે કરવાયોગ્ય-પ્રયોજનસ્વરૂપ-હોય તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર. તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે :'** સમજાણું કાંઈ? ભગવાનઆત્મા.. જુઓ! કારણનિયમરૂપ ત્રિકાળી, એમાંથી કાર્યનિયમ મોક્ષનો માર્ગ, નિશ્ચય મોક્ષમાર્ગ એને અહીંયાં કાર્યનિયમ તરીકે કહીને એ કાર્યનિયમ કરવા યોગ્ય છે, કહે છે. કરવા યોગ્ય છે માટે કાર્ય કહ્યું ને એને? વસ્તુ ત્રિકાળી છે એમાં કરવા યોગ્ય શું હોય? એ તો છે. પર્યાયમાં કરવાયોગ્ય તો આ કરવાયોગ્ય છે, કહે છે. નિશ્ચયથી કરવા લાયક હોય તો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય કરવા લાયક પ્રયોજનરૂપ નિશ્ચયથી કરવું હોય તો એ કરવા લાયક છે. સમજાણું કાંઈ? લ્યો! એમાં કાંઈ કરવાનું આવ્યું કે નહિ? આમાં મને કરવું શું સૂઝ પડતી નથી. આહાહા..!

મુમુક્ષુ :– તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન ઇ...

ઉત્તર :– ઇ તત્ત્વાર્થ શ્રદ્ધાન કહો કે આ કહો, બેય એક જ છે. સમજાણું કાંઈ? તત્ત્વાર્થ એટલે નવ ભેગા એમ નહિ. એક તત્ત્વનું અંદર ભાન થતાં આઠેય તત્ત્વનો એમાં અભાવ છે એમ ભાન થઈ જાય છે. એનું નામ તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં (છે). (ઇ) એમ કહે છે, નવ જાણવા પડશે? અહીં તો નવને જાણવાની વાતેય આમાં નથી, એમ કહે છે. અહીં તો આ જાણ્યું એટલે ઓલા જણાય જાશે એમ કહે છે. શું (કહ્યું)? એકને જાણ્યો એટલે બીજા રાગાદિ આમાં નથી એમ જણાઇ જશે, એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા ભાઈ! બે લીટી, ત્રણ લીટીમાં કેટલું સમાડ્યું છે, જુઓને! 'સ્વરૂપચંદભાઈ'! આવે ત્યારે આવે. આમાં તો આ શબ્દનો તો બરાબર ભાવ આવે છે. એ.. 'વજુભાઈ'!

આમાં પહેલું કહ્યું હતું કે, જે ત્રિકાળનિયમ છે એને સાર લાગુ પડતો નથી. કારણ કે, પોતે જ વસ્તુ સ્વરૂપ છે. માટે કરવું છે એમાં સાર લાગુ પડે કે રાગ કરવો નથી ને રાગનો અભાવ છે એમાં. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આ શેઠિયા બિચારા શું ધર્મને સમજે નહિ પછી આ વ્રત કરો ને અપવાસ કરો ને જાત્રા કરો ને ભક્તિ કરો ને પૂજા કરો ને સોળભથ્થા શું કહેવાય? ષોડશકારણ (ભાવના). એ તો બધી ક્રિયાઓના અંદરમાં વયો ગયો બિચારો. વાસ્તવિક તત્ત્વની શ્રદ્ધાના ભાન વિના એ બધા રખડવાના રસ્તા છે. આહાહા..! એને મોક્ષના માર્ગ તરીકે માને, છૂટવાના માને. અરે..! માર્ગ તો પણ માર્ગ (છે). એની રીતની ખબરું ન મળે અને એ રીત વિના સાધવા જાય (તો) કાંઈકનું કાંઈક સાધે ને માને કાંઈક.

ભગવાનઆત્મા પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ફરમાવે છે, ભાઈ! તારો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ છે એને કારણ કહીએ. કેમકે કારણમાંથી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે છે. વ્યવહાર રત્નત્રયના વિકલ્પમાંથી એ મોક્ષમાર્ગ કાંઈ આવતો નથી. આહાહા..! કેટલી વાત છે! એને ઠેકાણે (કહે), વ્યવહાર પહેલો ને પછી નિશ્ચય થાય. એ તો બધા વ્યવહારની કથનની શૈલી બીજી છે આખી. એ તો છટ્ઠા ગુણસ્થાનની દશામાં વિકલ્પ આદિ હોય છે એનો અભાવ કરીને સાતમું પામે. એ બતાવવા ત્યાં વાત કરી છે, અભાવ કરીને. બાકી વસ્તુ જ કારણ છે. વીતરાગ દશાની શ્રદ્ધા આત્માની, વીતરાગ સ્વરૂપ ભગવાનઆત્મા એના આશ્રયે થતું વીતરાગી સમ્યગ્દર્શન, એને રાગનો ભાવ કારણ થાય એમ બને નહિ, ભાઈ! એ તો કાલ આવી ગયું, શુદ્ધરત્નત્રય પરમ નિરપેક્ષ છે. સમજાણું કાંઈ?

**'એ કાર્યનિયમ નિશ્ચયથી કરવાયોગ્ય...' 'णियमेण य जं कज्जं'**. શું કરવું અમારે ત્યારે? આ નિશ્ચયથી કરવા લાયક હોય તો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ કરવા લાયક છે. વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો વિકલ્પ એ કરવા લાયક નથી. આહાહા..! સમજાય છે કાંઈ? (વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ) આવે જુદી વાત છે અને કરવા લાયક છે એ જુદી વાત છે. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભૂમિકામાં દેવ-ગુરુ-શાસ્ત્રનો વ્યવહાર આવે, પણ કરવા લાયક એ જુદી વસ્તુ છે અને આવી જાય એને જાણવા લાયક છે, એ જુદી વસ્તુ છે. ભારે માર્ગ અંદર, ભાઈ! આહાહા..!

જ્યાં ક્યાંય વિકલ્પ પહોંચે નહિ, વાણી પહોંચે નહિ, દેવ-ગુરુની વાણીનો ધ્વનિ ન્યાં અડે નહિ. આહાહા..! અને વાણીને લક્ષે થયેલો વિકલ્પ એ જ્યાં અંદર જઈ શકે નહિ. એને કારણે સમ્યગ્દર્શન થાય એવી ચીજ છે નહિ. વસ્તુ એવી નથી એમ કહે છે. આહાહા..! 'પંડિતજી'! 'નિયમસાર' પહેલા જોયું હતું કે નહિ? 'નિયમસાર' ક્યારેય જોયું હતું? આહાહા..! ગજબ વાત છે. કેવળીના પટારા ખોલ્યા છે આખા! ભગવાન! તારામાં શું ખોટ છે કે તારે પરના શરણ (લેવા પડે). રાગાદિ તો પર છે, એના તને શરણ લેવા પડે? શરણ તો આત્મા ત્રિકાળી છે એનું શરણ લે. એના શરણે પછી તને દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય. આહાહા..! એ સમ્યગ્દર્શનને શરણે પણ સમ્યક્ચારિત્ર ન થાય. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, એનું શરણ ધ્રુવ, સમ્યગ્જ્ઞાન એનું શરણ ધ્રુવ, ચારિત્રનું શરણ ધ્રુવ. સમ્યગ્દર્શન ચારિત્રનું કારણ ન થાય. જે વ્યવહાર કારણ કહ્યું એ જુદી વાત બંધ (અધિકારમાં). એ તો ત્યાં ચારિત્ર સમ્યગ્દર્શન વિના ન હોય એટલું સિદ્ધ–બતાવવા. બધો ખ્યાલ છે પાછો, ન્યાં કારણ કહ્યું છે. બંધ અધિકારમાં કહ્યું છે ને? પણ ખરેખર તો ચારિત્ર–સ્વરૂપના આનંદની રમણતા, એ કાર્યનું કારણ તો ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું આવું.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન થયું હોય એને મોક્ષ થયે છૂટકે, હાથ પકડીને લઈ જાય.

ઉત્તર :– પણ સમ્યગ્દર્શનમાં એ આવ્યું છે કે નહિ? કે, સ્વરૂપની સ્થિરતા કરીશ ત્યારે થાશે એમ આવ્યું છે કે નહિ શ્રદ્ધામાં?

મુમુક્ષુ :– એ તો આવે જ.

ઉત્તર :– હા. તો હાથ પકડીને લઈ જાય ક્યાં આવ્યું પાછું ઇ? આહાહા..!

મુમુક્ષુ :– એમાં ઉતાવળ કરવાની શું જરૂર છે.

ઉત્તર :– પણ ઉતાવળની વ્યાખ્યા શું?

શ્રોતા :– ઉતાવળ નહીં પણ ધીરજ રાખવાની તો જરૂર ખરી ને.

ઉત્તર :– સમ્યગ્દર્શનમાં કારણરૂપ ત્રિકાળી દ્રવ્ય થયું. હવે એની શ્રદ્ધામાં શું આવ્યું? કે, આના કારણે મને દર્શન થયું. હવે જ્ઞાન પણ આને કારણે થાશે, ચારિત્ર પણ એને કારણે થાશે. એમ શ્રદ્ધામાં આવ્યું છે. શ્રદ્ધામાં આવ્યું છે પછી અધીરજ ને ચિંતાનો ક્યાં પ્રશ્ન છે. એ આત્માનું શરણ લેશે જ. ઉગ્રપણે પહેલું લીધું છે તો ચારિત્ર માટે ઉગ્રપણે લેશે જ. 'દેવાનુપ્રિયા'! અંતરની શ્રદ્ધામાં જ એ આવ્યું છે કે, આ દ્રવ્યને આશ્રયે જ મને ચારિત્ર થશે. થોડું (ચારિત્ર) તો થયું સાથે. સમ્યગ્દર્શનમાં આત્માનો આશ્રય થઈને પ્રતીતિ અનુભવ થઈ, જ્ઞાન ને સ્વરૂપ સ્થિરતા તો થઈ છે, ચારિત્રનો અંશ તો ભેગો આવ્યો જ છે. પણ દર્શનમાં પ્રતીત થતાં (એમ થાય છે કે) આનું અનુષ્ઠાન કરીશ. નથી આવતું ભાઈ! ૧૭-૧૮? ૧૭-૧૮ ગાથા, 'સમયસાર'. આવે છે, ૧૭-૧૮માં એ આવે છે કે, આ હું, આ શ્રદ્ધા એમ આવે છે કે, જુઓ! છે ને? આને અનુસરવાથી મને ચારિત્ર થશે, મોક્ષમાર્ગ થાશે, મોક્ષ થાશે. એમ. સમજાણું?

અહીં જુઓ! મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો. જાણવો એટલે અનુભવવો એ જાણવું, હોં! પછી તેનું શ્રદ્ધાન કરવું. અને શ્રદ્ધાન કરવું એટલે કે આ જ આત્મા છે તેનું આચરણ કરવાથી જરૂર કર્મોથી છૂટી શકાશે. ત્યાં હવે પછી તેનું આચરણ કરવું. સમજાણું કાંઈ? ૧૭-૧૮માં પહેલું જ્ઞાન કરવું, દર્શન (પછી થાય), વાંધા ઉઠ્યા છે ને 'મુંબઈ'માં? પહેલું જાણ્યા વિના શ્રદ્ધા કોની કરીશ? એમ કહે છે. સમજાણું કાંઈ? વાત બહાર આવતા તો ઘણી બધી સૂક્ષ્મ ચર્ચા ચાલે, વાત ચાલે, કોઈકમાં ભુલેય પડી જાય સાધારણ.......

કહે છે **'કરવાયોગ્ય—પ્રયોજનસ્વરૂપ—હોય તે,...'** તેને નિશ્ચયથી કરવાયોગ્ય કહ્યું તે **'જ્ઞાનદર્શનચારિત્ર.'** લ્યો! કહો, અહીં પહેલું જ્ઞાન લીધું. ન્યાંય ૧૭-૧૮માં પહેલું જ્ઞાન લીધું. જ્ઞાન, દર્શન ને ચારિત્ર–આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન અને આત્માનું ચારિત્ર એને અહીંયાં મોક્ષનો માર્ગ કહ્યો છે. સમજાણું કાંઈ? અહીં તો હજી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના ઠેકાણા ન મળે. કુદેવ-કુદેવ-કુગુરુને માનવા. આહાહા..! સમજાણું કાંઈ? દેવી-દેવલાઓને માનવા, પદ્માવતી ને ભૈરવનાથ ને ઢીંકણા નાથ ને.. આહાહા..! ઘણો મિથ્યાત્વભાવ ક્યાંક રહી ગયો. ક્ષેત્રપાળ ને આ પાળ ને.. અરે..! ભગવાન. અસંખ્ય પ્રદેશી ક્ષેત્રપાળ તો ભગવાન તું છો. આહાહા..! અહીં તો કહે

છે કે, એવા દેવ-દેવલાની તો વાતુંય નથી પણ સાક્ષાત્ સર્વજ્ઞદેવને તીર્થંકરને માને તોપણ એ વિકલ્પ છે. અને એ વિકલ્પ સમ્યગ્દર્શનનું કારણ નથી. બરાબર છે? અરે..! એને ખબર ન મળે, હજી ખબરું વિના એ પુરુષાર્થ ક્યાં કરે ને ક્યાં જાય?

અરે..રે.! જગત લુંટાણું છે, હોં! સાચી વાત બહાર આવતા લોકોને એવી લાગે અંદરથી અરે..રે..! બાપુ! એ તમારી વાતું બધી ખબર નથી અમને? શાસ્ત્ર શું કહે છે અહીંયાં? એવા વ્યવહારના ક્રિયાકાંડ તો અનંતવાર કર્યા. મિથ્યાત્વભાવ તો સાથે રહ્યો. કારણ કે, રાગની ક્રિયાથી લાભ થાય (એવા) મિથ્યાત્વ સાથે પુણ્ય બંધાણા (અને) સ્વર્ગ આદિ મળ્યા. ભેખ પલટ્યા પણ ભાવ પલટ્યો નહિ. આહા..!

મુમુક્ષુ :– ચારગતિના દરવાજા ઉઘડી ગયા.

ઉત્તર :– એની યોગ્યતાથી ઉઘડી ગયા.

શ્રોતા :– અહીં તો મોક્ષના દરવાજા ઉઘાડવાની વાત છે.

ઉત્તર :– 'હવે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે :...' **'तावत् तेषु त्रिषु'** સંસ્કૃત છે ને? **'तेषु त्रिषु'**. ઓલામાં બીજું આવે છે, એ ત્રણનું કહેશું. એ જુદું. ચોથી ગાથામાં (આવે છે). **'चरित्राणां त्रयाणां प्रत्येकप्ररूपणा भवति।'** હવે ન્યાં જુદી વાત છે, અહીં જુદી વાત છે. ત્યાં પ્રત્યેકની પ્રરૂપણા જુદી કરશું એ ભેદની વ્યવહાર રત્નત્રયની વાત છે અને અહીં ત્રણ માયલાની એક એક વાત નિશ્ચયની વાત છે. શબ્દ એકના એક છે. 'પંડિતજી'! આમાં કહ્યું ને? **'त्रयाणां प्रत्येकप्ररूपणा भवति'**. ચોથીમાં. અહીં એમ નથી, અહીં તો **'तेषु त्रिषु'**. તેમાંથી ત્રણ વસ્તુ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર–મોક્ષનો માર્ગ એને અમે હવે કહેશું. સમજાણું કાંઈ?

હવે પહેલી સમ્યગ્દર્શનની વ્યાખ્યા... સમ્યગ્જ્ઞાનની. આમાં જ્ઞાન છે ને પહેલું. એમાંય જુઓ! શબ્દો કેવા છે. **'(૧) પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** પરદ્રવ્યની ગ્રાહકતા, રમકતા ત્વરાથી છોડ. આવ્યું છે કે નહિ? એય..! 'દેવાનુપ્રિયા'! ક્યાં લખ્યું છે? બીજું કહ્યું ઇ બીજું હતું. ઇ ક્યાં સાંભળે છે? એને જે ધુન હોય... બીજું કહ્યું હતું, 'દેવાનુપ્રિયા'! 'શ્રીમદ્'માં એમ આવે છે કે, પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો. ક્યાં આવે છે તમને ખબર નથી, મફતના આવે છે. ૧૭ મા વર્ષમાં નવા પુસ્તકમાં આવે છે. જૂના પુસ્તકમાં નથી આવતું. ચોપડી બહાર પડી છે.

**'પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** ધડાકો પાધરો પહેલો. કહે છે કે, દેવ-ગુરુ-શાસ્ત્ર કે એની શ્રદ્ધાનો વિકલ્પ એ બધું પરદ્રવ્ય છે. કેટલું સ્પષ્ટ કર્યું છે, જુઓને! 'પદ્મપ્રભમલધારીદેવ', પંચમહાવ્રતધારી મહાભાવલિંગીસંત. એની ટીકા પણ અત્યારે કેટલાકને ખટકે છે, ખોટી ઠરાવવા માગે છે. હળવે હળવે 'કુંદકુંદાચાર્ય'ને ખોટી ઠરાવશે. ભાઈ! એમ તો કહેતા હતા ને? 'ફૂલચંદજી' કહેતા હતા. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ!

મુમુક્ષુ :– આ વાતને ન સ્વીકારે એ મૂળ ગાથાને નથી સ્વીકારતા.

ઉત્તર :– એવું જ છે. મૂળ ગાથાનું જ આ વિશેષ છે. સામાન્યનું વિશેષ છે, વિશેષ ન માને તો સામાન્ય માનતો નથી. એમ જ છે. શું થાય? અરેરે..!

કહે છે કે, સમ્યગ્દર્શન કોને કહેવું? ધર્મનો પહેલો અવયવ, મોક્ષનો માર્ગ–અવયવ. **'પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** લ્યો! અહીં તો મૂર્તિને અવલંબીને સમકિત થાય ને ફલાણાને લઈને સમકિત થાય ને... આવે છે ને બીજા બોલો? વેદનીયથી થાય. નથી આવતું? એ તો અહીં થયું ત્યારે નિમિત્ત કોણ (હતું), ત્યાંથી લક્ષ છૂટ્યું હતું એની વ્યાખ્યા કરી છે. વેદનાથી થાય, દેવ દર્શનથી, દેવઋદ્ધિથી થાય. લ્યો! આવે છે કે નહિ? સર્વાર્થસિદ્ધમાં ક્યાંક. એ તો નિમિત્તના કથન છે. અહીં તો ના પાડે છે, જુઓ! પરદ્રવ્યના અવલંબે સમ્યગ્દર્શન થતું નથી. સ્વદ્રવ્યને અવલંબે થયું ત્યારે લક્ષ કોનાથી છૂટ્યું હતું એ ચીજનું જ્ઞાન કરાવ્યું ત્યાં. ભારે કામ. અરે..! અર્થ કરવામાં વાંધા.

મુમુક્ષુ :– ણમો અરિહંતાણંમાં પણ આવે છે. અરિહંત એટલે અરિ–શત્રુઓનો જેણે નાશ કર્યો છે. નાસ્તિનું કથન છે.

ઉત્તર :– શું આવ્યું? નાસ્તિનું કથન છે તો શું છે? એમાંથી અસ્તિ લઈ લેવું. સ્વભાવનો આશ્રય કરે ત્યારે રાગની ઉત્પત્તિ થતી નથી એને રાગનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. એમ લઈ લેવું એમાંથી. કાર્યહિંસાની વાત છે પણ કારણ કાઢ્યું છે કે નહિ? બસ, અંદરથી અસ્તિ કાઢી છે.

**'(૧) પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષ અંતર્મુખ યોગશક્તિમાંથી ઉપાદેય...'** પોતે હવે આત્મા લીધો. સમસ્તપણે અંતર્મુખ ઉપયોગ શક્તિમાંથી. આહાહા..! **'(-ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને...)'** એમ. જ્ઞાનની દશાને અંતર્મુખ, તદ્દન અંતર્મુખ કરીને. વસ્તુના સ્વભાવ સન્મુખ કરીને. **'(અંતર્મુખ કરીને ગ્રહણ કરવાયોગ્ય) એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન (-જાણવું) તે જ્ઞાન છે.'** જુઓ! નિજ જ્ઞાન ગ્રહણ કરવાયોગ્ય કહ્યું. પર્યાયને અહીં તો ભાષા એમ છે. સમજાણું કાંઈ? **'निजपरमतत्त्वपरिज्ञानम् उपादेयं भवति ।'**

પ્રગટ કરવા લાયક છે માટે તેને ઉપાદેય કહેવામાં આવ્યું. નહિતર તો નિશ્ચયમાં ઉપાદેય તો ધ્રુવ છે પણ ધ્રુવને આશ્રયે નિઃશેષપણે, સમસ્તપણે અંતર આખો ઉપયોગ જ અંતરમાં વાળી લેવો એમ કહે છે. આહાહા..! બિલકુલ પર્યાયને અડવું નહિ, વિકલ્પને અડવું નહિ. આહાહા..! એ પર્યાયને અંતર્મુખ સંપૂર્ણપણે, સંપૂર્ણપણે એકદમ દ્રવ્ય સ્વભાવમાં વાળે તેને સમકિત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી સમ્યક્ કેમ થાય એની ખબરું ન મળે, સમ્યક્ ન મળે ને એને થઈ ગયા ચારિત્ર ને વ્રત ને તપ. અરે..! જિંદગી જાશે, ભાઈ! આવા ટાણા ફરીને મળવા મુશ્કેલ છે. બાકી દુનિયાની દરકાર મુકીને સત્ય શું છે એને સમજી લે. દુનિયા કેમ માને એની સાથે ચાલીશ તો મેળ ખાશે નહિ. મિંઢવણી કરીશ નહિ એમ આવ્યું હતું. 'રમેશ'માં પણ આવે છે.

બીજાની સાથે માર્ગની મિંઢવણી કરીશ નહિ. મિંઢવણી સમજાણું? મેળવણી. ભગવાન વીતરાગનો પરમેશ્વરનો માર્ગ એ વીતરાગના માર્ગની સાથે બીજાની સાથે મેળવીશ નહિ.

એ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય ધ્રુવ ભગવાન, એને સમસ્ત પ્રકારે અંતર ઉપયોગ કરીને પકડ. આહાહા..! સમજાણું કાંઈ? **'પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષ...'** એટલે સમસ્ત પ્રકારે એમ કહે છે. પૂરી રીતે ઉપયોગને સંપૂર્ણપણે અંતરમાં વાળીને **'યોગશક્તિમાંથી ઉપાદેય એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન...'** એમ પાછું છે. એય..! જ્ઞાનની પર્યાયને ઉપાદેય કીધી. ભાષા જુદી છે. એવું જે નિજ પરમતત્ત્વનું જ્ઞાન, એમ લીધું છે. પ્રગટ થયેલાને અહીં ગ્રહણ કરવું ને ઉપાદેય એમ લીધું છે. આહાહા..! ઝીણી વાત છે.

ભગવાનઆત્મા વસ્તુ સ્વરૂપે પ્રભુ સચ્ચિદાનંદ આનંદ સિદ્ધ સ્વરૂપ છે આત્માનું. એમાં વર્તમાન દશાને સમસ્ત પ્રકારે પરથી છોડીને, સમસ્ત પ્રકારે અંતર્મુખ કરીને. આહાહા..! 'પોપટભાઈ'! આવી વ્યાખ્યા છે. **'પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષ...'** કાંઈ પણ બાકી રાખ્યા વિના એમ કહે છે. આખા ઉપયોગને **'અંતર્મુખ યોગશક્તિમાંથી ઉપાદેય...'** સમજાણું? અંદર જોડાણ થઈને જે દશા પ્રગટ થઈ એને અહીંયાં નિજ પરમતત્ત્વનું જાણવું એને જ્ઞાન કહેવામાં આવે છે. જુઓ! જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? શાસ્ત્રને ભણ્યો હોય ને વાતું કરતો હોય કે, આનું આમ છે ને આનું આમ છે એ જ્ઞાન નહિ. એય..! 'શાંતિભાઈ'! શબ્દ નહિ, એ જ્ઞાન પણ નહિ. આહા..!

અંતર સ્વભાવમાં વર્તમાન પોતાના જ્ઞાનની દશાને સમસ્ત પ્રકારે અંતર્મુખ વાળતા બહિર્મુખ પરદ્રવ્યનું આલંબન લક્ષ છોડી દઈને, એમ કહે છે. છઠ્ઠી ગાથામાં એમ આવ્યું ને પરદ્રવ્યનું લક્ષ છોડીને ધ્રુવ સ્વરૂપની ઉપાસના કરતાં, ઉપાસના કરતાં શુદ્ધ એવો **'अभिलप्यते'** આહાહા..! મર્મ ખોલ્યા છે, હોં! મર્મ. અનુભવમાં આવે પણ એની ભાષાની શૈલીની કથન પદ્ધતિ, એને રીતને ગોઠવવાની રીત અલૌકિક!! સમજાણું કાંઈ?

કહે છે કે, સમ્યગ્દર્શન-જ્ઞાન કોને કહેવું? અહીં સમ્યગ્જ્ઞાનની પહેલી વ્યાખ્યા છે. **'પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** શાસ્ત્રનું જ્ઞાન થાય એ પણ ખરેખર પરદ્રવ્ય છે. આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન જે ધારીને થયું છે એ પણ ખરેખર તો પરદ્રવ્ય છે. એય..! આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા પણ પરદ્રવ્યમાં પરદ્રવ્યનું જ્ઞાન ને... એમાં ક્યાં આવી છે એ? આ તો વ્યાખ્યા ચાલે છે. અને તમે ઓલા છંદ પકડીને વાત કરો છો. પણ અહીં તો પરદ્રવ્ય એટલે પરશાસ્ત્રનું જ્ઞાન એને પરદ્રવ્ય કહ્યું એવી વ્યાખ્યા ન્યાં ક્યાં છે? ન્યાં તો પરદ્રવ્યને છોડવું એટલું કીધું છે. પરદ્રવ્યમાં વિહાર નહિ. પણ પરદ્રવ્યની વિહારની વ્યાખ્યા (શું)?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. કાંઈ ને કાંઈ પૂર્વે ધાર્યું છે ને એ પકડીને વાતું કરે. વિશેષ કહેશે... વખત થઈ ગયો, હોં!

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ ૯, શુક્રવાર, તા. ૫-૩-૧૯૭૧**
**ગાથા – ૩, શ્લોક - ૧૦, પ્રવચન નં. ૬**

'નિયમસાર' 'જીવ અધિકાર' ત્રીજી ગાથા. જ્ઞાન કોને કહેવું? દર્શન કોને કહેવું? અને ચારિત્ર કોને કહેવું? જે મોક્ષનો માર્ગ છે. એની વ્યાખ્યા છે. દર્શન-જ્ઞાન અને ચારિત્ર. અહીંયાં **'જ્ઞાનદર્શનચારિત્ર.'** એમ લીધું છે. જ્ઞાનની મુખ્યતા લીધી છે. જ્ઞાન-દર્શન અને ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. એનું ફળ મોક્ષ છે. જ્ઞાનદર્શનચારિત્ર કહેવું કોને?

**'(૧) પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** પરદ્રવ્યનું લક્ષ છોડી દઈને. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો, ચાહે તો શાસ્ત્ર–એકલા પાના હો, કે અંદર વિકલ્પ હ, એ બધું પરદ્રવ્ય છે. એનું અવલંબન છોડીને, એનું લક્ષ છોડી દઈને, **'નિઃશેષપણે અંતર્મુખ યોગશક્તિમાંથી ઉપાદેય એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન તે જ્ઞાન છે.'** આ શબ્દો થયા. હવે **'નિઃશેષપણે...'** એની વ્યાખ્યા કૌંસમાં સંપૂર્ણપણે આવી છે. જુઓ! કૌંસ છે ને? કૌંસ. નિઃશેષપણે એટલે સંપૂર્ણપણે. યોગશક્તિમાંથી (એટલે) ઉપયોગને ત્યાં ગણ્યો છે. યોગશક્તિમાંથી એને ઉપયોગ ગણ્યો છે. 'ચંદુભાઈ'! વાત વધારે સ્પષ્ટ આવી છે.

મુમુક્ષુ :– કૌંસમાં ઉપયોગ પહેલો શબ્દ છે ને?

ઉત્તર :– એ યોગશક્તિનો અર્થ કર્યો છે અને અંતર્મુખ એ પછી અર્થ કર્યો છે. **'(ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ઉપાદેય ગ્રહણ કરવા યોગ્ય)...'** આ શબ્દાર્થ છે. એટલે કે સંપૂર્ણપણે અંતર્મુખ ઉપયોગને જોડવાથી જે દશા પ્રગટ થાય એ ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય છે. એવા ભાવને જ્ઞાન કહેવામાં આવે છે. ફરીને, હોં! ઝટ એકદમ મુકી નહીં દેવાય. અસ્તિ-નાસ્તિ કરી. પરદ્રવ્યનું લક્ષ છોડી, સ્વદ્રવ્યમાં પોતાના ઉપયોગને અંતર્મુખ કરવો, સંપૂર્ણપણે અંતર્મુખ કરવો એમ.

**'એવું જે નિજ પરમતત્ત્વ...'** જુઓ! એ આવ્યું. નિજ પરમતત્ત્વ જે ત્રિકાળ, ધ્રુવ જ્ઞાયકભાવ એનું જાણવું તે જ્ઞાન છે. સમજાણું કાંઈ? ફરીને, મોક્ષનો માર્ગ જે સમ્યક્જ્ઞાન કોને કહેવું? ગુરુએ કહ્યું, શાસ્ત્રએ કહ્યું, જ્ઞાનીની વાણી વીતરાગની દિવ્યધ્વનિ સાંભળી અને જ્ઞાન થયું, એ જ્ઞાન? ના, એ જ્ઞાન નહિ. એ જ્ઞાન પોતાથી થયું છે. દિવ્યધ્વનિ, શાસ્ત્ર અને ગુરુની વાણી તો નિમિત્ત છે. સમજાય છે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના. આ તો બીજું કહેવું છે હજી. એ નિમિત્ત છે, છતાં અહીં જે જ્ઞાન થાય છે કે આ આમ કહે છે... આ આમ કહે છે, એ જ્ઞાન પોતાથી થાય છે. પણ એ જ્ઞાન, જ્ઞાન નહિ. કેમ?

કે જેમાં પરદ્રવ્યનું હજુ નિમિત્તપણું હતું. સમજાણું કાંઈ? એવી જે જ્ઞાનની પર્યાય અંતરમાં ક્ષયોપશમરૂપ થાય, તે નહિ. તે જ્ઞાન નહિ. આહાહા..! જ્ઞાન તો એને કહીએ, કે જે યોગ જે આત્માનો જોડાણભાવ ઉપયોગ. ત્રિકાળ વસ્તુ જે ધ્રુવ પરમત્ત્વ. અહીં છે ને? **'નિજ પરમતત્ત્વ...'** પોતાનું પરમતત્ત્વ. સર્વજ્ઞ અને દેવ-ગુરુનું નહિ. સમજાણું કાંઈ? પ્રભુ!

**'નિજ પરમતત્ત્વનું...'** યોગશક્તિને અંતર્મુખ સંપૂર્ણપણે કરવાથી, ગ્રહણ કરવાલાયક **'એવું નિજ પરમતત્ત્વનું જાણવું તે જ્ઞાન છે.'** ચર્ચા થઈ છે તો બરાબર અંદર સ્પષ્ટ થવું જોઈએ ને! 'વજુભાઈ'! ... ગયા છે. કાલે એમણે સ્પષ્ટ કરી નાખ્યું હતું કે કૌંસમાં લખ્યું છે એ બરાબર છે. કારણ કે જો આમાં એમ લઈએ કે યોગશક્તિ એટલે ત્રિકાળ. તો એ તો ગુણભેદ પડ્યો. ગુણી અને ગુણભેદ એ વ્યાખ્યા બીજા બેમાં નથી. માટે આમાં એમ કહે એ આમાં બરાબર બંધબેસતું નથી. 'નવરંગભાઈ'! સમજાય છે કાંઈ? આહાહા..!

વિકલ્પને અથવા શાસ્ત્રને સાંભળીને, દેવ-ગુરુને સાંભળીને એમણે કહ્યું એવું જે જ્ઞાન, એ પણ ખરેખર પરદ્રવ્ય છે. એના અવલંબન વિના, એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો જેને સમ્યગ્જ્ઞાન કહીએ–મોક્ષનો માર્ગ, એ જ્ઞાન તો અલૌકિક વસ્તુ છે. **'નિજ પરમતત્ત્વ...'** પોતાનું જે પરમતત્ત્વ. આ તો ભાઈ! રાત્રે હતું ને એમાંથી વિચાર આવ્યો હતો કે, નિર્ગ્રંથો તો અનંતજ્ઞાનની ઉપાસના કરે, એક ગ્રંથની નહિ. એનો અર્થ? અનંત બેહદ જ્ઞાનસ્વભાવ નિજ પરમતત્ત્વ તેની ઉપાસના નિર્ગ્રંથ કરે છે.

મુમુક્ષુ :– એ અનંતજ્ઞાન.

ઉત્તર :– એ અનંતજ્ઞાન. આહાહા..!

મુમુક્ષુ :– ઘણા ગ્રંથોની કરે એ નહિ.

ઉત્તર :– એ નહિ. ભાઈ! એમ નહિ. ભાઈ! તું વિરોધમાં પડીશ. આહાહા..! એક સમયની પર્યાયનું પણ નહિ. વસ્તુ છે ને? વસ્તુ. જેનો સ્વભાવ તો અનંત છે. સ્વભાવ છે એની હદ શી હોય. એવું બેહદ જે અનંતજ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એની ઉપાસના એ સંતોનું કાર્ય છે. સમજાણું કાંઈ? અનાદિ સર્વજ્ઞ પરમાત્મા, સર્વજ્ઞ સ્વભાવને કેળવ્યો પહેલો. સર્વજ્ઞ થયા.

**'નિજ પરમતત્ત્વ...'** નિજ પરમતત્ત્વ એટલે પરમસ્વભાવ જે ત્રિકાળ જ્ઞાયકભાવ. સમજાય છે કાંઈ? પોતાનો પરમભાવ. પરમતત્ત્વ શબ્દ છે ને? પોતાનો પરમ ભાવ, સ્વભાવભાવ, નિત્યભાવ, એકરૂપભાવ, ધ્રુવભાવ, જ્ઞાયકભાવ, એને ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને જે દશા પ્રગટ થાય તે ગ્રહણ કરવા લાયક છે અને તેને જ્ઞાન કહીએ. સમજાણું કાંઈ? હજી તો વાત પકડતા (અઘરી પડે). 'પોપટભાઈ'!, 'શાંતિભાઈ'!

એ મોક્ષના માર્ગનું કારણરૂપ જ્ઞાન, એ કોને કહેવું? એ વ્યાખ્યા ચાલે છે. પર તરફનું લક્ષ છોડી દઈ, એ પરદ્રવ્યમાં બધું આવી ગયું. દેવ-ગુરુ-શાસ્ત્ર, વિકલ્પ અને પરદ્રવ્યના લક્ષે થયેલું

જ્ઞાન. ભલે પોતાનું ઉપાદાન, એનું પણ અવલંબન છોડી દઈ. સમજાણું કાંઈ? **'સંપૂર્ણપણે...'** સંપૂર્ણપણે ઉપયોગને અંતર્મુખ કરવાથી. એટલે? કે જે વર્તમાન ઉપયોગ છે તેનો કોઈ અંશ બાહ્ય રહી જાય અને કોઈ અંતરમાં (રહે), એમ નહિ. સમજાણું કાંઈ? આ વાત જુદી. આ તો હજી મોક્ષમાર્ગની શરૂઆત માંડી છે.

'નિયમસાર'. નિયમ એટલે મોક્ષનો માર્ગ. સાર એટલે વ્યવહારરહિત. વ્યવહારના વિકલ્પરહિત. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન, પંચમહાવ્રતના વિકલ્પ છે એ વ્યવહારરહિત. સહિત નહિ. એને 'નિયમસાર' કહીએ. એ નિયમમાં ત્રણ પ્રકાર–જ્ઞાન, દર્શન અને ચારિત્ર. એમાં જ્ઞાન પહેલો મોક્ષનો માર્ગ. એ જ્ઞાન પરદ્રવ્યનું બિલકુલ અવલંબન છોડી દઈ. ભાઈ! પહેલા સાંભળ્યું હતું. એના આલંબનથી કાંઈ લાભ થશે કે નહિ? એય..! 'નવરંગભાઈ'! એય..! 'ભીખાભાઈ'! ભારે કામ આકરું.

મુમુક્ષુ :– એ પકડવા જાય ...

ઉત્તર :– કોને પકડવાથી?

મુમુક્ષુ :– જ્ઞાનસ્વભાવ.

ઉત્તર :– આહાહા..! કહે છે કે જ્યાં સર્વજ્ઞસ્વભાવી ભગવાનઆત્મા પડ્યો છે, નિજ પરમતત્ત્વ છે ને? પરમભાવ, જ્ઞાયક ત્રિકાળભાવ, એમાં વર્તમાન જ્ઞાનના ઉપયોગને પરદ્રવ્યના કોઈપણ અવલંબનથી છોડી દઈને, ભગવાન આમ કહેતા અને ભગવાનની વાણી આમ કહેતી, એવું જે જાણેલું, એ પણ છોડી દઈને. 'નવનીતભાઈ'!

મુમુક્ષુ :– ભાવઇન્દ્રિયને છોડી દઈ..

ઉત્તર :– ભાવઇન્દ્રિયનું જ્ઞાન હતું એ તો. આહાહા..! આવી વસ્તુસ્થિતિ છે. લોકોને ખબર ન મળે અને બીજા સાથે મેળવે. કહો, 'ચેતનજી'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... સંપૂર્ણપણે ઉપયોગને અહીં વાળવો. જરી પણ બહારમાં છે, એને છોડી દઈને. આહાહા..! ગજબ ટીકા કરી છે ને! આ તો મુનિ છે, હોં! આ પોતે ટીકા કરનાર આચાર્ય નથી. શ્લોક આચાર્યના છે અને ટીકા મુનિની છે. પણ મુનિ તે મુનિ છે ને! આહાહા..! પંચપરમેષ્ઠીમાં ભળેલ છે, મળેલ છે. અને તે પણ પહેલું કહ્યું છે ને? ભાઈ! આ ટીકા અમે ક્યાં કરી છે? અમે મંદબુદ્ધિ શું કરીએ? ગણધરોથી કરાયેલી એ ટીકા ચાલી આવે છે. આહાહા..! પહેલા આવ્યું છે ને? શરૂઆતમાં. પાંચમો શ્લોક છે ને? **'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?'** આહાહા..! આ અર્થ તો ગણધરોથી ચાલ્યો આવે છે. પરંપરાએ શ્રુતના ધરનારાઓએ આ અર્થ કર્યા હતા, એ અર્થ આમાં થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પાંચમો શ્લોક છે. એય..!

'દેવાનુપ્રિયા'! ન્યાં પછી રખડે. ઘણા વર્ષ દૂર થઈ ગયા. કેટલા વર્ષ થઈ ગયા? બાર. કેટલા થયા? તેર વર્ષ થયા. આહાહા..! ભગવાન! આ વસ્તુ તે પણ વસ્તુ જુઓને! ભગવાન પોતે આત્મા નિજ પરમાત્મા કહ્યું ને? એ દરેક શબ્દમાં જુદું જુદું વાપરે છે. અહીંયાં નિજ પરમતત્ત્વ, બીજામાં નિજ શુદ્ધ જીવાસ્તિકાય, ત્રીજામાં કારણ પરમાત્મા. દરેકમાં દ્રવ્ય વાપરશે, ગુણભેદ નહિ. 'વજુભાઈ'! સમજાણું કાંઈ? શબ્દોને અડીને વિચાર કરે અને સાંભળે, સમજે તો બરાબર ઠીક પડે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– તો એને ઠીક પડે કે આહાહા..! અદ્ધરથી એમ ને એમ વાંચે અને એમ ને એમ નહિ.

મુમુક્ષુ :– તો જ મહિમા આવે.

ઉત્તર :– તો મહિમા આવે. તેને ખ્યાલ આવે કે ઓહો..! આ પરમાગમના આ ભાવ! આ તો પરમાગમ છે. ટીકા એ પરમાગમ છે. અંદર આગળ કહી ગયા ને? અમારા મુખમાંથી પરમાગમ ઝરે છે. આવે છે ને? આહાહા..!

મુમુક્ષુ :– મકરંદ ઝરે છે.

ઉત્તર :– હા, જેમ ફૂલનો રસ ઝરે ને. ભમરા પેલા ફૂલનો લે ને.. શું કહેવાય? પરાગ. ભમરા ફૂલમાંથી પરાગ ચૂસેને? એમ આ પરમાગમનો પરાગ છે આ બધો. રસ છે, રસ. સમજાણું કાંઈ? થોડું પણ સત્ય અને પરમ દૃઢ હોવું જોઈએ. લાંબી લાંબી મોટી વાતું કરે એનો અર્થ છે કાંઈ? કહે છે... આ તો જરી કૌંસના શબ્દોને પણ સવારમાં મેળવ્યા, હોં! 'ચંદુભાઈ'એ પ્રશ્ન કર્યો એમાંથી આ બધું લાંબુ ચાલ્યું. તો જ ચીકણું થાય ને વધારે, ચોખવટ થાય ને. આહાહા..!

**'પરદ્રવ્યને અવલંબ્યા વિના...'** પરદ્રવ્ય શબ્દે દેવ-ગુરુ-શાસ્ત્ર, એના તરફનો વિકલ્પ, એના તરફનું થયેલું પોતાનું જ્ઞાન, એ બધું પરદ્રવ્ય છે. એનું લક્ષ છોડી, એનો આશ્રય છોડી, તેના ઉપર જે દૃષ્ટિ પડી તેને ત્યાંથી ઉઠાવી. **'નિઃશેષ...'** એટલે સંપૂર્ણપણે **'અંતર્મુખ યોગ...'** એટલે ઉપયોગમાંથી **'ઉપાદેય...'** એ ઉપયોગમાંથી નીકળેલી જે દશા તે આદરણીય છે. **'એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન...'** આહાહા..! **'એવું જે નિજ પરમતત્ત્વ...'** પરમ જ્ઞાયકભાવ ભગવાનસ્વરૂપ, તેનું જ્ઞાન. તે પણ જ્ઞાન શબ્દ નથી વાપર્યો. પરિજ્ઞાન. એ કૌંસમાં ટૂંકુ જાણવું કર્યું. **'તે જ્ઞાન છે.'** તે જ્ઞાનને મોક્ષના માર્ગનું કારણ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં તો આ બધી ભગવાનની ટોકરી વગાડે ને વાંચે-ફાચે તો એ જ્ઞાન નહિ, એમ કહે છે. 'પ્રેમચંદભાઈ'! ભારે વાત! હજી માણસને કાને ન પડી હોય એ વાત બિચારા કહે. પરાવલંબી વાતમાં પડ્યા અને માને કે કાંઈક અમે કરીએ છીએ. આહાહા..! સ્વાવલંબી વિનાના જ્ઞાનને ભગવાન જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? આ તો જેને...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બધું પરિજ્ઞાન... બધું પરિજ્ઞાન.

મુમુક્ષુ :– જ્ઞાનમાં શું ફેર પડે છે?

ઉત્તર :– કાંઈ ફેર પડતો નથી. સ્વને પકડે છે એટલું બસ. જ્ઞાન ઓછું હોય, વધારે ન હોય એનું કાંઈ નહિ. સ્થિરતા વધે છે.

મુમુક્ષુ :– જ્ઞાનમાં કાંઈ ફેર પડતો નથી?

ઉત્તર :– કાંઈ જ્ઞાનમાં ફેર પડે નહિ. કોઈકને વિશેષ થાય ભલે. પણ જ્ઞાનની એ વિશેષતા નથી. સ્વને પકડવાની જે લબ્ધિ છે તે છે, બસ થઈ ગયું.

મુમુક્ષુ :– સ્થિરતામાં ફેર, જ્ઞાનમાં ફેર નહિ.

ઉત્તર :– કાંઈ ફેર નથી. એ તો વિશેષ ભાવશ્રુતજ્ઞાન હોય તેને સમકિતને વિષે દૃઢતા કીધી છે ને? અવગાઢ સમકિત કહ્યું છે ને? દસ સમકિતમાં. જ્ઞાનના ભેદમાં બે લીધા છે. એક શ્રુતજ્ઞાનની તીવ્રતા હોય અંદરની એ સમકિત અને કેવળજ્ઞાનની. એવા બે લીધા છે. બે અપેક્ષા છે. લ્યો આ જ્ઞાન, મોક્ષના માર્ગનું જ્ઞાન. કેટલું ભણે તો આ જ્ઞાન થાય? એય... 'પ્રકાશદાસજી'!

મુમુક્ષુ :– પ્રભુ જે સમજાવે છે એવું જ્ઞાન અમારા પકડવામાં આવે તો વાત.... બાકીતો...

ઉત્તર :– અહીંયા તો પરદ્રવ્યના અવલંબન વિના કીધું છે.

મુમુક્ષુ :– એ વાત તો એમ જ છે પણ આ તો વ્યવહારે...

ઉત્તર :– અહીં તો વ્યવહારના અવલંબનનો નિષેધ છે. આ તો વીતરાગી જ્ઞાન છે. એ જ્ઞાન છે પણ વીતરાગી જ્ઞાન છે. જેને વ્યવહારની અપેક્ષા નથી. એ પહેલા આવી ગયું છે. પરમ નિરપેક્ષ મોક્ષમાર્ગ. આહાહા..! શુદ્ધ રત્નત્રય. 'નિયમસાર'માં પણ ગજબ વાતું કરી છે! ત્રણ શાસ્ત્ર તો બાહ્યમાં પ્રસિદ્ધ હતા. 'સમયસાર', 'પ્રવચનસાર' અને 'પંચાસ્તિકાય'. 'નિયમસાર' ગુપ્ત હતું એ બહાર આવ્યું. 'શ્રીમદ્'ને આ મળ્યું નથી. 'નિયમસાર' અને 'પંચાધ્યાયી' બે મળ્યા નથી. 'ટોડરમલજી'ને 'નિયમસાર' મળ્યું છે, ભાઈ! ટીકા સહિત અમે વાંચ્યું છે એમ લખ્યું છે. 'નિયમસાર' ટીકાની વાતું આવે છે.

કહે છે, એ જ્ઞાનને મોક્ષના માર્ગ તરીકે. એટલે? બંધનને છૂટવાનું આ જ્ઞાન તે જ્ઞાન છે. બીજા જ્ઞાન તો બંધનના કારણ છે. સમજાણું કાંઈ? હવે સમ્યગ્દર્શન. દર્શન–સમ્યગ્દર્શન, પરમશ્રદ્ધા કોને કહેવી? **'ભગવાન પરમાત્માના સુખના અભિલાષી...'** એનો જે કળશ લેશે એમાં તો રત્નત્રયનો આશ્રય કરીને એમ પણ કહેશે. કળશમાં. એ તો પ્રગટ કરવાનું છે ને એ અપેક્ષાએ. બાકી એનો આશ્રય નથી. પણ આશ્રયનો અર્થ જ એનો આશ્રય કરવા જાય તો એનો દ્રવ્ય ઉપર આશ્રય જાય. નિર્મળ પર્યાય આને પકડું ત્યાં શી રીતે પકડી શકે? દ્રવ્ય ઉપર જાય ત્યારે નિર્મળ પર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ? નીચે અર્થ છે. આ ટીકાનો કળશ છે. સમજાણું? આ ટીકાનો

જ કળશ છે. છતાં રત્નત્રયનો આશ્રય કરીને એમ ત્યાં કહે છે. એનો અર્થ કે નિર્મળ પર્યાય પ્રગટ કરીને મુક્તિરૂપી સ્ત્રીને વરે છે.

**'ભગવાન પરમાત્માના સુખના અભિલાષી જીવને...'** આહાહા..! આ ભગવાનઆત્મા પોતાનો, એનો જે અંતર આનંદ, અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાનઆત્મા. એવા પરમ **'સુખના અભિલાષી જીવને...'** એવા અતીન્દ્રિય આનંદ ભગવાન પરમાત્માનું સુખ, એના અભિલાષી જીવને. નથી સુખ ક્યાંય સ્ત્રીમાં, નથી પૈસામાં, નથી સ્વર્ગમાં, નથી આબરૂમાં, નથી મકાનમાં, નથી એના વિકલ્પમાં કે નથી એની એક સમયની બહારની ઉઘડેલી પર્યાયમાં. એવો ભગવાન પરમાત્મા પોતે, એના અતીન્દ્રિય આનંદનો અભિલાષી. જેને દુનિયાની કોઈપણ અનુકૂળતાની સગવડતામાં ઉલ્લસિત વીર્ય થતું નથી. ક્યાંય જેને બાહ્ય પદાર્થ પ્રત્યેની કોઈ સૂક્ષ્મ દોડમાં પણ ઠીક છે એમ લાગતું નથી. એ પરમાત્મા ભગવાનઆત્મા એના અતીન્દ્રિય સુખનો અભિલાષી થાય છે. સમજાણું કાંઈ?

**'ભગવાન પરમાત્માના સુખના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું જન્મભૂમિસ્થાન...'** ભાષા તો કેવી કરી છે! જુઓ! શુદ્ધઅંતઃતત્ત્વ, ભગવાન આનંદમૂર્તિ પ્રભુ! અતીન્દ્રિય આનંદનું ધામ ભગવાનઆત્મા. આહાહા..! શુદ્ધઅંતઃતત્ત્વ, શુદ્ધઅંતઃસ્વભાવ, એના **'વિલાસનું જન્મભૂમિસ્થાન...'** એના આનંદનું, મોજનું, ક્રિડાનું, ઉત્પત્તિનું ભૂમિસ્થાન **'નિજ શુદ્ધ જીવાસ્તિકાય...'** ઓલામાં નિજ પરમતત્ત્વ કહ્યું હતું. આમાં **'નિજ શુદ્ધ જીવાસ્તિકાય...'** નિજ શુદ્ધ જીવ પણ ન લીધો. કેમ? કે અહીં તો સર્વજ્ઞએ કહેલો જીવ એ અસ્તિ છે, અસંખ્યપ્રદેશી છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો જે આત્મા, તીર્થંકરદેવે કહેલો, એ શુદ્ધજીવ અસંખ્ય પ્રદેશી અસ્તિકાય છે. છે પણ અસંખ્યપ્રદેશી છે. 'પંડિતજી'! આહાહા..! જુઓને આ ટીકા! હવે આ ટીકાને અત્યારે કેટલાક લોકો માન્ય નથી રાખતા. એવા પોતાના પંડિતાઈના અભિમાનમાં (ચડી ગયા છે). આહાહા..! ભગવાન! શું કરે? તારી દૃષ્ટિને મેળ ન ખાય માટે ખોટું છે એમ કેમ કહેવાય? બહુ આકરું લાગે. એમ કે ક્લિષ્ટ ટીકા કરી છે. ... પણ ક્લિષ્ટ કરી છે કે રસ રેડ્યો છે ઊંચો? સ્પષ્ટ કરી નાખે છે, સ્પષ્ટ. શું થાય? જગતમાં અનેક ..., અનેક અભિપ્રાય–શલ્ય જગતમાં. એમાં અહીં આ અંતરમાં આવવું એવો જે અભિપ્રાય થવો એ મહા પુરુષાર્થ છે. પ્રભુ! સમજાય છે કાંઈ? બહારના ઓલા જોવા જાય તો કાંઈ પાર આવે એવું નથી.

કહે છે કે, **'શુદ્ધઅંતઃતત્ત્વ...'** પાછું જોયું! અંતરનો શુદ્ધઅંતઃસ્વભાવભાવ, એના આનંદની ઉત્પત્તિ ભૂમિસ્થાન, એવો **'જે નિજ શુદ્ધજીવાસ્તિકાય...'**

મુમુક્ષુ :– અંતઃતત્ત્વ કહ્યું તેને જીવાસ્તિકાય કહ્યું.

ઉત્તર :– એને જીવાસ્તિકાય (કહ્યું). શુદ્ધઅંતઃતત્ત્વના આનંદનું, મોજનું સ્થાન. આહાહા..! ભગવાનનું અંતઃતત્ત્વ, એ ક્ષેત્રમાંથી તો આનંદ ઊપજે એવું એ ક્ષેત્ર છે એમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પો તો દુઃખ છે. દુઃખ ઊપજવાનું એ સ્થાન નથી. આહાહા..! આનંદની ઉત્પત્તિનું ભૂમિસ્થાન, અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિનું ક્ષેત્ર–સ્થાન. સમજાણું કાંઈ?

**'જે નિજ શુદ્ધજીવાસ્તિકાય...'** ભગવાન પોતાનો આત્મા, નિજ શુદ્ધજીવ અસ્તિ. જીવ છે અને કાય. અસંખ્યપ્રદેશી અનંતગુણનું ધામરૂપ એક દ્રવ્ય. જુઓ! અહીંયા દ્રવ્ય લીધું છે. ત્યાં પરમતત્ત્વ લીધું હતું. અહીં પણ શુદ્ધઅંતઃતત્ત્વ અને શુદ્ધજીવાસ્તિકાય. એમ કરીને દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય એમ લીધું છે. ગુણમાંથી કે ભેદથી ઉત્પન્ન થાય એમ છે નહીં. **'તેનાથી ઊપજતું...'** શુદ્ધજીવાસ્તિકાય, જે નિજઅંતઃતત્ત્વ, જે અતીન્દ્રિય આનંદની મોજનું, ઉત્પત્તિનું ભૂમિસ્થાન, એવું જે શુદ્ધજીવાસ્તિકાય વસ્તુ **'તેનાથી ઊપજતું જે પરમ શ્રદ્ધાન...'** ભાષા જુઓ! **'પરમ શ્રદ્ધાન તે જ દર્શન છે.'** તત્ત્વાર્થશ્રદ્ધાન શબ્દ ત્યાં છે ને ભાઈ? શ્રદ્ધાન શબ્દ છે. અહીં શબ્દ 'પરમ શ્રદ્ધાન તે જ દર્શન છે.' એને સમકિત કહીએ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વને શ્રદ્ધવા, એ સમકિત નથી. સમજાણું કાંઈ? 'કારણ ગણી પ્રત્યક્ષ' 'શ્રીમદ્'માં આવે છે એ તો વ્યવહાર કહ્યો છે, પરમાર્થ નથી. 'સ્વચ્છંદ મત આગ્રહ તજી વર્તે સદ્ગુરુ લક્ષ, સમકિત તેને ભાખિયું કારણ ગણી પ્રત્યક્ષ'. ઉભા રહેવા માટે વાત કરી છે. એ સમકિત નહિ. એય..! આહાહા..! અહીંયા તો એની શ્રદ્ધા છે એનું જ્ઞાન કરવું. એનો પણ આશ્રય છોડી દઈને.

**'નિજ શુદ્ધ જીવાસ્તિકાય...'** ભગવાનઆત્મા અસ્તિ સત્તારૂપે હોવાવાળો પદાર્થ અને અસંખ્યપ્રદેશી કાય છે એ તો. અસંખ્યપ્રદેશી એની કાય છે. અસંખ્યપ્રદેશ એનું શરીર છે. સમજાણું કાંઈ? જે 'શ્રીમદ્'માં આવે છે. 'શુદ્ધ-બુદ્ધ ચૈતન્યઘન.' એ ચૈતન્યઘનને પ્રદેશમાં નાખ્યા છે. અસંખ્ય પ્રદેશનો પીંડ એને ચૈતન્યઘન કહ્યો છે. સમજાણું કાંઈ? વળી સ્થાન કહ્યું છે ને? સ્થાન કહ્યું એટલે પછી ક્ષેત્ર ભેગુ નાખ્યું. અસ્તિકાય. આહાહા..!

**'નિજ...'** નિજ શબ્દ ત્યાં વાપર્યો પાછો. કોઈ બીજા પરમાત્મા લઈ લ્યે નહિ. બીજાનો, સર્વજ્ઞનો, અરિહંતનો, સિદ્ધનો આત્મા એમ ન લઈ લે કોઈ. આહાહા..! કેટલી ધીરજ જોઈએ આમાં? એય..! 'દેવાનુપ્રિયા'! કાલે દરિયાનો દાખલો આપ્યો હતો ને? 'પ્રકાશદાસજી'! પાણી પાણી. ભરેલો દરિયો. સળી બોળી એ દરિયો ખાલી કરવો. ધીરજ જોઈએ.

મુમુક્ષુ :– ધીરજ જેટલી ગંભીરતા જોઈએને.

ઉત્તર :– ગંભીર અને ધીરજ જોઈએ. એકદમ ઉતાવળથી આમ થઈ જાય... આમ થઈ જાય... એમ નથી.

ભગવાનઆત્મા **'નિજ શુદ્ધજીવાસ્તિકાય તેનાથી ઊપજતું...'** જુઓ! સમ્યગ્દર્શન પર્યાય છે. શુદ્ધજીવાસ્તિકાય ઉત્પન્ન થતી નથી. એ તો છે. સમજાણું કાંઈ? **'તેનાથી ઊપજતું...'**

જીવાસ્તિકાયથી ઊપજતું એમ. નિમિત્તથી નહિ, વિકલ્પથી નહિ, પર્યાયથી નહિ. આહાહા..! દિગંબર સંતોની વાણી. દિગંબર સંત પરમાત્મા! અનાદિ સનાતન પંથ છે. એ કોઈ કલ્પિત કે આમ છે અને તેમ. એની સાથે બીજા સાથે એની મીંઢવણી (કરવા) જાય (તો) મેળ ખાય એવું નથી. મીંઢવણી બીજા સાથે... આવ્યું હતું કે નહિ? શેમાં આવ્યું હતું? 'રમેશ'માં. એ બધું વ્યાખ્યાનમાં આવ્યું હતું. 'મારગ જુદા જગતથી સંતના રે લોલ, જગત સાથે મીંઢવણી નવ થાય. સંત-પંથ-જગપંથથી જુદા જાણજો રે લોલ. સંત-પંથ જગપંથથી જુદા જાણજો રે લોલ. જગત સાથે મીંઢવણી ન થાય. જગત સાથે મીંઢવણી નવ થાય.' કોઈની સાથે મેળ ખાય એવું નથી એમ કહે છે.

મુમુક્ષુ :– સત્યને અસત્ય સાથે કઈ રીતે મેળ થાય?

ઉત્તર :– 'સંત પંથ, જગપંથથી જુદા જાણજો રે લોલ.' આજ કાગળ આવ્યો છે? નથી આવ્યો. યાદ નહિ... 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા રે લોલ. સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા.' અરે..! ભગવાનઆત્મામાં ચૈતન્ય દરિયો ભર્યો (છે), ત્યાં મૃગલા તરસ્યા ફરે છે. 'દોડે હાંફી ઝાંઝવા જળને કાજ.' એ વિકલ્પ અને પરની પર્યાયમાં ગોતવા જાય, મને આમાંથી સમકિત થાશે. 'દોડે હાંફી ઝાંઝવા જળની રે કાજ,' અરેરે 'સાચા વારી એને ના મળે રે લોલ. અરેરે સાચા પાણી રે એને ના મળે રે.' સારા પાણી નહિ મળે. ઝાંઝવાના પાણી. ખારી જમીનને સૂર્યના કિરણ અડતા પાણી જેવો દેખાવ લાગે. પાણી નહિ, બાપા! તારી તૃષા નહિ તૂટે. સમજાણું કાંઈ? આહાહા..! વ્યાખ્યાનમાંથી શીઘ્ર કવિ છે ઇ. અમારે 'પ્રેમચંદભાઈ'ના પૌત્ર છે. આહાહા..! ગોઠવ્યું છે બધું વ્યાખ્યાનમાંથી. આહાહા..! આવી વાત ક્યાં છે? કોની પાસે છે કે બીજા સાથે મીંઢવે? આહાહા..!

અણુવ્રત ને મહાવ્રત અને એનો પ્રચાર, એ ધર્મ. અરે..! ભગવાન! તેં શું કર્યું? ભાઈ! એ પરિણામે બાપા! ઊંડા જળમાં–ભવમાં જાવું પડશે, ભાઈ! એ ભવના આરા ત્યાં નથી. આહાહા..! ભવના આરાના કાંઠડા તો અંદર જીવાસ્તિકાય તત્ત્વ છે. સમજાણું કાંઈ? એ દુનિયા માને અને દુનિયા રાજી થાય અને દુનિયા અભિનંદન આપે એમાં કાંઈ દાળિયા થાય એવું નથી. એ કાંઈ ઘરેણે મુકાય એવું નથી કે મને બહુ માનતા હતા અને બહુ વખાણ કરતા હતા માટે કાંઈક તો અમારામાં હશે કે નહિ? આહાહા..! ભગવાન! તારામાં તો બધું જ છે, કાંઈક શું. પણ ક્યાં? પોતાના જીવાસ્તિકાય પદાર્થમાં બધું છે. આહાહા..! **'તેનાથી ઊપજતું જે પરમ શ્રદ્ધાન તે જ દર્શન છે.'** પાછું એમાં જ મુકીને. એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..!

મુમુક્ષુ :– પરમ અવગાઢ સમ્યક્ કીધું છે.

ઉત્તર :– એ તો એ બધું પરમ છે, અવગાઢ જ છે સમકિત. પરમ શબ્દમાં આવ્યુંછે ને. બધાને પરમ શબ્દ વપરાય છે. કહો, સમજાણું કાંઈ? એ પરમ શું? એ પરમ થઈને પરમાત્મા થઈ જવાનો એમાંથી. પડવાની વાત નહિ, પાછળ ફરવાની વાત નહિ. અફરગામીઓ ચાલ્યા જે પંથે

ગયા એ પંથને એણે પૂરા કર્યા. 'નવરંગભાઈ'! કાયરના તો કાળજા કંપેએવી વાતું છે. આહાહા..! વીરના વેણો અંદર માગે તીરના તાર. ભાર થઈને અંદર ઉતરી જાય. આહાહા..!

ભગવાનઆત્મા પૂર્ણ સ્વરૂપે ભરેલો ભગવાન, એની દૃષ્ટિ થતાં. એ ઉપજતું એટલે પર્યાયપણે નવું થતું. એ તત્ત્વાર્થશ્રદ્ધાન, તે પરમશ્રદ્ધાન સમકિત છે. સમજાણું કાંઈ? તે પણ ભગવાને કહેલો જીવાસ્તિકાય. બીજા જીવ-જીવ કરે અને આત્મા-આત્મા કરીને વાત કરે, એની સાથે કાંઈ મેળ ખાય એવું નથી. આવી વાત છે. અતડા પડીને, પરથી જુદા પડે ત્યારે અંદર જાય એવું છે. બે બોલ થયા.

ત્રીજો બોલ. ચારિત્ર કોને કહેવું? **'નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક...'** ભગવાનઆત્મા જ્ઞાન અને દર્શન. જાણવાના, દેખવાના સ્વભાવ સહિત. સામાન્ય-દર્શન, વિશેષ-જ્ઞાન એવી શક્તિવાળા તત્ત્વો. નિજ નિશ્ચય. જાણવું અને દર્શન સ્વરૂપ એ તો છે. એવો કારણપરમાત્મા છે. એ પરમાત્માનો સ્વભાવ પહેલો વર્ણવ્યો. એ તો નિશ્ચય જ્ઞાનદર્શનસ્વરૂપ તે કારણપરમાત્મા. પહેલામાં નિજ પરમતત્ત્વ કહ્યું હતું. બીજામાં અંતઃતત્ત્વ અને શુદ્ધ જીવાસ્તિકાય કહ્યું. અહીં કારણપરમાત્મા લીધો. ભાઈ! વસ્તુ એકની એક છે. ભગવાન કારણપરમાત્મા! કારણપરમાત્મા કોને કહે? સમજાણું કાંઈ? કારણ નિશ્ચય જે જ્ઞાન અને દર્શન, જાણવાના અને દેખવાના સ્વભાવસ્વરૂપ, એવો કારણ પરમાત્મા ધ્રુવ, નિત્ય, સામાન્ય, એકરૂપ, જ્ઞાયકભાવ એ કારણ પરમાત્મા છે. જેના કારણે મોક્ષનું કાર્ય પ્રગટે એને અહીંયાં કારણપરમાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'(૩) નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક કારણપરમાત્મામાં...'** અંતર શુદ્ધચૈતન્યઘન ભગવાન, આનંદનો અતીન્દ્રિય ધામ સ્વરૂપ, એવો **'કારણપરમાત્મામાં અવિચળ સ્થિતિ...'** ચળે નહિ એવી સ્થિતિ. **'(નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે.'** તે જ ચારિત્ર છે. વ્યવહારના પરિણામ અને વિકલ્પ એ ચારિત્ર છે નહિ. આહાહા..! ઓલા તો પંચમહાવ્રત એટલે અધ્યાત્મ થઈ ગયો, ત્યાગ થઈ ગયો જેને. અધ્યાત્મનો બીજા ... અમારો અધ્યાત્મ આવે છે. અરે..! ભગવાન! શું થાય? જગતના પ્રાણીને યોગ્યતા ન હોય તો ઉપદેશો પણ મળે નહિ. આ તો પરમાત્માના પંથે પડવાનો માર્ગ છે. એ કાંઈ કાયરના કામ નથી. આહાહા..! અરે..! અમારી સાથે કોઈ હા પાડનારા ન મળે. એકલો જા ને. ઓલામાં નથી આવતું? એકલો જા ને તું એક... ક્યાંક ચોપડીમાં આવે છે.

મુમુક્ષુ :- જન્મ મરણમાં તારે કોઈનો સાથ નથી.

ઉત્તર :- તારે કોઈ સાથ ન હોય તો એકલો જા ને. 'આનંદઘનજી' પણ કહે છે. તારે કોઈ ન સાથ. 'દીઠો દીઠાય કરી માર્ગ પંથ, તેનું કોઈ ન થાય, અભિનંદન જિન દર્શન તરસીયે, ...' કોઈ થાબડભાણા કરીને થાબડ મારે કે વાહ! માર્ગ તારો, એવો કોઈ મળતો નથી, કહે છે. મારે શું કરવું? 'ધીઠાય કરી ... ' મારે માર્ગે છે હું. દુનિયા ગમે તે માને. 'પ્રેમચંદભાઈ'! 'આનંદઘનજી'માં આવે છે. 'દર્શન-દર્શન દોહ્યલું...' આહાહા..!

કહે છે અવિચળ સ્થિતિ. આહાહા..! ધ્રુવ ભગવાનઆત્મા. એમાં ચળે નહિ એવી રમણતા– સ્થિતિ, એને અહીંયાં ચારિત્ર કહે છે. એય..! 'પ્રકાશદાસજી'! લ્યો, આ ચારિત્ર. આહાહા..! આ તો કહે, પંચમહાવ્રત પાળો, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહપણું. એ પણ એનું માનેલું પાછું. આહાહા..! અમે ચારિત્રી થયા છીએ અને અમારે ચારિત્ર એ ધર્મ છે. એ અમારો અધ્યાત્મ ધર્મ છે પાછો એમ કહે. એ શબ્દ પેલા તુલસી વાપરે છે. આ અધ્યાત્મ માર્ગ છે, એમ કહે. અરે..! અધ્યાત્મ કોને કહેવું? ભાઈ! બાહ્ય ત્યાગ નહિ અને પ્રવૃત્તિ હોય ને.

મુમુક્ષુ :– વિશ્વકલ્યાણ...

ઉત્તર :– વિશ્વકલ્યાણ. આત્માનું નહિ ને?

'કારણપરમાત્મામાં અવિચળ સ્થિતિ...' અંદર ભગવાન આનંદનો ધામ પ્રભુ! અતીન્દ્રિયરસની કાતળી આત્મા, એમાં નિશ્ચલપણાની લીનતા, એને ભગવાન ચારિત્ર કહે છે. એ ચારિત્ર તે મોક્ષનું કારણ છે. દેહની ક્રિયા નહિ, પંચમહાવ્રતના વિકલ્પ એ કાંઈ ચારિત્ર નથી અને મોક્ષનું કારણ એ છે નહિ.

મુમુક્ષુ :– 'ચારિત્ર ખલુ ધમ્મો' એ ચારિત્ર.

ઉત્તર :– .. એવું આ છે. ધારીને શું છે? 'દંસણ મુલ્લો ધમ્મો' ચારિત્ર છે. ધમ્મો એ ચારિત્ર છે. ચારિત્રનું મૂળ દર્શન છે.

મુમુક્ષુ :– ક્યું ચારિત્ર એ અમારે વિચારવાનું.

ઉત્તર :– શું વિચારે? એ ચારિત્ર આ. તમારે વિચારવાનું શું?

મુમુક્ષુ :– પંચમહાવ્રત..

ઉત્તર :– એને ચારિત્ર કોણે કીધું? એને માટે તો વાત ચાલે છે. ટીખળ ... છે. નારદ છે ને. સમજે છે કે પંચમહાવ્રત ચારિત્ર નથી. પણ અમારે સમજવાનું કાંઈ? અમારે સમજવાનું એટલે શું? આ જ ચારિત્ર છે. પંચમહાવ્રતના વિકલ્પ પણ મુનિને હોય ખરા એ ચારિત્ર નથી. નિશ્ચયચારિત્ર આવું હોય ત્યાં પૂર્ણ દશા ન હોય અને પંચમહાવ્રતના વિકલ્પ આવે. પણ એ તો બંધનના કારણ છે. ચારિત્ર નહિ. કહો, સમજાણું કાંઈ? ત્રણે સંપ્રદાયમાં એનો તો મોટો ગોટો છે. આહાહા..! મહાવ્રતધારી છે, ભાઈ! મહાવ્રતધારી છે. શેના મહાવ્રતધારી? ક્યાં હતા? મહાવ્રતધારી કોને કહેવું એ ખબર નથી હજી. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, એ ત્રણની વ્યાખ્યા થઈ—જ્ઞાન-દર્શન અને ચારિત્રની.

**'આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ નિયમ...'** લ્યો! 'નિયમસાર' છે ને આ? **'આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ નિયમ...'** જુઓ! ત્રણનું એક કહી દીધું. એ **'નિર્વાણનું કારણ છે.'** એ મોક્ષનું કારણ છે. નીચે છે ને બગડો. **'કારણના જેવું જ કાર્ય થાય છે;...'** છે ને નોટ. **'તેથી સ્વરૂપમાં**

**સ્થિરતા કરવાનો અભ્યાસ જ..'** સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ, અતીન્દ્રિય આનંદ ભગવાનમાં રમવાનો અભ્યાસ **'ખરેખર અનંત કાળ સુધી સ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે.'** અંતર આનંદમાં સ્થિર થવું. એ અનંતકાળ સ્થિર થઈ જશે પછી. અનંતકાળ સ્થિર થવાનો એ ઉપાય છે. સમજાણું કાંઈ?

**'તે નિયમ શબ્દને...'** હવે સારની વ્યાખ્યા કરે છે. આ નિયમની વ્યાખ્યા કરી. સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર એ નિયમ છે. હવે એને 'નિયમ સાર' શબ્દ કેમ કહ્યો? **'વિપરીતના પરિહાર અર્થે 'સાર' શબ્દ જોડવામાં આવ્યો છે.'** નીચે ત્રગડો. **'વિપરીત = વિરુદ્ધ. [વ્યવહારરત્નત્રયરૂપ વિકલ્પોને–પરાશ્રિત ભાવોને–બાતલ કરીને...]'** કારણ કે એ વિપરીત છે. આ ઠેકાણે કેટલાક વિપરીતનો અર્થ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર કરે છે. પણ ઘણે ઠેકાણે અંદર પાછળથી આવ્યું છે કે નિશ્ચયથી વ્યવહાર વિપરીત છે. સમજાણું કાંઈ? અંદરમાં ઘણે ઠેકાણે. એક 'હિંમતભાઈ'એ ચોક્ખી વાત મૂકી છે.

**'[વ્યવહારરત્નત્રય વિકલ્પોને–પરાશ્રિત..]'** છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ રાગ છે, શાસ્ત્રનું જ્ઞાન એ રાગ વિકલ્પ છે અને પંચમહાવ્રતના વિકલ્પો એ પણ રાગ છે. એવો જે વ્યવહારરત્નત્રય સ્વરૂપ ભેદો, **'પરાશ્રિત ભાવોને—બાતલ કરીને...'** એ વ્યવહાર નહિ. વ્યવહાર મોક્ષમાર્ગ છે નહિ. **'માત્ર નિર્વિકલ્પ જ્ઞાનદર્શનચારિત્રનો જ – શુદ્ધરત્નત્રયનો જ સ્વીકાર કરવા અર્થે...'** લ્યો, ઠીક. માત્ર નિર્વિકલ્પ રાગ વિના, વિકલ્પ વિના, વસ્તુના સ્વરૂપની વીતરાગી નિર્વિકલ્પ દશા, એવું જે નિર્વિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ દર્શન અને નિર્વિકલ્પ ચારિત્રનો જ. એટલે કે **'શુદ્ધરત્નત્રયનો જ...'** એમ. નિર્વિકલ્પ જ્ઞાનદર્શનચારિત્ર કહો કે શુદ્ધરત્નત્રય કહો. **'સ્વીકાર કરવા અર્થે..'** એ જ મોક્ષનો માર્ગ છે. **'નિયમ સાથે સાર શબ્દ જોડ્યો છે.'** પાઠમાં છે ને. **'विपरीतपरिहारार्थं भणितं खलु सारमिति इति वचनं'** સમજાણું કાંઈ? આમાં પણ બધા વાંધા. વિપરીતના ઘણા અર્થ આવશે. નિશ્ચયઅર્થથી વ્યવહાર વિપરીત છે. નિશ્ચયરત્નત્રયથી વ્યવહારરત્નત્રય વિપરીત છે. આવશ્યક, ક્રિયા એવા ઘણા બોલ છે. આમાં લખ્યા છે. ૧૭૬, ૧૪૯, ૧૭૫. ઘણા હતા. આ તો મેં ૪૩, ૮૨, ૮૬, ૯૭. અહીંયા તો આપણે એકનું કામ છે ને. બધા ઘણા બોલ લખ્યા છે.

નિશ્ચય અને વ્યવહાર વિરુદ્ધ છે. નહિતર બે ભેદ કેમ પડે? એના ફળ પણ વિરુદ્ધ છે. નિશ્ચયરત્નત્રયનું ફળ મોક્ષ છે અને વ્યવહારનું ફળ બંધ છે. નિશ્ચયરત્નત્રય નિર્વિકલ્પદશા છે અને વ્યવહાર એ રાગ છે. રાગ બંધનનું કારણ છે. નિર્વિકલ્પદશા મોક્ષનું કારણ છે. આહાહા..! માટે વ્યવહારને રદ કરવા **'સાર શબ્દ જોડવામાં આવ્યો છે.'** એનો કળશ કહેશે, લ્યો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ ૧૦, શનિવાર, તા. ૬-૩-૧૯૭૧**
**ગાથા – ૪, શ્લોક – ૧૧, પ્રવચન નં. ૭**

'જીવ અધિકાર' એનો ૧૦મો કળશ છે.

**इति विपरीतविमुक्तं रत्नत्रयमनुत्तमं प्रपद्याहम्।**
**अपुनर्भवभामिन्यां समुद्भवमनंगशं यामि ।।१०।।**

એ ટીકા થઈ ગઈ છે એનો ટૂંકામાં પાછો કળશ કર્યો છે. **'એ રીતે હું...'** પોતે મુનિ પોતાની વાત કરીને વસ્તુની સ્થિતિ સિદ્ધ કરે છે. **'વિપરીત વિનાના...'** એટલે? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ છે અને પંચમહાવ્રતનો આ જે વિકલ્પ છે કે શાસ્ત્રના ભણવાનો, જાણવાનો જે વિકલ્પ છે, એ બધો વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. એનાથી રહિત. **'વિપરીત વિનાના...'** એટલે વ્યવહારના રાગ વિનાનો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? માથે આવી ગયું છે.

**'(વિકલ્પરહિત) અનુત્તમ રત્નત્રયનો આશ્રય કરીને...' 'જેનાથી બીજું કાંઈ ઉત્તમ નથી એવું; સર્વોત્તમ; સર્વશ્રેષ્ઠ.'** એટલે? આત્મા પૂર્ણ અખંડ આનંદ સ્વરૂપ છે, એની સ્વના દ્રવ્ય આશ્રયની, સ્વસન્મુખ થઈને નિર્વિકલ્પ – વિકલ્પના ભેદ વિનાની, નિર્વિકલ્પ શ્રદ્ધા, વિતરાગી પર્યાય પ્રગટ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? વસ્તુ વીતરાગમૂર્તિ આત્મા છે. નિર્વિકલ્પ રસ ચૈતન્યઘન આત્મા (છે), એની અંતર સન્મુખ થઈને, વ્યવહારના વિકલ્પથી રહિત એવો અનુત્તમ સમ્યગ્દર્શન... અનુત્તમ એટલે? ઉત્તમમાં ઉત્તમ. ઊંચું. એમ. એનાથી બીજું કોઈ ઊંચું નથી. આત્માનો ધ્રુવ ચૈતન્ય સ્વભાવ અભેદ આનંદ, એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની રમણતા એ ત્રણે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એથી **'વિપરીત વિનાના...'** એમ કહ્યું છે. એના અર્થમાં કેટલાક કહે છે કે વિપરીત મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર વિપરીત છે. એનાથી રહિત આ. કેટલાક એમ અર્થ કહે છે. અહીં એમ અર્થ નથી. સમજાણું કાંઈ? નીચે અર્થ કર્યો છે. **'વિપરીત = વિરુદ્ધ.'** છે ને? પહેલા આવી ગયું છે ને? એ જ અહીં છે. **'વ્યવહારરત્નત્રયરૂપ વિકલ્પોને–પરાશ્રિત ભાવોને—બાતલ કરીને માત્ર નિર્વિકલ્પ જ્ઞાનદર્શનચારિત્રનો જ – શુદ્ધરત્નત્રયનો જ સ્વીકાર કરવા અર્થે 'નિયમ' સાથે 'સાર' શબ્દ જોડ્યો છે.'** એ કાલે આવી ગયું છે. ભગવાનઆત્મા અભેદ ચૈતન્ય ધ્રુવ, એનું સમ્યગ્દર્શન એટલે નિર્વિકલ્પ આત્માના આનંદના અનુભવમાં એની પ્રતીતિ અને એ આત્માનું સ્વસંવેદન — સ્વ-પોતાના જ્ઞાનનું, સં–પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન એ જ્ઞાન અને સ્વરૂપમાં લીનતા

અરાગી ચારિત્ર પરિણતિ એ ચારિત્ર. એનાથી ઉત્તમ કોઈ ચીજ છે નહિ. વ્યવહારરત્નત્રય છે એ ઉત્તમ નથી. ઝીણી વાત છે.

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના વિકલ્પ વગેરે એ બધો દોષભાવ છે. એ દોષભાવથી રહિત વસ્તુના સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને અનુભવ રમણતા એ એક જ ઉત્તમ છે (એનાથી બીજો કોઈ ઉત્તમ નથી.) એવો ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ, એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી જે દશા (થાય), એ જ જીવને કરવાલાયક અથવા તે આશ્રય કરવા લાયક છે. સમજાણું કાંઈ? આહાહા..!

એને કરીને **'મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્ભવતા અનંગ સુખને પ્રાપ્ત કરું છું.'** હું તો, એમ કહે છે. એ મુક્તિરૂપી, પૂર્ણ આનંદની દશારૂપી મુક્તિ, એનાથી **'ઉદ્ભવતા અનંગ (અશરીરી, અતીન્દ્રિય...)'** સુખ. આત્માનું અતીન્દ્રિય સુખ જે આત્મામાં છે, એને હું આવા રત્નત્રય દ્વારા પર્યાયમાં અતીન્દ્રિય સુખને હું પ્રાપ્ત કરું છું, એમ કહે છે. સમજાણું કાંઈ? બધા શબ્દો ગ્રીક, લેટિન જેવા લાગે. અજાણ્યા માણસને તો આ માર્ગની રીત શું થાય? માર્ગ તો આ છે. કોઈ દિ' એણે પરિચયમાં લીધો નથી, સાંભળ્યો નથી. એટલે અનુભવમાં તો આવ્યો નથી. એટલે એને લાગે કે આ શું છે? આવો કેવો ધર્મ? પરના ત્યાગ-ગ્રહણનો વિકલ્પ પણ જેમાં નથી. એવો જે આત્મસ્વભાવ, એનું અંતર શરણ લઈને જે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર, નિર્વિકલ્પ દશા (પ્રગટ થાય) તે જ કર્તવ્ય છે અને તે જ **'આશ્રય કરીને મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્ભવતા અનંગ (અશરીરી,...)'** શરીર વિનાની દશા. અતીન્દ્રિય આનંદની દશા એનાથી પ્રાપ્ત થાય છે. છે ને? **'मनंगशं यामिः'** એમ છે ને? **'समद्भवमनंगशं'** સંસ્કૃત છે. **'सम'**–સુખ. **'અતીન્દ્રિય સુખને હું પ્રાપ્ત કરું છું.'** કેમ? કે, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર એ અતીન્દ્રિયસુખ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..! ભગવાનઆત્મા, એનો સમ્યગ્દર્શનનો ભાવ, સમ્યક્જ્ઞાનનો ભાવ, સમ્યક્ચારિત્રનો ભાવ એ અતીન્દ્રિય આનંદના સુખરૂપ ભાવ છે અને એ દ્વારા હું પૂર્ણ અતીન્દ્રિય આનંદના સુખને પ્રાપ્ત કરું છું, એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો આનંદને પ્રાપ્ત કરું છું એમ લઈ લીધું છે. મુક્તિના સુખને હું પ્રાપ્ત કરું છું. માર્ગ તે માર્ગ એવો છે, ભાઈ! કહે છે કે જે મોક્ષમાર્ગને વ્યવહાર અડતો પણ નથી અને નિશ્ચયમોક્ષમાર્ગ એ વ્યવહારને છૂતો (અડતો) પણ નથી. 'પ્રેમચંદભાઈ'! એવો માર્ગ છે. આહાહા..!

એવા અતીન્દ્રિય આનંદની દશા. વ્યવહારરત્નત્રય તો દુઃખરૂપ ભાવ છે, વિકલ્પ છે. આહાહા..! શુભભાવ છે એ તો, એ તો કષાય છે. 'બાલચંદજી'! શુભભાવ. ભગવાનની ભક્તિ, ભગવાનની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, ભગવાન ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં (કરે)

એ બધો વિકલ્પ રાગ–કષાય છે. કારણ કે પરદ્રવ્ય છે ને? પરદ્રવ્યનું જ્યાં લક્ષ જાય છે એટલે એને વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એના **'મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્‌ભવતા...'** ઉત્પન્ન થતાં. **'અતીન્દ્રિય સુખને (હું) પ્રાપ્ત કરું છું.'** મોક્ષમાર્ગ તો આ છે. એ સિવાય બધા વ્યવહારના કથનો જાણવા લાયક છે, આદરવા લાયક છે નહિ. વીતરાગ પોતે એમ કહે કે અમને માનવાથી અને અમારી સામું જોવાથી તને રાગ થશે. 'સુમેરુમલજી'! એવા વિકલ્પનો આશ્રય કર્યા વિના વિકલ્પને બાતલ કરી દેજે. ભગવાનઆત્મા અતીન્દ્રિય સહજ સુખ છે. એમાંથી થતી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એ પણ અતીન્દ્રિય આનંદના સુખરૂપ દશા છે. અતીન્દ્રિય આનંદનો એ મોક્ષમાર્ગ એ સ્વાદ છે. એનાથી અતીન્દ્રિય પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય છે. બરાબર છે? આહાહા..! એ ત્રણ ગાથાથઈ.

ચોથી.

**णियमं मोक्खउवाओ तस्स फलं हवदि परमणिवाणं ।**

લ્યો. **परमणिवाणं** કોઈએ પૂછ્યું નહોતું કે આ પરમ શું કીધું? પરમ. પરમશ્રદ્ધાન. એ તો નિર્મળ સમ્યગ્દર્શન એ પરમશ્રદ્ધાન છે. અહીંયાં મોક્ષ એ પરમ નિર્વાણ.

**णियमं मोक्खउवाओ तस्स फलं हवदि परमणिवाणं ।**
**एदेसिं तिण्हं पि य पत्तेयपरूवणा होई ।।४।।**

નીચે હરિગીત.

**છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;**
**વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.**

**અન્વયાર્થ :– 'રત્નત્રયરૂપ નિયમ એ મોક્ષનો ઉપાય છે.'** નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રત્નત્રય તે મોક્ષનો ઉપાય છે. **'તેનું ફળ પરમ નિર્વાણ છે.'** તેનું ફળ મુક્તિ છે. **'વળી...'** આ કેમ આપ્યું? એનો જરી અર્થ કર્યો છે. પંડિતજીએ ખુલાસો કર્યો છે. કે **'(ભેદકથન દ્વારા અભેદ સમજાવવા અર્થે)'** એમ ખુલાસો કર્યો છે. નહિતર તો ત્રણનું કથન કરીશ, શબ્દો તો એમ છે. **'આ ત્રણનો ભેદ પાડીને જુદું જુદું નિરૂપણ હોય છે.'** એમ છે ને? પણ એનો અર્થ–ખુલાસો કર્યો કે ભેદથી અભેદ સમજાવવા ભેદનું કથન કરીશ. સમજાણું કાંઈ? 'સમયસાર' આઠમી ગાથાની શૈલી લીધી. ભેદકથન દ્વારા વ્યવહાર સમકિત એ વિકલ્પ છે, ભેદ છે. એ દ્વારા આ અભેદ ચીજ છે એ સમજાવવા માટે ભેદથી કથન કરીશ એમ કહે છે.

**'ભેદ કથન દ્વારા અભેદ સમજાવવા...'** સમજાવવું છે તો અખંડ, અભેદની દૃષ્ટિ-જ્ઞાન અને રમણતા પણ ભેદથી વિકલ્પથી એને સમજાવે છે કે જો આ આત્મા, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને રમણતા એ મોક્ષમાર્ગ છે, એમ ભેદથી સમજાવે છે. ભેદ આદરણીય નથી. સમજાણું કાંઈ?

સમજાવનારને પણ આદરણીય નથી અને સમજનારને પણ આદરણીય નથી. પણ ભેદ દ્વારા એને સમજાવે છે કે આ આત્માનું જ્ઞાન, આ આત્માનું દર્શન અને ચારિત્ર નિર્વિકલ્પ તે મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

પહેલા ત્યાં તો ના પાડી હતી કે, વ્યવહારના પરિહાર અર્થે સાર શબ્દ યોજેલ છે. વિપરીતના પરિહાર અર્થે. અહીં કહે છે કે એ વિપરીતપણું ભેદ પાડીને શું કરવા કહેશું? અભેદને સમજાવવા ભેદને કહેશું, એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહાર સમકિત અને વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર એ બધા ભેદો નિશ્ચયને સમજાવવા એ નિમિત્તનું કથન છે. વ્યવહાર વ્યવહારને સમજાવવા માટે નહિ એમ કહે છે. ૮મી ગાથામાં પણ એમ આવે છે ને? વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત, એ વ્યવહાર નિશ્ચયને સમજાવે છે. પરમાર્થ વસ્તુ અભેદને સમજાવે છે. વ્યવહાર વ્યવહારને સમજાવે છે એમ નહિ. ભેદ પાડીને કથન અભેદને સમજાવે છે. અભેદનું જ્ઞાન થતાં ભેદ શું છે એવું એને જ્ઞાનમાં આવી જાય છે. ભેદનું જ્ઞાન કરવા માટે નવો પ્રયાસ નથી. ભેદ દ્વારા અભેદનું ભાન થતાં, અભેદના જ્ઞાનમાં, ભેદ વિકલ્પ શું છે? એનું જ્ઞાન, આ આમાં નથી, એમ નાસ્તિપણે જ્ઞાન આવી જાય છે. આહાહા..! **'આ ત્રણનું ભેદ પાડીને જુદું જુદું...'** એમ છે ને? **'प्रत्येक'** પ્રત્યેકનો અર્થ ભેદ પાડીને. પ્રત્યેક એટલે જુદું જુદું કરીને. જુદું નિરૂપણ કરશું.

**'ટીકા :– રત્નત્રયના ભેદો પાડવા વિષે...'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને વ્યવહારથી સમજાવવા માટે **'અને તેમનાં લક્ષણ વિષે આ કથન છે.'** વ્યવહારનું લક્ષણ, હોં! વ્યવહારના ભેદો પાડવા માટે અને તેમનાં લક્ષણ વિષે. તેમનું એટલે વ્યવહારનું લક્ષણ શું? એ માટે આ ગાથા છે.

**'સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ તે મોક્ષ છે.'** મોક્ષની વ્યાખ્યા. મોક્ષ એટલે શું? આમ તો મોક્ષ એટલે મુકાવું થયું. **'સમસ્ત કર્મના નાશથી...'** મોક્ષ તો મુકાવાના અર્થમાં છે. સર્વ કર્મના નાશથી. અસ્તિ લીધી પાછી. **'સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ...'** અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મા છે એની અતીન્દ્રિય આનંદની પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિમાં આ આનંદનો લાભ, મહા અતીન્દ્રિય આનંદનો પૂર્ણ લાભ **'સાક્ષાત્ મેળવાતો...'** આહાહા..! સમજાય છે કાંઈ? **'મહા આનંદનો લાભ તે મોક્ષ છે.'** એમ અસ્તિથી સિદ્ધ કર્યું છે. પહેલી વ્યાખ્યા કરી. મોક્ષ શબ્દ છે. સમજાણું? **'णियमं मोक्खउवाओ'** એમ છે ને? એટલે મોક્ષની વ્યાખ્યા કરી. સમસ્ત કર્મના નાશથી મુકાણો. મુકાણો–સર્વ કર્મથી છૂટ્યો. પણ છૂટ્યો ત્યારે થયું શું?

**'સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ...'** એટલે? શક્તિમાં, સ્વભાવમાં તો મહા આનંદ હતો. ભગવાનઆત્મા મહા અતીન્દ્રિય આનંદરૂપ જ છે. પણ સાક્ષાત્ મેળવાતો–પર્યાયમાં આનંદ પ્રાપ્ત થતો એમ કહે છે. સમજાણું કાંઈ? અરે..! આવો ધર્મ! **'સાક્ષાત્ મેળવાતો...'** પ્રગટ દશામાં પ્રાપ્ત થતો **'મહા આનંદનો લાભ...'** લ્યો! આ લાભ સવાયા. આ વાણિયા લખે ને? 'પોપટભાઈ' લાભ સવાયા નાખે ને તમારે? ચોપડામાં અને બધામાં ને કમાડમાં (બારણામાં) લખે ને? કમાડમાં

(બારણામાં) લખે. ધૂળમાં પણ ત્યાં લાભ નથી. ધૂળનો લાભ એ તો ક્યાં એને આવે છે? મમતાનો લાભ છે ત્યાં. આ તો પૂર્ણ વીતરાગ સમતાના આનંદનો લાભ. સમજાણું કાંઈ? ભાષા તો જુઓ! ટીકા પણ કેવી થઈ છે!

**'णियमं मोक्खउवाओ'** એમ કહેવું છે ને? **'નિયમ છે તે મોક્ષનો ઉપાય છે.'** ત્યારે મોક્ષ એટલે શું? એમ. નિયમ (એ) મોક્ષનો ઉપાય છે અને **'તેનું ફળ તે પરમ નિર્વાણ..'** મોક્ષ એટલે શું? એમ. બધા કર્મનો અભાવ થઈને, નાશ થઈને, મહા આનંદનો સાક્ષાત્ મેળવાતો (પૂર્ણ આનંદ). અતીન્દ્રિય આનંદસ્વરૂપ તો ભગવાનઆત્મા છે જ. એને પર્યાયમાં પ્રત્યક્ષ–સાક્ષાત્ પ્રગટ (મેળવાતો). આ સાક્ષાત્ ભગવાન ભેટ્યા, એમ નથી કહેતા? આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ તો પ્રભુ અનાદિથી છે. એને વર્તમાન દશામાં સાક્ષાત આનંદનો લાભ. સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ, એનું નામ અસ્તિપણે મુક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'શ્રીમદ્'માં એમ કહ્યું, 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા.' ત્યાં એ અસ્તિથી લીધું. મોક્ષ શબ્દમાં મુકાવું આવે છે. એટલે આમાં જરી પહેલું લીધું કે કર્મથી, અપૂર્ણ દશાથી છૂટતાં, પૂર્ણ દશાની પ્રાપ્તિ, સાક્ષાત્ અતીન્દ્રિય આનંદનો લાભ (થવો) એને મોક્ષ કહેવામાં આવે છે. આ સંસારનો લાભ એ દુઃખ કહેવામાં આવે છે, એમ કહે છે. દુઃખ. ચાહે તો રાગ ગમે તે પ્રકારનો હો, પણ એ રાગનો લાભ એ દુઃખનો લાભ છે. આહાહા..! આકુળતા છે. આ તો સાક્ષાત્ મેળવાતો. એટલે પ્રાપ્ત થતો નવો. એમ કહે છે ને? સ્વભાવમાં તો છે પણ પર્યાયમાં પ્રાપ્ત થતો. મેળવાતો એમ શબ્દ મુક્યો છે ને? **'महानन्दलाभः'** અરે...! એના ઘરની વાતું પણ મોટી જ આવે છે. સમજાણું કાંઈ?

**'તે મહા આનંદનો ઉપાય...'** પહેલી મોક્ષની વ્યાખ્યા કરી. હવે **'णियमं मोक्खउवाओ'** એમ શબ્દ છે ને? નિયમ એટલે મોક્ષનો ઉપાય. મોક્ષ એટલે સાક્ષાત્ મહા આનંદનો મેળવાતો લાભ તે મોક્ષ. હવે એનો ઉપાય એટલે? **'પૂર્વોક્ત નિરુપચાર રત્નત્રયરૂપ પરિણતિ છે.'** પૂર્વે કહેલી નિરુપચાર–જેમાં ઉપચાર નથી, વાસ્તવિક્તા છે. સમજાણું કાંઈ? નિર-ઉપાચર. ઉપચાર નહિ, નિરુપચાર. વાસ્તવિક ભગવાનઆત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ચારિત્ર એ નિરુપચાર રત્નત્રય છે. જેમાં ઉપચાર નથી પણ વાસ્તવિક્તા છે, યથાર્થતા છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર વિકલ્પ જે મોક્ષમાર્ગ કહેવાય એ ઉપચારીક છે, અવાસ્તવિક છે, અયથાર્થ છે. વીતરાગનો માર્ગ, વીતરાગ સર્વજ્ઞનો કહેલો અનંતકાળમાં એણે બરાબર સાંભળ્યો નથી. એમ ને એમ વેઠું કરી છે. સમજાણું કાંઈ? ધર્મને નામે વેઠું (કરી).

પૂર્વોક્ત નિરપેક્ષ શુદ્ધ રત્નત્રય કહ્યું હતું ને? **'નિરુપચાર રત્નત્રયરૂપ પરિણતિ...'** જોયું! પરિણતિ એટલે પર્યાય થઈ. નિશ્ચયમોક્ષમાર્ગ આત્માની નિર્દોષ નિર્વિકારી દશા છે. એ ગુણ નથી. ગુણ અને દ્રવ્ય તો અવિનાશી ત્રિકાળ હોય છે અને મોક્ષનો માર્ગ અને મોક્ષ એ તો પર્યાય છે.

આહાહા..! એ શું વળી? મોક્ષ પણ એક પરિણતિ છે, પર્યાય છે, ગુણ નથી. એમ એ મોક્ષના માર્ગની પર્યાય–પરિણતિ એ અવસ્થા છે, પરિણતિ છે. **'રત્નત્રયરૂપ પરિણતિ છે.'** ઘણા કહે છે, નિશ્ચયસમ્યગ્દર્શન તો ગુણ છે. એને તમે પર્યાય કેમ કહો છો? સિદ્ધમાં સમ્યગ્દર્શન આદિ આઠ ગુણ પ્રગટ્યા એમ કહ્યું છે. એ ગુણ એટલે પર્યાય. ગુણ પ્રગટતા હશે? ગુણ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? અવગુણ–અજ્ઞાન હતું, એનો નાશ થઈને ગુણ પ્રગટ્યા એમ કહેવામાં આવે છે. બાકી તો પ્રગટી છે પર્યાય. આહાહા..! અવસ્થા પ્રગટે છે ને? કે ગુણ પ્રગટે છે? ગુણ તો ત્રિકાળ. અનાદિઅનંત અવિનાશી જેમ દ્રવ્ય છે, એવા અનાદિઅનંત એના ગુણો છે. પર્યાય તો નવી પ્રગટ થાય છે. સિદ્ધની પર્યાય પણ સાદિ અનંત છે, કાળથી સરખી રહે તો. એક એક સમયની અવસ્થા જુદી જુદી ગણવામાં આવે છે. ભેગી ગણવામાં આવે તો સાદીઅનંત. પણ એ કાંઈ અનાદિઅનંત નથી. અનાદિઅનંત તો આત્મા અને અનાદિઅનંત એના જ્ઞાન-દર્શન આદિ ગુણો (છે). એનો આશ્રય લઈને પ્રગટ થતી પર્યાય એ પરિણતિ છે. કહો સમજાણું કાંઈ?

વળી, **'આ ત્રણનું–જ્ઞાન,...'** **'વળી (નિરુપચાર રત્નત્રયરૂપ અભેદપરિણતિમાં...)'** શું કહે છે? જે આત્માનો ત્રિકાળી સ્વભાવ, એના અવલંબનથી–આશ્રયથી શક્તિમાંથી પ્રગટ થતી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી જે અભેદ પરિણતિ. **'નિરુપચાર...'** ઉપચાર નહિ, આરોપ નહિ, યથાર્થ અવસ્થા. એમાં **'અંતર્ભૂત રહેલા...'** એમાં અંતર્ભૂત રહેલા. એ તો જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણ છે.

**'આ ત્રણનું–જ્ઞાન, દર્શન અને ચારિત્રનું જુદું જુદું નિરૂપણ હોય છે.'** એટલે ભેદથી કથન કરશું. છે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ નિર્મળ (અવસ્થા). એ ત્રણમાંથી. ત્રણને બતાવવા વ્યવહારથી એનું કથન કરશે. સમજાણું કાંઈ? પેલામાં એમ આવ્યું. ત્રણ આવ્યું હતું ને પહેલા? આપણે કહ્યું હતું. ૯ મું પાનું. બસ એ. એ ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે. એ જુદું અને આ જુદું. છે ને એ? આ ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે. ત્યાં ત્રણમાંના દરેકનું સ્વરૂપ એ નિશ્ચય છે. સમજાણું કાંઈ? એ વખતે કહ્યું હતું. આ તો ત્રણ જે આત્મા એકરૂપ ભગવાન, એની અંતર સમ્યક્ અનુભવ થઈને દર્શન પ્રતીત, જ્ઞાન અને રમણતા (થયા) એ ત્રણમાંથી એક-એકને કહેશું. પણ એ ત્રણે નિશ્ચય છે. એક-એક કહેશું એ નિશ્ચય છે. આ ત્રણમાંથી ભેદ પાડીને કહેશું એ વ્યવહાર છે.

**'આ ત્રણનું–જ્ઞાન, દર્શન અને ચારિત્રનું–જુદું જુદું નિરૂપણ હોય છે.'** એટલે ભેદથી કથન એને કરશું કે આ નિશ્ચય સમ્યગ્દર્શન આને કહેવાય. વિકલ્પથી (કહીશું). સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આને કહેવાય. એ વિકલ્પથી આત્મા દર્શન, જ્ઞાન અને ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. સમજાણું કાંઈ? આવશે, કળશમાં આવશે. જુઓ! કે શુદ્ધરત્નત્રયાત્મક આત્મા છે. એમ ભેદથી એને સમજાવે છે કે આ આત્મા શુદ્ધરત્નત્રયમય છે, એમ ભેદથી સમજાવવું, એને અહીંયાં

વ્યવહાર કહેવામાં આવે છે. ભેદ એ નિશ્ચયને સમજાવવા માટે કથન છે. સમજાણું કાંઈ? એટલે આ જે ત્રણ છે એ ભેદ છે. પહેલા ત્રણ હતા એ તો નિશ્ચયના ત્રણ ભેદ હતા. એનું જુદું જુદું નિરૂપણ કર્યું છે. એટલે? કે નિશ્ચયજ્ઞાન આ છે એવું વિકલ્પથી ભેદથી સમજાવશું. નિશ્ચયદર્શન આ છે એ ભેદથી સમજાવશું. નિશ્ચયચારિત્ર આ છે એ ભેદથી સમજાવશું. આવુંછે.

**'આ ત્રણનું–જ્ઞાન, દર્શન અને ચારિત્રનું—જુદું જુદું નિરૂપણ હોય છે.' 'કઈ રીતે? આ જ્ઞાન છે'** એમ. જુઓ! ભેદથી કહીને આ અંતર અનુભવમાં થતું જ્ઞાન તે જ્ઞાન છે એમ ભેદથી કહેવામાં આવે છે. એમ. **'આ દર્શન છે, આ ચારિત્ર છે—એમ ભેદ પાડીને (આ શાસ્ત્રમાં) જે ગાથાસૂત્રો આગળ કહેવાશે તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રનાં લક્ષણ જણાશે.'** ભેદનું કથન આમાં અને લક્ષણ પછી જણાશે એમ કહે છે. પહેલું કહ્યું હતું ને? કે ભેદો પાડવા વિશે અને તેમના લક્ષણ વિષે. ટીકાનો પહેલો શબ્દ હતો. આ તો અધ્યાત્મ વાત છે એટલે સમજવા માટે બહુ (ધીરજ જોઈએ). આજ શેઠિયા નથી આવ્યા. સમજાણું કાંઈ?

આ આત્મા પરમેશ્વર સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ પરમાત્માએ જે આત્મા કહ્યો. આ આત્મા એ અવિનાશી (છે) અને એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો (છે તે) અવિનાશી (છે). એવા અવિનાશી તત્ત્વની અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન થાય, તેને નિશ્ચય સાચું સમ્યગ્દર્શન કહે છે. તે મોક્ષનો માર્ગ છે. વ્યવહારથી કહેશું પણ એ વ્યવહાર મોક્ષનો માર્ગ નથી. વ્યવહાર નિશ્ચયને સમજાવવા માટે આવે છે. સમજાણું કાંઈ? ભારે, ભાઈ! આવું છે. 'ભીખાભાઈ'!

મુમુક્ષુ :– નિશ્ચયને સમજાવવા માટે આવે છે.

ઉત્તર :– આવે છે ભેદ ત્યાં. જુઓ! આને જ્ઞાન કહીએ, આને દર્શન કહીએ, આને ચારિત્ર કહીએ. પણ વ્યવહાર પોતે વસ્તુ છે, ધર્મનું કારણ છે એમ છે નહિ. આહાહા..! ભારે આકરું.

**'ભેદ પાડીને...'** તેથી ભાઈએ પંડિતજીએ ખુલાસો કર્યોને ઓલામાં? ભેદ કથન દ્વારા અભેદ સમજાવવા અર્થે, ત્રણના ભેદો કહેવામાં આવશે. આહાહા..! ભારે! આમાં **'જે ગાથાસૂત્રો આગળ કહેવાશે તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રના લક્ષણ જણાશે.'** આગળ પાંચમાં આવશે. દર્શન-જ્ઞાન-ચારિત્રનું લક્ષણ શું?

**'(હવે ચોથી ગાથાની ટીકા પૂર્ણ કરતા શ્લોક કહેવામાં આવે છે :)'**

(શ્લોક) ૧૧.

**मोक्षोपायो भवति यमिनां शुद्धरत्नत्रयात्मा।**
**ह्यात्मा ज्ञानं न पुनरपरं दृष्टिरन्याऽपि नैव।**
**शीलं तावन्न भवति परं मोक्षुभिः प्रोक्तमेतद्**
**बुद्धाव जन्तुर्न पुनरुदरं याति मातुः स भव्यः ।।११।।**

'પદ્મપ્રભમલધારીદેવ' વનવાસી દિગંબર સંત હતા. સંતો તો વનમાં રહેતા હતા. 'કુંદકુંદાચાર્ય મહારાજે' આ 'નિયમસાર' કર્યું. એને બે હજાર વર્ષ થયા. પછી આ 'પદ્મપ્રભમલધારીદેવ' લગભગ નવસો વર્ષ પહેલા, દિગંબર સંત વનવાસી (મુનિ થયા) એમણે આ ટીકા બનાવી. એમનો કરેલો આ કળશ છે.

**'મુનિઓને મોક્ષનો ઉપાય શુદ્ધરત્નત્રયાત્મક આત્મા છે.'** જુઓ! પેલા ત્રણને અભેદ કરી નાખ્યું પાછું. કહે છે મુનિઓને, સાચા સંતોને 'મોક્ષનો ઉપાય શુદ્ધરત્નત્રય...' એટલે કે વ્યવહાર સમકિત, જ્ઞાન, ચારિત્ર વિનાનો નિર્વિકલ્પ પરિણતિનો ભાવ. આહાહા..! સમજાણું કાંઈ? સાચા મુનિ હોય છે એને અંતરમાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રની પરિણતિ અવસ્થાએ પરિણમેલો આત્મા તે મોક્ષનું કારણ છે, એમ કહે છે. 'ચંદુભાઈ'! મોક્ષની પર્યાયથી લીધું હતું ને? અહીં તો આત્મા અભેદથી લીધું છે. આહાહા..!

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ જે વ્યવહાર છે, શાસ્ત્રનું જ્ઞાન વિકલ્પ એ તો રાગ છે, એ મોક્ષમાર્ગ નથી. તેમ પંચમહાવ્રતના વિકલ્પો એ રાગ છે, મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો મુનિઓનો એને કહેવામાં આવે છે, કે જેને અંતર સ્વરૂપમાં પૂર્ણાનંદનો પ્રભુ આત્મા વસ્તુ પ્રાપ્ત છે. એની અંતરમાં એનું જ્ઞાન થઈને પ્રતીત થવી અને એનું જ્ઞાનમાં વેદન થવું. અને એમાં રમણતા થવી. એ ત્રણથી પરિણત આત્મા તે મુક્તિનું કારણ છે. એમ કેમ લીધું? કે વ્યવહારનો વિકલ્પ તે આત્મા નથી, એ અનાત્મા છે. સમજાણું કાંઈ? અનાત્મા મોક્ષનું કારણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? માર્ગ ભારે, ભાઈ! આવો. વ્યવહારને તો કાંઈ ગણતા જ નથી અહીં. '...ભાઈ'!

કહે છે કે, મુનિઓ, સાચા સંત જે છે એને તો અંતરમાં આનંદની દશાનું ભાન થઈને પ્રતીત થઈ છે, અંતર નિર્વિકલ્પ જ્ઞાન થયું છે અને નિર્વિકલ્પ ચારિત્ર હોય છે. એ ત્રણથી પરિણમેલો આત્મા એ મોક્ષનો ઉપાય છે. એમ કહેવું છે ને અહીંયાં? પેલા ત્રણનો ઉપાય કહેતા મોક્ષના ઉપાયને આત્મા કીધો. જુઓ! **'મુનિઓને મોક્ષનો ઉપાય શુદ્ધરત્નત્રયાત્મક (શુદ્ધરત્નત્રય પરિણતિએ પરિણમેલો) આત્મા છે.'** આહાહા..! કહો, સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ જ આનંદ અને શાંત છે, વીતરાગ છે. એ આત્મા પરિણમી ગયો છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? ભાષા જ કેવી આ જાતની? અજાણ્યા માણસને ગ્રીક લેટિન જેવું લાગે. એ કરતા કોઈ વ્રત પાળવા, અપવાસ કરવા, ભક્તિ કરવા, યાત્રા કરવી લ્યો! આવું ઝટ સમજાય. કહે છે એ તો શુભરાગ, પુણ્ય છે. એ ધર્મ નહિ. સાંભળને. સમજાણું કાંઈ? એનો અભાવ થઈને આત્મામાં આત્માનો અનુભવ-દૃષ્ટિ-જ્ઞાનપણે પરિણમે એવા આત્માને મોક્ષનો ઉપાય કહે છે, એમ કહે છે. આહાહા..!

પહેલી મોક્ષની વ્યાખ્યા કરી હતી ને? મોક્ષનો ઉપાય તો એ કહ્યો હતો. મહાઆનંદનો ઉપાય નિરૂપચાર પરિણતિ કીધી. લ્યો, અહીં પાછું કહ્યું, એ ત્રણથી પરિણમેલો આત્મા. જુદું-જુદું છે. શરીર, વાણી, મન તો જડ ક્યાંય રહી ગયા, કર્મ-બર્મ ક્યાંય રહી ગયા અને દયા-દાન ને વ્રત,

ભક્તિના પરિણામ ક્યાંય રહી ગયા. એ તો રાગ, વિકાર, વિભાવ (છે). આહાહા..! હવે અહીં તો આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતે છે, એનું જે સમ્યગ્દર્શન એના તરફના સન્મુખનું, નિર્વિકલ્પ વીતરાગી દશા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર, એ પોતે મોક્ષનો ઉપાય ન કહેતા, ત્રણપણે પરિણમેલો આત્મા મોક્ષનો ઉપાય છે. ભાઈ! આહાહા..! જુઓને!

મુમુક્ષુ :– 'દ્રવ્યસંગ્રહ'માં એમ કહ્યું છે.

ઉત્તર :– એમ કહ્યું છે, ખબર છે ને. એ ત્રણનું અભેદ ગણવું. કહ્યું છે ને, ખબર છે. પહેલા શરૂઆતમાં. ત્રણનું અભેદપણું તે મોક્ષનો ઉપાય છે. આત્મા તે પોતે અભેદપણે પરિણમી ગયો એ આત્મા મોક્ષનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? એ પરિણત છે એનો આત્મા. વ્યવહારના વિકલ્પથી આત્મા (પરિણત) નહિ. એ તો અનાત્મા છે. બહુ અઘરું કામ છે. વીતરાગનું દર્શન એને પામવું અલૌકિક વાત છે. અંતરથી, હોં! બહાર વાડાથી નહિ. આહાહા..!

**'જ્ઞાન આનાથી કોઈ બીજું નથી,...'** એટલે કે આત્મા વસ્તુ ભગવાન શુદ્ધ ચૈતન્ય, પુણ્ય-પાપના રાગ વિનાનો, એવા આત્માનું જ્ઞાન, તે જ્ઞાન આત્માથી કાંઈ જુદું નથી. આ **'જ્ઞાન આનાથી કોઈ બીજું નથી,...'** આત્મા જ્ઞાનરૂપે પરિણમ્યો એ જ્ઞાન. એ જ્ઞાન આત્માથી જુદું છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! અહીં જ્ઞાનથી પહેલું લીધું. પાઠમાંથી લીધું છે ને? પહેલું જ્ઞાન, પછી દર્શન, પછી ચારિત્ર એમ લીધું. સમજાણું કાંઈ? 'કુંદકુંદાચાર્ય'એ પાઠમાં લીધું છે. આ તો ધીમેથી સમજવાની અંતરની વાત છે, ભાઈ! આ કાંઈ ચોપડા વાંચી જાય, ભણી જાય, વાતો કરી જાય (એવી વાત નથી). વાદવિવાદ કરે કે આમાં આમ છે, બાપુ! એ વાત અહીં નથી.

ભગવાનઆત્મા પોતાના સ્વભાવથી ભરેલો, પ્રભુ! એની અંતર્મુખ થઈને શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર (થવા) એ મોક્ષનો ઉપાય કહ્યો હતો. (હવે) કહે છે કે ત્રણપણે પરિણમેલો આત્મા મોક્ષનો ઉપાય (છે). કેમ? કે આત્માથી કાંઈ જ્ઞાન-દર્શન જુદા નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? કેમ કે મોક્ષનો ઉપાય જ્ઞાન-દર્શન-ચારિત્ર અને એ દર્શન-જ્ઞાન-ચારિત્રે પરિણમેલો આત્મા તે છે. એટલે આત્માથી જ્ઞાન-દર્શન-ચારિત્ર કાંઈ જુદા નથી. વ્યવહાર-જ્ઞાન એ તો આત્માથી જુદી ચીજ છે. પંચમહાવ્રતના પરિણામ, વ્યવહારુ જ્ઞાન, વ્યવહારુ દેવ-ગુરુ-શાસ્ત્ર-શ્રદ્ધાનો વિકલ્પ એ તો આત્માથી જુદી ચીજ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત બેસે છે ને 'સુમેરુલજી'? વાત તો ઇ છે. આ જ વાત છે. કોઈને એમ લાગે કે પણ આવું એક નિશ્ચય-નિશ્ચય? સાચું... સાચું... સાચું... કાંઈ ખોટું નહિ! એ... 'નવરંગભાઈ'! સાચી વાત છે આ તો.

કહે છે કે સાચા સંત વનવાસી હોય છે (એમને) બાહ્યમાં તો નગ્ન દશા હોય છે. અંતરમાં એને આવી દશા હોય (અર્થાત્) સ્વભાવને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર (પ્રગટ થયા હોય) તો એ આત્મા જ મોક્ષનો ઉપાય છે. બહારની ક્રિયા, શરીરની ક્રિયા અને વિકલ્પ એ કાંઈ મોક્ષનો ઉપાય નથી. કારણ કે આત્મા એ રીતે થતો નથી. આત્મા જે રૂપે થતો નથી તે મોક્ષનું કારણ હોઈ શકે

નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? 'નિરંજનભાઈ'! બહુ માર્ગ જુદો. વીતરાગનો માર્ગ લોકોને મળતો નથી, હોં! સાંભળવા મળતો નથી એટલે ક્યાંકને ક્યાંક અટકીને જિંદગી ચાલી જાય છે. આહાહા..!

કહે છે, આત્મા પોતે જ મોક્ષનો ઉપાય છે. આહાહા..! કેમ? કે એ જ્ઞાન જે સમ્યક્જ્ઞાન–સ્વસંવેદન જ્ઞાન, આત્માનું જ્ઞાન, તે જ્ઞાન કાંઈ આત્માથી જુદું નથી. સમજાણું કાંઈ? **'દર્શન પણ આનાથી બીજું નથી જ...'** લ્યો! એ વળી 'જ' આવ્યું પાછું. કહો, સમજાણું? સમ્યગ્દર્શન પણ આત્માના નિર્વિકલ્પ શ્રદ્ધાની પરિણતિ એ આત્મા છે. આત્માથી કાંઈ સમ્યગ્દર્શન જુદી ચીજ નથી. આહાહા..! **'અને શીલ (ચારિત્ર) પણ બીજું નથી.'** દેહની ક્રિયા કે પંચમહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર નથી. ચારિત્ર તો આત્મા છે. સ્વરૂપની, આનંદની લીનતારૂપે પરિણમેલો આત્મા તે ચારિત્ર છે. એનાથી કોઈ ચારિત્ર જુદી ચીજ નથી.

**'આ, મોક્ષને પામનારાઓએ (અર્હંતભગવંતોએ) કહ્યું છે.'** આવું કોણે કહ્યું? **'મોક્ષને પામનારાઓએ (અર્હંતભગવંતોએ)...'** આમાં અર્હંત આવ્યું. 'ટોડરમલ'માં પહેલા અર્હંતા લીધું છે, હોં! શરૂઆતમાં પાંચ નવકાર લીધા છે ને? ણમો અર્હંતાણં લીધું છે. ણમો અરિહંતાણં નથી લીધું. અર્થમાં અરિહંતાણં કર્યું છે પાછું. 'ટોડરમલજી'એ શરૂઆતમાં પહેલા નવકાર લીધો છે ને ત્યાં. ણમો અર્હંતાણં એમ લીધું છે. અર્થમાં ણમો અરિહંતાણં કર્યું છે. પાઠ આમ લીધા. પાઠ ણમો અરિહંતાણં ન લીધો.

**'આ મોક્ષને પામનારાઓએ (અર્હંતભગવંતોએ) કહ્યું છે.'** કોઈના ઘરની વાત નથી. પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવે કહ્યું છે. **'આ જાણીને જે જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી, તે ભવ્ય છે.'** આહાહા..! મોક્ષની વાત છે ને? મોક્ષ થયો એને ફરીને અવતાર હોતો નથી. આહાહા..! આવા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણમીને આત્મા મોક્ષને પામે છે. એ ફરીને માતાના ઉદરમાં આવતો નથી, ફરીને એને અવતાર હોતો નથી. એને અહીંયા ભવ્યજીવને, મોક્ષના માર્ગપણે પરિણમેલાને મોક્ષનો ઉપાય કહેવામાં આવે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ સુદ ૧૧, રવિવાર, તા. ૭-૩-૧૯૭૧
## ગાથા – ૫ થી ૬, શ્લોક – ૧૨, પ્રવચન નં. ૮

'નિયમસાર' જીવ અધિકાર, ગાથા ૫.

**'આ, વ્યવહારસમ્યક્ત્વના સ્વરૂપનું કથન છે.'**

**अत्तागमतच्चाणं सद्दहणादो हवेइ सम्मत्तं ।**
**ववगयअसेसदोसो सयलगुणप्पा हवे अत्तो ।।५।।**
**રે! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;**
**નિઃશેષદોષવિહીન જે ગુણસકળમય તે આપ્ત છે. ૫.**

આ વ્યવહારસમકિત નિશ્ચય સમકિતને બતાવે છે. એમ આવ્યું છે ને પહેલું? ભેદકથન દ્વારા આવું જે વ્યવહાર સમકિત હોય એ અંદર નિશ્ચય અનુભવનું સમકિત હોય, એમ એ બતાવે છે. 'ચંદુભાઈ'! વ્યવહાર હોય અને નિશ્ચય ન હોય એમ અહીં નહિ.

મુમુક્ષુ :– નિશ્ચય વગરનો વ્યવહાર હોય જ નહિ.

ઉત્તર :– પણ એ અહીં વાત જ નથી. ભેદ એને–અભેદને બતાવે છે. આમ સમકિતને. જેને આવી વ્યવહાર શ્રદ્ધા હોય, એને અંતર નિશ્ચય સમ્યક્ આત્માનું અનુભવ સમકિત હોય, એમ બતાવનાર આ વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન આદિ છે. એ પહેલા કથન આવી ગયું છે. ભેદ કથન દ્વારા અભેદ સમજાવવા છે, ભાઈ! પંડિતજીએ બહુ સરસ કર્યું છે. અપિચંદ છે ને શબ્દાર્થમાં? એનો થોડો અન્વયાર્થ કરીએ, પાંચ મિનિટ.

**'આપ્ત, આગમ અને તત્ત્વોની શ્રદ્ધાથી સમ્યક્ત્વ હોય છે;...'** શબ્દ તો આ છે. પણ એ વ્યવહાર છે એમ છે. કેટલાકને એ બેસતું નથી કે ના એ વ્યવહાર કેમ લખ્યું એમાં? એમ કે અહીં તો સમકિત કહ્યું છે, એમ કેટલાક કહે છે. **'જેના અશેષ (સમસ્ત) દોષો દૂર થયા છે.'** હવે આપ્તની વ્યાખ્યા. પરમેશ્વર આપ્ત હિત માટે, પ્રતીત કરવા લાયક પરમાત્મા એવા હોય છે. **'જેના અશેષ દોષો દૂર થયા છે.'** બધા દોષો નીકળી ગયા છે. **'એવો જે સકળગુણમય પુરુષ...'** અને પૂર્ણગુણમય પુરુષ એને અહીંયાં 'આપ્ત' કહે છે. એ આપ્તની વ્યાખ્યા છે. પાઠમાં તો એટલું જ છે. પછી ટીકામાં આ બધું કરશે. આગમની પણ વ્યાખ્યા, તત્ત્વની પણ વ્યાખ્યા કરશે.

**'આપ્ત એટલે શંકારહિત...'** પહેલી એ વાત લીધી છે. જેને શંકા નથી. **'શંકા એટલે સકળ મોહરાગદ્વેષાદિક (દોષો).'** આ શંકાની વ્યાખ્યા. દર્શન, ચારિત્ર જેટલા દોષો મિથ્યાત્વસહિત છે એ બધા દોષોસહિત, એને શંકા કહે છે. એ શંકારહિત એને આપ્ત કહે છે. સમજાણું કાંઈ? થઈ રહ્યા 'નિયમસાર' પુસ્તકો? નહિ હોય? બહાર વધારે નહિ કાઢ્યા હોય. 'તપસી'! કેમ ખૂટ્યા

'નિયમસાર'? વધારે રાખવા જોઈએ ને. લાણી કરવાવાળાને ૫૦-૬૦-૭૦ રાખવા જોઈએ. શું જવાબ આપ્યો? 'રામજીભાઈ' કહે છે. એ સમજતા નથી. ગુજરાતી તો, હિન્દી હોય ને હિન્દી. ઘણા હિન્દી હોય. હવે રવિવાર હતો. એટલે ઝાઝા હોય. પછી મગાવી લ્યોને પછી શું. કહો, સમજાણું કાંઈ? રવિવારના દિવસે ઝાઝા માણસો હોય ને. આ તો શબ્દો અંદર હોય તો એને ખ્યાલ આવે.

આપ્ત એટલે પરમેશ્વર સર્વજ્ઞદેવ. એ કોને કહીએ? કે જે શંકારહિત હોય તેને. પાઠમાં એમ છે ને? **'ववगयअसेसदोसो'** એને ટૂંકામાં કહી નાખ્યું કે શંકા એટલે મોહ, મિથ્યા, રાગ-દ્વેષ આદિ દોષ. થયું? **'सयलगणप्पा'** છે ને? ચોથું પદ. એમાં એમ કહ્યું કે શંકારહિત. એટલામાં સમાડી દીધું. ભાઈ! સમજાણું કાંઈ? આપ્ત એટલે પરમેશ્વર વીતરાગદેવ સર્વજ્ઞદેવ. અહીંયાં સકળગુણમય અસ્તિ અને દોષરહિત એ નાસ્તિ. એને શંકારહિતમાં બન્ને સમાડી દીધા. શંકા તે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ આદિ દોષ. થયું? એનાથી રહિત તે ગુણ, તે આપ્ત. એમ કહે છે. સમજાણું કાંઈ? આપ્તની વ્યાખ્યા એટલી ટૂંકી કરી. પરમેશ્વર એને કહીએ કે જેને મોહ નથી. જેને રાગ, દ્વેષ, શોક, વાસના, વિષય, વિકલ્પ, રતિ, અરતિ કોઈપણ દોષનો અભાવ છે. એટલે કે એમાં એ અભાવવાળા ગુણો જે છે એ ગુણોનો એને સદ્‌ભાવ છે. એમ એટલી ટૂંકી વ્યાખ્યા લઈ લીધી.

હવે આગમ કોને કહીએ? આગમની વ્યાખ્યા. પાઠમાં સમ્મુચય શબ્દ છે. પણ અહીંયાં હવે એની વ્યાખ્યા કરે છે. **'આપ્તના મુખારવિંદમાંથી નીકળેલી,...'** સર્વજ્ઞ પરમેશ્વર. શબ્દ તો મુખારવિંદ છે. મુખરૂપી કમળથી નીકળેલી. લોકો એ રીતે સમજે છે ને? નહિતર તો તીર્થંકર સર્વજ્ઞને વાણી તો આખા શરીરમાંથી ૐ ધ્વનિ (ઉઠે છે). હોઠ હલે નહિ, કંઠ હલે નહિ. આખા શરીરમાંથી ધ્વનિ ઊઠે આખો. ૐ એવો અવાજ ઊઠે. સમજાણું કાંઈ? પણ ચાલતી ભાષા લોકો એમ સમજે એટલે એને મુખારવિંદ શબ્દ લીધો છે. મુખરૂપી કમળમાંથી નીકળેલું. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞના, પરમેશ્વરના મુખથી નીકળેલી, **'સમસ્ત વસ્તુવિસ્તારનું સ્થાપન કરવામાં સમર્થ...'** જેટલા ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્યો, ગુણો અને પર્યાય છે એને સ્થાપન કરવામાં, સિદ્ધ કરવામાં, સાબિત કરવામાં જે વાણી સમર્થ છે. **'એવી ચતુર વચનરચના.'** એવી ચતુર વચનરચનાને આગમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ અજ્ઞાનીઓએ કલ્પનાથી શાસ્ત્રો રચ્યા હોય, એ આગમ નહિ એમ કહે છે. એય..! 'પ્રકાશદાસજી'! શું થયું? એ આગમ સત્ય છે? એની અહીં ના પાડે છે.

આપ્ત સર્વજ્ઞ પરમેશ્વરના મુખથી નીકળેલી વાણી તે પણ ચતુરવચન અને સર્વ વસ્તુનું સ્થાપન કરવામાં સમર્થ, એ વાણીને આગમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ આગમની શ્રદ્ધા, એમ કહેવું છે ને અહીં તો? આ આપ્તની શ્રદ્ધા અને આગમની શ્રદ્ધા, એ વ્યવહાર સમકિત છે. વિકલ્પ છે એ. પણ એ વ્યવહાર સમકિત બતાવે છે અંદરમાં એની આત્માની શ્રદ્ધા અને આત્માનું જ્ઞાન. સમજાણું કાંઈ? અહં આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ, અભેદની પ્રતીત અનુભવમાં (થઈ)

અને એનું સ્વસંવેદનજ્ઞાન (થયું) એ નિશ્ચયદર્શન-જ્ઞાન. એને આ વ્યવહારદર્શન અને શ્રદ્ધા બતાવે છે કે, આ વસ્તુ એની પાસે છે. સમજાણું કાંઈ? પ્રશ્ન એવો ન હોય કે વ્યવહારશ્રદ્ધા હોય ત્યાં નિશ્ચય ન હોય. એ અહીં પ્રશ્ન જ નથી.

મુમુક્ષુ :– તો તો વ્યવહારાભાસ હોય...

ઉત્તર :– એ વ્યવહારાભાસ નહિ પણ એને એ વ્યવહાર જ નથી. વ્યવહાર તો જેને આત્મા એકરૂપ અખંડ અભેદ અનુભવમાં આવીને પ્રતીત થઈ છે, એને આવું વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. 'સુમેરુમલજી'! ભાઈ! જુઓ! દેવ આવા હોય. સમજાણું કાંઈ? એનો ખુલાસો કરશે. અઢાર દોષ રહિત.

**'એવી ચતુર વચનરચના.'** જુઓ! ભાઈએ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લખ્યું છે ને કે આવી એકલી સાધારણ કથાઓ છે. ગણધર જેવી જેની વચન શાસ્ત્ર રચના નથી, એને તમે સુત્ર કહો છો. આવે છે ને? ભાઈ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. બહુ નાખ્યું છે. એકે એક ઓહોહો..! સાધારણ વાર્તા જેવી તીર્થંકરની વાણી, ગણધરની વાણી એવી હોય? આહાહા..! આ તો સર્વ વસ્તુને સિદ્ધ કરનારી અને ચતુર વચનની રચના, એને આગમ કહેવામાં આવે છે. એવા આગમની શ્રદ્ધા તે પણ હજી વિકલ્પ-વ્યવહાર સમકિત છે. તે પણ જેને એ અંદર નિશ્ચય સમકિત બતાવે, એને આવું વ્યવહાર સમકિત હોય છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે તત્ત્વોની શ્રદ્ધા. વ્યવહારસમકિતની વાત ચાલે છે. **'તત્ત્વો બહિઃતત્ત્વ...'** એટલે? બે ભાગ પાડ્યા. એક અંતઃતત્ત્વરૂપ પરમાત્મા પોતે સ્વરૂપ અને બહિઃતત્ત્વમાં સાત (તત્ત્વ). સંવર, નિર્જરા, મોક્ષ આદિ બહિર્તત્ત્વ. એમ બેની શ્રદ્ધા એ પણ વ્યવહાર છે. 'પંડિતજી'! અંતઃતત્ત્વરૂપ પરમાત્મ સ્વરૂપ પોતાનું ત્રિકાળ અને બહિર્તત્ત્વો—આસ્રવ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, મોક્ષ એવા બે તત્ત્વોની શ્રદ્ધા, ભેદવાળી શ્રદ્ધા છે માટે તેને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. સમજાણું? એ વ્યવહાર સમકિત અંદરમાં એમ બતાવે છે કે, આને અભેદ ચૈતન્યમૂર્તિની સમ્યક્ અભેદ શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? એને આવા ભેદવાળાની શ્રદ્ધાનો વિકલ્પ અભેદને બતાવવા માટે છે. સમજાણું કાંઈ?

**'બહિર્તત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...'** એમ બે ભાગ પાડ્યા. એક પરમાત્મસ્વરૂપ અંતઃતત્ત્વરૂપ વસ્તુ કાયમ અને બહિર્. એટલે બે ભાગ પડી ગયા ને એટલે એને વ્યવહાર કહ્યું. એકલો અંતઃતત્ત્વ પરમાત્મસ્વરૂપ એનો અનુભવ અને સમ્યગ્દર્શન એ તો નિશ્ચય છે. સમજાણું કાંઈ? પણ એ પરમાત્મ અને સાથે આ બહિર્તત્ત્વ, એ બેની શ્રદ્ધા, તેને વ્યવહાર સમકિત કહે છે. 'વજુભાઈ'! ભારે ઝીણું! છે ને? શબ્દો છે ને, જુઓ! **'એવા ભેદોવાળાં...'** એમ છે ને? એ બે ભેદ પડ્યા ને? ભગવાનઆત્મા પોતે પરિપૂર્ણ અભેદ અને એની સાથે ઓલા સાત

આદિનો ભેદ, બે થઈને અહીંયાં વ્યવહાર કહેવામાં આવ્યો. એકલું જે અભેદ તત્ત્વ છે, એનો અનુભવ અને શ્રદ્ધા એ તો નિશ્ચય છે. સમજાણું કાંઈ?

**'અથવા...'** બે ભેદવાળા કહીને **'અથવા જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા ભેદોને લીધે સાત પ્રકારનાં છે.'** એ પણ વ્યવહાર સમકિત. **'જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા...'** પર્યાયોના ભેદો, એની શ્રદ્ધા, એ પણ વ્યવહાર સમકિત છે. વિકલ્પ છે. એ વિકલ્પ, નિર્વિકલ્પ અભેદ ચૈતન્ય સમકિત છે, એને બતાવનારું છે. સમજાણું કાંઈ? ઝીણું ભારે. **'સાત પ્રકારનાં છે. તેની શ્રદ્ધા. તેમનું...'** એટલે ત્રણને ભેળવ્યું. **'(–આપ્તનું, આગમનું અને તત્ત્વનું)'** આ બે પ્રકારના તત્ત્વો. પરમાત્મતત્ત્વ, બહિર્તત્ત્વ અને સાત તત્ત્વ. તેમનું સમ્યક્શ્રદ્ધાન એનું બરાબર શ્રદ્ધાન તે વ્યવહાર સમકિત છે. એને તો હજી વિકલ્પવાળું વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. એને અંતરમાં, અનુભવમાં સમ્યગ્દર્શન છે, એકરૂપ ભગવાન અભેદ ચૈતન્ય, એમાં મોક્ષ, સંવર આદિ પર્યાયોનો અભાવ છે એવા અંતઃતત્ત્વની, અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વની શ્રદ્ધા તે નિશ્ચય છે. એની સાથે આ વ્યવહાર સમકિત આવું હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વ્યવહાર સમકિત હેયરૂપ છે?

ઉત્તર :– અનંતવાર હેયરૂપ છે. એ પ્રશ્ન જ ક્યાં છે. પણ આ તો આમ બતાવે છે એટલું બતાવવા માટે નિમિત્તની વાત કરી છે. એ આદરણીય નથી, અનુસરવા લાયક નથી. આઠમી ગાથામાં આવી ગયું છે. ભેદથી સમજાવવામાં આવે છે છતાં ભેદ અનુસરવા લાયક નથી. આઠમી ગાથામાં આવે છે કે નહિ? એ તો આપણે ક્યાં દાખલા વારંવાર આપવા. આ તો એ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– એનો પ્રશ્ન એમ છે કે આમાં હેય લખ્યું નથી.

ઉત્તર :– હેય નથી લખ્યું એનો અર્થ શું? વ્યવહાર એટલે હેય. વ્યવહાર એટલે અભૂતાર્થ. અભૂતાર્થ એટલે હેય. આશ્રય કરવા લાયક નથી, જાણવા લાયક છે. એમાં જરી ગોટા વાળે છે ને કેટલાક કે આમાં વ્યવહાર શું કામ લખ્યું? 'પદ્મપ્રભમલધારીદેવે' ભૂલ કરી છે. વ્યવહાર સમકિત.... કેમ કે 'રત્નકંડશ્રાવકાચાર'માં આવે છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર ... એમ આ પણ સમકિત સાચું છે.

મુમુક્ષુ :– ત્યાં નિશ્ચયથી વાત કરી.

ઉત્તર :– આ વ્યવહારની વાત કરી છે. ઓલું તો અંદરનો ભાવ. દેવ-ગુરુ-શાસ્ત્રનો જે ભાવ કહેવો છે એ ભાવની શ્રદ્ધા. અરેરે..! શું થાય? વાત પોતાને અનુસરે. અનુસરે (એવા) અર્થ શાસ્ત્રના કરે. પણ શાસ્ત્રને અનુસારે, પોતાની શ્રદ્ધા કરે એમ નહિ. લ્યો આ શ્રદ્ધા. પરમાત્માની શ્રદ્ધા. પરદ્રવ્ય અનુસારી છે માટે વ્યવહાર. આગમની શ્રદ્ધા પરદ્રવ્યાનુસારી છે માટે વ્યવહાર. અંતઃતત્ત્વ અને

બહિર્તત્ત્વ એવા બે ભેદ. એ પણ પરદ્રવ્ય અનુસારી થયું. એમ નવતત્ત્વની, સાતની શ્રદ્ધા એ પણ પરદ્રવ્ય અનુસારી થયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પરદ્રવ્ય અનુસારી એટલે બંધનું કારણ થતું હશે?

ઉત્તર :– એનો અર્થ શું થયો પછી? સ્વદ્રવ્ય અનુસાર એટલે મોક્ષનું કારણ. પરદ્રવ્ય અનુસાર..... હોય છે એટલું બતાવ્યું. નિશ્ચયને બતાવવા માટે. વ્યવહાર, સમકિત આદિ ઝેર છે. ગજબ વાત છે. ઝેર અમૃતને બતાવે. આ સામી ચીજ બીજી છે. અભેદ ચીજ એમ જણાવવામાં નિમિત્ત છે. આહાહા..! શું થાય? સમજાણું કાંઈ?

**'(–આપ્તનું, આગમનું અને તત્ત્વનું) સમ્યક્ શ્રદ્ધાન...'** જુઓ! સમ્યક્ શબ્દ વાપર્યો છે ને? વ્યવહાર સમ્યક્, વ્યવહાર સમ્યક્ વ્યવહાર તરીકે સાચો છે. એનાથી વિરુદ્ધ ન હોય એમ કહે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ..... એ તો પોતાની પામરતા ... 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં તણખલાનો અર્થ એમ કે પોતાની પર્યાય ઘણી ઓછી છે. અનુભવ છે, સમ્યગ્દર્શન છે પણ કેવળજ્ઞાની .... એ વાત. 'સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા' અનંતાનુબંધીની વ્યાખ્યામાં છે. 'સ્વામિકાર્તિક' પાછળ આવી છે ગાથા. સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વરૂપને તો પરમાત્મા તરીકે સ્વીકારે છે. પર્યાયમાં પામરતા જાણે છે. કેમ કે ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં સમકિત? એ બેની અપેક્ષાએ ત્યાં વાત છે. સમજાણું કાંઈ?

**'હવે પાંચમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે :'**

**भवभयभेदिनि भगवति भवतः किं भक्तिरत्र न शमस्ति।**
**तर्हि भवाम्बधिमध्यग्राहमखान्तर्गतो भवसि ।। १२।।**

અરે..! **'ભવના ભયને ભેદનારા આ ભગવાન...'** જુઓ! નિશ્ચયથી ભગવાન પોતાનો જ છે એનું ભાન છે એમાં આવા ભગવાન હોય છે એને, એમ કહે છે. ભક્તિ હોય છે. વ્યવહાર શ્રદ્ધા કહો કે ભક્તિ કહો. આત્માનો નિશ્ચય અનુભવ સમકિત કહો કે નિશ્ચય ભક્તિ કહો. સમજાણું કાંઈ? જુઓને! ભક્તિ શબ્દ વાપર્યો છે ને? ભક્તિ શબ્દ વાપર્યો છે. એટલે કે ભક્તિ વ્યવહાર સમકિત છે ને? તીર્થંકરદેવ ત્રિલોકનાથ આગમ આદિની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત વિકલ્પ છે. એ વ્યવહાર ભક્તિ છે. નિશ્ચયથી આત્માના સ્વરૂપમાં અનુભવની પ્રતીતની ભક્તિ એ નિશ્ચયભક્તિ છે. 'સુજાનમલજી'! બહુ ભારે વાતું, ભાઈ! આહાહા..!

એની પ્રભુતામાં પહોંચાડવો એને. ......... આહાહા..! એને અંદર પહોંચાડવામાં કહે છે કે વ્યવહાર વિકલ્પથી જ્ઞાન એને થાય છે. ઓ..હો..! આ વસ્તુ અંતર અખંડ પરિપૂર્ણ છે. એની શ્રદ્ધાનું સમકિત નિશ્ચય, વ્યવહાર એને બતાવે છે. બસ. સમજાણું કાંઈ? બતાવે માટે વ્યવહાર લાભદાયક

છે, એમ નથી. સમજાણું કાંઈ? આ જ બધા વાંધા ઊઠે છે ને? શાસ્ત્રમાં વ્યવહારની વાતો ઘણી આવે. ભેદ પાડ્યા વિના સમજાવવાનો કોઈ ઉપાય છે નહિ. પરમાત્મા ભેદને શી રીતે સમજાવી શકે? 'સમયસાર'ની ૯-૧૦મી ગાથા.

**'ભવના ભયને ભેદનાર...'** બધા ભ..ભ.. છે. **'ભવના ભય..'** ચોરાશીના અવતાર. આહાહા..! એનો જે ભય, એને ભેદનારા, એવા આ ભગવાન, **'એના પ્રત્યે શું તને ભક્તિ નથી?'** ... તેના પ્રત્યે તને પ્રેમ નથી. **'તો તું ભવસમુદ્રની મધ્યમાં...'** ભવ સમુદ્રની મધ્યમાં... આહાહા..! મોટો સ્વયંભૂરમણ સમુદ્ર હોય, એમાં મધ્યમાં માછલું પડ્યું હોય, માછલાને તો વાંધો ન આવે કહે છે, લ્યોને. માણસ પડ્યો હોય કે ઢોર પડ્યું હોય એને નીકળવું ક્યાં? એમ ચોરાશીના અવતાર, ક્યાંય કાંઠો ન મળે, ક્યાંય અંત ન મળે. એવા અનંત ભવજળરૂપી સમુદ્ર, એનામાંથી નીકળવા .. ભગવાન પ્રત્યેનો પ્રેમ અને ભક્તિ તને નથી તો **'ભવસમુદ્રની મધ્યમાં રહેલા મગરના મુખમાં છે.'** પાછો એમ. પાછો એકલો છુટો પણ નહિ. આહાહા..! મધ્યમાં રહેલો મગરમચ્છ, એના મુખમાં. મિથ્યાત્વરૂપી મોટો મગરમચ્છ છે ને! ભગવાનની જેને ભક્તિ નથી એને આત્માની ભક્તિ નથી.

આત્મા અખંડ પરિપૂર્ણ પ્રભુ! એની જેને શ્રદ્ધા છે, એને આવા પરમાત્માની શ્રદ્ધા હોય એમ કીધું. અને એની જો શ્રદ્ધા નથી તો તને આત્માની પણ શ્રદ્ધા નથી. ભવજળના સમુદ્રના મધ્યમાં રહેલા મગરના મુખમાં છો. આહાહા..! સમજાણું કાંઈ? મગરમચ્છ. ઓલો અજગર છે. પેલી બાઈ. ઓલા ભવમાં. આ ભવમાં વિશલ્યા, (પહેલાના) ભવમાં ચક્રવર્તીની દીકરી હતી. નામ ભુલી ગયા. ચક્રવર્તીની દીકરી હતી ને પછી એને કોઈ વિદ્યાધર લઈ ગયો. જંગલમાં નાખી દીધી. જંગલમાં કોઈ ન મળે. એમાં મગરમચ્છ. મગરમચ્છ શું અજગર. અજગર. એમાં એનો ચક્રવર્તી બાપ ગોતતા ગોતતા આવ્યો. અજગરને મારવા બાણ ઉપાડ્યું, ફાડી કાઢું. કન્યા કહે છે, પિતાજી! મેં તો (આહાર ન લેવાની પ્રતિજ્ઞા લીધી છે) બહાર નીકળી તોપણ નભવાની નથી. અજગરને ન મારો. સમજાણું કાંઈ? પિતાજી! આહારનો મારે ત્યાગ છે એને ન મારો. અડધું અજગર ગળી ગયો હતો અને અડધું બહાર હતું. દેહ છૂટી ગયો. ગળી ગયો, લ્યો. વિશલ્યા. આવે છે ને? લક્ષ્મણને જ્યારે બાણ વાગ્યું હતું. રાવણની વિદ્યાથી મૂર્છા આવી ગઈ, મૂર્છા. ... 'રામચંદ્રજી' અટવાઈ ગયા. પુરુષોત્તમ પુરુષ, ધર્માત્મા મોક્ષગામી, એ છેલ્લો દેહ. પરમાત્મા થવાના. એ પણ એકવાર હજી રાજ હતુંને. આમ લક્ષ્મણને જોઈને... અરે..! આ સવાર સુધીમાં શું થશે આનું? કોઈએ કહ્યું કે સવાર પહેલા નહિ જાગે તો ખલાસ. ... આહાહા..! કોઈકે કહ્યું કે વિશલ્યા એક બાઈ છે એનું સ્નાન કરીને એનું પાણી છાંટો. એવી બાઈ સતી છે, પુણ્યવંત છે. ક્યાં છે? તો કહે, ભરતના રાજમાં. કહો ભરતને. એના બાપને દીકરીને મોકલે. એ જ્યાં આવે છે ત્યાં.. આ થાય છે કે નહિ નિમિત્તથી? અહીંયાં થવાનું હતું એમાં આ નિમિત્ત કહેવામાં આવેછે. આહાહા..!

'રામચંદ્રજી' અને 'લક્ષ્મણજી' મોટી સેના કરોડો માણસો, કંઈક ઘાયલ થયેલા. જ્યાં એ કહે છે ત્યાં, શું કહેવાય? તંબુ. મોટા તંબુ હતા. મહા મોટા પુરુષો છે. દેવના પૂજનિક પુરુષ. જ્યાં અંદર આવીને પાણી છાંટે ત્યાં જાગૃત થઈ જાય છે. આહાહા..! જુઓ! આ જગતની વિચિત્રતા. એવો દાખલો આપ્યો છે ને ક્યાંક.

'અધ્યાત્મ પંચસંગ્રહ' છે ને? ત્યાં આપ્યો છે. વિશલ્યાએ જ્યાં આમ કર્યું, .. આત્માને સમ્યગ્દર્શન અને જ્ઞાનના પાણી છાંટ્યા તો જાગૃત થઈ ગયો અંદરથી. આહા..! અરે..! હું તો આત્મા પરમાત્મા. સમજાણું કાંઈ? પરિણતિ ઉપર વાત કરી છે. પોતાની નિર્મળ પરિણતિ થાય છે ને? જાગે છે જ્યાં. અહો..! સચ્ચિદાનંદ પ્રભુ! અનંતઆનંદનું ધામ એ હું છું. મારામાં શરીર, વાણી નહિ. કર્મ અને રાગ પણ નહિ. અલ્પજ્ઞતા પણ નહિ. એવા સર્વજ્ઞ સ્વભાવી આત્માને પોતાની નિર્મળ પરિણતિ દ્વારા જગાડે છે. જાગ્યો એ. પોતાનું સ્વરાજ લેવા. લક્ષ્મણ બહારનું રાજ્ય લેવા જાગ્યા. સમજાણું કાંઈ? ભાષા જુઓને કેવી છે.

**'भवाम्बुधिमध्यग्राहमुखान्तर्गतो'** મગરમચ્છના મુખમાં છો. મહા મિથ્યાત્વરૂપી મગરમચ્છ. આહાહા..! ... એને મિથ્યાત્વભાવમાં ભવસમુદ્રમાં બુડવાના છે. સમજાણું કાંઈ? એ પાંચમી ગાથા થઈ. હવે અઢાર દોષનું વર્ણન. આગળ દોષ કહ્યા ને? સકળ દોષ રહિત એમ કહ્યું હતું ને? હવે દોષ ક્યા? આ.

**छुहतण्हभीरुरोसो रागो मोहो चिंता जरा रुजा मिच्चू।**
**सेदं खेदं मदो रइ विम्हियणिदा जणुव्वेगो ।।६।।**
**ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, મદ, મોહ, ચિંતા, જન્મ ને;**
**રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬.**

આ અઢાર દોષના સ્વરૂપનું કથન છે. જુઓ! વીતરાગના માર્ગમાં પરમેશ્વર અરિહંત કેવા હોય, અઢાર દોષરહિત હોય એની વ્યાખ્યા. કોઈપણ આ માહ્યલો એક દોષસહિત હોય એ અરિહંત છે નહિ.

**'આ, અઢાર દોષના સ્વરૂપનું કથન છે.'** ટીકાથી શરૂ કરીએ. **'અશાતાવેદનીય સંબંધી તીવ્ર અથવા મંદ ક્લેશની કરનારી...'** ક્ષુધા.. ક્ષુધા... **'અશાતાવેદનીય સંબંધી તીવ્ર મંદ ક્લેશની કરનારી તે ક્ષુધા છે.'** આ વ્યાખ્યા. **'(વિશિષ્ટ–ખાસ પ્રકારના–અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા..'** શરીરની દશા અંદર થાય ને? ક્ષુધા એ શરીરની દશા છે અંદર. **'(તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્તે થતું જે ખાવાની ઇચ્છારૂપ દુઃખ તે ક્ષુધા છે).'** ક્ષુધા .. સમજાણું કાંઈ? ભગવાનને ભુખ લાગે, આહાર લાવે, રોગ થાય, દવા લાવે એ ભગવાનને હોતું નથી. લ્યો, આ પહેલી ભુલ. શું 'મોહનભાઈ'? ભગવાનને રોગ થયો, આહાર લાવ્યા, દવા

લાવ્યા. ... ખોટું ચિતર્યું છે. એ શાસ્ત્ર પણ સાચા નહિ અને એના કહેલા ભગવાન સાચા નહિ. એમ વાત છે. 'પંડિતજી'! ભારે વાત આકરી પડે.

એને અશાતાવેદનીયનો ઉદય છે ને? એમ કહે છે. .. એમ કહે છે. તેથી આ વ્યાખ્યા કરી. એની ક્ષુધા અને એમાં ખાવાની ઇચ્છા થાય તો ક્ષુધા કહેવામાં આવે છે. એને ઇચ્છા-બિચ્છા છે નહિ. આહાહા..! પરમેશ્વર જ્યાં અનંતઆનંદ અતીન્દ્રિય આનંદના પૂરા અનુભવ પ્રગટ થયા, એને એવી વેદનાનો ઉદય હોઈ શકે જ નહિ. એને આહાર લાવવો અને આહાર કરવો એ વાત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ક્ષુધાની વ્યાખ્યા કરી. 'શ્રીમદ્રે' પાછળ ક્ષુધાની વ્યાખ્યા લીધી છે. અઢાર દોષ. એમના પુસ્તકમાં છે. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં આ દોષ લીધા છે. ત્યારે એ લોકો એમ કહે કે એ તો અનુવાદ કર્યો છે.

મુમુક્ષુ :– ખરું લાગ્યું તેથી લીધું છે ને?

ઉત્તર :– છે. ભગવાન તો આવા હોય. ભગવાનને વળી આહાર હોય ને પાણી હોય... સમજાણું કાંઈ? 'ચીમનભાઈ'! શું કીધું આ? આહાર ન હોય? શાસ્ત્રમાં લખ્યું છે. ગપ્પા માર્યા છે. ન્યાં તો બધા પ્રતિક્રમણ ને સામાયિક કરતા હતા.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– હજાર વર્ષે ૩૩ હજાર વર્ષ. 'પંડિતજી'! અને ભગવાનને દરરોજ આહાર? એ વાત જ વિપરીત છે. સમજાણું કાંઈ? ...માં લખે છે. .... ૩૩ હજાર વર્ષે આહારની ઇચ્છા ઉપજે. અમૃતનો ઓડકાર કંઠમાંથી (આવે). એવા તો દેવ હોય. આ બાહ્યના દેવ. દેવાધિદેવ તીર્થંકરને વળી આહાર ને ક્ષુધા ને રોગ બિલકુલ તત્ત્વથી વિરુદ્ધ છે. વ્યવહાર શ્રદ્ધાથી પણ ભ્રષ્ટ છે. તેને વ્યવહાર શ્રદ્ધા પણ હોતી નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? શું થાય? સંપ્રદાય બાંધીને બેસે ને એથી ઊંધુ કરે એટલે કે કાંઈ ખાતામાં ખતવાય જાય?

મુમુક્ષુ :– તો આવું લખવાનો હેતુ શું હશે?

ઉત્તર :– પણ આ સંપ્રદાય ચલાવવો. જગતને સારું લાગે. સ્ત્રીનો મોક્ષ થાય. ... બધાને ભેગા કરવા.

મુમુક્ષુ :– પંદર ભેદે સિદ્ધ થાય.

ઉત્તર :– પંદર ભેદે સિદ્ધ થાય. બિલકુલ ન થાય. એક આત્મા અપરિગ્રહી સ્વરૂપ જ્યાં અંદર પૂર્ણ પ્રગટ્યું, એને આહાર કેવા, ક્ષુધા કેવી, તૃષા કેવી? કહો, સમજાણું કાંઈ? બીજાના ભગવાન તો આહાર કરે, પાણી લે, શું કહેવાય ઓલા? જીવન મુરારી. આવે છે ને? બિલકુલ બધું... એ પરમેશ્વર જ નહિ. પરમેશ્વરને આહાર હોય નહિ અને એને ખોરાક ને આમંત્રણ આપે, એમ હોય નહિ. એ તો સાધારણ વાત છે કહે છે. સમજાણું? અને એવી ક્ષુધા, તૃષા લાગે એવી અશાતાનો રસ રહી ગયો, તો એનો અર્થ એ કે એની પવિત્રતાની પરિણતિથી એનો રસ મંદ ન

પડ્યો. મંદ ન પડ્યો. .... આહાહા..! એય! 'દેવાનુપ્રિયા'! 'પ્રકાશદાસજી'! સમજાણું? પહેલો દોષ ઇ, ક્ષુધા ન હોય.

**'અશાતાવેદનીય સંબંધી તીવ્ર, તીવ્રતર (-વધારે તીવ્ર), મંદ અથવા મંદતર...'** એમ ચાર ભેદ પાડ્યા. ઓલામાં તીવ્ર અને મંદ બે લીધા હતા. તૃષાના ભેદ છે ને ઘણા. કેવી તૃષા હોય છે? એક શ્વેતાંબર સાધુ હતો. 'ભાવનગર'થી નીકળેલ. તમારે .... નહિ જાડ, નહિ બાવળ એમાં બિચારાને તૃષા લાગી. મરી ગયો. છ ગાવ, બાર માઈલ અમે ચાલ્યા છીએ. કાંઈ નહિ, ઝાડ નહિ, બાવળ નહિ, આમ દરિયો. આમ ઘાંઘલી આઘે. એકલું. ઝાડ, બાવળ કાંઈ ન મળે. એકલો ખાર. એમાં બિચારાને તૃષા લાગી હશે ...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– .. પણ રસ્તામાં પાણી ક્યાં મળે? રસ્તામાં ખાલી હોય, રસ્તામાં ભરે નહિ. રસ્તો ખાલી. .. પાણી નહિ. સમજાણું કાંઈ?

**'અશાતાવેદનીય સંબંધી તીવ્ર..'** કષાય. **'તીવ્રતર (વધારે તીવ્ર),...'** ગળુ ચોંટી જાય. **'મંદ અથવા મંદતર...'** પાછું એમ લીધું. થોડી પણ નહિ. અને મંદતર એકલી પીડાથી એટલે થોડી. **'(વિશિષ્ટ અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા...'** એ શરીરની દશા છે. .... એ બધી જડની દશા છે. એવો અશાતાનો ઉદય તીર્થંકરને હોઈ શકે નહિ. અને એ **'શરીર અવસ્થા તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્તે થતું જે પીવાની ઇચ્છારૂપ દુઃખ તે તૃષા છે).'** આહાહા..!

પૂર્ણ જ્યાં અતીન્દ્રિય અમૃતના દરિયા ઉછળ્યા છે. જ્યાં સમ્યગ્દર્શનમાં પણ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, ત્યારે કેવળી પરમાત્માને તો અતીન્દ્રિય આનંદના દરિયા ઉછળી ગયા છે. 'બાલચંદજી'! શું છે? તમારા સંપ્રદાયમાં એ છે. પૂર્વની વાત છે ને. પૂર્વમાં એ હતું ને. પિતાજીને એ હતું કે નહિ? આહાહા..! તૃષા ભગવાનને હોય નહિ. પાણી લઈ આવો અને પાણી પીવે. એવી ઇચ્છા હોય નહિ. એવી શરીરની અવસ્થા પણ એને હોય નહિ. શરીરની અવસ્થા એવી ન હોય, એમ કહે છે. ભાઈ! શરીરની અવસ્થા પણ એવી ન હોય. ઇચ્છા તો ન હોય પણ શરીરની અવસ્થા એવી ન હોય.

મુમુક્ષુ :– પરમ ઔદારિક.

ઉત્તર :– પરમ ઔદારિક શરીર છે. બીજા કેવળી થાય તો પરમઔદારિક પછી થાય. આ તો પહેલા પરમ ઔદારિક શરીર લઈને આવે છે. ભગવાન તો જન્મે ત્યારથી પરમ ઔદારિક. ઓહોહો..! કેવળીને ક્ષુધા, તૃષા કેવી? જન્મે ત્યારથી એને ક્ષુધા, તૃષા હોય પણ નિહાર ન હોય. ગૃહસ્થાશ્રમમાં પણ ભગવાનને આહાર હોય, પાણી હોય પણ નિહાર ન હોય. આત્માની પવિત્રતા લઈને આવ્યા છે ને. આહાહા..! અરે..! જગત લુંટાણુ છે ને ધર્મના નામે. શું થાય?

મુમુક્ષુ :– વાણિયા ...

ઉત્તર :– વાણિયા ... છે. ઝટ સહેલું મળે. સહેલું મળે, સહેલું. લુંટાઈ ગયા. શાકનો દાખલો નહોતો આપ્યો? ભીંડો અને દૂધી. સાંભળ્યું હતું ને? વાણિયાનો દાખલો નથી? અધમણ શાક વેચવા માટે લઈ આવ્યો હશે. હવે ખપી ગયું એમાં દસ શેર બાકી રહ્યું. સાંજનું ટાણુ, પણ કોઈક કોઈક ટુવા શું કહેવાય? દૂધી, ભીંડો. ધીસોડા સારા સારા વીણીને લઈ જાય ને ઓલા. થોડું થોડું રહે. પછી કોઈ વાણિયો જરી લોભી આવ્યો હશે. જો ભાઈ! આઠ આના શેર અત્યાર સુધી વેંચ્યું છે. આ દસ શેર છે. ચાર આના શેર આપીએ છીએ. ટુવો છે થોડો. ટુવો સમજો છો? ડંખ... ડંખ. થોડું સડેલું. પાંચ રૂપિયાના અઢી રૂપિયા લાવો. ભારે આ તો! ઘરે જાય ત્યાં આખામાં ટુવો એક પણ સારો ન નીકળ્યો. સોંઘું લેવા ગયા ત્યાં .... મફતમાં. 'બાલચંદજી'! એમ આ સોંઘું લેવા જાય છે ત્યાં બધા સડેલા છે. પુણ્યથી ધર્મ થાય ને આવા દેવ-ગુરુ હોય, એને માનો તો તમારું કલ્યાણ થાય. એ બધા સોંઘું લેવા જાય પણ મોંઘું પડશે. કાંઈ હાથ આવશે નહિ. એ .... કહો, સમજાણું કાંઈ?

આ પીવાની ઇચ્છારૂપ દુઃખ ન હોય. **'(૩) આ લોકનો ભય, પરલોકનો ભય,..'** એ ભગવાનને હોય નહિ. **'અરક્ષાભય, અગુપ્તિભય, મરણભય, વેદનાભય અને અકસ્માતભય એમ ભય સાત પ્રકારે છે.'** એથી રહિત હોય. નિર્ભય ભગવાન આત્મદશા પ્રગટ થઈ છે. આહાહા..! ભલે શરીર હોય. અનંતી-અનંતી આનંદની નિર્ભયતા, શાંતિની, સ્વચ્છતાની પ્રભુતા પ્રગટી છે. એને ભય-બય હોય નહિ. ક્યાં જન્મશું? ક્યાં અવતાર લેશું? એવો એને ભય હોતો નથી. **'(૪) ક્રોધી પુરુષનો તીવ્ર પરિણામ તે રોષ છે.'** એ ભગવાનને હોતો નથી. ક્રોધી પુરુષના તીવ્ર પરિણામ. લાલ આંખ થઈ જાય ને? ભગવાનનું નામ ધરાવે ને લાલ આંખ થઈ જાય. એવા ભગવાન હોય નહિ. રોષ ન હોય.

**'(૫) રાગ પ્રશસ્ત અને અપ્રશસ્ત....'** બે છે. રાગના બે પ્રકાર. એક શુભ અને એક અશુભ. **'દાન, શીલ, અપવાસ તથા ગુરુજનોની વૈયાવૃત્ય વગેરેમાં ઉત્પન્ન થતો તે પ્રશસ્ત રાગ છે...'** શુભરાગ છે. એ રાગ ભગવાનને હોતો નથી. જુઓ! આ **'દાન, શીલ, અપવાસ તથા ગુરુજનોની વૈયાવૃત્ય...'** એમાં ઉત્પન્ન થતો પુણ્યભાવ છે એ તો. પુણ્યભાવ રાગ-રાગ. સમજાણું કાંઈ? દાનનો ભાવ એ પુણ્ય છે, ધર્મ નહિ. શીલ, શરીરનું શીલ બ્રહ્મચર્ય પાળવું. શુભરાગ છે. અપવાસ કરવો ... શુભરાગ છે. અને ગુરુજનોની, ધર્માત્માઓની વૈયાવૃત્ય, તેનાથી ઉત્પન્ન થતો પ્રશસ્ત રાગ, તે ભગવાનને હોતો નથી. દાન, શીલ, અપવાસ ભગવાનને હોતું નથી એમ કહે છે.

**'સ્ત્રી સંબંધી, રાજા સંબંધી, ચોર સંબંધી તથા ભોજન સંબંધી વિકથા કહેવાના ને સાંભળવાના કૌતૂહલપરિણામ તે અપ્રશસ્ત રાગ છે.'** ભુંડો રાગ, માઠો રાગ. **'સ્ત્રીસંબંધી,..'** રાગ અશુભ. **'રાજાસંબંધી,...'** રાગ અશુભ. **'ચોરસંબંધી,..'** રાગ અશુભ. **'ભોજનસંબંધી...'** રાગ

અશુભ. એ **'સાંભળવાના કૌતૂહલપરિણામ તે અપ્રશસ્ત રાગ છે.'** પણ ઓલો પ્રશસ્ત રાગ છે એ દાન, શીલ, અપવાસથી ઉત્પન્ન થતો રાગ (છે), છતાં એ રાગ દુ:ખરૂપ છે. પ્રશસ્તરાગ પણ છે દુ:ખરૂપ.

મુમુક્ષુ :– આકુળતા છે.

ઉત્તર :– આકુળતા છે. સમજાણું કાંઈ? વગેરેમાં કહ્યું છે ને? **'ગુરુજનોની વૈયાવૃત્ય વગેરેમાં ઉત્પન્ન થતો...'** ભગવાનની ભક્તિ, મૂર્તિની પૂજા, એમાંથી ઉત્પન્ન થતો શુભરાગ, એ રાગ પણ દુ:ખદાયક છે, ક્લેશ છે. એ ભગવાનને હોતો નથી.

અહીંયા કહે છે, **'સ્ત્રીસંબંધી, રાજા સંબંધી, ચોર સંબંધી તથા ભોજન સંબંધી વિકથા..'** એ પાપ છે. **'સાંભળવાના કૌતૂહલપરિણામ...'** કેમ છે? કેવી સ્ત્રી? ક્યા ગામની? ક્યા દેશની? કેવી રૂપાળી? એ બધું સાંભળવાનો વિકલ્પ તે ભૂંડો પાપરાગ છે. એમ આહાર, ક્યાંનો આહાર? કોણે બનાવ્યો? કેમ બનાવ્યો? ફલાણું. વિસ્મયતા કરે છે ને? કૌતૂહલતા પાપરાગ છે. એ ભગવાનને હોતો નથી.

**'ચાર પ્રકારના શ્રમણસંઘ પ્રત્યે વાત્સલ્ય સંબંધી મોહ તે પ્રશસ્ત છે...'** અહીંયા મોહ શબ્દે રાગ છે. મોહ એટલે પરમાં સાવધાની એટલું. **'ચાર પ્રકારના શ્રમણસંઘ પ્રત્યે વાત્સલ્ય સંબંધી મોહ..'** જે શુભ છે. એ સિવાયનો મોહ તે અશુભ છે. શ્રમણ ચાર પ્રકારના. જુઓ! **'(૧) ઋષિ, (૨) મુનિ, (૩) યતિ અને (૪) અણગાર.' નીચે. 'ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ છે;...'** એવા ઋદ્ધિવાળા ઋષિ પ્રત્યે પ્રેમ, એ મોહ શુભ છે. શુભરાગ છે. છે મોહ. આહાહા..! **'અવધિજ્ઞાન, મન:પર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ...'** તેના પ્રત્યેનો પ્રેમ એ મોહ છે. સમજાણું કાંઈ? શુભરાગ મોહ છે. અહીં મિથ્યાત્વની વાત નથી.

**'ઉપશમક અથવા ક્ષપક શ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે;...'** એના પ્રત્યેનો પ્રેમ પણ રાગ છે. **'સામાન્ય સાધુ તે અણગાર છે.'** એના પ્રત્યેનો પ્રેમ તે પણ રાગ છે. સમજાણું કાંઈ? **'તે સિવાયનો મોહ અપ્રશસ્ત જ છે. (૭) ધર્મરૂપ તથા શુક્લરૂપ ચિંતન...'** ધર્મધ્યાનનું ચિંતન, શુક્લધ્યાનનો અંતર વિચાર એ પ્રશસ્ત છે. **'તે સિવાયનું (આર્તરૂપ તથા રૌદ્રરૂપ ચિંતન) અપ્રસ્ત જ છે.'** એ ભગવાનને હોતા નથી. પ્રશસ્ત પણ નથી અને અપ્રશસ્ત પણ નથી. ..... કોનું ધ્યાન કરે છે? ધ્યાન કહ્યું છે ને? શુક્લધ્યાન કેવળીને. એ આનંદનો અનુભવ કરે એ ધ્યાન છે. આહાહા..! અતીન્દ્રિય અમૃતસાગર ઉછળી ગયો છે ને. બાઢ આવી છે. બાઢ. પર્યાયમાં દરિયો ઉછળીને ભરતી આવી છે. તમારામાં બાઢ કહે છે ને? 'બાલચંદજી'! બાઢ કહે છે. અમારે અહીંયાં ભરતી કહે છે. ભરતી-ભરતી. ભગવાનને તો અનંત-આનંદની બાઢ આવી છે. સુધાજળ, અમૃતજળ જેના પર્યાયમાં ઉછાળા મારે છે. એને આવો રાગ આદિ હોતું નથી.

**'(૮) તિર્યંચો તથા મનુષ્યોને વયકૃત દેહવિકાર તે જ જરા છે.'** ભગવાનને જરા હોતી નથી. કરોડ પૂર્વનું આયુષ્ય હોય તો પણ જરા હોતી નથી. એવું ને એવું શરીર લાગે. **તિર્યંચ તથા મનુષ્યોનું વય...'** આ વય-વય છે ને? આ વયકૃત. ઉંમર-ઉંમર. એ દેહનો વિકાર (છે). વયને લીધે થતી શરીરની જીર્ણદશા. એ જીર્ણદશા ભગવાનને હોતી નથી. ક્ષુધા લાગી, તૃષા લાગી ને શરીર જીર્ણ થઈ ગયું. અને આહાર લીધા પછી પુષ્ટ થઈ ગયું એવો પાઠ 'ભગવતી'ના પંદરમાં શતકમાં છે. બધી વાતુંમાં બહુ ફેરફાર. જરા નથી લ્યો.

**'(૯) વાત, પિત્ત અને કફની વિષમતાથી ઉત્પન્ન થતી ક્લેવર (–શરીર) સંબંધી પીડા તે...'** ભગવાનને રોગ નથી. દવા લેવા ગયા. ભગવાનને ગોશાળે માર્યો. તેજો લેશ્યા સમવસરણમાં. પણ સમવસરણમાં એવા આવી શકે જ નહિ, સાંભળને. મારે શેનો? ભગવાનને છ મહિના સુધી લોહીખંડ ઝાડો. લોહીખંડ ઝાડા સમજો છો? છ મહિના સુધી લોહીખંડનો ઝાડો ભગવાનને રહ્યો. તેજો લેશ્યા મારી લેશ્યા બધી વાતો કલ્પિત છે. ભગવાનને એ હોતું નથી. અરે...! વ્યવહાર ભગવાન કોણ છે એને ઓળખ્યા નહિ. નિશ્ચય ભગવાનને તો ઓળખે જ નહિ. સમજાણું કાંઈ? અને આ વ્યવહાર ભગવાનની શ્રદ્ધા એ તો નિશ્ચયને બતાવે છે. સાચા ભગવાનની શ્રદ્ધા. પોતાની શ્રદ્ધા એ તો કાંઈ વસ્તુ છે જ નહિ. જુઓને! દરેકની ટીકા કરીને ખુલાસો કર્યો છે.

**'રોગ,..'** સમજાણું? ભગવાનને રોગ થયો. ત્યાં અણગારને કહ્યું, જાઓ ફલાણાના ઘરેથી લઈ આવો. એના ઘર માટે પકવાન કર્યો છે એ લઈ આવો. ઘોડા માટે કર્યો એ. મારા માટે કર્યો એ લાવીશ નહિ. એવું આવે છે ને? ઘોડા માટે કર્યો છે એ લઈ આવજો. એ બધી વાતો કલ્પિત-રચના. આહાહા..! ભારે કઠણ વાત, ભાઈ! સંપ્રદાયની વાતમાંથી છૂટવું, જેમાં જન્મ થયો હોય એના સંસ્કાર પડ્યા હોય, ગળતા-ગળતા ગળથા ખાતા-ખાતા નીકળ્યા છે. કેટલી વાર લાગી, જુઓને! ખબર છે કે નહિ? આવા દોષો અરિહંત પરમાત્માને હોતા નથી. એવા અહિરંતની શ્રદ્ધા કરવી એ શુભરાગ છે. અને એ રાગ એમ બતાવે છે કે અંદરમાં એને નિર્મળ સમકિત છે એમ બતાવે છે. એ માટે આ વ્યવહારની વાત કરી છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ ૧૨, સોમવાર, તા. ૮-૩-૧૯૭૧**
**ગાથા – ૬, શ્લોક – ૧૩, પ્રવચન નં. ૯**

'નિયમસાર' જીવ અધિકાર. એમાં પરમાત્મા સશરીરી અરિહંત કેવા હોય? એની શ્રદ્ધા તે વ્યવહારસમકિત છે. વ્યવહારસમકિતમાં શ્રદ્ધાવાન પરમાત્મા કેવા હોય? એની વ્યાખ્યા છે. પરમાત્માના શરીરને રોગ ન હોય. શરીર હોય, ત્રિકાળ જ્ઞાન હોય, અનંતઆનંદ હોય, શરીર હોવા છતાં એને રોગ ન હોય.

મુમુક્ષુ :– અહીંયાં કેવળજ્ઞાન છે એમ માને, અહીંયાં રોગ છે એમ માને.

ઉત્તર :– ના. બિલકુલ વિરુદ્ધ. તદ્દન તત્ત્વનો વિરોધ છે. એવી બધી અશાતા રહી જાય, તો એની પવિત્રતા નહોતી. અને એને જીવની દશા પણ નહોતી એનું ભાન નથી એને. સંપ્રદાયમાં તો મોટો વિરોધ છે ને? ભગવાનને રોગ હતો, દવા લાવ્યા, બધું કર્યું. બધી કલ્પિત વાતું છે.

પૂર્ણ આત્મદશા જ્યાં પૂર્ણ આનંદ પ્રગટ થાય, એના શરીરને અશાતાનો એટલો ઉદય એટલો ન હોય કે જેમાં રોગ આવે. અશાતાની પ્રકૃતિ હોય છે પણ એ તો મોટા દરિયામાં જેમ ચપટી રાખ નાખો એવા અશાતાના રજકણો હોય છે. પરમપવિત્ર આત્મા જ્યાં પૂર્ણ થયો એના શરીર પરમઔદારિક (હોય), એને રોગ ન હોઈ શકે. રોગ જાણે છે એને પરમાત્માની ખબર નથી.

મુમુક્ષુ :– એને અઘાતીકર્મોનું જ્ઞાન બરાબર ન થયું.

ઉત્તર :– અઘાતિનું નહિ, નિર્મળ પર્યાયનું પણ નહિ. પૂર્ણ નિર્મળ હોય તો કર્મનો રસ કેટલો ઘટી જાય (એની ખબર નથી). એને એક્કેયનું (જ્ઞાન) નથી. અજીવનું નથી, જીવનું નથી, સંવર-નિર્જરાનું નથી અને મોક્ષનું નથી. ખરેખર એક્કેય તત્ત્વ નથી. એય..! જેને આત્માના ધ્યાન દ્વારા અઘાતીકર્મના રસ ઘણા મંદ પડી ગયા છે, અશાતાનો ઉદય તો ઘણો મંદ પડી ગયો છે. અનંતી અનંતી શાતા રખાવે છે. એવી પવિત્રતાના પરિણામને પણ ઓળખ્યા નથી કે આવા પરિણામ હોય ત્યાં અશાતા હોઈ શકે નહિ. એવી વાત જરા ઝીણી છે. ખરેખર તો નવેતત્ત્વમાં ભૂલ છે. સમજાણું કાંઈ?

એ દસમો બોલ આવ્યા છીએ. પરમાત્મા શરીરી હોવા છતાં, શરીરમાં એને રોગ ન હોય. **'(૧૦) સાદિ-સનિધન, મૂર્તિ ઇંદ્રિયોવાળા, વિજાતીય નરનારકાદિ વિભાવવ્યંજનપર્યાયનો જે વિનાશ તેને જ મૃત્યુ કહેવામાં આવ્યું છે.'** ભગવાનને મૃત્યુ છે નહિ. મૃત્યુ એને કહીએ કે ભવાંતર થઈને બીજો જન્મ થાય તો મૃત્યુ કહીએ. એને બીજો જન્મ છે નહિ. એવી આત્માની પૂર્ણ પરમાત્મા દશા કેવળજ્ઞાનમાં અહીં થાય છે એમ કહે છે. શરીરમાં. હજી લોકોને પરમાત્મા કોણ? એની શ્રદ્ધા શું? સ્વભાવે એવો જ પરમાત્મા હું છું. એવા દૃષ્ટિવંતને આવા પરમાત્માની વ્યવહાર શ્રદ્ધા હોય

છે. એમ કહે છે. સમજાણું કાંઈ? 'રવજીભાઈ'! પૂર્વે બધું સાંભળ્યું છે ને? રોગ થાય, ફલાણું થાય, એવું બધું. એ 'મલુપચંદભાઈ'! તમારા ગામમાં તો બહું સાંભળ્યું હતું.

**'(૧૧) અશુભ કર્મના વિપાકથી જનિત, શારીરિક શ્રમથી ઉત્પન્ન થતો, જે દુર્ગંધના સંબંધને લીધે ખરાબ વાસવાળા જળબિંદુઓનો સમૂહ તે સ્વેદ છે.'** ભગવાનને સ્વેદ–પરસેવો ન હોય. મહા અનંતબળના ધણી આત્મા અને શરીરમાં પણ અનંતબળ છે. સમજાય છે કાંઈ? એવું પરમાત્માનું વાસ્તવિક સ્વરૂપ જ હજી શું છે? અરિહંત કોને કહેવા? આમ અરિહંત એમ બોલે. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં.. વળી કહે એને રોગ થાય, એ વળી આહાર લે, એને તૃષા લાગે. એ વળી પહેલે સમયે પરમાણુ ગ્રહે અને બીજા સમયે કાઢે. એય..! પરમાત્માને એણે ઓળખ્યા જ નથી. એટલે વ્યવહારશ્રદ્ધા સાચી નથી. એની નિશ્ચયશ્રદ્ધા પણ સાચી નથી હોતી. સમજાણું કાંઈ? એને સ્વેદ ન હોય.

**'(૧૨) અનિષ્ટની પ્રાપ્તિ (અર્થાત્ કોઈ વસ્તુ અનિષ્ટ લાગવી) તે ખેદ છે.'** અનિષ્ટ લાગવી. ખેદ-બેદ ભગવાનને કાંઈ છે નહિ. અનિષ્ટ કાંઈ છે નહિ. પૂર્ણ નિષ્ઠ આત્મા, પૂર્ણાનંદ પ્રગટ દશા થઈ. (અનિષ્ટ) છે નહિ કાંઈ. ઇષ્ટની પ્રાપ્તિ થઈ ગઈ, અનિષ્ટનો નાશ થઈ ગયો. એને ખેદ ન હોય.

**'(૧૩) સર્વ જનતાના (–જનસમાજના) કર્ણમાં અમૃત રેડતા સહજ ચતુર કવિત્વને લીધે,...'** હવે કહે છે કે આવું અભિમાન ન હોય એમ કહે છે. એવા મધુર, મીઠું કવિત્વ હોય, કે સર્વજીવને 'કર્ણમાં અમૃત રેડતા સહજ ચતુર કવિત્વ..' એને લઈને અભિમાન થાય કે, આહાહા..! મારો કેવો કંઠ છે, એવું ભગવાનને હોતું નથી. એ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા છે. ધ્વનિ તો એવી અલૌકિક નીકળે કે લોકોના કર્ણમાં અમૃત રેડતા હોય. કર્ણમાં જાણે અમૃત રેડાતા હોય એવી ભગવાન તીર્થંકરદેવની વાણી હોય છે. પણ એ તો જડની દશા છે. આત્માને અને એને કાંઈ સંબંધ નથી. સમ્યગ્દૃષ્ટિ પણ એ કંઠના અભિમાન કરતો નથી, તો સર્વજ્ઞ પરમાત્માને તો હોતું નથી.

**'સહજ (સુંદર) શરીરને લીધે,...'** શરીરની સુંદરતા, નમણાઈ હોય એનું અભિમાન થઈ જાય છે. અમારું શરીર બીજા કરતા સારું. ધૂળ (સારુ), એ તો માટી છે. એમાં સારું કોને કહેવું? પરમાત્માનું શરીર તો સુંદર આમ પરમ ઔદારિક. ઇન્દ્રો હજાર નેત્રથી જુએ તો તૃપ્તિ ન થાય. તોપણ શરીરની સુંદરતાનું અભિમાન એને નથી. આત્મા આનંદમૂર્તિનો જ્યાં પૂર્ણ અનુભવ થયો, નીચે પણ આનંદનો જ્યાં સમ્યક્માં અનુભવ થતાં, શરીરની સુંદરતાનું અભિમાન જ્ઞાનીને હોતું નથી. શરીરની સુંદરતાનું અભિમાન હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? આ તો માટી જડ-ધૂળ છે. એની સુંદરતામાં તો રાગ છે. એનું અભિમાન હોઈ શકે નહિ. કેટલાક એવા હોય છે ને કે શરીરમાં એવી સુંદરતા લઈને જાણે શેઠિયાની જેમ ચાલે, શરીર આમ-આમ.. એક હતા. શેઠ જેવી ચાલ કરતા એટલે શેઠનું નામ પડી ગયું. કહો, સમજાણું?

**'સહજ (ઉત્તમ) કુળને લીધે,...'** સારા ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયો હોય, એનું અભિમાન (કરે). શેના કુળ? આત્માને કુળ કેવા? આત્મા આનંદમૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા, એનું કુળ શું? આમ તો કીધું છે, હોં! 'એ અમ કુળવત રીત'

મુમુક્ષુ :– એ વળી જુદી રીતે.

ઉત્તર :– 'આનંદઘનજી'માં આવે છે ને?

મુમુક્ષુ :– એ શુદ્ધતાની અપેક્ષાએ...

ઉત્તર :– એ તો શુદ્ધતાની અપેક્ષા. હે નાથ! આ પવિત્રતાને પંથે પૂરા પડ્યા, એ પંથે ચાલનારા તમારા કુળની વટવાળા અમે છીએ. એ તો વીતરાગતાના પંથે ચાલવાની કુળની વટની વાત છે. આ તો કુળમાં જન્મ થયો એના અભિમાન (કરે) કે અમે આવા ઊંચા કુળમાં જન્મેલા. કહો 'શેઠી'! એનું અભિમાન ન હોય, કહે છે.

**'સહજ બળને લીધે...'** શરીરમાં બળ એટલું બધું હોય, સહેજે કુદરતી, હોં! એનું પણ એને અભિમાન ન હોય. **'સહજ ઐશ્વર્યને લીધે...'** ઈશ્વરતા-મોટપ. ઇન્દ્રો જેને નમે. છતાં ઈશ્વરતાનું એને અભિમાન નથી. અને **'આત્મામાં જે અહંકારની ઉત્પત્તિ તે મદ છે.'** તે મદ હોતો નથી. આહા..! અતીન્દ્રિય ભગવાન આનંદસ્વરૂપ જ્યાં આત્માનું ભાન થાય, તો પણ અહીં તો કહે છે કે આઠ મદ હોતા નથી. ધર્મની જ્યાં દશા પ્રગટી, ત્યાં હું આત્મા આનંદ છું, જ્ઞાન છું, શાંતિ છું. એવું જેને ધર્મની દશાનું ભાન થાય, એને પણ આઠ મદ હોતા નથી. જાતિ મદ, કુળ મદ, બળ, રૂપ મદ એ તો જડના અભિમાન મિથ્યાત્વ સૂચવે છે. સમજાણું કાંઈ? શરીરના અવયવોની સુંદરતાના અભિમાન, એ જડના અભિમાન છે. એ તો મૂંઢ જીવ છે. આહાહા..! બહારમાં લાગતા હોય મોટા જાણે માંધાતા જેવા દેખાય. અંદરમાં એના જડના અભિમાન મૂંઢમાં છે, મોટા મૂંઢ જેવા છે. મોટા બળદિયા બળદ જેવા છે એમ કહે છે. મોટા સાંઢ હોય છે ને? શરીર મજબુત અને મોટા. એને કાંઈ ભાન ન હોય તો માથા મારે અને એવા તોફાન કરે... જુઓને! છોકરાવ તોફાન કરે છે. લ્યો, પાછા બે આવ્યા છે. ... અંદર કાંઈક વહેંચવું છે ને? કષાય.. કષાય.. કષાય... કહે છે, એવો મદ એને હોતો નથી.

**'(૧૪) વળી મનની પ્રસન્નતામાં પરમ પ્રીતિ.'** એવી ચીજ દેખીને મનની પ્રસન્નતા થાય અને રતિ થાય એ રતિ ભગવાનને હોતી નથી. **'(૧૫) પરમ સમરસીભાવની ભાવના રહિત જીવોને...'** આત્મા આનંદ અને વીતરાગ સ્વરૂપ છે. એવી **'(પરમ સમતાભાવના અનુભવ રહિત જીવોને) ક્યારેક પૂર્વે નહિ જોયેલું જોવાને લીધે થતો ભાવ તે વિસ્મય છે.'** વિસ્મય.. વિસ્મય. વિસ્મય લાગે. કોને વિસ્મય, બાપા! આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ એવું અતીન્દ્રિય આનંદનું ભાન થાય, તો કોઈને દેખીને વિસ્મય થતો નથી. તો ભગવાનને તો વિસ્મય હોતો નથી.

**'(૧૬) કેવળ શુભ કર્મથી દેવપર્યાયમાં જે ઉત્પત્તિ,...'** ભગવાનને તો કાંઈ જન્મ છે નહિ. દેવપર્યાયમાં પણ ઉત્પત્તિ નથી. ભગવાન મરીને દેવમાં જાય એમ છે? એ તો અરિહંત પરમાત્મા પૂર્ણ થઈ ગયા. દેહ છૂટીને સિદ્ધ થઈ જવાના છે. એટલે **'અશુભકર્મથી નારકપર્યાયમાં જે ઉત્પત્તિ,...'** મહાપુણ્ય કર્યા હોય તો દેહમાં ઊપજે. તો ભગવાનને તો એ છે નહિ. જન્મ જ નથી. પાપ કર્યા હોય, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, માંસ, દારૂ (ખાનારા) મરીને નરકમાં જાય. એવા ભાવ ભગવાનને તો હોતા નથી. એટલે એને જન્મ હોતો નથી.

**'માયાથી તિર્યંચપર્યાયમાં...'** કપટી જીવો આ ઢોરમાં ઊપજે. આડા શરીર થાય ને? આડા. માયા, કપટ અને કુટીલતાથી બહુ આડોડાઈ કરી હોય, એ બધા મરીને ઢોરમાં જવાના. ભગવાનને એવો જન્મ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં મોટા ચતુર કરોડપતિ વાણિયા ગણાતા હોય. મરીને ઢોરમાં જાય.

મુમુક્ષુ :– માયાચાર કરતા હોય તો જાય.

ઉત્તર :– માયા, કપટ, કુટીલ, દંભ, વક્રતા, આડોડાઈ, અંતરમાં એના ફળ તરીકે પશુના જન્મ એને અનંતવાર થાય. ભગવાનને કાંઈ છે નહિ.

**'શુભાશુભ મિશ્ર કર્મથી...'** મનુષ્ય થાય. કાંઈક શુભ હોય અને કાંઈક અશુભ હોય તો મનુષ્ય થાય, એ ભગવાનને છે નહિ. તેથી ભગવાનને જન્મ નથી. કહો, સમજાણું કાંઈ? કેટલાક લોકો કહેને કે ભગવાન આવા હોય, પણ બહુ જ્યારે પાપ વધે તો અવતાર લે. એમ છે નહિ. ભગવાનને એ અવતાર હોય નહિ.

મુમુક્ષુ :– ભક્તોની ભીડ ભાંગવા માટે અવતાર લે.

ઉત્તર :– ભીડ કોની ભાંગે? આહાહા..! ભક્તોની ભીડ હોય જ નહિ. એ બધી વાતું કલ્પના છે. પરમાત્મ દશા જ્યાં થઈ એને પછી ઉત્પત્તિમાં જન્મ છે જ નહિ. એને અવતાર હોઈ શકે નહિ. પછી ઘણે કાળે મોક્ષમાંથી પણ પાછા આવે. એમ કહે છે ને? એમ છે નહિ.

**'(૧૭) દર્શનાવરણીય કર્મના ઉદયથી જેમાં જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ જાય તે જ નિંદ્રા છે.'** નિંદ્રામાં ભાન ન રહે. એવી નિંદ્રા ભગવાનને હોતી નથી.

મુમુક્ષુ :– નિંદ્રાથી તો શાંતિ થાય છે.

ઉત્તર :– ધૂળેય શાંતો નથી. જ્યોતિ અસ્ત થઈ જાય. ત્યાં જ્ઞાન ઢંકાઈ જાય છે.

**'(૧૮) ઇષ્ટના વિયોગમાં વિક્લવભાવ (ગભરાટ) તે જ ઉદ્વેગ છે. –આ (અઢાર) મહા દોષોથી ત્રણ લોક વ્યાપ્ત છે. વીતરાગ સર્વજ્ઞ આ દોષોથી વિમુક્ત છે.'** લ્યો. આ અઢાર દોષો હોતા નથી. શ્વેતાંબરમાં અઢાર દોષ બીજા કહે છે. આ અઢાર દોષ બીજા છે. બેમાં મોટો ફેર છે. સમજાણું કાંઈ? આ તો સનાતન સત્ય વીતરાગમાર્ગ અનાદિથી ચાલ્યો આવે છે, એની રીત અને

એના પરમાત્મા આવા હોય એમ કહે છે. સમજાણું? પેલા કહેને ભાઈ! મહાવીર તો બેના એક છે ને! એમ કહે છે. એકે એક વાતમાં બધો ફેર છે. વીતરાગનું પરમાત્માનું, અરિહંતનું સ્વરૂપ સંતોએ કહ્યું અને જે અનાદિ છે એનાથી બીજા સંપ્રદાયમાં ફેર છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં અને સ્થાનકવાસીમાં બન્નેમાં ઉંધું છે. દેવના સ્વરૂપની વાત જ ઊંધી છે. એય.. 'ચીમનભાઈ'! આહાહા..!

હવે કૌંસમાં લખ્યું છે. **'[વીતરાગ સર્વજ્ઞને દ્રવ્ય-ભાવ ઘાતિકર્મોનો અભાવ હોવાથી..]'** દ્રવ્ય એટલે જડકર્મ અને ભાવ એટલે વિકાર આદિ. **'તેમને ભય, રોષ, રાગ, મોહ, શુભાશુભ ચિંતા,...'** આ શુભાશુભ ચિંતા. **'ખેદ, મદ, રતિ, વિસ્મય, નિંદ્રા તથા ઉદ્વેગ...'** અગિયાર બોલ થયા. એ અગિયાર બોલ છે. અઢારમાંથી અગિયાર બોલ. પહેલું એટલું આવ્યું, ઘાતિકર્મનો દ્રવ્ય-ભાવનો અભાવ હોવાથી. આ ન હોય એમ. સિદ્ધાંત સિદ્ધ કર્યો.

**'વળી તેમને સમુદ્ર જેટલા શાતાવેદનીયકર્મોદય મધ્યે...'** સમુદ્ર જેવો ભગવાનને તો શાતાવેદનીયનો ઉદય છે. **'બિંદુ જેટલો અશાતાવેદનીયકર્મોદય વર્તે છે, તે મોહનીયકર્મના તદ્દન અભાવમાં, લેશમાત્ર પણ ક્ષુધા કે તૃષાનું નિમિત્ત ક્યાંથી થાય?'** ભગવાનને ક્ષુધા-તૃષા હોતી નથી. **'ન જ થાય; કારણ કે ગમે એટલું અશાતાવેદનીય કર્મ હોય તો પણ મોહનીયકર્મના અભાવમાં દુઃખની લાગણી હોઈ શકે નહિ. તો પછી અહીં તો જ્યાં અનંતગુણા શાતાવેદનીયકર્મ મધ્યે અલ્પમાત્ર (–અવિદ્યમાન જેવું) અશાતાવેદનીયકર્મ વર્તે છે ત્યાં ક્ષુધાતૃષાની લાગણી ક્યાંથી હોય?'** એ બે બોલને સિદ્ધ કર્યા. પહેલા અગિયારને (સિદ્ધ કર્યા હતા). અગિયાર કેમ નથી એમ સિદ્ધ કર્યું. આ બે કેમ નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

**'ક્ષુધાતૃષાના સદ્ભાવમાં અનંત સુખ, અનંતવીર્ય વગેરે ક્યાંથી સંભવે?'** ક્ષુધાતૃષા હોય તો અનંતઆનંદ અને અનંતવીર્ય ક્યાંથી હોય? **'આમ વીતરાગ સર્વજ્ઞને ક્ષુધા (તથા તૃષા) નહિ હોવાથી તેમને કવલાહાર પણ હોતો નથી.'** એ કોળિયા લે અને આહાર કરે એમ હોતું નથી. દવા લે અને ઔષધ ખાય એવું હોતું નથી. **'કવલાહાર વિના પણ તેમને (અન્ય મનુષ્યોને અસંભવિત એવાં,)...'** સાધારણને અસંભવિત. **'સુગંધીત, સુરસવાળાં, સપ્તધાતુરહિત પરમૌદારિક શરીરરૂપ નોકર્માહારને યોગ્ય, સૂક્ષ્મ પુદ્ગલો પ્રતિક્ષણ (ભગવાનના શરીરમાં) આવે છે.'** પુણ્યના કારણે એના શરીરમાં એટલા બધા સારા રજકણો આવે છે. **'તેથી શરીરસ્થિતિ રહે છે.'** તેર બોલ થયા.

**'વળી પવિત્રતાને અને પુણ્યને એવો સંબંધ હોય છે અર્થાત્ ઘાતિકર્મોના અભાવને અને બાકી રહેલા અઘાતિકર્મોને એવો સહજ સંબંધ હોય છે કે વીતરાગ સર્વજ્ઞને તે બાકી રહેલાં અઘાતિકર્મોના ફળરૂપ પરમૌદારિક શરીરમાં જરા, રોગ અને પરસેવો હોતા નથી.'** એમ. એ ત્રણને સિદ્ધ કર્યા. પહેલા અગિયારને, પછી બે ને, પછી ત્રણને સિદ્ધ કર્યાં કે કેમ નથી. એમ. ભગવાનને શરીર હોવા છતાં જરા ન હોય, રોગ ન હોય, એને પરસેવો ન હોય. **'વળી કેવળી**

**ભગવાનને ભવાંતરમાં ઉત્પત્તિના નિમિત્તભૂત શુભાશુભ ભાવો નહિ હોવાથી તેમને જન્મ હોતો નથી; અને જે દેહવિયોગ પછી ભવાંતરપ્રાપ્તિરૂપ જન્મ થતો નથી તે દેહવિયોગને મરણ કહેવાતું નથી.'** અગિયાર. અગિયારને બે, તેરને બે પંદર ને બે સત્તર. અઢાર થયા ને? જરા, રોગ અને પરસેવો ત્રણ આવ્યા, જુઓને! અગિયાર ને બે તેર, અને ત્રણ સોળ, અને બે અઢાર. જન્મ અને મરણ. પંડિતજીએ અઢારની સિદ્ધિ કરી.

**'આ રીતે વીતરાગ સર્વજ્ઞ અઢાર દોષ રહિત છે.] એ જ રીતે (અન્ય શાસ્ત્રોમાં ગાથા દ્વારા) કહ્યું છે :–'** જુઓ!

**सो धम्मो जत्थ दया सो वि तवो विसयणिग्गहो जत्थ।**
**दसअडदोसरहिओ सो देवो णस्थि संदेहो ।।**

કહો 'જેઠાભાઈ'!

**'તે ધર્મ છે જ્યાં દયા છે,...'** રાગરહિત અહિંસા સ્વભાવ પ્રગટે તેને અહીં દયા કહે છે. ધર્મ તે અહિંસા છે. અહિંસા તે રાગની અનઉત્પત્તિ છે. આત્મામાં વીતરાગપણાની ઉત્પત્તિ અને રાગની અનુત્પત્તિ, એને અહીંયા અહિંસા અને દયા-ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'તે તપ છે જ્યાં વિષયોનો નિગ્રહ છે,...'** મુનિપણું એને કહીએ કે જે પાંચેય ઇન્દ્રિયના વિષયનો નિગ્રહ થઈ, અનિન્દ્રિય આનંદનું ઉગ્ર વેદન છે એને મુનિપણું અને તપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેમાં પાંચ ઇન્દ્રિયના વિષયોનો નિગ્રહ થતો નથી, અનિન્દ્રિય દશા પ્રગટ થતી નથી એને તપ કહેતા નથી. એને લાંઘણું કહે છે. સમજાણું કાંઈ? આ વર્ષીતપ કરે છે ને?

મુમુક્ષુ :– એમાં પણ અમુક અંશે વિષયનો નિગ્રહ તો થાય છે.

ઉત્તર :– ધૂળ પણ થતો નથી. અનિન્દ્રિયની દૃષ્ટિ વિના ઇન્દ્રિયનો નિગ્રહ થાય ક્યાંથી? અનિન્દ્રિય ભગવાનઆત્મા છે એની જ્યાં દૃષ્ટિનું ભાન નથી. ઇન્દ્રિયનો નિગ્રહ તો એને કહે છે. જડઇન્દ્રિય, ભાવઇન્દ્રિય અને ઇન્દ્રિયનાવિષયો, એ ત્રણેનો આશ્રય છોડીને અતીન્દ્રિયનો આશ્રય લે, ત્યારે ઇન્દ્રિયને જીતી કહેવામાં આવે છે. 'સમયસાર'ની ૩૧ મી ગાથા. **'जो इंदिये जिणित्ता'**

મુમુક્ષુ :– અર્થ બધા જુદા.

ઉત્તર :– અર્થ બધા જુદા છે. કેટલાક અર્થ ફેરવશો? એક જણો વળી એમ કહેતો હતો. શું કરે? ભાઈ! તને ખબર નથી.

ભગવાનઆત્મા...! મુનિપણું અને તપ તો એને કહીએ કે જેમાં ખંડઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય, જડઇન્દ્રિય અને એના વિષયો એટલે વાણી આદિ એ બધાનું લક્ષ છોડીને, અતીન્દ્રિય એવા ભગવાનઆત્માનો આશ્રય કરીને રહે, એને અહીંયાં ઇન્દ્રિયનો જીતનારો કહેવામાં આવે છે.

આહાહા..! ભારે! સમજાણું કાંઈ? **'તે દેવ છે જે અઢાર દોષ રહિત છે;...'** ત્રણ બોલ મુક્યા છે ને? દેવ તો એને કહીએ જેમાં અઢાર દોષ હોય નહિ. **'આ બાબતમાં સંશય નથી.'** લ્યો.

**'વળી શ્રી વિદ્યાનંદસ્વામીએ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**अभिमतफलसिद्धेरभ्युपायः सुबोधः**
**स च भवति सुशास्त्रात्तस्यचोत्पत्तिराप्तात् ।**
**इति भवति स पूज्यस्तत्प्रसादात्प्पबुद्धेः**
**न हि कृतमुपकारं साधवो विस्मरन्ति ।।**

સર્વજ્ઞ પરમેશ્વર, પરમાત્મા અઢાર દોષરહિત, એવા અરિહંતને ઓળખાવ્યા. હવે કહે છે કે એ અરિહંતની કૃપાનું ફળ મુક્તિ છે. એય.. 'ચંદુભાઈ'! પાછી કૃપા થઈ ગઈ!

મુમુક્ષુ :– વીતરાગતામાંથી કૃપા ક્યાંથી આવી?

ઉત્તર :– કૃપાનો અર્થ એ કે પરમાત્મા પૂર્ણ સ્વરૂપ, સર્વજ્ઞ, એના જ્ઞાનમાં આ આત્માનું જ્ઞાન ભાસ્યું કે આ ક્ષણે આમને આ થયું. એ ભગવાનની કરુણા-કૃપા છે. 'કરુણા હમપાવત હૈ તુમકી, બાત રહી સુગુરુગમકી.' કરુણા ભગવાનની એટલે? સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં ત્રણકાળ જોયા, એમાં જે સમયે ધર્મીને આત્મજ્ઞાન, દર્શન અને અનુભવ થાય તે સમયે તેના જ્ઞાનમાં એમ વર્તતું હતું કે આને આ સમયે થયું, એ એની કરુણા (છે). સમજાણું કાંઈ?

**'ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે.'** શું કહે છે? સમ્યક્જ્ઞાનથી વાત ઉપાડી. સમ્યક્જ્ઞાનથી આત્માને સુબોધ થાય. **'ઇષ્ટફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે. (અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે),...'** ત્યાંથી ઉપાડ્યું. સમજાણું કાંઈ? ઇષ્ટફળ એટલે મુક્તિ. એ ફળની પ્રાપ્તિનો ઉપાય સુબોધ છે. **'(અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે.),...'** પૂર્ણાનંદની એવી મુક્તિ, એનો ઉપાય તો સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન વિના મુક્તિ મળે નહિ. કહો, સમજાય છે કાંઈ?

**'સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...'** કહો. એક બાજુ કહેવું શાસ્ત્રથી જ્ઞાન થાય નહિ. કઈ અપેક્ષા છે? ભગવાનની વાણી સમ્યગ્જ્ઞાન થનારને, એ વીતરાગની વાણી જ નિમિત્ત હોય છે એ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? જેને આત્મજ્ઞાન વસ્તુ થાય, ભગવાનની વાણીમાં એમ આવ્યું હતું કે તારું સ્વરૂપ સચ્ચિદાનંદ પૂર્ણ છો. એના ઉપર ધ્યાન લગાવ, તો તને જ્ઞાન થાય જ. એ જ્ઞાન થયું ત્યારે વીતરાગની વાણીથી થયું એમ વ્યવહારથી કહેવામાં આવેછે.

મુમુક્ષુ :– વાણી તો પુદ્ગલ છે.

ઉત્તર :– પુદ્ગલ એટલે નિમિત્ત થઈ ને? નિમિત્ત. સમ્યગ્જ્ઞાન આમ કહ્યું એમણે, તે તરફના લક્ષવાળુ જ્ઞાન થયું. પછી એને છોડીને સ્વનું થયું ત્યારે એને નિમિત્ત કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એક બાજુ કહેવું થાય નહિ, એક બાજુ કહેવું થાય..

ઉત્તર :– એ કઈ અપેક્ષાએ એ સમજવું જોઈએ ને. આહાહા..!

સર્વજ્ઞપદ–એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેને ત્રણકાળ, ત્રણલોક જણાય, એવી જ્ઞાનની દશા, તેનું હોવાપણું, જેને અંતરમાં વાણી આવીને સ્વીકાર્યું, એને અંદર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય, એમાં એ જિનવાણી નિમિત્ત કહેવામાં આવે, માટે વાણીથી થયું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! અજ્ઞાનીઓની વાણી નિમિત્ત ન હોય એમ સિદ્ધ કરવું છે. વ્યવહારથી તો એમ જ લેવાય ને.

**'(મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે),...'** એમ કહે છે અહીં, જુઓ! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણ લેતા સમ્યગ્જ્ઞાનથી ઉપાડ્યું છે. **'(મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે),...'** ત્યાંથી ઉપાડ્યું છે. સમ્યગ્જ્ઞાન **'સુબોધ સુશાસ્ત્રથી થાય છે,...'** શબ્દ વાપર્યો છે જુઓ! સુબોધને 'સુ' છે અને શાસ્ત્રને 'સુ' છે. સુબોધ એને કહીએ કે જે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ સ્વરૂપ જેના અંતર જ્ઞાનમાં આવે એવા જ્ઞાનને સુબોધ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? અને એ 'સુબોધ સુશાસ્ત્રથી થાય છે.' સુશાસ્ત્ર. કુશાસ્ત્ર નહિ. ભગવાનની વાણીના શાસ્ત્રો. આહાહા..! એને પરખવા પડશે કે નહિ? કે આ વીતરાગના શાસ્ત્ર જ્ઞાનીના છે અને આ કલ્પિત છે એવો આંતરો પાડ્યા વિના સુશાસ્ત્રની પરીક્ષા ક્યાંથી થશે એને? સમજાણું કાંઈ?

**'સુબોધ સુશાસ્ત્રથી થાય છે, સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે;...'** એ સુશાસ્ત્રની ઉત્પત્તિ ત્રિલોકનાથ તીર્થંકરની ધ્વનિથી થાય છે. સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણપદને પ્રાપ્ત (થયા છે). શરીર બાકી છે, હજી વાણી બાકી છે. એ ધ્વનિ ઊઠે છે એ શાસ્ત્ર. એ સુશાસ્ત્રથી બોધ થાય અને બોધ તે મુક્તિનો ઉપાય છે. અને એ સુશાસ્ત્ર વીતરાગથી ઉત્પન્ન થાય. સર્વજ્ઞ પરમેશ્વરની વાણી સિવાય સુશાસ્ત્ર ઉત્પન્ન હોઈ શકે નહિ. જેણે ત્રણકાળ, ત્રણલોક જોયા અને જાણ્યા નથી એની વાણીમાં સુશાસ્ત્રપણું ક્યાંથી આવે? ધર્મનું મૂળ સર્વજ્ઞ છે, આવે છે ને? સમજાણું કાંઈ? જેણે આ ત્રણકાળ, ત્રણલોક જાણ્યા, એવી પોતાની શક્તિ આત્માની હતી. એવી જેણે પ્રગટ કરી છે, એનાથી સુશાસ્ત્રની ઉત્પત્તિ છે. આહો..! નિમિત્તથી કથન છે ને? શાસ્ત્રની ઉત્પત્તિ તો વાણી છે. વાણી તો વાણીથી થાય છે. પણ એમાં નિમિત્તપણું સર્વજ્ઞપણાનું હતું ને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આજ તો માંડ માંડ લાઈનમાં વારો આવ્યો ને.

ઉત્તર :– કોઈ વારો આવતો નથી કોઈનો, અહીં તો જેનો છે એનો છે.........

આહાહા..! આત્માની પૂર્ણાનંદ દશા, એવી જે મુક્તિ એનું કારણ સમ્યગ્જ્ઞાન, સુબોધનું કારણ સુશાસ્ત્ર, સુશાસ્ત્રની ઉત્પત્તિ સર્વજ્ઞના મુખારવિંદથી આવે તે. આહાહા..! કહો, સમજાણું આમાં? બીજા સર્વજ્ઞથી આવેલ શાસ્ત્ર નથી તો એ શાસ્ત્ર નથી. વીતરાગના મુખમાંથી નીકળ્યા એ શાસ્ત્ર કહેવાય. એ સુશાસ્ત્ર છે. એય..! 'ચેતનજી'! શું કહેવું છે? આ તો બધા વાંધા ઉઠશે. બન્ને સંપ્રદાયના ભગવાન એક છે. એ.. 'હરિભાઈ'! ના પાડે છે. ભગવાન એક છે નહિ. સાચા ભગવાન તો જેને એક સમયમાં ત્રિકાળજ્ઞાન (પ્રગટ્યું છે). શરીરમાં રોગ નહિ, ક્ષુધા નહિ, તૃષા નહિ, એવા જે પરમાત્મા તેના મુખમાંથી નીકળેલા શાસ્ત્ર, એને સુશાસ્ત્ર કહેવામાં આવે છે. એના સિવાયના કલ્પેલા શાસ્ત્રને કુશાસ્ત્ર કહે છે. કુશાસ્ત્રથી બોધ થાય નહિ અને બોધ વિના મુક્તિ થાય નહિ, એમ કહે છે. આહાહા..! એને પરીક્ષા કરવી પડશે કે નહિ? ક્યાં ગયા તમારા 'ચીમનભાઈ' નથી આવ્યા? તાવ આવે છે? કહો, સમજાણું કાંઈ? અરે..રે..! ભૂલ્યા, મૂળમાં ભૂલ્યા. ભગવાનમાં ભૂલ્યા એને બધી ભૂલ પડી. સમજાણું કાંઈ? કહો, 'દેવજીભાઈ'! ક્યાં કણબી! કહો. ઓહોહો..!

**'સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે;...'** પૂર્ણાનંદ અને સર્વજ્ઞપદ પ્રાપ્ત છે, એના મુખથી વાણી નીકળે એને સુશાસ્ત્ર કહીએ. એના સિવાયના પોતે પોતાની કલ્પનાથી કરીને બાંધ્યા હોય એને શાસ્ત્ર કહેવામાં આવે નહિ. ભારે ભાઈ આ તો કામ આકરું. માણસ સાથે રહેવું અને અતડા રહેવું. 'જેઠાભાઈ'! 'જેઠાભાઈ' પહેલા અહીંયાં સાંભળવા આવ્યા હતા તો પણ ભડકતા હતા. 'અમરેલી' નહિ? કપોળની ધર્મશાળામાં. 'અમરેલી'. આ જુઓ! અમારા મોટા-મોટા દાખલા આપે કે ચક્રવર્તી સમકિતી હોય એને આમ હોય. છ ખંડનું રાજ હોય તો પણ સમકિત હોય. રાજ-બાજનો સ્વામી છે નહિ. સમકિતીને આ ન હોય. અજ્ઞાની રાગનો સ્વામી માને. એ ત્યાગી હોય તો પણ રાગનો સ્વામી માને તો એ મિથ્યાત્વ છે. અને ત્યાગી નથી અને રાગનો સ્વામી નથી માનતો અને આત્માનો અનુભવ હોય એ સમકિતી. આ તો મોટી મોટી વાતું કરે છે. પહેલા 'અમરેલી' એવું થયું હતું. (સંવત) ૨૦૦૯ની સાલ. ઘણા વર્ષ થઈ ગયા, હોં! ૨૧ વર્ષ થઈ ગયા.

મુમુક્ષુ :– તે પહેલા રાજકોટમાં જ આવતા.

ઉત્તર :– આ તો પહેલા આટલું સાંભળ્યું ત્યારે એ ભડકતા હતા.

મુમુક્ષુ :– ત્યારે ખબર પડી.

ઉત્તર :– ત્યારે ખબર પડી. કોઈકે કહ્યું ... કહો, સમજાણું કાંઈ? છે વાત એવી, હોં! 'ગુલાબચંદભાઈ'! આ ત્યાં ક્યાં સંભળવા મળે એવું છે? ત્યાં 'કલકત્તા'માં છે આ?

મુમુક્ષુ :– કલકત્તામાં દુનિયા ..

ઉત્તર :– ત્યાં આપણા 'વીરચંદભાઈ' ને એ વાંચે છે. બીજા કોઈ વાંચે છે?

મુમુક્ષુ :– વજુભાઈ..

ઉત્તર :– હા, 'વજુભાઈ ખારા'. આવો માર્ગ છે, બાપુ! એણે પરીક્ષા કરવી પડશે. અને બરાબર ઓળખાણ કરવી પડશે. જેને માનવા છે એની પરીક્ષા કર્યા વિના માને? પરમાત્મા અરિહંત કેવા હોય?

મુમુક્ષુ :– આત્માને માન્યા પછી નિમિત્તનું શું કામ છે?

ઉત્તર :– પણ એ આત્માને માને ક્યારે? અહીં તો એમ કહે છે. એ વાણી મળે અને વાણીનું જ્ઞાન થાય, ત્યારે આત્માનું જ્ઞાન થાય એ રીતે અહીં વાત છે. સમજાણું કાંઈ? સુશાસ્ત્રની ઉત્પત્તિ ભગવાનથી અને સુશાસ્ત્રની ઉત્પત્તિથી સુબોધ (થાય). સુશાસ્ત્ર એને કહે કે જુઓ! આ આત્મા. ભલે પરલક્ષી જ્ઞાન છે, પણ એવું આવે છે એ અહીં તો સિદ્ધ કરવુંછે.

મુમુક્ષુ :– પરલક્ષી જ્ઞાનની કિંમત શું?

ઉત્તર :– કિંમત નહિ, આ તો હોય છે એટલી વાત છે. હોય છે એટલી વાત છે.બસ.

મુમુક્ષુ :– કિંમત વગરની વસ્તુ હોય એનું કામ શું?

ઉત્તર :– પણ એ આવ્યા વિના રહે નહિ. સીધું સાંભળે નહિ અને સમ્યગ્દર્શન થઈ જાય એમ કોઈ દિ' હોઈ શકે નહિ. એય..! અનુભવ થઈ ગયો, પછી ગમે તે એને નિમિત્તથી વાત કરો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અનુભવ પહેલા માટેની વાત છે.

ઉત્તર :– એ અનુભવ માટે તો કહે છે કે અનુભવ કોને થાય? સમ્યગ્જ્ઞાન કોને થાય? કે સુશાસ્ત્રથી થાય. નિમિત્તપણાની વાત છે ને અહીંયાં? ઉપાદાન છે પોતાનું. એને સુશાસ્ત્ર નિમિત્ત હોય. કુશાસ્ત્ર નિમિત્ત હોય નહિ. સુશાસ્ત્રની ઉત્પત્તિ પરમાત્માથી થાય. સશરીરી ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર. આહાહા..! ૐ ધ્વનિ ઊઠે.

મુમુક્ષુ :– સ્વયંબોધ થઈ ગયો.

પૂજ્યગુરુદેવશ્રી :– સ્વયંબોધ જ છે પણ એ પોતે પહેલા તો બીજા પાસે સમજ્યો પછી સ્વયંબોધ થાય છે. એકવાર જ્ઞાનીની વાણી કાને પડી ન હોય અને એની મેળે સમજી જાય એમ બની શકે નહિ. એવી વસ્તુની મર્યાદા છે. છતાં એનાથી સમજતો નથી એ નિશ્ચય છે. અરે..! ભારે વાતું, ભાઈ! એય..! અટપટી વાતું છે.

મુમુક્ષુ :– એક તરફથી કહે, નિમિત્ત અકિંચિત્કર છે અને અહીં કહે છે, આ જ નિમિત્ત હોય.

ઉત્તર :– એ હોય છે એનું જ્ઞાન કરાવ્યું છે, એનું જ્ઞાન કરાવ્યું છે. સ્વપરપ્રકાશક છે. સ્વપરપ્રકાશકમાં ભગવાનની વાણી જ નિમિત્ત હોય. એમ આ સર્વજ્ઞ પરમેશ્વર. એને રોગ છે, ક્ષુધા છે, તૃષા છે, અલ્પજ્ઞ છે, એ વાણી શાસ્ત્ર નથી.

મુમુક્ષુ :– એ તો બધી બાહ્ય વાતો છે, એનું શું કામ છે?

ઉત્તર :– બાહ્ય વાત પણ પરીક્ષા નક્કી કર્યા વિના, બાહ્યનું નક્કી કર્યા વિના અંતરમાં જઈ શી રીતે શકશે? એના ખ્યાલમાં એ વાત આવ્યા વિના. એ ખ્યાલને પછી છોડવો છે ને? પણ ખ્યાલમાં પહેલી વાત શું છે એ તો આવવી જોઈએ. સંક્ષેપમાં ભલે. કાંઈ લાંબી વાત નથી. દેવ પરમાત્મા પૂર્ણ પુરુષ હોય. સમજાણું કાંઈ?

(સંવત) ૧૯૭૨ની સાલમાં જ્યારે વાંધા ઊઠ્યા હતા ત્યારે પહેલું આ આવ્યું હતું ને અમારે? ભગવાને દીઠું એમ થાય. (મેં કીધું), ભગવાને દીઠું, ભગવાન જેને બેઠા એના ભગવાને ભવ ભાળ્યા જ નથી. આ વાણી કેવી આવી? આ શું આવ્યું? ૧૯૭૨ની સાલ, હોં! ૫૫ વર્ષ થયા. આ ભગવાનને દીઠા વિના એક ભવ ઘટે નહિ. કોની વાણી છે આ? કોની વાણી છે આ? કોણ બોલે છે આ? અમારા ગુરુ હતા, બિચારા નરમ માણસ હતા. ઇ કહે, કાનજી કહે છે એ વાત સાચી છે. નહિતર એમની તો ૪૪ વર્ષની દીક્ષા. 'મૂળચંદજી' હતા તીખા. એની સામે આ બધું હતું. 'સરવા' (ગામ). 'સરવા'નો જસદણ દરબારનો ઉતારો છે. ત્યાં હતું, લ્યો! (સંવત) ૧૯૭૨નો ફાગણનો મહિનો. આ પણ ફાગણ (ચાલે) છે. આજે શું છે? બારશ. એ પણ તેરશ હતી, લ્યો. વીતરાગની આ વાણી નહિ, સંતોની વાણી આવી હોય નહિ, કીધું.

આગમની વાણી એવી હોય કે એને અંદર ફડાક દઈને તોડી નાખે. રાગ નહિ, તું નહિ, અંદર જો. સમજાણું કાંઈ? કરી શકીશ નહિ એમ વાણી હોય એની? કરી શકીશ એવી એની વાણી હોય. 'ગજસુકુમાલ' જુઓ. ભગવાન પાસે સાંભળ્યું, હજી રસ્તામાં તો સોનીની કન્યા બહુ રૂપાળી હતી તો ઘરે મોકલી હતી. એને ખબર છે. રાજકન્યા, ગજસકુમાલને પરણવા માટે લઈ આવો. બહુ રૂપાળી, બહુ સુંદર હતી. હવે એ મોકલે છે ને અહીં એ જાય છે ભગવાન પાસે. સાંભળીને પ્યાલા ફાટી ગયા અંદર.

પ્રભુ! આપની આજ્ઞા હોય તો હું મુનિપણું લેવા માગુ છું. ... જેમ સુખ ઉપજે એમ કરો. પ્રતિબંધ નથી. એવી ભાષા આવે છે. વાણી તો ક્યાં છે. માતા પાસે રજા લે છે. માતા! રજા દ્યો, મા! મને ક્યાંય વાત રુચતી નથી. મને ક્યાંય ગમતું નથી. રાજકુમાર 'શ્રીકૃષ્ણ'ના ભાઈ. વાસુદેવના ભાઈ. અર્ધ ખંડ. છ ખંડમાં ત્રણ ખંડ છે ને? મહાસુંદર અને પાળીપોષીને મોટું માન.. માન... માન... હાથીનું જેવું તાળવું હોય ને! ગજસુકુમાલ. એવું તો જેનું લાલઘુમ સુંદર કોમળ શરીર. આજે હું પ્રભુની વાણીમાં સાંભળી આવ્યો. મને રજા દે, હોં! હું હવે મુક્તિમાર્ગે જઈશ. મને ક્યાંય ચેન પડતું નથી. મારો આનંદ, મારો આનંદ. કીધું, ભગવાન પાસે શું સાંભળ્યું હશે એ વખતે? એ (દાખલો) આપ્યો હતો. તેં શું સાંભળ્યું છે? એમ નહિ ચાલે, અહીં અમારે એમ ન ચાલે. તે દિ' તો આ વાત ક્યાં હતી. ફાટ.. ફાટ પ્યાલા! રજા લઈને આવ્યા અને ભગવાન પાસે પણ માગી એવી માગણી. .. આપની આજ્ઞા હોય તો હું દ્વારકાના સ્મશાનમાં જાઉં. રાજકુમાર સુંદર

શરીર, માખણ જેવા શરીર. હજી તો આમ લગ્નની તૈયારી કરેલી. પ્રભુ! દીક્ષિત થઈને કહે છે. ... પ્રભુ! આપની આજ્ઞા હોય (તો) મહાકાળ સ્મશાનમાં જાઉં એકલો. આહાહા..! પ્યાલા પાવર ફાટી ગયા, જુઓ તો ખરા! એવી વાણી હોય કીધું. આવી વાણી (હોય) રોતલિયા જેવી? આપણને વાત બેસતી નથી. આપણે આ સંપ્રદાય ન જોઈએ, વાડો ન જોઈએ, શાસ્ત્રની આ વાણી ન જોઈએ, આ ગુરુ ન જોઈએ. એય..! 'વજુભાઈ'! આહાહા..! (સંવત) ૧૯૭૨ની ફાગણની વાત છે.

અહીં જુઓને! આચાર્ય (કહે છે), આહાહા..! અરે..! સુશાસ્ત્રની ઉત્પત્તિ ગુરુ તીર્થંકરથી થાય, સર્વજ્ઞથી થાય. **'તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે...'** ભાષા જુઓ! તેમના પ્રસાદ વડે. આહાહા..! અરે...! સર્વજ્ઞપદ જેને બેઠું! અને સર્વજ્ઞપદ જેને મળ્યા, એને જન્મ-મરણ હોય નહિ. એ આગળ વધીને એકાવતારી આદિ થઈને મુક્તિ પામશે. સમજાણું? આહાહા..! જેને સર્વજ્ઞ પરમેશ્વરના ભેટા થયા, એની વાણીના ભેટા થયા. એમના પ્રસાદને લીધે. જુઓ! કોનો પ્રસાદ? ભગવાનના પ્રસાદને લીધે.

'કુંદકુંદાચાર્ય'એ એમ કહ્યું છે ને, ભાઈ! અમારા ગુરુએ અમારા ઉપર અનુકંપા કરી, અનુગ્રહ કરીને પ્રસાદી અમને આપી. પાંચમી ગાથા. શુદ્ધાત્મ પ્રભુ! તું પવિત્ર આનંદઘન પ્રભુ છો. તે આત્મા કહીએ. એટલો અમને ઉપદેશ આપ્યો. અમે અમારામાં સમાઈ ગયા, અને આવું નિજપદ છે એને અમે યાદ કરીએ છીએ. આહાહા..! બીજું બધું ભૂલી ગયા. કહો, સમજાણું કાંઈ? આ તો અજર પ્યાલાની અગમની વાતું છે, ભાઈ! એ ધર્મ કાંઈ લાલાપેઠા જેવી વાત નથી. વીરોની વાતું છે. જે રસ્તે વીર ચડ્યા તે રસ્તે પાછા ન ફરે તેને વીર કહીએ. એવો ભગવાનનો માર્ગ (છે).

એ તો કહે છે કે **'પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે.'** એની વ્યાખ્યા આ કરી. **'(મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી...)'** આહાહા..! કૌંસમાં અર્થ કર્યો, સીધો અર્થ ન સમજે ને (એટલે). **'તેમના પ્રસાદને લીધે...'** એમ છે ને? **'આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે.'** એની વ્યાખ્યા શું? આ મૂળ ભાષા તો અટપટી છે. 'તેમના પ્રસાદને લીધે...' એટલે અર્થ કરવો પડ્યો. **'(મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી...)'** આહાહા..! **'(સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે),...'** એવો અર્થ થયો. શેનો અર્થ થયો ઇ? **'તેમના પ્રસાદને લીધે...'** ભગવાનના પ્રસાદને લીધે. એ ભગવાન **'પુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે...'** એમ. શબ્દ તો એ છે ને? જુઓ! ત્રીજું પદ છે ને? **'स पूज्यस्तत्प्रसादात्प्रबद्धेः'** એ ત્રીજા પદની વ્યાખ્યા છે. **'स पूज्यस्तत्प्रसादात्प्रबद्धेः'** ભગવાનની કૃપાથી. એમની વાણી મળી અને ભાન થયું એ ભગવાનની કૃપા અમે માનીએ છીએ, કહે છે. કહો 'ભીખાભાઈ'!

ભગવંત પ્રસન્ન થયા. બ્રાહ્મણ નથી આવતા? લક્ષ્મી પ્રસન્ન. લોટ માગવા આવે ત્યારે બોલે ને. અહીં ભગવાન પ્રસન્ન. જેના નિમિત્તે પોતાનો ભગવાન જાગ્યો, તે ભગવાનની પ્રસાદી અમને મળી એમ કહે છે અહીં. એ ભગવાનની કૃપાનું ફળ અમને મળ્યું છે. સમજાણું કાંઈ? ઘણા

અનંતા જન્મ-મરણના બખેડા ગયા અને પૂર્ણ મુક્તિ પ્રાપ્ત થાય એ તો પરમાત્માની કૃપાનું ફળ છે. 'દેવજીભાઈ'! જુઓને ભાષા! વિનયવંતના વાક્યો એવા હોય છે. આહાહા..! 'શ્રીમદ્'માં આવ્યું છે ને. 'તે તો પ્રભુએ આપ્યો' એવું આવે છે ને? 'વર્તું ચરણાધિન.' હે પ્રભુ! આપે આત્મા અમને આપ્યો. એટલે આત્મા અપાતો હશે કોઈનો? એને જણાવ્યો કે આ આત્મા. તું જે રાગને ને પુણ્યને માની રહ્યો છો, એ આત્મા નહિ. એમ બતાવ્યું તેણે આપ્યું એમ કહેવામાં આવે છે. વ્યવહાર શૈલી એવી છે.

**'(મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે),...'** ધર્માત્મા વડે સર્વજ્ઞદેવ પૂજનીય છે એમ કહે છે. આહાહા..! જેને આત્માના ભાન થયા એ દ્વારા ભગવાન પૂજ્ય છે. અજ્ઞાનીઓને પૂજ્ય છે નહિ. આહાહા..! 'સમંતભદ્રાચાર્ય' કહે છે ને ભગવાનને સ્તુતિમાં આવ્યું છે. હે પ્રભુ! અભવિ આપને નહિ નમે. કારણ કે જે રાગને પોતાના સ્વરૂપને માનનારો એ વીતરાગને કેમ નમશે? બાહ્યથી નમે છે એ નમ્યો જ નથી. જે રાગરહિત ભગવાનઆત્માનો સ્વભાવ, એને અંતરમાં નમ્યો નથી, પરિણમન નથી, શ્રદ્ધાનું ભાન નથી, એ પ્રભુ! આપને કેમ નમશે? કારણ કે એની દૃષ્ટિ તો રાગ ઉપર અને વિકલ્પ ઉપર છે. એ રાગને નમેલો છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું, ભાઈ!

**'(સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે),...'** એ છેલ્લી ત્રીજી લીટીનો અર્થ કર્યો. અટપટો હતો એટલે અર્થ કરવો પડ્યો. **'કેમ કે કરેલા ઉપકારને સાધુ પુરુષો ભૂલતા નથી.'** સમજાણું કાંઈ? પોતાને અનુભવવામાં, સમજવામાં જે નિમિત્ત પડ્યું એનો ઉપકાર જ્ઞાની ભૂલતા નથી. સમજાણું કાંઈ? જુઓ! આ 'વિદ્યાનંદસ્વામી'નો શ્લોક છે. 'વિદ્યાનંદસ્વામી' બ્રાહ્મણ હતા. મુનિ થયા હતા. **'કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી.'** જેનો ઉપકાર થયો એને ભૂલતા નથી. વળી કહે, ઉપકાર કોઈથી થાય નહિ. એ તો નિશ્ચયથી છે પણ વ્યવહારમાં જેનું નિમિત્ત થયું, એનાથી જણાણું, એનો ઉપકાર જ્ઞાની ભૂલતા નથી. આહાહા..! પોતાનો ભાવ ભૂલતા નથી તો ઉપકારીનો ઉપકાર ભૂલતા નથી.

**'વળી (છઠ્ઠી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક દ્વારા સર્વજ્ઞ ભગવાન શ્રી નેમિનાથની સ્તુતિ કરે છે) :–'**

**शतमखशतपूज्यः प्राज्यसद्बोधराज्यः**
**स्मरतिरसुरनाथः प्रास्तदुष्टाघयूथः**
**पदनतवनमाली भव्यपद्मांशुमाली**
**दिशतु शमनिशं नो नेमिरानन्दभूमिः ।।१३।।**

'નેમિનાથ' ભગવાનની સ્તુતિ કરે છે. મુનિ પોતે બ્રહ્મચારી છે ને? 'પદ્મપ્રભમલધારીદેવ' બ્રહ્મચારી (છે), તીર્થંકરને યાદ કરીને નમન કરે છે. સમજાય છે કાંઈ?

**'જે સો ઇંદ્રોથી પૂજ્ય છે,...'** સો ઇન્દ્રોથી પૂજ્ય છે. **'शतमखशतपूज्यः'** સો ઇન્દ્રો. જુઓ! સો ઇન્દ્રો આમાં જ આવે છે. બીજામાં–શ્વેતાંબરમાં ૬૪ આવે છે. સૌ ઈન્દ્રો પૂર્ણ એવાથી નેમિનાથ ભગવાન પૂજ્ય છે. **'જેમનું સદ્‌બોધરૂપી (સમ્યગ્જ્ઞાનરૂપી) રાજ્ય વિશાળ છે,..'** જેનું જ્ઞાન... પહેલું પૂજ્ય લીધું પરથી. પછી સ્વનું લીધું. **'જેમનું (સમ્યગ્જ્ઞાનરૂપી) રાજ્ય વિશાળ છે,..'** ત્રણકાળ, ત્રણલોક જાણી જાય એવું વિશાળ રાજ્ય જેનું અંતરમાં છે. સમ્યગ્જ્ઞાન એ રાજ્ય છે જેનું. ત્રણકાળ, ત્રણલોકને જેણે જાણી લીધા, એવું જે સમ્યગ્જ્ઞાન, કેવળજ્ઞાન જેનું રાજ્ય છે.

**'કામવિજયી દેવોના જે નાથ છે,...'** બ્રહ્મચારી છે ને એટલે એ અર્થ કર્યા. લોકાંતિક દેવો છે ને? એ બ્રહ્મચારી હોય છે. એને ઇંદ્રાણી દેવી હોતી નથી. એનું આઠ સાગરનું આયુષ્ય છે. પાંચમા દેવલોકમાં. આઠ સાગરોપમ. આઠ જ છે. એવા લોકાંતિક દેવો કામવિજયી છે. એ દેવો કામના વિજયનારા છે. એને દેવી-સ્ત્રી ને ભોગ હોતા નથી. 'આહાહા..! દેવો છતાં... આહાહા..! એ બધા એકાવતારી છે. પાંચમા દેવલોકના લોકાંતિક દેવો એકભવતારી છે. એક છેલ્લો મનુષ્યદેહ કરીને મુક્તિમાં જવાના છે. એવા કામવિજયી દેવોના જે 'નેમિનાથ' ભગવાન નાથ છે.

**'દુષ્ટ પાપોના સમૂહનો જેમણે નાશ કર્યો છે,...'** નેમિનાથ ભગવાન. **'શ્રીકૃષ્ણ જેમનાં ચરણોમાં નમ્યા છે,...'** પદનત વનમાળી, વનમાળી કરશે. 'જેમનાં ચરણોમાં નમ્યાં છે,...' 'કૃષ્ણ' ને વાસુદેવ, બળદેવ, નેમિનાથ ભગવાન **'ભવ્યકમળના જે સૂર્ય છે (અર્થાત્ ભવ્યોરૂપી કમળોને વિકસાવવામાં જે સૂર્ય...'** નેમિનાથ. નિમિત્ત લેવું છે ને ઓલું માથે કીધું હતું એ પ્રમાણે. **'(ભવ્યોરૂપી કમળોને વિકસાવવામાં જે સૂર્ય સમાન છે), તે આ નંદભૂમિ નેમિનાથ (–આનંદના સ્થાનરૂપ નેમિનાથ ભગવાન) અમને શાશ્વત સુખ આપો.'** લ્યો. નિમિત્તથી વાત લેવી છે. એનાથી થયું માટે નિમિત્ત છે ને? **'અમને શાશ્વત સુખ આપો.'** એમ કરીને મંગળિક કર્યું છે અને સ્તુતિ કરી છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ ૧૩, મંગળવાર, તા. ૯-૩-૧૯૭૧**
**ગાથા – ૭, પ્રવચન નં. ૧૦**

'નિયમસાર' જીવ અધિકાર, ૭મી ગાથા.

**णिस्सेसदोसरहिओ । केवलणाणाइपरमविभवजुदो।**
**सो परमप्पा उच्चइ तव्विवरीओ ण परमप्पा ।।७ ।।**
**સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદગાદિ વૈભવયુક્ત જે,**
**પરમાત્મ તે કહેવાય, તદ્વિપરીત નહિ પરમાત્મ છે. ૭.**

પરમાત્મા શરીરસહિત તીર્થંકરની વ્યાખ્યા છે. શરીરસહિત પરમાત્મા કેવા હોય? **'આ, તીર્થંકર પરમદેવના સ્વરૂપનું કથન છે. આત્માના ગુણોનો ઘાત કરનારાં...'** લ્યો, ભાષા તો આમ છે. ભાષાનો અર્થ કરે, સમજે તો.. આ તો નિમિત્તથી કથન છે. **'આત્માના ગુણોનો ઘાત કરનારાં...'** એટલે પોતે આત્માનો ભાવઘાતિકર્મથી ઘાત કરે, ત્યારે નિમિત્ત ઘાતિકર્મ હોય એને અહીંયાં ઘાત કરનારા કહેવામાં આવે છે. આ શાસ્ત્રમાં લખ્યું છે તે કહે છે,લ્યો.

મુમુક્ષુ :– કઈ નયનું કથન છે એ સમજવું જોઈએ ને.

ઉત્તર :– નય-બય કેવું? ભગવાનનું કહેલું છે કે નહિ? એય..!

મુમુક્ષુ :– ભગવાન બે નય દ્વારા કહે છે.

ઉત્તર :– તમે કાલે કહેતા ને? ભગવાનનું કહેલું છે કે નહિ, બસ.

મુમુક્ષુ :– આવ્યુ ને, આમાં શરૂઆતમાં કે ભગવાનનું કથન બે નય દ્વારા સર્વ સત્યવાદી છે.

ઉત્તર :– બે નય બરાબર છે. આ એક નય છે ને પણ.

**'આત્મગુણોનો ઘાત કરનારાં...'** ભગવાનઆત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, એવો એનો સ્વભાવ છે. એની પર્યાયમાં પોતે પોતાના સ્વભાવ ભાવમાંથી ખસીને હીણી દશારૂપે જીવ પોતાને કારણે જ્ઞાન-દર્શન અને વીર્ય ને મોહમાં પરિણમે છે, ત્યારે આ ઘાતિકર્મ નિમિત્ત કહેવામાં આવે છે. આત્માના જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય, એવી જે આત્માની પૂર્ણ શક્તિ, એની વર્તમાન દશામાં, પોતે જ આત્મા હીણી દશારૂપે પરિણમે છે. જ્ઞાન-દર્શન અને વીર્ય અને વિપરીતપણે મોહપણે પરિણમે છે, એમાં નિમિત્તપણું ઘાતિકર્મનું હોય છે. એથી ઘાતિકર્મે ગુણ ઘાત્યા એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બે પ્રકાર કહેશે. પૂર્વના અઢાર દોષ રહિત અને આ દોષ રહિત, બે. **'આત્માના ગુણોનો...'** એમ શબ્દ આવ્યો ને?

મુમુક્ષુ :– એમ તો ગુણોને ક્યાં ઘાતે છે? પર્યાયમાં છે.

ઉત્તર :– ગુણો તો ત્રિકાળ છે. એની વર્તમાન દશામાં ભાવઘાતિપણે પોતે પરિણમે છે. આ વાંધા તમારે, એય..! 'જેઠાભાઈ'! કર્મને લઈને રખડે, કર્મને લઈને ઘાતિ કરે, મોટો પ્રશ્ન (સંવત) ૨૦૦૬ની સાલમાં 'રામવિજય'નો 'પાલિતાણા'માં હતો. કર્મને લઈને રખડે, કર્મને લઈને ઘાત થાય. જાવ તીર્થંકર ભગવાન એમ કહે છે, તમે માનતા નથી.

અહીંયાં એ જ છે. **'આત્માના ગુણોનો ઘાત કરનારાં...'** અર્થાત્ આત્માની વર્તમાન દશાની હિણી દશામાં નિમિત્ત થનારાં ઘાતિકર્મો. **'જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ, અંતરાયકર્મ અને મોહનીયકર્મ–એ ચાર છે; તેમનો નિરવશેષપણે પ્રધ્વંસ કર્યો હોવાથી...'** પહેલા નિર્દોષની વ્યાખ્યા આમ કરે છે, પછી બીજી લીશે. **'તેમનો નિરવશેષ...'** **'(-કાંઈ બાકી રાખ્યા વિના...'** **'પ્રધ્વંસ કર્યો...'** પ્ર–વિશેષે ધ્વંસ કર્યો હોવાથી **'(–કાંઈ બાકી રાખ્યા વિના નાશ કર્યો હોવાથી) જે 'નિઃશેષદોષરહિત' છે.'** નિઃશેષદોષરહિત. પહેલું પદ, ગાથાનું પહેલું પદ—**'णिस्सेसदोसरहिओ'**. નાસ્તિથી વાત કરી.

**'અથવા પૂર્વ સૂત્રમાં (છઠ્ઠી ગાથામાં) કહેલા અઢાર મહાદોષોને નિર્મૂળ કર્યા હોવાથી...'** જોયું! દોષને નિર્મૂળ કર્યા. ઘાતિકર્મનો નાશ કર્યો એમ પહેલું કહ્યું. હવે દોષોનો નાશ કર્યો એમ (કહ્યું) પાછું. સમજાણું કાંઈ? **'અઢાર મહાદોષોને નિર્મૂળ કર્યા હોવાથી જે 'નિઃશેષદોષરહિત' કહેવામાં આવ્યા છે...'** સર્વથા દોષરહિત છે.

મુમુક્ષુ :– કર્મથી આવ્યા એ પોતાના ભાવથી.

ઉત્તર :– પોતાની પર્યાય છે. અઢાર દોષ એની દશામાં હતા એ આત્માએ ટાળ્યા. પછી કારણ છે એ બધું આપશે.

**'અને જે સકળવિમળ...'** એનો (–દોષોનો) નાશ કર્યો અને પ્રગટ શું થયું? **'(–સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન...'** કેવળજ્ઞાન પ્રગટ થયું. જુઓ! આ અરિહંતની વ્યાખ્યા. ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં કરે છે. અહીં તીર્થંકરદેવની મુખ્ય વ્યાખ્યા છે. કહે છે **'સકળવિમળ (-સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-કેવળદર્શન,...'** ટીકામાં કેવળદૃષ્ટિ શબ્દ છે. છતાં અર્થ તો કેવળદર્શનનો જ અહીંયાં હોઈ શકે છે. સંસ્કૃતમાં એ છે. કેવળબોધ, કેવળદૃષ્ટિ. જેને **'સકળવિમળ કેવળજ્ઞાન-કેવળદર્શન,...'** પ્રગટ થયું છે. એને પરમાત્મા કહીએ.

**'પરમવીતરાગાત્મક આનંદ...'** આહાહા..! લ્યો. પરમવીતરાગસ્વરૂપ આનંદ જેને પ્રગટ્યો છે. આ જગતના સુખની કલ્પનાઓ એ બધું દોષરૂપ, દુઃખરૂપ, ઝેર છે. આ તો પરમવીતરાગસ્વરૂપ આત્મા... પરમવીતરાગસ્વરૂપ આત્મા... એનાથી પ્રગટેલો આનંદ. વીતરાગી આનંદ જેને પ્રગટ્યો છે. આહાહા..! **'ઇત્યાદિ...'** પછી એને જેટલા ગુણ પ્રગટ્યા છે એ બધા. **'અનેક વૈભવથી સમૃદ્ધ છે.'** આ વૈભવ, લ્યો. પરમાત્માનો આ વૈભવ છે. અજ્ઞાનીનો આ બધો શરીર અને બહારના વૈભવ, બાગ અને બગીચા, અજ્ઞાનીએ ધૂળમાં વૈભવ માન્યાછે.

ધર્મી–પરમાત્મા એનું અનંત-અનંત બેહદ કેવળજ્ઞાન, કેવળદૃષ્ટિ એટલે દર્શન અને કેવળ એકલા વીતરાગ સ્વરૂપે આનંદ, અતીન્દ્રિય વીતરાગ સ્વરૂપે આનંદ, અતીન્દ્રિય વીતરાગસ્વભાવે આનંદ અને અનંતવીર્ય **'ઇત્યાદિ અનેક વૈભવથી સમૃદ્ધ છે,...'** પાઠમાં છે ને. **'परमविभवजुदो'** આ પરમાત્માને વૈભવ હોય. સમજાણું કાંઈ? શરીર ઔદારિક કે રોગરહિત એ વાતને અહીં ગણી નથી. એ તો બાહ્યમાં ગયું છે. આવો જેને વૈભવ પ્રગટ્યો છે. એવા પરમાત્માને જે ઓળખે, માને એને પોતાના સ્વાભાવ ઉપર દૃષ્ટિ જાય. કારણ કે પરમાત્મા સ્વભાવમાંથી થયા, હમણા આવશે. **'અનેક વૈભવથી સમૃદ્ધ છે, એવા જે પરમાત્મા...'** વર્તમાનમાં પરમેશ્વર દશા, શરીરમાં રહ્યા છતાં, શરીરસહિત દેખાવા છતાં, અંતરમાં આવી ઋદ્ધિ, વીતરાગસ્વરૂપી આનંદ. કેવળજ્ઞાન, દર્શન અને વીર્ય આદિ પ્રગટ્યા.

**'એટલે કે ત્રિકાળનિરાવરણ,...'** હવે આવા પરમાત્મા કેમ થયા? એ ભેગી વ્યાખ્યા કરે છે. તીર્થંકરદેવ પરમાત્મા આવી દશાને કેમ પામ્યા? ત્રિકાળનિરાવરણ ભગવાનઆત્માનું સ્વરૂપ. ધ્રુવ ધ્રુવ કારણપરમાત્મા. ત્રિકાળ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, સદૃશ્ય એકરૂપ ત્રિકાળી ભાવ એ ત્રિકાળનિરાવરણ છે. એને આવરણ હતું અને આવરણ ટળે એવું એમાં છે નહિ. આહાહા..!

**'ત્રિકાળનિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ...'** નિત્ય જેનો આનંદ એવું સ્વરૂપ ભગવાનઆત્માનું છે. **'નિત્યાનંદ-એકસ્વરૂપ...'** એકસ્વરૂપ આનંદ. ઓછો-વત્તો કે ભેદવાળો આનંદ નહિ. એવો દરેક આત્માનો ત્રિકાળી નિત્યાનંદ એકસ્વરૂપ સ્વભાવ છે. નીચે ખુલાસો છે, જુઓ! **'નિત્યાનંદએકસ્વરૂપ = નિત્ય આનંદ જ જેનું એક સ્વરૂપ છે એવા. [કારણપરમાત્મા ત્રણે કાળે આવરણરહિત છે]'** કોણ કારણપરમાત્મા? આ આત્માને ઊપજાવનારો કારણ પરમાત્મા. એમ ને? કાર્યપરમાત્માને ઊપજાવનારો આત્મા. શું કહ્યું? ન સમજ્યા. કાર્યપરમાત્મા જે પર્યાયમાં થયો, તેને ઊપજાવનારો કારણપરમાત્મા પોતાનો ત્રિકાળ (સ્વભાવ). દ્રવ્ય કારણ છે, કાર્ય પર્યાય છે.

**'નિત્ય આનંદ જેનું એક સ્વરૂપ છે...'** ભગવાનઆત્માનો ધ્રુવ સ્વભાવ, નિત્ય સ્વભાવ, નિત્ય આનંદ એનું એકરૂપ સ્વરૂપ છે. જુઓ! આનંદથી અહીં માંડી, જોયું! આહાહા..! **'દરેક આત્મા શક્તિ અપેક્ષાએ નિરાવરણ...'** નીચે નોટમાં છે. દરેક આત્મા અંતર શક્તિ, આત્મા સત્નું સત્વ, તત્નું તત્ત્વ એવો જે શક્તિરૂપ ભાવ, એ ત્રિકાળ નિરાવરણ છે. **'અને આનંદમય જ છે...'** શક્તિને આવરણ નથી, સ્વભાવને, ગુણને, ધ્રુવને આવરણ નથી અને નિત્ય આનંદસ્વરૂપ છે. **'તેથી દરેક આત્મા કારણપરમાત્મા છે;...'** તેથી દરેક આત્મા શક્તિ અપેક્ષાએ, ધ્રુવ અપેક્ષાએ નિરાવરણ અને આનંદ હોવાથી કારણપરમાત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા, એનો ઉત્પાદ-વ્યયનો પર્યાય જે છે એને છોડીને, ત્રિકાળ ધ્રુવ નિત્ય અનાદિઅનંત અવિનાશી વસ્તુ, એ પોતાની શક્તિ અપેક્ષાએ નિરાવરણ અને નિત્ય આનંદ એકરૂપ છે. આહાહા..!

**'તેથી દરેક આત્મા કારણપરમાત્મા છે;...'** દરેક આત્મા, અભવિનો આત્મા પણ કારણપરમાત્મા છે. આહાહા..! 'પંડિતજી'! 'સર્વ જીવ છે સિદ્ધસમ'. અંતર શક્તિમાં તો બધા આત્માઓ સિદ્ધ સમાન છે. આહાહા..! પૂર્ણાનંદનું સ્વરૂપ જેનું અને એકરૂપ જેની શક્તિ, એવો આત્મા ધ્રુવ, એ દરેક આત્મા એ ધ્રુવની અપેક્ષાએ તો કારણપરમાત્મા છે. સમજાણું કાંઈ? એને ઊપજાવનારો બીજો કોઈ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ કારણપરમાત્મા છે ને. પ્રગટ કરી શકતો નથી. છે તો બધા આત્મા એવા જ છે. શક્તિ તો બધાની એકસરખી છે. અહીંયાં કહ્યું ને? બધા આત્મા, એમ કહ્યું જુઓને! **'દરેક આત્મા કારણપરમાત્મા છે;...'** એમ છે ને? **'જે કારણ પરમાત્માને ભાવે છે–તેનો જ આશ્રય કરે છે,...'** જુઓ! અંદરમાં આ છે, નિજ કારણ પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન. જુઓ! આ વાંધા છે ને ભાવનાના. હમણા આવ્યું નહોતું? કે તમે ઊંધો અર્થ કરો છો. ભાવનાનો અર્થ તો ચિંતવના અને એવું હોય છે.

મુમુક્ષુ :– ભાવના ભવનાશની.

ઉત્તર :– આ ભાવના એટલે સ્વરૂપની એકાગ્રતા. ભાવના એટલે આ વિકલ્પ કરવું, ચિંતવન કરવું એમ નહિ. જુઓ! મૂળ પાઠમાં છે ને? **'નિજ કારણ પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન...'** આત્મા કાર્યપરમાત્મા છે. અરિહંત તીર્થંકરદેવે પરમેશ્વરપણું કેમ પ્રગટ કર્યું? એમને પરમાત્મપણું કાર્યરૂપે કેમ પ્રગટ કર્યું? કે આત્મા ત્રિકાળી વીતરાગી આનંદનો કંદ ધ્રુવ, શક્તિરૂપે કારણપરમાત્મા (છે), એની એકાગ્રતા, ભાવના એટલે એકાગ્રતા, ભાવની ભાવના–ભાવ જે ત્રિકાળી, એની ભાવના એટલે નિર્મળ પર્યાય. એ દ્વારા એને પરમાત્મપણું પ્રગટ થાય છે.

મુમુક્ષુ :– પુરુષાર્થની વિધિ બતાવો.

ઉત્તર :– પુરુષાર્થની આ વિધિ છે.

ભાવનાથી ઉત્પન્ન કર્યું છે. સંકલ્પ-વિકલ્પથી ઉત્પન્ન થાય? કેટલાક ભાવનાનો એ અર્થ કરે છે. હમણાં વિરોધનું આવ્યું હતું. બ્રહ્મનિષ્ઠ છું ને તમે બીજા સાધારણ માણસને આમ સમજાવો છો. 'રતલામ'નો કોઈક ઉપર પત્ર હતો. આહાહા..! ભાઈ! ... 'પ્રવચનસાર'માં આવે છે ને શ્રાવકનું. સામાયિકના કાળમાં પણ જેને શુદ્ધોપયોગની ભાવના હોય છે. ત્યારે એ શુદ્ધોપયોગની ભાવનાનો અર્થ એમ કે ચિંતવન (કરે) આવો શુદ્ધ (છે), એમ. એમ નહિ. સામાયિક સમ્યગ્દૃષ્ટિની સાચી હોય, એને અંદર શુદ્ધોપયોગ થાય છે. એને ભાવના કહેછે.

મુમુક્ષુ :– નિજ સ્વરૂપભાવનો ઉપયોગ.

ઉત્તર :– નિજસ્વરૂપ ઉપયોગ. સમજાણું કાંઈ? સાચી સામાયિક એને કહીએ કે જેને પહેલો આત્મા, કારણપરમાત્મા ત્રિકાળ છું એવો જેને પ્રથમ અનુભવ થાય અને પછી સ્વરૂપમાં સ્થિર

થતાં એને સામાયિકમાં શુદ્ધઉપયોગ થાય. એને અહીંયાં શુદ્ધઉપયોગરૂપી ભાવના કહેવામાં આવે છે. ચિંતવના.. ચિંતવના નહિ, એવો વિકલ્પ નહિ. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'! આ સામાયિક.

મુમુક્ષુ :– ચિંતવના?

ઉત્તર :– ચિંતવના વિકલ્પમાં જાય છે. એ નહિ. છતાં આને ચિંતવના શબ્દ કહેવાય. પણ એ ચિંતવના સ્વરૂપમાં એકાગ્રતારૂપી ભાવનાને અહીંયા ચિંતવના કહી છે. કહો, 'જેઠાભાઈ'! આવી સામાયિક કોઈ દિ' કરી હતી? ખબર નથી.

અહીંયા તો ભાવના શબ્દમાં, શુદ્ધતા અંદર નિર્મળતા. કારણપરમાત્મા પોતે ધ્રુવ છે, નિત્ય છે, નિત્યાનંદ વીતરાગ આનંદસ્વરૂપ છે. એને અંતરમાં ધ્યેય બનાવીને, એને ધ્યેય બનાવીને, જ્ઞાનની વર્તમાન દશામાં એને જ્ઞેય બનાવીને એકાગ્ર થવું એનું નામ અહીંયા ભાવના કહેવામાં આવે છે. એ ભાવનાથી આત્મા કાર્યપરમાત્મપણું પામે છે. ભારે કામ આકરું. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! અહીંયા આપણે અહીંયા છે ને?

**'કારણ પરમાત્માને ભાવે છે–...'** એટલે અહીંયાં ભાવનાથી ઉત્પન્ન થાય એમ આવ્યુંને? વસ્તુ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, અનંતઆનંદનો વીતરાગી સ્વભાવનો પિંડ પ્રભુ, એકરૂપ આનંદ જેની ધ્રુવતા, નિત્યતા, એક્તા જેની ત્રિકાળ છે. એની ભાવના, એના સન્મુખની એકાગ્રતા એ કારણપરમાત્માની ભાવનાથી આત્મા તીર્થંકરો કાર્યપરમાત્માને એટલે કેવળજ્ઞાન આદિને પામ્યા છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? જુઓ!

**'તે કારણપરમાત્માને ભાવે છે–તેનો જ આશ્રય કરે છે,...'** જુઓ! એનો ખુલાસો કર્યો. એ ભાવનાનો અર્થ એ છે. આહાહા..! અનાદિથી પુણ્ય અને પાપના વિકલ્પનો આશ્રય કર્યો છે અથવા એક સમયની અંશ દશાનો અવલંબન અને આશ્રય કર્યો છે એ મિથ્યાદૃષ્ટિપણું છે. એણે આશ્રય અને ત્રિકાળી જ્ઞાયકની એકાગ્રતાની ભાવના (કરવી જોઈએ). એનાથી એને આત્માને કેવળજ્ઞાન અને પરમાત્મદશા પ્રાપ્ત થાય છે. જુઓ! એનું કારણ પણ બતાવ્યું આ. આહાહા..! બહું ટૂંકુ અને ઘણું ઊંચું. વચ્ચે વ્યવહાર રત્નત્રયથી કાર્યપરમાત્મા થાય એનો અહીંયા નિષેધ આવ્યો. અહીં અસ્તિથી વાત કરી. 'પંડિતજી'! વ્યવહારરત્નત્રય, સમ્યગ્દર્શન વ્યવહાર. વ્યવહાર કારણ ને નિશ્ચય કાર્ય... જુઓ કાલે જ આવ્યું હતું. અરે..! ભગવાન! આહાહા..! તું એવો નથી કે જે રાગનો આશ્રય લે અને આગળ જઈ શકાય એવો તું નથી. તારો આશ્રય લઈને આગળ જઈ શકાય એવો તું છો. સમજાણું કાંઈ? વાત હજી સાંભળવામાં આવી હોય નહિ. એ સમજે કે દિ'? ક્યારે સમ્યક્ પામે? અને ક્યારે ચારિત્ર પામે. આહાહા..!

કહે છે કે એ આશ્રય કરે છે. કોનો? એ નિત્યાનંદ પ્રભુ, વસ્તુ અસ્તિ સત્તા શક્તિરૂપે મહાપ્રભુ આત્મા છે, એનો જે આશ્રય કરે, એની ભાવના કરે, તે વ્યક્તિ અપેક્ષાએ નિરાવરણ, તે પ્રગટ અપેક્ષાએ નિરાવરણ થાય અને આનંદમય થાય. એટલે શું કહ્યું? શક્તિ ત્રિકાળ-નિરાવરણ

અને આનંદમય છે. ભગવાનઆત્માનો ત્રિકાળી સ્વભાવ–શક્તિ આનંદમય અને નિરાવરણ છે. એવી શક્તિની એકાગ્રતાથી વ્યક્તિમાં નિરાવરણ અને અતીન્દ્રિય આનંદને પામે છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું? ભગવાનઆત્મા, અંતરનો એનો સ્વભાવ, નિત્યસ્વરૂપદળ, વીતરાગ આનંદમય નિરાવરણ, એવું એનું ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ તે કારણપરમાત્મા છે. એ કારણપરમાત્માની ભાવનાથી એટલે કે આવો જે ભાવ, તેની ભાવના એટલે એકાગ્રતાથી, શક્તિરૂપે નિરાવરણ અને નિત્ય આનંદ, વીતરાગ આનંદ છે, એ એની ભાવનાથી વ્યક્તરૂપે નિરાવરણ અને પરમાનંદરૂપમય થઈ જાય છે.

મુમુક્ષુ :– પોતે જ પરમાત્મા બની જાય છે.

ઉત્તર :– પોતે બની જાય છે. છે પોતે, કારણરૂપે તો છે જ. આહાહા..! કહો, 'દેવજીભાઈ'! આવો પરમાત્મા છે. જ્યાં છે ત્યાંથી મળશે. કારણપરમાત્મા બહારમાં છે? આહાહા..!

**'વ્યક્તિ-અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય થાય છે અર્થાત્ કાર્યપરમાત્મા થાય છે. શક્તિમાંથી વ્યક્તિ થાય છે,...'** એટલે કે જે શક્તિરૂપ તત્ત્વ હતું એમાંથી પ્રગટ થાય છે. કારણ તો ત્રિકાળી ભગવાનસ્વરૂપ જ આત્મા છે. એ શક્તિરૂપ છે. એની એકાગ્રતાથી વ્યક્તિરૂપ આત્મા, પરમાત્માને નિરાવરણ થાય છે. **'માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે.'** એ આત્માની ત્રિકાળી ધ્રુવ શક્તિ તે કારણ છે અને વર્તમાન પરમાત્મા અરિહંત થાય તે કાર્ય છે. આહાહા..! અરિહંત આમ થયા એમ વિધિ બતાવી. બીજી રીતે અરિહંત થયા છે નહિ. અને જેને પરમાત્મા થવું હોય એની વિધિ પણ આ જ છે, બીજી વિધિ છે નહિ. આહાહા..! ત્યારે આ બધું શું? આ મંદિર, અષ્ટાન્હિકાની પૂજા, ધમાલ, મોટા મંદિરો (બનાવવા).. ભાઈ! એ તો એ કાળે એને કારણે બન્યા હોય છે. ત્યારે સ્વરૂપમાં સ્થિરતા ન હોય અને દૃષ્ટિ હોવા છતાં એનું લક્ષ શુભભાવ આવે એટલે પર ઉપર જાય છે. એટલો શુભભાવ પુણ્યબંધનું કારણ છે. બંધથી છૂટવાનું કારણ એ નથી. સમજાણું કાંઈ? આહાહા..! દેવ-ગુરુ અને શાસ્ત્રની ભક્તિ અને શ્રદ્ધા પણ બંધનથી છૂટવાનું કારણ નથી. આહાહા..!

ચૈતન્ય આનંદ-સરોવર, ત્રિકાળ વીતરાગ આનંદનો કંદ પ્રભુ! એ શક્તિરૂપ નિરાવરણ અને આનંદ છે. એ જ શક્તિની વારંવાર સંભાળ અને એકાગ્રતા થતાં, વ્યક્તરૂપે નિરાવરણ અને વીતરાગી આનંદ પ્રગટ થાય છે. એને કાર્યઆત્મા, કાર્યપરમાત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'આમ હોવાથી શક્તિરૂપ પરમાત્માને કારણપરમાત્મા કહેવાય છે...'** ભગવાનઆત્મા શક્તિરૂપ તત્ત્વ છે, એને કારણપરમાત્મા કહેવાય છે અને વ્યક્ત પરમાત્માને કાર્યપરમાત્મા કહેવાય છે. 'પંડિતજી'એ સરસ ખુલાસો કર્યો છે. સમજાણું કાંઈ? એને ત્રિકાળી સ્વરૂપનું અંતરમાં મહાત્મ્ય આવતું નથી અને એક સમયની અવસ્થા અને રાગનું મહાત્મ્ય ટળતું નથી એથી એ પરિભ્રમણ કરે છે. બહુ જ ટૂંકામાં આ વાત છે. સમજાય છે કાંઈ?

સર્વજ્ઞ પરમેશ્વરે જે પ્રગટ દશા કરી, એ જ શક્તિરૂપ તો અંદર હતી. એવો આત્મા. સર્વજ્ઞએ કહેલો આત્મા, પ્રગટ કરેલો આત્મા, સર્વજ્ઞ પરમેશ્વર, તીર્થંકરદેવ, દેવાધિદેવ. બીજા કલ્પનાએ આત્માની વાતું કરે, આત્મા આવો, આમ છે, તેમ છે, સર્વવ્યાપક છે, મનુષ્ય પ્રમાણ છે એમ નહિ. છે તો શરીર પ્રમાણે શરીરથી ભિન્ન અસંખ્યપ્રદેશી અનંતગુણનું ધામ, એવો જે ધ્રુવ સ્વરૂપ ભગવાન, એને અહીંયા કારણપરમાત્મા કહ્યો છે. કે જે દરેક આત્મા એવો છે જ. આહાહા..! એની 'ભાવનાથી ઉત્પન્ન...' કારણ કે કાર્યપરમાત્મા એ ઉત્પન્ન શબ્દ છે. કારણપરમાત્મા એ ઉત્પન્ન નહોતો. કારણપરમાત્મા તો ત્રિકાળ ધ્રુવ છે જ. સમજાણું કાંઈ?

આહાહા..! આ દુર્ગંધ, ગંધ, સુંવાળું શરીર, ગંધની મૂર્તિ, ભગવાન આનંદઘનની મૂર્તિ છે. એવો અહીંયા તો વીતરાગસ્વરૂપ ત્રિકાળ આનંદ એનામાં છે, એ શક્તિરૂપે વીતરાગસ્વરૂપ આનંદ છે. એ દરેક આત્મામાં છે. આહાહા..! ક્યાંય બહારથી લવાય એવું છે નહિ. અંદર ભગવાન પૂર્ણ સ્વરૂપ છે એની ઉપર એકાગ્ર થતાં, એને કારણપણે ગ્રહીને, જે દશામાં સ્વભાવ તરફ એકાગ્ર થાય, એનાથી કાર્યપરમાત્મા, અરિહંતપદ, સિદ્ધપદ આદિ એનાથી પ્રાપ્ત થાય છે. કેવી વાત કરી! વ્યવહારથી થાય એ તો આમાંથી કાઢી નાખ્યું.

મુમુક્ષુ :– બીજા શાસ્ત્રમાં...

ઉત્તર :– બીજે શાસ્ત્રમાં એટલે કથન એ તો હોય, વ્યવહાર હોય, કેવો હોય એ જણાવવા. બાકી કાંઈ એનાથી થાતું નથી.

મુમુક્ષુ :– જલ્દી મોતિયો ઉતરી જાય.

ઉત્તર :– જલ્દી મોતિયો ઉતરી જાય એવી વાત છે. રાત્રે કહ્યું હતું ને, ત્રણ કલાક બેસી રહે. પહેલા ચોવીસ કલાકે પણ નહોતા બેસાડતા. જલ્દી મોતિયો ઉતરી જાય એવી કળા આવી છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ જ છે. આહાહા..!

તારી દૃષ્ટિ રાગ અને એક સમયની પર્યાય ઉપર છે એને કારણપરમાત્મા ઉપર દૃષ્ટિ નાખ. છૂટ્યો, છૂટ્યો. એને કાર્યપરમાત્માના સાધન અંદરથી, કારણ પરમાત્માની એકાગ્રતાથી પ્રગટ્યા. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પછી ભણતર ઓછું હોય, વધારે હોય એ એના ઘરે રહ્યું. 'ભીખાભાઈ'! મતલબ તો આ છે. આહાહા..! 'ઢીંગ ધણી માથે કિયો..' ધ્રુવને ઢીંગ ધણી ધાર્યો અંદરમાં. એ અંદર ઢીંગ ધણી ધાર્યો. 'કોણ ગંજે નર ખેત.' એને હવે કોણ નડતર કરી શકે? જ્યાં પરમાત્મા પોતે ત્રિકાળી ભગવાન, એના શરણ લીધા, કહે છે કે એનો જ્યાં આશ્રય લીધો, એની ભાવના કરી (એને કોણ નડતર હોય?). આ ભાવનાના અર્થ માટે વધારે (સ્પષ્ટીકરણ) થાય છે.

હોં! ઓલા ભાવના-ભાવનામાં કલ્પના અને ચિંતવના કરે છે. એમ કહે છે કે સામાયિકમાં સમકિતીને અને શ્રાવકને શુદ્ધભાવની ભાવના હોય છે, શુદ્ધભાવ હોતો નથી, એમ ઠરાવે છે.

મુમુક્ષુ :– આતમ ભાવના ભાવતા..

ઉત્તર :– એ ભાવના ભાવતા એ 'શ્રીમદ્'માં છે, આ બીજા (કહે છે). 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન' એ પાછા એના ભક્તો એમ કહે છે ભગવાનની ભક્તિ કરતા-કરતા આપણને નિર્જરા થાય. ઉંધી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– હવે સાર કહી દ્યો.

ઉત્તર :– આ સાર કહ્યો ને. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન' એવો શબ્દ છે. પછી આમ ગોખ્યા કરે. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન...' શું પણ? આતમ ભાવના શું? ભાવના શું?

મુમુક્ષુ :– ભાવવું.

ઉત્તર :– હા. એ આત્મા એટલે આ કારણપરમાત્મા તે. એની ભાવના એટલે અંદરમાં એકાગ્રતા, શુદ્ધતાની એકાગ્રતા તે. એનાથી કેવળજ્ઞાન પામી શકે છે. કહો, 'પ્રેમચંદભાઈ'! આતમ ભાવના ભાવતા અંદરમાં ગોખ્યા કરે. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.' પોપટ બોલે એમ. આહાહા..! 'પોપટભાઈ'! પોપટ બોલે એમ. તે દિ' સામાયિકના ઘડિયા બોલ્યા હશોને? આહાહા..! બહુ સરસ વાત લીધી.

**'ઉત્પન્ન કાર્યપરમાત્મા,...'** કારણ પરમાત્મા ઉત્પન્ન થતો નથી, વ્યય થતો નથી. એ તો ધ્રુવરૂપ ત્રિકાળ છે. અને કાર્યપરમાત્મા ઉત્પન્ન થાય છે. કારણ કે ઇ પર્યાય છે. સમજાણું કાંઈ? એક જણો પછી કહે કે લ્યો, આ અમારી સામાયિક નહિ? સામાયિક. સામાયિક કર્યા વિના ધર્મ થતા હશે? ભાઈ! સામાયિક કોને કહેવી તને ખબર વિના. આહાહા..! સામાયિક હતી કે દિ'? હજી કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા હોય છે. સમજાણું કાંઈ? એને સમકિત કેવું? એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિ સામાયિક લઈને બેસે એ સામાયિક કેવી? મિથ્યા સામાયિક અને વિષમ સામાયિક છે. એ તો પાપરૂપી સામાયિક છે. એય..! 'હરિભાઈ'! 'હરિભાઈ' ટાઢા માણસ છે. લ્યો, આ સામાયિક કહેવાય છે. એને પહેલું સમજણમાં તો આવવું જોઈએ ને? સમજણ જ્યાં સાચી નથી એનો પછી પ્રયોગ કોની તરફ કરવો એને? બહારથી માંડીને મરી ગયો અનંતકાળથી. આ સામાયિક કરી ને પડિક્મ્મણા કર્યા ને પોષા કર્યા. એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કોઈને એમ કહે કે આ તો પાપ છે?

ઉત્તર :– પાપ જ છે. શેઠીએ પણ પહેલા આ બધા ઢસરડા કર્યા હતા ને.

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞપણાને પામ્યા, વીતરાગપણું પામ્યા, એ કઈ રીતે પામ્યા? એની રીત શું? તો એની રીત એવી બધા આત્માની રીત એક છે. ભગવાન તીર્થંકરદેવ અનંત તીર્થંકરો થયા, વર્તમાનમાં બિરાજે છે. મહાવિદેહમાં 'સીમંધર' ભગવાન આદિ બિરાજે છે. લાખો કેવળીઓ છે. અનંત સિદ્ધ થઈ ગયા. બધા કેમ થયા? કઈ વિધિએ થયા? ક્યા પ્રકારે થયા? એય..! 'જાદવજીભાઈ'!

ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ, નિત્ય અવિનાશી, નિત્યાનંદ વીતરાગ સ્વરૂપી ભગવાનઆત્મા પોતે છે. શક્તિરૂપે, સત્ત્વરૂપે, ધ્રુવરૂપે, ભાવરૂપે, જ્ઞાયકના સ્વભાવરૂપે આ આત્મા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક શક્તિરૂપે છે. નિરાવરણ અને વીતરાગી આનંદનો કંદ પ્રભુ આત્મા છે આ. એવા ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ કરીને, એના ધ્રુવ સ્વભાવમાં લીનતા કરીને. એ ભાવના. એ ભાવનાથી (કાર્યપરમાત્મા થયા). એ ભાવના એ ઉત્પન્ન છે. ધ્રુવમાં ભાવના પણ સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્ર એ ઉત્પન્ન છે. પણ એ ભાવનાથી કાર્ય પરમાત્મા અરિહંત સર્વજ્ઞદેવ, અનંતા આ ભાવનાથી થયા છે. સમજાણું કાંઈ? આહાહા..! કાને સાંભળ્યું ન હોય. એમ હશે? 'રમણીકભાઈ'! રળવામાં.. રળવામાં.. વખત જાય. એમ કરતા નવરો થાય તો સાંભળવાનું ઉંધુ મળે. સાચું શું છે એ સાંભળવા મળે નહિ. હવે એનો કે દિ' નિસ્તાર થાય. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન! પ્રભુ! એકવાર બીજું ભૂલી જા. જેને યાદ કરીને મારા માન્યા, એને ભૂલી જા અને જેને યાદ કર્યો નથી અને મારા માન્યા નથી એને યાદ કર. આહાહા..! ભગવાન! આ શરીર, વાણી, મન તો માટી-ધૂળ છે. આ તો માંસના લોચા છે. સડેલાં-સડેલા ગધેડાના ચામડા જેવા હોય એવું બધું છે આમાં, બાપા! આહાહા..! આ તો અજીવતત્ત્વ છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિના આવે એ પણ વિકાર ને રાગ ને દોષ છે. એને જાણનારી વર્તમાન જ્ઞાનની અવસ્થા, એ પણ ક્ષણિક અને એક ક્ષણની દશાની પર્યાય છે. એટલો પણ તું નહિ. રાગ-દ્વેષમાં નહિ, રાગને જાણનારી એક સમયની વ્યક્ત અવસ્થા એટલામાં એમાં પણ તું નહિ. તુ જે છો ત્રિકાળ... આહાહા..! નિત્યાનંદ, સહજાનંદની મૂર્તિ, પરમાત્મા સર્વજ્ઞદેવે જોઈ તેટલી, તેવી. આહાહા..! હવે શું ક્યાં જવું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઘુંટી ઘુંટીને પીવડાવો.

ઉત્તર :– ચોસઠ પહોરી તો ઘૂંટાય છે આ.

અહીં તો કહે છે. અહીં તો આવ્યું છે શું? જુઓને! **'નિજ કારણપરમાત્માની ભાવનાથી...'** એમ શબ્દ છે ને? ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકર હો, એ એના ભગવાન. અનંતા સિદ્ધ થયા એનું ધ્યાન કરે તો એ વિકલ્પ છે. આ પોતાની એક સમયની પર્યાયનું ધ્યાન કરવા જાય તો એ રાગ છે. અહીં તો **'નિજ કારણપરમાત્માની ભાવના...'** આટલામાં બધું ભર્યું છે. આખો વીતરાગનો માર્ગ પરમેશ્વરનો, કેવળીઓનો (આમાં છે). કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં. બોલે છે ને? ઘડિયા

સવારમાં હાંકે જાય. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ચત્તારી મંગલ, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં.. હાંકે રાખે, એકેય અર્થની ખબર ન હોય. 'હરિભાઈ'! આહાહા..!

કહે છે, **'નિજ કારણપરમાત્મા...'** કેવા છે? કે એક તો જાણે ત્રિકાળ નિરાવરણ ભગવાનઆત્માનું સ્વરૂપ છે. અંતર સ્વરૂપ ધ્રુવ નિત્ય ભાવ એ ત્રિકાળ નિરાવરણ (છે). એક વાત. નિત્યાનંદ, જેમાં અતીન્દ્રિય આનંદ નિત્ય–કાયમ પડ્યો છે. કેમ બેસે? જેના અંતર આત્માના, અંતર ધ્રુવ સ્વરૂપમાં બધા આત્માને, નિત્યાનંદ સ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદનો કંદ પોતે છે. એને અહીંયા ધ્રુવ આત્મા કહેવામાં આવે છે. એને અહીંયા કારણપરમાત્મા કહેવામાં આવે છે. એ ક્યો? કે નિજ કારણપરમાત્મા. પાછી ભાષા નિજ–પોતાનો કારણપરમાત્મા.

મુમુક્ષુ :– પોતાનો જ કામ આવે ને, બીજાનો શું કામ આવે.

ઉત્તર :– ભગવાનનો ભગવાન પાસે રહ્યો. આહાહા..! ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઇરિયાણં કરીને મુક્તિ થાય. ત્રણકાળમાં ન થાય, કહે છે. એ તો વિકલ્પ–રાગછે.

મુમુક્ષુ :– માટે નિજ કારણ કહ્યું છે.

ઉત્તર :– માટે નિજ કારણપરમાત્મા કહ્યું છે. સમજાણું કાંઈ?

**'નિજ કારણપરમાત્માની...'** ઓલા ચોપડા બહુ ફેરવો ત્યાં 'ગુલાબચંદભાઈ'! આવું એમાં ન મળે. ત્યાં એમાં છે કાંઈ? નહિ. બધા ભાઈઓ ભેગા થતા હો ત્યારે પણ આવું નહિ હોય. ત્રણ તો ગયા, હવે ત્રણ રહ્યા. આ વાતું જ બીજી જાતની છે. સંપ્રદાયમાં એ વાત નથી. સમજાય છે કાંઈ? આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો અનાદિ માર્ગ જે છે, ત્યાં કહે છે કે આ નિજ કારણપરમાત્મા જે અનંતઆનંદના જળથી ભરેલો ભગવાન અનાદિઅનંત આત્મા છે. એવા નિજ કારણ(પરમાત્માની ભાવના). એક તો નિજ શબ્દ વાપર્યો. બે શબ્દ. એક તો ત્રિકાળ નિરાવરણ, નિત્ય આનંદ. બે. એકસ્વરૂપ, એ ત્રિકાળ એકસ્વરૂપ છે. અને નિજ કારણપરમાત્મા. અભેદ બતાવવું છે ને? નિજ કારણપરમાત્મા ભગવાન ધ્રુવ સ્વરૂપ, એની ભાવનાથી. એવો ચિદાનંદ ભગવાનઆત્મા ધ્રુવ, નિત્ય, એની એકાગ્રતાથી નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ એ ભાવના છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માની વીતરાગી દશા, એ પરમાત્માની ભાવના. સમજાય છે કાંઈ? એનાથી ઉત્પન્ન. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ પરમાત્મા અરિહંત પામ્યા, એ તો ઉત્પન્ન પર્યાય થઈ છે. એ કાંઈ પર્યાયમાં આખો આત્મા નહોતો. આખો તો ધ્રુવ છે. આ તો નવી દશા પ્રગટી. સિદ્ધપણું પણ આત્મામાં કારણપરમાત્મ દશા નવી પ્રગટે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એકરૂપ શું?

ઉત્તર :– એકસ્વરૂપ અભેદ. નિત્યાનંદ એકરૂપ સ્વરૂપ છે. એમાં ભેદ નથી. ગુણ-ગુણીનો ભેદ નહિ, પર્યાયના અંશનો ભેદ નહિ. અરે..! આહાહા..! આવો નિજ નિધાન ભગવાનઆત્મા છે.

કહો, સમજાણું કાંઈ? અરે..! એને શરણે જા, તારા દુઃખ રહે નહિ, એમ કહે છે. આહાહા..! જુઓને! આમ દુઃખી દુઃખી છે, આમ દયા આવી જાય. 'દર્શનવિજય' ને? બિચારા.

મુમુક્ષુ :– ડોળીમાં હતા?

ઉત્તર :– ડોળીમાં હતા. બે સાધુ મોઢાઆગળ, પાછળ કાંડા. કંઈ ભાન નહિ. રાડે રાડ પાડતા હતા. શું બોલે છે એની કાંઈ ખબર નહિ. હું ઊભો રહ્યો એટલે મારી આંગળી ઝાલી. કાંઈ ભાન નહિ, કાંઈ ખબર નહિ. આહાહા..! જુઓને દશા! ભગવાન ભૂલીને ક્યાં ભમે છે? મોઢાઆગળ બેસીને જાતા હતા બિચારા. મારી સામે હાથ કર્યો. ઉભો રહ્યો. કોણ છો? 'દર્શનવિજય'. ત્રિપુટી માહ્યલા 'દર્શનવિજય'. ઠીક. એ તો આપણે અહીંયા (સંવત) ૧૯૯૯માં આવ્યા હતા ને. અહીં બેઠા હતા. ૧૯૯૯ માં ચર્ચા થઈ હતી. કેટલા વર્ષ થયા? ૨૯ વર્ષ થઈ ગયા. એ કહે કે આ ગુરુની વાણી છે. દેવની વાણી બીજી અમારી. તમારું નામ શું? 'દર્શનવિજય'. સારું. ભવિ-અભવિનું નક્કી કર્યું છે? તમે ભવિ છો કે અભવિ? કહે, એ નક્કી ન થાય. ત્યારે તમે ભવિ-અભવિ નક્કી નથી અને તમે વીતરાગની વાણીની પરીક્ષા કરવા નીકળ્યા! દાણો દાબ્યો એ વખતે. કાંઈ મોઢું પણ નહિ. કાળુંમશ મોઢું. રાડે રાડ પાડે. શું બોલું છું એની ખબર નહિ. આહાહા..! ખબર નહિ કાંઈ. બહુ બોલી શકે નહિ. એ મિથ્યાત્વના ચાળા એવા છે. ખબર નથી, નહિ? ખબર જેવું કાંઈ લાગ્યું નહિ.

કહે છે, તીર્થંકરદેવના કેવળજ્ઞાનીનો સિદ્ધાંતમાં ફેર છે આ. ભાઈ! તારે કેવળજ્ઞાનરૂપી પરમાત્મદશા પ્રગટ કરવી હોય, તો એને માટે કારણ તો તું અંદર પડ્યો એ છે. બીજું કોઈ નિમિત્ત કારણ અને મજબુત સંઘયણ ને હાડકાં ને આ મનુષ્યદેહ હોય તો થાય, વ્યવહાર સમકિત-ફમકિત હોય તો થાય, એ વાત અહીં છે નહિ.

મુમુક્ષુ :– મનુષ્યપણું પણ નહી.

ઉત્તર :– મનુષ્ય-ફનુષ્ય વિનાનો મોક્ષ થાય છે.

મુમુક્ષુ :– એ વાત સમજાવો.

ઉત્તર :– આ તો જડ છે, એમાં શું છે? જડના અસ્તિત્વમાં તો આત્મા છે નહિ. આત્માના અસ્તિત્વમાં જડ છે નહિ. જડ તો જડ થઈને રહ્યું છે. શરીર તો જડ થયું અને રહ્યું છે. આત્માનું થઈને રહ્યું છે આ? આ તો માટી છે. સમજાણું કાંઈ? અંદર પુણ્ય અને પાપ, દયા, દાનના ભાવ એ વિકાર થઈને રહ્યા છે. એ આત્માના થઈને રહ્યા નથી. સમજાણું કાંઈ? એની પર્યાયમાં પણ આત્માના થઈને રહ્યા નથી ખરેખર. માન્યું છે એણે. આ આત્મા તો એક સમયનો પર્યાય થઈને રહ્યો નથી, એમ કહે છે અહીં તો. ભાઈ! આહાહા..! ભગવાનઆત્મા પર થઈને તો રહ્યો નથી, પુણ્ય-પાપના ભાવ થઈને રહ્યો નથી, એક સમયની અવસ્થા થઈને રહ્યો નથી. એ તો ત્રિકાળ

નિરાવરણ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, સિદ્ધસ્વરૂપી પ્રભુ, નિત્યાનંદ, નિરાવરણ વીતરાગ આનંદમય એકસ્વરૂપે કારણપરમાત્મા છે. એ રીતે રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જાતિ અપેક્ષાએ ધ્રુવ બદલાતું નથી.

ઉત્તર :– ધ્રુવ શું બદલાય? ધ્રુવ તો ધ્રુવ છે. ધ્રુવ તો એકરૂપ ત્રિકાળ છે. માટે તો એક શબ્દ આપ્યો.

મુમુક્ષુ :– જાતિ અપેક્ષાએ બદલાતો નથી, કોઈ બીજી અપેક્ષાએ બદલાતો હશે?

ઉત્તર :– 'રામજીભાઈ'એ ઠીક કીધું. ત્રણકાળમાં કોઈ રીતે બદલાય નહિ. એકરૂપ નિત્યાનંદ ભગવાન. નિશ્ચયથી મોક્ષમાર્ગની ક્રિયાનો પણ જેમાં અભાવ છે. રાગ-દ્વેષનો તો અભાવ છે, પુણ્ય-પાપનો પહેલો કહ્યો, પર્યાયનો અભાવ છે એમ કીધું એમાં એ આવી ગયું. મોક્ષનો માર્ગ જે આ ભાવના છે, એનાથી કારણપરમાત્મા રહિત છે. પર્યાયરહિત કીધું હતું. સમજાણું કાંઈ? કારણ કે એ તો નિત્યાનંદ કહ્યો ને? નિત્યાનંદ એકસ્વરૂપ ભગવાનઆત્મા. અરે..! ભાઈ! એની તને ખબર નથી. તારી ચીજમાં કેટલું શું પડ્યું છે ધ્રુવમાં (એની તને ખબર નથી). બહાર ગોતવા જાય, અહીંથી મળશે, અહીંથી મળશે, શેત્રુંજયથી મળશે અને સમ્મેદશિખરથી મળશે.

મુમુક્ષુ :– ત્યાં બધેથી ન મળે પણ ગુરુ પાસેથી તો મળે.

ઉત્તર :– ગુરુ પાસે ક્યાં હતો એ તો મળે? અહીંયા તો કહે છે, પર્યાયમાં નથી આવ્યો એમાં મળે ક્યાંથી? એય..! એ મારગડા જુદા. વીતરાગના માર્ગનો દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવો નથી. મીંઢવણી ન કરશો. નથી ભાઈએ કહ્યું? 'રમેશભાઈ'એ. 'કમલ' એ ઉપમા છે. ભગવાનના માર્ગની સાથે કોઈ માર્ગની મીંઢવણી કરશો નહિ, ભાઈ! એ મીંઢવણીએ મેળ ખાય એવું નથી.

મુમુક્ષુ :– અનિત્યથી નિત્યની પ્રાપ્તિ તો થાય છે.

ઉત્તર :– નથી થતી. અનિત્યથી નિત્યની પ્રાપ્તિ થાય છે એનો અર્થ, નિત્યનો ખ્યાલ આવે છે. અનિત્યમાં નિત્ય આવતું નથી. પણ જે પર્યાય અનિત્ય છે એ પણ દ્રવ્યમાં નથી. આહાહા..! ભારે કામ ભાઈ આ તો! આવો માર્ગ વીતરાગનો હશે? આપણે જૈનમાં તો એમ હોય, કંદમૂળ ખાવા નહિ, ચોવિયાર કરવા, સામાયિક કરવી, પોષા કરવા, પડિકમ્મણા કરવા, અપવાસ (કરવા), શું કહેવાય? છ પરબી પાળવું, આમાં તો આ એકપણ વાત આવી નહિ.

મુમુક્ષુ :– એ તો બધો રાગ છે એમ આવ્યું.

ઉત્તર :– અરે..! ભગવાન તને ખબર નથી, ભાઈ! એ તો બધા વિકલ્પના ચાળાઓ છે. એ આત્મા નહિ અને આત્માનું આચરણ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– આત્માનું આચરણ...

ઉત્તર :– વિકલ્પ આદિ છે એ આ આત્માનું આચરણ નહિ. ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ! એની એકાગ્રતા વીતરાગ પર્યાયરૂપી ભાવના, એવો જે નિશ્ચયમોક્ષમાર્ગ એનાથી કાર્યપરમાત્મા, કારણપરમાત્માની ભાવનાથી થાય છે. મોક્ષમાર્ગની ભાવનાથી થાય એમ પણ અહીં તો નથી કહ્યું. કારણપરમાત્મા... આહાહા..! તું ત્રિકાળ છો, અનાદિઅનંત છો, ધ્રુવ છો, નિત્ય છો, પ્રભુ! તારું એક રૂપ છે અંદર. વિકલ્પની આડમાં તને એની રુચિમાં દેખાતું નથી. દયા, દાનના વિકલ્પો રાગ છે, એની રુચિમાં ભગવાન દેખાતો નથી.

મુમુક્ષુ :– ... ધ્રુવતા નથી.

ઉત્તર :– ધ્રુવતા ક્યાં છે? ધ્રુવ તો ભિન્ન (છે). અનંતવાર ક્રિયાકાંડી જૈન સાધુ થયો પણ આ વસ્તુનું ભાન એણે એક ક્ષણ કર્યું નથી. પંચમહાવ્રત અને અઠ્ઠ્યાવીશ મૂળગુણ, શરીરથી જાવજીવનું બ્રહ્મચર્ય, એવા અનંતવાર પાળ્યા. એ તો બધી ક્રિયાઓ રાગ છે. એ આત્મા નહિ અને આત્માનું આચરણ નહિ. આત્મા ધ્રુવ અને એનું આચરણ (એ) એની ભાવના. સમજાણું કાંઈ?

**'ઉત્પન્ન કાર્યપરમાત્મા, તે જ ભગવાન અર્હંત્ પરમેશ્વર છે.'** જુઓ! 'તે જ ભગવાન અર્હંત્ પરમેશ્વર છે.' આહાહા..! હજી તો ણમો અરિહંતાણંની વ્યાખ્યાની ખબર ન મળે. ગાડા હાંક્યે જાય. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... સમજાણું કાંઈ? **'તે જ ભગવાન અર્હંત્ પરમેશ્વર છે.'** આવા ભગવાનને અરિહંતને પરમેશ્વર કહેવામાં આવે છે. બાકી લોકો માને કંઈકનું કાંઈક. એ કોઈ ભગવાન-બગવાનની એને ખબર નથી.

**'આ ભગવાન પરમેશ્વરના ગુણોથી વિપરીત...'** આ રીતે કારણપરમાત્માનો આશ્રય લઈને, જે કાર્યદશા અરિહંત પરમાત્મા, કેવળદર્શન, કેવળજ્ઞાન, આનંદ અને વીર્ય પ્રગટ્યું. એવી અનંતી દશાઓ પ્રગટી. એનાથી વિરૂદ્ધ **'વિપરીત ગુણોવાળા બધા...'** દેવ નહિ, અરિહંત નહિ. **'(દેવાભાસ), (છે) ભલે દેવપણાના અભિમાનથી દગ્ધ હોય...'** અમે દેવ છીએ એમ અજ્ઞાનથી બળી ગયા હોય, પણ એ દેવ છે નહિ. આહાહા..! જેની દિવ્ય શક્તિઓ બધી પ્રગટ થઈ ગઈ છે. એવા જે દેવ, એનાથી બીજાઓ એમ માને કે અમે પણ દેવ છીએ, કહે છે કે અભિમાનથી બળી ગયેલા છે બિચારા. આહાહા..! **'દગ્ધ હોય તો પણ સંસારી છે.–'** ભલે અભિમાન દેવનું હોય. આવા પરમેશ્વરનું જેને ભાન નથી અને એવું પરમેશ્વરપણું જેને પ્રગટ્યું નથી અને એમ માને કે અમે દેવ અને પરમેશ્વર છીએ, એ બધા અભિમાનથી બળી ગયેલા સંસારી છે. **'આમ (આ ગાથાનો) અર્થ છે.'** લ્યો. આ ગાથાનો અર્થ આ છે. આહાહા..!

પરમેશ્વર એટલે શું? અને પરમેશ્વરતા પ્રગટી કેમ? મહાપ્રભુ ધ્રુવ સ્વરૂપવાન, એની અંતર એકાગ્રતાના અનુભવથી પ્રગટી. એમ. ધ્રુવને સિદ્ધ કર્યું, વીતરાગ પર્યાયને સિદ્ધ કરી અને એના

કાર્યરૂપે જે પરમાત્મા પ્રગટ્યો અનંત કેવળજ્ઞાન આદિ સત્તાનું અસ્તિત્વ સિદ્ધ કર્યું, આવાને દેવ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ ૧૪, બુધવાર, તા. ૧૦-૩-૧૯૭૧**
**ગાથા – ૮, શ્લોક - ૧૪, પ્રવચન નં. ૧૧**

કળશ છે. સાતમી ગાથાનો કળશ. 'શ્રીકુંદકુંદાચાર્યદેવ' કહે છે. 'પ્રવચનસાર'ની ગાથામાં. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે.

**तेजो दिट्ठी णाणं इड्ढी सोक्खं तहेव ईसरियं ।**
**तिहुवणपहाणदइयं माहप्पं जस्स सो अरिहो ।।**

અરિહંત કેવા છે એની વ્યાખ્યા છે. પરમાત્માની વ્યાખ્યા ચાલે છે ને? પરમાત્મા કોને કહેવા? બધા દોષરહિત અને સકળ ગુણસહિત, એ બધા દોષોનું વર્ણન આવ્યું. ચાર ઘાતિકર્મોનો નાશ અથવા અઢાર દોષથી રહિત (છે) એવાને પરમાત્મા કહીએ. સમજાણું? 'તેજ (ભામંડળ),...' અરિહંત ભગવાનને ભામંડળ છે. શરીરની આસપાસ પ્રકાશ હોય છે. પેલું હતું ને અહીંયા? અરિહંત પરમાત્મા તીર્થંકરદેવ, એના શરીરમાં પ્રકાશ–ભા એટલે પ્રકાશ હોય છે. સાધારણ પ્રાણી અરિહંતને–ભગવાનને પરમાત્મા ઠરાવે છે, એમ નથી. જેના શરીરમાં પણ પ્રકાશ–આભા પડતી હોય છે. ભા.

વળી 'દર્શન (કેવળદર્શન)...' **'दिट्ठी'** છે ને? **'दिट्ठी'**. એ ગુણ છે. જેને કેવળદર્શન છે. ભગવાનને કેવળદર્શન હોય છે. એક સમયમાં સામાન્ય ત્રણકાળ, ત્રણલોકને દેખે. જાણે નહિ, દેખે. એવી દૃષ્ટિ **'दिट्ठी'**. કાલે આવ્યું હતું. દૃષ્ટિના અર્થમાં કેવળદર્શન આવ્યું હતું ને? ભગવાનને કેવળજ્ઞાન હોય છે. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પૂર્ણ જાણે એવું કેવળજ્ઞાન હોય. બે અને **'(સમવસરણાદિ,...)'**ની ઋદ્ધિ હોય છે. સમવસરણ બાર જાતની સભા આદિની ઋદ્ધિ ભગવાનને હોય છે. એને ભગવાનને વ્યવહારે એની ઋદ્ધિ છે, એને ભગવાન કહેવામાં આવે છે. **'(અનંત અતીન્દ્રિય સુખ),..'** હોય છે. અરિહંત પરમાત્મા, તીર્થંકરદેવ સશરીરી હોવા છતાં અનંતઆનંદ હોય છે. **'(ઇંદ્રાદિક પણ દાસપણે વર્તે એવું) ઐશ્વર્ય,...'** છે. છે ને **'ईसरियं'**? ઇંદ્રો પણ જેના દાસ વર્તે એવું તો ઈશ્વરપણું છે. એવા ભગવાનને રોગ, ક્ષુધા અને તૃષા હોય તો એનામાં ઈશ્વરપણું ન ગણાય. ઈશ્વર ઇન્દ્રો એના પણ ઈશ્વર છે એ. સમજાણું કાંઈ? ભગવાનના શરીરમાં રોગ આવે, એને ક્ષુધા લાગે, તૃષા લાગે એ હોઈ શકે નહિ. પરમાત્મા અરિહંતને અંતર અમૃતનો અનુભવ હોય છે. એ અનુભવ આગળ ઇંદ્રો પણ જેની ઐશ્વર્યતા સ્વીકારે છે.

**'(ત્રણ લોકના અધિપતિઓના વલ્લભ હોવારૂપ) ત્રિભુવનપ્રધાનવલ્લભપણું—'** ત્રણલોકના ઇન્દ્રો આદિથી પણ એ વલ્લભ છે. 'ત્રિભુવનપ્રધાનવલ્લભપણું-' છે. ત્રણલોકના અધિપતિઓના વલ્લભ છે. સમજાણું કાંઈ? જુઓ! આવા પરમાત્માની વ્યાખ્યા (કરે છે). ણમો

અરિહંતાણં એમ કહે પણ એ અરિહંતનું સ્વરૂપ શું? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ અને બહારમાં ભા મંડળ આદિ સમવસરણની ઋદ્ધિ. તીર્થંકરની વાત કરવી છે ને અહીંયા! એ બધું હોય છે. પુણ્ય પણ અલૌકિક હોય છે અને ગુણ પણ અલૌકિક હોય છે. **'આવું જેમનું માહાત્મ્ય છે, તે અર્હંત છે.'** એને અરિહંત કહેવામાં આવે છે. લ્યો. અર્હંત શબ્દ છે આમાં. **'अरिहो'** પૂજ્ય છે, ઇન્દ્રોને પણ આ પૂજ્ય છે.

**'વળી એ જ રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (આત્મખ્યાતિના ૨૪મા શ્લોકમાં–કળશમાં) કહ્યું છે...'** એ આપણે 'સમયસાર'માં આવ્યું હતું.

**कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये**
**धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये ।**
**दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षातक्षरन्तोऽमृतं**
**वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।**

ભગવાન તીર્થંકરદેવનું શરીરાદિ **'કાન્તિથી દશે દિશાઓને ધુએ છે–નિર્મળ કરે છે...'** એવું તો શરીર હોય. એ ભગવાનને રોગ થાય અને દવા લાવે, અને ખાય (એ તો ક્યાંથી હોય?).

મુમુક્ષુ :– એ તો શરીર છે.

ઉત્તર :– શરીર છે તો શું છે? આ શરીર જુદી જાતનું છે. ભગવાનને પરમઔદારિક શરીર હોય છે. એને રોગ, ક્ષુધા અને તૃષા હોય નહિ. અને ક્ષુધા-તૃષા માને છે એ અરિહંતને ઓળખતા નથી. અરિહંતનું જ્ઞાન જ નથી. નથી ઓળખતા?

મુમુક્ષુ :– ના. ના. એમના જેવા કલ્પી લીધા. રોગ થાય એવા (કલ્પી લીધા).

**'કાન્તિથી દશે દિશાઓને ધુએ છે–નિર્મળ કરે છે, જેઓ તેજ વડે અત્યંત તેજસ્વી સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે,...'** ચંદ્ર અને સૂર્યના તેજ પણ જેમાં ઢંકાઈ જાય છે. એવું ભગવાનના શરીરનું તેજ હોય છે. તીર્થંકર એટલે પુણ્યના પુરા અને પવિત્રતામાં પુરા. એને એવા રોગ, ક્ષુધા આદિ હોઈ શકે નહિ. વિરોધ કરે એના માટે આ સ્પષ્ટ થાય છે. સમજાણું કાંઈ? શ્વેતાંબર સંપ્રદાયમાં તો એને રોગ ઠરાવે છે, ક્ષુધા ઠરાવે છે, તૃષા ઠરાવે છે, એમ છે નહિ. તદ્દન વિરુદ્ધ છે.

**'જેઓ રૂપથી જનોનાં મન હરી લે છે,...'** શરીરની સુંદરતાની તો એટલી નમણાઈ હોય છે કે જગતના પ્રાણીઓના મન અંદર ઠરી જાય છે. આહાહા..! અંતરના સ્વરૂપની તો શું વાત કરવી?! શરીરની સુંદરતાની પણ નમણાઈ. ઇન્દ્રો કરતા પણ અનંતગુણી જેની નમણાઈ હોય છે, એવા એના પુણ્ય હોય છે. **'જેઓ દિવ્યધ્વનિ વડે (ભવ્યોના) કાનોમાં જાણે કે સાક્ષાત્ અમૃત વરસાવતા હોય...'** કૌંસમાં **'(ભવ્યો)'** નાખ્યું છે. **'જેઓ દિવ્યધ્વનિ વડે (ભવ્યોના) કાનોમાં...'** આમાં ઉપરથી ભવ્યો શબ્દ નાખ્યો છે. પછી ભવિ શબ્દ આવશે એમાં ભવ્ય નહિ આવે. પછીના

કળશમાં આવશે ને આગળ? **'निखिलभविनामेतत्कर्णामृतं'** ૧૫ મા કળશમાં. ત્યાં ભવિ ન લેવા. ત્યાં ભવના ધરનારા એવા જીવો લેવા. અહીં ભવિ શબ્દ છે. ૧૫મો કળશ છે. **'જે સર્વ ભવ્યોના કર્ણોને અમૃત છે,...'** એ આપણે સુધાર્યું છે. **'સર્વ જીવોના કર્ણોને અમૃત છે,...'** પછીના કળશમાં. કારણ કે ત્યાં ભવિ શબ્દ છે ને? ભવ્ય નથી. ભવિ છે. ભવિ એટલે ભવના ધરનારા. એવા સર્વ જીવોને ભગવાનની વાણી અમૃત છે. અહીં તો સાધારણ હોય તો... એ શબ્દમાં નથી પણ ભાઈએ 'જયચંદ પંડિતે' નાખ્યો છે. આપણે તો કૌંસમાં નાખ્યો. એણે તો સીધો બહાર નાખ્યો. બહાર શબ્દ નાખ્યો છે. જે દિવ્યધ્વનિ વડે ભગવાન તીર્થંકરદેવની દિવ્યધ્વનિ, ૐ એવો અવાજ ઊઠતા, સમવસરણમાં **'(ભવ્યોના) કાનોમાં જાણે કે સાક્ષાત્ અમૃત વરસાવતા હોય એવું સુખ ઉત્પન્ન કરે..'** સુખ આ બહારનું, હોં! અતીન્દ્રિય આનંદના સુખની વાત નથી.

મુમુક્ષુ :– મંદ કષાય.

ઉત્તર :– મંદ કષાય એને લાગે. આહાહા..! નહિતર ભગવાનની વાણી સાંભળીને અતીન્દ્રિય આનંદ પ્રગટે તો થઈ રહ્યું. ભગવાનની વાણી સાંભળનાર બધા મોક્ષે જ જાય. પણ અહીંયા તો એને પુણ્યનું સુખ. એને એવું લાગે કે જાણે. આહાહા..! વાણી તો જાણે પીધા જ કરીએ, સાંભળ્યા જ કરીએ એમ લાગે. એવું કષાયની મંદતાનું સુખ ઉત્પન્ન કરે.

**'જેઓ એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે,...'** ભગવાન તીર્થંકરના શરીરમાં ધ્વજા આદિ એક હજાર અને આઠ લક્ષણ હોય છે. 'તે તીર્થંકરસૂરિઓ વંદ્ય છે.' લ્યો. તે તીર્થંકરસૂરીઓ, આચાર્યો આદિ વંદ્ય છે.

**'(સાતમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક દ્વારા શ્રી નેમિનાથ તીર્થંકરની સ્તુતિ કરે છેઃ–'** 'પદ્મપ્રભમલધારીદેવ' પોતે 'નેમિનાથદેવ'ને યાદ કરીને સ્તુતિ કરે છે.

૧૪મો કળશ છે.

**जगदिदमजगच्च ज्ञाननीरेरुहान्त-**
**भ्रमरवदवभाति प्रस्फुटं यस्य नित्यम् ।**
**तमपि किल यजेऽहं नेमितीर्थंकरेशं**
**जलनिधिमपि दोर्भ्यामुत्तराम्यूर्ध्ववीचिम्। ।१४।।**

**'જેમ કમળની અંદર ભ્રમર સમાઈ જાય છે...'** છે કે નહિ આપણે? **'જેમ કમળની અંદર ભ્રમર સમાઈ જાય...'** ભમરો. કેટલી જગ્યા બાકી રહે? કમળમાં ભમરો. એમ **'જ્ઞાનકમળમાં આ જગત તેમ જ અજગત (–લોક તેમ જ અલોક) સદા સ્પષ્ટપણે સમાઈ જાય છે–'** આહાહા..! ભગવાન તીર્થંકરના જ્ઞાનમાં એક સમયમાં લોકાલોક સ્પષ્ટપણે, જેમ કમળમાં ભમરો સમાઈ

જાય, એમ લોકાલોક સમાઈ જાય. લ્યો. કમળ આવડું અને ભમરો નાનો. જ્ઞાન મોટું અને લોકાલોક નાનો. જેનો સ્વભાવ છે એનો પ્રશ્ન શું? જેનો સ્વભાવ શક્તિરૂપ છે એની તો વાત શું કરવી? પણ એક સમયની દશા પ્રગટરૂપ છે એની શું વાત કરવી, કહે છે. કમળમાં જેમ ભમરો સમાઈ જાય, એમ ભગવાનઆત્માની પૂર્ણ જ્ઞાનદશામાં લોકાલોક સમાઈ જાય છે. તેથી અનંતગુણો હોય તો પણ જાણવાની તાકાત છે. આહાહા..! જુઓ! આ આત્માની ઋદ્ધિ!

**'સદા સ્પષ્ટપણે સમાઈ જાય છે–'** પ્રત્યક્ષ છે એમ કહેવું છે. **'स्फुटं'** છે ને? **'भ्रमरवद्‌भाति प्रस्फुटं'** પ્રત્યક્ષ છે. લોકાલોક જેના જ્ઞાનમાં, જ્ઞાનની એક સમયની દશામાં, કમળમાં જેમ ભમરો વસે, એમ જ્ઞાનમાં લોકાલોક વસી ગયા છે, કહે છે. આહાહા..! સમાઈ ગયા છે, જોયું! આ એવડી આત્માની પર્યાયની તાકાત છે. આવા પરમાત્મા છે અને આવા પરમાત્માને વાસ્તવિક આત્મા તરીકે જે જાણે, એને અંતરમાં અનુભવ અને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. આત્મા તરીકે, બહારની ઋદ્ધિ (નહિ). સમજાણું કાંઈ? ઓહોહો..! આવી શક્તિ! જેની એક સમયની દશામાં લોકાલોક તો જાણે કમળમાં ભમરો ગયો હોય. ઓહોહો..! એવી જેની જ્ઞાનની દશા, એવી અનંતી જ્ઞાનની દશાનો દરિયો જ્ઞાનગુણ છે. એ ગુણનો ધરનાર ભગવાનઆત્મા છે. એ આત્માની આવી પ્રતીત થતાં, એને આત્મા તરફની દૃષ્ટિ થતાં અનુભવ અને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ?

**'તે નેમિનાથ તીર્થંકરભગવાનને હું ખરેખર પૂજું છું...'** તે 'નેમિનાથ' તીર્થંકર ભગવાનને (હું પૂજું છું). બ્રહ્મચારી છે ને? પોતે બ્રહ્મચારી મુનિ છે એટલે બ્રહ્મચારી ભગવાનને યાદ કરીને નમન કરે છે. હું ખરેખર પૂજું છું એમ કહે છે. વાસ્તવિક વ્યવહારમાં પૂજ્યતા આવી છે અને નિશ્ચયની પૂજ્યતા આત્માની આવી છે, એમ કહે છે. 'પંડિતજી'! આહાહા..! એ વ્યવહાર છે પણ વ્યવહાર દેખાડે છે પેલા નિશ્ચયને, એમ કહ્યું ને? આ વ્યવહાર દેખાડે છે પેલા નિશ્ચયને કે જે અખંડ પરિપૂર્ણ ભગવાનઆત્મા, જેના જ્ઞાનના તેજના માપ શા? એવા અમાપ સ્વભાવનો અંતરમાં આશ્રય લઈને પ્રતીત થાય, એ પ્રતીતમાં એવા પરમાત્માની પ્રતીત વ્યવહારે આવ્યા વિના રહે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો બધી સમજણની વાત છે, ભાઈ! સમજણ એ એની ક્રિયા છે.

**'જેથી ઊંચા તરંગોવાળા સમુદ્રને પણ..'** ઓહોહો..! દરિયાના છોળ મારતાં ઊંચા તરંગો હોય એને પણ **'(–દુસ્તર સંસાર સમુદ્રને પણ) બે ભુજાઓથી તરી જાઉં.'** આહાહા..! જ્ઞાન અને ચારિત્ર. સમ્યગ્દર્શન અને ચારિત્ર. જ્ઞાનમાં સમકિત આવી ગયું. બે ભુજાઓ વડે સંસારનો પાર લઈ જવાનો. કહો, 'જેઠાભાઈ'! **'ઊંચા તરંગોવાળા સમુદ્ર..'** મહા દુસ્તર સંસાર-સમુદ્ર, આવા ભગવાનને અમે ઓળખ્યા છે અને એ ભગવાનની પ્રતીતિમાં મારા સ્વરૂપની પ્રતીતિ નિશ્ચયથી અંદર આવી ગઈ છે, એમ કહે છે. આ વ્યવહાર તો નિશ્ચયને બતાવનાર છે. ભેદ કથન નિશ્ચયને

(બતાવનાર છે). આહાહા..! જેને આવા પરમાત્માની વાસ્તવિક વ્યવહાર શ્રદ્ધા હોય એને આત્માની નિશ્ચય શ્રદ્ધા હોય જ. સમજાણું કાંઈ? અખંડ આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન, એની અંતરમાં અનુભવમાં પ્રતીતિ (થવી) એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈને હિન્દી આપ્યું છે? હિન્દી છે ને? હિન્દી આવ્યું છે ને? સારું. અહીંયા ગુજરાતી ચાલે છે, તેમાં હિન્દી છે.

જુઓ! 'પદ્મપ્રભમલધારીદેવ' ૯૦૦ વર્ષ પહેલા દિગંબર મુનિ હતા. 'કુંદકુંદાચાર્યમહારાજ' તો ૨૦૦૦ હજાર વર્ષ પહેલા (થયા). એમની ટીકા કરનાર પણ આટલા ઉછળી ગયા છે. ઓહો..! આવા 'નેમિનાથ' ભગવાન, જેને પૂર્ણ જ્ઞાન, એમાં લોકાલોક તો જાણે અંદર ભમરો પેસી ગયો હોય એટલું લાગે. ઓહોહો..! કેટલો વિકાસ બતાવે છે! કમળ તો મોટું આવડું હોય, એમાં ભમરો તો એક ઠેકાણે બેઠો હોય. એમ ભગવાનઆત્મા, જેની વર્તમાન અવસ્થા, જ્ઞાનની શક્તિનો વિકાસ એટલો હોય છે. એવી જ શક્તિ જીવની હોય છે. જેમાં લોકાલોક તો ભમરાની જેમ હોય છે. આહાહા..! આવા જ્ઞાનની, આવા જ્ઞાનની એક સમયની સત્તા, એનો સ્વીકાર કરનાર, એવી અનંતી પર્યાયની સત્તા આત્મામાં છે, એનો સ્વીકાર કરે ત્યારે આ પર્યાયનો સ્વીકાર વ્યવહારે કર્યો એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહાહા..! જે-તે ભગવાનનું નામ માને છે ને? અમે પરમેશ્વર છીએ, અમે ભગવાન છીએ. બાપા! પરમેશ્વરના પેટ મોટા છે. સમજાણું?

હું તો **'બે ભુજાઓથી તરી જાઉં.'** એમ કહ્યું, જુઓ! સંસારસમુદ્રનો તાગ લઈ લેવાનો છું. આહાહા..! એમ કહે છે. કેમ? કે એવા પરમાત્માની આવી જ્ઞાનની એક સમયની દશા, એની મને વ્યવહારમાં પ્રતીતિ છે, નિશ્ચયમાં મારા આત્માના સ્વરૂપની મને પ્રતીતિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– .... એક સમયની પર્યાય...

ઉત્તર :– એક સમયની પર્યાય છે. અને તેની પ્રતીતિ–પરની પ્રતીતિ તો વ્યવહાર છે. પણ વ્યવહાર બતાવે છે કોને? નિશ્ચયને. કે આવી અનંતી-અનંતી પર્યાયનો પિંડ ભગવાનઆત્મા, એક ગુણ એવા અનંતગુણ, એનું એકરૂપ ભગવાનઆત્મા, એની અંદર અનુભવમાં પ્રતીતિ (થાય), એને સાચું સમકિત અને શ્રદ્ધા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આઠમી ગાથા.

આવા જે ભગવાન પરમાત્મા. આવા કયા? '**तस्स मुहुग्गदवयणं** ' 'તેમના મુખમાંથી નીકળેલી વાણી...' આહાહા..! તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા.

**तस्स मुहुग्गदवयणं पुव्वावरदोसविरहियं सुद्धं ।**
**आगमिमिदि परिकहियं तेण दु कहिया हवंति तच्चत्था ।।८।।**

જુઓ! તત્ત્વાર્થ કહો, દ્રવ્ય કહો, બધું એકાર્થ છે અહીં.

**પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપરે નિર્દોષ જે,**
**તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.**

**'અન્વયાર્થ :– તેમના મુખમાંથી નીકળેલી...'** આવા પરમાત્માની જે વ્યાખ્યા કરી, એના મુખથી નીકળેલી વાણી **'કે જે પૂર્વાપર દોષ રહિત (–આગળ પાછળ વિરોધ રહિત)...'** હોય. અજ્ઞાનીની વાણીમાં આગળપાછળ વિરોધ હોય. આહાહા..! કહો, સમજાણું કાંઈ? પહેલા અને પછી ક્યાંય અંદર દુમેળ હોય નહિ. વિરોધરહિત વીતરાગ પરમાત્મા, એની વાણી, એને અહીંયા આગમ કહેવામાં આવે છે. એ આગમે કહેલા દ્રવ્યો અથવા તત્ત્વાર્થો, એની શ્રદ્ધા એમ કહે છે. ભગવાને કહેલા આગમમાં તત્ત્વો. સમજાય છે કાંઈ? શ્વેતાંબરમાં એ છે નહિ. ત્યાં તો વીતરાગની વાણી જ નથી. સર્વજ્ઞ પરમેશ્વરની પરંપરાની વાણી ત્યાં છે જ નહિ. એ તો નવા કલ્પિત શાસ્ત્રો બનાવ્યા. સમજાણું કાંઈ? શ્વેતાંબર અને એમાંથી નીકળ્યા સ્થાનકવાસી, એમાંથી નીકળ્યા તેરાપંથી. ત્રણે કલ્પિત શાસ્ત્રોમાં માનનારા છે. એ... 'પોપટભાઈ'! ભગવાનની વાણી એની પાસે છે નહિ. ભારે આકરું કામ! એ કહે છે માટે આ સ્થાપ્યું છે. ભગવાનની વાણી, ત્રિલોકનાથના મુખમાંથી (નીકળેલી; પૂર્વાપરવિરોધ રહિત (વાણી તેને) **'આગમ કહેલ છે;...'** એને આગમ કહે છે. વિરોધરહિત શુદ્ધ છે. પૂર્વાપર વિરોધ હોય એ શુદ્ધ વાણી હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ તો એવી વાત છે, ભાઈ! **'તેણે તત્ત્વાર્થો કહ્યા છે.'** એ વાણીએ જે તત્ત્વાર્થો કહ્યા. તત્ત્વાર્થ કહો કે દ્રવ્યો કહો, બન્ને શબ્દ અહીં એક જ છે. કોઈ એમ કહે છે ને કે, ભાઈ! દ્રવ્ય પણ જુદું અને તત્ત્વાર્થ જુદા. એમ નથી. અહીં તો તત્ત્વાર્થને દ્રવ્ય કહ્યા છે અને દ્રવ્યને તત્ત્વાર્થ કહ્યા છે.

**ટીકા :– 'આ, પરમાગમના સ્વરૂપનું કથન છે.'** પરમ આગમ. ભગવાનના મુખથી નીકળેલી વાણી, એનું આ કથન છે. **'(પૂર્વોક્ત) પરમેશ્વરના મુખકમળમાંથી નીકળેલ...'** મુખકમળમાંથી નીકળેલ, એ તો લૌકિકની અપેક્ષાએ કથન કર્યું છે. વાણી મુખથી નીકળે ને, એમ. બાકી તો આખા દેહથી નીકળે. ભગવાનને આખા દેહથી ૐ ધ્વનિ આવે. સમજાણું કાંઈ?

**'પરમેશ્વરના મુખકમળમાંથી નીકળેલ ચતુર વચનરચનાને...'** કેવી વચન રચના? ચતુર વચનરચના. **'વિસ્તાર–' 'ચતુર વચનરચનાનો વિસ્તાર–કે જે 'પૂર્વાપર દોષ રહિત' છે...'** પહેલા કંઈક કહ્યું અને બીજે કાંઈક કહ્યું એવું એમાં હોય નહિ. **'અને તે ભગવાનને રાગનો અભાવ હોવાથી...'** પરમાત્મા વીતરાગસ્વરૂપ, પૂર્ણ સર્વજ્ઞ પરમાત્મા હોવાથી રાગનો એને અભાવ છે. **'પાપસૂત્રની માફક હિંસાદિ પાપક્રિયાશૂન્ય હોવાથી...'** એમાં પાપથી અને પુણ્યથી ધર્મ થાય એ વાત એમાં હોય નહિ. **'પાપસૂત્રની માફક હિંસાદી પાપક્રિયાશૂન્ય હોવાથી 'શુદ્ધ' છે...'** ભગવાનની વાણી શુદ્ધ છે. આહાહા..! એ વાણી પરંપરા દિગંબરમાં રહી છે. બીજે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? વાડાવાળાને આકરું ભારે લાગે કે અમારા વાડા ખોટા? લાખ વાર ખોટા. ખોટા શું? સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વરની વાણી પરંપરા હોય તો તે દિગંબર સંતોમાં છે, બીજે

ક્યાંય છે નહિ. 'મલૂકચંદભાઈ'! સમજાણું કે નહિ? એય..! 'રાયચંદભાઈ'ના. જુઓ! આ એમ કહે છે. સવારે આવ્યા હતા. 'રાયચંદભાઈ'ના દિકરા આવ્યા હતા. ત્યાં પણ રાખે ને અહીં પણ રાખે. દૂધ-દહીંમાં રાખે. દૂધ-દહીં સમજ્યા?

અહીં તો ભગવાન એમ કહે છે કે, પરમાત્માના મુખથી જે વાણી નીકળી, એ દિગંબર સંતોએ જ રાખી છે. એ વાણી બીજે છે નહિ. શ્વેતાંબરમાં, મૂળ દેરાવાસી શ્વેતાંબરમાં પણ નથી, એમાંથી નીકળેલા સ્થાનકવાસી એમાં પણ નથી, એમાંથી નીકળ્યા તેરાપંથી તુલસી, એમાં પણ આ વાણી છે નહિ. સમજાણું કાંઈ?

**'પૂર્વાપર દોષ રહિત' છે અને તે ભગવાનને રોગનો અભાવ હોવાથી પાપસૂત્રની માફક હિંસાદિ પાપક્રિયાશૂન્ય હોવાથી 'શુદ્ધ' છે તે–પરમાગમ કહેવામાં આવેલ છે.'** જુઓ! એને પરમાગમ કહીએ. આગળપાછળ એકકોર ભગવાનને રોગ ઠરાવે, એકકોર વળી એની શાતાની ઉગ્રતા ઠરાવે. એકકોર ઇન્દ્રોમાં રોગ ન હોય અને ઇન્દ્રોના પૂજ્ય ગુરુને, તીર્થંકરને રોગ હોય, તો પૂર્વાપર વિરુદ્ધ છે એ તો. સમજાણું કાંઈ? 'પંડિતજી'! ભારે વાતું, ભાઈ!

મુમુક્ષુ :– મનઘડંત જોડી દીધું.

ઉત્તર :– પોતાનો સંપ્રદાય ચલાવવા જોડી દીધું. બધા શાસ્ત્રો કલ્પના છે. ૩૨-૪૫ શાસ્ત્રો છે, એ બધા કલ્પનાના શાસ્ત્રો છે. ભગવાનની વાણી નથી અને ભગવાનની પરંપરા પણ એમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– એમાં આત્માની હિંસા થાય.

ઉત્તર :– હિંસા છે એ. રાગથી ધર્મ મનાવ્યો છે, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી ધર્મ મનાવ્યો છે, કેવળીનું રૂપ વિરુદ્ધ બતાવ્યું છે, સાધુનું સ્વરૂપ વિરુદ્ધ બતાવ્યું છે. વસ્ત્ર-પાત્ર રાખે એને સાધુ મનાવે છે. એ બધું તત્ત્વથી વિરુદ્ધ છે. સમજાય છે કાંઈ? એય..! 'ભીખાભાઈ'! આવું છે. વીતરાગની વાણી પૂર્વાપર વિરુદ્ધ ન હોય એમ કહે છે. એક બાજુ કેવળી ઠરાવવા અને વળી કેવળી છદ્મસ્થનો વિનય કરે ઠરાવવું. એ પૂર્વાપર વિરોધ છે. એ પરમાગમ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? પરમાગમમાં તો પૂર્વાપર વિરોધરહિત હોય. વીતરાગના મુખથી નીકળેલો ધોધ-પ્રવાહ ચાલતો હોય, ગણધરોએ રચ્યા અને 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', જંગલવાસી દિગંબર સંતો, એમણે રચીને વીતરાગની વાણી ઊભી રાખી છે. કહો, 'કાંતિભાઈ'! ભારે, ભાઈ!

**'તે–પરમાગમ કહેવામાં આવેલ છે.' જુઓ! 'તે પરમાગમે–કે જે (પરમાગમ) ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી પીવાયોગ્ય અમૃત છે,...'** આવી વીતરાગની વાણી તે શ્રોતાઓએ, આત્માર્થીએ સાંભળવા જેવી છે એમ કહે છે, ભાઈ! એણે આ વાણી સાંભળવા જેવી છે એમ કહે છે. સમજાણું કાંઈ? એય..! 'ફૂલચંદભાઈ'!

મુમુક્ષુ :– આ જ વાણી સાચી છે.

ઉત્તર :– આ જ વાણી સાંભળવા જેવી છે. કરણ-અમૃત. બાકી બધા ઝેર છે એમ કહે છે. એય...! 'પોપટભાઈ'! આકરી વાત છે, બાપા! વાડા બાંધીને બેઠા.. આહાહા..! પરમ પરમાત્મા ત્રિલોકનાથ, અરિહંતદેવની વાણીનો ધોધ. ગણધરથી માંડીને 'કુંદકુંદાચાર્ય' સુધી આવ્યો. 'કુંદકુંદાચાર્યે' રચના કરી. 'સમયસાર', 'પ્રવચનસાર'. 'નિયમસાર', 'પંચાસ્તિકાય'.

મુમુક્ષુ :– અષ્ટપાહુડ

ઉત્તર :– 'અષ્ટપાહુડ' આવી લ્યો. કહો, સમજાણું કાંઈ? એ પરમાગમમાં (–પરમાગમ મંદિરમાં) કોતરાશે. આહાહા..! 'વજુભાઈ' બધી મહેનત તો કરે છે પણ હવે બહારનું શું? શું કરે? 'વજુભાઈ'ને આમાં ભીંસ પડી ગઈ છે. એક કોર અક્ષરનું ચાલતું નથી. ચાર લાખ અક્ષરો કરવા. એ વળી કાલે કાંઈક લાવ્યા હતા ઇ થોડું ઠીક લાગે છે કાંઈક. જો સરખું થઈ જાય તો.

મુમુક્ષ :– થઈ જાય તો ઘણું ઘણું ... થઈ જાય.

ઉત્તર :– લાવ્યા હતા કાલે મને બતાવવા. ૧૫ હજારનું હોઈ પણ એમાં કાંઈ નહિ. એનાથી જો સરખા અક્ષરો આવી જાય...

મુમુક્ષુ :– આપણે ડાઈ બનાવવી પડે. આપણે અક્ષરો અંગ્રેજીમાં ને આમાં ફેર હોયને.

ઉત્તર :– ફેર હોય. પરમાગમ આ બને છે. મકાન-મકાન. આ પરમાગમ, આ વીતરાગની વાણી. જે કુંદકુંદાચાર્યદેવે પરંપરાથી કહી છે એ વાણી અને એની ટીકા. 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા. 'પદ્મપ્રભમલધારીદેવ'ની આ ટીકા. આ બધી ટીકા ત્યાં કોતરાવાની છે. સમજાણું કાંઈ? 'વજુભાઈ' છે ને! વજ્રના લેખ જેવું બધું ત્યાં કરશે. એને માથે છે ને. આપણે તો સાંભળીએ.

મુમુક્ષુ :– મને બહુ ગમે છે.

ઉત્તર :– ના, ના એવું કાંઈ નહિ. માથે એને છે ને. એની માથે બધું છે આ. બીજું કોણ કરે છે?

મુમુક્ષુ :– આટલું ધાર્યું નહોતું કાંઈ .. તો સાવ સહેલું થઈ જાય.

ઉત્તર :– આ તો વીતરાગની વાણી, પરંપરાની, પરમેશ્વરની. દિગંબર સંતોએ કહેલી એ તો કેવળજ્ઞાનીના ટંકોત્કીર્ણ શબ્દ છે. ક્યાંય એક અક્ષરમાં વિરોધ નહિ. એ વાણીને વાણી કહેવામાં આવે, બાપા! આહાહા..! જે વાણી શ્રોતાઓએ, જોયું!

**'ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી પીવાયોગ્ય અમૃત છે,...'** અહીં તો સમુચ્ચય શબ્દ છે ને? અહીં ભવ્ય નાખી શકાય. ઓલામાં ભવ્યનો અર્થ બીજો છે. ત્યાં ભવિ શબ્દ છે. ભવિ એટલે ભવને તરનારા. ભવને તરનારા જીવો. એમ. **'ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી (ખોબાથી) પીવાયોગ્ય અમૃત છે.'** લ્યો. **'भव्यैः श्रवणाञ्जलिपुटपेयेन'** છે ને? સંસ્કૃતમાં ભવ્યે શબ્દ પડ્યો છે. ભવ્યે. ભવ્યે શબ્દ છે. **'भव्यैः'** એ જુદું અને ઓલું ભવિ જુદું. આ **'भव्यैः'** છે. 'પંડિતજી'! સંસ્કૃત ટીકામાં છે. **'भव्यैः'**

ચોથી લીટી. એ ભવિ ત્યાં લેવાય. **'भव्यैः'** શબ્દ છે ને? **'भव्यः श्रवणाञ्जलिपुटपेयेन मुक्तसुन्दरीमुखदर्पणेन'** અહીં તો આપણે ભવ્યરૂપી જીવોએ. ભવ્ય જીવ અહીં લેવાના છે, અહીં એ લેવું છે. **'કર્ણરૂપી અંજલિથી...'** કર્ણરૂપી ખોબો. માણસ પીએ છે ને આમ? આ પાણી બીજા ઉપરથી નાખે, ઉપરથી પડતું હોય. ટાઢું. એવું... આહાહા..!

જુઓ! **'ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી પીવાયોગ્ય અમૃત છે,...'** એમ અહીંયાં ભાઈએ લખ્યું છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. કેવા સૂત્રો–શાસ્ત્રો વાંચવા? સાંભળવા, વાંચવા, લખવા, કહેવા, લખાવવા એ બધું એમાં આવી જાય. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં ઘણા શબ્દો નાખ્યા છે. આવા શાસ્ત્રો વાંચવા. એવા અજ્ઞાનીના કહેલા શાસ્ત્રો એ વાંચવા નહિ, સાંભળવા નહિ, વિચારવા નહિ એમ કહે છે. સમજાણું? છેને. લ્યો. એ જ શબ્દ નીકળ્યો. કોઈવાર તો એવું આવે છે, ક્યાં હશે? ત્યાં સામું આવ્યું. કેવા શાસ્ત્રો વાંચવા, સાંભળવા યોગ્ય છે?

જે આગમ મોક્ષમાર્ગનો પ્રકાશ કરે, તે આગમ વાંચવા, સાંભળવા યોગ્ય છે. જુઓ, છે? એમ કરતાં અહીં વાંચવા, સાંભળવા પ્રમાણે, જોડવા, શીખવા, શીખવાડવા, વિચારવા, લખાવવા આદિ કાર્ય પણ ઉપલક્ષણથી જાણી લેવા. સમજાણું કાંઈ? વીતરાગની વાણી, દિગંબર સંતોમાં કહેલી, એ વીતરાગની વાણી (છે), બાકી વાણી બીજે છે નહિ. સમજાણું કાંઈ? એને સાંભળવી, એને વાંચવી વગેરે આવ્યું ને?

મુમુક્ષુ :– સાંભળવાનો, વાંચવાનો વિકલ્પ ન ઊઠે તો શું કરવું?

ઉત્તર :– તો તો અંદરમાં ઠરી જાય. આનંદમાં ઠરી જાય. આનંદના અનુભવમાં ઠરે તો એને કાંઈ છે નહિ. આ તો જેને વાંચવું, સાંભળવાનું છે, એને ઓલું ન સાંભળવું તો આ સાંભળવું એમ કહેવું છે અહીં.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– આ .. .. આનંદના અનુભવમાં રહી જાય તો થઈ રહ્યું. એને કંઈ અટક નથી. એ તો છે ને? બાર અંગનું જ્ઞાન ભણવું એ એને કાંઈ અટક નથી. આત્માના અતીન્દ્રિય આનંદનું જ્યાં ભાન થઈને અનુભવમાં આવી ગયો અને તે તો એમાં નિમિત્ત વાણી વીતરાગની જ હતી. સમજાય છે કાંઈ? એ ન થઈ શકે ત્યારે વાંચવું અને વિચારવું હોય તો આ વાંચવું અને વિચારવું એમ કહે છે. વાંચવું, સાંભળવું, જોડવું, શીખવું અને શીખવાડવું.

મુમુક્ષુ :– આ વિચારવું?

ઉત્તર :– હા, આ વિચારવું. જુઓ! વિચારવા, લખાવવા. આ લખાવવા. પરમાગમ આ લખાવવા.

મુમુક્ષુ :– આ કોતરાવવા.

ઉત્તર :– હા, એ કોતરાવવા. એ 'વજુભાઈ'ને માટે વાત છે. જુઓ! આ કોતરાવવા. ઓલા શાસ્ત્રો કોતરાવવા નહિ.

મુમુક્ષુ :– કોતરાવશું એમાં આવી જાય છે.

ઉત્તર :– આવી જાય છે ને એમાં શું. અહીંયાં છે ને? 'પાલીતાણા' શ્વેતાંબરના નીચે પરમ આગમ નીચે કોતરાયેલા છે. આપણે અહીં દિગંબરના કોતરાવ્યા. બે સામે અહીં પડ્યા છે, ચૌદ માઈલ છેટે.

મુમુક્ષુ :– ચૌદ માઈલ છેટું હોય ને, ગુણસ્થાન પણ ચૌદ.

ઉત્તર :– જોયું? એ પ્રમાણે સાક્ષાત્ વા પરંપરા વડે એક વીતરાગભાવને પોષણ કરે એવા શાસ્ત્ર અભ્યાસ કરવા યોગ્ય છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કેટલી વાત લીધી છે, ઓહોહો..!

કહે છે, **'ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી (ખોબાથી) પીવાયોગ્ય અમૃત છે,...'** ખોબો આપણી ગુજરાતી ભાષા (છે). તમારે હિન્દીમાં શું કહે છે? અંજલિ કરકે પીના. ભગવાનની વાણી. **'જે મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે...'** આહાહા..! **'(અર્થાત્ જે પરમાગમ મુક્તિનું સ્વરૂપ દર્શાવે છે),...'** જુઓ! ભાષા તો જુઓ! પરમાગમ વીતરાગતાની પૂર્ણ દશા શું એને બતાવે છે. એનું કારણ પણ વીતરાગતા એ બતાવે છે. સમજાણું કાંઈ? પરમાગમ એને કહીએ કે જે પૂર્ણ વીતરાગતાને– પૂર્ણ સર્વજ્ઞપદને બતાવે. એનું કારણ વીતરાગતા હોય એ પણ બતાવે. એને પરમાગમ કહીએ. બાકી વચ્ચે લાકડા નાખે કે આ ફલાણું, આ દયા, દાન, વ્રત, ભક્તિથી કલ્યાણ થાશે, મુક્તિ થાશે, એ બધા વચનો વીતરાગના નહિ. એ અજ્ઞાનીના કહેલા વચનો છે. એમાં પણ વાંધા ઊઠાડે. આમાં કહ્યું છે ને? એ કહ્યું છે એ તો નિમિત્તના કથન છે, સાંભળને. સમજાણું કાંઈ?

**'મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે...'** મોક્ષરૂપી સુંદરીને મુખમાં આમ દેખાય એવું પરમાગમ છે. આહાહા..! આ તો પર્યાયનું સિદ્ધપણું જે છે, પર્યાયનું સિદ્ધપણું પ્રગટાવવા માટે આગમ છે. અને સિદ્ધપણું કેમ પ્રગટ થાય એ આગમમાં કહેલું છે. ચાર ગતિ મળે ને એ નહિ. એમ કહે છે. આહાહા..! **'મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે, જે સંસારસમુદ્રના મહા વમળમાં નિમગ્ન સમસ્ત ભવ્ય જનોને હસ્તાવલંબન (હાથનો ટેકો) આપે છે,...'** નિમિત્ત. આહાહા..! સંસારરૂપી ચોરાશીના દરિયામાં મહાવમળમાં, મહાવમળ ભમરી, ભમરમાં **'નિમગ્ન સમસ્ત ભવ્ય જનોને હસ્તાવલંબન (હાથનો ટેકો) આપે છે.'** લ્યો. હસ્તાવલંબ કહ્યું છે ને, નિમિત્ત. ૧૧મી ગાથામાં. વ્યવહાર એ હસ્તાવલંબ છે એ નિમિત્તથી (કહ્યું). પાછું ત્યાં એનું ફળ સંસાર કહ્યું છે. અહીં તો નિમિત્ત પણ બતાવવું છે ને? **'હસ્તાવલંબન (હાથનો ટેકો) આપે છે,...'** ઓહોહો..! વીતરાગપણું જેમાંથી ઊભું થાય અને પૂર્ણ વીતરાગતા જેમાં મળે એવી વાણીને અહીંયાં પરમાગમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– નિમિત્ત હોય તો આવું હોય.

ઉત્તર :– હો. હોય તો આવું જ હોય છે. બીજું નિમિત્ત હોતું નથી.

**'જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે,...'** આહાહા..! **'ટોચ ઉપરનું રત્ન; ચુડામણિ; કલગીનું રત્ન. (પરમાગમ સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખામણિ સમાન છે, કારણ કે પરમાગમનું તાત્પર્ય સહજ વૈરાગ્યની ઉત્કૃષ્ટતા છે.'** ભાષા જુઓ! આગમમાં સ્વરૂપનું અસ્તિપણું બતાવીને પરની, બધાની ઉપેક્ષા કરાવે એનું નામ સહજ વૈરાગ્યનો શિખામણિ કહેવાય છે. નિમિત્તની, રાગની, અલ્પજ્ઞતાની બધાની ઉપેક્ષા કરી અને સ્વભાવની અપેક્ષા કરાવે એને પરમાગમ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા કેવી છે, જુઓને!

**'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે,...'** સ્વભાવિક પરથી ઉદાસ. આહાહા..! પરથી ઉદાસ કરાવીને સ્વ તરફના અસ્તિત્વમાં જોડી દે છે. એવી વાણીને અહીંયાં પરમાગમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'વૈરાગ્યરૂપી મહેલના શિખામણિ સમાન છે,...'** **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખામણિ સમાન...'** પરમાગમ છે. **'કારણ કે પરમાગમનું તાત્પર્ય સહજ વૈરાગ્યની ઉત્કૃષ્ટતા છે.'** આમ નાસ્તિથી વાત લીધી છે અને અસ્તિ તો પૂર્ણ છે. પણ અહીંથી ખસેડ્યો છે અને આમાં જોડી દીધો છે. પરથી બિલકુલ ઉપેક્ષા કરાવી છે. નિમિત્તમાં નિમિત્તથી, રાગથી અને અલ્પજ્ઞતાથી (ઉપેક્ષા કરાવી છે). આહાહા..! સમજાણુંકાંઈ?

**'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણી છે,...'** એ **'ચૂડામણિ; કલગીનું રત્ન.'** કલગીનું રતન. **'જે કદી નહિ જોયેલા (–અજાણ્યા, અનનુભૂત, જેના ઉપર પોતે પૂર્વે કદી ગયેલો નથી એવા) મોક્ષ-મહેલનું પ્રથમ પગથિયું છે...'** મોક્ષના મહેલનું, મુકાવાનું મહેલનું.. આહાહા..! કહે છે, આગમ એને કહીએ કે જે અંદર સ્વભાવ સન્મુખમાં ઢાળી અને પરથી પાછો વાળે, આ એનું પહેલું પગથિયું છે. સમજાણું કાંઈ? ઓલામાં તો કહે વ્યવહારી એ સમકિતી, લ્યો એમ કીધું. વ્યવહાર તો રાગ છે. **'મોક્ષ-મહેલનું પ્રથમ પગથિયું છે...'** આહાહા..! એ પરમાગમાં એ જ ધ્વનિ આપ્યો છે એમ કહે છે. સ્વભાવ તરફ ઢાળતા–વાળતા અને પરથી ઉદાસીન કરીને, અંતરમાં ઠરવાની વાત કરી છે એ મોક્ષમહેલનું પહેલું પગથિયું છે. સમજાણું કાંઈ?

**'અને જે કામભોગથી ઉત્પન્ન થતા અપ્રશસ્ત રાગરૂપ અંગારાઓ વડે શેકાતા સમસ્ત દીન જનોના મહાક્લેશનો નાશ કરવામાં સમર્થ સજળ મેઘ છે,...'** આહાહા..! **'કામભોગથી ઉત્પન્ન થતાં અપ્રશસ્ત રાગ...'** મેલો રાગ, અશુભરાગ, અંગારા. એ અગ્નિથી શેકાય છે. આવે છે ને કામભોગ. **'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगवंधकहा'** એ બધી શૈલી ટીકામાં લીધી છે. **'કામભોગથી ઉત્પન્ન થતા અપ્રશસ્ત રાગ...'** ભૂંડો રાગ, પાપ રાગ એનાથી અંગારા વડે શેકાતા. આહાહા..! શીતળસ્વરૂપ ભગવાનઆત્મા એમાં કામભોગનો રાગ તો અંગારા જેવો શેકાય છે, કહે છે. એવા **'સમસ્ત દીન જનોના...'** દીન પ્રાણી, જેની વાસના વિષયમાં જઈને સુખ માને છે. સળગતા અંગારાથી એ સળગી ગયેલા છે. આહાહા..! ભટ્ઠો-ભટ્ઠો મોટો છે. એવા દીન જનો, જેને

રાગમાં, અપ્રશસ્ત રાગમાં જેને પ્રેમ અને સુખ મનાણું છે એ દીન પ્રાણી છે. આત્મામાં આનંદ છે એની એને ખબર નથી. દીન-ભિખારી છે. આહાહા..!

મુમુક્ષુ :– અપ્રશસ્તને ભઠ્ઠી કીધી.

ઉત્તર :– ભઠ્ઠી છે ને, ભઠ્ઠી છે ને. એ તો અહીંયાં અપ્રશસ્તની વાત છે ને એટલે. અહીં તો જે વાત ચાલે છે એને લેવી છે ને. ખરેખર તો કામ એટલે પર તરફની ઇચ્છા. અને એનું ભોગવવું. એ બન્ને કામભોગ કહેવાય છે. લો. ખરેખર તો કર્તા અને ભોક્તા. કોઈપણ વિકલ્પનો કર્તા અને ભોક્તા (થવું) એનું નામ કામભોગ છે. ચોથી ગાથામાં એ અર્થ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા આનંદની મૂર્તિ જ્ઞાયકસ્વભાવ, એમાંથી નીકળીને જેને રાગ થાય અને એ રાગને અનુભવે એ બધી કામભોગની વાર્તા અને કથા છે. સમજાણું કાંઈ?

**'મહાક્લેશનો નાશ કરવામાં...'** અગ્નિનો છે ને? જુઓને! **'નાશ કરવામાં સમર્થ સજળ મેઘ છે,...'** એકલા વાદળા નહિ. વરસતો મેઘ છે. **'સજળ મેઘ..'** કીધો ને? ધોધ પડે એવા વાદળા છે. આહાહા..! જ્યારે જે વાત હોય એને રૂપ તો એનું દેવું પડે કે નહિ. પાણી ભરેલું વાદળું છે. અજ્ઞાનીઓના ક્લેશને, મહાક્લેશને નાશ કરવા માટે ભગવાનની વાણી, દિવ્યધ્વનિ અને પરમાગમ સજળ વાદળ છે. જળથી ભરેલું વાદળું. એકલું વાદળું હોય અને (વર્ષા) કરે નહિ, એ નહિ. આ તો જળથી ભરેલું વાદળું વરસે જ. આહાહા..! જુઓને! કેવી ટીકા કરી છે! એને માન્ય નથી. આવા ભગવાનની વાણી પરમાગમ **'તેણે–ખરેખર સાત તત્ત્વો અને નવ પદાર્થો કહ્યા છે.'** જુઓ! તત્ત્વાર્થ કહ્યા એમ કહ્યું હતું ને? સાત તત્ત્વો કહો, નવ પદાર્થ કહો, દ્રવ્યો કહો. પછી દ્રવ્ય આવશે. નવમી ગાથામાં છ દ્રવ્ય આવશે. '**तच्चत्था इदि भणिदा**' બધા પુદ્‌ગલકાય ધર્મ બધાને તત્ત્વાર્થ કહ્યા છે. આહાહા..! એવા ભગવાનના પરમાગમ, એણે સાત તત્ત્વો અને નવ પદાર્થો કહ્યા છે.

**'એવી જ રીતે (આચાર્યદેવ) શ્રી સમંતભદ્રસ્વામીએ (રત્નકરંડશ્રાવકાચારમાં ૪૨ શ્લોક દ્વારા) કહ્યું છે...'**

**अन्यूनमनतिरिक्तं याथातथ्यं विना च विपरीतात् ।**
**निःसन्देहं वेद -यदाहस्तज्ज्ञानमागिमनः । ।**

વેદાય એ શબ્દ જરીક એમ કર્યો છે. વેદ અને ય વચ્ચે લીટી કરી છે. જુદું પાડ્યું છે. **'જે ન્યૂનતા વિના...'** આગમના જ્ઞાનમાં ન્યૂનતા ન હોય, ઓછું હોય એ આગમજ્ઞાન નહિ, આગમ નહિ. **'ન્યૂનતા વિના, અધિકતા વિના,...'** અતિરેક ન હોય. જેમ હોય તેમ ભગવાને કહ્યું હોય, એને આગમ કહીએ. એનું નામ આગમનું જ્ઞાન. અમસ્તું નથી આવતું આપણે દસ બોલમાં? ઓછું માને તો મિથ્યાત્વ, અધિક માને તો મિથ્યાત્વ, વિપરીત માને તો મિથ્યાત્વ, ઓછુ-અધિક અને

વિપરીત મિથ્યાત્વ આવે છે ને? દસ પ્રકારના મિથ્યાત્વ. આમ ન્યૂનતા નહિ. જેવું સ્વરૂપ છે તે જ રીતે વીતરાગવાણી કહે છે. એનાથી અધિકતા નહિ, વિશેષપણું બતાવે એ પણ વાણી નહિ.

**'વિપરીતતા વિના...'** વિપરીતતા નહિ. **'યથાતથ વસ્તુસ્વરૂપને નિઃસંદેહપણે જાણે છે...'** જેમ છે તેમ **'વસ્તુસ્વરૂપને નિઃસંદેહપણે જાણે તેને...'** તેને એમ લેવું ત્યાં. ઓલું કાઢી નાખવું. **'આગમીઓ જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) કહે છે.'** તેને આગમીઓ, આગમીઓ. **'તેને આગમીઓ જ્ઞાન કહે છે.'** જે જ્ઞાનમાં ઓછાપણું નહિ, અધિકપણું નહિ, વિપરીતપણું નહિ. વીતરાગની વાણીમાં એ (ઓછું, અધિક કે વિપરીત) હોતું નથી. એવું જેને જ્ઞાન, તે જ્ઞાનને આગમીઓ, શાસ્ત્રના જાણનારાઓ, તેને જ્ઞાન કહે છે. બીજાને જ્ઞાન કહેતા નથી. કહો, સમજાણું કાંઈ? સમંતભદ્રાચાર્ય (રત્નકરંડશ્રાવકાચાર) એમાં એમણે કહ્યું કે ઓછું, અધિક અને વિપરીત રહિત જે યથાર્થજ્ઞાન તેને આગમીઓ જ્ઞાન કહે છે. કંઈ પણ ઓછું-વત્તુ-ફેરફાર એને આગમીઓ જ્ઞાન કહેતા નથી. એ આગમનું જ્ઞાન બતાવ્યું, લ્યો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ સુદ ૧૫, ગુરુવાર, તા. ૧૧-૩-૧૯૭૧**
**ગાથા - ૯, શ્લોક - ૧૫, પ્રવચન નં. ૧૨**

તે મોક્ષના કારણનું કારણ છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરે જે શાસ્ત્રો રચ્યા છે એ વીતરાગની વાણી નથી. એ તો બધા પોતાની કલ્પનાથી રચેલા છે. સમજાણું કાંઈ? એ અહીંયા કહે છે. તે તો નિર્વાણના કારણનું કારણ છે. પોતાનું શુદ્ધ સ્વરૂપ, આનંદની પ્રાપ્તિ થવી એ મુક્તિ, અને તેનું કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. તેનું કારણ દ્રવ્યસ્વભાવ, પોતાનું ચિદાનંદસ્વરૂપ, તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને ચારિત્ર, તેનું કારણ દ્રવ્યસ્વભાવ. અને તે કારણથી ઉત્પન્ન થયેલ મોક્ષમાર્ગ એ મોક્ષનું કારણ. અને મોક્ષમાર્ગનું કારણ, નિમિત્તકારણ વીતરાગની વાણી. સ્પષ્ટ છે. બિલકુલ સ્પષ્ટ થઈ ગયું. આવે છે ને? ભાઈ! સમજાણું કાંઈ? વાત તો આવી છે.

આ 'નિયમસાર' છે. નિયમ એટલે મોક્ષના માર્ગનો સાર. સારનો અર્થ? વ્યવહારરત્નત્રય જે વિકલ્પ છે, તેનાથી રહિત આત્માનો મોક્ષમાર્ગ છે. વ્યવહાર છે એ મોક્ષનો માર્ગ નથી એમ બતાવે છે. સમજાણું કાંઈ? વચ્ચે દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ આવે છે પણ એ મોક્ષમાર્ગ નહિ. મોક્ષનો માર્ગ તો ભગવાનઆત્મા, સર્વજ્ઞ પરમેશ્વરે જેવો દેખ્યો, કહ્યો. એવો આત્માનો અંતર અનુભવ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત કરવા, એ મોક્ષનો માર્ગ એક જ છે. અને એ મોક્ષમાર્ગમાં નિમિત્તકારણ તરીકે વીતરાગની વાણી છે. અજ્ઞાનીની વાણી કે અલ્પજ્ઞાનીની વાણી નિમિત્ત હોતી નથી. સમ્યગ્દૃષ્ટિ કહે છે એ પણ સમ્યગ્દર્શન વીતરાગની વાણી કહે છે. સમજાણું કાંઈ? પોતાના ઘરની વાત નથી.

**'सर्व भव्योंके कर्णोंको अमृत हैं'** ત્યાં સુધાર્યું નથી. ત્યાં સુધારવું જોઈએ. **'સર્વ જીવોના કર્ણોને અમૃત છે, ...'** કાલે બતાવ્યું હતું ને? ભવિ... ભવિ. **'સર્વ જીવોના કર્ણોને અમૃત છે,'** એમ લેવું. વીતરાગની વાણી વીતરાગતા ઉત્પન્ન કરાવનારી છે અને એ વીતરાગની વાણી **'સર્વ જીવોના કર્ણોને અમૃત છે.'** કાનનું અમૃત એ વીતરાગની વાણી છે. સર્વ ભવ્યોની જગ્યાએ ત્યાં સર્વ જીવો લેવું. કાલે બતાવ્યું હતું.

**'જે ભવભવરૂપી અરણ્યના ઉગ્ર દાવાનળને શમાવવામાં જળ છે.. . .'** વીતરાગવાણી, પૂર્ણાનંદ અને વીતરાગની શાંતિ ઉત્પન્ન કરવામાં નિમિત્ત, એવી વાણી **'ભવભવરૂપી અરણ્ય..'** જંગલ, ચોરાશીના અવતારના જંગલ, એમાં ઉગ્ર દાવાનળ, મિથ્યાત્વ અને રાગદ્વેષથી સળગી રહ્યો છે. આખો સંસાર સળગી રહ્યો છે. એને શાંત કરવામાં વીતરાગની વાણી-જળ નિમિત્ત છે. સમજાણું કાંઈ? એ વીતરાગની વાણી કે જે દિગંબર સંતોએ કહી તે. 'પંડિતજી' સમજાણું કાંઈ? તે વાણી પર અહીં જોર દે છે. સર્વજ્ઞ સિવાય બીજાએ પોતાની કલ્પનાથી શાસ્ત્ર બનાવ્યા છે એ શાસ્ત્ર મોક્ષનું

નિમિત્ત પણ નથી. મોક્ષના કારણમાં એ નિમિત્ત પણ નથી. સમજાણું કાંઈ?

**'અને જે જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે...'** જુઓ! સંતો, વીતરાગી મુનિઓ, કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ. એવા જેન યોગીઓને એ વાણી વંદ્ય છે. સમજાણું કાંઈ? કેમ (વંદ્ય) કહ્યું? કે જેણે રાગથી ભિન્ન પોતાના આત્માનું ભાન કર્યું છે એવા યોગી, એવી એ વીતરાગની વાણી, વીતરાગને બતાવનારી છે તો તેને વંદ્ય છે. રાગને પોતાનો માનનારા, રાગથી ધર્મ મનાવનાર શાસ્ત્ર, એ શાસ્ત્ર જ નથી. તો એ વીતરાગી મુનિઓને વંદ્ય નથી. વંદ્ય તો વીતરાગની વાણી છે એ વંદ્ય છે. જેમ ભગવાનની પ્રતિમા વ્યવહારથી વંદ્ય છે. શુભભાવ છે ને? એમ ભગવાનની વાણી પણ વ્યવહારથી વંદ્ય છે. સમજાણું કાંઈ?

**'જૈન યોગીઓ વડે...'** એમ ભાષા લીધી છે. કેમ? જેને વીતરાગભાવમાં, વીતરાગવાણીમાં તો વીતરાગતા બતાવવી છે. તો જેમને પોતાના સ્વભાવની વીતરાગની રુચિ, દૃષ્ટિ થઈ, એવા જૈન યોગીઓને વીતરાગીવાણી વંદ્ય છે. સમજાણું કાંઈ? રાગ અને વિકલ્પથી ધર્મ માનનારા એ જૈન નહિ, એ જૈન યોગી નહિ. તેથી જિનવાણી તેને વંદ્ય નથી એમ કહે છે.

મુમુક્ષુ :- ૩૨ શાસ્ત્ર કહ્યા એ?

ઉત્તર :- એ ૩૨ શાસ્ત્ર ભગવાનની વાણી નથી, એમ કહે છે. એવી વાત છે. આ વાણી સંતો, અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યથી ચાલી આવી છે એ જિનવાણી છે. ૩૨-૪૫ તો નવા કલ્પિત બનાવ્યા છે. એ ભગવાનની વાણી નથી.

મુમુક્ષુ :- શ્વેતાંબર?

ઉત્તર :- એ ત્યાં 'પાલિતાણા' છે ને? નીચે આગમ મંદિર છે ને? શાસ્ત્રની રચના કરી છે. એ નહિ.

આ વીતરાગવાણી **'જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે'**. એનો અર્થ શું? કે વીતરાગની વાણીમાં વીતરાગતા બતાવવી છે. 'પંચાસ્તિકાય'માં કહ્યું ને? ચાર અનુયોગનો સાર વીતરાગતા છે. તેનો અર્થ શું? કે નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞની ઉપેક્ષા કરાવીને, ત્રિકાળ જ્ઞાયકભાવમાં અપેક્ષા કરાવે તે જિનવાણી છે. સમજાણું કાંઈ? જિનવાણી વીતરાગદેવ પરમાત્મા અને તેમની વાણી અને દિગંબર સંતોએ કહેલી વાણી તે સર્વ વીતરાગની વાણી છે. સમજાણું કાંઈ? એ વાણી વિતરાગતાને બતાવનારી છે. તો જેમને વીતરાગતાની રુચિ છે, પોતાનો આત્મા રાગથી ભિન્ન, પુણ્યથી ભિન્ન (છે), એવા આત્માની રુચિ, દૃષ્ટિ થઈ છે, એવા ધર્માત્મા જિન યોગીઓની એ વાણી વીતરાગતા બતાવનારી (હોવાથી) તેમને વંદ્ય છે. સમજાણું કાંઈ?

**'આ જિનભગવાનનાં સદ્વચનને...'** જુઓ! ભાષા. **'આ જિનભગવાનનાં સદ્વચનને (સમ્યક્...)'** વચનો છે. જિનાગમ વીતરાગની વાણી. આ 'સમયસાર', 'નિયમસાર',

'પંચાસ્તિકાય' સર્વ વીતરાગની વાણી છે. અનાદિ સર્વજ્ઞ પરમેશ્વરે કહી એ વાણી છે. આટલું સૂક્ષ્મ છે. અત્યારે ઝઘડા ઊઠે. આહાહા..!

મુમુક્ષુ :- નામ મોટા મોટા ભગવતી ને...

ઉત્તર :- એ ભગવતી અને દશવૈકાલિક (શાસ્ત્ર) બધા કલ્પિત. વીતરાગની વાણી નહિ. એમાં પૂર્વાપરવિરોધ બહુ છે. એ તો એમાં પણ બહુ વિચારે તો તેમાં પણ શંકા પડે છે. પરંતુ નીકળવું કેમ? જાવું ક્યાં?

મુમુક્ષુ :- સંપ્રદાયનો વ્યામોહ છે.

ઉત્તર :- વ્યામોહ ઘણા છે. સંપ્રદાયમાં પડ્યા હોય તો નીકળી ન શકે.

ભગવાનની વાણી કોને કહે? ઓહોહો...! જુઓ! **'જિનભગવાનનાં સદ્વચનને.....'** પાઠ છે ને? **'जिनसद्वच:' 'जिनसद्वच:'** વીતરાગની સત્ય વાણી છે. જેમાં આત્માનો સત્સ્વભાવ ઉત્પન્ન થાય, વીતરાગ સ્વભાવ ઉત્પન્ન થાય, રાગભાવનો નાશ થાય, એ વાણીને સદ્વચન જિનાગમ કહે છે. જે વાણી રાગની પોષક છે, એ જિનવાણી નથી. વીતરાગભાવની પોષક હોય તેને જિનવાણી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'જિનભગવાનનાં સદ્વચનને (સમ્યક્ જિનાગમને) હું પ્રતિદિન વંદું છું.'** આચાર્ય 'પદ્મપ્રભમલધારીદેવ મુનિ' કહે છે. દિગંબર મુનિ ૯૦૦ વર્ષ પહેલા થયા એમણે આ ટીકા બનાવી. મૂળ શ્લોક 'કુંદકુંદાચાર્યદેવ'ના છે. 'કુંદકુંદાચાર્ય' સંવત્ ૪૯ માં થયા. તેમના મૂળ શબ્દો છે અને તેની ટીકા 'પદ્મપ્રભમલધારીદેવે' બનાવી છે. તેઓ કહે છે કે હું તો આવી જિનવાણીને વંદન-નમસ્કાર કરું છું, બીજાને હું વંદન-નમસ્કાર કરતો નથી. એમ કહે છે. લ્યો, હવે ૯મો શ્લોક. મૂળ શ્લોક. ભગવાન કુંદકુંદાચાર્ય.

**जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं।**
**तच्चत्था इदि भणिदा णाणागुणपज्जएहिं संजुत्ता ।। ९।।**

નીચે એનું હરિગીત છે.

**षट् द्रव्य पुद्‌गल, जीव, धर्म, अधर्म, कालाकाश हैं ।**
**ये विविध गुणपर्यायसे संयुक्त षट् तत्त्वार्थ हैं ।।९ ।।**
**જીવદ્રવ્ય, પુદ્ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ–એ,**
**ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.**

અહીં દ્રવ્યને પણ તત્ત્વાર્થ કહેવામાં આવ્યું છે. ષટ્દ્રવ્ય કહો કે સત્ તત્ત્વાર્થ કહો. બંને નામફેર છે પણ વસ્તુફેર છે નહિ.

**'અન્વયાર્થ :– જીવો,...'** ભગવાનની વાણીમાં જીવ આવ્યા, જીવ. અનંતજીવ. **'પુદ્ગલકાયો,..'** પુદ્ગલાસ્તિ. આ પરમાણુ, આ જડ, માટી અનંત પુદ્ગલો. **'ધર્મ, અધર્મ,...'** આ બે પદાર્થ છે. **'કાળ,...'** ભગવાનની વાણીમાં આવ્યો. જુઓ! કાળ દ્રવ્ય આવ્યું છે, કાળ પદાર્થ તત્ત્વાર્થ આવ્યું છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં કાળને માનતા નથી. કાળને ઔપચારિક માને છે. વાસ્તવિક તત્ત્વ નથી માનતા. એ માટે કહ્યું કે કાળદ્રવ્ય ભગવાને કહેલું છે. સર્વજ્ઞ પરમેશ્વરે છ દ્રવ્યમાં, અસંખ્ય દ્રવ્ય છે તેમાં કાળને દ્રવ્ય પદાર્થ કહેવામાં આવ્યું છે. **'અને આકાશ–એ તત્ત્વાર્થો કહ્યા છે,...'** એ તત્ત્વાર્થ અર્થાત્ છ દ્રવ્ય કહ્યા.

છ દ્રવ્ય કેવા છે? **'વિવિધ ગુણપર્યાયોથી સંયુક્ત છે.'** દરેક આત્મા અને પરમાણુ પોતપોતાના અનેક પ્રકારના ગુણ અને પોતાની પર્યાયથી સહિત છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ લઈ લીધા. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ દ્રવ્ય જે છે એ પોતાના ગુણ–શક્તિ અને પર્યાયથી સહિત છે. સ્વના ગુણ અને પર્યાયસહિત છે. પરના ગુણ અને પર્યાયથી રહિત છે. સમજાણું કાંઈ?

**'અહીં (આ ગાથામાં) છ દ્રવ્યોનાં પૃથક્ પૃથક્ નામ કહેવામાં આવ્યા છે. જીવ-સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન, વચન, કાય, આયુ અને શ્વોસોચ્છ્વાસ....'** એ દસ પ્રાણ છે ને? દશ પ્રાણ. એ **'નામના દશ પ્રાણોથી (સંસારદશામાં) જે જીવે છે,...'** સંસારદશામાં દસ પ્રાણથી જીવે છે. **'જીવશે અને પૂર્વે જીવતો હતો તે 'જીવ' છે.—'** સૂક્ષ્મતાથી વાત પછી લેશે, પહેલા સ્થૂળ લ્યે છે. **'–આ સંગ્રહનય કહ્યો.'** સંગ્રહનય એટલે બધા જીવ એક સાથે કહ્યા.

જે જીવ **'દશ પ્રાણોથી (સંસારદશામાં) જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તેને સંસારી જીવ કહેવામાં આવે છે.' 'નિશ્ચયથી ભાવપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે.'** જુઓ! હવે આવ્યું. ખરેખર તો આ આત્મા તેને કહીએ કે પોતાના જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણને ધારણ કરે તેનું નામ જીવ છે. સૂક્ષ્મ વાત છે. શરીર આદિ નહિ, ઇન્દ્રિય આદિ દસ પ્રાણે જીવે એ જીવ નહિ. ભગવાને પોતાનો આત્મા જીવદ્રવ્યમાં એમ કહ્યું કે **'ભાવપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે.'** ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જીવ કેમ કહ્યું? કે પોતાના જ્ઞાન, દર્શન, આનંદ, સત્તાથી જીવે છે માટે જીવ. કહો, 'પોપટભાઈ'! આમ જીવને એણે માનવો જોઈએ. પોતાના જ્ઞાન, દર્શન, આનંદથી આત્મા ટકે છે, જીવે છે. રાગથી, પુણ્યથી નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'વ્યવહારથી દ્રવ્યપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે.'** આ દશ પ્રાણ જડ છે એ વ્યવહાર છે. **'શુદ્ધ-સદ્ભૂતવ્યવહારથી...'** હવે જુઓ! **'શુદ્ધ-સદ્ભૂતવ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધજીવ' છે.'** આ વાત સૂક્ષ્મ કરી છે. કાર્યશુદ્ધ તેને કહે છે, ભગવાન! કે જે આત્મામાં પોતાની પર્યાયમાં અનંત કેવળજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય જે પ્રગટ થયું, એવી પર્યાય શુદ્ધ છે પણ સદ્ભૂત પોતામાં છે પણ વ્યવહારે એક સમયની પર્યાય છે માટે વ્યવહાર છે.

ઝીણું છે. **'શુદ્ધ-સદ્‌ભૂત વ્યવહારનયથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણો...'** ગુણો શબ્દે અહીં પર્યાય છે. **'કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધજીવ' છે.'** ભારે ઝીણી વાત છે. ભગવાનઆત્મા અંતરમાં જે શુદ્ધ આનંદઘન છે, જ્ઞાયકભાવ છે એ તો કારણજીવ છે અને તેમાંથી કેવળજ્ઞાન અને કેવળદર્શન આદિ પરમાત્મપદ પ્રગટે તેને કાર્યજીવ કહેવામાં આવે છે. (શ્વેતાંબરના) ૩૨-૪૫ (સૂત્રમાં) કારણજીવ-કાર્યજીવની આવી વાત છે નહિ. ક્યારેય સાંભળ્યું છે? 'પંડિતજી'!

મુમુક્ષુ :– આવું સંભળાવનાર જ નથી.

ઉત્તર :– ભગવાન પરમેશ્વર જિનવાણીમાં જે છ દ્રવ્ય કહ્યા, તેમાં આ જીવદ્રવ્ય એને કહ્યું, જીવ.. જીવ... એ જીવના બે પ્રકાર કહ્યા. એક તો ભાવપ્રાણથી જીવે એ જીવ. અને વ્યવહારથી દ્રવ્યપ્રાણથી જીવે એ વ્યવહાર, એ પહેલા કાઢી નાખ્યું. હવે બીજી ચીજ. આ આત્મા પોતાનું શુદ્ધ ધ્રુવ સ્વરૂપ જે જ્ઞાયકભાવ છે, ત્રિકાળ જ્ઞાયકભાવ છે તેને ભગવાન કારણજીવ કહે છે. કે જે કારણજીવમાંથી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ એવી કાર્યદશા કારણમાંથી પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! વીતરાગનું તત્ત્વ ઘણું સૂક્ષ્મ છે. સાધારણ પ્રાણી સાથે, સાધારણ સાથે તેનો મેળ ન થઈ શકે. જીવના બે પ્રકાર. એક ભાવપ્રાણ, દ્રવ્યપ્રાણ લીધા, એક હવે કારણજીવ અને કાર્યજીવ એમ લીધું. કહો, સમજાણું કાંઈ? શું કહે છે? આ શાંતિથી સમજવાની ચીજ છે. જન્મ-મરણ મટાડવાની વાતછે.

કહે છે કે પરમેશ્વર સર્વજ્ઞદેવે એમ કહ્યું કે જે આત્મામાંથી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય પ્રગટ થાય છે તે જીવને અહીંયાં કાર્યજીવ કહેવામાં આવે છે. જેણે કાર્ય કર્યું. 'પોપટભાઈ'! લ્યો, આ કાર્ય કર્યું. આહાહા..! કોઈ હિન્દી લોકો આવ્યા છે તો સ્વાધ્યાયમાં ... તમારો અડધો કલાક ચાલ્યો ગયો. કહો, સમજાણું કાંઈ?

કહે છે, **'શુદ્ધ-સદ્‌ભૂતવ્યવહાર...'** શું કહે છે? આત્મા અનંતઆનંદ, જ્ઞાનસ્વરૂપ જે ત્રિકાળ છે, તેને અહીંયા કારણજીવ કહ્યો. કેમ કે કારણજીવમાંથી કાર્યઆત્મા ઉત્પન્ન થાય છે. આહાહા..! આ વાણી અહીં દિગંબર સંત સિવાય બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– દિગંબર સંત... આપ સંત સિવાય ક્યાંય નથી.

ઉત્તર :– નહિ, નહિ. આ તો કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પૂજ્યપાદસ્વામી મહાસંતો ધર્મના થાંભલા, ધર્મના સ્તંભ જંગલમાં રહેનારા નગ્ન મુનિ હતા. અને પોતાના આનંદસ્વરૂપમાં ઝુલનારા હતા. માત્ર નગ્ન નહિ. એવું નગ્નપણું તો અનંતવાર લઈ લીધું.

પોતાની ચીજ અંતર આનંદ અને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય. જે કારણ ચતુષ્ટય જે કારણજીવમાં પડ્યા છે. કારણજીવ એટલે ધ્રુવજીવ. જેમાં અનંતજ્ઞાન,

અનંતદર્શન, અનંતઆનંદ, વીર્ય પડ્યા છે એ અનંતચતુષ્ટયાત્મક આદિ અનંતગુણનો પિંડ આત્મા (છે), એ આત્માને પરમેશ્વર કારણજીવ કહે છે. અને એ કારણજીવમાંથી અંતર્મુખ થઈને જે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ પરમાત્મદશા પ્રગટે, એ પરમાત્મદશાને કાર્યજીવ કહે છે. આ વાણી બીજે ક્યાંય છે જ નહિ. સમજાણું કાંઈ? આપણે બપોરે ઓલું ચાલે છે. આ તો 'નિયમસાર' છે. કારણપરમાત્માનું ચાલે છે ને? આમાં જ કારણપરમાત્મા ને આ કાર્યજીવ ને કારણજીવ, પેલામાં કારણપરમાત્મા અને કાર્યપરમાત્મા. એ રીતે વાત કરી છે. આહાહા..! અહીં જીવ લેવો છે ને? જીવ છે ને? એટલે વ્યાખ્યા લીધી. આહાહા..!

આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાનમાં ધ્રુવ, ધ્રુવ જે વસ્તુ, એક સમયની પર્યાયથી ભિન્ન. રાગથી તો ભિન્ન, સંયોગથી તો ભિન્ન, એક સમયની પર્યાય–અવસ્થાથી પણ ભિન્ન, જે રસકંદ, જ્ઞાયકરસકંદ, સચ્ચિદાનંદ સ્વરૂપ સચેતસ્વભાવ, જ્ઞાયકભાવ, એવો ત્રિકાળ જ્ઞાયકભાવ, તેને અહીંયાં કારણજીવ ભગવાન કહે છે. કે જેના આશ્રયથી પોતાનું કાર્ય–પરમાત્મા પ્રગટે તેને કારણજીવ કહે છે. ભારે ઝીણું. કહો, સમજાણું કાંઈ?

**'શુદ્ધ-સદ્ભૂત...'** કારણ કે કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ જે અરિહંત ભગવાનને પ્રગટ થયા, તો એ પર્યાય શુદ્ધ છે અને પોતાની છે માટે સદ્ભૂત છે. પણ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાથી એક અંશ છે માટે વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા દેહ-મંદિરમાં બિરાજમાન ચૈતન્યપ્રભુ, અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા, નિત્યાનંદ પ્રભુ આત્મા છે. જેમાં અતીન્દ્રિય આનંદ નિત્ય ભરેલો છે. આહાહા..! એવા નિત્યાનંદ પ્રભુ આ આત્મા, તેને અહીંયા કારણજીવ કહેવામાં આવ્યો છે. એ કારણનું કાર્ય. એ કારણજીવ છે એ તો નિશ્ચય છે. કારણજીવ જે છે એ નિશ્ચય છે. એકરૂપ છે, ત્રિકાળ છે. અને એ કારણજીવના આશ્રયથી પ્રગટેલી મોક્ષદશા કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય આદિ અનંત ગુણની વ્યક્તતા પ્રગટી, તેને કાર્યપરમાત્મા અથવા કાર્યજીવ કહે છે. કહો, સમજાણું કાંઈ? આમ જીવને જાણવો એમ કહે છે. એવા પાંચ ભેદ છે અને જીવના આવા ભેદ છે એમ નહિ. કારણજીવ અને કાર્યજીવ આમ છે એમ યથાર્થ જ્ઞાન કરો. આહાહા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધ-સદ્ભૂત વ્યવહારથી...'** એ પણ હજી વ્યવહાર છે. કેવળજ્ઞાન, કેવળદર્શન અરિહંતને ઉત્પન્ન થયા એ પણ વ્યવહાર છે. કેમ કે એક સમયની પર્યાય છે. તેમાં દયા-દાનના વિકલ્પને તો કાઢી નાખ્યા, એ તો છે જ નહિ. આહાહા..! એ તો અસદ્ભૂત છે. આહાહા..! સૂક્ષ્મ ભાવ (છે), ભાઈ! જૈનતત્ત્વ સમજવું અને ઓળખવું એ અપૂર્વ પુરુષાર્થ છે. કોઈ સાધારણ રીતે મળી જાય એવી ચીજ નથી. આહાહા..! કહે છે, સારી વાત આવી ગઈ, લ્યો.

મુમુક્ષુ :– માગણી કરી.

ઉત્તર :– માગણી કરી છે હિન્દી. હિન્દીની માંગણી કરી હતી. નહિતર આજે તો સ્વાધ્યાય ચાલતી હતી, હોં!

જુઓ! તેને ભગવાન જીવ કહે છે એમ સમજો એમ કહે છે. જીવના બે પ્રકાર. બીજા... બીજા.. બીજા... પાંચ દ્રવ્ય તેમના ઘરમાં રહ્યા. જે આ ભગવાનઆત્મા અંદર છે, આ તો દેહ, માટી, ધૂળ છે, આ તો પુદ્‌ગલ છે, એ કાંઈ જીવ નથી. અને કર્મ અને અંદર કાર્મણ, તેજસ શરીર છે એ પણ જીવ નથી, એ તો અજીવ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય તે તો રાગ, આસ્રવ છે. એ આત્મા નથી. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવ થાય છે ને? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા તે શુભભાવરૂપી રાગ પુણ્ય છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના પાપ આસ્રવ છે. એ બન્ને આસ્રવ આત્મા નથી. અહીં તો આત્મા કારણ અને કાર્યમાં એ વાત લીધી જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધ-સદ્‌ભૂત વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે,...'** આહાહા..! **'હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે.'** કાર્યપર્યાય એનો આધાર છે ને? આહાહા..! **'કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધજીવ' છે.'** જુઓ! નીચે નોટ. પ્રત્યેક જીવ, દરેક આત્મા દેહમાં બિરાજમાન આત્મા છે. તે **'શક્તિ-અપેક્ષાએ શુદ્ધ છે. અર્થાત્ સહજજ્ઞાનાદિક સહિત છે.'** શું કહે છે? દેહમાં બિરાજમાન દરેક આ આત્મા ચૈતન્યપ્રભુ છે એ શક્તિ અપેક્ષાથી સત્ જ્ઞાનાદિ સહિત (છે). કોણ? ત્રિકાળી. આ કેવળજ્ઞાનાદિ એ નહિ. આહા..! આત્મા સહજ જ્ઞાન, દર્શન, આનંદ એવા સ્વભાવની શક્તિસહિત અનાદિ છે. **'તેથી દરેક જીવ 'કારણશુદ્ધજીવ' છે.'** એ કારણથી દરેક જીવને કારણ શુદ્ધ, કારણ શુદ્ધજીવ કહેવામાં આવે છે. આહાહા..! દસ પ્રાણથી જીવે છે એ તો જડ-માટી છે. એમાં શું આવ્યું? એ તો જડ છે. અને અશુદ્ધ ભાવપ્રાણ, અશુદ્ધ ભાવપ્રાણ– યોગ્યતા એ પણ જીવ નહિ. આહાહા..!

અહીંયા તો ભગવાનઆત્મા શક્તિરૂપ અનાદિથી જ્ઞાન, દર્શન, આનંદ આદિ સત્ત્વ, સત્ વસ્તુનું સત્ત્વ, એ સત્ત્વ સહિત અનાદિથી છે. એ કારણથી એને કારણજીવ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? **'જે કારણશુદ્ધ જીવને ભાવે છે–'** નીચે નોટમાં. જે કારણશુદ્ધ જીવની ભાવના કરે છે. આહાહા..! અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતવીર્ય, અનંતદર્શન, સ્વચ્છતા, પ્રભુતા. એવી અનંતી શક્તિરૂપ જે આત્મા, તેને કારણજીવ કહેવામાં આવે છે. એ કારણજીવની ભાવના ભાવે છે, એમાં એકાગ્ર થાય છે. જુઓ! **'તેનો જ આશ્રય કરે છે,...'** આહાહા..! વાત બધી ગુમ થઈ ગઈ. બહારની અપેક્ષાએ ઓલી મૂળ વાત રહી ગઈ. આ વ્રત પાળવા, પૂજા કરવી, ભક્તિ કરવી, જાત્રા કરવી એ ધર્મ. એમ મનાઈ ગયું.

મુમુક્ષુ :– તેમાં જ ઘૂંચવાઈ ગયા.

ઉત્તર :– ઘૂંચવાઈ ગયા.

મુમુક્ષુ :– મૂળ વાત..

ઉત્તર :– રહી ગઈ.

મુમુક્ષુ :– પોતે કોણ છે એનું ભાન નથી.

આહાહા..! કહે છે કે જેને આત્માનું કાર્ય–મોક્ષનું કાર્ય કરવું છે, મોક્ષ એટલે અનંતઆનંદ, અનંતજ્ઞાન, દર્શન વ્યક્ત પ્રગટ થાય, એવું કાર્ય કરવું છે તો એ કાર્યનું કારણ કોણ? કે ત્રિકાળી જ્ઞાયકભાવ આત્મા જે છે, શક્તિરૂપે અનંતજ્ઞાન, દર્શન આદિ કારણજીવ છે, એ કાર્યનું કારણ છે. સમજાણું કાંઈ? **'કારણશુદ્ધ જીવને ભાવે છે અર્થાત્ તેનો જ આશ્રય કરે છે,...'** ચૈતન્યબિંબ પ્રભુ! પૂર્ણ જ્ઞાન-દર્શન-આનંદથી અંદર આત્મા ભરેલો છે. એવા કારણજીવનો જે આશ્રય કરે છે, ભક્તિ કરે છે એટલે કારણજીવને ભાવે છે, **'તે વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ થાય છે.'** એ પ્રગટ અપેક્ષાએ કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણાનંદ (સ્વરૂપ) એ અરિહંતપદને પ્રાપ્ત કરે છે. આહાહા..! જેટલા અરિહંત થયા એ દરેક પોતાનો કારણજીવ, ત્રિકાળ જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, તેનો આશ્રય લઈને જે ભાવના પ્રગટ થઈ, તેનાથી કેવળજ્ઞાન થયું, તે કાર્યનું કારણ તે કારણઆત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :– વિધિ બતાવી દીધી.

ઉત્તર :– વિધિ આ છે. સમજાણું કાંઈ?

**'તેનો જ આશ્રય કરે છે,...'** કોનો? જે કાયમ અનાદિઅનંત ધ્રુવ, આત્માની શક્તિ જ્ઞાન, દર્શન, આનંદ આદિ ધ્રુવ (છે) એવા કારણનો જે અંતરમાં આશ્રય કરે છે, એવા આત્માનો આશ્રય અથવા ભાવના કરે છે, અંતરમાં એકાગ્ર થાય છે, તે **'વ્યક્તિ અપેક્ષાએ...'** શક્તિમાં અનંતજ્ઞાન, દર્શન, આનંદ છે, તેનો આશ્રય કરવાથી પ્રગટ પર્યાયમાં પરમાત્મા થાય છે. આહાહા..! વાત સાંભળી... કહો, 'ભીખાભાઈ'! આમાં દેવ-ગુરુ-શાસ્ત્ર તો ક્યાંય રહી ગયા, નહિ? આ માર્ગ છે. ભગવાન તો કહે છે કે અમારું લક્ષ પણ છોડી દે. અને તારું પરિપૂર્ણ સ્વરૂપ અંદર પડ્યું છે તેનો આશ્રય કર.

મુમુક્ષુ :– ત્યારે મુક્તિ થશે.

ઉત્તર :– ત્યારે મુક્તિ થશે. એવી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ... નથી પણ...

ઉત્તર :– પણ એ ત્રિકાળ આત્માની, એક સમયની પર્યાયનું નહિ. નિમિત્તનો તો નહિ પણ દયા, દાન, વિકલ્પનો પણ આશ્રય નહિ, પણ તેમને જાણનારી વર્તમાન પ્રગટ પર્યાય છે તેનો પણ

આશ્રય નહિ. એક સમયની પર્યાયનો આશ્રય શું કરે? તેમાંથી શું નવી પર્યાય ઉત્પન્ન થાય છે? આહાહા..! ભારે વાત, ભાઈ! તેથી આ મોંઘુ પડે છે ને!

મુમુક્ષુ :– મોઘું ક્યાં છે? સમજે તો સોંઘુ પડી જાય.

ઉત્તર :– ઇ સોંઘુ લાગે છે. મોંઘુ છે બધું.

મુમુક્ષુ :– ... સાંભળનારા ભાગ્યશાળી છે.

ઉત્તર :– એમ! વાત તો એવી છે. આ શરીર તો માટી-જડ ધૂળ છે. આ તો પુદ્‌ગલ છે. આ આત્મા છે? આત્મા નથી. આ તો માટી છે. માટીનો બંગલો બન્યો છે એ તો જડનો છે. એ આત્મા નથી. તેનાથી આત્માને કાંઈ લાભ નથી. અને અંદરમાં કર્મ છે, તેજસ શરીર છે. બન્ને શરીર છે એ તો જડ છે. તે પણ આત્મા નથી. અને પુણ્ય-પાપના ભાવ થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ તે બન્ને ભાવ તો આસ્રવ છે.

મુમુક્ષુ :– એને તો જીવમાં લીધા જ નથી.

ઉત્તર :– એને તો અહીં જીવ કહ્યો જ નથી. એ જીવ જ નથી. એ નથી કારણજીવ, નથી કાર્યજીવ. એ જીવ જ નથી. આહાહા..! 'સેઠી'! ભારે કામ, ભાઈ! આહાહા..!

કહે છે કે જેની શક્તિ ભગવાનઆત્માની, અંતરમાં અનંતજ્ઞાન-દર્શન જે ભર્યા છે, તેનો આશ્રય કરવાથી, તેનું અવલંબન કરવાથી, તેની સન્મુખ થઈ એકાગ્ર થવથી વ્યક્ત એટલે પ્રગટરૂપે કેવળજ્ઞાન આદિ પરમાત્મદશા પ્રગટ થાય છે તેને કાર્યજીવ કહેવામાં આવે છે. આહાહા..! જીવમાં પણ કારણજીવ અને કાર્યજીવ. વીતરાગી સંતોનો આનંદનો મલાવો છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ન મળ્યું? એવી વાત છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર, ત્રિલોકનાથ તીર્થંકર જેમણે ત્રણકાળ, ત્રણલોક જોયા એના આગમે આ કહ્યું. એમ કહેવું છે ને? ભાઈ! આ આગમમાં આ તત્ત્વાર્થ કહ્યા છે. એમ કહેવું છે ને આમાં? આવા ભગવાનની વાણીના આગમ જે છે એ આગમે આવા તત્ત્વાર્થ કહ્યાં છે. આહાહા..! સમજાણું કાંઈ? શું થાય? પાત્રતા ન હોય અને સાંભળવાનું મળે નહિ. અને મળે પછી પણ નિર્ણય કરવાના ઠેકાણા નહિ. અરે..!

**'અર્થાત્ 'કાર્યશુદ્ધ જીવ' થાય છે.'** આ બાજુ નોટ છે ને. કારણજીવમાંથી કાર્યશુદ્ધ જીવ થાય છે. ભાઈ! આ વાત બહુ ગંભીર છે. ગાથા એવી આવી ગઈ છે. અહીં તો ગાથામાં પહેલા **'जीवा'** શબ્દ પડ્યો છે. તો **'जीवा'**–જીવની વ્યાખ્યા ચાલે છે. ભગવાનની વાણીમાં જીવ આવ્યો એ જીવ કેવો છે? તેની વ્યાખ્યા ચાલે છે. આહાહા..! ભગવાનની વાણીમાં આગમમાં એમ આવ્યું. જુઓ! આ આગમ, પરમાગમ, જેમાં કારણજીવ, ત્રિકાળી ભગવાનઆત્મા ધ્રુવ તેને આગમમાં કારણ જીવ કહ્યો. એ તો પહેલેથી કહેતા આવે છે કે આ ટીકા કરનાર અમે કોણ? ભાઈ! ગણધર

આદિથી ટીકા ચાલી આવે છે. અમે મંદબુદ્ધિ તે કોણ કરવાવાળા? આહાહા..! સમજાણું કાંઈ? એ કાર્ય થાય છે.

**'શક્તિમાંથી વ્યક્તિ થાય છે,...'** જેમ પીપર હોય છે ને? પીપર. લીંડીપીપર હોય છે ને? સમજો છો કે નહિ? લીંડીપીપર. લીંડીપીપર હોય છે ને? તેને ચોસઠ પહોર ઘૂંટે છે ને? તો ચોસઠ પહોરી શક્તિ અંદર છે તો પ્રગટ થાય છે. કાંકરા ઘસવાથી ઉત્પન્ન થાય છે? કાંકરામાં નથી. તે પીપરમાં છે. પીપરનો નાનો દાણો હોય છે ને? કદ નાનું છે. તીખું છે. અલ્પ છે. પણ તેની અંદરમાં સોળ આના, ચોસઠ પૈસા, રૂપિયો-રૂપિયો, અખંડ તીખાશ. સ્કંધની પર્યાયમાં છે. તે દિ' કહ્યું હતું ને? સ્કંધની પર્યાયમાં તીખાશ છે. પરમાણુમાં તો રસ પૂર્ણ છે. પણ આની તીખાશ નજીક આવી ગઈ છે. એ વાત કહે છે. નજીક આવી ગઈ. સમજાણું કાંઈ? એ ઘૂંટે છે તો એમાંથી ચોસઠ પહોરી શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થાય છે. ચોસઠપહોરી હોય છે ને? ચોસઠ પહોર ઘૂંટે છે ને? તો ચોસઠપહોરી તીખાશ. તીખાશ શું? ચરપરાઈ, તમારે ચરપરાય કહે છે ને? એ ચોસઠ પહોરી તીખાશ અંદર ભરી છે. એ શક્તિ. પ્રગટ થાય એ વ્યક્તિ. એમ ભગવાનઆત્મામાં અનંતજ્ઞાન-દર્શન પડ્યા છે એ શક્તિ અને તેનો આશ્રય લઈને અંદર પર્યાયમાં અનંત કેવળજ્ઞાન આદિ પ્રગટે તે વ્યક્તિ. આહાહા..!

મુમુક્ષુ :– શુદ્ધતાનું ઘુંટાવું...

ઉત્તર :– અંદરથી એકાગ્રતા થાય છે. શુદ્ધતામાં એકાગ્રતા હોવાથી પૂર્ણ શુદ્ધતા પ્રગટ થાય છે. ભાવે છે એમ આવી ગયું ને? જીવને ભાવે છે એમ ન આવ્યું? **'કારણશુદ્ધ જીવને ભાવે છે– તેનો જ આશ્રય કરે છે,...'** એ પહેલા એમાં આવી ગયું છે. વાહ રે વાહ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ મુક્તિનો ઉપાય.

ઉત્તર :– અનાદિથી આ જ મુક્તિનો ઉપાય છે. એ તો સિદ્ધ થઈ ગયું છે. આહાહા..!

પોતાનો આત્મા અંદર જે છે, કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમાત્માને પ્રગટ થયા એ ક્યાંથી થયું? કાંઈ બહારથી ચીજ આવે છે? પીપરમાંથી ચોસઠ પહોરી તીખાશ જે બહાર આવી, એ બહારથી આવી છે? અંદરમાં છે. અંદરમાં છે તેને શક્તિ કહે છે. પ્રગટ થાય એને વ્યક્ત કહે છે. એમ આત્મામાં અનંતજ્ઞાન-દર્શન-આનંદ શક્તિરૂપ પડ્યા છે, તેને કારણજીવ કહે છે. આરે! કારણજીવ, હવે આ કોઈ દિ' સાંભળ્યું ન હોય. એ કારણજીવની એકાગ્રતા કરતાં, એકાગ્ર થવાથી, કરતાં... કરતાં.. કરતાં કાર્યજીવ કેવળજ્ઞાન અને અરિહંતપદ પ્રાપ્ત થાય છે. તે દયા, દાન અને વ્રતની ક્રિયાથી નથી થતાં એમ કહે છે. આહાહા..! અત્યારે બહારમાં તો એ જ બધું ચાલે છે. આ વ્રત પાળવા, અપવાસ કરવો, આમ કરવું ને તેમ કરવું, તેનાથી ધર્મ થશે. ધૂળમાં પણ ધર્મ નથી. સાંભળ તો ખરો. સારા પુણ્ય પણ એમાં નથી. 'જેઠાભાઈ'! અત્યાર સુધી આ બધું ક્યાં હતું?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ તો વિપરીત વાત હતી.

**'શક્તિમાંથી વ્યક્તિ થાય છે, માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે.'** જુઓ! લીંડીપીપરની અંદર તીખાશ એ કારણ છે અને પ્રગટ થાય છે તે કાર્ય છે. એમ આત્મામાં શક્તિરૂપ અનંતજ્ઞાન-દર્શન પડ્યા છે, એ કારણ છે. અને તેનું પર્યાયમાં–અવસ્થામાં પ્રગટ થવું એ કાર્ય છે. શક્તિમાં હોય તેમાંથી આવે છે. ન હોય તેમાંથી ક્યાંથી આવે? જે શક્તિ અને સત્ત્વ છે, જ્ઞાન, આનંદ એ એનો રસ છે. રસ એટલે સ્વભાવ છે એ શક્તિ છે. એ શક્તિમાંથી પરમાત્મપદ વ્યક્તતારૂપ કાર્યજીવ થાય છે. આ વ્યવહારરત્નત્રયથી નથી થતું એમ કહે છે. આહાહા..! વ્યવહારરત્નત્રય તો વિકલ્પ છે, રાગ છે. રાગમાંથી ક્યાં વીતરાગતા આવે છે? વીતરાગતા તો અંદર આત્મામાં પડી છે. આહાહા..! વીતરાગતાથી ભરેલો આત્મા, એ શક્તિરૂપ વીતરાગતા છે. તેને કારણજીવ કહે છે અને તેની એકાગ્રતા થઈને, પૂર્ણ કેવળજ્ઞાન આદિ પ્રગટે તેને વ્યક્તરૂપ કાર્યજીવ કહે છે. સમજાણું કાંઈ? કારણજીવ, કાર્યજીવ 'જયપુર'માં કોઈ દિ' સાંભળ્યું હતું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ અમારા શેઠી છે એ મીઠાલાલ છે.

મુમુક્ષુ :– સેઠીની બોલવાની પદ્ધતિની વાત છે.

ઉત્તર :– એની પદ્ધતિ અસ્તિથી છે. સાંભળ્યું નથી એમ નહિ કહે. હવે સાંભળું છું. હવે સાંભળું છું ને. પહેલા નહોતું સાંભળ્યું એમ નહિ કહે.

આહાહા..! **'આમ હોવાથી...'** જુઓ! નીચે નોટ. **'શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને..'** શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને **'કારણશુદ્ધ જીવ કહેવાય છે...'** સમજવું હજી તો કઠણ પડે. આહાહા..! **'આમ હોવાથી...'** આમ હોવાથીનો અર્થ? શક્તિ કારણ અને વ્યક્તિ કાર્ય. **'આમ હોવાથી શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કારણશુદ્ધ જીવ કહેવાય છે અને વ્યક્ત શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે.'** કાર્યશુદ્ધ શબ્દ લીધો ને? કાર્યજીવ કરતા કાર્યશુદ્ધ. કારણશુદ્ધ આ કાર્યશુદ્ધ. સમજાણું કાંઈ? ભારે ઝીણું આવું. ઊના પાણી પીવા એમાં ક્યાંય આવું નહોતું આવ્યું?

મુમુક્ષુ :– દિગંબરમાં હતું છતાં કોઈ સમજાવનાર નહોતું, અમે એટલું સમજ્યા હતા.

ઉત્તર :– સંતની વાણી. અહીં તો જિનની વાણી આજે ચાલે છે ને? જિનવાણી કેવી છે? આહાહા..! જિનવાણીએ કેવા તત્ત્વાર્થ કહ્યા? જિનવાણીએ કેવું જીવદ્રવ્ય કહ્યું? એ વાત ચાલે છે. આહાહા..! પરમાગમ ભગવાનની વાણી, એમાં જીવને ભાવપ્રાણથી જીવે છે એમ કહ્યું અને દ્રવ્યપ્રાણથી અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવે છે એમ સંસાર કહ્યો. સંસાર એ નિમિત્ત અને અશુદ્ધભાવપ્રાણથી જીવે છે એ અશુદ્ધનિશ્ચયનયથી જીવ કહ્યો. અરે..! અને ત્રિકાળ કારણ અને

કાર્યમાં અશુદ્ધતા કંઈ નથી. ત્રિકાળ ભગવાનઆત્મા કારણશુદ્ધ જીવ છે, તેનો આશ્રય કરવાથી કાર્યશુદ્ધ જીવ પ્રગટ થાય છે. આહાહા..!

અહીંયા તો એમ કહ્યું કે, કારણશુદ્ધ જીવ જે છે, ત્રિકાળી શક્તિ, આનંદ આદિ, તેમાંથી કાર્યશુદ્ધ થાય છે. તે મોક્ષમાર્ગથી કાર્યશુદ્ધ થાય છે અને મોક્ષમાર્ગ જીવથી થાય છે એમ વાત ન કરતા સીધી વાત આમ કરી. શું કહ્યું? કે ભગવાનઆત્મા જ્ઞાન-દર્શન-આનંદ-અનંત એવી શક્તિરૂપ જે આત્મા છે, એ કારણશુદ્ધ જીવ છે. એ કારણશુદ્ધ ભગવાનના આગમમાં, તત્ત્વાર્થોમાં આ તત્ત્વ કહ્યું. સમજાણું કાંઈ? અને એ કારણશુદ્ધ જીવમાંથી કાર્યશુદ્ધ જીવ થાય છે. એ મોક્ષમાર્ગમાંથી કાર્યશુદ્ધ જીવ થાય છે એમ નહિ કહેતા સીધું કારણથી કાર્યમોક્ષ થાય છે (એમ કહ્યું). સમજાણું કાંઈ? શું કહ્યું?

મોક્ષમાર્ગ, જે ધ્રુવ ત્રિકાળી શક્તિરૂપ જ્ઞાયકભાવ છે તે કારણશુદ્ધ જીવ. અને તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે એ મોક્ષમાર્ગ. પણ એ મોક્ષમાર્ગનું કાર્ય કેવળજ્ઞાન આદિ એમ નથી કહ્યું. કેમ કે મોક્ષમાર્ગની પર્યાયનો તો વ્યય થાય છે. અને મોક્ષની પર્યાય જો પ્રગટ થાય છે તે કારણશુદ્ધ જીવમાંથી પ્રગટ થાય છે. મોક્ષમાર્ગની પર્યાય નાશ થાય છે તેમાંથી કાર્ય આવતું નથી. અરે..! ભારે ઝીણું, ભાઈ!

ફરીને. કહે છે... અહીં તો કારણશુદ્ધ જીવ એ શક્તિરૂપ, કાર્યશુદ્ધ જીવ વ્યક્તિરૂપ. એ કારણશુદ્ધ જીવથી કાર્યશુદ્ધ જીવ થાય છે. એમ સીધી વાત કરી છે. એમ નથી કહ્યું કે કારણશુદ્ધ જીવમાંથી મોક્ષમાર્ગ પહેલા પ્રગટે અને પછી મોક્ષમાર્ગથી કાર્યશુદ્ધ જીવ – કાર્યશુદ્ધિ હોય. મોક્ષમાર્ગ પણ કારણશુદ્ધજીવનો આશ્રય કરવાથી ઉત્પન્ન થાય છે. અને કાર્યશુદ્ધજીવ પણ જીવના આશ્રયથી ઉત્પન્ન થાય છે. એમ સીધી વાત છે. ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– ઉપાય આ એક છે.

ઉત્તર :– ઉપાય એક છે એ બીજી વાત કરી. અહીં તો કાર્યશુદ્ધજીવ જે કહ્યું, એ મોક્ષમાર્ગની પર્યાય કારણ અને મોક્ષ કાર્ય, એમ ન કહીને, કેમ કે મોક્ષમાર્ગની પર્યાય જે છે, તેનો અભાવ થાય છે ત્યારે મોક્ષ થાય છે. તો અભાવમાંથી ભાવ ક્યાંથી આવે? આમ થોડા-થોડા શબ્દમાં ઘણી ગંભીરતા છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'કારણ અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ. કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ.'** ખુલાસો બહુ સરસ કર્યો છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એ તો અમારી ગુજરાતી ભાષા છે. સમજમેં આયા? આહાહા..! ઘણી સૂક્ષ્મ વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ સર્વજ્ઞએ કહ્યો તે આગમ અને આગમમાં આવી વાત છે. બીજા આગમમાં આવી

વાત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? 'પંડિતજી'! આહાહા..! કાર્યશુદ્ધની એ વ્યાખ્યા કરી. સમજાણું? પછી.

**'અશુદ્ધ-સદ્‌ભૂત-વ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે 'અશુદ્ધ જીવ' છે.'** એની એ પર્યાય આધાર હોવાથી એમ લીધું, ભાઈ! ઓલા કાર્યમાં આધાર લીધો ને? શુદ્ધગુણોનો આધાર હોવાથી કારણ, આધાર હોવાથી કારણ કાર્યશુદ્ધ જીવ છે. **'આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે.'** પર્યાય છે ને આધાર. દ્રવ્ય તો આધાર ત્રિકાળ છે. તે તો અનંત ગુણનો–શક્તિનો આધાર છે. ત્રિકાળી શક્તિનો આધાર દ્રવ્ય છે. સમજાણું કાંઈ? પણ આ તો પર્યાય જે પ્રગટી એનો આધાર આ છે. આહાહા..!

અહીંયા લીધું, જુઓને! શુદ્ધગુણોનો આધાર હોવાથી, સદ્‌ભૂત-વ્યવહારનયથી એને કાર્યશુદ્ધજીવ કહ્યું અને ત્રિકાળ કારણ ભગવાન તે તો અનંતગુણનો આધાર દ્રવ્ય છે તે તો ત્રિકાળ છે. તેને કારણજીવ કહે છે. એ કારણજીવને બરાબર સમજવો અને તેનો આશ્રય કરી કાર્ય પ્રગટ કરવું એ એનું તાત્પર્ય અને સાર છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ વદ ૨, શનિવાર, તા. ૧૩-૩-૧૯૭૧
## ગાથા – ૯, પ્રવચન નં. ૧૩

આ 'નિયમસાર' મોક્ષના માર્ગનો અધિકાર છે. જીવ અધિકાર ચાલે છે. ૯મી ગાથા. શું કહે છે ભગવાન સર્વજ્ઞ પરમાત્મા? પહેલી વાત આવી ગઈ, પોતાના કેવળજ્ઞાન આદિ ઋદ્ધિથી સહિત છે. પરમાત્મા સર્વજ્ઞદેવ, કેવળજ્ઞાન, અનંતઆનંદ આદિ વૈભવથી સમૃદ્ધ (છે), તેમના મુખમાંથી નીકળેલી વાણી, તેને આગમ કહેવામાં આવે છે. આગમ તેને કહે છે. એ આગમમાં છ તત્ત્વ અથવા છ દ્રવ્યની વ્યાખ્યા છે. અહીં તત્ત્વાર્થ કહો કે દ્રવ્ય કહો, એ વાત અહીં ચાલી છે. તેમાં જીવની વ્યાખ્યા ચાલે છે.

ભગવાને જીવ કોને કહ્યો? સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા, વાણી દિવ્યધ્વનિ દ્વારા જીવનું સ્વરૂપ કેવું કહ્યું? નયથી થોડો સૂક્ષ્મ વિષય છે. પહેલા આવ્યું કે, **'દશ પ્રાણોથી (સંસારદશામાં) જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તે 'જીવ' છે.'** શરૂઆતની ૯મી ગાથા. સંગ્રહનયથી અથવા સંગ્રહ એટલે સમ્મુચય દરેક જીવ ગણવામાં આવ્યો. તો જે જીવ અનાદિથી દશ પ્રાણ– પાંચ ઇન્દ્રિય, શ્વાસ, આયુષ્ય, મન, વચન અને કાયા. તે નિમિત્તથી, વ્યવહારથી **'જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો..'** તેને વ્યવહારથી સંગ્રહનયથી જીવ કહેવામાં આવે છે. જાણવાની વાત એટલી છે.

**'નિશ્ચયથી ભાવપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે.'** કારણ જીવ છે. શું કહે છે? ખરેખર તો આ આત્મા પોતાના જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા, એવા ત્રિકાળી ભાવપ્રાણ ધારણ કરવાથી, ભગવાને આગમમાં તેને જીવ કહ્યો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આમાં તો કાંઈક સ્પષ્ટીકરણ આપો.

ઉત્તર :– સ્પષ્ટીકરણ એ કે જે આત્મા છે આત્મા. અહીં જીવ શબ્દ લીધો છે. જીવની વ્યાખ્યા છે ને એટલે. એ જીવ. 'છ ઢાળા'માં જીવની વ્યાખ્યા હતી. પણ એ બીજી રીતે. કે અંતરઆત્મા, બહિર્આત્મા અને પરમાત્મા એમ જીવના ત્રણ પ્રકાર છે. 'છ ઢાળા'માં એમ લીધું હતું. જીવના ત્રણ પ્રકાર એમ લીધું. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા એ જીવના ત્રણ પ્રકાર. અહીંયાં જીવના બીજી રીતે પ્રકાર લે છે.

મુમુક્ષુ :– જીવ તો એનો એ જ ને કે બીજો?

ઉત્તર :– જીવ તો એનો એ જ છે. જીવ બીજો છે? 'તત્ત્વાર્થસૂત્ર'માં જીવની બીજી વ્યાખ્યા (કહી છે). જીવ તેને કહીએ કર્મચેતના, કર્મફળચેતના, શુદ્ધભાવચેતના ધારણ કરે તે જીવ. ત્યાં એમ લીધું છે. અહીંયાં એમ લીધું છે.

મુમુક્ષુ :– 'દ્રવ્યસંગ્રહ'માં પણ એમ લીધું.

ઉત્તર :– હા, 'દ્રવ્યસંગ્રહ'માં પણ ઇ છે. સમજાણું કાંઈ? આ તો 'ઉમાસ્વામી'નું 'તત્ત્વાર્થસૂત્ર' મૂળ સૂત્ર છે ને? એની ટીકામાં એમ લીધું છે.

આ સમજવાની ચીજ છે. મોક્ષમાર્ગ છે ને? તો મોક્ષમાર્ગ નિશ્ચયથી કોના આશ્રયે પ્રગટ થાય છે? એ સિદ્ધ કરવા માટે અહીં જીવની વ્યાખ્યા નયથી સ્પષ્ટ કરી છે. તો કહે છે કે અનાદિકાળથી આ જડપ્રાણ છે. પાંચ ઇન્દ્રિય આદિ, એ જીવે એ તો અશુદ્ધપણે જીવે છે. તે તો વ્યવહાર સંગ્રહનયે બધા જીવની વ્યાખ્યા સાધારણ રીતે કરી. બધા સંસારી જીવો. પણ ભાવ(પ્રાણ)? આ આત્મા છે, તેમાં જ્ઞાન છે, આનંદ છે, દર્શન છે અને વીર્ય છે અને સત્તા છે. એવા ભાવ શક્તિરૂપી પ્રાણને ધરવાવાળાને જીવ કહે છે. તે યથાર્થપણે જીવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– રાગને ધારણ કરવાવાળો જીવ નહિ?

ઉત્તર :– રાગ-બાગને ધારણ કરનારો જીવ નથી. તે તો અશુદ્ધથી વાત કરે ત્યારે વાત કરે. જીવનું વાસ્તવિક ચૈતન્યતત્ત્વ, સમ્યગ્દર્શનનો વિષય. જુઓ! આ જીવ, આત્મા તે તો જાણન, દેખન, આનંદ અને સત્તા, એવા ભાવશક્તિરૂપ પ્રાણથી જીવે છે તેને જીવ કહેવામાં આવે છે. અર્થાત્ જેના આત્મામાં જ્ઞાન-દર્શન-આનંદ સત્તા છે, એવી દૃષ્ટિ કરીને, ભાવપ્રાણને ધારણ કરનાર જીવ છે, એવી દૃષ્ટિ થાય ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. 'સેઠી'!

આત્મામાં, ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જોયું, કે વસ્તુ આત્મા અને તેની શક્તિ, ગુણ, અનંતઆનંદ, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ તે ધ્રુવભાવ, ધ્રુવશક્તિ (છે). એ ધ્રુવને ધારણ કરનાર જીવને જીવ કહે છે. એવો જીવ માનનાર જીવ, તેની દૃષ્ટિ, પુણ્ય-પાપ, નિમિત્તથી ખસીને, અલ્પજ્ઞ પર્યાયથી પણ દૃષ્ટિ ખસીને, પોતાનો અનંતઆનંદ, અનંતવીર્ય, સુખ આદિ ધરનાર જીવ છે, તેના ઉપર દૃષ્ટિ પડવાથી, તે જીવ ભાવપ્રાણથી જીવે છે એમ અનુભવમાં, પ્રતીતમાં આવે છે. ભારે ઝીણું! દિગંબર સંતોની વ્યાખ્યા જ અલૌકિક વાત છે. અનાદિ તીર્થંકર સર્વજ્ઞદેવ પરમેશ્વરે કહી એ વાણી છે, જુઓ! જીવના આ ભેદ છે. તમે ક્યારેય સાંભળ્યા છે? 'પદમચંદજી'! છે? નહિ? ૩૨ સૂત્ર, ૪૫ માં કંઈ નથી.

આ તો ભગવાનની સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માની વાણી છે. એ વાણીને આગમ કહે છે. તે આગમમાં છ દ્રવ્ય અને છ તત્ત્વો કહેવામાં આવ્યા છે. અહીં દ્રવ્ય અને તત્ત્વને એક કહેવામાં આવ્યા છે. તેમાં જીવતત્ત્વ કે જીવદ્રવ્ય, વાસ્તવિક જીવદ્રવ્ય, તત્ત્વ. ભાવપ્રાણથી જીવે તે જીવ. તેનો અર્થ શું? કે જેની દૃષ્ટિ પોતાના ત્રિકાળી ગુણના ધરનાર આત્મા ઉપર પડે છે, તો ભાવપ્રાણથી જીવે છે એમ એની પ્રતીત અને અનુભવમાં આવ્યું. ભાઈ! આમ જીવે છે એમ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– અંતરમાં પરિણમન થવું જોઈએ.

ઉત્તર :– અંદર. સમજાણું કાંઈ? આત્મા... જીવ કહો કે આત્મા કહો. અત્યારે અહીંયા જીવ શબ્દ છે. એ તો 'છ ઢાળા'માં જીવની વ્યાખ્યા કરતા બહિરાત્મા-અંતરાત્મા ભેદ પાડ્યા. સમજ્યા ને? પણ એ જીવની વ્યાખ્યા કરતા અંતરાત્મા ને એમ ભેદ પાડ્યા. પણ અહીં જીવ કહો કે આત્મા કહો. જીવ જડપ્રાણથી જીવે છે એ તો સાધારણ વાત છે, એ તો અનાદિથી છે. પણ અંતરમાં વસ્તુ ભગવાન આત્મા, ત્રિકાળી અવિનાશી (છે) અને એમાં જ્ઞાન, દર્શન, આનંદ, અવિનાશી શક્તિ (છે). તો એ શક્તિથી ટકે છે, જીવે છે તેને અહીંયા જીવ કહેવામાં આવે છે. પણ જીવ આમ ટકે છે એવો અનુભવ કોને થાય છે? ધારણાથી લક્ષમાં લેવાથી નહિ, એમ કહે છે અહીંયા. આહાહા..!

ભગવાન આત્મા અંતરમાં જ્ઞાન-દર્શન-આનંદ અનંત બેહદ શક્તિ, પ્રાણ (ધારી રાખ્યા છે). એ પ્રાણને ધારણ કરનાર–પ્રાણી–આત્મા. એવો પ્રાણી જે આત્મા, એવા પ્રાણને ધારણ કરનાર છે, એમ અંતર્મુખ દૃષ્ટિ થાય, ત્યારે દૃષ્ટિમાં અને જ્ઞાનમાં ભાસ થાય છે કે આ જીવ તો ત્રણકાળથી પોતાના નિજ ગુણથી જ ટકેલો છે. સમજાણું કાંઈ? કહો, 'જેઠાભાઈ'! આ વાત ત્યાં હતી? તમે કેટલા વર્ષ ગાળ્યા?

મુમુક્ષુ :– જ્ઞાન-દર્શન-ચારિત્ર એ જીવ, બસ.

ઉત્તર :– એ વળી જુદું. આ તો પ્રાણવાન છે ને? ભાવપ્રાણ, ભાવપ્રાણવાન આત્મા, દ્રવ્યપ્રાણવાન નહિ, અશુદ્ધ પણ નહિ. આહાહા..! વસ્તુ-આત્મા અંતર જે અપરિમિત જ્ઞાન, આનંદ, દર્શન આદિને ધરનાર (છે). તો આ અનંતજ્ઞાન આદિ ધારણ કરનાર પ્રાણને ધારણ કરનાર પ્રાણી, અંતરમાં દૃષ્ટિમાં આવે ત્યારે એ જીવે છે એવું તેને ભાન થાય છે. સમજાણું કાંઈ? મારો ભગવાન તો અનંતઆનંદ આદિ ભાવપ્રાણથી (ટકનાર) તે પ્રાણી છે. કોઈ દ્રવ્યપ્રાણથી પ્રાણી નહિ, રાગ-દ્વેષ છે એ પ્રાણી આત્મા નહિ. સમજાણું કાંઈ? 'મણિકાંત' ગયા?

મુમુક્ષુ :– ના, ના છે.

ઉત્તર :– કેમ દેખાણા નહિ? રાત્રે યાદ કર્યા હતા. કાંઈક આવ્યું હતું. પ્રદેશ. પર્યાયનો પ્રદેશ. પર્યાયના પ્રદેશમાં આવ્યું હતું.

મુમુક્ષુ :– ચિદ્વિલાસ.

ઉત્તર :– 'ચિદ્વિલાસ'માં. પર્યાયના પ્રદેશ તે પર્યાય. એ પર્યાયનું કારણ પર્યાયના પ્રદેશ. દ્રવ્ય-ગુણના પ્રદેશ નહિ. બહુ સૂક્ષ્મ. આવો સૂક્ષ્મ જીવ, સમજાણું કાંઈ? દિગંબર સંતો અને દિગંબર માર્ગમાં જ એ માર્ગ છે. બીજે આ માર્ગ નથી. સર્વજ્ઞ પરમેશ્વરની પરંપરાથી ચાલ્યો આવતો માર્ગ છે. સમજાણું કાંઈ?

એવો અંતરાત્મા,... કહે છે કે એ આત્મા ભાવપ્રાણથી જીવે છે એવો નિર્ણય કોને થાય છે? એ તો જીવે છે, છે એટલું થયું. પણ તે જ્ઞાન, આનંદને ધારણ કરનાર, અનંત બેહદ આનંદને ધારણ કરનાર આત્મા, તે પ્રાણથી જીવે છે, ટકે છે, રહે છે. તેનો નિભાવ પોતાના પ્રાણથી છે. પરથી

નિભાવ નથી. સમ્યગ્દર્શનમાં જ્યારે અંતર્મુખ થઈને જીવ આવો છે એવી અંતર્મુખદૃષ્ટિ, માન્યતા થઈ તો એ સમ્યગ્દર્શનમાં જ્ઞાન સાથે છે. જ્ઞાન જાણે છે કે મારો આત્મા આ અનંતગુણથી ટકી રહ્યો છે. એને કોઈ રાગની કે કોઈ પરની જરૂર નથી. એવો દૃષ્ટિમાં અનુભવ થાય તો તેને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ, ભાઈ? આ હિન્દી ચાલે છે. તમારી (ભાષા) મરાઠી છે. આ હિન્દી ચાલે છે. પુસ્તક તો હિન્દી આપ્યું ને? સમજાણું કાંઈ? માર્ગ સૂક્ષ્મ છે, ભગવાન! આહાહા..! અહીં તો પેલા કહે કે ભાઈ! દેવ-દેવલાને માનો, એમ બિચારાને કીધું હશે. ત્યાં જઈને પદ્માવતીને ગાળ આપી હશે કે તમારા બાપ બધા મિથ્યાત્વી છે. અરે..! ભગવાન! શું થયું જૈનમાં?

ત્રિલોકનાથ ચૈતન્યદેવ, પોતાનો પરમેશ્વર વીતરાગ તો પરદેવ વ્યવહારદેવ છે. બીજા દેવ, ક્ષેત્રપાળ, પદ્માવતી, ધૂળધાણી એને માનનાર તો મિથ્યાદૃષ્ટિ છે. એય..! 'પંડિતજી'! કોણ જાણે એવું થઈ ગયું છે. અહીં તો દેવાધિદેવ આત્મા, દેવાધિદેવ તીર્થંકર પોતાની અપેક્ષાએ તો પરદેવ છે. તેમને માનવા એ પણ વિકલ્પ અને રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ તરીકે અનાદિઅનંત, તેનું ટકવું, તેનું અનાદિઅનંત, જ્ઞાન-દર્શનભાવ-ધ્રુવપ્રાણ તેનાથી તે જીવે છે. એમ દૃષ્ટિમાં લેવું, અને પોતાના જ્ઞાનની પર્યાયમાં તેને જ્ઞેય બનાવીને, આ ભાવપ્રાણથી ટકે છે એમ અનુભવમાં આવવું, તેનું નામ તેણે જીવ માન્યો, તેને જીવની શ્રદ્ધા થઈ, આ જીવનો અનુભવ થયો, જીવ આવો છે એવી પ્રતીત થઈ તો સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! શ્રદ્ધાની આવી વાત છે, ભગવાન! ભાઈ? સમજાણું કાંઈ? ૫૧૩ જીવના ભેદ ગોખી નાખે. 'શુકનચંદજી'! એમાં છે ને ૫૬૩ ભેદ? આ તો જડ-માટી છે. એ તો અશુદ્ધભાવપ્રાણથી જીવે છે એ પણ યથાર્થ જીવ નથી. આહાહા..! પાંચ ઇન્દ્રિય ખંડ-ખંડથી જીવે છે. મન-વચન-કાયાના વીર્ય, વીર્ય હોં! અંદર. એનાથી જીવે એ પણ વાસ્તવિક જીવ નથી. આહાહા..!

વાસ્તવિક ભાવપ્રાણથી જીવે છે. અનંત અનંતઆનંદ આદિ શક્તિથી શક્તિવાન રહ્યો છે. એવી શક્તિથી શક્તિવાન રહ્યો છે. એમ પર્યાયમાં ભાન થાય ત્યારે ભાવપ્રાણથી આત્મા જીવે છે એમ એને અનુભવમાં ખાત્રી, પ્રતીતિ થાય છે. વાત આખી ગુમ થઈ ગઈ બધી બહારની. આ દયા પાળો, આ કરો, તે કરો, પણ વસ્તુ શું ચીજ છે? તેનો પત્તો લીધા વિના આત્માની જ્યાં પ્રતીત નથી, તો ક્યાં સ્થિર થવું તેની તો ખબર નથી. સમજાણું કાંઈ? ભાવપ્રાણ સ્થિર છે અને એ સ્થિરથી ભગવાન ત્રિકાળ સ્થિર રહે છે. એવી સમ્યક્પર્યાયમાં અનુભવ થઈ ભાવપ્રાણથી જીવે છે એવી પ્રતીત સાક્ષાત્ પોતાની પર્યાયમાં આવે છે. ત્યારે તે પ્રાણથી જીવે છે એમ એની એને કબુલાત છે. સમજાણું કાંઈ?

હવે જીવ કોને કહેવો? અહીં ભાવ યથાર્થ જીવ (કોને કહેવો?). જીવ, જીવ તો બધા કહે છે. આખી દુનિયા કહે છે. નાસ્તિક ને આ જીવ છે, અજીવ છે. પણ આ સર્વજ્ઞ પરમેશ્વરે ત્રિલોકનાથ,

તીર્થંકરદેવને જ્ઞાનમાં, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ જે આવ્યા, એમાં તે આત્મા ભાવપ્રાણથી જીવે છે એમ જ્ઞાનમાં આવ્યું. આહાહા..! એના જ્ઞાનમાં આવ્યું, એવું પોતાના જ્ઞાનમાં જ્યારે આવે, ત્યારે તેના સાચા ભાવપ્રાણથી જીવે છે એવો અનુભવ થયો. સમજાણું કાંઈ?

**'નિશ્ચયથી ભાવપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે. વ્યવહારથી દ્રવ્યપ્રાણ ધારણ કરવાને લીધે..'** નિમિત્તમાં દશ પ્રાણ છે, તેનું જ્ઞાન આત્મા ભાવપ્રાણથી જીવે છે આત્મામાં એવો અનુભવ થયો. તેને દશપ્રાણ નિમિત્તરૂપે છે, તેનું જ્ઞાન થાય છે. બસ. ત્યારે તેનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આ તો શાંતિનો માર્ગ છે, ભાઈ? આહાહા..! હજી તો જીવ કોને માનવો એની વાત છે. 'પદ્મપ્રભમલધારીદેવ' લગભગ ૯૦૦ વર્ષ પહેલા દિગંબર મુનિ હતા. તેની આ ટીકા છે. 'નિયમસાર' 'કુંદકુંદાચાર્ય'ના શ્લોક છે તેની આ ટીકા છે. દિગંબર મુનિ, જેના મુખમાંથી આગમ ઝરે છે એમ અંદર લખે છે. આહાહા..! એ વાણી જે કહે છે એ જ આગમ છે. આ ટીકા જ આગમ છે, જાઓ! સમજાણું કાંઈ? કહ્યું ને, બે-ત્રણ વાર કહ્યું.

આત્મા જીવ છે, તેને જીવની પ્રતીતિ ક્યારે થાય છે? કે જીવમાં આનંદ, જ્ઞાન, દર્શન આદિ પ્રાણથી તે આત્મા ટકી રહ્યો છે. તેને કોઈની જરૂર નથી. આત્માના એવા ભાવપ્રાણથી આત્મા જીવે છે, તેવી પર્યાયમાં તે તરફની દૃષ્ટિ થાય, તેને જ્ઞેય બનાવીને જ્ઞાન થાય, ત્યારે સમ્યક્જ્ઞાનમાં પ્રતીત થઈ, ભાસ થયો કે આ ભાવપ્રાણથી ત્રિકાળ જીવનાર હું જીવ છું. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! જીવ કોને કહીએ? એવા પ્રાણીને ભાવપ્રાણથી જીવે છે એવું સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનમાં અનુભવમાં આવ્યું, તો એને નિમિત્તરૂપે દ્રવ્યપ્રાણ છે, તેનું જ્ઞાન થાય છે. બસ. અજ્ઞાનીને તો દશ પ્રાણથી જીવે છે એવું જ્ઞાન પણ નથી. સમજાણું કાંઈ? ઓહોહો..!

સંતોએ તો માર્ગ સરળ કરી દીધો છે. આવી સાદી ભાષામાં... ઓહોહો..! ગજબ વાત છે. દિગંબર મુનિઓ ભાવલિંગી સંત હતા. એકલા નગ્ન, લુગડા છોડે એ કાંઈ સાધુ-બાધુ છે જ નહિ. સમજાણું કાંઈ? એ તો અરિહંત ભગવાનને માનવા એ પણ કહે છે કે શુભભાવ છે અને પરદ્રવ્યમાં અમારી બુદ્ધિ જાય છે એ વ્યભિચાર છે એમ કહે છે. આહાહા..! ભાઈ! સંતો, દિગંબર મુનિઓ એમ કહે છે, કે અમારી બુદ્ધિ પરદ્રવ્યમાં જાય તો એ બુદ્ધિ વ્યભિચારી છે. આહાહા..! 'પદ્મનંદી'માં આવ્યું છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ છે. 'પદ્મનંદી પંચવિંશતિ'માં છે. પદ્મનંદી આચાર્ય દિગંબર સંત, આત્મધ્યાની, જ્ઞાની, અંતર અનુભવ (સહિત) ચારિત્રદશા (હતી). એ કહે છે કે અરે..! શાસ્ત્રમાં પણ બુદ્ધિ જાય તે બુદ્ધિ વ્યભિચારી છે. ગજબ વાત છે. એય..! આહાહા..! 'પદ્મનંદી' નથી? આમાં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આધાર આપ્યો છે. શેમાં? સાતમામાં ને? અહીં છે, વચમાં છે ક્યાંક. પાછળ હશે. પદ્મનંદીમાં એમ કહ્યું છે એમ કરીને પ્રશ્ન કર્યો છે. પછી કીધું ભાઈ! તારી વાત તો સાચી છે. જો બીજે બુદ્ધિ જાય, એ કરતા ત્યાં જાય... એમ

કહે છે. જ્ઞાનગોષ્ઠી. મોટો દરિયો હોય એમાંથી... 'પદ્મનંદી પંચવિંશતી' સવાલ પેલાએ પૂછ્યો હતો. એ વ્યવહારાભાસમાં હશે, હોં! આમ કહ્યું છે ને? શું કહે છે? સમજાણું કાંઈ?

આત્મા જે છે આ આત્મા, અંતરમાં આત્માની શક્તિમાં અનંતઆનંદ, અનંતજ્ઞાન આદિ પડ્યા છે. એ અનંતજ્ઞાન, દર્શન, આનંદના પ્રાણને ધારણ કરનાર એ આત્મા છે. અશુદ્ધ ભાવપ્રાણ આ જડના છે એ નહિ, એ તો અસદ્ભૂત. લ્યો આવ્યું, જુઓ! 'પદ્મનંદી પંચવિંશતી'માં એમ કહ્યું, જુઓ! આમાં સામાવાળાનો પ્રશ્ન હતો. કે બુદ્ધિ આત્મસ્વરૂપમાંથી નીકળી બહાર શાસ્ત્રમાં વિચરે એ તો વ્યભિચારીણી છે. શાસ્ત્ર પણ પર છે ને? વીતરાગ દેવ પણ પર છે. તો એ તરફ બુદ્ધિ જાય તો રાગ થાય છે, વ્યભિચાર થાય છે. 'પદ્મનંદી પંચવિંશતી' નો અધિકાર છે.

મુમુક્ષુ :– ... ખુબ ઝઘડો થઈ જાય.

ઉત્તર :– ઝઘડો થાય તો શું કરે? આવી વાત છે. માર્ગ તો આવો છે. આ તો શરૂઆતમાં છે. આ પ્રમત્ત-અપ્રમત પછી તરત. થોડો-ઘણો અભ્યાસ કરવો એમ જ્યાં આવ્યુંને એમાં ચાલ્યું કે અભ્યાસ કરવો એ તો શાસ્ત્રમાં બુદ્ધિ લગાડવી તેને વ્યભિચાર કહ્યો છે. ભાઈ! વાત તો છે એવી. પણ અશુભરાગમાં જાય એ કરતાં શાસ્ત્રનો અભ્યાસ કરવો એ શુભભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો તર્કમાં આવ્યું. ૨૦૭ માં પાને છે. પહેલી શરૂઆત પ્રમત્ત-અપ્રમત્ત પછી તરત. સમજાણું કાંઈ?

શાસ્ત્રને માનવા, સાચા અરિહંતદેવને માનવા, એ પણ વિકલ્પ છે, રાગ છે, પરદ્રવ્ય છે. આ તો કહે દેવ-ગુરુને માનવા એ સમકિત છે. એય..! 'શુકનચંદજી'! સાંભળ્યું છે કે નહિ? બધું ખોટું છે. એ વ્યવહાર સમકિત વિકલ્પ છે. કોને? જેને પોતાના ચૈતન્ય ભાવપ્રાણ ધારણ કરનાર ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ હું છું, એવો અનુભવ થયો, સમ્યક્ નિશ્ચય થયો, તેને વ્યવહાર સમકિત, સાચા દેવ આવા હોય, એવી માન્યતાના ભાવને વ્યવહારસમકિત કહે છે. એ વિકલ્પ છે, રાગ છે. આહાહા..!

મુમુક્ષુ :– બીજાને માટે નહિ.

ઉત્તર :– અજ્ઞાનીને વ્યવહાર કેવો? સમજાણું કાંઈ? માર્ગ કાંઈક બીજો છે, ભાઈ! અનાદિકાળથી ચોરાશીમાં ચાર ગતિમાં રખડે છે. એનો નાશ કરવાના ઉપાય અલૌકિક છે. એ કાંઈ સાધારણ ઉપાય નથી. અનંતવાર અનંતવાર બીજું કર્યું પણ આ કદી કર્યું નહિ.

ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. અતીન્દ્રિય જ્ઞાન-આનંદનો દરિયો, સમુદ્ર સ્વભાવ છે. એવા સ્વભાવથી હું સ્વભાવવાન જીવું છું. આહાહા..! એને હું જીવ માનું છું. એવી માન્યતા અંતર્મુખ થઈને થાય તેને દ્રવ્ય, ભાવપ્રાણથી જીવનારો હું એમ પ્રતીત થઈ. પછી દશ પ્રાણ હજી બાકી છે તેનું જ્ઞાન કરે છે કે થોડું બાકી છે. બસ, એ છૂટી જશે. એમ વાત છે. ભારે. હવે બીજી વાત. વ્યવહાર ત્યાં સુધી તો પરમ દિવસે આવ્યું હતું.

હવે **'શુદ્ધ-સદ્‌ભૂત વ્યવહારથી...'** જુઓ! આહાહા..! ભગવાન આત્મા અનંત કેવળજ્ઞાન આદિનો તો પિંડ છે. પણ જ્યારે તે પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયથી, જ્યારે કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમાત્મપદ પર્યાયમાં પ્રાપ્ત થાય છે, તે શું છે એ વાત બતાવે છે. કેવળજ્ઞાન આદિ શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર એટલે? કેવળજ્ઞાન થવું, અનંતઆનંદ થવો, અરિહંતપદ થવું એ પર્યાય છે, એ કાર્ય છે. એ કાર્ય શુદ્ધ છે. અને સદ્ભૂત એટલે અસ્તિ ધરાવે છે. વ્યવહાર એટલે ત્રિકાળની અપેક્ષાએ તે અંશ છે. અરે..રે..! કેટલું યાદ રાખવું આમાં?

**'શુદ્ધ-સદ્‌ભૂત વ્યવહારથી...'** એ વ્યાખ્યા ચાલે છે. **'કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો...'** ગુણો એટલે પર્યાય. ભગવાન અરિહંત પરમાત્માને અનંતકેવળજ્ઞાન, અનંતઆનંદ જે પ્રગટ થયા, તેને અહીં ગુણ કહેવામાં આવ્યા છે. તે છે તો પર્યાય. તે **'કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે...'** કોણ આધાર? **''કાર્યશુદ્ધ જીવ''** એ સમુચ્ચય સામાન્ય જે કાર્ય થયું તે ગુણની પર્યાયનો તે આધાર છે. શું કહ્યું? એય..! 'ચેતનજી'! જુઓ! આધાર આવ્યો. પર્યાયનો આધાર પર્યાય. આહાહા..!

ભગવાન આત્મા અંતરમાં તો અનંતજ્ઞાન, અનંતદર્શન, આનંદની શક્તિથી તો ભર્યો છે, પણ તેનો આશ્રય કરીને, અવલંબન લઈને, સન્મુખ થઈને, સ્વભાવ સન્મુખ થઈને શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ દશા થઈ, અનંતકેવળજ્ઞાન, અનંતદર્શન, આનંદ આદિ (પ્રગટ થયા) તેને અહીં શુદ્ધ કહેવામાં આવ્યું. કેમ કે પર્યાય નિર્મળ છે. સદ્ભૂત કહેવામાં આવ્યું કેમકે એ આત્મામાં છે. અને વ્યવહાર કહેવામાં આવ્યું એ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાથી કેવળજ્ઞાન આદિ અંશ છે. અંશ છે તો વ્યવહાર કહેવામાં આવ્યું છે. આહાહા..!

**'શુદ્ધ- સદ્‌ભૂત વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ'** છે.' એ કેવળજ્ઞાન આદિ પરમાત્માને પ્રગટ થયું એને કાર્યશુદ્ધ જીવ કહે છે. કાર્યશુદ્ધજીવ. કેવળજ્ઞાન આદિ એ પર્યાય છે. પર્યાય એ કાર્ય થયું. તો કાર્યશુદ્ધ જીવ કહેવામાં આવે છે. આહાહા..! તેની પ્રતીતિ કોને થાય છે કે આ કાર્યશુદ્ધ જીવ છે. તે કહે છે, જુઓ! પછી કહેશે. જે કારણજીવ આત્મા ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે, એક સમયની ઉત્પાદ-વ્યયની પર્યાય વગરની ચીજ, ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, તે નિત્યસ્વરૂપ આત્માના અંશને અહીં કારણજીવ કહે છે. એ કારણજીવનો આશ્રય લઈને, અંતર્મુખનું અવલંબન લઈને, જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું, તેને એમ પ્રતીતિ થાય છે કે, આ કારણમાંથી પૂર્ણ કાર્ય પરમાત્મા થયા છે. એવા કાર્ય પરમાત્મા થયા તેની પ્રતીતિ તેને થાય છે. આહાહા..! ભારે વાત!

હવે આ સમ્યગ્દર્શન શું? એનો નિર્ણય કરવો, પ્રતીતિ કરવી, વિચાર કરવા, મનન કરવાના તો ઠેકાણા નથી. લઈ લો વ્રત અને તપ કરો. અને સ્થિર રહી શકે નહિ માટે વ્રત આદરો. શેના વ્રત તારે? અજ્ઞાનીને વ્રત કેવા? આહાહા..! સમજાણું કાંઈ? આ આત્મા, આ તો માટી-ધૂળ છે, જડ છે

અને અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે, એ તો રાગ છે. રાગને જાણનારી પર્યાય એ એક અંશ છે. પણ અહીં તો પૂર્ણ અંશ જેને પ્રગટ થયો, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ પ્રગટ થયા તે પર્યાયને કાર્યજીવ કહે છે. એ અનંત કેવળજ્ઞાન આદિ પર્યાયનો આધાર એ કાર્યજીવ પર્યાય છે. પર્યાયનો આધાર પર્યાય છે. અહીં તો ભેદનો આધાર અભેદ છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ? 'પંડિતજી'! ક્યારેય વાંચ્યું હતું કે નહિ આ? આહાહા..! અમૃત ભર્યા છે, અમૃત!

કહે છે કે એ ''**કાર્યશુદ્ધ જીવ' છે.**' એ આપણે પરમદિવસે આવી ગયું છે. નીચે આવી ગયું ને? '**દરેક જીવ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ છે.**' નીચે નોટ છે. દરેક જીવ શક્તિ, સ્વભાવ, સત્ત્વ, ગુણ, ભાવ તે અપેક્ષાથી શુદ્ધ જ છે. '**સહજજ્ઞાનાદિક સહિત છે...**' ભગવાન આત્મા સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક આનંદ આદિ સહિત અનાદિથી છે. '**તેથી દરેક જીવ 'કારણશુદ્ધ જીવ' છે;...**' પ્રત્યેક જીવને કારણશુદ્ધ જીવ કહેવામાં આવે છે. કેમ? કે આત્મા અનાદિથી પોતાના અનંતજ્ઞાન-દર્શન શુદ્ધ શક્તિને ધારણ કરનાર છે, તે કારણે તેને કારણજીવ કહેવામાં આવે છે. અરે..રે..! આ ધર્મ દેશના કેવી આવી? ઓલો કહે, છકાયના જીવ પાળવા, ... જીવયા-વહોરવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડમ્... આહાહા..! એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રણઇન્દ્રિયા, ચારઇન્દ્રિયા ... ક્યાં છે? તું સાંભળ તો ખરો. આ જીવતર આવા જ્ઞાન-દર્શનનો ધરનાર ભગવાન, તેને ન માનવો અને રાગ અને પુણ્યને પોતાના માનવા તે જીવિયા, વહોરવિયા છે. પોતાના જીવનો તેની શ્રદ્ધામાં નાશ કર્યો છે. આ તેનું મિચ્છામિ દુક્કડમ ક્યારે થાય? પોતાનો આત્મા કારણશુદ્ધજીવ ત્રિકાળ છે તેનો આશ્રય કરીને સમ્યગ્દર્શન, જ્ઞાન થયું તો પહેલા નાશ થતો હતો તો એને જીવાડ્યો, કે ઓ..હો..! હું તો આવો જીવ છું. સેઠી! જુઓ!

અહીં કહે છે, જુઓ! કારણજીવ. '**જે કારણશુદ્ધ જીવને ભાવે છે—**' દ્રવ્ય સ્વભાવ અનંતઆનંદમય પ્રભુ આત્મા છે તેની જે ભાવના કરે છે. અંતર્મુખમાં, અંતર સ્વભાવમાં સન્મુખ થઈને, અંતર એકાગ્ર થાય છે, તેનો જ આશ્રય કરે છે. ભગવાન આત્મા .... પ્રગટ અપેક્ષાથી શુદ્ધ કેવળજ્ઞાનાદિ સહિત થાય છે. તેને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. ત્રિકાળી ભગવાન આત્માનો આશ્રય કરે તેને કેવળજ્ઞાન થાય છે. શક્તિપણે છે અને વ્યક્તપણે પ્રગટ થાય છે. આહાહા..! એ ''**કાર્યશુદ્ધ જીવ' થાય છે.**' તેનું નામ કાર્યશુદ્ધ જીવ.

'**શક્તિમાંથી વ્યક્તિ થાય છે,...**' એ કહ્યું હતું. લીંડીપીપર હોય છે ને? તેમાં ચોસઠ પહોરી તીખાશ પડી છે. લીંડીપીપરમાં તીખાશ છે. અમારા કાઠિયાવાડમાં તીખાશ કહે છે. ચોસઠપહોરી તીખાશ. તીખો રસ. હિન્દીમાં ચરપરાય. તો ચોસઠપોહરી ચરપરાય પડી છે તો પ્રગટ થાય છે. પડી છે એ શક્તિ એમાંથી પ્રગટ થાય તે વ્યક્તિ. એમ ભગવાન આત્મામાં અનંતજ્ઞાન-દર્શન-શક્તિરૂપ છે, તે કારણશક્તિ જીવ અને તેનો આશ્રય કરીને કેવળજ્ઞાન આદિ થયો તે કાર્યશુદ્ધ જીવ. કહો, સમજાણું કાંઈ?

**'આમ હોવાથી શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને...'** શક્તિરૂપ શુદ્ધતાવાળા અનાદિ જીવને **'કારણશુદ્ધ જીવ કહેવાય છે.'** પંડિતજીએ ખૂબ સારો ખુલાસો કર્યો છે. **'અને વ્યક્ત શુદ્ધતાવાળા જીવને...'** જુઓ! પ્રગટ શુદ્ધતાવાળા જીવને, કેવળજ્ઞાન આદિ થયું તેને, **'કાર્યશુદ્ધ જીવ કહેવાય છે. [કારણશુદ્ધ એટલે કારણ-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ. કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ.]'** અરે..! આવું ભારે ભાઈ આ! ઘરમાં હોય નહિ. ધર્મનું સાંભળવા જાય એમાં આ વાત આવે નહિ. એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા કરો. મિચ્છામિ દુક્કડમ ... જાવ. જીવિયા-વહરોવિયા ..... પણ કાયા શું? ઠાણેણં શું? આહાહા..! આત્મા શું? આત્મામાં ઠરવું, તેમાં સન્મુખ થવું એ બંને ચીજ શું છે? અને એ ચીજ ક્યાંથી પ્રગટ થાય છે? ધર્મધ્યાન નિર્મળ દશાનું કારણ કોણ? તેની ખબર નહિ અને અમને ધર્મ થઈ ગયો. ક્યાંથી થયો? 'પોપટભાઈ'! ઇ જ કર્યું છે? આહાહા..! અમે પણ ત્યાં 'પાલેજ'માં એમ કરતા, હોં! દુકાનેથી નવરા થઈને પર્યુષણમાં પડિકમ્મણા કરીએ, બધા ભેગા થાય, પડિકમ્મણું હું કરાવું. બધા ભેગા થાય. ખબર ન મળે કાંઈ.

મુમુક્ષુ :– પોષા કરે,

ઉત્તર :– પોષા કરે, અપવાસ કરીએ. આઠ દિવસમાં ચાર અપવાસ. સંસારમાં, ગૃહસ્થાશ્રમમાં દુકાન ઉપર ચાર અપવાસ કરતા. અને સાંજે સૌ ભેગા થાય ત્યારે પડિક્કમણુ કરીએ. પછી જમણ કરીએ. સ્થાનકવાસીના ૧૨-૧૩ ઘર હતા. તો બધા એક-એકવાર સૌને જમાડે. સંઘ કર્યો કહેવાય. 'પાલેજ'માં ૧૨-૧૩ ઘર હતા.

મુમુક્ષુ :– સ્વામી વાત્સલ્ય.

ઉત્તર :– સ્વામી વાત્સલ્ય. થઈ ગયો ધર્મ, લ્યો. ધૂળમાં પણ ધર્મ નથી. આહાહા..!

કહે છે કે શક્તિ અપેક્ષાએ જે શુદ્ધ આત્મા ત્રિકાળ છે, તેને કારણશુદ્ધ જીવ કહેવામાં આવે છે. અને તેનો આશ્રય લઈને ધ્યાન કરીને, શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થઈ, તે વ્યક્ત શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધ જીવ કહેવામાં આવે છે. આહાહા..! તેની પ્રતીતિ ક્યારે થાય છે? કે કારણજીવ ભગવાન શક્તિ આનંદકંદ છે તેનું અવલંબન લેવાથી સમ્યગ્દર્શન થાય છે. ત્યારે કારણજીવની પ્રતીતિ અને તેનું પૂર્ણ કાર્ય કેવળજ્ઞાન આવું છે તેની પ્રતીતિ તેને થાય છે. 'પંડિતજી'! ભારે વાત, ભાઈ! પછી કહે ને આ 'સોનગઢ'વાળાએ નવો પંથ કાઢ્યો. નવો પંથ કે અહીં જે છે એ છે. નવો પંથ કાઢ્યો છે. કોઈની સાથે મેળ નહિ. આમ તો અનાદિથી એ જ છે.

મુમુક્ષુ :– એને ખબર ન હોય એટલે એને નવું લાગે.

ઉત્તર :– ખબર નથી, બિચારાને. નવું લાગે. આહાહા..!

હવે અહીં સુધી આપણે આવ્યા, કાર્યશુદ્ધ જીવ છે. **'અશુદ્ધ-સદ્ભૂતવ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે 'અશુદ્ધ જીવ' છે.'** અશુદ્ધજીવ પર્યાયમાં. એ

પર્યાય અશુદ્ધજીવ જે છે, તેનો અશુદ્ધ. અશુદ્ધ છે ને? મતિજ્ઞાન આદિ અશુદ્ધ છે. કેવળજ્ઞાન નથી, અપૂર્ણ છે અને જેમાં હજી કર્મના નિમિત્તની અપેક્ષા રહી છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, સમ્યક્જ્ઞાન તે પણ અશુદ્ધ છે. સમ્યક્જ્ઞાન છે પણ ચાર વિભાવ છે. અપૂર્ણ છે ને? આહાહા..! સમજાણું કાંઈ? અશુદ્ધ છે. શું કહે છે? જુઓ!

સમ્યક્જ્ઞાનમાં મતિ-શ્રુતજ્ઞાન દ્રવ્યના આશ્રયથી થયું. સમ્યક્જ્ઞાન શાસ્ત્રથી પણ નથી થયું. પોતાનું મતિ-શ્રુતજ્ઞાન પોતાના ત્રિકાળી જ્ઞાયકભાવના આશ્રયથી થયું. પણ તે અલ્પજ્ઞાન છે. તે અપેક્ષાએ, કર્મની અપેક્ષાનું નિમિત્ત ક્ષયોપશમ છે તો તેને અશુદ્ધ કહે છે. મતિને, શ્રુતને, અવધિને, મનઃપર્યયને. એ મતિજ્ઞાન આદિ અશુદ્ધ સદ્ભૂત. પણ છે પોતાની પર્યાયમાં હયાતી. ચાર જ્ઞાન પણ છે તો સદ્ભૂત અને વ્યવહાર અંશ છે તો વ્યવહાર (કહ્યું). ચાર જ્ઞાન પણ અંશ છે તો વ્યવહાર. કેવળજ્ઞાન પણ અંશ છે તો વ્યવહાર. પછી આ ચાર જ્ઞાન તો અંશ છે. આહાહા..! આ તો હજી દયા, દાનના વિકલ્પને વ્યવહાર (કહે) અને એ વ્યવહાર નિશ્ચયનું કારણ.. ભારે ગપ્પેગપ મારે છે. 'જેઠાભાઈ'!

મુમુક્ષુ :– ઊંધે રસ્તે.

ઉત્તર :– ઉંધે રસ્તે. શું કરે? એ વાત જ ખ્યાલમાં આવી નથી. એને બિચારાને કાંઈ દુઃખી તો થાવું નથી. પણ એ વસ્તુનો માર્ગ જ ખ્યાલમાં નથી. ખ્યાલમાં નથી. કોઈને દુઃખી થઈને રખડવાનો ભાવ તો કાંઈ હોય? પણ ભાન નથી એટલે દુઃખી થઈને રખડે છે. દુઃખી થઈને રખડે છે. આહાહા..!

એક ટીકા જોઈ હમણા. આ ષટ્પાહુડની છે ને? એની બીજી ગાથામાં. 'શાસનદેવ ન પૂજ્યતે ન માનના' એ બધા મિથ્યાત્વી એમ ટીકામાં લખ્યું. શ્રુતસાગર. શાસનદેવને ન માને એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :– શ્રુતસાગરે પોતે લખ્યું છે?

ઉત્તર :– પોતે લખ્યું છે. એ પોતે ઠેકાણા વિનાના. શું થાય? આવી ટીકા કરનારા. માને કોણ?

અહીં તો સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા પરદ્રવ્ય છે. તેની માન્યતા પણ વિકલ્પ છે. પણ જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ આત્માને ન થાય, ત્યારે પોતાના દ્રવ્યના આશ્રયથી નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, ત્યારે આવા વિકલ્પ આવ્યા વગર રહે નહિ. પણ છે એ પુણ્યબંધનું કારણ. ભગવાનની શ્રદ્ધા પણ પુણ્યબંધનું કારણ છે. અબંધનું કારણ નથી. આહાહા..!

ભગવાન આત્મા... કાલે બપોરે આવ્યું હતું ને? કે આ આત્મા, જે આસ્રવ અને બંધભાવ છે. આસ્રવ એટલે પુણ્ય-પાપના વિકલ્પ. બંધ એટલે ત્યાં એટલો અટક્યો છે ને? તો એ આસ્રવ અને બંધભાવથી ભગવાન આત્મા રહિત છે. કેમ કે આસ્રવ અને બંધતત્ત્વ બે ભિન્ન તત્ત્વ છે

અને આત્મા ભિન્ન તત્ત્વ છે. અને અજીવ કર્મનો ઉદય પણ અજીવતત્ત્વ ભિન્ન છે. તો અજીવતત્ત્વ કર્મનો ઉદય એ ભિન્ન તત્ત્વ છે અને પુણ્ય-પાપના વિકલ્પ થવા અને અટકવું એ ભાવબંધ અને આસ્રવ ભિન્ન તત્ત્વ છે. અને એનાથી રહિત જ્ઞાયકતત્ત્વ ભિન્ન તત્ત્વ છે. એવા જ્ઞાયકતત્ત્વનું જ્યારે ભાન થયું તો એ જ્ઞાયકતત્ત્વ તો આસ્રવ, બંધથી રહિત છે. સમજાણું કાંઈ? આસ્રવ, બંધથી રહિત છે અર્થાત્ અબંધસ્વરૂપ છે. એવા અબંધસ્વરૂપની દૃષ્ટિ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! ત્યારે બંધ અને આસ્રવનું એને જ્ઞાન થાય છે કે થોડો રાગ છે. પરમ સત્ય પરમેશ્વર... આહાહા..!

ઇ કહ્યું ને? કે અહીંયાં તો એ કહે છે કે અજીવ, આસ્રવ, બંધ અને જીવ. બસ, પહેલા ચાર લો. કારણ કે સંવર-નિર્જરા અને મોક્ષ તો નિર્મળ પર્યાય છે. હવે અહીં ચાર બોલ લીધા કે કર્મ આદિ અજીવ છે. ખલાસ, તો અજીવ-અજીવમાં રહ્યું, બસ. અને પોતામાં પુણ્ય-પાપનો વિકલ્પ થયો તો તે આસ્રવ છે. નવો આવ્યો. અંદર છે નહિ. અને આસ્રવમાં થોડી ક્ષણ રોકાયો. તે સમયે એટલો રોકાણો ને? એનું નામ ભાવબંધ છે. તો દ્રવ્યબંધ કર્મનો, ભાવબંધ આ અને આસ્રવ, એ ત્રણેથી જ્ઞાયકતત્ત્વ તો રહિત છે. એવા આત્માની પ્રતીતિ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! ત્યારે...

બીજું કહેવું હતું કે ભાવબંધ અને દ્રવ્યબંધ. ભાવબંધ મલિન પર્યાય, દ્રવ્યબંધ જડની પર્યાય, તેનાથી રહિત આત્મા છે. સહિત હોય તો તો બધું એક થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? તેનાથી રહિત છે, તો જ્યાં રહિત છે એમ ભાન થયું, તો એનો અર્થ એ થયો કે આત્મા અબંધસ્વરૂપ છે. તેનો અર્થ એ થયો કે આત્મા બંધ સહિત નથી, એ તો મુક્ત છે. આહાહા..! 'ભીખાભાઈ'! એય..! 'દેવાનુપ્રિયા'! આહાહા..! આવો માર્ગ છે લ્યો. લોજીકથી બેસે એવો છે. આહાહા..! આમાં પક્ષ ને વાદવિવાદને સ્થાન ક્યાં છે? આહાહા..!

ભગવાન! નવતત્ત્વ છે કે નથી? તો નવતત્ત્વમાં તું જ્ઞાયકતત્ત્વ આઠમાં ભળી ગયો છો? ભળી ગયો હોય તો નવતત્ત્વ રહે ક્યાંથી? સંવર, નિર્જરા, મોક્ષ એક બાજુ રાખો અને પુણ્ય-પાપ, આસ્રવ, બંધ અને અજીવ તે તત્ત્વ છે. તેનાથી આ જ્ઞાયકતત્ત્વ તો ભિન્ન છે. ભિન્ન છે એનો અર્થ કે આત્મા અબંધતત્ત્વ છે. અનાસ્રવી તત્ત્વ છે. તેમાં આસ્રવ છે નહિ. એ તો અબંધતત્ત્વ અને અનાસ્રવી તત્ત્વ છે. આહાહા..! એવી દૃષ્ટિ હોય તો સંવર-નિર્જરા થાય છે. અને એવી પૂર્ણ નિર્મળતા હોય તો મોક્ષ થાય છે. આ નવતત્ત્વની વ્યાખ્યા. આહાહા..! 'કાંતિભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :– જલ્દી જલ્દી મોક્ષ જવું છે ને તો જલ્દી જલ્દી ફરમાવે ને.

ઉત્તર :– એમ કહ્યું. નવતત્ત્વ છે કે નહિ? તો પહેલા સંવર, નિર્જરા, મોક્ષ તો અનાદિથી છે નહિ. હવે છે તો બીજા ચારતત્ત્વો રહ્યા. હવે અજીવ એ તો કર્મ છે. અજીવ છે એ પોતામાં આવતા નથી. એ અજીવરૂપ આત્મા છે નહિ. એક વાત. પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે એ તો

આસ્રવ છે. આસ્રવ આત્મામાં આવતો નથી. આસ્રવરૂપ આત્મા થતો નથી. કેમકે એ તો જ્ઞાયકતત્ત્વ છે. ભાવબંધ (અર્થાત્) અટકવું, થોડો રોકાણો. એ રોકાણો એ ભાવબંધ છે. ભાવબંધથી તો રહિત આત્મા છે. રોકાવું એ સ્વભાવમાં છે નહિ.

આસ્રવ, ભાવબંધ અને દ્રવ્યબંધ. દ્રવ્યબંધ અજીવ. ભાવબંધ જીવની વિકારી પર્યાયમાં રોકાવું, આસ્રવ જીવની પર્યાય નહોતી અને ઉત્પન્ન થઈ, એનાથી તો ભગવાન રહિત છે. નહિતર જ્ઞાયકતત્ત્વ સિદ્ધ કેમ થાય? આહાહા..! રહિત છે તો તેનો અર્થ એ થયો કે આત્મા અનાસ્રવી અને અબંધસ્વરૂપી છે. આવા અનાસ્રવી અને અબંધસ્વરૂપની દૃષ્ટિ થવી, તેનું નામ સમ્યગ્દર્શન છે. આ તો **'जो पस्सदि अप्पाणं अवद्धपुट्ठं'** આવ્યું ને? **'जो पस्सदि अप्पाणं अवद्धपुट्ठं'** આહાહા..! આચાર્યોની કથની, દિગંબર સંતોની કથની અલૌકિક શૈલી.. અલૌકિક શૈલી!! ઓહોહો..! કેવળજ્ઞાનના કેડાયતો. કેડો કરી રાખ્યો છે કેવળજ્ઞાન થવાનો. આ રસ્તે જા, તને કેવળજ્ઞાન થશે. ક્યાં? કે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે ત્યાં.

**'અશુદ્ધ-સદ્ભૂતવ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે 'અશુદ્ધ જીવ' છે.'** એ શું કહે છે? કે જેને કારણશુદ્ધ જીવ ત્રિકાળી દ્રવ્ય છે, તેનું ભાન થયું. તો એને કાર્ય આવું થયું એનું ભાન થયું અને અશુદ્ધતા બાકી છે, તેનું પણ શ્રુતજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? **'શુદ્ધનિશ્ચયથી સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર હોવાને લીધે 'કારણશુદ્ધ જીવ' છે.'** હવે જીવ આવ્યો. ત્રિકાળી ભગવાન આત્મા ધ્રુવ. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. ઉત્પાદ-વ્યય કાઢીને એકલો ધ્રુવ. ધ્રુવ કેવો છે? એ તો શુદ્ધનિશ્ચય થયો. ત્રિકાળી કાયમ રહેનાર છે માટે શુદ્ધ, પવિત્ર છે માટે શુદ્ધ અને ત્રિકાળી એમ ને એમ રહે છે માટે નિશ્ચય. સહજજ્ઞાનાદિઅનંત સ્વભાવ જ્ઞાન-દર્શન-આનંદ. પરમસ્વભાવ ગુણ ત્રિકાળી. પોતાના **'પરમસ્વભાવગુણોનો આધાર હોવાને લીધે 'કારણશુદ્ધ જીવ' છે.'** એ દ્રવ્યને કારણશુદ્ધ જીવ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ધર્મદેશના કેવી? લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, ચોવિયાર કરવો, આમ ત્યાગ કરવો એ તો એક કલાકમાં આમાં ક્યાંય આવ્યું નહિ! આમાં તો બધું આવ્યું. રાગ પણ તારો નહિ. તારી દૃષ્ટિમાં રાગ છોડી દે એમ કહેવું છે. પરનો ગ્રહણ-ત્યાગ તો તારામાં છે નહિ. એ તો અજીવતત્ત્વ ભિન્ન છે. એને છોડવું-ગ્રહણ કરવું તો તારામાં છે નહિ. અને તેને છોડવું, ગ્રહણ કરવો એવો વિકલ્પ આવે એ પણ તારો નથી. આહાહા..!

મુમુક્ષુ :– પહેલેથી જ છૂટેલું છે.

ઉત્તર :– છૂટા જ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે, ભાઈ! આવો માર્ગ. આ એમાં છે કે નહિ? એમાં છે તેનો અર્થ થાય છે. એમાં ગંધ છે તો સુગંધ આવે છે. આહાહા..! પરમાગમ. 'નિહાલભાઈ' કહે છે ને કે પરમાગમમાં ધ્યાન રાખીને વાંચે તો પદે-પદે અમૃતનાં બુંદ ઝરે છે.

એક બાજુ એમ કહે કે ભાઈ! વ્યભિચાર છે અને એક બાજુ (અમૃત કહે). ભાઈ! કઈ અપેક્ષાએ છે એ સમજવું જોઈએ ને.

મુમુક્ષુ :– સ્વરૂપમાં ન રહી શકે ત્યારે તે જાતનો વ્યવહાર હોય છે.

ઉત્તર :– અને તે આત્મા ઉપર એનું લક્ષ રાખીને બધું હોય છે. એટલે એમાં તો એકાગ્રતા વધે છે એમ કહે છે. ધર્મીને ચાહે તો વાંચન, શ્રવણ, મનન હોય પણ અંતર સન્મુખ તરફની દૃષ્ટિ છે ત્યાં એકાગ્રતા શક્તિ વધે છે. આહાહા..! લ્યો, એટલી વાત થઈ. કારણશુદ્ધજીવ ત્રિકાળી દ્રવ્ય છે, તેનો આશ્રય લે છે, અવલંબન લે છે અને ધ્યાન કરે છે, તો કાર્યશુદ્ધજીવ થાય છે. એનો બીજો કોઈ ઉપાય છે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ વદ ૩, રવિવાર, તા. ૧૪-૩-૧૯૭૧
## ગાથા – ૯, પ્રવચન નં. ૧૪

આ 'નિયમસાર' જીવ અધિકાર ચાલે છે. ૯મી ગાથા. જીવ શું છે એની વાત ચાલે છે. અહીં આવ્યા છીએ. **'શુદ્ધનિશ્ચયથી સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર હોવાને લીધે 'કારણશુદ્ધ જીવ' છે.'** ૨૨મું પાનું છે. છેલ્લી લીટી. છેલ્લી લીટી છે ને? જરી સૂક્ષ્મ વિષય છે. સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા તીર્થંકરદેવ કે જેમણે ત્રણકાળ, ત્રણલોક જોયા, એમાં આ છ દ્રવ્યનું જ્ઞાન ભગવાનને થયું. જગતમાં છ દ્રવ્ય છે. જાતિએ છ દ્રવ્ય છે. સંખ્યાએ અનંત છે. અનંતઆત્માઓ, અનંતપરમાણુઓ, અસંખ્યકાળાણુઓ, એકધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ. એવા છ દ્રવ્ય ભગવાન તીર્થંકર પરમેશ્વરે જોયા. એમાં જીવતત્ત્વ કેવું છે એ વાત ચાલે છે.

આ આત્મા જે છે. આત્મા કહો કે જીવ કહો. કારણજીવ તેને કહે છે કે, જેમાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ–વીતરાગતા, એવા સ્વભાવનો આધાર, એવા ત્રિકાળી ગુણોનો આધાર જે જીવતત્ત્વ છે તેને અહીંયા કારણજીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીડી મોક્ષમાર્ગ છે ને? તો સમ્યગ્દર્શનની પહેલી ઉત્પત્તિ થવી જોઈએ. એ સમ્યગ્દર્શન કોનાથી થાય છે? કે ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય કારણજીવ, ધ્રુવ સ્વભાવ, નિત્ય સ્વભાવ, તેની સન્મુખ થઈને અંતરમાં એકાગ્રતા કરીને, અનુભવ કરીને પ્રતીત થાય છે તેનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર કોઈપણ ક્રિયા થાય તે બધી નિરર્થક છે. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધા પુણ્યભાવ, શુભભાવ છે, એ ધર્મ નથી.

મુમુક્ષુ :– પુણ્યભાવ છે ત્યાં સુધી તો ઠીક પણ ધર્મ નથી...

ઉત્તર :– ધર્મ નથી એનો અર્થ શું? પુણ્યભાવ છે તો ધર્મ નથી. 'પંડિતજી'! એમાં શું? એ તો અસ્તિ-નાસ્તિથી વાત થઈ. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ, જેમણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જોયા, તે ભગવાનની વાણી આવી તે વાણીને આગમ કહે છે. એ આગમમાં જીવનું આવું સ્વરૂપ વર્ણન કરેલું છે.

ભગવાન આત્મા શરીર, કર્મ, આ ક્રિયાથી તો ભિન્ન છે અને અંદર પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય છે, તેનાથી પણ એ ભગવાન આત્મા તો ભિન્ન છે. એટલું તો નહિ પણ તેની એક સમયની પર્યાય-અવસ્થા છે તેનાથી પણ જુદો ચૈતન્ય કારણજીવ છે. સમજાણું કાંઈ? એક સમયની અવસ્થા એ તો વ્યવહાર આત્મા છે. 'પંડિતજી'! વ્યવહાર આત્મા ક્યાંથી આવ્યો? એક સમયની અવસ્થા એ વ્યવહાર આત્મા, અભૂતાર્થ આત્મા છે, સત્યાર્થ નહિ. આહાહા..! ત્રિકાળ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ ભગવાન, જેમાં શુદ્ધ નિશ્ચયથી–સ્વભાવ શુદ્ધ છે અને નિશ્ચય સત્ય ત્રિકાળ છે.

સહજ જ્ઞાન, સ્વભાવિક અંતરજ્ઞાન, ધ્રુવજ્ઞાન, સ્વભાવિકઆનંદ, સ્વભાવિકદર્શન, સ્વભાવિકવીર્ય આદિ **'પરમસ્વભાવગુણોનો આધાર...'** એવા પરમગુણ, શક્તિઓ કહો કે ગુણ કહો. એવી ધ્રુવ શક્તિઓનો **'આધાર હોવાને લીધે...' 'આધાર હોવાને લીધે 'કારણશુદ્ધ જીવ' છે.'** કહો, સેઠી! કારણશુદ્ધજીવ શું કહ્યું? જીવમાં કારણશુદ્ધજીવ અને કાર્યશુદ્ધજીવ. આહાહા..!

ભગવાન આત્મા એક જ આ આત્મા, એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં અનંતજ્ઞાન, બેહદશક્તિઓ જે અનંતગુણ છે, એ આધેય છે અને આત્મા આધાર છે. તે આધાર, આધેયનો ભેદ છોડીને ત્રિકાળી કારણસ્વભાવ જે આત્મા છે તેને કારણજીવ કહેવામાં આવે છે. એ કારણજીવના આશ્રયથી, અવલંબનથી, સમ્યગ્દર્શન આદિ ધર્મની પર્યાય થાય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! અત્યારે તો આ બહારથી આમ કરો ને તેમ કરો, પંડિતજી! આહાહા..!

મુમુક્ષુ :– બધી ગોળ ગોળ વાત થઈ.

ઉત્તર :– ગોળ-ગોળ વાત શું થઈ? હજી સ્પષ્ટ નથી થયું એમ કહે છે. એમ તો સ્પષ્ટ વાત આવી, કે જેને પોતાના ધર્મની દશા પ્રગટ કરવી હોય, ધર્મ એક દશા છે, અવસ્થા છે, ધર્મ કોઈ ત્રિકાળી ગુણ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર... અહીં મોક્ષમાર્ગ અધિકાર છે ને? તો સમ્યગ્દર્શન અંતરમાં વીતરાગી પર્યાય શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે વીતરાગી પર્યાય છે તે મોક્ષનો માર્ગ છે. એ વીતરાગી પર્યાય ઉત્પન્ન ક્યાંથી થાય છે? કે વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિ કરવાથી એ પર્યાય ઉત્પન્ન થાય છે?

મુમુક્ષુ :– કેમ નથી થતી?

ઉત્તર :– નથી થતી. એ તો રાગ છે. સમ્યગ્દર્શન પર્યાય ઉત્પન્ન કરવાની તાકાત રાગમાં નથી. 'શુકનચંદજી'! ભારે ઝીણું આવું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ આ અહિંસા. તેનું નામ અહિંસા. પોતાનો સ્વભાવ ત્રિકાળી શુદ્ધકારણ જીવ છે, તેનો આશ્રય લઈને વીતરાગી પર્યાય પ્રગટે તેને અહિંસા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– દયા, દાનને હિંસા કહેવામાં આવે છે?

ઉત્તર :– દયા, દાનના વિકલ્પ તો રાગ છે.

મુમુક્ષુ :– તેને હિંસા કહેવામાં આવતી હશે?

ઉત્તર :– રાગ કહો કે હિંસા કહો એક જ વાત છે. માર્ગ તો વીતરાગનો માર્ગ છે આ. કોઈ કલ્પનાથી કહે કે આમ સુધારો કરો, આમ કરો, તેમ કરો, એ માર્ગ વીતરાગનો નહિ. ભગવાનપરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, તેમની દિવ્યધ્વનિમાં જે આગમ આવ્યા, તે આગમમાં છ દ્રવ્ય કહ્યા. તે આગમમાં જીવને ત્રિકાળી શક્તિવંત જીવને કારણજીવ કહ્યો. સમજાણું કાંઈ? કેમ

કારણજીવ કહ્યો? કે તેના આશ્રયથી અંતર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે અંતર વસ્તુ જે ત્રિકાળી આત્મા છે, તેના આશ્રયથી મોક્ષમાર્ગની ઉત્પત્તિ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :– અહિંસાની વાત તો થઈ ગઈ.

ઉત્તર :– સંયમ એ. અહિંસાનો અર્થ શું? રાગરહિત પોતાની દશા પ્રગટ કરવી તે અહિંસા. સંયમનો અર્થ એ. વિકલ્પનો ત્યાગ કરીને નિર્વિકલ્પ આનંદની ઉગ્ર દશા પ્રગટ કરવી તેનું નામ સંયમ છે.

મુમુક્ષુ :– તપ?

ઉત્તર :– તપ એટલે ઇચ્છાનો નાશ કરીને અતીન્દ્રિય આનંદનો ઉગ્ર ઓપ થવો તેનું નામ તપ છે.

મુમુક્ષુ :– આપની બધી વ્યાખ્યા જુદી છે.

ઉત્તર :– ભગવાનની વ્યાખ્યા જ જુદી છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરની વ્યાખ્યા છે. આ કોઈના ઘરની વ્યાખ્યા નથી. સમજાણું કાંઈ? તપંતિ ઇતી તપઃ. જેમ સોનાને ગેરુ લગાવે છે ને? ગેરુ કહે છે ને? લાલ ગેરુ હોય છે ને? એ ગેરુ લગાવે તો સોનાનો ઓપ થાય છે. ઓપિત–શોભિત. એમ ભગવાન આત્મા અનંતઆનંદ, જ્ઞાન, દર્શનનો પીંડ પ્રભુ આત્મા છે. તેના આશ્રયથી વીતરાગની નિર્મળ નિર્દોષ અમૃત દશા ઉત્પન્ન થવી, તેનું નામ પરમેશ્વર સાચું તપ કહે છે. એ ધમ્મો મંગલં..... આહાહા..! એવો એનો અર્થ છે, ભાઈ! દિગંબરમાં એવું આવે છે. એ તો શ્વેતાંબરના દશવૈકાલિકની ગાથા છે. પણ દિગંબરમાં એ ગાથા છે. કોઈના ઘરની નહિ. દિગંબરમાં તે છે. સનાતન ગાથા અનાદિની છે.

મુમુક્ષુ :– દિગંબરમાંથી શ્વેતાંબરે લીધી.

ઉત્તર :– દિગંબરમાંથી શ્વેતાંબરે લઈ લીધી છે.

મુમુક્ષુ :– ચોરીનો માલ.

ઉત્તર :– વાત તો એવી છે. સનાતન જૈનદર્શન દિગંબર સનાતન દર્શન હતું. સમજાણું કાંઈ? દુકાળ પડ્યો તેમાંથી શ્વેતાંબર પંથ નીકળ્યો. એ સનાતન પંથ નથી. અર્વાચીન છે, પ્રાચીન નથી. 'પંડિતજી'! વાત તો એવી છે. અર્વાચિન, પ્રાચીન તો સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું. એવા અંતરના ધર્મો મંગલં ... ધર્મ એ ઉત્કૃષ્ટ માંગળિક છે. તેની વ્યાખ્યા? અહિંસા ...

ભગવાન આત્મા અનંતજ્ઞાનનો આધાર કારણજીવ છે. શુદ્ધ, શુદ્ધ ધ્રુવ. તેમાં એકાગ્ર થઈને વીતરાગી નિર્દોષ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિની ઉત્પત્તિ થાય તેનું નામ અહિંસા. રાગની ઉત્પત્તિ થાય તેનું નામ હિંસા. બહુ સૂક્ષ્મ વાત. માણસને વીતરાગનો મૂળ પંથ, સર્વજ્ઞનો મૂળ માર્ગ હાથમાં આવવો ભારે મુશ્કેલ છે. સમજાણું કાંઈ? સનાતન અનાદિ માર્ગ વીતરાગનો છે. અંતરમાંથી

સનાતન ભગવાન આત્મા, કારણશુદ્ધ જીવ અહીં કહ્યોને? કારણશુદ્ધ જીવ ધ્રુવ, નિત્યાનંદ પ્રભુ, 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એ 'બનારસીદાસ'માં આવે છે. 'બનારસીદાસ'. આ 'સમયસારનાટક' બપોરે ચાલે છે ને?

**चेतनरूप अनूप अमूरति, सिद्धसमान सदा पर मेरौ।**
**मोह महातम आतम अंग, कियौ परसंग महा तम घेरौ ।।**
**ग्यानकला उपजी अव मोहि, कहो गुन नाटक आगमकेरौ।**
**जासु प्रसाद सधे सिवमारग, वेगि मिटै भववास वसेरो ।।**

આ 'બનારસીદાસજી'ના 'સમયસાર નાટક'ની કડી છે. 'સમયસાર'ની, હોં! બધું 'સમયસાર'માંથી લીધું છે. **'चेतनरूप'** હું તો ચૈતન્ય જ્ઞાનનું રૂપ–સ્વરૂપ છું. **'चेतनरूप अनूप'** મારા અંતર આનંદ જ્ઞાનસ્વરૂપને કોઈ ઊપમા નથી. જેને કોઈ ઊપમા લાગુ પડતી નથી. **'चेतनरूप अनूप अमूरति'** તેમાં કોઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. એવો હું આત્મા, **'सिद्धसमान सदा पर मेरौ।'** જેવા સિદ્ધ ભગવાન ણમો સિદ્ધાણં–સિદ્ધ ભગવાન છે એવું સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાનમાં પુણ્ય, પાપ, વિકલ્પ, રાગ આદિ નથી જ મારું સ્વરૂપ છે.. સમજાણું કાંઈ? એવો હું સિદ્ધ સમાન, જ્ઞાયકભાવ, શુદ્ધ સત્ શાશ્વત આનંદ આદિ ગુણોના આધારરૂપ આત્મા (છું). તેનો આશ્રય લઈને, સંયોગી ચીજ, રાગ અને અલ્પજ્ઞ પર્યાયની ઉપેક્ષા કરીને, ત્રિકાળી કારણજીવની અપેક્ષા આશ્રયમાં લઈ, અંતરમાં જે નિર્દોષ વીતરાગીદશા ઉત્પન્ન થાય તેને અહિંસા, સંયમ, તપ એ ત્રણેને કહે છે. પરની દયાનો ભાવ એ તો વિકલ્પ રાગ છે. ઇન્દ્રિયોનું દમન કરવું એ પણ એક વિકલ્પ છે. સમજાણું કાંઈ? છકાયની દયા પાળવાનો ભાવ એ પણ એક વિકલ્પ છે, રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

પરમેશ્વર ત્રિલોકનાથ એમ ફરમાવે છે, માથે આવ્યું છે. ભગવાનની મુખ્ય વાણીમાં એમ આવ્યું, પ્રભુ તારી ચીજ તો અંદરમાં કારણશુદ્ધ જીવ ત્રિકાળી ધ્રુવ પડી છે. આત્માનો ત્રિકાળી સ્વભાવ, વીતરાગ નિર્દોષ આનંદકંદ છે. ધ્રુવ, ધ્રુવને ધ્યેય બનાવીને, વર્તમાન દશામાં જે ધ્રુવમાંથી વીતરાગી દશા પ્રગટ થાય, જેમાં રાગના અંશનો સાથ નથી, મદદ નથી, એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાના સ્વભાવના આશ્રયે પ્રગટ થાય, તેને અહિંસા કહે છે, તેને સંયમ કહે છે, તેને તપ કહે છે. વ્યાખ્યા એવી છે, ભાઈ! કઠણ છે. જગતને શું કહે? અપૂર્વ વાત અનંતકાળમાં એણે સાંભળી નથી. કહે છે, કારણશુદ્ધ જીવ છે, તેમાંથી કાર્યશુદ્ધ જીવ પ્રગટ થાય છે.

મુમુક્ષુ :– ... તો કઠણ ક્યાં રહી.

ઉત્તર :– કઠણ છે જ નહિ. કદી સાંભળ્યું જ નથી માટે કઠણ છે. 'જયપુર'માં શું સાંભળ્યું હતું?

મુમુક્ષુ :– નહિ બોલે.

ઉત્તર :– એ નહિ બોલે. સાંભળતા નથી, એમ કહેશે.

મુમુક્ષુ :– સાંભળ્યું હોય પણ બોલે નહિ...

ઉત્તર :– તો એ વાત કઠણ કેમ છે? અનંતકાળથી દુર્લભ સમ્યગ્દર્શન શું છે એની એને ખબર નથી. બાર ભાવનામાં આવે છે કે નહિ? બોધિદુર્લભ ભાવના. બોધિદુર્લભભાવના. તો બોધિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને બોધિ કહે છે. એ બોધિ અનંતકાળમાં ક્યારેય પણ એક સેકેન્ડ પણ ઉત્પન્ન કરી નથી. નવમી ગ્રૈવેયક જૈન સાધુ દિગંબર અઠ્ઠ્યાવીસ મૂળગુણ પાળીને નગ્ન થઈને અનંતવાર ગયો. તે ધર્મ નથી. સમજાણું કાંઈ? પુણ્યક્રિયાથી તે સ્વર્ગમાં ગયો. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાળ્યો ફેર પીછો પટક્યો.' 'શુકનચંદજી'! એમ આવે છે.

દુકાન ઉપર હતા ત્યારે મેં વાંચ્યું હતું. (સંવત) ૧૯૭૦ની સાલ પહેલા દુકાન ઉપર. તે પુસ્તક અહીં છે. ચાર સજ્જાયમાળા છે. શ્વેતાંબરની ચાર સજ્જાયમાળા છે. એક-એક સજ્જાયમાળામાં ૨૦૦-૩૦૦-૪૦૦ સજ્જાય છે. એવા ચાર ભાગ છે. અહીં છે. એક ભાગ નથી આવ્યો. મેં તો દુકાન ઉપર ચારે ભાગ જોયા હતા. 'પાલેજ'માં અમારા પિતાજીની ઘરની દુકાન હતી. મેં તો ચારે ભાગ જોયા હતા. તેમાં આ આવ્યું હતું તે વખતે. ખબર છે. 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' 'જેઠાભાઈ'! દ્રવ્ય-સંયમ એટલે? આત્મા શું ચીજ છે એની અનુભવ દૃષ્ટિ સમ્યગ્દર્શન વિના, આવી પંચમહાવ્રત આદિની ક્રિયા અનંતવાર થઈ, એ દ્રવ્ય સંયમ છે, ભાવસંયમ નથી. 'જયંતીભાઈ'!

મુમુક્ષુ :– સંયમના પણ બે ભાગ?

ઉત્તર :– હા, સંયમના પણ બે ભાગ. દ્રવ્યસંયમ, ભાવસંયમ. સમકિતના બે ભાગ, વ્યવહાર સમકિત, નિશ્ચય સમકિત. ચારિત્રના બે ભાગ, દ્રવ્યચારિત્ર, ભાવચારિત્ર, વ્યવહાર ચારિત્ર, નિશ્ચય ચારિત્ર. દરેકના બે-બે ભાગ. તપમાં વ્યવહાર તપ અને નિશ્ચય તપ. દરેકમાં દ્રવ્ય અને ભાવ. વ્યવહાર નિશ્ચય.. વ્યવહાર નિશ્ચય છે. ભગવાનનો માર્ગ ગંભીર છે, પ્રભુ! એમ મળી જતું હોત તો અનંતકાળમાં કેમ ન મળ્યું? આહાહા..! પંચમહાવ્રતનું આચરણ પણ અનંતવાર કર્યું. સાંભળ્યું છે ને, જુઓ! 'છ ઢાળા'માં આવે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ ભાઈ ઇ કરે છે, એ અભવિ મિથ્યાદૃષ્ટિ હતા, એમ અર્થ કરે છે. આ તે ગજબ કરે છે ને! હમણા જ 'જૈન ગેઝેટ'માં આવ્યું છે. એ તો અભવિ મિથ્યાદૃષ્ટિની વાત છે. અરે..! ભવિ મિથ્યાદૃષ્ટિ અનંતવાર (ગયો). સાંભળ તો ખરો. નવમી ગ્રૈવેયક ૩૧ સાગરની સ્થિતિમાં અનંતવાર ભવિ-અભવિ ઉપજ્યા છે. નવમી ગ્રૈવેયક.

ગ્રીવાના સ્થાનમાં ચૌદ રાજુલોક ઉભા પુરુષના આકારમાં છે. એની ગ્રેવાના સ્થાનમાં નવ પાસડા છે. નવમી ગ્રૈવેયકની છેલ્લી ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમની સ્થિતિ છે. ત્યાં પણ અનંતવાર, ભવી જીવ પણ અનંતવાર ગયો. અભવી તો બહુ ઓછા છે. સમજાણું કાંઈ? અનંતા-અનંતા

સાગરોપમ એવા પુદ્દગલ પરાવર્તન કર્યા છે. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. સાધુ, દિગંબર, મુનિ (થઈ) પંચમહાવ્રત (પાળ્યા). (પરંતુ) અંતર આત્મા શું? અનુભવ શું? સમ્યગ્દર્શન (શું)? (તેની ખબર વિના) તે રાગથી ધર્મ માનતો હતો. ક્રિયાકાંડ તે ધર્મ છે, તેનાથી મને ધર્મ થશે. મિથ્યાદૃષ્ટિ થઈને પુણ્યના કારણે સ્વર્ગમાં ગયો. પછી પાછો પટકાયો. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– મિથ્યાદૃષ્ટિ. ઊલ્ટાનો તેમાં ધર્મ માન્યો. પુણ્યની ક્રિયા છે એ તો રાગની (ક્રિયા છે).

મુમુક્ષુ :– શાસ્ત્રોનો અર્થ ઊલ્ટો...

ઉત્તર :– સમજે નહિ તો શું કરે? અંતરની દૃષ્ટિ વગર તે વાતનો અર્થ એ (સમજી શકે નહિ).

મુમુક્ષુ :– એના મગજમાં શ્વેતાંબર શાસ્ત્ર છે.

ઉત્તર :– હા, એ શ્વેતાંબરનું કહે છે. શ્વેતાંબર પણ એના ખરા અર્થને સમજતા નથી.

મુમુક્ષુ :– અહિંસા, સંયમ અને તપનો અર્થ આપે બતાવ્યો.

ઉત્તર :– એમ જ છે એમાં. પરંતુ એમાં નથી, લખાણમાં નથી, ખબર છે. તેનો એવો અર્થ કરતા નથી. અમારા ગુરુ હતા તે પણ એવો અર્થ કરતા હતા. પરની દયા પાળવી તે અહિંસા. ઇન્દ્રિયોને રોકવી તે સંયમ. અપવાસ કરવા તે તપ. અમારા ગુરુ હતા 'હિરાજી મહારાજ' બહુ શાંત હતા. કષાય ઘણો મંદ હતો. દૃષ્ટિની, તત્ત્વની ખબર નહોતી. બહુ જ મંદ કષાય હતો. તેના માટે ચોકો કરીને આહાર-પાણી બનાવ્યો હોય તો પ્રાણ જાય તો પણ ન લે. ચોકા તો ક્યાંથી પણ ખબર પડે કે અમારી માટે ગરમ પાણી બનાવ્યું છે. સાધુ માટે ઉના જગમાં (પાણી રાખ્યું હોય તો) લે નહિ. ઊનું પાણી બનાવ્યું હોય એ ન લે. (કેમકે) અમારી માટે બનાવ્યું છે. એક ટીપામાં અસંખ્ય જીવ છે. પાણીના એક ટીપામાં અસંખ્ય જીવ છે. પ્રાણી હિંસા. એય..! 'ધીરુભાઈ'! તમારા ગામને નપાણીયું કર્યું હતું. ત્યાં પાણી બનાવે નહિ. 'નાગ્નેશવાળા'. પછી ઓલા મુનિ આવ્યા હતા કે આ નપાણીયું ગામ છે. 'હિરાજી મહારાજ' જ્યાં જાય ત્યાં તેના માટે પાણી બનાવ્યું હોય તો લે નહિ. એવી ક્રિયા હતી. પણ એ મિથ્યાદૃષ્ટિ. દૃષ્ટિ જ મિથ્યાત્વ હતી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ધમ્મો મંગલની વ્યાખ્યા જ એ છે. ..... જેને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં ધર્મબુદ્ધિ છે, એને તો દેવ પણ નમે છે. મનુષ્યની તો વાત શું? એમ કહે છે. ... ધર્મ શું ચીજ છે? ધર્મ તો અલૌકિક આત્માની શ્રદ્ધા-જ્ઞાન શાંતિ, વીતરાગદશા ઉત્પન્ન થાય, વીતરાગી સ્વભાવના કારણમાંથી (તે ધર્મ છે). ભગવાન આત્મા વીતરાગી સ્વરૂપી ત્રિકાળ છે. એ કારણજીવનો આશ્રય કરવાથી વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (પ્રગટે) એ જ સંયમ, તપ અને અહિંસા છે. સમજાણું કાંઈ?

**'કારણશુદ્ધ જીવ.'** લ્યો. કેટલું કારણશુદ્ધજીવમાં પડ્યું છે! ઓહોહો..! હવે કહે છે કે **'આ (જીવ) ચેતન છે;...'** આત્મા ચેતન છે. તો **'આના (–જીવના) ચેતન ગુણો છે.'** જ્ઞાન, દર્શન, આનંદ તે ચેતનગુણ છે. ચેતનના ચેતન ગુણ છે. **'આ અમૂર્ત છે;...'** ભગવાન આત્મા અમૂર્ત છે. બીજા (દ્રવ્યો) પણ અમૂર્ત છે. **'આ અમૂર્ત છે; આના અમૂર્ત ગુણો છે.'** આત્મા અરૂપી છે, અમૂર્ત છે. તો જ્ઞાન-દર્શન-આનંદ તે પણ અમૂર્ત છે. ગુણી અમૂર્ત છે, તો ગુણ પણ અમૂર્ત છે. આહાહા..! **'આ શુદ્ધ છે;...'** તેના શુદ્ધ ગુણ છે. જે આત્મા પવિત્ર શુદ્ધ આનંદકંદ પ્રભુ છે, તો તેના ગુણ પણ શુદ્ધ છે.

**'આ અશુદ્ધ છે; આના અશુદ્ધ ગુણો છે.'** જેની દૃષ્ટિમાં આત્માનું ભાન નથી થયું અને પુણ્ય-પાપના વિકલ્પમાં ધર્મ માને છે તે જીવ અશુદ્ધ છે. તેનો ગુણ પણ અશુદ્ધ છે. અહીંયાં ગુણ શબ્દે પર્યાય. આહાહા..! સમજાણું કાંઈ? આના અશુદ્ધ ગુણો છે. **'પર્યાય પણ એ પ્રમાણે છે.'** શું કહે છે? ભગવાનના આગમમાં એમ આવ્યું કે ભગવાન આત્મા વસ્તુ તરીકે શુદ્ધ છે, તેના ગુણ પણ શુદ્ધ છે અને તેના આશ્રયે નિર્મળ વીતરાગી પર્યાય થાય તે પણ શુદ્ધ છે. સમજાણું કાંઈ?

સામાયિક કોને કહે તેની ખબર નહિ. કે આ સામાયિકના બેસણામાં બેસી જાય અને બે ઘડી ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં (કરે), લ્યો. અરે..! ભાઈ! સામાયિક તો, એક સેકન્ડની સામાયિક જન્મ-મરણનો નાશ કરી નાખે. તેનું નામ સામાયિક છે. પહેલા સમ્યગ્દર્શનની સામાયિક વગર સમ્યક્જ્ઞાનની સામાયિક થતી નથી અને સ્વરૂપની સ્થિરતાની સામાયિક થતી નથી. આહાહા..! એ કહે છે, જુઓ!

શુદ્ધ પર્યાય. ભગવાન આત્મા શુદ્ધ ગુણ છે, દ્રવ્ય શુદ્ધ છે, ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે તો તેની પર્યાય પણ શુદ્ધ છે. નિર્મળ દશા, નિર્દોષ દશા એ પવિત્ર શુદ્ધ છે. સમજાણું કાંઈ? સામાયિક વગેરે ભાવ છે એ આત્માના આશ્રયે ઉત્પન્ન થયા હોય તે સામાયિક અને તે પર્યાય શુદ્ધ છે. સમજાણું કાંઈ? એ જીવની વ્યાખ્યા થઈ.

મુમુક્ષુ :– દ્રવ્યને શુદ્ધ કીધું ને ગુણને અશુદ્ધ કીધા તે કેવી રીતે ?

ઉત્તર :– એ પર્યાય કીધી. ગુણ તો અશુદ્ધ ક્યાં છે? પર્યાયની અપેક્ષાએ અશુદ્ધ કહેવામાં આવે છે.

એવા જીવનું જ્ઞાન ભગવાને કહ્યું એમ એણે જાણવું જોઈએ. પરમેશ્વરે કહ્યો એવો કારણજીવ, ગુણ અને નિર્મળ પર્યાય, જે તેના આશ્રયે ઉત્પન્ન થાય, એ ત્રણને શુદ્ધ કહે છે એમ જાણવું જોઈએ. પણ એ પર્યાય કારણજીવથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! અપૂર્વ માર્ગ છે, ભગવાન! સાધારણ માર્ગ હોય તો નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો છે. ઓહોહો..! ચામડા ઉતારીને ખાર છાંટે તો પણ ક્રોધ ન કર્યો એવી ક્રિયા અનંતવાર કરી. એ કોઈ ધર્મ નથી. એ તો પુણ્યનો, ક્ષમાનો વિકલ્પ છે. ધર્મ તો ભગવાન શુદ્ધ ચૈતન્ય કારણપરમાત્મા તો પોતાનો સ્વભાવ

પૂર્ણ બ્રહ્મ આનંદસ્વરૂપ (છે), તેના અવલંબનથી જે નિર્મળતા પ્રગટ થાય તેને ભગવાન ધર્મ અને મોક્ષનો માર્ગ કહે છે. એ બહારની આખી પ્રથા જ અત્યારે ગુમ થઈ ગઈ. સમજાણું કાંઈ? પેલાએ લખ્યું, કાલે કહ્યું ને? 'અગરચંદ નહાટા' છે ને કો'ક? નગ્નપણાનો આગ્રહ કર્યો તો અમારા આગમ માન્યા નહિ. એમ લખ્યું છે. તે બધું ખોટું છે. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સ્વરૂપાચરણ જેને પ્રગટ આનંદ થયો હોય એવા મુનિને નગ્ન દશા સહજમાં થઈ જાય છે. સમજાણું કાંઈ? એ તો અનાદિ વીતરાગનો માર્ગ છે. કપડા રાખે અને અંદરમાં મુનિપણું થઈ જાય, એમ ત્રણકાળમાં ન બને. સમજાણું કાંઈ? એવી વાત છે, ભાઈ! પક્ષપાતની વાત લખો તો એ નહિ ચાલે. ભાઈએ એમાં લખ્યું છે, જુઓ?

ભગવાન! ૩૨-૪૫ આગમમાં તો એટલી વિરુદ્ધતા છે કે એના વાંચનારે પણ એમાંથી વિરુદ્ધતા કાઢી છે. સમજાણું કાંઈ? ભગવાનના માર્ગમાં તો અનાદિથી (આ ચાલે છે). અંતર આત્માના આનંદનો અનુભવ કરીને, જે ચારિત્રનું પ્રગટ પ્રચુર સ્વસંવેદન થયું, તેને વસ્ત્ર અને પાત્ર રાખવાની વૃત્તિ હોતી નથી. સમજાણું કાંઈ? જે આગમમાં વસ્ત્ર-પાત્ર રાખીને સાધુ માને છે એ આગમ જ નથી. એ ભગવાનના આગમ નથી. અહીં તો આ વાત છે.

મુમુક્ષુ :– પરિગ્રહ રાખે તે સાધુ નહિ.

ઉત્તર :– પરિગ્રહ છે એ તો. વસ્ત્ર-પાત્ર તો પરિગ્રહ છે. વસ્ત્રનો એક ટુકડો રાખે અને મુનિ માને, મુનિ મનાવે એ નિગોદમાં જશે એમ 'કુંદકુંદાચાર્ય'એ 'અષ્ટપાહુડ'માં લખ્યું છે. આહાહા..! માર્ગ તો અનાદિથી એવો છે. કોઈનો કલ્પિત નથી. પણ એ માત્ર બહારની ચીજ નથી, અનુભવ અંતરમાં થવો જોઈએ. અંદરના આનંદની દશા વિના બહારની નગ્ન દશાને નિમિત્ત પણ કહેવામાં આવતું નથી. અંતરના આનંદની દશા પ્રગટ થઈને, જ્યાં અંદરમાંથી વીતરાગતાનું પૂર આવ્યું, તેને વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ જ નથી હોતો. એવી પાક્કી શ્રદ્ધા કરો. સમજાણું કાંઈ? તેનું નામ અંદર મુનિપણું–ભાવલિંગ પ્રગટ્યું હોય તેનું દ્રવ્યલિંગ નગ્ન જ હોય છે. વસ્ત્ર-પાત્ર રાખે અને મુનિ માને એ જૈનમાર્ગમાં નથી. વીતરાગ માર્ગમાં એ નથી. 'પંડિતજી'! કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન કરવો, આત્મા છે. કોઈ વ્યક્તિ હોય, માને ઉંધું પણ એનો દ્વેષ ન કરવો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...પરિષહ સહન કરે છે...

ઉત્તર :– પણ સહન કરવાનું જ નથી. એ તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો છે. પરિષહ આવે છે એને જાણે છે. આનંદમાં રહીને જાણે છે. એવી ચીજ છે, ભાઈ! સાધુપદ તો કોઈ અલૌલિક ચીજ છે. જેને ગણધર નમસ્કાર કરે, એ સાધુપદ લોકોને ખ્યાલમાં જ આવ્યું નથી, બાપા! આહાહા..! અહીં તો પહેલા યથાર્થ સમ્યગ્દર્શન કરો. સમ્યગ્દર્શ વિના સાધુપણું કે કોઈ વ્રત, નિયમ હોતા નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ જીવની વાત કરી.

હવે પુદ્ગલની વાત કરે છે. ભગવાને પુદ્ગલ જોયા. આ જડ પુદ્ગલ છે. આ શરીર-વાણી આ બધું, પૈસા-લક્ષ્મી, મકાન પુદ્ગલ છે, જડ છે, અજીવ છે. આ શરીર અજીવ થઈને રહ્યું છે કે જીવ થઈને રહ્યું છે? આ તો માટી છે. વાણી નીકળે છે એ પણ અજીવ છે. આત્મામાંથી નથી નીકળતી. વાણી આત્મામાંથી નથી નીકળતી. આત્મામાં ક્યાં છે વાણી? વાણી તો પુદ્ગલ છે. આહાહા..! હું બોલું છું, હું આમ કરું છું, એ પુદ્ગલનો સ્વામી થાય તે મિથ્યાદૃષ્ટિ છે. અજીવને જીવ માને એમ ભાષા બોલે. આવે છે કે નહિ? અજીવને જીવ માને. પચીસ (પ્રકારના) મિથ્યાત્વ. કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, માર્ગને કુમાર્ગ માને તો મિથ્યાત્વ, કુમાર્ગને માર્ગ માને તો મિથ્યાત્વ એમ બોલે. (કુમાર્ગને) મોક્ષમાર્ગ માને તો મિથ્યાત્વ, એ બોલે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– માને છે તો એ જ માને છે. આહાહા..! શ્વેતાંબરના પંચમ શ્રમણસૂત્રમાં તો એમ આવે છે. પંચમ શ્રમણસુત્ર છે. આપણે દિગંબરમાં પણ આવે છે. પણ એ ... પ્રતિક્રમણનું સૂત્ર છે. અહીં તો બધા પુસ્તકો છે ને? હજારો. શ્વેતાંબર-દિગંબરના પુસ્તકો છે. દિગંબરમાં પણ પ્રતિક્રમણ સામાયિક છે પણ બહારમાં બહુ પ્રચલિત નથી. એમાં પાંચમાં શ્રમણસૂત્રમાં તો એમ આવ્યું છે વિચતં પરિણામી સાંજ-સવાર બોલે. પાંચમું શ્રમણસૂત્ર છે. મિથ્યાત્વને ત્યાગ કરું છું, સમકિતને (ગ્રહણ કરું છું) પણ મિથ્યાત્વ અને સમકિત શું એની ખબર ન મળે.

મુમુક્ષુ :– ભગવાનને માનવા એ સમકિત.

ઉત્તર :– ભગવાનને માનવા, નવતત્ત્વને માનવા એ સમકિત. અરે..! હાલ.. હાલ. એવી માન્યતા તો અભવિ પણ કરે છે. એ માન્યતા નહિ. અભવિનો બાપ છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય' તો એમ કહે છે કે, જેની યથાર્થ શ્રદ્ધા નથી. ભગવાનને આહાર માને છે, ભગવાનને કવલાહાર માને છે એ અભવિ છે, એમ કહ્યું છે. 'કુંદકુંદાચાર્ય' નગ્ન મુનિ દિગંબર જંગલવાસી હતા. સંવત્ ૪૯માં ભગવાન પાસે ગયા હતા. વર્તમાન 'સીમંધર' પરમાત્મા ત્રિલોકનાથ મહાવિદેહમાં બિરાજમાન છે. ત્યાં ગયા હતા અને ત્યાંથી આવીને આ બધા શાસ્ત્રો બનાવ્યા છે. એવી વાત એમાં લખી છે. સમજાણું કાંઈ? પુદ્ગલ ભાષા આત્માની નહિ, શરીર આત્માનું નહિ, શરીરની ગતિ થાય છે એ જડની ગતિ છે, આત્માની ગતિ નથી.

મુમુક્ષુ :– એ તો મરી જાય ત્યારે ને?

ઉત્તર :– અરે..! અહીં જીવતા જીવમાં એ ક્યાં છે? ભાષા તો જડ છે.

મુમુક્ષુ :– અત્યારે આ શરીર...

ઉત્તર :– અત્યારે આ મૃતક ક્લેવર છે. મડદું-મડદું (છે). અજીવ થઈને રહ્યું છે કે જીવ થઈને? અજીવ તો મડદું છે. આહાહા..!

મુમુક્ષુ :– વ્યવહારે જીવ છે ને.

ઉત્તર :– વ્યવહારે પણ જીવ ક્યાં? ધૂળમાં છે. કહો, 'ભીખાભાઈ'! આહાહા..! જડ અને પુદ્ગલ અને આત્મા ભિન્ન શું છે એની ખબર નથી. જ્યાં ત્યાં અભિમાન (કર્યા). આવા પુદ્ગલ, આવા પદાર્થ. હમણા 'અમરચંદજી' આવ્યા હતા. કવિ છે ને? એનું લખાણ એમ આવ્યું છે કે, પુદ્ગલ વગર આત્મા વિચાર કરી શકે નહિ. પુદ્ગલના આધાર વિના સંસારી કામ કરી શકાતા નથી. આહાહા..! આ કંઈ કહેતો ને કે અમારા 'હરજીવનભાઈ' હતા ને, એણે કહ્યું.

મુમુક્ષુ :– પોતપોતાની ગાય છે.

ઉત્તર :– પોતપોતાની ગાય છે. એ 'સમઢિયા'વાળા 'હરજીવનભાઈ'એ (સંવત) ૨૦૦૨ની સાલમાં પ્રશ્ન કર્યો. મહારાજ! પૈસા વિના અમારે ચાલે? પૈસા વિના તો અનાદિથી ચાલી રહ્યું છે. પૈસા જો તમારામાં ઘૂસી જાય તો તમે જડ થઈ જાઓ. પૈસાનો તારામાં અભાવ છે અને તારા ભાવમાં તારો ભાવછે.

મુમુક્ષુ :– કોના વિના નથી ચલાવ્યું?

ઉત્તર :– અનંતવાર મિથ્યાત્વ વિના ચલાવ્યું નથી.

મુમુક્ષુ :– અનાદિકાળથી...

ઉત્તર :– અનાદિ. એ (સંવત) ૨૦૧૦મી સાલમાં કહ્યું હતું. 'બોટાદ' મ્યુનિસિપાલીટીમાં વ્યાખ્યાન હતું. એય..! 'શીવલાલભાઈ'! ખબર છે કે નહિ? એના બાપે તે દિ' કહ્યું હતું. દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ. શુદ્ધ એ પર? એ પૂછ્યું હતું તે દિ'. ખબર ન હોય. પછી પાછળથી કાંઈક નરમ પડી ગયા હતા. ભાઈ! આ વસ્તુ એવી છે. અબોલ વસ્તુ... અમોલ વસ્તુ... ઓહોહો..! ભગવાન આત્મા શરીર અને વાણી અને પૈસા વગર જ એને નભાવ્યો છે. કેમ કે તેમાં છે નહિ. પોતામાં આત્મા છે અને પરનું પોતામાં છે નહિ. તો પર વિના જ નભાવ્યુંછે.

મુમુક્ષુ :– મર્યાદિત મનુષ્ય ...

ઉત્તર :– એ તો બધા એના વિના પરદ્રવ્યની નાસ્તિ (છે). એમાં એમ કહ્યું હતું. એના વિના નભાવ્યું છે. શું છે? આહાહા..! એણે એમ લખ્યું છે, લ્યો. એક 'અમર ભારતી' આવે છે ને? માસિક પત્રિકા આવે છે. એમાં એમ આવ્યું છે. તત્ત્વથી ખૂબ જ વિરુદ્ધ (લખ્યું છે) અને માને કે અમે ઘણું જાણીએ છીએ. એક ઠેકાણે બોલેલા, હોં! 'અલિગઢ'માં કે ક્યાંક બોલેલા. કે દિગંબર... શું કહ્યું હતું? ભાઈએ કહ્યું નહોતું? પેલા પંડિતજી આવ્યા હતાને?

મુમુક્ષુ :– સુહાલાલજી

ઉત્તર :– હા, 'સુહાલાલજી' પંડિત. એણે કહ્યું હતું, ભાઈ! શ્વેતાંબર એ, પછી દિગંબર એ મૂળમાર્ગ છે. મૂળ નહિ પણ ઉગ્ર માર્ગ છે એમ કાંઈક હતું, એવી ભાષા હતી કાંઈક. દિગંબરનું

સર્વોત્કૃષ્ટપણું કહ્યું હતું. પેલા લોકો સામે બેઠા હોય. અહીંયા પુદ્ગલના ચાળા વિના. અહીં પરમાત્મા તો કહે છે કે મન, વાણી અને દેહ તો પુદ્ગલ છે. તેના વગર જ આત્મા અહીં છે. આત્મા મનનું, વાણીનું, દેહનું કાંઈ કરી શકતો નથી. ભારે વાત આકરી.

મુમુક્ષુ :– પણ સાહેબ પૈસા વિના શાક આવતું નથી.

ઉત્તર :– ધૂળમાં... શાક તો પૈસા વિના આવે છે. જગતથી ઊંધુ છે, ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા જેમને સો-સો ઇન્દ્રો પૂજતા હતા, એમની વાણીમાં આમ આવ્યું છે. માને, ન માને સ્વતંત્ર પ્રાણી છે. અનંતકાળથી ઉંધુ તો માન્યું છે. કહે છે કે પુદ્ગલના આધાર વિના આત્મા સંસારીક કંઈ કરી શકતા નથી. ભગવાન કહે છે કે પુદ્ગલના આધાર વિના જ આત્મા બધું કરી શકે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પુદ્ગલ કેવું છે? **'ગલન-પૂરણસ્વભાવ સહિત છે...'** જુઓ! **'(અર્થાત્ છૂટા પડવાના અને ભેગા થવાના સ્વભાવવાળું છે)'** રજકણ ભેગા થાય, છૂટા પડે. તેનો સ્વભાવ છે. વાણી આવે છે અને છૂટી જાય છે એ પુદ્ગલનો સ્વભાવ છે. આત્માનો (સ્વભાવ) નથી. આત્મા તો જાણનાર-દેખનાર છે. આત્મા બોલી શકતો નથી, આત્મા કરી શકતો નથી. આહાહા..! પૂરણ એટલે પૃથક્ છે ને? ગલન. ગલન એટલે છૂટા પડવું, પૂરણ એટલે ભેગા થવું. એ પુદ્ગલ છે. પુદ્ગલનો સ્વભાવ જડનો છે. લાડવા બનવા, રોટલી બનવી, પાણી ગરમ થવું, શાકભાજી બનવા એ બધા પુદ્ગલના સ્વભાવ છે. પુદ્ગલથી બને છે. કોઈ આત્મા એને કરે છે એમ નથી.

મુમુક્ષુ :– કાંઈ અગ્નિ વિના શાક ચડે?

ઉત્તર :– અગ્નિ વિના શાક ચડે છે પોતાથી. શાક સમજ્યા ને? તરકારી, તેને અગ્નિ અડતી પણ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ક્યારેય અડતા નથી. અભાવ છે. શાક પણ પોતાની પર્યાયથી ચડે છે. પુદ્ગલ છે ને? પુદ્ગલ કહ્યું ને?

મુમુક્ષુ :– ગલન, ગલન સ્વભાવી.

ઉત્તર :– ગળે છે, એમાં શું? એ તો એનો સ્વભાવ છે. શું અગ્નિ કરી શકે છે? એનું આત્મા કરી શકે છે? મિથ્યાશ્રદ્ધા છે. જડનું હું કાંઈક કામ કરી શકું. એ માન્યતા મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવની છે, એ જૈન નથી. તેને વીતરાગ જૈનની શ્રદ્ધા નથી. વાત તો આવીછે.

**'તે પુદ્ગલ છે. આ (પુદ્ગલ) શ્વેતાદિ વર્ણોના આધારભુત મૂર્ત છે;...'** જુઓ! આ તો શ્વેતાદિ તો પર્યાય છે. પણ અહીં લોકોને સમજાવવા ગુણ લીધા છે. પુદ્ગલમાં ધોળુ, સફેદ, લીલી અવસ્થા થાય છે. તેના **'આધારભૂત મૂર્ત છે;...'** પુદ્ગલ તો મૂર્ત છે, જડ છે. આ વાણી, પૈસા, દાળ, ભાત, શાક, મકાન, ઝવેરાત, આબરૂ બધું પુદ્ગલ છે. જડ છે. આહાહા..! **'શ્વેતાદિ વર્ણોના આધારભૂત મૂર્ત છે; આના મૂર્ત ગુણો છે.'** ગુણ મૂર્ત છે. પર્યાય લીધી ને? આ પરમાણુના ગુણ છે. **'આ અચેતન છે;...'** તેના અચેતનગુણ છે. આ તો અચેતન છે તો એના ગુણો પણ અચેતન

છે, પર્યાય પણ અચેતન છે. ચેતનની પર્યાય ચેતનમાં અને અચેતનની પર્યાય અચેતનમાં. કહો, આ પુદ્ગલની વ્યાખ્યા કરી.

મુમુક્ષુ :– સોનગઢનો માર્ગ જ જુદો છે.

ઉત્તર :– માર્ગ જુદો છે. જડ અને ચૈતન્ય બે ભિન્ન છે. જીવ અને અજીવ બે ભિન્ન છે. તો પુદ્ગલની ક્રિયા પુદ્ગલથી થાય છે, આત્માની ક્રિયા આત્માથી થાય છે. આત્મા પુદ્ગલની ક્રિયા કરે એમ માને, એ જડનો અભિમાની છે, મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આપ બોલો તો છો.

ઉત્તર :– કોણ બોલે છે? ભાષા બોલે છે. આત્મા ભાષામાં આવી ગયો? ભાષા તો જડ છે. 'પંડિતજી'! આહાહા..! આ તો અરૂપી છે. તેમાં તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે જ નહિ.

મુમુક્ષુ :– ભાષાને શું ખબર પડે છે કે આ પંડિતજી છે.

ઉત્તર :– એને ક્યાં ખબર છે? એ તો જ્ઞાનને ખબર છે. ભાષા તો એવી નીકળે છે. સ્વપર જાણવાની શક્તિ આત્મામાં છે. સ્વપર કથા કરવાની શક્તિ જડમાં છે. સ્વપર જાણવાની શક્તિ આત્મામાં છે અને સ્વપર કથા કરવાની શક્તિ જડમાં છે.

મુમુક્ષુ :– જીવમાં નહિ?

ઉત્તર :– જીવમાં નહિ. આહાહા..! અત્યારે સુધરવાને નામે સુધરેલ આમ થયું ને એવા ભાષણ મોટા-મોટા કરે, અને લોકો રંજન થાય. માણસ એકઠા થાય, હોય બધી વાત મિથ્યાત્વની. ઓહોહો..! મિથ્યાત્વ દૃઢ થાય અને માને કે ધર્મકથા અમે કરીએ છીએ. પરનું કંઈ કરી શકે એવી કથા કરે એ તો દંસણભેદની કથા છે. સમકિતનો નાશ કરનારી કથા છે. સમજાણું કાંઈ? સેવા કરો, પરની સેવા કરો. કોણ કરે? સાંભળ તો ખરો. પરની સેવાની વ્યાખ્યા શું? પર આત્મા અને જડ તેની પર્યાય તો તેનાથી થાય છે. પરનું તું શું કરી શકેછે?

મુમુક્ષુ :– તો શું કરવું? હાથ જોડીને બેઠા રહેવું?

ઉત્તર :– હાથ ક્યાં એના બાપના છે? હાથ તો જડનો છે. હાથનું હલન-ચલન તો જડથી થાય છે, આત્માથી નહિ. કહો, સમજાણું કાંઈ? અહીં તો પૂરણ ગલન સ્વભાવ બધો પરમાણુ પુદ્ગલનો છે. ગરમ પાણી છે. ઠંડુ પાણી ગરમ થાય છે તે તો એની પર્યાયનો સ્વભાવ છે. એ ઠંડાનું ગરમ આત્મા કરી શકે છે એમ છે નહિ. આત્મા ખાઈ શકે છે? દાંતની ભીંસ દઈને રોટલીનું બટકું કરી શકે છે આત્મા? બટકું તો ગલન થયું, પુદ્ગલનું ગલન થયું.

મુમુક્ષુ :– પેટમાં દાંત હોય?

ઉત્તર :– એ તો બધી અંગ્રેજીની ભાષાઓ બધી. અહીં બરાબર કરવું (એમ કહે). કોણ કરે પણ? એ તો જડની ક્રિયા છે. પૂરણગલન સ્વભાવ તેનો છે. રોટલી બની એ તો પૂરણ થયું, બટકું થયું એ તો ગલન થયું. કોનું થયું? શું આત્મા કરી શકે છે?

મુમુક્ષુ :– આ દુનિયામાં રહેવાય એવું નથી.

ઉત્તર :– દુનિયામાંથી નીકળવાની વાત છે આ તો. શું કહે છે? પૂરણગલન કહ્યું ને? કર્મ પણ આવે છે અને જાય છે એ પણ એના કારણથી. આત્મા કર્મનું કાંઈ કરી નથી શકતો, એમ કહે છે. શરીરમાં પણ આમ રોટલી ખાવી, પથ્ય રાખવું, પથ્યથી આ શરીર ઠીક રાખવું એ બિલકુલ મિથ્યા છે. એ તો પુદ્ગલની જડની ક્રિયા છે. આહાહા..! જડની ક્રિયા મારાથી થાય છે એમ માનવું એ તો જડને પોતાનું માનવું છે. ભારે ઝીણી વાત, ભાઈ! આ દુનિયામાં આ બધું શી રીતે ચાલશે? પેલા એમ કહે છે. મોટી મોટી વાતું કરે અને આવા ગપ્પા મારે. ભગવાનને પણ વસ્ત્ર હતું. દીક્ષા લીધી ને? એક વસ્ત્ર રાખ્યું હતું, અડધું વસ્ત્ર પછી એના મિત્રનું હતું તે આપી દીધું. એવી જૈનની દયા! અરે..! હાલ.. હાલ. ભગવાનને વસ્ત્ર હોય જ નહિ. ઇન્દ્ર વસ્ત્ર દેતા જ નથી. એ બધી કલ્પિત વાત કરી છે. ભગવાન દીક્ષા લે છે તો ઇન્દ્ર એક વસ્ત્ર દે છે તો ખંભે રાખે છે.

મુમુક્ષુ :– ...ની સંમતિ થઈ ગઈને?

ઉત્તર :– બધાની વાત. બધી કલ્પિત. ભગવાન તો નગ્ન મુનિ તદ્દન દિગંબર. એને તો મોરપીછી અને કમંડળ પણ નથી હોતું. કલ્પાતિત પુરુષ છે. આહાહા..!

મુમુક્ષુ :– મુની બન્યા પછી વસ્ત્ર દે છે.

ઉત્તર :– દે છે, એવું આવે છે. શ્વેતાંબરમાં એમ આવે છે. એ કારણથી આપે છે. બાર માસ, સવા વર્ષ રહે પછી છૂટી જાય છે. મૂળ પાઠ એમ છે. અને 'કલ્પસુત્ર'માં એમ છે કે અડધું વસ્ત્ર તેના મામાના મિત્ર હતા તેમને આપી દીધું. અડધો ટુકડો રાખ્યો. એ 'અમરચંદ્રજી'એ લખ્યું છે કે, જૈનની કેટલી દયા–ગંભીરતા છે! આવું! અર..ર..! લોકોને મારીને... વસ્તુનો એવો સ્વભાવ જ નથી. મુનિ વસ્ત્ર રાખતા નથી અને મુનિને કોઈ દેતા નથી. આહાહા..! જાવું-આવવું એ પુદ્ગલનો સ્વભાવ છે. પોતાનો સ્વભાવ નથી.

હવે ધર્માસ્તિની વાત ચાલે છે. ધર્માસ્તિ એક પદાર્થ છે. ભગવાને કેવળજ્ઞાનીએ ચૌદ રાજુલોકમાં એક ધર્માસ્તિ નામનો (પદાર્થ જોયો છે). **'સ્વભાવગતિક્રિયારૂપે અને વિભાવગતિક્રિયારૂપે પરિણત...'** ભાષા જુઓ! આત્માના સ્વભાવરૂપે ઊર્ધ્વ ગતિ થાય કાં વિભાવરૂપે ચાર ગતિમાં જવાની ગતિ હોય, પણ જીવ પોતે પરિણત હોય તો **'જીવ-પુદ્ગલનોને સ્વભાવગતિનું અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ છે.'** લ્યો. પરણિત જીવ અને પુદ્ગલ બંને. કહો, સમજાણું કાંઈ?

ધર્માસ્તિકાય બીજાને ગતિ કરાવતું નથી, પણ જીવ અને પુદ્ગલ સ્વભાવિક ગતિ હોય કે વિભાવિક ગતિ હોય, તો ધર્માસ્તિકાયને નિમિત્ત કહેવામાં આવે છે. એ ધર્માસ્તિ પદાર્થ છે. સર્વજ્ઞ પરમેશ્વરમાં જ આ વાત છે. એ સિવાય કોઈ ધર્મમાં, કોઈ મતમાં ધર્માસ્તિ-અધર્માસ્તિ બે દ્રવ્ય છે જ નહિ. અને બે દ્રવ્ય ન હોય તો લોક–અલોકના ભાગ થાત જ નહિ. લોક અને અલોકના બે ભાગ પડ્યા છે એ ધર્માસ્તિ-અધર્માસ્તિના કારણે છે. સમજાણું કાંઈ? એમ ભગવાને ધર્માસ્તિકાય નામનું એક તત્ત્વ કહ્યું. નીચે ખુલાસો છે. જુઓ! એકડો છેને?

**'ચૌદમા ગુણસ્થાનના અંતે જીવ ઊર્ધ્વગમનસ્વભાવથી...'** ચૌદમું ગુણસ્થાન. કેવળજ્ઞાનનું તેરમું ગુણસ્થાન અને મુક્તિ થવાની તૈયારી હોય તે ચૌદમે થાય છે. **'ઊર્ધ્વગમનસ્વભાવથી લોકાંતે જાય તે જીવની સ્વભાવગતિક્રિયા છે...'** તો એમાં ધર્માસ્તિ નિમિત્ત છે. બસ. પરિણત ગતિ કરે તો. **'અને સંસારાવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે તે જીવની વિભાવગતિક્રિયા છે.'** એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે, તે પોતાના કારણે જાય છે. કર્મ લઈ જાય છે એમ નહિ, એમ કહે છે. કર્મ તો જડ પુદ્ગલ પરદ્રવ્ય છે. એક ગતિમાંથી બીજી ગતિમાં જવું એ જીવની વિભાવિક ક્રિયા છે. ધર્માસ્તિકાય તેમાં નિમિત્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? કેવું લખ્યું છે, જુઓ! પરિણત લખ્યું છે ને? **'વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને...'** એવું નથી કે કર્મ લઈ જાય છે. બીજી ગતિમાં કર્મ લઈ જાય છે એમાં ધર્માસ્તિ નિમિત્ત છે, એમ છે? આત્મા જ પોતાની યોગ્યતાથી એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે ત્યારે ધર્માસ્તિકાયને નિમિત્ત કહે છે. સમજાણું કાંઈ? કોઈ કહે છે કે, ભાઈ! 'શ્રેણિક' રાજા નરકમાં ગયા. એ તો સમકિતી હતા, ક્ષાયિકસમકિતી હતા તો કર્મના કારણથી નરક ગતિમાં ગયા.

મુમુક્ષુ :– ત્યાં જવાની કોઈની ઇચ્છા હોય?

ઉત્તર :– બિલકુલ ખોટી વાત છે. પોતાની યોગ્યતાથી ગતિમાં ગયા છે. આમાં ઇ કહે છે, જુઓ! **'વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ..'** છે. વિભાવ પરિણતરૂપ જીવ એ પોતાને કારણે પરિણમ્યો છે. કર્મના કારણથી જાય છે એમ નથી. કર્મ તો બીજી ચીજ છે. આહાહા..!

મુમુક્ષુ :– તો શ્રેણિકરાજાનો ઊંધા પુરુષાર્થ પહેલા કર્યો હતો.

ઉત્તર :– વર્તમાન ગતિનું વિભાવ પરિણમન છે.

મુમુક્ષુ :– આ નરકમાં ગયા છે.

ઉત્તર :– તે પોતાની પર્યાયથી ગયા, પૂર્વની નહિ. સૂક્ષ્મ વાત છે, પંડિતજી! ઇ કહ્યું ને? જુઓને! જીવ પરિણત **'વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ–'** તો જીવ ગતિમાં વિભાવરૂપ પરિણત થાય છે તે પોતાથી છે. પૂર્વે ઘણા પાપ કર્યા હતા માટે ગતિમાં (જાય છે) એમ નથી. વર્તમાનમાં વિભાવગતિની યોગ્યતાથી ગતિ કરે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– .... પણ નહિ. એ તો કર્મની વાત થઈ. વર્તમાન. એવી વાત છે.

મુમુક્ષુ :– જૈનમાં કર્મનો મોટો....

ઉત્તર :– ભાઈ! 'સોગનચંદજી' કહેતા હતા ને કે કર્મથી કાંઈ નથી થતું. એ 'સોનગઢ'ના સંતની આવી વાણી છે. કર્મથી આત્મામાં કંઈ થતું નથી. આત્મામાં તો પોતાથી વિકાર થાય છે. કર્મ તો જડ છે.

મુમુક્ષુ :– જીવ પોતે પોતાથી કઈ રીતે ગતિમાં જાય છે?

ઉત્તર :– પોતે પોતાથી ગતિમાં જાય છે એ પર્યાયનો ધર્મ છે. એવી વાત છે. પર્યાય એની છે કે જડની છે? સર્વાર્થસિદ્ધની ગતિપર્યાય પોતાના વિભાવથી પરિણત કરે છે. એક સમયની પર્યાય એ પોતાના કારણે પર્યાય છે.

મુમુક્ષુ :– એ વખતની એવી જ યોગ્યતા છે.

ઉત્તર :– એ જ છે. વાત એવી છે.

મુમુક્ષુ :– શાસ્ત્રમાં તો એમ આવે છે કે કોઈ ગતિમાં લઈ જાય છે. ....

ઉત્તર :– લઈ જાય છે એ તો નિમિત્તનું કથન છે. આનુપૂર્વી.. આનુપૂર્વી.

મુમુક્ષુ :– પણ શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :– લખ્યું તે કઈ અપેક્ષાથી લખ્યું છે? પોતાના કારણે ગતિ કરે છે ત્યાં આનુપૂર્વી ગતિ નામકર્મનું નિમિત્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ ઉપાદાન-નિમિત્તના ગોટા. જડ અને ચેતન.

મુમુક્ષુ :– મોહનીય કર્મ વગેરે બિલકુલ કંઈ નહિ?

ઉત્તર :– બિલકુલ નહિ. કર્મ પુદ્ગલ છે એ તો જડ છે. જડમાં શું આત્મા આવ્યો? જડનું આત્મા કંઈ કરી શકે છે? જડ આત્માનું કરી શકે છે? આત્મા અરૂપી છે.

મુમુક્ષુ :– જૈન ઉપર કર્મનું જોર બહુ છે.

ઉત્તર :– નહિ. બિલકુલ જોર નથી. એ વાત ખોટી છે. એ તો અમારે (સંવત) ૧૯૭૮ થી સાલથી ચાલે છે. ૧૯૭૧. ૫૬ વર્ષ થયા. કર્મથી આત્મામાં કાંઈ થાય છે એ બિલકુલ નહિ. સંવત ૧૯૭૧. ૭૦ અને ૧. વિકારી પર્યાય પોતાથી થાય છે તો બીજી ચીજને નિમિત્ત કહો. બીજી વસ્તુથી પોતામાં થાય, તો જીવનો કોઈ જડ સ્વામી છે કે પરાણે વિકાર કરાવે? એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આપની વાત તો અચંબો ઉત્પન્ન કરે છે.

ઉત્તર :– વસ્તુ એવી છે શું કરે? છે ને? નિમિત્તથી ગમન કરે છે. એવો અર્થ છે, જુઓ!

**'એક છૂટો પરમાણુ ગતિ કરે તે પુદ્ગલની સ્વભાવગતિક્રિયા છે અને પુદ્ગલસ્કંધ ગમન કરે તે પુદ્ગલની વિભાવગતિક્રિયા છે.'** પણ પ્રત્યેક પરમાણુ વિભાવરૂપે પરિણમ્યા છે, એમ પાછળ ખુલાસો લીધો છે. જુઓ! આ લાકડી ચાલે છે તો તેના વિભાવપરિણામથી ચાલે છે. એમાં એક પરમાણુ પણ પોતાના વિભાવપરિણામથી ગતિ કરે છે અને એક પરમાણુમાં પણ વિભાવરૂપ પરિણમન છે. આખા સ્કંધમાં એમ નહિ, જુઓ! છે? **'(સ્કંધમાંના દરેક પરમાણુની) વિભાવગતિક્રિયા છે.'** આમ ચાલે છે. આંગળી આમ ચાલે છે. પ્રત્યેક પરમાણુમાં વિભાવગતિની ક્રિયા પરિણમન છે તો ગતિ થાય છે. પરમાણુમાં એક વિભાવગતિ પરિણમન થયું. એક પરમાણુમાં. ભિન્ન પરમાણુ હોય તો સ્વભાવગતિ છે. પણ સ્કંધમાં છે તો સ્કંધમાં ભિન્ન છે. પણ વિભાવરૂપ પરિણમન છે તો એક પરમાણુ આમ ગતિ કરે છે. હાથ આમ ગતિ કરે છે. એવો પુદ્ગલનો, અજીવનો સ્વભાવ છે.

**'આ સ્વભાવિક તેમ જ વૈભાવિક ગતિક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.'** ધર્મદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. કોઈ એને કરાવે છે એમ નહિ. એવો જ જીવ અને પુદ્ગલનો વિભાવરૂપ પરિણમનનો સ્વભાવ પર્યાયનો છે, એમ બરાબર જાણવું જોઈએ. એ વાત અહીં કહે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૪, સોમવાર, તા. ૧૫-૩-૧૯૭૧**
**ગાથા-૯ થી ૧૦, શ્લોક-૧૬, પ્રવચન નં. ૧૫**

ગુજરાતી ચાલે છે. આ 'નિયમસાર' જીવ અધિકાર, ૯મી ગાથા. એમાં ધર્માસ્તિકાયનું વર્ણન આવી ગયું. જીવનું, પુદ્ગલનું, ધર્માસ્તિકાયનું (વર્ણન) આવી ગયું અને અધર્માસ્તિકાયનું (વર્ણન) હવે ચાલે છે.

**'સ્વભાવસ્થિતિક્રિયારૂપે અને વિભાવસ્થિતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને સ્થિતિનું (-સ્વભાવસ્થિતિનું અને વિભાવસ્થિતિનું) નિમિત્ત તે અધર્મ છે.'** પરમાણુ હો કે જીવ હો, પોતાની સ્વભાવસ્થિતિ કરે, જેમ જીવ સિદ્ધમાં ઊર્ધ્વગતિ કરે તોપણ એ સ્વભાવગતિ કહેવાય, એને ધર્માસ્તિ નિમિત્ત છે અને સ્થિર થાય એને અધર્મનું નિમિત્ત છે.

એમ પરમાણુઓ સ્વભાવરૂપે એકલો ગતિ કરે તો એ સ્વભાવગતિ. પરમાણુ એક સ્થાનમાં ઠરે એ તો સ્વભાવસ્થિતિ ક્રિયા, અને પુદ્ગલો સ્કંધ જે આમ ગતિ કરે તો એ દરેક પરમાણુ વિભાવગતિની પરિણતિએ ક્રિયા કરે. એક એક પરમાણુ સ્વતંત્ર (છે). વિભાવપણે પરિણમતો એક-એક પરમાણુ ગતિ કરે એમાં ધર્માસ્તિ નિમિત્ત અને વિભાવરૂપે પરિણમન કરીને પરમાણુ ત્યાં સ્થિર થાય તે સ્કંધ, એ સ્કંધ માહ્યલા પરમાણુની વાત છે ને? એને અધર્માસ્તિનું નિમિત્ત છે. જુઓ! સમય-સમયનો પરમાણું સ્કંધમાં હોવા છતાં, વિભાવરૂપે પરિણમ્યો છતાં એ સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? સ્કંધમાં પરમાણુ હોવા છતાં અને એ વિભાવરૂપ પરિણમનછે એનું. એ પરને લઈને નહિ, એની પોતાની યોગ્યતાને લઈને વિભાવરૂપ પરિણમન છે. એમ જીવનું પણ ગતિ આદિમાં સંસાર દશામાં વિભાવરૂપે ગતિનું પરિણમન સ્વતંત્ર છે. વિભાવિક હોવા છતાં એને પરને કારણે એ પરિણમન વિભાવ છે એમ નથી. એવી સ્વતંત્ર સ્થિતિ છે.

**'નિમિત્ત તે અધર્મ છે.'** નીચે ખુલાસો કર્યો છે. **'સિદ્ધદશામાં જીવ સ્થિર રહે તે જીવની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે. અને સંસારદશામાં સ્થિર રહે તે જીવની વૈભાવિક સ્થિતિક્રિયા છે.'** આત્મા એક ઠેકાણે રહે તો એ એની વૈભાવિક ક્રિયા છે. **'એકલો પરમાણુ સ્થિર રહે તે પુદ્ગલની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે અને સ્કંધ સ્થિર રહે તે પુદ્ગલની (-સ્કંધમાના દરેક પરમાણુની) વૈભાવિક સ્થિતિક્રિયા છે.'** પોતાને કારણે સ્થિર રહ્યો, પોતાને કારણે વૈભાવિક હોવા છતાં પોતાને કારણે સ્થિર (થાય) એમાં ધર્માસ્તિનું નિમિત્ત (છે). **'આ જીવ-પુદ્ગલની સ્વાભાવિક તેમ જ વૈભાવિક સ્થિતિક્રિયામાં અધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.'** હવે આકાશ અને કાળ બે રહ્યા.

**'(બાકીનાં) પાંચ દ્રવ્યોને અવકાશદાન (-અવકાશ દેવો તે રહેવાનું સ્થાન) જેનું લક્ષણ છે તે આકાશ છે.'** તે પણ ભગવાને છ દ્રવ્યમાં આકાશ દ્રવ્ય સ્વતંત્ર છે એમ જોયું. **'(બાકીનાં) પાંચ**

**દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત તે કાળ છે.'** કાળ સિવાયના પાંચ દ્રવ્યો છે, એના પરિણમનમાં નિમિત્તકારણ કાળ છે. **'(જીવ સિવાયનાં) ચાર અમૂર્ત દ્રવ્યોના શુદ્ધ ગુણો છે;...'** જીવ સિવાયના ચાર અમૂર્ત. પુદ્‌ગલ સિવાય, ધર્માસ્તિ-અધર્માસ્તિ, આકાશ, કાળના શુદ્ધ ગુણો છે. **'તેમના પર્યાયો પણ તેવા (શુદ્ધ જ) છે.'** ચાર દ્રવ્યોમાં કોઈ દિ' અશુદ્ધતા હોતી નથી. પરમાણુ અને જીવ સિવાય ચાર દ્રવ્ય છે એમાં અશુદ્ધતા કોઈ દિ' (થતી) નથી.

**'[હવે નવમી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા છ દ્રવ્યની શ્રદ્ધાનું ફળ વર્ણવે છે :]'**

**इति जिनपतिमार्गाम्भोधिमध्यस्थरत्नं**
**द्युतिपटलजटालं तद्धि षड्द्रव्यजातम्।**
**हृदि सुनिशितवुद्धिर्भूषणार्थं विधत्ते**
**स भवति परमश्रीकामिनीकामरूपः ।।१६।।**

**'એ રીતે તે ષટ્દ્રવ્યસમૂહરૂપી રત્ન...'** છ દ્રવ્યની વ્યાખ્યા કરી. **'ષટ્દ્રવ્યસમૂહરૂપી રત્નને–કે જે (રત્ન) તેજના અંબારને લીધે કિરણોવાળું છે...'** એટલે કે દરેક દ્રવ્ય પોતાની શક્તિથી નભેલું છે. **'તેજના અંબારને લીધે કિરણોવાળું છે....'** પોતાની શક્તિના ભાવથી જ એ પોતે પરિણમી રહ્યું છે. ષટ્દ્રવ્ય ભગવાનના શાસ્ત્રમાં છે એ બીજે ક્યાંય હોતા નથી. સમજાણું કાંઈ? અને ષટ્દ્રવ્યની પર્યાય સ્વાભાવિક કે વિભાવિક, એમાં ચાર સિવાય, જીવ અને પુદ્‌ગલની બંને સ્વતંત્ર તે તે સમયની છે.

**'અને જે જિનપતિના માર્ગરૂપી સમુદ્રના મધ્યમાં...'** વીતરાગના માર્ગના છ દ્રવ્ય છે એમ કહે છે. સર્વજ્ઞ સિવાય એ બીજે ક્યાંય હોય નહિ. ધર્માસ્તિ અને અધર્માસ્તિ બીજે નથી. ધર્માસ્તિ, અધર્માસ્તિ ન હોય તો લોક-અલોકના બે ભાગ જ ન હોઈ શકે. લોક અને અલોકના બે ભાગ છે તેથી બન્ને દ્રવ્યો અનાદિઅનંત સ્થિર છે. ચૌદ બ્રહ્માંડમાં સ્થિર છે. એ જિનપતિના માર્ગ, વીતરાગના માર્ગની અંદર **'સમુદ્રના મધ્યમાં રહેલું છે તેને–જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ હૃદયમાં ભૂષણાર્થે...'** છએ દ્રવ્યને સિદ્ધ કરીને, ધર્મીજીવ પોતાના અનુભવની દૃષ્ટિ સહિત, છ દ્રવ્યની શ્રદ્ધા પોતાની શોભા અર્થે ધારે છે, એમ કહે છે. **'ધારણ કરે છે, તે પુરુષ...'** આત્મામાં અંતર એક દ્રવ્યની આશ્રય દૃષ્ટિ થતાં, અનુભવ થઈને જે સમ્યક્ થાય, એને ષટ્દ્રવ્યનું વ્યવહારે જ્ઞાન સાચું હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વદ્રવ્યના ચૈતન્યના અવલંબને જેને આત્મદ્રવ્યનું જ્ઞાન યથાર્થ હોય, એને આવા ષટ્દ્રવ્યનું વ્યવહારું જ્ઞાન પણ સાચું હોય, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એકલો હોય, છ દ્રવ્ય ન હોય...

ઉત્તર :– એ ન હોય તો એવી વસ્તુ જ નથી. ષટ્દ્રવ્યનું જ્ઞાન તો એક સમયની પર્યાયમાં સમાઈ જાય છે. એક સમયની પર્યાય જ એને સમાડનારું છે. આ તો અનંતી પર્યાયનો પિંડ. શું કહ્યું એ? એક સમયની જ્ઞાનની અવસ્થા છ દ્રવ્યને જાણે એવી એની તાકાત છે. એટલી જાણે તો એ એક સમયની પર્યાય જાણે. પણ એ પર્યાયનું જ્ઞાન પણ દ્રવ્યના જ્ઞાન વિના પર્યાયનું જ્ઞાન સાચું હોઈ શકે નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :— બધા જ્ઞાન ઉપર ચોકડી મારો છો.

ઉત્તર :– કારણ કે એક જ સમયની જ્ઞાનની દશામાં છ દ્રવ્ય જાણવાની તાકાત છે. એવી એક સમયની જ્ઞાનની પર્યાય સામર્થ્યવાળી છે. જેણે છ દ્રવ્યને જાણ્યા, કબૂલ્યા, તે એક સમયની પર્યાય કબુલી. પણ એક સમયની પર્યાયની કબૂલાત ક્યારે યથાર્થ કહેવાય? વસ્તુની દૃષ્ટિ થઈ એ જ્ઞાયકમૂર્તિ શુદ્ધ ચૈતન્ય ધાતુ. છ દ્રવ્યમાં તો અનંતા સિદ્ધો આવી ગયા. આવી ગયા કે નહિ? એ બધાની શ્રદ્ધાનું વિકલ્પનું જે જ્ઞાન, એને સાચું હોય કે જેને આત્મા અખંડ આનંદમૂર્તિ, અભેદ શુદ્ધ ચૈતન્યધાતુ એનો અનુભવ થઈને સમ્યગ્દર્શન હોય, એને આ છ દ્રવ્યનું વ્યવહારનું જ્ઞાન સાચું હોય. ભારે! સમજાય છે કાંઈ?

કાલે બપોરે આપણે નહોતું આવ્યું? બપોરે આવ્યું હતું ને? સ્વદ્રવ્યનું જ્ઞાન જેને હોય, એ પાણીની શીતળતાનો અને ઉષ્ણતાનો ભેદ જાણે. એનું વ્યવહારું જ્ઞાન સાચું હોય. સ્વદ્રવ્યનું જેને જ્ઞાન હોય એ શાક અને લવણની ખારાશની જુદાઈને એ વાસ્તવિક જાણે. આહાહા..! સમજાણું કાંઈ?

(અહીંયા) કહે છે કે આવું જેને છ દ્રવ્યનું વાસ્તવિક (જ્ઞાન થાય), એમાં તો કારણ પરમાત્મા, કાર્ય પરમાત્મા બધું આવી ગયું ને? કારણજીવ,કાર્યજીવ એમાં આવી ગયું. સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાનઆત્મા, મહાપ્રભુ, એની જેને અંતરમાં દૃષ્ટિ અને ભાન છે તેને છ દ્રવ્યનું જ્ઞાન હોય છે, તે મોક્ષનો કામી, મોક્ષમાં અલ્પકાળમાં જાયછે, એમ કહે છે.

**'તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે...'** લ્યો? **'(અર્થાત્ જે પુરુષ અંતરંગમાં છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરે છે, તે મુક્તિલક્ષ્મીને વરે છે).'** સમજાણું? એને કેવળજ્ઞાન થઈને મુક્તિને પામી જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– છ દ્રવ્ય તો બધા દિગંબર-શ્વેતાંબર સૌને માન્ય છે.

ઉત્તર :– કોણ માને છે છ દ્રવ્ય? વાસ્તવિક છ દ્રવ્ય માને છે એ કોને કહેવું? ત્રિકાળી કારણદ્રવ્ય જીવ છે, તેનો આશ્રય લે તો સમકિત થાય, એવું તો એ કારણજીવનું સ્વરૂપ છે. હવે એ કારણજીવને માનતા નથી અને રાગથી થાય, નિમિત્ત થાય એ એકપણ તત્ત્વને યથાર્થ રીતે માનતા નથી. 'પંડિતજી'! આહાહા..! સમજાય છે કાંઈ? છ દ્રવ્યમાં તો એ આવ્યું નહિ? જીવનું

વૈભાવિક પરિણમન પણ ગતિ જ્યારે, ક્ષાયિક સમકિતી હોય, પણ નરકમાં ગતિ કરતા હોય, એ પોતાના વિભાવ પરિણમનને લઈને ગતિ કરે છે. કર્મને લઈને નહિ.

મુમુક્ષુ :– એ તો આમાં નથી લખ્યું, કર્મશાસ્ત્રમાં છે.

ઉત્તર :– એ કર્મશાસ્ત્રમાં શું લખે? નિમિત્ત કોણ એ જ્ઞાન કરાવ્યું. અહીં તો સમય-સમયનો ક્ષાયિકસમકિતી જીવનો વિભાવ પરિણામ નરકમાં જાય, તો પણ એ પોતાની ગતિની વૈભાવિક પરિણમનની યોગ્યતાથી ત્યાં જાય છે. કર્મ એને લઈ જાય છે એમ છે નહિ. એવું દ્રવ્યનું સ્વરૂપ જ નથી એમ અહીં સિદ્ધ કરવું છે. છ દ્રવ્યમાં એની વૈભાવિક પરિણતિથી ગતિ કરો કે સ્વભાવિક પરિણતિથી ગતિ કરો, એ પોતાની પર્યાયની લાયકાત છે એમાં પરની કોઈ અપેક્ષા છે નહિ. સમજાણું કાંઈ?

ઘણા વખત પહેલા એક પ્રશ્ન ઉઠ્યો હતો ને? કે ભાઈ! આ સ્કંધમાં જે પરમાણુ છે એ પરમાણું તો સ્કંધને લઈને વિભાવરૂપે પરિણમ્યો છે. 'પંડિતજી'! તો એકલો પરમાણુ હતો ત્યારે વિભાવ નહોતો. આમાં ભેગો ભળ્યો ત્યારે વિભાવ થયો. એ પ્રશ્ન થયો હતો. 'કલ્યાણજીભાઈ'! આ તો વીતરાગમાર્ગ છે બાપુ! એક પરમાણુ છૂટો હતો એમાં વિભાવ નહોતો. અહીં સ્કંધમાં આવ્યો તો વિભાવ થયો. પ્રત્યક્ષ દેખાય છે કે પરસંયોગ થયો તો વિભાવ થયો.

મુમુક્ષુ :– આપ ના પાડો છો કેમ ત્યારે?

ઉત્તર :– એમ છે નહિ. એ સમયે પરમાણુ અંદર વિભાવરૂપે પરિણમેલો છે, સ્વભાવરૂપે નથી. છૂટો સ્વભાવરૂપે હતો. અહીં વિભાવરૂપે (થયો). વિભાવરૂપે પરિણમન એની પોતાની પર્યાયની લાયકાતથી થયેલું છે. પેલા સ્કંધના રજકણો તો નિમિત્ત છે, ઉપાદાન તો એનું પોતાનું છે. સમજાણું કાંઈ? એ પ્રશ્ન ત્યાંથી એની કોરથી ઇસરીથી આવે છે. સમજાણું કાંઈ? કેમ આ સ્કંધમાં પરમાણુ વિભાવરૂપે થયો છે? કે નક્કી સ્કંધની કાંઈક અંદર અસર છે. સ્કંધના સંબંધે પરમાણુ વિભાવરૂપે પરિણમ્યો છે. એકલો પરમાણુ છે એવો અહીં કેમ ન રહ્યો? 'પંડિતજી'! સમજાણું કાંઈ? એકલો પરમાણુ છે એવો અહીં કેમ ન રહ્યો? માટે વિભાવરૂપ સ્કંધને કારણે થયો. એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સૂક્ષ્મ હતો તે સ્થૂળ થયો.

ઉત્તર :– સ્થૂળ થયો પણ સ્થૂળ કેમ થયો? પોતાને કારણે થયો.

મુમુક્ષુ :– સ્થૂળમાં આવ્યો માટે નહિ?

ઉત્તર :– નહિ. 'કાંતિભાઈ દેસાઈ'એ એ પ્રશ્ન ઘણા વર્ષ પહેલા કર્યો હતો. આમ કહે છે કે જુઓ! એકલો પરમાણુ સૂક્ષ્મ હોય એવો જ અહીં સૂક્ષ્મ રહ્યો છે? અહીં આવ્યો એટલે સ્થૂળ

થયો છે. અહીં સ્થૂળ નથી થયો તો એક પરમાણુ સ્થૂળ નથી તો બધું સ્થૂળ નથી. માટે સ્થૂળ થયો તે સ્થૂળના સંગે સ્થૂળ થયો. એમ નથી. સમજાણું કાંઈ?

એમ જીવ પણ કર્મના સંગે છે માટે કર્મના સંગને લઈને વિભાવરૂપી ગતિ કરે કે વિભાવરૂપ પરિણમે એમ નથી. સમજાણું કાંઈ? વાત તો સ્વતંત્ર બધી આવી ગઈ. જ્ઞાનાવરણીય કર્મના સંબંધમાં છે માટે જ્ઞાન હીણુ પરિણમે છે એમ નથી. પોતાની હીણા પરિણમવાની તે સમયની પર્યાયની યોગ્યતાથી પરિણમે છે. કર્મનું, જડનું, દર્શનમોહનું નિમિત્ત છે માટે અહીં રાગ-દ્વેષ મિથ્યાત્વ થાય છે, એમ નથી. અહીં પર દ્રવ્યની સ્વતંત્ર વાતનું વર્ણન કર્યું ને? મિથ્યાત્વ અને રાગ-દ્વેષપણે પણ વિભાવપણે પણ જીવ તે તે સમયની તે તે યોગ્યતાથી સ્વતંત્ર (પરિણમે) છે. નિમિત્ત ભલે હો. પણ નિમિત્ત હો માટે આ પરિણમન છે એમ નથી. એ નિમિત્તની હયાતી છે માટે વિભાવની હયાતી છે એમ નથી. એની પોતાની પર્યાયની ... પરિણમની હયાતી (છે) માટે વિભાવની હયાતી છે. આહાહા..! મોટા વાંધા તમારે ત્યાં. કર્મથી આમ થાય.

જુઓને! કેટલો ખુલાસો કર્યો છે! અહીં પરમાણુ સ્કંધમાં છે. દરેક પરમાણુ ગતિમાં વિભાવગતિરૂપે પરિણમેલો છે. તો કેમ? કે આ ઝાઝા ભેગા છે માટે? ના. પોતે સ્વતંત્ર તે સમયની પર્યાયે, વિભાવરૂપે થયો છે અને સ્થિર થયો છે એ પણ વિભાવરૂપે પોતે વિભાવરૂપે હોવાથી (પરિણમ્યો છે). પરને કારણને નહિ, એ વખતે સ્થિર છે. આ સ્થિર થઈ ગયો છે આમ. સમય સમયનો પરમાણુ અને જીવનો વિભાવપર્યાય પણ ભિન્ન-ભિન્ન સમયનો સ્વતંત્ર છે. આહાહા..! કહો, 'ભીખાભાઈ'! એ કહ્યું ને? જિનપતિના માર્ગમાં આ હોય છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એના માર્ગમાં આ વર્ણન હોય છે, બીજે હોતું નથી. એ ૧૬મો કળશ થઈ ગયો. ૯મી ગાથા થઈ. દસમી.

**जीवो उवओगमओ उवओगो णाणदंसणो होइ ।**
**णाणुवओगो दुविहो सहावणाणं विहावणाणं ति ।।१०।।**
**ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.**

જુઓ! વર્ણન કર્યું છે. **'અહીં (આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે. આત્માનો ચૈતન્ય-અનુવર્તી પરિણામ તે ઉપયોગ છે.'** જુઓ! વ્યાખ્યા. ભગવાનઆત્મા ચૈતન્ય, એનો અનુવર્તી, એને અનુસરીને થનારા પરિણામ, એ ઉપયોગ (છે). ભાષા જુઓ! જીવમાં કેવળજ્ઞાનરૂપી પરિણમન થાય, મતિજ્ઞાનરૂપ થાય, શ્રુતજ્ઞાનરૂપ થાય, અવધિરૂપ થાય, મનઃપર્યયરૂપ થાય, કે અવગ્રહ, ઇહા, અવાય, ધારણારૂપ થાય, એ પોતે ચૈતન્યને અનુસરીને થનારા પરિણામ છે. કર્મને અનુસરીને થનારા પરિણામ એ છે નહિ. શું છે? 'સેઠી'!

**'આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને...)'** જે કંઈ અવગ્રહ થાય. મતિના ચાર ભેદ છે ને? અવગ્રહ, ઇહા, અવાય, ધારણા. એ પર્યાય પણ ચૈતન્યને અનુસરીને થાય છે. સાંભળવાને કારણે કે કર્મના અભાવને કારણે આમ થાય છે એમ નથી. 'પંડિતજી'! શું અવગ્રહ થાય છે તો વિભાવજ્ઞાન છે? એ કહેશે. વિભાવજ્ઞાન છે એ ચાર જ્ઞાનને વિભાવજ્ઞાન કહેશે. કેવળજ્ઞાનને સ્વભાવજ્ઞાન કહેશે. છતાં ચાર જ્ઞાનના બધા પેટા ભેદો, અવગ્રહ, ઇહા, અવાય, ધારણા શ્રુતના પણ, થોડું શ્રુત, વિશેષ શ્રુત બધું, એવું જે પરિણામ એ ચૈતન્યને અનુસરીને (થાય છે). આત્મા દ્રવ્ય, એનો ચૈતન્ય ગુણ એને અનુસરીને પરિણામ થાય છે. આ દ્રવ્ય-ગુણ ને પર્યાયની સ્વતંત્રતા. સાંભળવાને અનુસરીને પરિણામ થતા નથી એમ કહે છે. શું છે? 'સેઠી'! શું કહે છે? હજી થોડું ખોલો એમ કહે છે.

**'આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ...'** પરિણામમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવલજ્ઞાન. અને મતિના ભેદો અને શ્રુતના ભેદો જેટલા અંદર પર્યાયમાં દેખાય, એ બધા પર્યાય પરિણામ ચૈતન્યને અનુસરીને થયા છે. પંડિતજી! આ જુઓ તો ખરા! શું છે? કર્મના ક્ષયોપશમના કારણે થયા એમ નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એમ છે. વસ્તુની સ્થિતિ એવી છે.

**'(ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે.'** જુઓ ભાષા! આહાહા..! એક જ શબ્દમાં... જે અંતર જ્ઞાનના, મતિના, શ્રુતના પરિણામ થાય છે, એ એના દ્રવ્યના ગુણને અનુસરીને થાય છે. સાંભળવાને અનુસરીને થાય છે, વાંચવાને અનુસરીને થાય છે શબ્દોમાંથી અહીં, એમ નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ! કહો, આ કહે છે કે નહિ? આ ચશ્મા હોય તો અંદર જાણવાનો ઉપયોગ થાય. બિલકુલ જૂઠ વાત છે. તે સમયના જ્ઞાનના ઉપયોગના પરિણામ તે દ્રવ્યને અને ગુણને અનુસરીને થયા છે. ચશ્માને અનુસરીને થયા નથી. જુઓ! આમાં છે કે નહિ પણ?

મુમુક્ષુ :– સાંભળીએ છીએ તો વિચાર બદલાય છે કે નહિ?

ઉત્તર :– વિચાર બદલાય છે, આત્મદ્રવ્યને અનુસારે બદલાય છે. આ તત્ત્વની વિપરીતતાની નિકાલવર્તી ચીજ બતાવે છે.

આત્મા પોતાનો સ્વભાવ જે જ્ઞાન-દર્શન. અહીં ઉપયોગ તો હજી બે છે ને? જ્ઞાન અને દર્શન બે. ચૈતન્ય આત્મા અને એનો જ્ઞાન-દર્શન ગુણ. એનામાં જેટલી જ્ઞાન, દર્શનની પર્યાય પરિણામ થાય, એ બધા આત્માને અનુસરીને છે. નિમિત્તને અનુસરીને, વાણીને અનુસરીને, સાંભળવાને અનુસરીને, પાનાને અનુસરીને કે કર્મના ક્ષયોપશમને અનુસરીને તે પરિણામ (થાય)

છે એમ છે નહિ. આહાહા..! 'કલ્યાણજીભાઈ'! આવું વીતરાગનું તત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? સાધારણ વાત હોય પણ એમાં સ્વતંત્રતાનો ઢંઢેરો છે. આહાહા..!

મુમુક્ષુ :– જીવની પર્યાય...

ઉત્તર :– જીવની પર્યાય જીવને અનુસરીને થાય છે.

મુમુક્ષુ :– ચાહે તો સ્વભાવ પર્યાય હો કે...

ઉત્તર :– કે વિભાવપર્યાય હો. ઓલા કહે છે ને? નો કીધું? સંસારી પ્રાણીને તો પુદ્‌ગલના સહારાથી જ બધું કામ ચાલે છે. એમ આવ્યું હતું. અરે..! ભગવાન! શું કરે છે તું આ? એક એક સમયની જ્ઞાનની પર્યાય. મતિની, અવગ્રહની, ઇહાની, અવાયની, ધારણાની, એ એક એક સમયની પર્યાય ચૈતન્યને અનુસરીને થયેલી છે. નિમિત્તને અનુસરીને, સાંભળવાને અનુસરીને નહિ. એનું નામ અનેકાંત છે. એમ નહિ કે એને અનુસરીને થઈ અને સાંભળવાને અનુસરીને પણ થઈ, એમ બે કહો તો અનેકાંત થાય. એમ નથી. 'પંડિતજી'! આ બધા પંડિતાઈના ઝઘડા.

મુમુક્ષુ :– ... સિદ્ધ નથી થતું.

ઉત્તર :– સિદ્ધ નથી થતું. પોતાના જ્ઞાનની પર્યાયનો એ સમયનો અંશ પોતાથી છે, એમ પરના કારણે છે એમ સિદ્ધ નથી થતું. આહાહા..! સમજાય છે કાંઈ? એય..! 'ભીખાભાઈ'!

જુઓ! **'(આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે. આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો)...'** થનારો, પરિણમનારો **'પરિણામ તે ઉપયોગ છે.'** જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે માટે મતિના પરિણામ થાય છે એમ નથી, એમ કહે છે. ભાઈ! આ લખાણ આખા 'ગોમ્મટસાર'માં તો એ આવે, લ્યો! એ તો નિમિત્ત શું છે તેનું જ્ઞાન કરાવ્યું છે.

મુમુક્ષુ :– હોય જ.

ઉત્તર :– હોય છે. કે દિ' નથી? એનો પ્રશ્ન જ ક્યાં છે? અહીં પોતાના પરિણામ મતિના જેટલા ભેદ છે, તે માંયલો કોઈપણ ભેદ પોતામાં થાય એ પોતાને અનુસરીને થયેલો છે. કહો, 'ભીખાભાઈ'! આ સાંભળવાને અનુસારે નહિ એમ કહે છે. વાંચીને અનુસરીને નહિ. જુઓ તો ખરા!

મુમુક્ષુ :– તે નિમિત્ત તો રહે છે.

ઉત્તર :– ત્યારે નિમિત્ત છે તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે ત્યારે રહે છે.

મુમુક્ષુ :– નિમિત્તની વાત ન કરો ત્યાં સુધી મજા પડે નહિ.

ઉત્તર :– નિમિત્ત પણ પરદ્રવ્ય છે. એવી પોતાની પર્યાયના કાળે તે પર્યાય પરિણમે છે, ત્યારે એનું સ્વતંત્રપણું છે. આને કારણે નિમિત્તપણે પરિણમે છે એમ છે? એને કારણે નહિ, આને કારણે નહિ. આહાહા..! જૈનદર્શનનું કોઈપણ તત્ત્વ એક બોલમાં એટલું સ્વતંત્ર ઉભું થાય છે.

મુમુક્ષુ :– મોક્ષની સિદ્ધિ સ્વતંત્રતાથી થાય છે.

ઉત્તર :– સ્વતંત્રતાથી સિદ્ધિ થાય છે. આહાહા..!

અહીં તો કહે છે કે **'આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને...)'** આત્મા દ્રવ્ય, ચૈતન્ય ગુણ એને અનુસરીને થનારો પરિણામ તે પર્યાય. ભાષા તો જુઓ! દ્રવ્ય-ગુણ અને પર્યાય. દ્રવ્ય એટલે આત્મા, ચૈતન્ય ગુણ, એની જેટલી ઉપયોગની જાણવા-દેખવાની પર્યાય (થાય) એ ચૈતન્યને અનુસરીને થાય છે. જુઓ! આ બધા ચશ્માથી થાય, ફલાણાથી થાય, મોટી તકરારો કરે છે ને?

મુમુક્ષુ :– હા પણ ચશ્મા તો ચડાવવા પડ્યા.

ઉત્તર :– કોણ ચડાવે? ચડાવે કોણ ને ઉતારે કોણ? એ તો એની જડની ક્રિયા છે. એ તો આવી ગયું નહિ? આ પરમાણુ વિભાવરૂપે પરિણમિત છે. વિભાવરૂપે પરિણમીને સ્થિર રહે છે એ તો એને કારણે. શું આંગળીને કારણે, નાકને કારણે અંદર સ્થિર રહ્યુંછે?

મુમુક્ષુ :– દેખાય તો છે.

ઉત્તર :– શેનું દેખાય છે? દેખાય તો આ આમાં છે એમ દેખાય અને આ આમાં છે એમ દેખાય. આ આને લઈને છે એમ કોણ દેખે છે? 'ભીખાભાઈ'! વીતરાગ સર્વજ્ઞનું તત્ત્વ, છ દ્રવ્યની આ વ્યાખ્યા ચાલે છે. એમાંથી ઉપયોગની વ્યાખ્યા લીધી. ચૈતન્યનો પહેલો ઉપયોગ લક્ષણ છે ને? આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્ય-ગુણ-પર્યાયથી તાદાત્મ્ય કહ્યું હતું.

ઉત્તર :– એની પોતાથી છે. સમજાણું કાંઈ? આહાહા..! આવે છે એને અનુસરીને, પણ માને છે કે આને લઈને થયું. મિથ્યાભ્રમ અજ્ઞાન છે ઇ. પહેલા વિચાર એવા નહોતા અને અત્યારે આવા નવા વધારાના થયા. માટે તો કાંઈ ફેર પડ્યો કે નહિ આ સાંભળવાને અનુસારે? ના. એમ કહે છે. તે કાળે પણ તે પરિણામ તેના ચૈતન્યને અનુસરીને થયેલા છે. કહો, સમજાણું કાંઈ?

આહાહા..! એમ કહે છે, કે ભગવાનઆત્મા વસ્તુ અને એમાં ચૈતન્ય ગુણ ત્રિકાળ છે. હવે ગુણની પર્યાયમાં અહીં ઉપયોગ ગુણ લેવો છે ને? ઉપયોગની જે પર્યાય થાય છે, તે પર્યાય ગુણને અનુસારે જ થાય છે. એની લાયકાત તે સમયની પર્યાય (થવાની છે) એ ગુણના અનુસારે થાય છે. પરને અનુસારે થાય છે એમ નથી. ઉપયોગની વર્તમાન પર્યાય પોતાથી પોતાને અનુસરીને થાય એમ માને તેને વાસ્તવિક ચૈતન્યના ઉપયોગને વર્તમાન સ્વતંત્ર માન્યો. પણ જે એમ માને

કે પરને લઈને થાય તેણે આત્માના ઉપયોગને માન્યો નથી. એ તો પરને લઈને થયો એમ માન્યું અને પર હતું તો થયો (એમ માને છે). કહો, સમજાણું કાંઈ?

'લીંબડી'માં અમારે 'ચંદ્રશેખર' સાથે થયું હતું ને? તમારી સાથે કરીએ. વિચાર ... આમ વાદવિવાદ કરવો નહિ પણ આપણે વિચાર કરીએ. એ તો સમજવું હોય એ બધું સમજે. અમે કોઈ એની સાથે વિવાદ કરતા નથી, વિચાર કરતા નથી. અમારી વાત સૂક્ષ્મ છે. કીધું ભાઈ. આ તમારા માણસ સમજે અને અમે ન સમજીએ? અરે ભગવાન! સમજવા માટે ક્યાં આવ્યા? તમે તો વાદ કરવા આવ્યા છો. પછી થોડી વાત થઈ ત્યાં બોલો આ બધાને પૂછો કે જુઓ! આ ચશ્માથી જ્ઞાન થાય છે કે નથી થતું? ચશ્મા ન હોય તો થાય? બોલો. તમારો પ્રશ્ન આવી ગયો, કીધું, ચર્ચા થઈ ગઈ. આકરું કામ, બહુ આકરું કામ. એય..! 'ચંદ્રશેખર' છે ને? 'જીવાપ્રતાપ'નો ભત્રીજો હમણા નથી દેખાતા. દમનો રોગ છે. ભાઈને ખબર છે. હમણા 'ભાવનગર' આવ્યા હતા. એ આત્મા છે, હોં!

મુમુક્ષુ :– એને એવું ભાસ્યું તો શું કરે?

ઉત્તર :– એ શું કરે? વાત એવી છે કે આ વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે એનો જે સમયનો જે પર્યાય, જ્ઞાન અને દર્શનનો, ચક્ષુનો, અચક્ષુનો, અવધિનો, કેવળજ્ઞાનનો, કીધું ને? કેવળજ્ઞાનના પરિણામ થયા એ જીવના ચૈતન્યને અનુસરીને થયા છે. એ સંઘેયણ મજબુત છે ને જ્ઞાનાવરણીનો ક્ષય થયો માટે કેવળજ્ઞાન થયું. એમ નથી. આહાહા..! જૈનમાં તો એ લાકડું (ગરી ગયું છે), જ્ઞાનાવરણીયથી (જ્ઞાન હીણું થાય).

આ વસ્તુ સ્વતંત્ર સત્ય એવી છે. આહાહા..! ભગવાન! જેમ દ્રવ્ય સ્વતંત્ર છે. જેમ કોઈની અપેક્ષા છે નહિ. એનો ગુણ પણ સ્વતંત્ર છે, કોઈની અપેક્ષા નથી, એમ એક સમયની પર્યાય પણ ખરેખર સ્વતંત્ર છે. અહીં તો હજી ચૈતન્યને અનુસરીને કહ્યું. કેમ કે ઉપયોગ છે ત્રિકાળીમાંથી અનુસરીને એમ કહ્યું. નહિતર તો તે સમયનો પર્યાય તે ગુણ વિના સ્વતંત્ર છે. એ તો 'ચિદ્‌વિલાસ'માંથી બતાવ્યું હતું. 'ચિદ્‌વિલાસ'. ગુણ વિના પર્યાય, પર્યાયનું કારણ છે. અહીં તો હજી ગુણને અનુસરીને લેવું છે.

મુમુક્ષુ :– પર્યાયને પણ સ્વતંત્ર બતાવી છે.

ઉત્તર :– સ્વતંત્ર છે. આહાહા..! એમ છે. આહાહા..! કંઈ ખબર નહિ ને ઝઘડા અને વાદવિવાદ (કરે). 'વાદવિવાદ કરે સો અંધા. સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા.' આ તો સહજનો ધંધો છે. આ જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાયું, જ્ઞાનાવરણીયમાં ક્ષયોપશમ ન હોય તો જ્ઞાન (ઉઘડે નહિ). આ 'રતનચંદજી' તો બહુ લખે છે. જરા કંઈક પ્રશ્ન આવ્યો અને કર્મને લઈને આમ થયું, કર્મને લઈને આમ થયું. 'રતનચંદ' છે ને? 'મુખત્યાર'.

મુમુક્ષુ :– ધવલમાં એમ લખ્યું છે.

ઉત્તર :– ભલે લખ્યું પણ કઈ નયનું લખાણ છે એ સમજ્યા વિના? આ યથાર્થ નયનું કથન છે. એ વ્યવહારનયનું કથન છે. નિમિત્તનું. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઉપયોગ ધર્મ છે, જીવ ધર્મી છે.'** બાર પ્રકારનો ઉપયોગ, એનો પર્યાય એ ધર્મ છે. ધર્મ એટલે એણે ધારી રાખેલો ધર્મ. ધર્મ એટલે આ મોક્ષમાર્ગ અત્યારે નહિ. ઉપયોગ જીવે ધારી રાખ્યો માટે ધર્મ અને આત્મા ધર્મી. સમજાય છે કાંઈ? **'ઉપયોગ ધર્મ છે, જીવ ધર્મી છે.'** આહાહા..! આવા કથનો સંતોએ, દિગંબર મુનિઓએ એટલા ટૂંકા શબ્દોમાં એકદમ છ દ્રવ્યનો ઢંઢેરો પીટ્યો. દરેક સમયની તે તે વૈભાવિક કે સ્વભાવિક પર્યાય, તેનો કર્તા તે દ્રવ્ય છે. બીજો નહિ, નહિ ને નહિ. છએ દ્રવ્યની વહેંચણી થઈ ગઈ અહીં તો. ચાર તો શુદ્ધ જ છે. બે અશુદ્ધ (થાય છે), જીવ અને પુદ્ગલ. તો પણ કહે છે કે અહીં ચાર જ્ઞાન અને ચાર દર્શન વિભાવ કહેશે અને કેવળજ્ઞાન, કેવળદર્શનને સ્વભાવ કહેશે. છતાં એ બધો સ્વભાવ કહો, વિભાવ કહો પણ એ પોતાને અનુસરીને થયેલ છે. સમજાણું કાંઈ? આહાહા..! ગજબ વાત છે ને! સ્વતંત્રતાના ઢંઢેરા... આહાહા..! એ સ્વતંત્ર છે. ઢંઢેરો એટલે? એમ છે. એમ પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

આ આંખો ન હોય તો કાંઈ ઉપયોગ કામ કરે? કહો, ઠીક. કાન ફૂટી જાય તો સાંભળવાનો ઉપયોગ કામ કરે? એય..! 'દેવાનુપ્રિયા'! ભગવાન! દરેક સમયની પર્યાય હીણી હો, અધિક હો કે વિપરીત હો, એ પોતાને અનુસરીને થઈ રહી છે. પરની કોઈ અપેક્ષા છે નહિ. નિશ્ચયનું સ્વતંત્રનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ? જ્ઞાનનો પર્યાય આવે છે અંદરથી, છતાં અજ્ઞાનીને ભાસ થાય છે કે આ, આ એમાંથી થયો. એ ભ્રમ થઈ જાય છે એને. 'પોપટભાઈ'! આહાહા..! એવી સ્પષ્ટતા... મુનિઓ સંતો દિગંબરોએ સર્વજ્ઞને અનુસરીને પંથ થંભાવી રાખ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ તો (સંવત) ૧૯૭૧માંથી આ કહ્યું. 'લાઠી'ના ચોમાસામાં. ૧૯૭૧. ૫૬ વર્ષ થયા. જ્ઞાન, દર્શન અને વિકાર કર્મને લઈને બિલકુલ નહિ. જરીયે નહિ. પોતાને કારણે છે. ખળભળાટ થઈ ગયો હતો, ખળભળાટ થઈ ગયો. 'દામોદરશેઠ' બહુ કર્મના માનનારા હતા. કર્મપક્ષી બહુ કર્મપક્ષી. તમારે વાતચીત થઈ હતી. એ આને ગણે પણ નહિ. એવા સત્તાપ્રિય. ચર્ચા તમારે બહુ થઈ હતી. અરે..! આહાહા..! કર્મને લઈને થાય, કર્મ વિના ન થાય, આવું કોણે શીખવ્યું? અમારા ગુરુએ તો શીખવ્યું નહોતું. એમ કહેતા. 'હિરાજી મહારાજે' તો કહ્યું નહોતું. તો આ ક્યાંથી લાવ્યા?

મુમુક્ષુ :– અંદરના ગુરુ પાસેથી.

ઉત્તર :– આ પડાઈ ઊડીને ક્યાં જશે?

મુમુક્ષુ :– 'સોનગઢ'.

ઉત્તર :– એમ કહેતા.

મુમુક્ષુ :– એ સમયે 'સોનગઢ' હતું જ નહિ.

ઉત્તર :– 'સોનગઢ' હતું નહિ. પરિવર્તન પણ કાંઈ હતું નહિ. ૫૬ વર્ષ પહેલા. ૧૯૭૧ ની સાલ. સંવત્ ૧૯૭૧. ૧૯૭૦માં દીક્ષા લીધી. આ ૧૯૭૧ની વાત છે. બપોરે વ્યાખ્યાન ચાલતું હતું. આઠમ અને ચૌદશ ને પાખી. એ લોકો પાખી કરે છે ને? ત્યારે એક કલાક મને કહેતા હતા, તમે વાંચો. પછી એમાં આવતું હતું. બધા સાંભળે. એમ કહે કે આ તો કાંઈક નવું કહે છે. આ ગુરુએ કહ્યું નથી. એ 'હિરાજી મહારાજ' પાછળ બેઠા, એ સાંભળે. કંઈક દાખલો આપ્યો. ભગવતીમાં પહેલા શતકના ત્રીજા ઉપદેશમાં આમ કહ્યું છે, કે પોતાના ઉઠાંતરના બળે વીર્ય પુરુષાર્થથી જ્ઞાનની, દર્શનની, આનંદની વગેરે વિકારી આદિ પર્યાય પોતાથી થાય છે. પરથી થાતી નથી.

મુમુક્ષુ :– ભગવતીનું નામ આવે એટલે બોલી ન શકે.

ઉત્તર :– બોલી ન શકે. પણ તે દિ' તો આ હતું જ ક્યાં? આ વાંચ્યું જ હતું ક્યા? દિગંબર શાસ્ત્રો વાંચ્યા નહોતા.

મુમુક્ષુ :– બહુ જલ્દી હકીકતને પકડી.

ઉત્તર :– માર્ગ તો આ છે. કર્મને લઈને થાય છે એ વાત બિલકુલ આ જૈનશાસનમાં છે નહિ. 'કલ્યાણજીભાઈ'! આ જુઓ! નીકળ્યું આ. છે કે નહિ અંદર?

મુમુક્ષુ :– ભગવતીસુત્રમાં આ લખ્યું હતું?

ઉત્તર :– હા. એ કાઢ્યું હતું. પણ એ થોડી અટપટી ભાષા છે. થોડી કઠિન ભાષા છે. કાંક્ષામોહનીની ભાષા છે ત્યાં. કાંક્ષામોહની જે મિથ્યાત્વ કરે છે એ પોતાના પુરુષાર્થથી કરે છે એવો પાઠ અંદર છે. એમાંથી આ બધા સિદ્ધાંત કાઢ્યા. કાંક્ષામોહની એટલે મિથ્યાત્વ. ... મિથ્યાત્વ એ કાંક્ષામોહની પોતાના પુરુષાર્થથી કરે છે. પુરુષાર્થથી, વીર્યથી એમ પાઠ છે. એટલે એમાંથી કોઈ એકદમ કાઢી ન શકે. ભગવતી વાંચ્યું. પહેલુંવહેલું જ વાંચ્યું (સંવત) ૧૯૭૧ માં. વાંચ્યું અને કીધું આ તો આમ છે. શ્વેતાંબર શાસ્ત્રમાંથી કાઢ્યું હતું. તે દિ' તો આ ક્યાં વાંચ્યું હતું? આ તો ૧૯૭૮માં બધું હાથમાં આવ્યું. ૧૯૭૮. આવો માર્ગ છે ભગવાનનો કીધું, ભાઈ! કર્મને, કર્મને લઈને કહો એ આપણને બેસતું નથી. અમને એ વાત બેસતી નથી. કહો, 'હરિભાઈ'! સમજાય છે આમાં? આ બધું આવું ઝીણું છે. અહો..! ભગવાનઆત્મા. અને ઉપશમ કરે તો પણ પુરુષાર્થથી કરે એવો ત્યાં પાઠ છે. કર્મ ઉપશમ થઈ જાય એની મેળે અને અહીં થઈ જાય એમ નહિ. પોતાના પુરુષાર્થથી પોતાનો ભાવ ઉપશમ કરે. કર્મનો ઉપશમ કર્મને કારણે. આત્મા પોતાના પુરુષાર્થથી કરે છે.

અહીં તો જુઓ શું કહ્યું? એક જ શબ્દમાં ગજબ કર્યો છે! ઓ..હો..! આત્મા વસ્તુ, એમાં જ્ઞાન અને દર્શન શક્તિ ચૈતન્ય ગુણ, એની સમયે સમયે જે કાળે જે પર્યાય ઉપયોગની થાય, તે

કાળે તે પર્યાય તેના ગુણને અનુસરીને થાય. એક જ સિદ્ધાંત. કહો, સમજાણું કાંઈ? જ્ઞાની પાસેથી જ્ઞાન મળવું જોઈએ એવા શબ્દો 'શ્રીમદ્'માં આવે. એ બધી વ્યવહારની વાતું છે. કારણ કે જ્ઞાનીઓના શબ્દો એને કાને પડે છે. પણ પડતાં એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય ત્યારે જ્ઞાન એને થાય છે. આમ ન જાય તો પણ અજ્ઞાનીને જે કાંઈ જ્ઞાન થાય છે એ દ્રવ્યને અનુસરીને થાય છે. અહીં તો બહાર ઉપયોગ છે ને? મતિ, શ્રુત અને વિભંગ અજ્ઞાન, એ પણ પોતાના ચૈતન્યને અનુસરીને થાય છે. અહીંયા બહાર ઉપયોગ છે ને? સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો છે, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– તે પર્યાય પણ સ્વતંત્ર.

ઉત્તર :– સ્વતંત્ર. અહીં તો હજી ગુણને અનુસરીને કહ્યું છે. ત્યાં 'પ્રવચનસાર'ની ૧૦૧ ગાથામાં કહ્યું છે કે, જે કાંઈ કેવળજ્ઞાન કે મતિ આદિનો પર્યાય ઉત્પન્ન થાય એ ઉત્પાદ, ઉત્પાદને આશ્રયે છે. ધ્રુવને આશ્રયે નહિ, વ્યયને આશ્રયે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ક્રમબદ્ધ થઈ જાય.

ઉત્તર :– ક્રમબદ્ધ જ છે. પણ ક્રમબદ્ધ એમ માનવું એમ નહિ. વસ્તુમાંથી પર્યાય આવે છે એ વસ્તુ કેવી છે? એનું ભાન થયે એને ક્રમબદ્ધનું જ્ઞાન સાચું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જૈન વીતરાગ માર્ગ, બાપા! ગંભીર માર્ગ છે. જેને ગણધરો–ચાર જ્ઞાનના ધણી જેની રચના કરે, છતાં એ ભગવાનને સાંભળે. આહાહા..! ઇન્દ્રો, ત્રણ જ્ઞાનના ધણી શક્રેન્દ્ર અને એની પત્ની એકાવતારી, એક ભવે મોક્ષ જનારા. આહાહા..! અરે..! આસ્થા તો લાવ, આસ્થા તો લાવ. એવા જીવો છે, એ જીવો પણ ભગવાન પાસે સાંભળે, છતાં એ એમ માને છે કે આ મારો પર્યાય મારે અનુસરીને થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ચૈતન્ય અનુસારી

ઉત્તર :– પોતાને અનુસરીને. બહારથી તો એમ બોલે, હે નાથ! 'ભરત ચક્રવર્તી'એ કહ્યું ને? 'ઋષભદેવ' ભગવાન જ્યારે મોક્ષ પધાર્યા. શું કહેવાય? અષ્ટાપદ. 'ભરતચક્રવર્તી'ને ખબર પડી કે ભગવાન મોક્ષ પધાર્યા. આવ્યા. આમ જોતાં આંસુની ધારા ચાલી જાય છે. ઇન્દ્ર, શક્રેન્દ્ર પણ આવ્યા છે. એ તો ઘણા ઇન્દ્રો બદલાઈ ગયા, હોં! અત્યારે બીજા ઇન્દ્ર છે, એ વખતે બીજા (હતા). 'ઋષભદેવ' ભગવાનના વખતમાં નહિ. એ તો બીજા ઇન્દ્ર હતા. અત્યારે બીજા ઇન્દ્ર છે. એ ઇન્દ્ર આવ્યા. કેમ 'ભરત'! અરે..! આ સૂર્ય ભરતનો આજે અસ્ત થાય છે. અરે..! અમારા સમાધાન કરવાનો સૂર્ય જાય છે. એ તો એમ બોલ્યા. અહીં તો કહે છે કે સમાધાનની પર્યાય તો અંદરથી આવે છે. પણ વ્યવહારની રીત જ એવી હોય છે. ભાષા અને વ્યવહારના કથન એવી

જાતના હોય. વિનય છે, બહુમાન છે. ક્ષાયિકસમકિતી છે. ત્રણ જ્ઞાન છે એ વખતે. મતિ, શ્રુત, અવધિ. 'ભરત'ને.

મુમુક્ષુ :– તદ્‌ભવ મોક્ષગામી છે.

ઉત્તર :– એ ભવે મોક્ષ. ઇન્દ્રે કહ્યું. 'ભરત'! તમારે તો આ ભવે મોક્ષ છે ને. અમારે તો હજી એક દેહ ધારણ કરવાનો છે. ઇન્દ્ર છીએ અમે, મનુષ્ય થઈને અમે મોક્ષ જઈશું. તમે તો આ ભવે (મોક્ષ જશો). (ભરતજી કહે છે), ઇન્દ્ર! ખબર છે બધી. પણ આ વિકલ્પ એવો આવ્યા વિના રહેતો નથી. એ કારણે, એ યોગ્યતાને લઈને એ વિકલ્પ આવે છે. છતાં એ માને છે કે મારી જ્ઞાનની દશાના સમાધાન મારે અનુસરીને થતા હતા. ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ?

**'ઉપયોગ ધર્મ છે, જીવ ધર્મી છે. દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે.'** દીપક તે ધર્મી છે, પ્રકાશ તે ધર્મ છે. એમનો સંબંધ છે. કહો, સમજાણું? પાછળ આવશે, ઉપયોગની વ્યાખ્યામાં ક્યાંક. ૩૧૯ લખ્યું છે. પાનું ૩૧૯ છે ને? (શુદ્ધોપયોગ અધિકારમાં છે) ૩૧૯ માં છે. આ જ્ઞાનનો ધર્મ તો દીવાની માફક સ્વપરપ્રકાશકપણું છે. દીવાની ઊપમા છે. ૩૧૯ પાનું છે. આ જ્ઞાનનો ધર્મ તો દીવાની માફક સ્વપરપ્રકાશકપણું છે. એવી વચમાં લીટી છે. આ તો વાંચ્યું હોયને એટલે લખ્યું હોય. વાર લાગે, ભાઈ! પાનું પાછું છૂટું પડવું જોઈએને. આ જ્ઞાનનો ધર્મ તો દીવાની માફક સ્વપરપ્રકાશકપણું છે. છે કે નહિ? ઓહોહો..! હજી તો જ્ઞાન કે દર્શનની એક સમયની પર્યાય એની સ્વતંત્રતાથી થાય એવી પણ હજી ખબર નથી અને આને લઈને થાય એ તો મોટી ભ્રમણામાં પડ્યા છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે. જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે...'** જ્ઞાન-દર્શનના ભેદથી ઉપયોગના બે પ્રકાર છે. **'(અર્થાત્ ઉપયોગના બે પ્રકાર છે : જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ). આમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે...'** જુઓ! પાછા જ્ઞાન ઉપયોગના બે પ્રકાર. પહેલો ઉપયોગ સાધારણ કહ્યો. એ ઉપયોગના બે પ્રકાર : જ્ઞાન અને દર્શન. હવે જ્ઞાનઉપયોગના પણ બે પ્રકાર. એક સ્વભાવ અને વિભાવ. દરેક સમયની પર્યાય સ્વતંત્ર છે. વિભાવ હો કે સ્વભાવ હો. આહાહા..!

**'(અર્થાત્ જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : સ્વભાવજ્ઞાનોપયોગ અને વિભાવજ્ઞાનોપયોગ)...'** સ્વભાવજ્ઞાન તો કેવું છે? **'અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે;....'** આહાહા..! સ્વભાવજ્ઞાન, એના બે પ્રકાર કહેશે પાછા. **'સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ,..'** છે. બાધા-પીડા રહિત છે. નિમિત્તની કોઈ બાધા નથી. સ્વભાવજ્ઞાન પણ કારણ અને કાર્ય બે પ્રકારનું છે. **'(અર્થાત્ સ્વભાવજ્ઞાનના પણ બે પ્રકાર છે : કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન). કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે...'** એ સ્વભાવજ્ઞાન છે.

ઉપયોગ છે એના બે ભેદ. જ્ઞાન અને દર્શન. જ્ઞાનના બે ભેદ, સ્વભાવ અને વિભાવ. સ્વભાવજ્ઞાનના બે ભેદ, કારણસ્વભાવ અને કાર્યસ્વભાવ. સમજાણું કાંઈ?

**'(કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન). કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે.'** લ્યો. એ શું કહ્યું? કેવળજ્ઞાન પણ ચૈતન્યને અનુસરીને હોવાવાળું કેવળજ્ઞાન છે. એમ પહેલો શબ્દ છે એ ત્યાં લઈ લેવો. કેવળજ્ઞાન, કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય એમ કહે છે. 'સોનગઢ'વાળા કહે છે કેવળજ્ઞાન પર્યાય પોતાથી થાય, ત્યારે કેવળજ્ઞાનાવરણીય એને કારણે નાશ થાય. એમ નહિ, કેવળજ્ઞાનાવરણીય નાશ થાય તો કેવળજ્ઞાન થાય એમ લ્યો. એય..! એ શું? 'રતનચંદજી' એમ લખે છે. બહુ લખે છે... બહુ લખે છે. બિચારા લોકોને ભાન ન મળે. વાણિયાને વખત ન મળે. કેટલાક તો ચોવીસ કલાકમાં કલાક, બે કલાક આવે. એમાં ઓલા માથે બેસે એ વાતું કરે. સાંભળીને જવું. ભાન ન મળે કાંઈ. દસ બોઘા, દસ બોઘરી, દસ બોઘા કા બચ્ચા, માથે કહે ગપ્પા, પેલો કહે, સચ્ચા. ભાન ન મળે. 'પંડિતજી'! આહાહા..!

આ ક્યાં લઈ ગયા, જુઓ! ઉપયોગની વ્યાખ્યા ચૈતન્યને અનુસરીને હોવાવાળા પરિણામ. એ પરિણામ ચૈતન્યના સામાન્ય બે. હવે એના પણ બે ભેદ : જ્ઞાન અને દર્શન. એ જ્ઞાનના પણ બે ભેદ : સ્વભાવઉપયોગ અને વિભાવઉપયોગ. સ્વભાવઉપયોગના પણ બે ભેદ : કારણસ્વભાવ ઉપયોગ અને કાર્યસ્વભાવ ઉપયોગ. એમાં કાર્યસ્વભાવ ઉપયોગની આ વ્યાખ્યા ચાલી. સર્વથા નિર્મળ કેવળજ્ઞાન. એ કેવળજ્ઞાનની પર્યાય પણ ચૈતન્યને અનુસરીને થાય છે. જુઓ! પૂર્વના ચાર જ્ઞાન હતા માટે કેવળજ્ઞાન થાય છે એમ પણ નહિ, એમ અહીં તોકહે છે, ભાઈ! શું કહ્યું? જીવમાં કેવળજ્ઞાન થાય છે, તો કેવળજ્ઞાનાવરણીનો નાશ થાય, માટે થાય એમ નહિ. પૂર્વે ચાર જ્ઞાન હતા, એનો નાશ થઈને કેવળજ્ઞાન થાય છે એમ પણ નહિ. ચૈતન્યને અનુસરીને કેવળજ્ઞાન થાય છે. 'પંડિતજી'! એમાં એવું છે? પહેલા એવું વાંચ્યું હતું?

મુમુક્ષુ :– ... ચૈતન્ય અનુવિધાયી પરિણામ એ ઉપયોગ, એ તો વાંચી લીધું.

ઉત્તર :– સાચી વાત. વાત તો એવી છે. સ્પષ્ટીકરણ સમજ્યા વિના... આહાહા..! સમજાણું કાંઈ? આ તત્ત્વની સ્થિતિ છે તેમ તેણે માનવું જોઈએ. જે રીતે સ્થિતિથી વિપરીત માને તો તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.

કેવળજ્ઞાન સકળ-વિમળ. પર્યાય છે ને? માટે કાર્ય. પર્યાય છે ને? માટે કાર્ય. **'સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે.'** એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણવાની પર્યાય છે. એ પણ પર્યાય તે સમયે જે થઈ તે ચૈતન્યને અનુસરીને થઈ છે. નિમિત્તના અભાવને અનુસરીને કે પૂર્વના ચાર જ્ઞાન હતા એને અનુસરીને (થઈ છે), એમ નથી. આહાહા..! અથવા એ કેવળજ્ઞાનનો પર્યાય

ચૈતન્યને અનુસરીને (થયો છે). અંદર બીજા ગુણને અનુસરીને થયો એમ પણ નથી. સમજાણું કાંઈ? અંદર તો ત્રિકાળ શ્રદ્ધાગુણ છે, આનંદગુણ છે, એને અનુસરીને થયો એમ નહિ. સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાનનો પર્યાય કાર્યસ્વભાવ નિર્મળજ્ઞાન, પરિપૂર્ણ દશા એ પણ ચૈતન્યના ગુણને અનુસરીને થયેલો છે. એ ગુણમાં એ શક્તિની તાકાત હતી એ તે સમયે બહાર આવી છે.

મુમુક્ષુ :– બીજા ગુણને...

ઉત્તર :– બીજા ગુણની આ પર્યાય નથી. આ તો ચૈતન્યગુણની પર્યાય છે. સમજાણું કાંઈ? બીજા ગુણનો આશ્રય એમાં છે નથી. ભલે અભેદમાં આવી જાય પણ જ્ઞાન ઉપયોગ ચૈતન્યને અનુસરીને થયો છે. સમજાય છે કાંઈ?

'નિયમસાર' મોક્ષનો માર્ગ. અને મોક્ષની વાત કરશું, કહે છે. **'मग्गो मग्गफलं'** **'मग्गफल'** એ કેવળજ્ઞાન. એ કેવળજ્ઞાન કેમ થયું? ચૈતન્યને અનુસરીને થાય છે. મોક્ષમાર્ગ થયો માટે થયું એમ પણ નહિ. જુઓને! એ સ્વતંત્ર...

મુમુક્ષુ :– 'નિયમસાર' એટલે નિયમ બતાવ્યો.

ઉત્તર :– નિયમ બતાવ્યો કે તેનો નિશ્ચય નિયમ શું છે? વાસ્તવિક તેની સ્થિતિ શું છે એ બતાવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૫, મંગળવાર, તા. ૧૬-૩-૧૯૭૧**
**ગાથા – ૧૦ થી ૧૨,શ્લોક – ૧૭, પ્રવચન નં. ૧૬**

આ 'નિયમસાર' જીવ અધિકાર ચાલે છે. ૧૦મી ગાથા. છેલ્લે આવ્યું છેલ્લે. જુઓ! છે પાછળ. જ્ઞાનના પ્રકારની વાત ચાલે છે. આત્મા જ્ઞાનસ્વભાવ છે તેમાં સ્વભાવજ્ઞાન, છે અંદર જુઓ. આત્મામાં જ્ઞાન છે અને જ્ઞાનના બે પ્રકાર છે. એક સ્વભાવજ્ઞાન અને એક વિભાવજ્ઞાન. વિભાવજ્ઞાનની વ્યાખ્યા જરી આવી ગઈ થોડી. તેમાં સ્વભાવજ્ઞાન બે પ્રકારના છે. તે સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે. તે પણ કાર્ય અને કારણરૂપે બે પ્રકારનું છે. અર્થાત્ સ્વભાવજ્ઞાનના પણ બે પ્રકાર છે. કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન. કાર્ય તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન છે. શું કહે છે જુઓ! આત્મામાં ત્રિકાળીજ્ઞાન ગુણસ્વભાવ છે તેને તો અહીં કારણસ્વભાવજ્ઞાન કહ્યું છે. અને તેમાંથી પ્રગટ થાય છે કેવળજ્ઞાનપર્યાય તેને કાર્યસ્વભાવજ્ઞાન કહે છે.

એ કાર્યસ્વભાવજ્ઞાન કેવળજ્ઞાન આત્મામાં થાય તે અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે. કેવળજ્ઞાન જે આત્મામાં થાય છે. કેવી રીતે થાય છે તે પાઠમાં છે. હમણા ટીકામાં આવશે. કાર્યસ્વભાવજ્ઞાન, જ્ઞાનની પર્યાયમાં પૂર્ણતા પ્રગટ હોય તો કાર્યસ્વભાવજ્ઞાનને કેવળજ્ઞાન કહે છે. એ કેવળજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે. કાર્ય તો સકળવિમળ કેવળજ્ઞાન છે. એક સમયની પર્યાય, સર્વજ્ઞની પર્યાય–કેવળજ્ઞાન તે તો સકળ-વિમળ સર્વથા નિર્મળ કેવળજ્ઞાન. તેને કાર્યસ્વભાવ કહેવામાં આવે છે. એ કાર્ય કેવી રીતે થાય છે? કેવળજ્ઞાનની પર્યાય આત્મામાં થાય તો તે કેવી રીતે થાય છે તે કહે છે. કેવળજ્ઞાન છે તેનું કારણ પરમપારિણામિકભાવમાં સ્થિત. જુઓને.

છેલ્લી લીટી છે ને એ. **'ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે – ઊંડો ઊતરી જાય છે,...'** ૨૬ પાને છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! જૈનદર્શનનું વાસ્તવિક તત્ત્વ શું છે એમાં અત્યારે ગડબડ થઈ ગઈ. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ, જેને એક સમયમાં ત્રિકાળ જ્ઞાન થયું. તો કહે છે કે, તેને ત્રિકાળ જ્ઞાન કેમ થયું? અને જેને કેવળજ્ઞાન થાય છે તેને કેવળજ્ઞાન કોનાથી થાય છે? ભગવાન આત્મામાં જ્ઞાનસ્વભાવ, અતીન્દ્રિય અવ્યાબાધ અમૂર્ત, અવિનાશી એવો જે સ્વભાવ છે, એમાં અંતર્મુખ થઈને પ્રવેશ કરી, અંદર ઊંડો ઊતરીને, કેવળજ્ઞાનની કારણરૂપ શક્તિરૂપ જ્ઞાન છે, તે જ્ઞાનના પાતાળને પકડવાથી.. 'સેઠી'! આહાહા..! કેવળજ્ઞાન થાય છે. એનો અર્થ કે કોઈ દેહની ક્રિયા, પંચમહાવ્રતની ક્રિયા એ તો રાગ છે. તેનાથી પણ કેવળજ્ઞાન થતું નથી. અને પૂર્વમાં ચાર જ્ઞાનની મતિની પર્યાય હોય કે બાર અંગનું શ્રુતજ્ઞાન (હોય). સમજાણું કાંઈ? પર્યાયમાં કેવળજ્ઞાન થયા પહેલા ચૌદ પૂર્વના જ્ઞાનની પર્યાય (હોય), મતિમાં જાતિસ્મરણ

વગેરે અનેક હજારો ભવનું જ્ઞાન આદિ એની શક્તિ પ્રમાણે હોય, તે જ્ઞાનથી પણ કેવળજ્ઞાન નથી થતું. જુઓ! અત્યારે ભારે ગડબડ (ચાલે છે). આ કરે તો કેવળ થશે, આ કરે તો મોક્ષ થશે. શું મોક્ષ થાશે? મોક્ષ કોને કહે છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ? 'પોપટભાઈ'!

આ શાસ્ત્રના ભણતર અને બહારના ઊઘાડ હોય તો કેવળજ્ઞાન એને કારણે ન થાય એમ કહે છે. આહાહા..! સમ્યગ્દર્શન ક્ષાયિક સમકિતપૂર્વક ચાર જ્ઞાનની પર્યાય હોય તો પણ ક્ષાયિક સમકિતની પર્યાય જે સમકિત છે, તેનાથી પણ કેવળજ્ઞાન નથી થતું. આહાહા..! કેવળજ્ઞાનનું કારણ પરમ પારિણામિકભાવે સ્થિત... અ..હો..! આત્મા અને તેમાં જ્ઞાનસ્વભાવ, મૂળ સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, અવિનાશી સ્વભાવ (છે) તેમાં એકાગ્ર થવાથી, તે ગુણમાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? એકરૂપ જ્ઞાનસ્વભાવ, જ્ઞાયકભાવ ત્યાં કહ્યું. અહીં જ્ઞાનસ્વભાવ ગુણ કહ્યું છે. પર્યાય વર્ણવવી છે ને એકલી. આહાહા..!

મુમુક્ષુ :– આ એકડો છે.

ઉત્તર :– આ એકડો.

ભગવાન આત્મા સત્તા–અસ્તિત્વ છે ને? અવિનાશી અસ્તિત્વ છે. તો તેમાં જ્ઞાનગુણ છે એવા અનંતગુણ અવિનાશી છે. પણ અત્યારે તો કેવળજ્ઞાનની પર્યાયનું કારણ બતાવવું છે. અંદરમાં બીજા શ્રદ્ધાગુણ, ચારિત્રગુણ, આનંદગુણ છે, તે પણ કેવળજ્ઞાનની પર્યાયનું કારણ નથી. સમજાણું કાંઈ? આત્મામાં કેવળજ્ઞાન ઉત્પત્તિનું કારણ, કહે છે કે દેહની ક્રિયા તો નહિ, (કેમકે) એ તો જડની છે. અંદરમાં પંચમહાવ્રતનો વિકલ્પ ઊઠે તે રાગ છે તેનાથી પણ કેવળજ્ઞાનની ઉત્પત્તિ નથી થતી અને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પહેલા રાગ પાછળ અંદર ચાર જ્ઞાનની પર્યાય હોય તોપણ એ ચાર જ્ઞાનની પર્યાયથી પણ કેવળજ્ઞાન ઉત્પન્ન નથી થતું. અને અંતરમાં શ્રદ્ધા, શાંતિ, આનંદ વગેરે અનંતગુણ છે એ ગુણના કારણે પણ કેવળજ્ઞાન નથી થતું. આ 'આતમ ભાવના ભાવતા...' 'શ્રીમદ્'માં આવે છે ને? 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે,' પણ આતમ શું, ભાવના શું અને કેવળ શું? કાંઈ ખબર નથી. કેમ, 'પ્રેમચંદભાઈ'! કર્યું હતું ને કેટલીવાર? ઘણું કર્યું હતું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આત્મા અર્થાત્ અનંત અનંતજ્ઞાન-દર્શન આદિ શક્તિનો પિંડ. હવે તેની ભાવના, અહીં કેવળજ્ઞાન લેવું છે. તો ભાવનાનો અર્થ જ્ઞાનગુણ જે ત્રિકાળ છે, એમાં એકાગ્ર થવું તે ભાવના છે. તેનાથી 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે...' 'શ્રીમદ્'માં આવે છે. એય..! 'ચેતનજી'! એને બહુ ગોખાવ્યું હશે તે દિ'. 'શ્રીમદ્'માં એણે દીક્ષા લીધી હતી.

મુમુક્ષુ :– જાપ કરાવે.

ઉત્તર :– જાપ કરવા એ તો વિકલ્પ છે. આહાહા..! ભાઈ! માર્ગ કાંઈ (જુદો છે). અનંતકાળમાં તેણે યથાર્થપણે આ વાત સાંભળી નથી. બહારની પ્રવૃત્તિ આમ કરવું, તેમ કરવું, જાઓ, એ ધર્મ છે અને મોક્ષ થશે. ધૂળમાં પણ મોક્ષ નહિ થાય, સારા પુણ્ય પણ નહિ બંધાય. સમજાણું કાંઈ? આહાહા..! સારા પુણ્ય નહિ બંધાય, એમ કહ્યું.

મુમુક્ષુ :– આતમ ભાવના ભાવતા.

ઉત્તર :– હા. એ જ્ઞાનાનંદ સ્વભાવ આત્મામાં જ્ઞાન. પરમ સ્વભાવભાવ આત્મામાં જ્ઞાન ધ્રુવ પડ્યું છે, એ જ્ઞાનની ભાવના, જ્ઞાનમાં અંતર્મુખ એકાગ્ર થવું. અંતરમાં પ્રવેશ કરવો, અંદર ઊંડા ઊતરી જવું. એ આ કળશમાં આવશે. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ કર્યું છે!

મુમુક્ષુ :– જાપમાં પણ બાહ્ય...

ઉત્તર :– જાપ તો ક્યાંય રહી ગયા વિકલ્પ. એ તો રાગ છે. પણ જાપ કર્યા પછી કદાચિત્ સમ્યગ્દર્શન, જ્ઞાન ઉત્પન્ન થયું, તો તે પર્યાય પણ કેવળજ્ઞાનનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આટલા થોડા શબ્દોમાં (કેટલું ભર્યું છે)! 'પદ્મપ્રભમલધારીદેવ' જંગલવાસી દિગંબર મુનિ હતા. આત્મધ્યાન(માં લીન હતા). આનંદકંદ પ્રભુ! સચ્ચિદાનંદ આત્મા પૂર્ણાનંદનો નાથ, તેમાં જ્ઞાનસ્વભાવ ત્રિકાળી અવ્યાબાધ પડ્યો છે. અતીન્દ્રિય અવ્યાબાધ (છે) તેમાં અંતર્મુખ થવાથી, તેને કારણ બનાવી, અંતરમાંથી કાર્ય–કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ? કારણ કે કેવળજ્ઞાનની પર્યાય એવી અનંતી (પર્યાય) જ્ઞાનગુણ સ્વભાવભાવમાં શક્તિરૂપ પડી છે. સમજાણું કાંઈ? જુઓ! અહીં તો સમકિતને કારણે કે શ્રદ્ધાગુણ અંદર ત્રિકાળી છે એને કારણે પણ કેવળજ્ઞાન નહિ. સમજાણું કાંઈ? એક ગુણનું કાર્ય બીજા ગુણથી થતું નથી. ગજબ વાત છે. ઓહોહો..! સંતોની વાત! આહાહા..! અંદર ઠરી જાય, ઠરી. ઠરી જા બાપુ! અંદરમાં જા. આહાહા..!

મુમુક્ષુ :– એક ગુણનું કાર્ય બીજા ગુણથી નથી થતું તો એક દ્રવ્યનું કાર્ય બીજા દ્રવ્યથી કઈ રીતે થાય?

ઉત્તર :– ભગવાનથી તો થાય કે નહિ? દેવ-ગુરુનું ભજન કરે. દેવ-ગુરુ... દેવ-ગુરુ... દેવ-ગુરુ... શુદ્ધ છે ઇ. શુદ્ધ છે માટે એનાથી થાય કે નહિ? 'શિવલાલભાઈ' નથી. એ ગયા. એના બાપ કહેતા હતા. (સંવત) ૨૦૧૦ની સાલમાં. દેવ-ગુરુ-શાસ્ત્ર તો શુદ્ધ છે. તો શુદ્ધને લઈને થાય, શુદ્ધને લઈને શુદ્ધતા થાય. એ ક્યાં અશુદ્ધ છે? અરે..! એ શુદ્ધ છે પણ એનો આશ્રય કરવા જાય ત્યાં અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે. તેનો આશ્રય– અવલંબન કરવા જાય તો વિકલ્પ, રાગ ઊઠે છે. સમજાણું કાંઈ? તેનાથી કાંઈ સમ્યગ્દર્શન થતું નથી. અહીં તો કેવળજ્ઞાનની વાત છે. પણ સમ્યગ્દર્શનની પર્યાય, ખરેખર અંદર શ્રદ્ધા-ગુણ જે પરમપારિણામિક સ્વભાવમાં પડ્યો છે, પરમ પારિણામિકસ્વભાવભાવ ધ્રુવમાં શ્રદ્ધાગુણ શક્તિરૂપ ત્રિકાળ છે. તેના કારણથી શ્રદ્ધાગુણની પર્યાય ખરેખર ઉત્પન્ન થાય છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ? મારી

ગુજરાતી થોડી આવેને આ તો. પછી આવ્યા. પહેલા જોયું હતું. ન દેખાયા તો સવારે ગુજરાતીમાં ચલાવ્યું. પછી આવ્યા હતા. સમજાણું કાંઈ? આહા..! અરે..! વાસ્તવિક ભગવાન તીર્થંકરોએ શું માર્ગ કહ્યો છે (એની) ખબર નહિ. બહારની પ્રવૃત્તિ આમ કરો, તેમ કરો. કરી-કરીને મરી ગયો.

અહીં તો કહે છે કે એક ગુણની પર્યાય બીજા ગુણના કારણે થતી નથી. ભાઈ! આહાહા..! જુઓને! 'પદ્મપ્રભમલધારીદેવે' ટીકા બનાવી છે ને! હવે આ ટીકા માન્ય નથી, કહો. અરે..!

મુમુક્ષુ :– ગાથા ચોખ્ખી હતી આ મેલું કરી નાખ્યું.

ઉત્તર :– ચોખ્ખું કરી નાખ્યું. કેટલું ચોખ્ખું કર્યું છે. આહાહા..! યથાર્થ યથાર્થ વસ્તુ.

ભગવાન આત્મા. જ્ઞાનસ્વભાવથી તો શક્તિરૂપે, કારણજ્ઞાનરૂપ તો ત્રિકાળ અંદરમાં પડ્યો છે. આહાહા..! ધ્રુવ, એ ધ્રુવ જ્ઞાન જે ત્રિકાળી અવિનાશી છે, તેનો અંતરમાં આશ્રય કરવો, તેમાં એકાગ્ર થવું, અંદરમાં જે ગુણ છે ત્યાં વર્તમાન પર્યાયને લઈ જાવી. આહાહા..! ઊંડા ઊતરી જવું, ઊંડે. દરિયામાં–સમુદ્રમાં નીચે જેમ મોતી હોય તો ઊંડો ઊતરે તો મોતી હાથમાં આવે છે. સમજાણું કાંઈ? દરિયામાં ઉપર ઉપર જાય તો મળે? અંદર મોતી હોય એ ઉપરથી મળે? એમ ભગવાન આત્મા જ્ઞાન દરિયો છે અંદર.. આહાહા..! એ જ્ઞાનસ્વભાવરૂપી નિજસ્વભાવજ્ઞાન દરિયો, એમાં પ્રવેશ કરે. પર્યાયમાં નહિ, રાગમાં નહિ, ગુણમાં પ્રવેશ કરે એમ કહે છે. આહાહા..! પ્રવેશનો અર્થ? એમાં એકાગ્ર થવું. જુઓ! આ રીત. કેવળજ્ઞાન અથવા મોક્ષ પામવાની રીત. કેટલાકે તો જિંદગીમાં સાંભળ્યું પણ નહિ હોય. કહે મોક્ષ થાય.. મોક્ષ થાય... ધર્મ કરીએ તો. પણ ધર્મ શું? મોક્ષ શું? તને ખબર જ નથી.

મુમુક્ષુ :– કર્મનો ક્ષય થાય ત્યારે થાય ને.

ઉત્તર :– કર્મ તો એને ઘરે રહ્યા. કર્મનો ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય એ વાત અહીંયા છે જ નહિ. અહીંયા તો ક્ષાયિકસમકિત થયું છે તો તેનાથી કેવળજ્ઞાન થાય એ પણ નહિ. અહીંયા તો ચાર જ્ઞાનની સમ્યક્ પર્યાય ઉત્પન્ન થાય, તો તેનાથી કેવળજ્ઞાન થાય એમ પણ નહિ. અને અંતર આત્મામાં અનંતઆનંદ પડ્યો છે, તો આનંદના આશ્રયથી કેવળજ્ઞાન થાય એમ પણ નહિ. સમજાણું કાંઈ? જુઓ! ટીકા, જુઓ! આ શાસ્ત્ર. વર્તમાનમાં તો બધું ધૂળધમાહા... આમ કરું, તેમ કરું, સુધારા કરું, શેના સુધારા? તત્ત્વમાં સુધારા થયા વગર સુધારો કહેવો કોને? સમજાણું કાંઈ? જેને કલ્યાણ કરવું છે તો વાત છે. સમજાણું કાંઈ? બહારમાં દેખાવ કરવો હોય કે અમે ધર્મ કરીએ છીએ. આમ છે, તેમ છે. હો, દુનિયામાં બહાર પડો એટલે સંસારમાં પડો. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'કાર્ય તો સકળવિમળ...'** બસ, કાર્યમાં આટલો શબ્દ વાપર્યો. **'કેવળજ્ઞાન છે. અને તેનું કારણ પરમ પારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરૂપાધિરૂપ...'** કેવળજ્ઞાન તો નવું ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન તો ત્રિકાળ નિરૂપાધિ અંદર છે. ઉપાધિ તો કોઈ છે જ નહિ. કર્મના અભાવની અપેક્ષા

પણ નથી. કર્મના નિમિત્તની તો નહિ પણ કર્મના અભાવની પણ અપેક્ષા નથી. તે તો ત્રિકાળ નિરૂપાધિક તત્ત્વ છે. કહો, આ સેઠી 'જયપુર'ના રહેનાર છે. 'જયપુર'તો જૈનનું મોટું ગામ કહેવાય. 'જૈનપુરી' લ્યો. આહાહા..! ભાઈ! તારો વાસ્તવિક સ્વભાવ શું છે તે કદી સાંભળ્યો જ નથી. આહાહા..!

મુમુક્ષુ :– આ વાત આખા હિન્દુસ્તાનમાં નથી તો જયપુરમાં ક્યાંથી આવે?

ઉત્તર :– આત્મામાં તો છે. બધું આત્મામાં છે. આહાહા..!

કેવળજ્ઞાનનું કારણ, એક એક ગુણની પર્યાયનું કારણ, કેવળજ્ઞાન પર્યાય છે ને? કેવળજ્ઞાન કાર્ય કહો, કેવળજ્ઞાન પર્યાય કહો, કે દશા કહો, કે અવસ્થા કહો, એ સ્વભાવિક કેવળજ્ઞાનની પર્યાય સકળવિમળ છે. અને એ કાર્યનું કારણ ત્રિકાળ નિરુપાધિ જ્ઞાનગુણ ધ્રુવ છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો હજી વાંધા ઉઠાવવા છે, ભાઈ! એ વ્યવહારથી થાય, આવો વ્યવહાર કરે તો નિશ્ચય થાય. હવે આટલા વાંધા. અરે..! ભગવાન સાંભળ તો ખરો, ભાઈ! અહીં તો (કહે છે), વ્યવહારથી તો નહિ, પણ નિશ્ચયથી પણ જે પોતાના સ્વભાવના આશ્રયથી મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થઈ, તેનાથી પણ કેવળજ્ઞાન નહિ એમ કહે છે. કહો, 'રતિભાઈ'! તમારે શ્વેતાંબરમાં હતું કાંઈ? તમે સ્થાનકવાસી હતા ને? આ સ્થાનકવાસી, તમે દેરાવાસી. તમારી તો ખબર છે ને. આ 'ચુનીભાઈ'! સ્થાનકવાસી છે. આહાહા..! વાસીમાં વાસી રહીગયું.

ભગવાન આત્મા..આ..હા..! કેવી વાત કરી છે! ગજબ વાત કરી છે! ઓહોહો..! તીર્થંકરના પેટ ખોલીને મૂક્યા છે. ભાઈ! તારે કેવળજ્ઞાન જોઈએ, કેવળજ્ઞાનની અવિનાશી કાર્યદશા થાય, કાયમ રહે એમ લીધું ને અહીં તો? છે તો એક સમયની પર્યાય. પણ તે ઉત્પન્ન થયું તો એવું ને એવું કેવળજ્ઞાન સાદિઅનંત રહેશે. એ કેવળજ્ઞાનનું કારણ અંદર જ્ઞાનગુણ સ્વભાવ છે, તેને દૃષ્ટિમાં લઈને, જ્ઞાનની પર્યાયમાં તેને જ્ઞાનમાં ધ્યેય બનાવીને, એકાગ્ર થવાથી કેવળજ્ઞાન થશે. ભાઈ!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અંદરમાં છે. બહારથી ક્યાંથી આવશે? અંદરમાં પણ એક એક ગુણની પર્યાય તે ગુણના કારણે આવશે, એમ કહે છે. કેટલી સ્વતંત્રતા અને સ્પષ્ટતા!

**'કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે :...'** લ્યો. સ્વભાવજ્ઞાનના બે ભાગ આવી ગયા. **'કેવળ વિભાવરૂપ જ્ઞાન ત્રણ છે : કુમતિ, કુશ્રુત અને વિભંગ.'** એ પણ મતિ-શ્રુત અને વિભંગ અજ્ઞાન એ પણ પોતાના ચૈતન્યને અનુસરીને થાય છે. એમ સિદ્ધ કરવું છે ને? કર્મનો નાશ થઈને થયું છે એમ નથી. સમજાણું કાંઈ?

**'આ ઉપયોગના ભેદરૂપ જ્ઞાનના ભેદો, હવે કહેવામાં આવતા બે સૂત્રો દ્વારા (૧૧ને ૧૨મી ગાથા દ્વારા) જાણવા.'** આગળ કહેશે.

'ભાવાર્થ :–..' ભાવાર્થ છે ને એ? **'ચૈતન્યાનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે.'** કાલે આવ્યું હતું. પણ કાલે ગુજરાતીમાં આવ્યું હતું, ભાઈ! આજે પાછું હિન્દીમાં આવી ગયું. આહાહા..! ભગવાન તારો માર્ગ કંઈક જુદો છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવના મુખથી નીકળેલી વાત આગમમાં... એમ કહ્યું ને? આગમે આમ કહ્યું છે, એમ આવ્યું હતું ને? આગમે આવા તત્ત્વ કહ્યા છે. શું કહ્યું? સર્વજ્ઞ ભગવાન, તેમની વાણી, તેમાં છ દ્રવ્ય કહ્યા. તે વાત ચાલે છે. તેમાં પણ આત્મદ્રવ્યમાં કેવળજ્ઞાન કેમ ઉત્પન્ન થાય, આગમમાં શું કહ્યું છે? શાસ્ત્રમાં શું કહ્યું છે? તે વાત ચાલે છે.

ભગવાનના આગમમાં એમ કહ્યું, કે કેવળજ્ઞાનનું કાર્ય જ્યારે ઉત્પન્ન થાય છે એ અંતર જ્ઞાનગુણના કારણથી ઉત્પન્ન થાય છે. એમ આગમે કહ્યું છે. ભગવાને એમ કહ્યું, તો વાણીમાં એમ આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? આ વાણી જુઓ! 'પરમાગમ' શાસ્ત્ર. એ શ્વેતાંબરની વાણીમાં એ વાત છે જ નહિ. આ તો એક સમજવા માટે (વાત છે), હોં! કોઈ સાથેના વિરોધની વાત નથી. તે પણ આત્મા છે. કોઈ પ્રત્યે વિરોધ કરવો, દ્વેષ કરવો એ વાત છે નહિ. બધા આત્મા છે. પણ વસ્તુનું સ્વરૂપ આ છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો શું આવ્યું અત્યારે ? કે ભગવાનની વાણી પરમાગમ અને પરમાગમમાં આમ કહ્યું છે. તેમના (શ્વેતાંબરના) ૩૨-૪૫ સૂત્ર છે તો એમાં આ વાત છે જ નહિ. અમે તો બધું જોયું છે ને. સમજાણું કાંઈ? ૪૫-૩૨માં કરોડો શ્લોકો. ટીકામાં ક્યાંક થોડું લઈને નાખ્યું હોય, પણ વસ્તુમાં નથી. આહાહા..! પણ તમે કેટલા વર્ષ ત્યાં મૂંડાવ્યું છે ને? કેટલા વર્ષ થયા?

મુમુક્ષુ :– ૫૫ વર્ષ.

ઉત્તર :– ૫૫ વર્ષ. શ્વેતાંબરમાં ખૂબ ક્રિયાકાંડ કરતા કરતા...

**'ચૈત્યાનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે.'** આ વ્યાખ્યા. ભગવાન આત્મા તેનો ચૈતન્યગુણ, તેને અનુસરીને દશા થાય તેને ઉપયોગ કહે છે. ચૈતન્ય એક આત્માનો ચૈતન્યગુણ. આત્મા દ્રવ્ય–વસ્તુ, તેનો ચૈતન્યગુણ. તેનું અનુસરણ કરીને પરિણામ, જે અવસ્થા થાય તેને ઉપયોગ કહે છે. તે **'ઉપયોગ બે પ્રકારનો છે : (૧) જ્ઞાનોપયોગ અને (૨) દર્શનોપયોગ. જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : (૧) સ્વભાવજ્ઞાનોપયોગ અને (૨) વિભાવજ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે : (૧) કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળજ્ઞાનોપયોગ) અને (૨) કારણસ્વભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ સહજજ્ઞાનોપયોગ).'**

નીચે નોટ. **'સહજજ્ઞાનોપયોગ પરમ પારિણામિકભાવે સ્થિત છે.'** હમણા આવી ગયું એ. આહાહા..! વસ્તુ-વસ્તુ ભગવાન આત્મા, તેમાં જ્ઞાનગુણ, ચૈતન્યના નૂર-પૂર અંદર પડ્યા છે. આહાહા..! એ **'પરમ પારિણામિકભાવે સ્થિત છે તેમ જ ત્રણે કાળે ઉપાધિ રહિત છે;...'** આત્માનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળી નિરૂપાધિ, (ઉપાધિ) રહિત છે. **'તેમાંથી (સર્વને જાણનારો) કેવળજ્ઞાનોપયોગ**

**પ્રગટે છે.'** તેમાંથી કેવળજ્ઞાનની દશા પ્રગટે છે. **'માટે સહજજ્ઞાનોપયોગ કારણ છે અને કેવળજ્ઞાન ઉપયોગ કાર્ય છે.'** છે નીચે? ભગવાન આત્મામાં સહજજ્ઞાનોપયોગ ત્રિકાળ, ત્રિકાળજ્ઞાનોપયોગ જે પડ્યો છે તે કારણ છે અને કેવળજ્ઞાનોપયોગ કાર્ય છે. આહાહા..! આવું કારણ અને કાર્ય, જુઓ તો ખરા! કારણ-કાર્ય જાણ્યા એ બધું જાણ્યા. એ 'ચિદ્‌વિલાસ'માં આવે છે ને? ભાઈ! જૈનદર્શનનું યથાર્થ કારણ-કાર્ય જાણે તો બધું જાણે. આહાહા..! કારણ-કાર્ય આ.

**'આમ હોવાથી સહજજ્ઞાનોપયોગને કારણસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે અને કેવળજ્ઞાનોપયોગને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે.'** લ્યો. આવી વ્યાખ્યા! આ કંદમૂળ ન ખાવા, આ વ્રત પાળવા, આ સમ્મેદશિખરની જાત્રા કરવી એમાં તો ઠીક પડે. ભાઈ! તેમાં તો રાગની મંદતા હોય તો પુણ્ય છે. ધર્મ-બર્મ છે નહિ. શાંતિથી જેમણે આત્માનું જે વાસ્તવિક તત્ત્વ છે તેની સમજ કરવી હોય તો આ છે. બાકી તો બધે હો...હા.. હો..હા.. ચાલે છે, ચાલો, સંસાર અનાદિનો છે તો ચાલે છે. અંદર સહજજ્ઞાન થઈ ગયું ને?

હવે **'વિભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે :...'** એ આગળ આવશે. **'(૧) સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ અને (૨) મિથ્યા વિભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગ). સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગના ચાર ભેદો (સુમતિ જ્ઞાનોપયોગ, સુશ્રુતજ્ઞાનોપયોગ, સુઅવધિજ્ઞાનોપયોગ અને મનઃપર્યયજ્ઞાનોપયોગ)'** એ વિભાવ કહેવામાં આવે છે. છે સમ્યક્જ્ઞાન પણ હજી અપૂર્ણ છે એ અપેક્ષાથી તેને વિભાવ કહેવામાં આવે છે. વાસ્તવિક પૂર્ણતા નથી માટે વિભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઇન્દ્રિય પૂર્ણ ન હોય તો વિકલેન્દ્રિય કહે છે ને? એમ જ્ઞાન પૂર્ણ નથી તો તેને વિભાવજ્ઞાન કહ્યું. આહાહા..!

**'હવેની બે ગાથાઓમાં કહેશે. મિથ્યા વિભાવજ્ઞાનોપયોગના અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગના ત્રણ ભેદો છે : (૧) કુમતિજ્ઞાનોપયોગ, (૨) કુશ્રુતજ્ઞાનોપયોગ અને (૩) વિભંગજ્ઞાનોપયોગ અર્થાત્ કુઅવધિજ્ઞાનોપયોગ. (હવે દસમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)'**

**'विशति'** નો અર્થ કર્યો, નહિ? **'विशति'** એવો શબ્દ હશે. વિશદ્. ૧૭મો કળશ. પાનું ૨૬. અમને હિન્દી નથી આવડતી, થોડી થોડી (આવડે છે). અમારે સત્તર કહે છે, એક અને સાતને સત્તર કહે છે અને સાત અને શૂન્યને સીત્તેર કહે છે.

**अथ सकलजिनोक्तज्ञानभेदं प्रबुद्ध्वा**
**परिहतपरभावः स्वस्वरूपे स्थितो यः।**
**सपदि विशति यत्तच्चिच्चमत्कारमात्रं**
**स भवति परमश्रीकामिनीकामरूपः ।।१७।।**

બે શબ્દ આકરા-ભારે. **'सपदि विशति'** શીઘ્રપણે અંદર પ્રવેશ કર. આહાહા..! ત્વરાથી. 'શ્રીમદ્'માં આવ્યું ને એ? ત્વરાથી થાવ. ત્વરાથી તજો. એમ આ **'सपदि'** નો અર્થ ત્વરા છે. અને **'विशति'** અંદર પ્રવેશ કર. નીચે તેનો અર્થ.

શ્લોકાર્થ :– **'જિનેન્દ્રકથિત...'** જિનેન્દ્રકથિત–વીતરાગ પરમેશ્વરે કહેલો. આવ્યું ને? જિનેન્દ્ર અને આગમ કહ્યું હતું ને? આગમમાં એમ કહ્યું. તો **'જિનેંદ્રકથિત...'** વીતરાગ પરમેશ્વર પૂર્ણ પરમાત્મા. જેની દશા પૂર્ણ વીતરાગ થઈ ગઈ છે. અંતર સ્વભાવમાં એકાકાર થઈને, વીતરાગ સ્વભાવ છે, ચારિત્ર સ્વભાવ છે તેનો આશ્રય કરવાથી ભગવાનને વીતરાગભાવ ઉત્પન્ન થયો. એવા **'જિનેંદ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને...'** બધા જ્ઞાનના ભેદોને જાણીને કરવું શું?

**'જે પુરુષ પરભાવોને પરિહરી...'** વિકલ્પાદિ પરભાવનું લક્ષ છોડીને **'નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો થકો...'** પોતાનો જ્ઞાનસ્વભાવ ભગવાન, નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો થકો, અંદરમાં રહ્યો થકો. રાગને છોડીને અને એક સમયની પર્યાય તરફનું પણ લક્ષ છોડીને. 'નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો...' પોતાનું કાયમી ધ્રુવ સ્વરૂપ, તેમાં રહ્યો થકો 'શીઘ્ર...' એ **'सपदि'** નો અર્થ છે. **'सपदि'** એટલે શીઘ્ર. અને પછી **'विशति'** **'ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે...'** આહાહા..! છે ને? **'विशति यत्तच्चिच्चमत्कारमात्रं'** આ ચૈતન્યચમત્કાર સૃષ્ટિના લક્ષમાં નથી. અંતરમાં ભગવાન ચૈતન્યચમત્કાર એવો પોતાનો નિજ સ્વભાવ, તેમાં શીઘ્રપણે જે આત્મા અંતરમાં **'ઊંડો ઊતરી જાય છે,...'** પ્રવેશ કરે છે. તેને કેવળજ્ઞાન થઈ જાય છે. આહાહા..! લ્યો. 'પોપટભાઈ'!

સમ્યગ્દર્શન-જ્ઞાનની શરૂઆતમાં ધર્મની પહેલી દશા અંતર્મુખ થઈને થાય છે. પણ અહીં તો પૂર્ણની વાત કરવી છે ને? સમ્યગ્દર્શન જે ધર્મની પહેલી સીઢી, તે સમ્યગ્દર્શનનું પણ કારણ તે આત્મદ્રવ્ય છે. ત્રિકાળી ધ્રુવ. આખું દ્રવ્ય લ્યો તો. નહિતર અંદર શ્રદ્ધાગુણ છે. ત્રિકાળી શ્રદ્ધાગુણ પરમપારિણામિક સ્વભાવમાં સ્થિત છે. એવા દ્રવ્ય સ્વભાવનો અંતર્મુખ આશ્રય કરીને સમ્યગ્દર્શન થાય છે. કહો, સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રના આશ્રયથી સમ્યગ્દર્શન નથી થતું. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ ઊઠે તેના આશ્રયથી સમ્યગ્દર્શન નથી થતું. એમ એક સમયની વ્યક્ત પર્યાયના આશ્રયથી સમ્યગ્દર્શન નથી થતું. અહીંની અપેક્ષાથી સમ્યગ્દર્શન ત્રિકાળ શ્રદ્ધાગુણ જે પરમસ્વભાવમાં પડ્યો છે, તેના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે. 'શાંતિભાઈ'! ભારે, ભાઈ! અહીં તો નવતત્ત્વની શ્રદ્ધા કરો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. હેરાન-હેરાન કરી નાખ્યા છે.

મુમુક્ષુ :– કરતા કરતા આગળ વધાશે.

ઉત્તર :– ઝેર પીતા-પીતા અમૃતનો ઓડકાર આવશે. એમ ક્યારેય બનતું નથી. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવે છે? રાગ ઝેર છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– કોણ છોડે? છોડે કોણ અને મૂકે કોણ? સમજાણું કાંઈ? જ્ઞાનીને પણ આવે છે. આવે છે તો આવો, જાણવા લાયક છે, આદરવા લાયક નથી. તેના કારણથી થાય છે. ભારે આકરું. તમારા ગામના કોઈક કબીરનું હતું. 'ભુરાભાઈ'ની સાથે કોઈક આવ્યા હતા. કબીરના કો'ક કણબી (હતા). મોટી અધ્યાત્મની વાત બોલતા હતા. ઘણા વર્ષ પહેલાની વાત છે. બજારમાં ઓરડો છે ત્યાં ઊતર્યા હતા. ત્યાં બજારમાં મોટો ઓરડો છે ને ત્યાં. પછી રાત્રે 'ભુરાભાઈ' અને ... 'કલ્પવેદિક' નામની કોઈ મોટી સજ્જાય છે એની. વસ્તુમાં કાંઈ નહિ પણ આમ અધ્યાત્મિક વાત કરે. કણબી હતા. 'ભુરાભાઈ'નો એને સંગ હતો. આ તો જિનેન્દ્રકથિત વાત તો બીજે ક્યાંય છે નહિ. આહાહા..! ભલે અધ્યાત્મની વાત કરી.

વસ્તુ જ્યાં અંતર્મુખ ભગવાન શક્તિનો પિંડ છે. એ શક્તિનો સ્પર્શ પણ કર્યો નહિ ત્યાં તો, ત્રણ બોલ થઈ ગયા. દ્રવ્ય વસ્તુ, શક્તિવાન, શક્તિવાન એક, શક્તિ અનંત અને અનંત શક્તિના આશ્રયથી ઉત્પન્ન થનારી પર્યાય પણ અનંત. એ વાત સર્વજ્ઞ સિવાય, જિનેન્દ્ર સિવાય ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ?

**'શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ...'** જુઓ! આ તત્ત્વ. 'શ્રીમદે' કહ્યું છે ને? ગુપ્ત ચૈતન્યચમત્કાર સૃષ્ટિના લક્ષમાં નથી. એવો શબ્દ છે. ગુપ્ત ચૈતન્યચમત્કાર સૃષ્ટિના લક્ષમાં નથી. ભગવાન આત્મામાં અંદર ગુપ્ત ચમત્કાર પડ્યો છે. અંદર શક્તિરૂપ નિધાન પડ્યું છે એ ગુપ્ત ચમત્કાર છે. સમજાણું કાંઈ? રાગનું મહાત્મ્ય, નિમિત્તનું મહાત્મ્ય, એક સમયની વર્તમાન અવસ્થાનું મહાત્મ્ય પણ ગુપ્ત ચમત્કાર આને કહે છે. ચૈતન્યચમત્કાર! અંતરમાં ચૈતન્યચમત્કાર સ્વભાવરૂપ ભગવાન, તેમાં શીઘ્ર પ્રવેશ કરે છે, સ્પર્શે છે. પર્યાયમાંથી નીકળીને ઊંડે ઊંડે ધ્રુવમાં જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– શીઘ્રતાની પ્રેરણા આપી છે.

ઉત્તર :– શીઘ્રતા. પહેલા વ્યવહાર કરવો નહિ, એમ કહે છે. પહેલા વ્યવહાર કરો તો આમ થાય જ નહિ. વસ્તુના સ્વભાવનું ભાન થવામાં વ્યવહારની અપેક્ષા નથી. 'પંડિતજી'!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– તે તરફની દૃષ્ટિ છોડી દે. રાગાદિ વિકલ્પ એ તો વિકાર છે. વિકારનું લક્ષ છોડી દે. સ્વભાવનું લક્ષ કર, ચૈતન્યચમત્કારમાં ઘૂસી જા. **'ઊંડો ઊતરી જાય છે,...'** જુઓ! ઊંડો ઊતરી જાય છે. ઊંડે... ઊંડે.. ઊંડે... પાતાળનો પત્તો લેવા અંદર જાય છે એમ કહે છે. આહાહા..! વાત પણ સાંભળી ન હોય. એય..! 'પોપટભાઈ'! આહાહા..! સર્વજ્ઞ જિનેન્દ્ર પરમેશ્વરે કહેલો માર્ગ આવો છે.

**'શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર...'** પ્રભુ ભગવાન આત્મા! કેવળજ્ઞાનની પર્યાયની વાત છે ને. ચૈતન્યચમત્કારમાત્ર ભગવાન આત્મા ધ્રુવ. ધ્રુવ સ્વભાવ, જ્ઞાયકભાવ, એકરૂપ ભાવ, સદૃશભાવ,

નિત્યભાવ, અચળભાવ, અભેદભાવ, એમાં ઊંડો ઊતરી જા. અંદરમાં જા. ઊંડો ઊતરી જા, તને કેવળજ્ઞાન પ્રાપ્ત થશે. **'તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે. (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે).'** એને મુક્તિરૂપી દશા પ્રગટ થાય છે. આહાહા..! આ માર્ગ છે. 'જયપુર'માં આવે છે. આવી વાત લોકોને મુશ્કેલ પડે. ઝઘડા, વાદવિવાદ ઉત્પન્ન થાય. એય..! 'પંડિતજી'! તમે તો બે જણા 'જયપુર'ના છો, તમે શેના બોલો? 'જયપુર'ની હા પાડી છે ને. એ કાંઈ શેઠિયા ના પાડે. આ 'પંડિતજી' જયપુરના છે. મેં એમ કહ્યું, 'જયપુર'માં આ કેમ ચાલે, કેમ માને? લોકોને વિરોધ કરે.

મુમુક્ષુ :– ... માનવાવાળા ઘણા છે.

ઉત્તર :– શેઠિયા અસ્તિ બોલનારા છે ને. આહાહા..! અરે..! ભગવાન! માર્ગ તો પ્રભુ તારો ત્રણકાળ, ત્રણલોકમાં આવો છે, હોં! સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ. આહાહા..! જુઓને! એક શબ્દ ગોઠવ્યો છે ને.

**'सपदि विशति यत्तच्चिच्चमत्कारमात्रं'** ભગવાન આત્મા પોતાનો ચિત્‌ચમત્કાર, એમાંથી અનંતી... અનંતી... અનંતી... કેવળજ્ઞાન પર્યાય ઉત્પન્ન થાય, એવો ચિત્‌ચમત્કાર ભગવાન અંદર પડ્યો છે. તેને શીઘ્ર અવિલંબ–વિલંબ છોડીને. 'ભીખાભાઈ'! પહેલા આ કરું અને પહેલા આ કરું, પછી આ એમ નહિ, એમ કહે છે. ભારે! ગજબ કર્યું છે. થોડું સાંભળી તો લઉં, સમજી તો લઉં, પહેલા સમજી તો લઉં, એની પણ અહીં ના પાડે છે. એય..! 'રામજીભાઈ'! આહાહા..! **'सपदि'**માં એમ આવે છે કે નહિ? આમાં ઉગ્ર-એકદમ. પહેલું આ કરી લઉં, આ કરી લઉં, આ કરીને પછી આ કરીશ, આ કરીને પછી આ કરીશ એમ નહિ. આહાહા..! એ.. 'કાંતિભાઈ'! થતાં-થતાં થશે. પહેલા વ્યવહાર સુધારો પછી (થશે). આહાહા..! વીતરાગમાર્ગ... સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગતા બતાવે છે. પરની અપેક્ષા રાખે એ તો રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગધર્મ છે. વીતરાગ ધર્મ એટલે નિર્દોષ ધર્મ. વીત એટલે નહિ. રાગ નહિ, દ્વેષ પણ નહિ. કંઈ નહિ. એવો માર્ગ છે આ.

કહે છે, ભગવાન તારી દૃષ્ટિ પહેલા ચિત્ચમત્કારમાં જવી જોઈએ. ચારે તરફથી દૃષ્ટિ હટાવીને એક ધ્રુવ ચૈતન્ય ભગવાન ઉપર તારી દૃષ્ટિનું ધ્યેય, ઝુકાવ, વલણ હોવું જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? **'તે પુરુષ...'** જે કોઈ આત્મા આમ કરશે એ પુરુષ મુક્તિસુંદરીનો પતિ થશે. મુક્તિની નિર્મળ પર્યાય પ્રાપ્ત થશે. આ વાત છે, ભાઈ!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અમને કેવળજ્ઞાન આમ થયું છે, આ વિધિથી થયું છે તો તમને વાણી દ્વારા કહીએ છીએ, આગમમાં એમ કથન છે. એથી વિરુદ્ધ કથન હોય એ આગમ નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ! ક્યાંક વ્યવહારથી કહ્યું છે ને. પણ એ વ્યવહારથી જ્ઞાન કરાવ્યું છે. વ્યવહારથી થાય છે એવી

ચીજ નથી. ઓહો..! જેને એક આત્મા ચૈતન્યચમત્કારની જ્યાં અપેક્ષા છે, બીજી કોઈ અપેક્ષા છે નહિ, એવો માર્ગ વીતરાગનો છે. એ દસ ગાથા થઈ.

મુમુક્ષુ :– ધન લૂંટાય છે. લેવું હોય તે લે.

ઉત્તર :– ૧૧-૧૨ ગાથા. ૧૦ ગાથા થઈ.

મુમુક્ષુ :– નિજની સંપત્તિ મળી ગઈ છે.

ઉત્તર :– હા. તારી સંપત્તિ તારી પાસે પરિપૂર્ણ છે. ક્યાંય જવા-આવવાનું છે નહિ. આહાહા..! હવે ૧૧-૧૨.

**केवलमिंदियरहियं असहायं तं सहावणाणं ति।**
**सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं ।।११।।**
**सण्णाणं चउभेयं मदिसदओही तहेव मणपज्जं ।**
**अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव ।।१२।।**

નીચે હરિગીત.

**અસહાય, ઇંદ્રિવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;**
**સુજ્ઞાન ને અજ્ઞાન–એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.**
**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય–ભેદ છે સુજ્ઞાનના;**
**કુમતિ, કુઅવધિ, કુશ્રુત–એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.**

**'(આ ગાથાઓમાં) જ્ઞાનના ભેદ કહ્યા છે.'** નીચે ટીકા છે ને?

**ટીકા :– 'જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી કેવળ છે,...'** કેવળજ્ઞાન. આ ત્રિકાળની વાત નથી. કેવળજ્ઞાન, સકળવિમળ પર્યાય જે પ્રગટ થઈ. ઉપાધિરહિત–એને ઉપાધિ નથી માટે સ્વભાવજ્ઞાન કહ્યું. **'સ્વરૂપવાળું હોવાથી કેવળ છે, આવરણ વિનાના સ્વરૂપવાળું...'** એકલો, શુદ્ધ, નિર્ભેળ. **'આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી ક્રમ,..'** રહિત છે. કેવળજ્ઞાનમાં ક્રમ નથી. એક પછી એક જાણવું એમ છે નહિ. **'ઇન્દ્રિય...'** ની મદદ નથી. **'અને (દેશ-કાળાદિ) વ્યવધાન રહિત છે,...'** આડ નહિ, પડદા નહિ. અંતર નહિ, આંતર નહિ, દૂરી નહિ, વિઘ્ન નહિ. કેવળજ્ઞાનમાં કોઈ અંતર પડદો પડતો નથી. આહાહા..! એવું હોય છે. જુઓ! ક્રમ નહિ, ઇન્દ્રિયની સહાય નથી. એટલે ઇન્દ્રિય રહિત છે. **'દેશ-કાળાદિ વ્યવધાન રહિત છે,...'** એટલા ક્ષેત્રને જાણવું અને એટલા ક્ષેત્રને ન જાણવું એવું કાંઈ તેમાં છે નહિ. ત્રણકાળ, ત્રણલોક, અનંત લોકાલોક જ્ઞાનની પર્યાયમાં કેવળજ્ઞાનમાં જણાય છે. આહાહા..!

**'એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી અસહાય છે,...'** પહેલા એક વસ્તુ જાણે પછી બીજી વસ્તુ જાણે એમ નથી. કેવળજ્ઞાનમાં એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે છે. કહો,

સમજાણું કાંઈ? **'(–સમસ્ત વસ્તુઓમાં વ્યાપતું હોવાથી) અસહાય છે,...'** કેવળજ્ઞાનમાં કોઈ ચીજ બાકી નથી. ત્રણકાળ, ત્રણલોકની પર્યાય જ્યાં થાય છે, જ્યાં-ત્યાં નિમિત્ત કેવું છે એ બધું એક સમયમાં જણાય છે.

મુમુક્ષુ :– નિમિત્તની વાત ...

ઉત્તર :– કીધું ને. નિમિત્ત થાય છે એ જાણ્યું. જે સમયે જે પર્યાય થાય છે એને જાણ્યું. તે સમયે નિમિત્ત કોણ હતું તે જાણ્યું. ભગવાનના જ્ઞાનમાં બધું આવી ગયું છે. કાંઈ બાકી નથી. આહાહા..! ણમો અરિહંતાણં કહે પણ કેવળજ્ઞાન કોને કહે છે એની ખબર નહિ. **'તે કાર્યસ્વભાવજ્ઞાન છે.'** જુઓ! એનું નામ કાર્યસ્વભાવજ્ઞાન. કેવળજ્ઞાન છે ને?

**'કારણજ્ઞાન પણ તેવું જ છે.'** જુઓ! હવે અંદર જ્ઞાનસ્વભાવ ત્રિકાળ, એ પણ તેવું જ છે. **'શાથી? નિજ પરમાત્મામાં રહેલા સહજદર્શન,...'** શું કહે છે? જુઓ હવે. અંતરમાં જ્ઞાન સ્વભાવ–ગુણ જે ધ્રુવ પડ્યો છે. એ અંતરમાં વિદ્યમાન સહજ દર્શન, એ ત્રિકાળી દર્શન, ત્રિકાળી ચારિત્ર, અંદર ત્રિકાળી વીતરાગતા, સહજ આનંદ, ત્રિકાળી આનંદ. સહજ શબ્દ પડેલો છે ને? પર્યાય વિનાનો બતાવવો છે. સ્વભાવિકદર્શન, સ્વભાવિકચારિત્ર, સ્વભાવિક આનંદ અને સ્વભાવિક પરમચિત્શક્તિરૂપ વીર્ય. **'પરમચિત્શક્તિરૂપ નિજકારણસમયસારનાં...'** પોતાના નિજકારણ સમયસારના **'સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ...'** અંતરનું જ્ઞાન, પોતાનો ગુણ બધાને જાણવાને સમર્થ છે. જ્ઞાનસ્વભાવ પોતાની અનંત શક્તિઓ છે તે દરેકને જાણવાને સમર્થ છે. ચાર (ગુણો) તો મુખ્ય લીધા. **'સહજપરમચિત્શક્તિરૂપ...'** ત્યાં જ્ઞાન લીધું. એને જાણે છે. જ્ઞાન પોતાની ચિત્શક્તિને, સુખને, ચારિત્ર અને દર્શનને જાણે છે. એ **'એ નિજકારણ સમયસારનાં...'** જુઓ! નિજકારણ સમયસાર. ધ્રુવસ્વભાવ તે નિજકારણસમયસાર. આહાહા..!

ટીકા જુઓને 'નિયમસાર'ની! ભાગવત્ શાસ્ત્ર છે. આ જૈનનું ભાગવત્ શાસ્ત્ર છે. આહાહા..! એ ભાગવત્ શાસ્ત્ર કહે છે ને? આગળ કહેશે. આ ભાગવત્ શાસ્ત્ર છે. ભગવાને કહેલું, ભગવાન થવાની શક્તિવાળું, બતાવનારું આ ભાગવત્ શાસ્ત્ર છે.

**'આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.'** જુઓ! શુદ્ધજ્ઞાનનું કાર્ય અને કારણ બંનેની વ્યાખ્યા કરી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ફાગણ વદ ૫, બુધવાર, તા. ૧૭-૩-૧૯૭૧
## ગાથા – ૧૧ થી ૧૨, પ્રવચન નં. ૧૭

૨૮માં પાને છે. પહેલા કારણજ્ઞાન અને કાર્યજ્ઞાનની વ્યાખ્યા થઈ. કારણજ્ઞાન એને કહીએ કે જે ત્રિકાળી જ્ઞાયકભાવ, જ્ઞાનસ્વભાવ (છે તે). અને એમાંથી કાર્ય–કેવળજ્ઞાન આદિને કાર્યજ્ઞાન કહીએ. સમજાણું? એ પહેલું આવી ગયું. ૨૮ પાને પહેલો પેરેગ્રાફ થઈ ગયો. બીજો પેરેગ્રાફ છે. ૨૮માં પાને. માથે બે ભાગ આવી ગયા. એક કારણ સ્વભાવજ્ઞાન અને કાર્ય સ્વભાવજ્ઞાન. કારણ સ્વભાવજ્ઞાનનો ખુલાસો અહીં કરશે. જેને ધર્મ કરવો છે એને તો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ જે જ્ઞાનભાવ (છે) એનો આશ્રય કરવાથી એને ધર્મ થાય. પછી બીજા ભેદો છે એ જાણવા જેવા છે.

મુમુક્ષુ :– એનાથી લાભ ન થાય તો પણ જાણવા?

ઉત્તર :– જાણવાની હયાતી જેટલા પ્રકાર છે એ વ્યવહારનું જ્ઞાન તો કરવું ને? જ્ઞાન કરવા માટે બધા વ્યવહારભેદ છે. ભેદો છે ને? નથી? આશ્રય કરવા લાયક તો એક જ ત્રિકાળ ઉપાદેય આત્મા. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. ધ્રુવ સ્વભાવ. કારણભાવ ત્રિકાળ. ધર્મીને એ જ આશ્રય કરવાલાયક અને ઉપાદેય છે. શું છે?

મુમુક્ષુ :– વ્યવહાર જ્ઞાન કરવા લાયક છે?

ઉત્તર :– જ્ઞાન કરવાનો ભેદ છે, જ્ઞાન ન કરે?

મુમુક્ષુ :– જ્ઞાન કરવાનો અર્થ શું?

ઉત્તર :– જાણવું. અર્થ શું છે એમ જાણવું.

મુમુક્ષુ :– જાણવા જાવું શું?

ઉત્તર :– જાણવું. વ્યવહાર જેવો છે તેવો જાણવો. સ્વભાવનો આશ્રય કરીને પોતાના જ્ઞાનનું ભાન થયું, (આ વ્યવહાર છે) એમ જાણીને લક્ષને છોડવું. પણ જાણ્યા વિના કોનું લક્ષ છોડે? સમજાણું કાંઈ?

કહે છે કે મતિજ્ઞાનના એટલા ભેદ. મતિજ્ઞાન, જે પહેલા સમ્યક્જ્ઞાન થાય છે. પહેલું મતિજ્ઞાન. એના આટલા ભેદ : ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ. ત્રણ (ભેદ). અને પછી અવગ્રહ આદિથી ચાર. અથવા બહુ બહુ વિધઆદિથી બાર. એ બધા ભેદવાળી જ્ઞાનની પર્યાય છે એમ એને જાણવું જોઈએ. હવે?

**'લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે.'** કહો, સમજાણું? નીચે થોડો ખુલાસો કર્યો છે, જુઓ! ઉપલબ્ધિ છે ને? નીચે ૨. **'મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે :...'** આત્મા જ્ઞાયક જ્ઞાનસ્વભાવ (છે) એવું અંતરમાં લક્ષ કરીને જે મતિજ્ઞાન જ્ઞાન, એ તો પહેલો ખુલાસો આવી ગયો

છે, કે ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. તો મતિજ્ઞાન જે છે, એ ચૈતન્યગુણ જે છે, એને અનુસરીને થયેલી મતિજ્ઞાનની પર્યાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ દેહાદિક તો પર છે, જડ છે. એની અહીં વાત નથી. અહીંયા તો એના જ્ઞાનસ્વભાવનું એકપણું અને અનેકપણું એની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? એમાં પુણ્ય-પાપના ભાવ થાય એનું પણ અત્યારે કાંઈ કામ નથી. અહીં તો જ્ઞાનના પ્રકારની વાત છે.

કહે છે, કે જે ત્રણ ઉપલબ્ધિ, ભાવના, ઉપયોગ નીચે નોટમાં. **'મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશક્તિ (–પદાર્થને જાણવાની શક્તિ)...'** અર્થગ્રહણ એટલે જાણવું. પદાર્થને જાણવાની શક્તિ **'તેને ઉપલબ્ધિ કહે છે;...'** એ ઉપલબ્ધિ એ મતિજ્ઞાનનું એક પરિણામ છે. અને તે મતિજ્ઞાનના પરિણામ, ત્રિકાળ જ્ઞાયકભાવ અથવા જ્ઞાનભાવને ચૈતન્યને અનુસરીને થાય છે. સમજાય છે કાંઈ? **'તે ઉપલબ્ધિ છે;...'**

**'જાણેલા પદાર્થ પ્રત્યે ફરી ફરીને ચિંતન તે ભાવના છે;...'** જાણેલી વાત હોય એને વારંવાર વિચારવી, ફેરવવી એ ભાવના. પછી ઉપયોગ **''આ કાળું છે,' 'આ પીળું છે' ઇત્યાદિ...'** ભેદ પાડીને **'ઇત્યાદિ અર્થગ્રહણ વ્યાપાર...'** પહેલા અર્થગ્રહણ શક્તિ હતી. ઉપલબ્ધિમાં પદાર્થને જાણવાની શક્તિ (હતી), અને આ એનો વ્યાપાર. જુઓ! આ સર્વજ્ઞના માર્ગમાં જ આવું હોય છે એવું અસ્તિત્વ એણે બરાબર નક્કી કરવું એમ કહે છે.

વસ્તુ આત્મા, એમાં જ્ઞાનગુણ તો એકરૂપ છે. એના પછી જ્યારે પર્યાયમાં પ્રકાર પડે, ત્યારે પાંચ (પ્રકાર પડે છે). મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ. કેવળ એ તો પૂર્ણ કાર્યજ્ઞાનમાં નાખ્યું. હવે આ ચાર જ્ઞાન છે એ વિભાવજ્ઞાન છે. એમાં પણ મતિજ્ઞાનના આટલા પ્રકાર છે પાછા. સમજાય છે કાંઈ? **'તે ઉપયોગ છે.' '(–પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે.'** એ ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ ત્રણ આવી ગયા.

હવે અવગ્રહાદિભેદ. ૩. **'મતિજ્ઞાન ચારભેદવાળું છે :...'** મતિજ્ઞાનમાં પહેલું અવગ્રહ થાય. અવ-નિશ્ચય કંઈક થોડું જણાય. પછી એની **'ઇહા (–વિચારણા), અવાય (–નિર્ણય) અને ધારણા,...'** એ ચાર પ્રકાર મતિજ્ઞાનના ભેદ છે. એ પણ ચાર ચૈતન્ય અનુવિધાયી પરિણામ છે. નિમિત્તનું લક્ષ થયું એટલે નિમિત્ત તો આમ છે એમ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન જાણવામાં આવ્યા, વીતરાગ-વાણી અવગ્રહમાં (આવી)... સમજાણું? પણ એ અવગ્રહનો પર્યાય ચૈતન્યને અનુસરીને થયો છે. ભગવાનને દેખીને થયો નથી. સમજાણું કાંઈ? ઝીણો માર્ગ છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞનો માર્ગ લોકોએ બહારમાં સ્થૂળ કરી નાખ્યો છે. સ્થૂળનો અર્થ વિપરીત કરી નાખ્યો. આ તો માર્ગ જ સૂક્ષ્મ છે.

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે, કે ભાઈ! તારો આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એ જ્ઞાન છે એ ત્રિકાળ છે અને ત્રિકાળ જ્ઞાનનો આશ્રય કરીને, જે આ કંઈ મતિ, શ્રુત,

અવધિ આદિ પ્રગટ થાય, એ બધા ભેદો જ્ઞાનની પર્યાયના છે. એમ એણે જાણવું જોઈએ. એ ભેદ પરને લઈને પડે છે એમ નહિ. એ જ્ઞાનના ભેદના પ્રકારો પણ ચૈતન્યને અનુસરીને જ થયેલા એ ભાવ છે. સમજાણું કાંઈ?

ચાર ભેદ **'અવગ્રહ, ઇહા (-વિચારણા), અવાય (–નિર્ણય) અને ધારણા. [વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ.]'** પછી ચોથો ભેદ છે ને? બહુ. **'મતિજ્ઞાન બાર ભેદવાળું છે : બહુ, એક, બહુવિધ, એકવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિસૃત, નિઃસૃત, અનુક્ત, ઉક્ત, ધ્રુવ અને અધ્રુવ.'** છે તો આ બધી પર્યાયના ભેદ, હોં! ધ્રુવ ને અધ્રુવ બધા. **'[વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ.]'** એ મતિના ભેદ કહ્યા. સમજાણું.

**'લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે.'** હવે શ્રુતજ્ઞાનના બે પ્રકાર. ભાવશ્રુતજ્ઞાન, હોં! આત્મામાં થતું ભાવશ્રુત. એ થાય છે ચૈતન્યને અનુસરીને, પણ એના અનુસરવાના થોડા ભેદો પડે, થોડું અનુસરણ, વિશેષ અનુસરણ એવા જ્ઞાનની પર્યાયના ભેદ પડે એને એણે જાણવા જોઈએ. આદરવા જેવા નથી પણ જાણવા જેવા છે, એમ કહે છે. બે પ્રકારનું છે. લબ્ધિ અને ભાવના. ઉઘાડ અને વેપાર.

**'દેશ, સર્વ અને પરમના ભેદથી અવધિ ત્રણ પ્રકારનું છે.'** અવધિજ્ઞાન **'(–અર્થાત્ દેશાવધિ, સર્વાવધિ અને પરમાવધિ એવા ત્રણ ભેદો..'** એ પણ જાણવું જોઈએ. **'ઋજુમતિ અને વિપુલમતિના ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે.'** મનઃપર્યય. મુનિને આત્મજ્ઞાન સહિતની ચારિત્રની દશા હોય, એને મનઃપર્યયજ્ઞાન પ્રગટ થાય છે. કે જે સામાના મનને જાણે, એવી જ્ઞાનની પર્યાય. પણ એ જ્ઞાનની પર્યાય છે તો ચૈતન્યને અનુસરીને થયેલી. સમજાણું કાંઈ? એવા ઋજુસૂત્ર અને વિપુલમતિ. ઋજુસુત્રની શક્તિ થોડી છે, વિપુલની વિશેષછે.

**'પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને...'** હવે જુઓ! **'પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે.'** શું કહે છે? ભગવાનઆત્મા, પરમભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ, આત્માનો નિત્યભાવ, નિત્ય-કાયમી, એમાં સ્થિત. ધર્મી એમાં સ્થિત દૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? **'પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે.'** આ ચાર : મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય. મતિના ભેદો, શ્રુતના ભેદ, અવધિના ભેદ અને મનઃપર્યયના ભેદ. શું કીધું સમજાણું?

ધર્મીજીવ સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે જે પરમભાવ ત્રિકાળી જ્ઞાયક ચૈતન્યભાવ, એમાં એની દૃષ્ટિ છે, એમા એનું ધ્યેય છે અને એમાં એની એકાગ્રતા છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા, એનો જ્ઞાનગુણ, એકરૂપ સદૃશ ધ્રુવ, એમાં જેની દૃષ્ટિ છે એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. બીજા બધા ભેદો છે એને જાણે ભલે. પણ દૃષ્ટિ જ્ઞાનભાવ ત્રિકાળ ધ્રુવમાં છે. આવી બધી ઝીણી વાતું છે.

મુમુક્ષુ :– 'જયપુર'માં...

ઉત્તર :– એ તો મીઠા માણસ છે તો .. એ તો બધા સાંભળશે. ફલાણું થશે એમ બોલે છે. જુઓ! સાર જુઓ, સાર.

પરમભાવ ભગવાનઆત્મા...! શરીર, વાણી, મન તો જડ છે. પુણ્ય અને પાપના ભાવ થાય એ તો વિકાર છે. એક સમયની પર્યાયનો અંશ તો વ્યવહાર છે. ત્રિકાળી જ્ઞાયકભાવમાં ચૈતન્યભાવ જે છે, એમાં જેની દૃષ્ટિ થંભી છે એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. એને આ ચાર જ્ઞાન ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? વસ્તુને જાણવાની લબ્ધિરૂપ શક્તિ એ પણ પરમભાવમાં સ્થિતને તે પર્યાય પ્રગટ થાય છે. એમ કહે છે. બહુ વાંચન કરે, બહારમાં આ કરે એને એ જ્ઞાન થાય છે એમ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પરમસ્વભાવ, જ્ઞાનભાવ એમાં સ્થિત છે. વ્યાખ્યા જ એવી કરી. પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા કરી. આહાહા..! ધર્મી પહેલા નાના દરજ્જાનો, સમ્યગ્દૃષ્ટિ, ધર્મની શરૂઆતની પહેલી દશા એ સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ પરમભાવમાં પડી છે. પરમભાવમાં દૃષ્ટિ (પડી છે). કહો, 'પંડિતજી'! ભારે! સમજાણું કાંઈ? શાસ્ત્રના પાનામાં અને વાણીમાં એની દૃષ્ટિ નથી એમ કહે છે. **'પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિ...'** વ્યાખ્યા આવી. આહાહા..! ત્રિકાળ જ્ઞાનભાવ, જે એકરૂપ ત્રિકાળ જ્ઞાનભાવ સદૃશભાવ, એમાં જેની દૃષ્ટિ છે, એવા સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? એકડો છે ને?

**'સુમતિજ્ઞાન ને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે.'** નીચે. **'સુમતિજ્ઞાન ને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દૃષ્ટિને જીવોને હોય છે. સુઅવધિજ્ઞાન કોઈ કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે. મનઃપર્યયજ્ઞાન કોઈ કોઈ મુનિવરોને–વિશિષ્ટસંયમધરોને–હોય છે.'** ચારિત્ર અંતર પ્રગટ્યું હોય છે, એમાં પણ વિશિષ્ટ–ખાસ ચારિત્રના ધરનારા, એને એ ચોથું જ્ઞાન (હોય છે). પણ એ પરમભાવમાં સ્થિત છે માટે થાય છે. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? ચારિત્ર થયું માટે મનઃપર્યયજ્ઞાન થાય છે એમ પણ નથી એમ કહ્યું અહીં તો. ચારિત્રથી થાય તો બધાને મનઃપર્યયજ્ઞાન થવું જોઈએ. પણ જેને એ પરમભાવમાં સ્થિત જેટલા પ્રકારે છે, એ પ્રકારે એની પ્રગટ પર્યાય થાય છે. બહુ ઝીણું. આના કરતા દયા પાળવી, વ્રત પાળવા સહેલુંસટ (હતું). 'પોપટભાઈ'! એ રખડવાના રસ્તા. કાંઈ ભાન ન મળે શું ચીજ છે. એ તો રાગ છે, વિકલ્પ છે.

વસ્તુની સ્થિતિ, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે, જે આત્મા વસ્તુ કીધી અને એમાં એકરૂપ સદૃશ્ય ધ્રુવ જ્ઞાનગુણ, એમાં એકાકાર થઈને પ્રગટ થયેલી પર્યાય, એવી સમ્યગ્દૃષ્ટિ, એ પણ પર્યાય છે, એવા સમ્યગ્દૃષ્ટિને જીવને, પરમભાવમાં સ્થિત છે, તેથી તેને આ ચાર જ્ઞાન ઉત્પન્ન થાય છે. આહાહા..! લ્યો, આમાં તો એમ કહ્યું. એય..! બહુ ભણે છે, વાંચે છે માટે મતિ-શ્રુત થાય છે એમ ન કહ્યું.

આત્મામાં દરિયો પડ્યો છે. જ્ઞાનનો દરિયો આત્મા છે. અપરિમિત–બેહદ જ્ઞાનસ્વભાવ જેનો સ્વભાવ.. સ્વભાવ... સ્વભાવ... અહીં ગુણની અપેક્ષાની વાત કરી છે ને? ભિન્ન પાડીને. જ્ઞાનમાં સ્થિત છે એને આ પ્રગટ થાય છે. આમ જ્ઞાયકભાવ કીધો. એ તો આખી વસ્તુ, બધા ગુણોનો આખો પિંડ, એવો જે જ્ઞાયકભાવ, ત્રિકાળ એકરૂપ ભાવ, એને આશ્રયે સમ્યગ્દૃષ્ટિ થાય છે. અહીં તો કહે છે કે પરમભાવ જે જ્ઞાનભાવ, એમાં જે સ્થિત છે એને આ ચાર જ્ઞાન ઉત્પન્ન થાય છે. પછી જ્ઞાયકભાવમાં સ્થિત છે કહો, જ્ઞાનગુણમાં સ્થિત છે કહો. એ જ્ઞાનગુણ પરમભાવ છે. કહો, સમજાણું કાંઈ?

**'મિથ્યાદર્શન હોય ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન 'કુમતિજ્ઞાન', 'કુશ્રુતજ્ઞાન' અને 'વિભંગજ્ઞાન'–એવાં નામાંતરોને (અન્ય નામોને) પામે છે.'** લ્યો. શ્રદ્ધા જેની મિથ્યાત્વ છે, જે નિમિત્તને માને છે, રાગને જ માને છે અને અલ્પજ્ઞ પર્યાયને જ માને અથવા પુણ્ય પરિણામ તે ધર્મ છે એમ માને છે, એવા મિથ્યાદૃષ્ટિને મતિ-શ્રુત અને અવધિ. એટલે **''કુમતિજ્ઞાન', 'કુશ્રુતજ્ઞાન' અને 'વિભંગજ્ઞાન''** એવા ત્રણ પ્રકાર થાય છે. પણ એને એ ચૈતન્યને અનુસરીને થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અહીં (ઉપર કહેલા જ્ઞાનોને વિષે) સહજજ્ઞાન,...'** લ્યો, હવે કહે છે. અંતરનું સ્વભાવિક જ્ઞાન. આત્મા વસ્તુ, એનું જે સ્વરૂપ જ્ઞાન, સ્વભાવિક જ્ઞાન, **'સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી,...'** શું કહે છે? સ્વભાવિક જ્ઞાન, ધ્રુવ જ્ઞાન, એ **'શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ...'** આત્મા, એમાં એ જ્ઞાન વ્યાપક છે–પ્રસરી ગયેલું છે. હજી તો શબ્દોના અર્થ સમજવા કઠણ પડે. 'ભીખાભાઈ'! સ્વભાવિક જ્ઞાન જે ત્રિકાળ. આત્મા અને અવિનાશી તેમ એનું જ્ઞાન ધ્રુવ, એ અંતઃતત્ત્વ એવો જે આત્મા એમાં એ સહજજ્ઞાન વ્યાપક છે, પ્રસરેલું છે, વિસ્તરેલું છે. આહાહા..!

**'શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ...'** જુઓ! એમાં **'વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે.'** એ જ્ઞાન ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ છે. નીચે ખુલાસો કર્યો છે. **'સ્વરૂપપ્રત્યક્ષ = સ્વરૂપે પ્રત્યક્ષ; સ્વરૂપ-અપેક્ષાએ પ્રત્યક્ષ; સ્વભાવે પ્રત્યક્ષ.'** સ્વભાવે પ્રત્યક્ષ જ્ઞાન ત્રિકાળ છે. આહાહા..! આ કેવળજ્ઞાનની અપેક્ષા નહિ. ત્રિકાળ જ્ઞાન સ્વરૂપ પ્રત્યક્ષ જ છે. પ્રત્યક્ષ છે એમ કહે છે. વસ્તુ છે એ પ્રત્યક્ષ જ છે. આહાહા..! જુઓ! આ શબ્દ બીજે ક્યાંય નથી. અહીંયા જ એમણે (કહ્યું છે). સમજાણું? બીજા શાસ્ત્રોમાં, દિગંબરોમાં પણ નથી તો બીજામાં તો છે નહિ. જુઓ! છે? સ્વભાવિક જ્ઞાન. જે આત્મા વસ્તુ છે, અનાદિ-અનંત-અવિનાશી, તેવો એમાં જ્ઞાનસ્વભાવ, અંતઃતત્ત્વ જે પરમસ્વરૂપ એમાં એ વ્યાપી રહેલો છે. એ ગુણ (–જ્ઞાન) અંતઃતત્ત્વમાં પ્રસરેલું છે, વિસ્તરેલું છે એને સ્વરૂપપ્રત્યક્ષ કહેવાય છે.

મુમુક્ષુ :– આ તો પ્રત્યેક અવસ્થામાં રહે છે.

ઉત્તર :– ત્રિકાળ. અવસ્થામાં નહિ, ત્રિકાળ ગુણમાં. હાલત તો પર્યાય છે. ત્રિકાળ ધ્રુવરૂપ રહે એને અહીંયા પ્રત્યક્ષ, સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન કહ્યું છે. 'પંડિતજી'! સ્વરૂપપ્રત્યક્ષ કદી સાંભળ્યું હતું? સ્વરૂપપ્રત્યક્ષ. એ 'પદ્મપ્રભમલધારીદેવ' એ તો કહે છે કે ગણધરોએ આ બધી ટીકા કરી છે. અમે શું કરીએ? ગણધર આદિથી આ ટીકા ચાલી આવે છે. સમજાણું કાંઈ?

વસ્તુ આમ, વસ્તુ તો વસ્તુ પ્રત્યક્ષ પડી છે એમ કહે છે. તો એનું જ્ઞાન પણ અહીંયા પ્રત્યક્ષ ધ્રુવપણે અંદર પડ્યું જ છે. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુ ભગવાનઆત્મા, એવું જે અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ આત્મા, એમાં એ સહજ સ્વભાવિક જ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષરૂપ છે. એમ ને એમ અનાદિ અનંત પડ્યું છે. આ ધ્રુવની વ્યાખ્યા ચાલે છે, હોં! સ્વરૂપપ્રત્યક્ષ એટલે પર્યાય નહિ. સમજાણું કાંઈ? આવો ધર્મ પણ કઈ જાતનો?

મુમુક્ષુ :– વીતરાગ ભગવાનનો.

ઉત્તર :– વીતરાગ ભગવાનનો. ઓલા તો કહે, કંદમૂળ ન ખાવા, ચોવિયાર કરવો, પડિક્કમણા, મિચ્છામિ દુક્કડમ દેવું, એવી બધી વાતો આમાં તો ક્યાંય આવી નહિ. 'પોપટભાઈ'! એ તો બધી વિકલ્પની, રાગની વાતું છે. આત્મા તો એનાથી પાર ભિન્ન છે. એના જ્ઞાનસ્વભાવની અહીં તો વાત છે. આહાહા..! રાગ આવે એને એ જાણે, એની–પોતાની હયાતીનો આશ્રય લઈને. એવા આત્માની અહીં વાત કરી છે.

એ સ્વરૂપપ્રત્યક્ષ ભગવાનઆત્મા.. આહાહા..! અરે..! એનું અસ્તિત્વ, એની સત્તાની મોજૂદગીની હયાતી, એ આત્મા અને એનું આ સહજજ્ઞાન, સ્વરૂપપ્રત્યક્ષ, ત્રિકાળ સ્વરૂપ પ્રત્યક્ષ છે. એ આત્માના ગુણની અને આત્માની હયાતી ધ્રુવપણે (રહી છે). પર્યાયદૃષ્ટિમાં એને આ દ્રવ્યદૃષ્ટિની ખબર પડતી નથી. આ વ્યાપક ભગવાનઆત્મા, આખા તત્ત્વની અંદર જ્ઞાન ધ્રુવપણે વ્યાપેલું છે, એ ધ્રુવમાં દૃષ્ટિ જાય તો એને એની ખબર પડે. સમજાણું કાંઈ?

**'કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ (સંપૂર્ણપ્રત્યક્ષ) છે.'** પ્રત્યક્ષના બે ભેદ પાડ્યા. અંતર જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, જ્ઞાન ધ્રુવપણે રહે, એને સ્વરૂપપ્રત્યક્ષ કહીએ. અને એનો આશ્રય થઈને કેવલજ્ઞાન પ્રગટ થાય એ સકળપ્રત્યક્ષ છે, સંપૂર્ણપ્રત્યક્ષ છે. પેલું સ્વરૂપે પ્રત્યક્ષ, આ સકળપ્રત્યક્ષ (છે).

મુમુક્ષુ :– વિસ્તારથી જરા...

ઉત્તર :– આ વ્યાખ્યા તો થાય છે. અહીં ચાર જ્ઞાનની વાત આમાં નથી લેવી.

અહીં તો પૂર્ણપ્રત્યક્ષ અને સ્વરૂપપ્રત્યક્ષ–બે ભાગ. એટલે કે વસ્તુ ભગવાનઆત્મા, અવિનાશી પ્રભુ! એવું જે અંતઃતત્ત્વ, એવું પરમતત્ત્વ. કેવળજ્ઞાનની પર્યાય આવી એ પરમતત્ત્વ નહિ એમ કહે છે. અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ, ભગવાન અનંતગુણનો પિંડ એક અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ, એમાં વ્યાપેલું, રહેલું જ્ઞાન, તેને સહજજ્ઞાન કહીને સ્વરૂપપ્રત્યક્ષ કહેવામાં આવ્યું છે.

અને એ સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાનનો આશ્રય લઈને, રાત્રે કહ્યું હતું ને? પરમભાવમાં સ્થિત થઈને. એ પરમ ધ્રુવભાવ, નિત્યભાવ, પરમભાવ, અંતઃતત્ત્વરૂપ પરમસ્વભાવ, એમાં રહેલું જે જ્ઞાન, એ સ્વરૂપપ્રત્યક્ષ છે. સ્વરૂપે પ્રત્યક્ષ, સ્વભાવે પ્રત્યક્ષ. એ સ્વભાવે પ્રત્યક્ષ છે. એ જ્ઞાન પર્યાયમાં આવતું નથી. એ ધ્રુવરૂપે રહે છે. 'પંડિતજી'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પર્યાયમાં સ્વરૂપપ્રત્યક્ષ ધ્રુવ નથી આવતું. પર્યાયમાં પરિણમન પર્યાયનું થાય છે. ધ્રુવ તો સદૃશ્ય રહે છે.

મુમુક્ષુ :– ધ્રુવરૂપ પ્રત્યક્ષ...

ઉત્તર :– હા, ધ્રુવ એ સ્વરૂપપ્રત્યક્ષ. પેલું કેવળજ્ઞાન પ્રત્યક્ષ. આહાહા..!

મુમુક્ષુ :– ઉપર કહેલા ચાર જ્ઞાનોને વિષે સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં...

ઉત્તર :– ના, ના ઉપર કહેલા ચાર નહિ. **'(ઉપર કહેલાં જ્ઞાનોને વિષે)'** એમ કહ્યું છે. ચારની વાત નથી કરી. બધા જ્ઞાનના પ્રકાર વર્ણવ્યા હતા ને?. ચાર નહિ એ સિવાય જ્ઞાન પણ વર્ણવ્યા હતા. તે કારણજ્ઞાન, કાર્યજ્ઞાન બધું વર્ણવાઈ ગયું છે. કારણજ્ઞાન, કાર્યજ્ઞાન, ચાર જ્ઞાન એ બધા જ્ઞાનના ભેદમાં એમ કહે છે. ઓલા એકલા ચાર નહિ. પહેલા આવી ગયા છે ને? પહેલા પેરેગ્રાફમાં જુઓને. કેવળજ્ઞાન અસહાય છે. કારણજ્ઞાન પણ તેવું જ છે. કાર્યસ્વભાવજ્ઞાન કેવળજ્ઞાન છે. નિજ પરમાત્મામાં રહેલા સહજદર્શન આદિને જાણનારું સહજજ્ઞાન ત્રિકાળ છે. એ બધું જ્ઞાન, કેવળજ્ઞાન, ચાર જ્ઞાન એ બધા જ્ઞાનોને વિષે. **'સહજજ્ઞાન,..'** જે ત્રિકાળી સ્વભાવિક જ્ઞાન છે, જે પહેલું કહી ગયા હતા. કારણજ્ઞાન પણ તેવું છે, ઇ. નિજ કારણસમયસારનું સ્વરૂપ યુગપદ્ જાણવાને સમર્થ તેવું જ છે, ઇ. એ સહજજ્ઞાન, ત્રિકાળી જ્ઞાન, સ્વભાવિક ભાવ, જેને કોઈ કર્મના નિમિત્તની હયાતી અને અભાવની અપેક્ષા નથી. એવું જે ત્રિકાળીજ્ઞાન, ચૈતન્યપ્રકાશનું સત્ત્વ, ચૈતન્યરસ, ચૈતન્યરસ, પ્રકાશનો ત્રિકાળીભાવ ચૈતન્યનો એ **'સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી સ્વરૂપપ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ (સંપૂર્ણપ્રત્યક્ષ) છે.'** એમાંથી થયેલું કેવળજ્ઞાન, એને સકળપ્રત્યક્ષ (કહે છે). પેલું સ્વરૂપેપ્રત્યક્ષ, સ્વભાવેપ્રત્યક્ષ, સહજપ્રત્યક્ષ, આ સકળપ્રત્યક્ષ.

કેવળજ્ઞાનની પર્યાય પ્રગટી, એ ધ્રુવના આશ્રયથી પ્રગટી. એ તો વાત આવી ગઈ છે. કેવળજ્ઞાન ઉપયોગ, ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ. તો કેવળજ્ઞાન પણ ઉપયોગ છે, એ ચૈતન્યને અનુસરીને થયેલો ઉપયોગ છે. સમજાણું કાંઈ? આહાહા..! કેટલું આમાં યાદ રહે? ઓલું તો એક ભગવાનની ભક્તિ કરવી, જાવ ગુરુની ભક્તિ કરવી, જાવ હવે થઈ ગયું. કલ્યાણ થઈ જશે. એમ થશે નહિ, એમ કહે છે. આહાહા..! આ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી ત્રિકાળ છે, એની ભક્તિ કર્યે, ભક્તિ એટલે એકાગ્ર થયે કલ્યાણ થાય. કહો, સમજાણું કાંઈ?

**'સકલપ્રત્યક્ષ (સંપૂર્ણપ્રત્યક્ષ) છે.'** કેવળજ્ઞાન થયું કેમ? કે ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ. સમજાણું કાંઈ? લ્યો. સમ્યગ્દર્શન શ્રદ્ધા ગુણ, ત્રિકાળ છે અને સમ્યગ્દર્શન વર્તમાનમાં છે. માટે કેવળજ્ઞાન એને અનુસરીને થયું એમ નહિ. આહાહા..! કેટલો વિસ્તાર કરે છે! સમજાણું કાંઈ? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણવાનું કાર્ય થાય, એને કેવળજ્ઞાન કહેવાય. એ કાર્યજ્ઞાનને સકળપ્રત્યક્ષ કહેવામાં આવે છે. સ્વરૂપે પ્રત્યક્ષ તો ત્રિકાળ છે. આ તો પર્યાયનું પ્રત્યક્ષ એટલે સકળપ્રત્યક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન એ બધું ચૈતન્યને અનુસરીને થતું જ્ઞાન છે. સમજાણું કાંઈ? અને ચારિત્ર પ્રગટ્યું હોય છે એ પણ અંદર ચારિત્રગુણને અનુસરીને જ ચારિત્ર પ્રગટે છે. અને સમકિત પ્રગટે છે એ પણ ખરેખર તો એ શ્રદ્ધાગુણને અનુસરીને પ્રગટે છે. અને જ્ઞાન પ્રગટે છે એ ચૈતન્યના ગુણને અનુસરીને પ્રગટે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સ્વરૂપપ્રત્યક્ષ એટલે?

ઉત્તર :– ત્રિકાળ. ત્રિકાળ સ્વરૂપ. સ્વરૂપનો અર્થ એનું સ્વરૂપ–સ્વભાવ જ એ છે. સ્વભાવ જ છે ઇ. એનો જ્ઞાન એ સ્વભાવ. સ્વભાવ છે માટે પ્રત્યક્ષ. સ્વભાવેપ્રત્યક્ષ, સ્વરૂપેપ્રત્યક્ષ, સહજપ્રત્યક્ષ, સહજજ્ઞાન. આહાહા..! આવો શબ્દ નહોતો આવ્યો. ક્યાંય આવ્યો હતો? આહાહા..! દિગંબર સંતોએ તો કેવળજ્ઞાનના કાળજા ખોલી નાખ્યા છે. આહાહા..!

એને હજી ખ્યાલમાં તો લે. ખ્યાલમાં લેનારી પર્યાય છે. પણ ખ્યાલ કરવો છે કોનો? ત્રિકાળનો. ત્રિકાળ જ્ઞાનભાવ સ્વરૂપપ્રત્યક્ષ છે, એનો આશ્રય કરે એને મતિશ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ અવગ્રહ, ઇહા, અવાય બધું થાય છે. લબ્ધિ કહો એ બધું એને અનુસરીને થાય છે. સમજાણું કાંઈ? આમ બહારનું બહુ જાણવામાં આવ્યું માટે બહારને કારણે બહુ જાણવાના ભાવ થાય છે એમ નહિ. એ જાણવાનો સમ્યક્ ભાવ અંતર ત્રિકાળ સહજ સ્વરૂપપ્રત્યક્ષને આશ્રયે થાય છે. એ ચૈતન્ય અનુવિધાયી પરિણામ કહો. ઓહોહો..!

બે વાત કરી. એક કારણસ્વરૂપ પ્રત્યક્ષજ્ઞાન, એક કાર્ય–સકલપ્રત્યક્ષ જ્ઞાન. ત્રિકાળી કારણજ્ઞાનને સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું અને કેવલજ્ઞાન થયું એને સકલપ્રત્યક્ષ કહ્યું. સ્વરૂપપ્રત્યક્ષ પણ નહિ. કારણ કે સ્વરૂપપ્રત્યક્ષ તો સ્વભાવ ત્રિકાળ છે તેને કહીએ. આ ત્રિકાળ નથી. આ તો પ્રગટેલું કાર્ય છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન પણ સકળપ્રત્યક્ષ, સ્વરૂપપ્રત્યક્ષ પૂરું નહિ. એવા એવા કેવળજ્ઞાનના પર્યાયો અનંતા... અનંતા... અનંતા... અનંતા જ્ઞાનગુણમાં પડ્યા છે. એ સ્વરૂપ પ્રત્યક્ષજ્ઞાનના આશ્રયથી આ કેવળજ્ઞાન થાય છે. આહાહા..! કેટલા અપવાસ કરવાથી કેવળજ્ઞાન થાય? તૂટી મરે તો ન થાય? આ બિચારા કરે છે ને વર્ષીતપ ને એ બધા. તમારે ઘરે કોઈ દિ' કર્યું નહોતું ને? કહો, સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, કે અંદર ભગવાનઆત્મા એટલે ભગ એટલે અનંતજ્ઞાન અને અનંતઆનંદ આદિ લક્ષ્મીનું રૂપ એનું છે. એ અનંતજ્ઞાન અને અનંતઆનંદ જે ત્રિકાળ છે એમાં આ ત્રિકાળ જ્ઞાનને સ્વરૂપપ્રત્યક્ષ, સ્વભાવિકપ્રત્યક્ષ, સહજપ્રત્યક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત પણ...

**`रूपष्बवधेः' ' (અવધિજ્ઞાનનો વિષય–સંબંધ રૂપી દ્રવ્યોમાં છે)'** રૂપી દ્રવ્યને જાણે છે ને? અવધિજ્ઞાન પર્યાય છે પોતાને અનુસરીને થયેલી પણ એમાં જાણવાની તાકાત રૂપીની છે. અવધિજ્ઞાન. **'એવું (આગમનું) વચન હોવાથી અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ છે.'** એક સ્વરૂપપ્રત્યક્ષ, એક સકળપ્રત્યક્ષ, એક વિકલપ્રત્યક્ષ. વિકલઇન્દ્રિય જે છે ને! એકદેશપ્રત્યક્ષ. આહાહા..! મુનિઓએ પણ જંગલમાં રહીને...

**'તેના અનંતમાં ભાગે વસ્તુના અંશનું ગ્રાહક (–જાણનારું) હોવાથી...'** કોણ? અવધિજ્ઞાન એ જાણે, એનાથી અનંતમા ભાગે પણ સૂક્ષ્મને મનઃપર્યયજ્ઞાન જાણે. મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ છે. પણ છે વિકલપ્રત્યક્ષ. કહો, સમજાણું? પ્રત્યક્ષના આટલા ભેદ પાડ્યા. એક ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ, સ્વભાવપ્રત્યક્ષ એક બોલ. કેવળજ્ઞાન એ સકળપ્રત્યક્ષ, બીજો બોલ. અવધિજ્ઞાન એ વિકલપ્રત્યક્ષ અને મનઃપર્યયજ્ઞાન વિશેષ જાણવાની તાકાત અવધિથી અનંતમાં ભાગમાં સૂક્ષ્મને જાણે, પણ છે વિકલપ્રત્યક્ષ. એ સકળપ્રત્યક્ષ નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એકવાર ફરીને કહો, એમ કહે છે. કહે છે કે આ આત્મા છે ને આ શરીર, વાણી, મન જડ એ બધા એને કારણે રહેલા છે. આ કાંઈ આત્મા થઈને રહ્યા નથી. આ તો માટી થઈને રહેલ છે. અહીં તો આત્મા થઈને જે ત્રિકાળ જ્ઞાનગુણ રહેલો છે, આત્માનો વ્યાપક થઈને રહેલો છે, એવું ત્રિકાળજ્ઞાન, એને સ્વભાવિકજ્ઞાન કે સ્વરૂપપ્રત્યક્ષ કહેવામાં આવે છે. અને એને આશ્રયે કેવળજ્ઞાન થયું તેને સકળપ્રત્યક્ષ કહેવામાં આવે છે. એ પર્યાય છે. ઓલો ગુણ હતો. આ પર્યાય છે. સ્વરૂપપ્રત્યક્ષ એ ગુણ હતો. કેવળજ્ઞાન એ સકલપ્રત્યક્ષ પર્યાય છે. અવધિ પણ વિકલપ્રત્યક્ષ છે. કારણ કે થોડું જ દેખે છે. અને મનઃપર્યયજ્ઞાન પણ અવધિથી સૂક્ષ્મ છે, છતાં એ વિકલપ્રત્યક્ષ છે, સકલપ્રત્યક્ષ નથી. કહો, સમજાણું કાંઈ?

**'મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન બન્ને પરમાર્થથી પરોક્ષ છે.'** લ્યો. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બન્ને પરમાર્થથી પરોક્ષ છે. એ વાત અંતરની અપેક્ષાએ અહીં લીધી નથી. નહિતર મતિ શ્રુતજ્ઞાન સ્વની અપેક્ષાએ તો પ્રત્યક્ષ છે. પણ સ્થૂળપણું એવું આવે છે, 'ઉમાસ્વામી'નું.... **'અને વ્યવહારથી પ્રત્યક્ષ છે.'** મતિશ્રુત વ્યવહારથી પ્રત્યક્ષ છે. આ મેં જાણ્યું પ્રત્યક્ષ એમ કહે છે ને? જુઓ! આ મેં જાણ્યું. એ અપેક્ષાએ વ્યવહાર પ્રત્યક્ષ છે. કહો, આટલા ભેદ કહ્યા. એ ૫૬૩ ભેદ જીવના, એ નથી ગોખતા? જીવના, જડના પરમાણુના ને બધા. આ તારા જ્ઞાનગુણનો, ત્રિકાળ અને એના પર્યાય અને ભેદ

એને તો જાણ. સમજાણું કાંઈ? કે જે તારા અસ્તિમાં છે, તારી સત્તામાં છે. સહજજ્ઞાન ત્રિકાળ સત્તામાં છે. સકળપ્રત્યક્ષ, વિકળપ્રત્યક્ષ તારી પર્યાયની સત્તામાં હોય છે. સમજાણું કાંઈ?

**'વળી વિશેષ એ કે–ઉક્ત (ઉપર કહેલાં) જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ...'** લ્યો. આ બધા જ્ઞાનોના પ્રકાર કહ્યાં, એમાં **'સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે;...'** સહજજ્ઞાન જ છે. સમજાણું કાંઈ? આત્માની મુક્તદશા, સિદ્ધદશા થવામાં આત્માનો ત્રિકાળી સહજજ્ઞાન, મોક્ષનું મૂળ, નિજપરમતત્ત્વમાં સ્થિત, નિજપરમતત્ત્વ એવો જે આત્મા, એમાં રહેલું સ્વભાવિક જ્ઞાન જ જે સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન છે તે જ મોક્ષનું કારણ છે. લ્યો, ઠીક. જ્ઞાનની વાત લેવી છે ને?

આખી મોક્ષની દશાનું કારણ દ્રવ્ય છે. પણ કેવળજ્ઞાનરૂપી મોક્ષનું કારણ એ સહજજ્ઞાન ત્રિકાળ છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું? કે મોક્ષ જે પૂર્ણ મોક્ષદશા છે એનું કારણ તો આખું દ્રવ્ય છે. પણ કેવળજ્ઞાનરૂપી મુક્તદશાનું કારણ તો અંદર સહજસ્વરૂપ જ્ઞાન છે. સમજાણું કાંઈ?

વ્યવહાર, દયા, દાન, ભક્તિ અને પૂજા એ કાંઈ મોક્ષનું કારણ નથી. અરે..! નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય પણ મોક્ષનું કારણ નથી એમ અહીં તો સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલા ચાર જ્ઞાન કહ્યા હતા ને? પેટાભેદો. વિકળપ્રત્યક્ષ, સકલપ્રત્યક્ષ, અને મતિ-શ્રુત અને અવધિ એ બધા ભેદો કેવળજ્ઞાનનું કારણ નથી. આહાહા..! અંતરમાં ભગવાનઆત્મામાં વ્યાપેલું, કાયમ રહેલું, પ્રસરેલું એવું પ્રત્યક્ષ સહજજ્ઞાન, તે મોક્ષનું મૂળ કારણ છે. એ મોક્ષનું કારણ છે. આહાહા..!

**'તેમ જ સહજજ્ઞાન (તેના) પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે...'** હવે કહે છે કે પણ એ ચીજ શું છે? તેમ જ સહજ સ્વભાવિકજ્ઞાન, સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન જે કહ્યું હતું તે. પારિણામિકભાવ સ્વભાવને લીધે. એ તો પોતાનું પારિણામિક સહજસ્વરૂપનું સ્વરૂપ જ એ છે. એ **'ભવ્યનો પરમસ્વભાવ હોવાથી,...'** ભવ્યજીવનો એ પરમ સ્વભાવ છે. આહાહા..! સ્વભાવિકજ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું, સમજાણું? કારણપ્રત્યક્ષ સ્વભાવે પ્રત્યક્ષ કહ્યું, એને અહીંયા પરમસ્વભાવ, **'ભવ્યનો પરમ સ્વભાવ હોવાથી...'** આહાહા..! મોક્ષની પર્યાય પ્રગટ થવી છે, એવા ભવ્યજીવોનો આ પરમસ્વભાવ જ કારણ છે. પરમસ્વભાવ જ એનો સ્વભાવ છે. આહાહા..! આવી ધર્મની વ્યાખ્યા કેવી! બધી અજાણી આવે, લ્યો. ઓલામાં છકાયની દયા પાળવી, ... મિચ્છામિ દુક્કડમ, તસ્સૂતરી કરણેન.... ભગવાનની સ્તુતિ, સિદ્ધાસિદ્ધિ મમ્ દિસંતુ.... એવું તો કાંઈ આમાં આવ્યું નહિ. એ તો બધી વિકલ્પની વાતું છે. વસ્તુ એ છે નહિ. આહાહા..! પછી આકરું પડે. સાધુ (હોય તો એમ કહે), નહિ, નહિ. એ તો એકલો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય (કરે છે). પણ નિશ્ચય એટલે એકલું સાચું... સાચું... સાચું. નિશ્ચય... નિશ્ચય કરીને (કાઢી નાખવું છે). પણ નિશ્ચય એટલે સાચું... સાચું... સાચું... એમ. વ્યવહાર એટલે (ખોટું, ખોટું, ખોટું).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– સાચી વાત છે.

મુમુક્ષુ :– આ પરમભાવમાં સ્થિત ન રહે તો શુભભાવ કરવો ને.

ઉત્તર :– એમ એ લોકો કહે છે. એ તો ઓલો સાધુ આવ્યો હતો એ કહેતો હતો. કુંદકુંદવિજય નહોતો આવ્યો? કુંદકુંદવિજય, રામવિજયનો શિષ્ય. એ અહીં રહ્યા હતા. પછી (કહે), વાત તો સાચી લાગે છે. પણ આ ભવમાં નથી. કુંદકુંદવિજય હતા. અત્યારે છે. આ સુલોચનવિજયની સાથે. સુલોચનવિજય ગુજરી ગયા. 'રામવિજય' પાસે 'કલકત્તા'માં દીક્ષા લીધી હતી ને? એ તો પછી છોડી દીધું. આવું સાંભળ્યું એટલે એને એમ થયું કે માર્ગ કાંઈક બીજો છે. પણ એ અગરપંથ ...પંથમાં રહી ગયા. એય..! 'શાંતિભાઈ'! આ 'કાંતિભાઈ'ના મોટા ભાઈ. દીક્ષા લીધી હતી. એમના મોટા ભાઈ 'શાંતિભાઈ' એ અહીં રહે. અને વચમાં હતા 'સુલોચનજી'. અહીં આવ્યા હતા. પણ બધું ગડબડ થઈ ગઈ. ન બેઠું આ, ન ઓલું બેઠું. આહાહા..! એ કહે છે, ઓલા 'કુંદકુંદવિજય' વાત તો સાચી લાગે છે. 'સુલોચનવિજય'ને તો સાંભળીને એમ થયું, માર્ગ આ છે. હવે અમે આ બીજી પ્રરૂપણા નહિ કરીએ, આ કરશું એમ કરીને એણે છોડી દીધું. 'કુંદકુંદવિજય' બોલ્યા માર્ગ તો આ લાગે છે. પણ આ ભવમાં થઈ શકે એવું નથી લાગતું. આ કરો છો એ તો અનંતભવમાં તો બધું કર્યું છે. આહાહા..! વળી કાલે કોઈક કહેતું નહોતું? કે આમાં સમકિત થાય નહિ. ભાઈ કહેતા હતા ને? એમ કેટલાક બોલે છે. આ ભવમાં સમકિત હોય નહિ. ત્યારે તમે સાધુ થઈને શેના બેઠા? મિથ્યાદૃષ્ટિ થઈને તમે સાધુ થયા? ભાન ન મળે કાંઈ? ગાંડા ગદોડે. આહાહા..!

એ તો **'ભવ્યનો પરમસ્વભાવ હોવાથી, સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.'** જુઓ! કહો, સમજાય છે કાંઈ? ભવ્યનો પરમસ્વભાવ ચૈતન્ય, અભવ્યનો પણ એ સ્વભાવ છે પણ એને પ્રગટ થતો નથી એટલે કે ન કીધું જા. પ્રગટ થાય એને પરમસ્વભાવ છે. ભાનમાં આવે એને પરમસ્વભાવ, ઓલાને નથી. છે તો ખરો પણ ભાનમાં નથી આવતો તો એનું ન કીધું, જાવ. ભાનમાં ન આવે એને શું પરમસ્વભાવ? એમ કહે છે. સમજાણું કાંઈ?

આહાહા..! દરબારના બારણા ખોલી નાખ્યા છે. ખજાના ખોલી નાખ્યા છે. વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આ વાત કહેતા હતા. સભામાં આ વાત હતી. એ કાંઈ ગોપવી નહોતી રાખી. એની પહેલી શ્રદ્ધામાં નક્કી તો કરે. સમજાણું કાંઈ? માર્ગ આ છે, બીજો કોઈ માર્ગ છે નહિ. આહાહા..!

સહજજ્ઞાન, જુઓ! જેને સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું હતું, જેને ભવ્યનો પરમસ્વભાવ કહ્યો હતો. સમજાય છે? કે જેને એ જ્ઞાન અંતરના અનંતઆનંદ આદિને જાણનારું કહ્યું હતું. અનંત શક્તિઓ છે ને? જ્ઞાન-દર્શન-આનંદ બધાને જાણનારું એ ત્રિકાળી જ્ઞાન છે. ઉપર કહ્યું હતું. એવું જે ભગવાન

પરમસ્વભાવ જ્ઞાન એ સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. એ સિવાય કોઈ આદરણીય ધર્મીને છે નહિ. આહાહા..! કહો, સમજાણું?

**'સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.'** ત્રિકાળી ભગવાનઆત્મામાં ભરેલું જ્ઞાન ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સ્વરૂપપ્રત્યક્ષ, સ્વભાવપ્રત્યક્ષ, સહજપ્રત્યક્ષ, સહજસ્વભાવ, પરમભાવ, કારણજ્ઞાન એ સિવાય ભવ્યજીવને બીજું કોઈ ઉપાદેય આદરણીય છે નહિ. કઈ પર્યાયને આદરણીય રાખી આમાં? આહાહા..! સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર તો ઉપાદેય ખરા કે નહિ?

મુમુક્ષુ :– પ્રભુ! એ વાત તો અત્યારે ડીપોઝીટ રાખજો.

ઉત્તર :– હમણાં નહિ કહેશો, કહે છે. પણ કહે છે કે પમાય ક્યાંથી?

મુમુક્ષુ :– સમજાવનાર કોણ?

ઉત્તર :– એ સમજ્યો પોતે પોતાથી છે, પરથી નહિ. એ બધી વાત સાચી છે પણ રાખો. હમણા ઘરેણે રાખો. આહાહા..! સ્વભાવિકજ્ઞાન સિવાય... આહાહા..! દાંડી પીટીને કહ્યું છે, કાંઈ ગુપત રાખ્યું છે? ધર્મી સમ્યગ્દૃષ્ટિ થવાને, થનારને અને થયેલાને બધાને એક આ સ્વભાવિક ત્રિકાળી જ્ઞાન જ એક આદરણીય છે. આહાહા..! કહો, 'જેઠાભાઈ'! પુસ્તક છે કે નહિ? નાનાભાઈને આપ્યું હશે ને? એમાં જુઓ! કેવી વાત છે! ભગવાનનો આવો માર્ગ છે. આહાહા..!

**'ભવ્યનો પરમસ્વભાવ હોવાથી,...'** તે પારિણામિક ભાવરૂપ સ્વભાવને લીધે. એમ. સહજભાવપારિણામિક એટલે સહજ-સહજ સ્વરૂપ સહજસ્વરૂપ. એ જ્ઞાનનું રસનું સત્ત્વ તત્ત્વ ત્રિકાળી ધ્રુવરસ. આહાહા..! એ **'ભવ્યનો પરમસ્વભાવ હોવાથી, સહજજ્ઞાન સિવાય બીજું...'** અસ્તિ-નાસ્તિ કરી. પહેલા એમ કહ્યું હતું ને, કે મોક્ષનું મૂળ એ તત્ત્વમાં રહેલું જ્ઞાન છે, એ અસ્તિ કરી હતી. હવે અહીં કહે છે એના સિવાય બીજું નહિ, એ નાસ્તિ કરી. આ અનેકાંત છે. સમજાણું કાંઈ? અનેકાંત એમ નથી કે આ પણ આદરણીય અને આ પણ આદરણીય છે. આહાહા..!

ભગવાન રાગ વિનાની નિષ્ક્રિય ચીજ અને એકલો જ્ઞાન ભાવ... ભાવ... ભાવ... અહીં જ્ઞાનની વ્યાખ્યા ચાલે છે ને! ઉપયોગની ચાલે છે. એવો જે સહજસ્વભાવ, નિત્યભાવ, સહજભાવ, પરમભાવ, પારિણામિકભાવ, પારિણામિકભાવ સ્વરૂપે રહેલું જ્ઞાન, અંતઃતત્ત્વ ભગવાનમાં વ્યાપેલું જ્ઞાન, ધ્રુવરૂપે રહેલું જ્ઞાન, સહજાનંદ પ્રભુ આત્મા એનું જે જ્ઞાન એ જ ઉપાદેય છે, એ સિવાય કાંઈ ઉપાદેય નથી. એ સિવાય 'બીજું કાંઈ' શબ્દ છે કે નહિ?

મુમુક્ષુ :– .. સમજવામાં વાંધો શું?

ઉત્તર :– સમજાવવામાં વાંધો નથી.

**'કાંઈ ઉપાદેય નથી.'** આહાહા..! જ્ઞાનની પર્યાય આવે ક્યાંથી? બહારમાંથી આવે? બહારમાંથી લાભ માને તો એને ભ્રમણા છે. સત્પુરુષ મળે તો મળે એમ કહ્યું છે ને આમાં? ભાઈ 'સોગાની'એ. 'સોગાની'ને કોઈ પૂછ્યું હતું કે ભાઈ! સત્ મળે તો (મળે). એ સત્ છે તો તું સત્ નથી? તું સત્ છો કે નહિ? કે તું અસત્ છો? છે કે નહિ અસ્તિરૂપે વસ્તુ આખી? સત્થી જ્ઞાની મળે અને સત્સમાગમ હોય તો એનાથી થાય. એ સત્થી થાય તો તું સત્ છો કે નહિ? કે તું અસત્ છો? નથી? એવું છે. પછી વિશેષ વાત લેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૬, ગુરુવાર, તા. ૧૮-૩-૧૯૭૧**
**ગાથા – ૧૧ થી ૧૨, શ્લોક- ૧૮, પ્રવચન નં. ૧૮**

'નિયમસાર' જીવ અધિકાર. કેવો જીવ સ્વભાવ છે? અને એ સ્વભાવનું ધ્યાન કરવાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. એટલે જીવ અધિકારમાં એ લીધું છે. કેવા જીવનું ધ્યાન કરવાથી, કેવા જીવનું જ્ઞાન કરવાથી કે કેવા જીવમાં રમણતા કરવાથી આત્માને ધર્મ થાય અને મુક્તિ થાય? છેલ્લો પેરેગ્રાફ છે. ૨૯ પાનું. છેલ્લો છે ને?

આ આત્મા, અંદર આત્મા છે એ કેવો છે? કે **'સહજ ચિદ્વિલાસરૂપે.'** આત્મા સ્વભાવિક જ્ઞાનનો વિલાસ છે. આહાહા..! ત્રિકાળ આત્મા વસ્તુ, એ સ્વભાવિક જ્ઞાનના વિલાસરૂપે અનંત ચતુષ્ટય સહિત એવો આત્મા (છે), એને ભાવવો–અનુભવવો એમ કહે છે. સ્વભાવિક જ્ઞાનવિલાસરૂપ આત્મા, એ તો જ્ઞાનના વિલાસરૂપ આત્મા છે. એમાં કાંઈ શરીર, વાણી, મન કે પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-વિકલ્પો એમાં છે નહિ. સમજાણું કાંઈ? એવો જે ભગવાનઆત્મા સ્વભાવિક જ્ઞાનના વિલાસરૂપ (છે).

હવે એમાં ચાર બોલ વર્ણવે છે. સ્વભાવિકજ્ઞાન વિલાસરૂપ આત્મા, ધ્રુવ એ **'સદા સહજ પરમ વીતરાગ સુખામૃત,...'** રૂપ છે. કેવો છે ભગવાનઆત્મા? સદા–ત્રિકાળ, સ્વભાવિક પરમ વીતરાગ સુખનો અમૃતરૂપ છે એ. સદા–ત્રણેકાળ. શ્રદ્ધામાં ત્યાં ત્રિકાળ લીધો છે. આમાં સદા લીધું છે. ટીકામાં એટલો શબ્દ ફેર પડ્યો છે.

શું કહે છે? મૂળ વાત છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ, વીતરાગ પરમાત્માએ એ મોક્ષનો માર્ગ કેમ થાય? એ જાણ્યું એવું એમણે કહ્યું. પાનું ૨૯. છેલ્લો પેરેગ્રાફ છે. છે, ત્યાં બીજા ઘણા પુસ્તક છે. માખણની વાત છે આખી. જેને ધર્મ થાય અને મુક્તિ થાય, એ કેમ થાય? એ વાત કરે છે. અંદર ભગવાનઆત્મા ધ્રુવ, નિત્ય, સહજ જ્ઞાનવિલાસરૂપી પ્રભુ નિત્ય (છે). **'સદા સહજ પરમ વીતરાગ સુખામૃત,...'** રૂપ. અંતર વસ્તુનો સ્વભાવ, અનંત ચતુષ્ટય માહ્યલો,એક સ્વભાવિક પરમ વીતરાગ સુખામૃત, વીતરાગી આનંદના અમૃતસ્વરૂપ આત્મા છે. આહાહા..!

મુમુક્ષુ :– આનંદ એટલે?

ઉત્તર :– અમૃત આનંદ–સુખ. આનંદ કહો કે સુખ કહો.

મુમુક્ષુ :– વીતરાગી...

ઉત્તર :– વીતરાગી–રાગ વિના. આ તમારું બહારનું ધૂળનું માનેલું. પૈસામાં સુખ છે અને ધૂળમાં સુખ છે, બાયડીમાં સુખ છે એ તો રાગનું, ઝેરનું સુખ છે. એ માટે વીતરાગી કીધું. સમજાણું

કાંઈ? એ રાગવાળું માનેલું છે અજ્ઞાનીએ મૂંઢ. પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં, ધૂળમાં, ધમાહામાં, પાંચ-પચાસ લાખ થયા અને સુખી છીએ. મૂંઢ છો.

મુમુક્ષુ :– એમાં એને મૂઢ ન કહેવાય.

ઉત્તર :– મૂંઢ નહિ. એ તો મહા ઝેરનો પ્યાલો પીવે છે. એય..! આહાહા..! કહે છે કે પૈસા, સ્ત્રીનું શરીર, આબરૂ, પચીસ લાખ રૂપિયાના મોટા મકાન, એના ઉપર લક્ષ જાય છે એ દુઃખનું, આકુળતાનું ઝેર છે. આહાહા..! એ ઝેરનો, રાગનો અનુભવ છે. માટે કહે છે કે આત્મામાં ત્રણેકાળ સ્વભાવિક પરમ વીતરાગ સુખનો, અમૃતનો પિંડ એ પ્રભુ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ શરીર માટી છે એ તો માટીરૂપે રહેલ છે. અંદરમાં કર્મ છે એ કર્મરૂપે, અજીવરૂપે રહેલ છે. અંદર પુણ્ય અને પાપના વિકલ્પો–ભાવ છે એ વિકારરૂપે રહેલ છે. એક સમયની અવસ્થા તે સમયરૂપે રહેલી છે. એક સમયરૂપે રહેલી છે. ત્રિકાળ જે આત્મા સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર તીર્થંકરે જોયો, એ આત્મા સહજ જ્ઞાનવિલાસરૂપી પ્રભુ અંદર છે. આહાહા..! **'સદા સહજ પરમ વીતરાગ સુખામૃત,...'** સ્વરૂપ છે. શક્તિ એની સુખામૃત (છે). વીતરાગ અમૃતસ્વરૂપ એ આત્મા છે. આહાહા..!

**'(૨) અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિનું રૂપ,...'** છે એ તો. ચિદ્–જ્ઞાનવિલાસરૂપે તો કહ્યું. પણ એ પાછું એ કહે છે, એ પોતાનું અંદર સ્વરૂપ અપ્રતિહત–કોઈ દિ' નાશ ન થાય, આવરણ નથી, એવું જ્ઞાનસ્વરૂપ છે. એવો ચિત્શક્તિરૂપ, જ્ઞાનશક્તિરૂપ આત્મા છે. હજી આત્મા કોને કહેવો એની ખબર ન મળે અને ધર્મ થાય એને.

મુમુક્ષુ :– કેવી રીતે?

ઉત્તર :– આ કરે એટલે થઈ જાય. વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, અપવાસ કરે. ધૂળમાં પણ ધર્મ નથી સાંભળને. હજી ધર્મ કેમ થાય? ક્યાંથી થાય? કરનારો કોણ છે? એની ખબરું વિના ધર્મ ક્યાંથી આવશે? સમજાણું કાંઈ?

કહે છે કે **'અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિનું રૂપ,...'** ભાષા જુઓને! ઓછી પડે છે એમને. ઓલામાં **'સહજ પરમ વીતરાગ સુખામૃત,...'** (કહ્યું). અપ્રતિહત–આત્મામાં હણાય નહિ એવું, પાછું પડે નહિ એવું સ્વભાવિક આવરણ વિનાનું. પરમ જ્ઞાનસ્વરૂપ આત્મા અંદર છે. અનંત ચતુષ્ટય માહ્યલો આ બીજો બોલ (ચાલે છે). પહેલો બોલ વીતરાગ સ્વભાવિક પરમ સુખામૃત એ પહેલું. અનંત ચતુષ્ટય આત્મામાં ત્રિકાળ છે, એમાં એ પહેલો બોલ. બીજો બોલ આ પરમચિત્શક્તિરૂપ. આહાહા..!

ત્રીજો બોલ. **'સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ પરમ ચારિત્ર,...'** આત્મામાં અનાદિઅનંત. એમાં પણ સદા શબ્દ વાપર્યો છે ને, જુઓ! **'અંતર્મુખ એવું...'** અંદર અંતર્મુખ સ્વરૂપ છે. પર્યાયની અહીં વાત નથી, અવસ્થાની વાત નથી. ત્રિકાળ આત્મામાં.

**'અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ...'** સ્વસ્વરૂપ જ્ઞાનાનંદમાં અવિચળ–ચળે નહિ એવું. **'સ્થિતિરૂપ...'** સ્થિરરૂપ. **'સહજ પરમ ચારિત્ર,...'** એ આત્મામાં અનાદિઅનંત પડ્યું છે. આ ચારિત્ર અંદરની વ્યાખ્યા થઈ. પ્રગટ ચારિત્ર પર્યાયની પછી. આ તો અંતરસ્વરૂપમાં આ આત્મ પદાર્થ જે વસ્તુ છે એ જ્ઞાનવિલાસરૂપી પ્રભુ (છે) એમાં અનંતચતુષ્ટય માહ્યલા ચાર બોલ છે. એમાં પહેલો તો **'વીતરાગી સુખામૃત,...'** **'અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિરૂપ,...'** અને **'અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ પરમ ચારિત્ર,...'** શાંતિ, વીતરાગતા આત્મામાં ત્રિકાળ પડી છે. એને અહીંયા ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! **'પરમ ચારિત્ર,..'** છે ને? હવે ચોથો બોલ. પહેલા બેમાં સદા સદા શબ્દ વાપર્યો હતો. એકમાં સદાનો અર્થ અપ્રતિહત વાપર્યો હતો. પાછો પડે નહિ એટલે એ જ એમ ને એમ છે સદા. અહીંયા હવે શ્રદ્ધાને વર્ણવે છે. ત્રિકાળી શ્રદ્ધા, હોં! પ્રગટ સમકિત પર્યાયની વાત નહિ.

**'(૪) ત્રણે કાળે અવિચ્છિન્ન (અત્રૂટક)...'** એવો ભગવાનઆત્મામાં ત્રણેકાળે તૂટે નહિ, છેદાય નહિ, એકરૂપ રહે એવો **'હોવાથી સદા નિકટ એવી પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા....'** સદા નિકટ. એ શ્રદ્ધા આત્મામાં અનાદિઅનંત પડી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા કેવો એણે સાંભળ્યો નહિ અને એમ ને એમ ધર્મ થઈ જાય. આ ખબરું વિના બધા પોષા કર્યા, પડિક્કમણા કર્યા. શું હશે? 'પોપટભાઈ'! એ જ કર્યું હતું? ધૂળમાં પણ ધર્મ નથી. તને હજી આત્મા કોણ છે? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ કેવળજ્ઞાનમાં દરેકનો આવો આત્મા જોયો. સમજાણું કાંઈ?

એવો જે **'(અતૂટક) હોવાથી સદા નિકટ એવી પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા–'** પ્રગટ શ્રદ્ધા થવી એ નહિ. અંદરમાં ચિદ્વિલાસરૂપી પ્રભુ! ગુણ ધ્રુવ, એમાં આ સુખ, એમાં એ જ્ઞાન, એમાં એ ચારિત્ર, એમાં એ શ્રદ્ધા, એ ત્રિકાળ અનંત ચતુષ્ટય શક્તિરૂપ, સ્વભાવરૂપ, ગુણરૂપ પડ્યા છે. સમજાણું કાંઈ? એના ખજાનામાં આ ચીજ પડી છે. આહાહા..! 'પંડિતજી'! ભારે વાત, ભાઈ! **'એવી પરમ ચૈતન્યરૂપની...'** જુઓ! પરમ શબ્દ તો બધાને વાપર્યો છે. **'પરમ ચૈતન્યરૂપની...'** શ્રદ્ધા પારિણામિકભાવે. આત્મવસ્તુમાં સ્વભાવભાવે રહેલી શ્રદ્ધા. અત્રૂટક, નિકટ. 'જેઠાભાઈ'! આવું બધું ક્યાંય સાંભળ્યું હતું?

મુમુક્ષુ :– આવું ક્યાં સાંભળે?

ઉત્તર :– નહિ? મહેનત તો બહુ કરી હતી. ઊના પાણી પીવા ને, અરે..! શું કહેવાય એ? .. રાખવી. ઉપર શેત્રુંજય ચડવું. કોથળીમાં ફૂલ લઈને જાય, આમ પડવા ન દે. એ બધી ક્રિયાઓ તો પર છે. એમાં કદાચ રાગની મંદતાનો ભાવ હોય તો એ પુણ્ય ઘોર સંસારનું કારણ છે. એમ કહેશે હમણા, હોં! ભાઈ! આરે..! ભારે વાત, ભાઈ! આકરો વીતરાગમાર્ગ જગતને સાંભળવો મુશ્કેલ પડે. 'સેઠી'! આ પ્રભુ અંદર બિરાજે છે એમ કહે છે. તારા અંતર ખજાનામાં

જ્ઞાનવિલાસરૂપી પ્રભુ તું, તેમાં અમૃતસુખ, જ્ઞાન, ચારિત્ર અને શ્રદ્ધા. એના પછી વિશેષણો આપ્યા બધા. એ અનંતચતુષ્ટય સ્વભાવ ધ્રુવ, આત્માના નિત્ય સ્વભાવમાં એ ધ્રુવપણે પડ્યા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ સંપત્તિ આત્માની છે. ધૂળમાં પણ નથી. આ મારા પૈસા અને આ. 'પોપટભાઈ'! તમારા પૈસાવાળાને બહારમાં મોઢાઆગળ ખુરશી મળે.

મુમુક્ષુ :– અહીંયા પણ મળે છે.

ઉત્તર :– અહીંયા મળે પણ... અહીં જમીન લીધી, જુઓને! ૩૬ હજારની લીધી. હવે પછી એમાં બંગલા નાખશે ને. જમીન એકલી ૩૬ હજારની લીધી. એય..! 'ચીમનભાઈ'! તમારા વેવાઈ થાય છે ને? આ ધૂળમાં બહારમાં ૨૫-૫૦ લાખ થાય, કરોડ-બે કરોડ થાય ત્યાં તો જાણે... આહાહા..!

મુમુક્ષુ :– એમને પછી ક્યાં નાખવા એની ચિંતા ઊભી થાય.

ઉત્તર :– ચિંતા, આકુળતા દાહ છે. આહાહા..! એ પહેલા કરવાનો ભાવ એ દાહ-અગ્નિ. રાખવાનો ભાવ એ અગ્નિ, જાળવવાનો ભાવ અગ્નિ, આ વાપરવાનો ભાવ એ અગ્નિ છે. આ ધર્મને નામે વાપરે તો પણ એ કષાયનો શુભભાવ અગ્નિ છે. રાગ છે ને. આહાહા..! ભારે કામ ભાઈ! વીતરાગ માર્ગ છે આ તો. પરમેશ્વર ત્રિલોકનાથ, તીર્થંકરનો. એ કાંઈ આલી-દુઆલી, પામર માને એ માર્ગ નથી. સમજાણું કાંઈ? 'પ્રકાશદાસજી'! આહાહા..! 'પ્રકાશદાસ' પ્રકાશના સ્વામી થાશે. પ્રકાશના સ્વામી થવું એમ કહે છે અહીં તો. આહાહા..!

ચૈતન્યવિલાસ ભગવાન. 'પદ્મપ્રભમલધારીદેવ'ની ભાષા જુઓને! કેટલી ટૂંકી પડે છે એમને. સહજ ચિદ્‌વિલાસરૂપે. સ્વભાવિક જ્ઞાનના વિલાસસ્વરૂપ પ્રભુ તું છો એમ કહે છે. તારો વિલાસ તો તારા સ્વભાવમાં છે. આહાહા..! આ ધૂળમાં બાયડી-છોકરા અને પૈસા, હજીરામાં તારો વિલાસ નહિ, ભગવાન! એ તો બધા ઝેરના પ્યાલા પીવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'કાંતિભાઈ'!

ઓ..હો..! **'એ સ્વભાવ અનંતચતુષ્ટયથી...'** એ સ્વભાવ અનંતચતુષ્ટય ચાર થયા ને? પહેલો બોલ તો સ્વભાવિક જ્ઞાનસ્વરૂપી એવો મુખ્ય લીધો. કારણ કે જ્ઞાયક તરીકે લેવો છે ને? જ્ઞાયકભાવ ભગવાનઆત્મા. જ્ઞાનવિલાસરૂપે પ્રભુ! અનંત ચતુષ્ટયથી સહિત બિરાજમાન પ્રભુ ધ્રુવ છે. કહો, સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :– ન સમજાય તો હજી સમજાવી દ્યો.

ઉત્તર :– 'શેઠી' ઠીક રાખે છે. કોણ સમજાવી દે?

અહીં કહે છે **'એ સ્વભાવ અનંતચતુષ્ટયથી જે સનાથ (સહિત) છે...'** ભગવાનઆત્મા સનાથ છે. શેનાથી? ચિદ્‌વિલાસરૂપે અનંતચતુષ્ટય સહિત હોવાથી તે આત્મા સનાથ છે. અનાથ નથી, સનાથ છે. આહાહા..!

મુમુક્ષુ :– આ છે માટે સનાથ છે.

ઉત્તર :– હા, સનાથ છે. આહાહા..! ભગવાનઆત્મા, નિત્ય, ધ્રુવ. એક સમયની પર્યાયની વાત નથી, પુણ્ય-પાપની તો વાત પણ અહીંયા નથી. એ તો બધો સંસાર છે. જેને ધર્મ કરવો છે એણે આવા આત્માને અંતરમાં રહીને ભાવવો એનું નામ ધર્મ છે. હજી આવે છે, હોં! હળવે-હળવે.

એવો જે સનાથ આત્મા, **'એવા આત્માને–'** આવા આત્માને, એવા આત્માને **'અનાથ મુક્તિસુંદરીના નાથને–'** મુક્તિસુંદરી અનાથ છે એનો આ આત્મા નાથ છે. સમજાણું કાંઈ? આહાહા..! **'ભાવવો...'** જેને મુક્તિ જોઈતી હોય એણે આવા આત્માની એકાગ્રતા કરવી, આવા આત્માનો અનુભવ કરવો તો એને મોક્ષ મળે, નહિતર મોક્ષ મળશે નહિ. જુઓ તો ખરા. સમજાય છે કાંઈ? આહાહા..!

જેના ધ્યેયમાં ધર્મીની દશાની પર્યાયનું ધ્યેય, એ આખો આત્મા આવો ચિદ્‌વિલાસરૂપ અને અનંત ચતુષ્ટય શક્તિ–સ્વભાવસ્વરૂપ (છે), એની સન્મુખ થઈને, સંયોગી ચીજો, એનાથી વિમુખ થઈ, દયા-દાનના વિકલ્પથી પણ વિમુખ થઈ, એક સમયની અવસ્થામાં અનાદિથી રોકાયેલો, એનાથી વિમુખ થઈ (સ્વભાવ સન્મુખ થવું). સમજાણું કાંઈ? અરે..! ભારે વાતું ભાઈ! આવી.

મુમુક્ષુ :– એક સમયની પર્યાયથી વિમુખ થઈ એટલે?

ઉત્તર :– એક સમયની પર્યાય તો અનાદિ માનેલી છે. હું ત્રિકાળ ધ્રુવ છું એમ એણે કોઈ દિ' માન્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવો આકરો આત્મા પડે. એય..! 'પારસમલજી'! હવે આમાં શું સંઘરવું? લઈ જવું શું આમાં? પેલા પૈસા હોય તો ખબર પડે કે લ્યો આ ૨૦ લાખ, ૨૫ લાખ પૈસા થયા. લાવો મારવાડમાં લઈ લઈએ. આમાં (શું લઈ જાય)? કહે છે કે આ વાત અંદર લઈ જવા જેવી છે. આહાહા..! પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં દિવ્યધ્વનિ દ્વારા કહેલી વાત સંતો કહે છે. આ ટીકા ગણધરોએ કરેલી છે. ભગવાન પાસે સાંભળેલું. એ ગણધરોએ કરેલી ટીકા આ 'પદ્મપ્રભમલધારીદેવ' કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ જ છે. બીજી કોઈ ચીજ જ નથી. 'મહેન્દ્રભાઈ'ને ત્યાં પૈસા-બૈસા જરીયે સાથે આવવાના નથી. એ એના નથી કે સાથે આવે. એક પર્યાય પણ એની સાથે નહિ રહે, એમ કહે છે. એક સમય રહેશે. આ તો ત્રિકાળ સાથમાં રહેશે. જુઓને! સનાથ છે માટે. સમજાણું કાંઈ?

આહાહા..! ભારે વાતું, ભાઈ! અરે...! આવો મનુષ્યદેહ મળ્યો એમાં વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિને નહિ સમજે (તો) એળે અવતાર છે બધાના. ચાહે તો સાધુ થઈને ક્રિયાકાંડ કરીને મરી જાય. સમજાય છે કાંઈ? પણ આ આત્મા અનંત ચિદ્વિલાસરૂપી પ્રભુ! અનંતચતુષ્ટયના સ્વભાવનો નાથ સનાથ પ્રભુ! એને દૃષ્ટિમાં લઈને એનો અનુભવ કરવો, બસ, એ જ ધર્મ છે. બાકી બધી વાતું છે. કહો, સમજાણું આમાં?

**'ભાવવો...'** અર્થાત્ ખુલાસો કર્યો છે. પહેલો શબ્દ ચિદ્વિલાસ છે ને? શરૂઆતમાં પહેલો શબ્દ છે. સ્વભાવિક જ્ઞાનવિલાસ. ત્યાં ચિત્ શબ્દ છે, અહીં જ્ઞાન (શબ્દ) વાપર્યો છે. ચતુષ્ટય સાથે બેનો મેળ કર્યો. **'સહજજ્ઞાનવિલાસરૂપે સ્વભાવઅનંતચતુષ્ટયયુક્ત...'** સ્વભાવિક જ્ઞાનવિલાસરૂપે ભગવાનઆત્મા **'સ્વભાવઅનંતચતુષ્ટયયુક્ત આત્માને ભાવવો–'** આવા આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરવી. આહાહા..! સમજાણું કાંઈ? એવો જે ભગવાનઆત્મા એને અંતરમાં (ભાવવો). જુઓ! આ ભાવવાની વ્યાખ્યા. ઓલા વિરોધ કરે છે. હમણા આવ્યું હતું કે ભાવવું એટલે આમ થાય. ચિંતવના, ઢીંકણું, ફીકણું. અરે..! ભગવાન શું કરે છે? પ્રભુ! તારું તને મહાત્મ્ય ન આવે.

મુમુક્ષુ :– વિધિ...

ઉત્તર :– વિધિ આ છે. આ તો બીજી ભાષા છે. ભાવવું એમાં વાંધા ઊઠ્યા છે. ભાવવું એટલે કલ્પનાથી ચિંતવવું. એમ નહિ. પાઠ છે જુઓને!

**'अनाथमुक्तिसुन्दरीनाथम् आत्मानं भावयेत्।'** એવો ભગવાનઆત્મા, એમાં એકાગ્ર થવું. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને ધર્મ. એ ધર્મ. એ ધર્મી એવો અનંતચતુષ્ટયયુક્ત પ્રભુ આત્મા, એની સન્મુખ થઈને, એકાગ્રતાથી એમાંથી પ્રગટ દશા થાય એને ધર્મ કહીએ. તેને વીતરાગમાર્ગનો ધર્મ કહીએ. સમજાણું કાંઈ? આહાહા..! પુસ્તક છે કે નહિ? ભાઈ! તમારું નામ શું છે? 'સોહનલાલજી'? આ તો 'સોહનલાલ' આત્મા છે અહીં તો કહે છે. આહાહા..!

કહે છે, (આ તો) પરમાત્માનો હુકમ છે. સંતો વચમાં આડતિયા થઈને જગતને સમજાવે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! તારે માલ જોઈએ છે? ધર્મરૂપી માલ જોઈએ છે? એ માલ આત્માના સ્વભાવમાં પડ્યો છે ત્યાંથી માલ આવશે. બીજેથી ક્યાંય માલ આવે એવો નથી. આહાહા..!

**'આમ સંસારરૂપી લતાનું મૂળ...'** સંસારરૂપી લતા-વેલડી. આકુળતા અને દુઃખની મોટી અનાદિની વેલડી. એને **'મૂળ છેદવાને દાતરડારૂપ આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.'** (ઉપન્યાસ એટલે) **'કથન; સૂચન; લખાણ; પ્રારંભિક કથન; પ્રસ્તાવના.'** આ પ્રસ્તાવનાથી બ્રહ્મોપદેશ (કહ્યો). ભગવાન બ્રહ્માનંદ પ્રભુ! બ્રહ્મ આનંદ. બ્રહ્મ એટલે આનંદનું સ્વરૂપ ભગવાનઆત્માનું છે. અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. એનું આ પ્રસ્તાવનાનું કથન શરૂઆતમાં કર્યું. આહાહા..! સમજાય છે કાંઈ?

**'[હવે આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોકો કહે છે :]'** પાંચ શ્લોકો. બે ગાથાના પાંચ શ્લોકો. અઢારમો છે ને? માથે અઢારમો શ્લોક છે.

**इति निगदिभेदज्ञानसाध्य भव्यः**
**परिहरतु समस्तं घोरसंसारमूलम्।**

આ લોકોને આ ન ગોઠે, હોં ભાઈ! શુભભાવ ઘોર સંસારનું મૂળ.. અર..ર! એય..! ઘોરસંસાર. ભાઈ! એ શુભભાવ છે ને, પુણ્યભાવ, ભગવાનની ભક્તિ, નામસ્મરણ, દયા, દાન, વ્રત, તપ એવો જે શુભભાવ, કહે છે કે એ ઘોર સંસારમૂળ છે.

**इति निगदिभेदज्ञानमासाद्य भव्यः**
**परिहरतु समस्तं घोरसंसारमूलम्।**
**सुकृतमसुकृतं वा दुःखमुच्चैः सुखं वा**
**तत उपरि समग्रं शाश्वतं शं प्रयाति ।।१८।।**

**'એ રીતે કહેવામાં આવેલા...'** અર્થ છે ને નીચે? નીચે અર્થ છે. **'ભેદોના જ્ઞાનને પામીને...'** જુઓ! શું કહ્યું? **'આ રીતે કહેવામાં આવેલા ભેદોના જ્ઞાનના પામીને...'** એટલે કે દ્રવ્યસ્વભાવ આવો છે અને પર્યાયથી પણ એ ભિન્ન છે, રાગથી ભિન્ન છે, એમ આ રીતે ભેદજ્ઞાનને પામીને, એમ કહે છે. આહાહા..! **'આ રીતે કહેવામાં આવેલા ભેદોના જ્ઞાનને પામીને...'** ભગવાનઆત્મા આનંદસ્વરૂપે ચિદ્‌વિલાસરૂપે ચારિત્રની અવિચળ સ્થિતિરૂપે અને અનાદિ અત્રૂટક શ્રદ્ધારૂપે અને જ્ઞાનરૂપે જે પડ્યો છે, પરથી તેનો ભેદ ભાવવો. આહાહા..! પરથી તેને જુદો પાડીને **'ભેદોના જ્ઞાનને પામીને ભવ્ય જીવ...'** ભવ્યજીવ. એ તારું તારું–તરવાના અભિલાષી જીવ–તારું જીવ આ રીતે તરી જાય છે, એમ કહે છે. આ ઝીણું તો આવ્યું, 'નવલચંદભાઈ'! ભાઈને હજી પહેલુંવહેલું છે ને એટલે. પણ હવે સાંભળે તો ખરા અહીંયા 'કલકત્તા'થી આવીને. માર્ગ આવો છે, બાપા! એવો માર્ગ ઝીણો. બહારમાં ક્યાંય છે નહિ. તે દિ' એવું લાગે કે આ શું હશે? આહાહા..!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ એમ હુકમ ફરમાવે છે, ભાઈ! તારું ચિદ્‌વિલાસ સ્વરૂપ ભગવાન, અનંત-અનંત સુખામૃત સ્વરૂપ, અનંત-અનંત ચિદ્‌સ્વરૂપ, અનંત-અનંત અવિચળચારિત્ર સ્વરૂપ ત્રિકાળ અને અનંત બેહદ અતૂટ અનાદિઅનંત એવી નિકટસ્વભાવમાં રહેલી શ્રદ્ધા. એવા આત્માને, પરથી ભેદ પાડીને **'ભવ્યજીવ ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત સુકૃત કે દુષ્કૃતને,..'** જુઓ! છે? નીચે છે **'સુકૃત કે દુષ્કૃત = શુભ કે અશુભ.'** ભાવ. શુભ અને અશુભભાવ એ વિકાર છે. આત્મા સ્વભાવસ્વરૂપ છે અને આ પુણ્ય-પાપના ભાવ વિભાવ દુઃખરૂપ છે. આત્માના અમૃતસ્વરૂપથી વિરૂદ્ધ ભાવ છે. જ્યારે ભગવાનઆત્મા સંસારના અભાવ સ્વભાવ કરવાવાળો છે, ત્યારે પુણ્ય-પાપ સંસાર કરવાવાળો છે, એમ કહે છે. આહાહા..! આકરી વાત છે.

જગતને આ બેસવું કઠણ (પડે). એમ કહે છે કે આ 'સોનગઢ'નું છે. પણ આ શાસ્ત્ર કહે છે કે શું કહે છે આ? 'સોનગઢ'નું ક્યાં આવ્યું? 'સોનગઢ'નું પુસ્તક છે આ?

મુમુક્ષુ :– બધાને તકલીફ પડતી હોયને.

ઉત્તર :– એ રીતે કહે છે એ તો બીજી રીતે કહે છે. અહીંનો વિરોધ કરવા માટે કહે છે. આત્મા છે, ભાઈ!

મુમુક્ષુ :– આ 'સોનગઢ' સોનાની છે.

ઉત્તર :– હમણા 'રાજકોટ'વાળા આવ્યા હતા ને ભાઈ. ગયા? 'કલકત્તા'. ગયા. એ બિચારા કહેતા હતા. 'સોનગઢ' એટલે કે હંબક્. હંબક.. હંબક્. અરે..! ભગવાન! બાપુ! આ શું શાસ્ત્ર કહે છે? કોના ઘરનું શાસ્ત્ર છે આ?

મુમુક્ષુ :– ભગવાનના ઘરનું.

ઉત્તર :– આ શ્લોક કોનો છે? ૯૦૦ વર્ષ પહેલાનો શ્લોક છે. ૨૦૦૦ વર્ષ પહેલાનો મૂળ શ્લોક છે. 'પ્રકાશદાસજી'! આહાહા..!

મુમુક્ષુ :– ઘોર સંસારનું...

ઉત્તર :– સાત-આઠ જગ્યાએ છે. જૂની પ્રતમાં લખ્યું છે. ... જૂની પ્રતમાં લખ્યું છે. આ તો નવું આવ્યું છે. પાનું ૩૦ માં ઘોર સંસાર આવ્યું. પાનું ૯૦ માં છે દુષ્ટ પાપમૂળ. પાનું. ૯૦. પાનું ૧૭૬ ત્યાં દુષ્પાપમૂળ છે. પાનું ૨૩૬ અઘ–પાપ તેમ જ પુણ્ય બે અઘ છે. અઘ. ૨૩૬. અઘ–પાપ તેમજ પુણ્ય. પાનું ૨૩૬. પાનું ૨૫૭ - અઘ–પાપ. પાનુ ૨૮૬- દુરિત. પાપ તેમજ પુણ્ય દુરિત છે. અને પાનું ૨૯૩ - દુરઘ દુ અઘ–મહાપાપ, પુણ્ય અને પાપ બંને. પાનું ૨૯૯ - અંધકૂપ. અને ૨૧૧ ઘોરસંસારનું મૂળ પાપ છે. આ પહેલા હતા ને એમાંથી લખ્યું છે. એનું કાંઈ નહિ, આપણે આ એક ઠેકાણે હોય ત્યાં બધું સરખું (છે). સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– સમયસારમાં છે?

ઉત્તર :– ના ના 'નિયમસાર'. આ 'નિયમસાર'માં આ તો નવું પુસ્તક છે ને. પહેલું વાંચતા હતા એમાં લખી લીધું હતું. પહેલું આ વાંચતા હતા. હમણા આ વળી સારું પુઠું-બુઠું સારું હોય એટલે લોકોને સારું લાગે. એવું મૂકે. આ બધું સાધારણ લાગે છે. સમજાણું કાંઈ? આમાં કાંઈ બધામાં કેટલું લખવા નવરા હોય. 'ચંદુભાઈ' થોડું સુધારીને લખે. આહાહા..!

કહે છે,... ઓહોહો..! સંતોની વાણી તો જુઓ! પંચમહાવ્રત ધરનારા એમ વિકલ્પથી વ્યવહારથી છે. વસ્તુની નિર્મળધારાને ધરનારા. એ મહાવ્રત છે. સ્વરૂપમાં વીંટાઈ ગયેલા, આનંદઘનમાં વીંટાઈ ગયેલા, એવા સંતો જંગલમાં વસે. એને વસ્ત્ર-પાત્ર હોય નહિ. એને વીતરાગ

શાસનમાં સંત-મુનિ કહેવામાં આવે છે. એ મુનિના આ વાક્ય છે. એટલું સિદ્ધ કરવું છે અહીં. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, **'ભેદોના જ્ઞાનને પામીને ભવ્ય જીવ ઘોરસંસારના મૂળરૂપ...'** ભાષા પાછી ઘોર સંસારનું મૂળ (લીધી છે). એય..! ઓલાને ભઠ્ઠી-બટ્ઠી આકરી લાગે, તો અહીં તો ઘોર સંસારનું મૂળ કહ્યું છે, લ્યો. ભાઈ! ઓલી ભઠ્ઠી કીધી છે ને શુભમાં? ભયંકર ભઠ્ઠી? હા, ભયંકર ભઠ્ઠી. ભાઈમાં આવે છે. 'સોગાની'માં. ૩૧૨ પ્રશ્ન. ૬૪૫માંથી ૩૧૨મો પ્રશ્ન છે એમાં આવે છે. શુભભાવ શું કીધો? શુભભાવ ભયંકર. આહાહા..! ભયંકરનો અર્થ ભયને કરનારો, દુઃખને કરનારો. એમાં તને વાંધો શું છે? એય..! એ બધા આવી ગયા છે. બે જણા (આવ્યા હતા). તમે નહોતા. 'લાલચંદજી' અને 'સુમેરુ' 'શેઠિયા' તરફથી. અમારી નજરે બે ભેગા થાય તો આ વાત સિદ્ધ થાય એવી છે. એ વિના આ વાત સમજાય નહિ. કાં ત્યાં 'જયપુર' આવે. અને કાં 'જયપુર'થી હું ત્યાં આવું. પણ બે કલાક ભેગા થયા વિના આ સમજાય એવું નથી. વાત તો એવી છે બધી. અહીં કાંઈ કોઈના પક્ષની વાત નથી.

ઘોર સંસારનું મૂળ લીધું છે, લ્યો. પુણ્ય અને પાપના ભાવ, દયા, દાનનો, વ્રતનો, ભક્તિ, તપસ્યાનો ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાનો ભાવ, બન્ને ભાવ ઘોર સંસારનું મૂળ છે. એય..! 'પ્રકાશદાસજી'! છે? એમાં લખ્યું છે? આહાહા..! રાગ છે ને. રાગ છે એ ઝેર છે અને ઝેરના ફળ સંસાર છે. આત્માનો સ્વભાવ અમૃતસ્વરૂપ છે. અહીં તો એ પહેલું કહ્યું. અમૃત આનંદ શાંતિ અવિચળ સ્થિરતા એવો આત્માનો સ્વભાવ (છે). એનાથી આ પુણ્ય અને પાપ વિરુદ્ધ ભાવ (છે). સ્વભાવ જ્યારે મોક્ષનું કારણ છે ત્યારે પુણ્ય-પાપ એ સંસારનું કારણ છે.

મુમુક્ષુ :– પણ એમાં પુણ્યને ઘોર શું કરવા કહ્યું?

ઉત્તર :– બન્ને ઘોર જ છે. આત્માની શાંતિ નાશ થઈને ઉત્પન્ન થાય છે. શાંત... શાંત... શાંત... આહાહા..! એ શીતળતાનું સરોવર. સમજાણું? આ ઓલા કુંડ નથી કહેતા? શું કહેવાય ઊના પાણીના? કુંડ-કુંડ. ઊના પાણીના કુંડ નથી (હોતા)? રાજગૃહી ને બધે છે. આ આત્મા શીતળ ચૈતન્ય આનંદનો કુંડ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શીતળ... શીતળ... શીતળ... શીતળ... ભગવાનઆત્માનો સ્વભાવ તદ્દન શીતળ–શાંત અકષાય સ્વભાવ. એનાથી પુણ્ય અને પાપ વિરુદ્ધ કષાય સ્વભાવ. માટે અકષાય સ્વભાવ મુક્તિનું કારણ, કષાયસ્વભાવ સંસારનું કારણ. સીધી વાત છે.

મુમુક્ષુ :– પુણ્ય-પાપમાં ભેદ પાડે એ ઘોર સંસારનું કારણ છે.

ઉત્તર :– ઘોર સંસાર આવ્યું ને પણ જુઓ! પુણ્ય-પાપમાં ફેર માને એ ઘોર મિથ્યાદૃષ્ટિ છે. સંસાર(માં) રખડશે. કીધું ને 'પ્રવચનસાર'માં. શું થાય? માણસને મીઠાશ (છૂટતી નથી). હજી પાપમાં તો ઠીક પણ ઓલું પુણ્ય આવે ત્યાં એને આહાહા..! ગળે વળગે.

મુમુક્ષુ :– પુણ્ય પોતે જ પાપ છે.

ઉત્તર :– અહીં તો પાપ જ કહ્યું. અર્ઘ કહીને. બેને અર્ઘ કરીને કીધું.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– પાપ જ કહ્યું. અનુભવીજન... 'યોગસાર'. 'પાપ કો તો પાપ સહુ કહે પણ અનુભવીજન પુણ્ય કો પાપ કહે.' આહાહા..! કેમકે આત્મા તો અમૃતનો કુંડ પ્રભુ છે. અવિકારી વીતરાગ અમૃતનો સાગર છે. એનાથી વિરુદ્ધ ભાવ ઉત્પન્ન થાય, ચાહે તો શુભ કે અશુભ (એ ઝેર છે). ચાર બોલ લેશે, ખૂબી છે આમાં. કર્તા અને ભોક્તા બેને ધારીને નાખ્યા. શુભ-અશુભ પરિણામ એ ઘોર સંસાર અને એમાં સુખ-દુઃખની કલ્પના થવી, સુખ-દુઃખની કલ્પના થવી એ બધું ઘોર સંસારનું મૂળ છે. શાંતિથી એને વિચારવું જોશે. જો એને સત્ય જોઈતું હોય તો. આહાહા..! ભાઈ! પુસ્તકમાં છે કે નહિ?

મુમુક્ષુ :– પુસ્તકમાં લખ્યું છે.

ઉત્તર :– તેનો તો અર્થ થાય છે. આ કાંઈ ઘરના અર્થ નથી થતા. આહાહા..!

મુમુક્ષુ :– અમારી બાજુ બે ચીજ જ મળે છે, પુણ્ય અને પાપ.

ઉત્તર :– પુણ્ય અને પાપ બાપા બે ક્યાં, એ તો સંસાર છે. આહાહા..! જેને એના ફળમાં મીઠાશ છે ને, એને પુણ્ય-પાપની મીઠાશ ખસતી નથી. પૈસા, આબરૂ, ધૂળ અને બધું. આહાહા..!

મુમુક્ષુ : પણ પુણ્ય હોય તો બધું મળે, નહિતર...

ઉત્તર :– ધૂળમાં પણ નથી મળતું. ધૂળેય નથી. એય..! 'શાંતિભાઈ'! આ બધા પુણ્યશાળી કહેવાય, બધા પૈસાવાળા. 'કલકત્તા'ના. કહો, સમજાણું કાંઈ? 'જયંતીભાઈ'નો છોકરો છે એ ખરો. 'દિલીપ'. એ મારો ધડાકા લે. બાર વર્ષનો છે, બાર વર્ષનો. વસ્તુ એવી છે. લોકોને કેમ નથી બેસતું? એમ બોલે છે. 'નવલચંદભાઈ'! 'જાદવજીભાઈ'નો પૌત્ર, 'જયંતીભાઈ'નો દીકરો. ત્યાં 'કલકત્તા'માં બધું કરે છે ને? ભાઈ ઓળખતા હશે 'જમનાદાસભાઈ' ને નામ? શું? 'લાલચંદભાઈ'. એને ઓળખતા હશે. એમના દીકરાના દીકરા છે ત્યાં. નાનો બાર વર્ષનો 'દિલીપ'. જ્યારે અહીં પુસ્તક લઈને બેસે ત્યારે ધડાકા લે, તમારા વૃદ્ધો-બુદ્ધોનું પાણી ઉતારી નાખે એવો છે. 'શાંતિભાઈ'! બોલે વીર્યથી, હોં! શરીર થડાદાર છે જરી. બાર વર્ષ પૂરા થયા, તેરમું ચાલે છે. આ કેમ બેસતું નથી? આવી વસ્તુ કેમ બેસતી નથી લોકોને? 'નવલચંદભાઈ'! આ એના શબ્દ છે, હોં! સાંભળીને પણ એને... આવી વાત સાંભળવા મળે એ ભાગ્યશાળી છે, એમ બોલતો હતો. એમ બોલતો. આવે ત્યારે અહીં બેસે. હમણા વળી એને ભણવા લઈ ગયા છે ને? ભણવા લઈ ગયા ... એના બાપને 'જયંતીભાઈ'ને. બેટા! ચાલ.. ચાલ.. ભણવા. હવે ભણ્યા, કહે. આવા ભણતર તો અનંતવાર ભણ્યો. .... એના બાપને એવો જવાબ આપ્યો હતો. 'જયંતીભાઈ' કહે કે ચાલ ભાઈ હવે તું. આપણે અહીં રજા પૂરી થઈ ગઈ. વેકેશન હોય ને. અરે..! ભણ્યા. આ ભણતર

એને કહેવાય કે જે ભણતર અનંતવાર કરીને ભૂલી ગયો એ કર્યું એ ભણતર નહિ. ભણતર તો આ. કાયમ રહે, નિત્ય રહે એનું નામ ભણતર. 'પંડિતજી'! એવો એક છોકરો આવ્યો છે. એનો પૌત્ર છે. આહાહા..! એમાં આત્મા છે ને? ત્યાં ક્યાં નાના-મોટા શરીર છે. આ તો જડ છે, આ તો માટી છે. નાની-મોટી ઉંમર તો શરીરને છે, આત્માને ક્યાં ઉંમર હતી.

કહે છે, અહો..! ભવ્ય જીવ! આહાહા..! એમ કરીને કેટલું સંબોધન કરે છે, હોં! હે ભવ્ય જીવ! ભેદજ્ઞાનની આવી દશાને પામીને... આહાહા..! જેનાથી જુદો પડ્યો છો એ ચીજ શું છે? એ તો સંસારનું મૂળ સ્વરૂપ દુઃખ છે. અને સુખ-દુઃખ. બે લીધા. કરવાનું અને ભોગવવાનું. શુભ-અશુભ પરિણામ કરવા અને શુભ-અશુભ પરિણામમાં હરખ-શોકનું ભોગવવું ઘોર સંસારનું મૂળ છે. આ પૈસા-બૈસા મળે અને ખાવા-પીવામાં મજા પડે, એ રાગ ઘોર સંસારનું મૂળ છે, એમ કહે છે.

મુમુક્ષુ :– હવે કરવું શું એ તો વાત કરો.

ઉત્તર :– આ કરવાની વાત તો ચાલે છે. આત્મા અંદર આવો છે એની અંદર એકાગ્ર થાવું એ કરવાનું છે. બાકી બધા ઝેરના પ્યાલા પીવે છે, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– અમૃત જેવા લાગે છે.

ઉત્તર :– ધૂળેય અમૃત નથી. આ તો આપણે આવી ગયું, નહિ? દારૂ પીવે એને શીખંડનો સ્વાદ લાગે નહિ. એને શીખંડનો સ્વાદ દૂધ જેવો લાગે. દારૂના ઘેનમાં સારો શીખંડ આપો તો એને સ્વાદ ન લાગે એને કેફ છે એટલે. જાણે દૂધ પીઉં છું એમ લાગે. એમ આ અમૃત જેવું લાગે, મિથ્યાત્વનું ઘેન છે એટલે.

મુમુક્ષુ :– ... પુણ્યની વાત આવે ત્યારે લાકડીઓ લઈને બેઠા છો.

ઉત્તર :– ... આ શું કહે છે? આ મુનિ શું કહે છે? 'પદ્મપ્રભમલધારીદેવ' દિગંબર મુનિ સંત છે. આત્મધ્યાની, જ્ઞાની, જેના મુખમાંથી આગમ ઝરે છે. એમ આગળ લખ્યુંછે.

મુમુક્ષુ :– આ મૂળ ભૂલ કાઢવાની વાત છે.

ઉત્તર :– મૂળ ભૂલ કાઢવાની વાત છે. હજી સમજણમાં ઠેકાણા નથી તારા, શ્રદ્ધામાં હજી ઠેકાણા નથી અને તને ધર્મ થઈ જાય! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– આત્મામાં ઉતર્યા તો પછી જીવવાની વ્યવસ્થા શું?

ઉત્તર :– કોણ જીવે? એ તો એને કારણે જીવશે.

મુમુક્ષુ :– રોટલા વિના શી રીતે જીવશે?

ઉત્તર :– એ રોટલા એને કારણે મળશે.

મુમુક્ષુ :– આજે ક્યાં મળતા હતા.

ઉત્તર :– એના કારણે આવશે. આવવાનું હશે તો આવશે, નહિ આવવાનું હોય તો નહિ આવે. આપણે કાઠિયાવાડમાં નથી કહેવાતું? ખાનારનું નામ દાણે દાણે છે. તમારે શું કહે છે? દાણે દાણે મહોર મારી છે. એનો અર્થ કે જે દાણા આવવાના તે આવવાના, નહિ આવવાના તે નહિ આવવાના. તારે કારણે નહિ. કોણ નભે? અને કોને નભાવવું છે? આહાહા..! ભગવાન તો પોતાના સ્વરૂપથી નભે. કીધું નહિ? ત્રિકાળ અત્રૂટ શ્રદ્ધાના સ્વભાવથી ત્રિકાળ એ ટકી રહ્યો છે. આહાહા..! કાયરના કાળજા કંપે એવું છે.

કહે છે, **'સુકૃત કે દુષ્કૃતને, સુખ કે દુઃખને...'** સુખની કલ્પના થાય. આ પૈસા, બાયડી, છોકરાના છોકરા સારા, એમાં એય..! 'પોપટભાઈ'! તમારે છ છોકરા. આમ બેઠા હોય. છ વહુરું. અને પોતે, ઘરના ને આ ખુરશી નાખીને બાગમાં બેઠા હોય. જોઈ લો એ તો તમારે આહાહા..!

મુમુક્ષુ :– એમ કાંઈ છોકરાવ સાથે રોજ બેસે નહિ.

ઉત્તર :– કો'ક દિ' નવરા થાય ત્યારે તો બેસે ને. કોઈક દિવસ. હવે અહીં મકાન કરાવ્યા છે તો એનો બાપ અહીં રહેશે ત્યારે ત્રણ-ત્રણ કોઈક વખતે થશે તો ભેગા બેસસે કે નહિ?

મુમુક્ષુ :– એ તો વારાફરતી આવે.

ઉત્તર :– ભલે વારાફરતી પણ ત્રણ-ત્રણને .. એમ કહે છે. એની વાત ક્યાં (છે), આ તો બધાની વાત છે ને? એય..! 'ચીમનભાઈ'! આ તો એક મોઢાઆગળ માણસની વાત થાય. આહાહા..! શું થાય?

જગત લુંટાણું છે ને? અને લુંટાઈને ખુશી થાય છે પાછા. ભાર ઓછો થયો. ચોર આવીને લઈ ગયો, ભાર ઓછો થયો. આહાહા..! અરે..! ભગવાન! તારો માલ અંદર અમૃત અને શાંતિનો સાગર ભર્યો છે, ભાઈ! તને તારી કિંમત નથી, તને તારી ખબર નથી, તને તારું ભાન નથી. અને બીજાના ભાન કરીને બેઠો. આમ છે ને તેમ છે. દેવનો દીકરો ઉતર્યો જાણે સંસારની વાતું કરવા બેઠો. અહીં મૂર્ખ. 'નવલચંદભાઈ'! ભાઈ! અહીં તો આ છે. અહીં કાંઈ અમારી પાસે માખણ-બાખણ નથી.

મુમુક્ષુ :– કાંઈ ખબર નથી.

ઉત્તર :– કાંઈ ખબર નથી. આહાહા..! ભાષા તો જુઓ! આટલું અંદર નાખ્યું, હોં! બ્રહ્મોપદેશ કહ્યો છે ને એટલે.

**'આ રીતે કહેવામાં આવેલા ભેદોના જ્ઞાનને પામીને...'** આહાહા..! અનંત ચતુષ્ટયનો નાથ એવો ભગવાન છે. એ રાગથી, પરથી અને પર્યાયથી ભિન્ન છે. એવા **'ભેદોના જ્ઞાનને પામીને ભવ્ય જીવ...'** જેને મોક્ષ અલ્પકાળમાં નજીક છે હવે, એવા ભવ્ય જીવો, સુકૃત-દુષ્કૃતના ભાવ એ સંસારનું મૂળિયું છે અને સુખ-દુઃખનો ભાવ એ ઘોર સંસારનું મૂળ છે. **'અત્યંત પરિહરો,...'** ભાષા છે. **'અત્યંત પરિહરો,...'** એકલો પરિહરો એમ નહિ. કહો, 'ભીખાભાઈ'! શું કરવું આમાં?

મુમુક્ષુ :– આપની વાત મારે ગ્રહણ કરવાની છે.

ઉત્તર :– ગ્રહણ કરવાની છે. એને જવાબ દેતા આવડે છે. આ તળેટી છે ને? શું કહેવાય? તલાટી. તળેટી કીધું અહીં. આહાહા..!

**'અત્યંત પરિહરો,...'** અહીંયા ધર્મી જીવને, ભવ્ય જીવને કહે છે, તારે જો સુખી થવું હોય, ધર્મ કરવો હોય, મુક્તિનું કારણ સેવવું હોય તો ભગવાનઆત્મામાં એકાકાર થા અને સુખ-દુઃખને, શુભ-અશુભ પરિણામને છોડો. દૃષ્ટિમાંથી છોડી દે. એ મારું સ્વરૂપ જ નથી. આહાહા..! આ બધા તો અજરઅમર થવાના પ્યાલા છે. ચોરાશીમાં મરી ગયો, અબજોપતિ અનંતવાર થયો. અબજોપતિ અનંતવાર અને સો વાર માગે અને કોળિયો મળે એવો ભિખારી (અનંત વાર થયો), એમાં નવી શું ચીજ છે? એ બધા રાંકા-ભિખારા દુઃખી છે. આત્માની બાદશાહીની જેને ખબર નથી એ બધા ભિખારી-રાંકા છે. એય..! ક્યાં ગયા? એ.. 'મલૂપચંદભાઈ'! શું તમારો હજી આવ્યો નથી? કોઈક કહેતું હતું, થોડા દિવસમાં આવવાનો છે. હેરાન હેરાન થાય જ્યાં ત્યાં, દીકરીને પરણાવા માટે ગોતા-ગોત કરે છે. બે કરોડ રૂપિયા છે. છોડી એક છે. હવે નાખવી ક્યાં? તો ગોતવા ફરે છે એનો દીકરો.

મુમુક્ષુ :– બાપ છે તો ફરવું જ પડે ને.

ઉત્તર :– હેરાન (થાય છે). દુઃખ બધા દુઃખના (પંથ છે). આહાહા..! 'કુંવરજીભાઈ'નું કહ્યું હતું, દાખલો નહોતો આપ્યો? 'કુંવરજીભાઈ' કંદોઈનો. 'ચુડાવાળા' દાખલો આવ્યો.. ભજીયા કે ગાંઠિયા કરતા હતા. આપણા જૈન હતા. કંદોઈ 'ચુડા'માં 'કુંવરજીભાઈ' કરીને (હતા). આમ કરતા હતા એમાં ઉપરથી સર્પ નીકળ્યો. કડાઈમાં પડ્યો. અડધો પડ્યો કડાઈમાં અને અડધો રહ્યો બહાર. તેલમાંથી તાવીથે કરીને આમ કાઢ્યો. ચુલામાં ઘૂસી ગયો. અડધો બળ્યો. ભજીયા કરતા હશે અને ઓલો ઉપરથી સર્પ નીકળ્યો હશે આમ. વરાળ ઊની લાગી તો અડધો કડાઈમાં પડ્યો. 'કુંવરજીભાઈ' જૈન, હોં! બિચારા. ત્રાસ ત્રાસ. આમ કરીને બહાર કાઢ્યો. અડધો અંદર અને અડધો બહાર. બહાર કાઢ્યો એવો ભાન ન મળે એટલે એને એમ કે બચવા જાવ તો ચુલામાં ગયો. સળગતી ચૂલમાં બળ્યો અને ભડથું. આ બળેલો બચાવ કરવા ગયો ત્યાં બળવામાં ઘૂસી ગયો. એમ અજ્ઞાની પોતાના સુખને માટે કરવા જાય છે ત્યાં અગ્નિને, મિથ્યાત્વને, રાગને શેકે છે. ઊંડો-ઊંડો ગરી જાય આઘો. સમજાણું કાંઈ? આ તો બનેલું છે, હોં! એમના છોકરા બે દિવસ પહેલા આવ્યા હતા.

મુમુક્ષુ :– એ તો કુંવરજી પોતે પણ અહીં આવતા ને.

ઉત્તર :– હા, અહીં આવતા ને. પૈસા કાઢીને અહીં મૂક્યા હતા. શુભ ખાતામાં. અહીં આપી ગયા હતા. આહાહા..! એ વખતે કાંઈ ત્રાસ હતો. આ અડધો બળ્યો પડ્યો અને જ્યાં કાઢ્યો ત્યાં હળહળતી અગ્નિમાં ઘૂસી ગયો. એમ અનાદિનો અજ્ઞાની મિથ્યાત્વથી, ઊંધી શ્રદ્ધાથી બળીઝળી

રહ્યો છે. સમજાય છે કાંઈ? એને જ્યાં કોઈક કહે કે ભાઈ! આમાંથી નીકળ. ઊંડો-ઊંડો પેસે. ઊંડાઈ. આત્મામાં ઊંડું જાવું છે એના બદલે રાગ અને મિથ્યાત્વમાં ઊંડો જાય છે. આહાહા..! રાગ તે મારી ચીજ છે ને રાગ મારું સ્વરૂપ છે, રાગથી મને લાભ થશે. મિથ્યાત્વમાં, ઘોર સંસારમાં ઊંડો-ઊંડો ગરે છે. સમજાણું કાંઈ? આવી વાત છે.

મુમુક્ષુ :– .. પણ પૈસા વિના ચાલતું નથી.

ઉત્તર :– પૈસા વિના જ ચાલે છે. અનાદિથી મરી ગયો. પર વિનાનો તો રહ્યો છે. દરેક તત્ત્વ સ્વથી રહ્યું અને પરથી નથી. પરથી નથી ત્યારે તો રહ્યો છે. ક્યાંય ન્યાયને સમજે નહિ તો શું કરે? આ આંગળી છે. લ્યો. એ આંગળી, આંગળીથી રહી છે. આ આંગળીથી રહી છે? આ આંગળીનો તો એમાં અભાવ છે. અભાવને લઈને રહી છે. એમ આત્મા, આત્માથી રહ્યો છે, પર વસ્તુના અભાવથી રહ્યો છે. આહાહા..! પણ મિથ્યાત્વની માન્યતા કે મારે પર વિના ચાલે નહિ. એ માન્યતા વિના એણે ચલાવ્યું નથી. સમજાણું કાંઈ?

**'અત્યંત પરિહરો,..'** 'પદ્મપ્રભમલધારીદેવ'ની ભાષા આકરી લાગે, હોં! એટલે ઓલો 'રતનચંદજી' એમ જ કહે... આહાહા..! **'તેનાથી ઉપર (અર્થાત્ તેને ઓળંગી જતાં),...'** જુઓ! એ શુભ-અશુભભાવ અને સુખ-દુઃખની કલ્પના, એને ઓળંગી જાવ અને અંદર જાવ. એમ કહે છે. **'જીવ સમગ્ર (પરિપૂર્ણ) શાશ્વત સુખને પામે છે.'** એ પુણ્ય-પાપના વિકલ્પો અને સુખ-દુઃખની કલ્પના, એને પરિહરિ–છોડી, અંતર ભગવાનઆત્માના અંતરમાં એકાગ્ર થાય છે એ શાશ્વત પરમસુખને પામે છે–એ મુક્તિને પામે છે. આ ધર્મ છે. ભારે વાત પણ, ભાઈ! કાયરના તો કાળજા કંપી ઊઠે. હાય..હાય..! આ તો અમે કહેતા સાંભળ્યું હતું કે 'સોનગઢ'વાળા આમ કહે છે. જે સાંભળ્યું એ પ્રત્યક્ષ આવ્યું. આહાહા..! શાસ્ત્ર કહે છે કે 'સોનગઢ'વાળા કહે છે આ? **'શાશ્વત સુખને પામે છે.'** આહાહા..!

**'સમગ્ર' નામ '(પરિપૂર્ણ)' 'શાશ્વત...'** એટલે અનંતઆનંદ. જે કોઈ પુણ્ય-પાપ અને સુખ-દુઃખની કલ્પના છોડી અને અંતર સ્વભાવ ભગવાનઆત્માનો આશ્રય લઈ, અને અનુભવે છે તે **'શાશ્વત સુખને પામે છે.'** એને મોક્ષનો માર્ગ પણ કહ્યો અને એનાથી મોક્ષ મળે એમ બન્ને વાત કરી. સમજાણું કાંઈ? પહેલા હજી શ્રદ્ધા–રુચિમાં પણ ઠેકાણા ન મળે, એને અંદર ચારિત્ર ક્યાંથી આવે અને વીતરાગતા ક્યાંથી આવે અને મોક્ષ કયાંથી થાય? આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ફાગણ વદ ૭, શુક્રવાર, તા. ૧૯-૩-૧૯૭૧**
**શ્લોક- ૧૯ થી ૨૨, પ્રવચન નં. ૧૯**

૧૯મો કળશ છે. અઢાર થઈ ગયા, અઢાર. ૧૯મો.

**परिग्रहाग्रहं मुक्त्वा कृत्वोपेक्षां च विग्रहे ।**
**निर्व्यग्रप्रायचिन्मात्रविग्रहं भावयेद् बुधः ।।१९।।**

કહે છે, કે આ ભગવાન આત્મા આનંદ અને શુદ્ધ સ્વરૂપ છે, એની ભાવના કરનારે શું કરવું? ભાવના એટલે આત્મા પવિત્ર અનંતગુણના સ્વભાવરૂપ પવિત્ર ધામ છે. એની સન્મુખની એકાગ્રતા કરતાં મોક્ષમાર્ગ–ધર્મ–પ્રગટ થાય છે અને એના ફળ તરીકે મોક્ષ થાય છે. તો એણે એ એકાગ્રતા શી રીતે કરવી? એમ કહે છે.

**'પરિગ્રહનું ગ્રહણ છોડીને...'** જગતની ચીજો વિકલ્પથી માંડીને બધું જ છોડી દઈને. છોડી એટલે એનું લક્ષ છોડીને. અહીં તો કહેવું છે કે મુનિને જે બાહ્ય પરિગ્રહ છે એ બધું છોડી દઈને. છેલ્લે એક શરીર રહ્યું. તો **'શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને...'** મોક્ષનો માર્ગ છે ને? કેમ પ્રગટ થાય? **'શરીર પ્રત્યે ઉપેક્ષા...'** અને સર્વ જગતના પરિગ્રહનો, એના પ્રત્યેના વિકલ્પની મમતાનો ત્યાગ એ પરનો ત્યાગ કહેવાય.

**'બુધ પુરુષે...'** જ્ઞાની પુરુષે, ધર્મી પુરુષે, જેને આત્માનું હિત કરવું છે એણે **'અવ્યગ્રતાથી (નિરાકુળતાથી) ભરેલું ચૈતન્ય માત્ર...'** ભગવાન આત્મા અસ્તિરૂપે (આવું છે, એમ કહ્યું). પેલી તો નાસ્તિ કહી. પરિગ્રહનો ત્યાગ, શરીરની ઉપેક્ષા, પણ એ આત્મા ચીજ છે શું? **'(નિરાકુળતાથી) ભરેલું ચૈતન્ય માત્ર જેનું શરીર છે...'** લ્યો. શરીર આવ્યું. `**कृत्वोपेक्षां च विग्रहे। निर्व्यग्रप्रायचिन्मात्रविग्रहं**' સામે સામે લીધું. આ શરીર તો માટી જડ છે. તેની ઉપેક્ષા કરવી. એ કંઈ પોતાની ચીજ નથી. ઉપેક્ષા એટલે એનો આદર કરવો નહિ. અને **'(નિરાકુળતાથી) ભરેલું ચૈતન્ય માત્ર જેનું શરીર...'** ચૈતન્યમાત્ર શરીર એમ કહે છે. આત્મામાં અનાકુળ આનંદથી ભરેલો ચૈતન્ય છે. આહાહા..!

**'(નિરાકુળતાથી) ભરેલું ચૈતન્ય માત્ર જેનું શરીર...'** ચૈતન્યમાત્ર જેનું શરીર. **'(નિરાકુળથાથી) ભરેલું ચૈતન્ય માત્ર જેનું શરીર...'** આનંદ અને જ્ઞાન બે અર્થ લીધા. ભગવાન આત્મા એને કહીએ કે અનાકુળતાનું ચૈતન્ય સ્વરૂપ, ભરેલું, આનંદ અને ચૈતન્ય સ્વભાવથી ભરેલો આત્મા. આહાહા..! **'તે (–આત્માને) ભાવવો.'** ધર્મીજીવે તેને અનુભવવો. ભગવાન આત્મા શરીર આદિ પરિગ્રહથી રહિત, બાહ્ય પરિગ્રહ સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી આદિથી તો રહિત છે. પણ નિરાકુળતાના આનંદના સ્વરૂપથી ભરેલું ચૈતન્ય તત્ત્વ છે એ. આહાહા..! જેમાં અતીન્દ્રિય આનંદ

છે અને એકલો ચૈતન્યભાવ છે. એ જેનું શરીર એટલે સ્વરૂપ છે. તે આત્માને, આવા આત્માને, તે આત્મા એટલે આવો આત્મા. છે ને? **'તેને (–આત્માને) ભાવવો.'** આવા આત્માને ભાવવો. આહાહા..! બહું ટૂંકામાં ઘણી વાતો. ઝીણી વાતું. જગતને અભ્યાસ ન મળે.

ભગવાન પરમેશ્વર કહે છે, કે ભાઈ! તારે જો આત્માનું કલ્યાણ કરવું હોય એટલે કે ધર્મ કરવો હોય, તો કેમ કરવો અને કેમ થાય? કે આત્મા સિવાયની બીજી ચીજો આ શરીર, વાણી, મન, આ બાયડી, છોકરા, કુટુંબ એના ઉપરથી લક્ષ છોડી દે. એ કાંઈ તારી અસ્તિમાં નથી. તારી સત્તામાં એ ચીજો નથી. તેથી તારા હોવાપણામાં એ નથી તેનું લક્ષ છોડી દે. અને તારા હોવાપણામાં અનાકુળ અને જ્ઞાનથી ભરેલી ચૈતન્યવસ્તુ છે એમાં દૃષ્ટિ દે, એમાં એકાગ્ર થા, એનો અનુભવ કર. લ્યો. 'પોપટભાઈ' આ ધર્મ. ભારે ધર્મ, ભાઈ! આમાં ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા, આ કરવું એ તો વાત આવતી નથી. 'પંડિતજી'!

મુમુક્ષુ :– બધું જ કાઢી નાખ્યું.

ઉત્તર :– પણ એ તો પરચીજ છે. ખાય શકે ક્યાંથી ત્યાં? એ તો પર ચીજ છે એ તો કીધુ.ં પરથી લક્ષ છોડી દે, એનો આગ્રહ છોડી દે એમ કીધું ને? **'પરિગ્રહનું ગ્રહણ છોડીને...'** આગ્રહ એટલે ગ્રહણ. ભારે વાત. વેપાર, ધંધો, કુટુંબ, સ્ત્રી, પુત્ર એ બધી ચીજો તો પર છે. એ કાંઈ તારી નથી, તારામાં નથી, તું એમાં નથી. હવે તું જ્યાં છો ત્યાં તો અનાકુળ આનંદ અને ચૈતન્યરસથી ભરેલો આત્મા છે. આહાહા..! **'તેને (-આત્માને) ભાવવો.'** છે ને પાઠમાં? ભાવ એક લીધો. આહાહા..! બહું ટૂંકું. એ ભાવના એટલે મોક્ષમાર્ગની એકાગ્રતા. સ્વભાવ સન્મુખ, ચૈતન્ય આનંદસ્વરૂપ એના સન્મુખની એકાગ્રતા, એનું નામ ભાવના. એનું નામ ચૈતન્યના મોક્ષમાર્ગની દશા, એનું નામ ધર્મ.

મુમુક્ષુ :– અત્યારે ક્યાં દેખાય છે?

ઉત્તર :– નથી દેખાતું એ કોણે નિર્ણય કર્યો? નથી દેખાતો એ કોની સત્તામાં નિર્ણય થયો? એ જ આત્મા. જેમ કે હું દેખાતો નથી. એનો અર્થ જ હું આ છું. એમ અર્થ થઈ ગયો. કોઈ દિ' વિચાર કર્યો નથી ને. દેખાય છે શું? જ્ઞાન જ દેખાય છે જ્યાં હોય ત્યાં. આ ચીજ દેખાતી નથી. ચીજ તો જડ છે, પર છે. એને જાણવાવાળું જ્ઞાન જ જ્યાં હોય ત્યાં જાણે છે. એ જાણનારું જ્ઞાન એ આત્મા છે. એ તો અહીં કહે છે. મૂળ એ જાતનો અભ્યાસ નથી. આ બધા રળવાના અને ખાવા-પીવાના ને હેરાન રસ્તા કરવામાં આખી જીંદગી ગાળે.

મુમુક્ષુ :– ખાવા પીવામાં ઓછું. સાહેબ! રળવામાં જ વધારે. આવી અલૌકિક વાત આવી રીતે સમજાય નહિ.

ઉત્તર :– સમજાય નહિ. ઠીક કહે છે. હવે એ તો નવરા થયા છે. બધા છોકરા કરે છે અને પૈસા ઘણા છે. એટલે હવે તો નિવૃત્તિ લઈને આ કરવું.

મુમુક્ષુ :– દરેક સમયે પ્રભુ જ્ઞાનનો જ અનુભવ કરે છે.

ઉત્તર :– એ જ કરે છે. આ શરીર છે, આ આ છે. એમ કોની સત્તામાં જણાણું? કોની હયાતીમાં જણાણું કે આ શરીર છે, આ બાયડી છે, આ કુટુંબ છે, આ ધંધો છે. એ છે ભલે, પણ એ કોની સત્તામાં જણાણું? ચૈતન્યની સત્તામાં જણાણું. એ ચૈતન્યની સત્તામાં એ ચીજ નથી. એના સંબંધીનું પોતાનું જે જ્ઞાન જાણે છે, એ જ્ઞાન એની સત્તામાં છે. પણ માણસ અંતરના આત્માના વિચાર ઉપર (આવતા નથી). એકલી મજુરી જગતની (કર્યા કરે છે). મજુરી છે આ બધી? એય..! મજુરી છે? 'મલૂપચંદભાઈ'! કેમ હશે? પણ તમારે ક્યાં પૈસા ભેગા થયા છે કે તમે ...

મુમુક્ષુ :– થોડા તો થોડા, પણ મજુરી તો અમે કરી છે ને.

ઉત્તર :– 'પૂનમભાઈ' કહેતા હતા એક ફેરી. ખબર છે? એકવાર 'અમદાવાદ' ગયા હતા. એમને ક્યાં પૈસાની... શું ભાષા કાંઈક હતી. એવું કાંઈક હતું. એમને ક્યાં પૈસા .. અને સ્વાદ લીધો? એવી કાંઈક ભાષા હતી. 'મલૂપચંદભાઈ'ને યાદ નથી. કીધું હતું. મને ખ્યાલ છે. બેઠા હતા ને કહ્યું હતું. એમ કહે કે પૈસા ક્યાં એણે મેળવ્યા છે કે એના રસની ને એની શું ચીજ છે એની ખબર પડે. એવું એક હતું. એના બાપને ઉડાડ્યા તે દિ'.

મુમુક્ષુ :– એ તો અનાદિના ઉડાડેલા છે. બાપ હતા જ કે દિ'.

ઉત્તર :– એવી ભાષા હતી પણ બરાબર યાદ નથી. 'અમદાવાદ'માં કહ્યું હતું. એમ કહે કે પૈસા એને ઝાઝા હોય તો ખબર પડે ને કે આમાં કેમ મેળવાય છે ને કેમ થાય છે? એ જાતનો રસ જ એણે ઊભો કર્યો નથી. ત્યાં હતો જ નહિ.

મુમુક્ષુ :– 'ગોપાલભાઈ'ના મકાનમાં.

ઉત્તર :– 'ગોપાલભાઈ'ના બંગલે.

મુમુક્ષુ :– હતું એવું આવી ગયું.

ઉત્તર :– એ તો હોય એ આવે, બીજું શું આવે એમાં? એમ એણે કહ્યું હતું. એમ કે બાપાએ ક્યાં ન્યાં એટલા બધા પૈસા, કરોડ-બેકરોડ લ્યોને. એમ કહે શું લાખ, બેલાખ, ચાર-પાંચ લાખ. એના બાપ પાસે એટલા પણ ક્યાં હતા. એની પાસે ૩૫-૪૦ હજાર હતા. આ 'છોટાભાઈ' પાસે. આ વળી લાખોપતિ, ઓલો વળી કરોડપતિ. ધૂળમાં પણ નથી કાંઈ. એમ કે એમણે ક્યાં એ પૈસાનો રસ ... બરાબર શબ્દ ગોઠવેલો. એમણે ક્યાં પૈસા ભાળ્યા છે કે એનો રસ હોય. એ.. 'ભીખાભાઈ'! ભારે ભાઈ! સંસાર તો કાળો કેર છે ને.

અહીં કહે છે... આહાહા..! આ છે... આ છે.. આ છે... એ કઈ ભૂમિકામાં જણાય છે? જે ભૂમિકા જ્ઞાનની (છે) એમાં એ જણાય છે. આ શરીર છે, આ ધંધા ચાલે છે, આ પૈસા આવ્યા-ગયા. એનામાં આવ્યા-ગયા નથી. એ જાણે છે. એ જાણનાર જો મુખ્ય ન હોય તો આ ચીજ છે, આ રાગ

થયો, આ દ્વેષ થયો, આ થયું એ કોણે જાણ્યું? એ જાણનારની ભૂમિકામાં જે જણાય છે એ જ્ઞાન જણાય છે. એ ચીજ નહિ. સમજાણું કાંઈ? એ જ્ઞાનનો ધરનાર એ ભગવાન આત્મા છે. કહો, શું છે? એ.. 'લાલચંદભાઈ'! આ ભાઈએ શું પૂછ્યું?

મુમુક્ષુ :– દેખાતું નથી એમ કીધું.

ઉત્તર :– આ પૂછવામાં તો એમ આવે. એક છોકરો નહોતો? આપણે 'જામનગર'માં 'પરેશ' છે. અત્યારે તો હવે ૧૫-૧૬ વર્ષ થઈ ગયા. પણ તે દિ' ૭ વર્ષનો હતો. ૯ વર્ષ પહેલાની વાત છે. એના ઘરમાં આ ચર્ચા બહુ ચાલે. 'ત્રંબકભાઈ' એના બાપ થાય? કાકા થાય.પણ એ બધાના ઘરમાં ચર્ચા બહુ ચાલે. 'જયસુખભાઈ' તો હમણા આવ્યા. એ તો સામું જોતા નહોતા. એકવાર સાંભળ્યું, પછી સમજતા. ઓય માડી! આ વાત તો બીજી ચાલે. અમારા ઘરમાં ચાલે પણ કોઈ દિ' ધ્યાન જ ન આપ્યું. 'જયસુખ' વકીલ છે મોટા. અહીં ઘણીવાર આવે છે.

એ છોકરો એકવાર ચર્ચા કરતા-કરતા ચર્ચામાં ઊભો થઈ ગયો. 'લાલચંદભાઈ'! એનો પ્રશ્ન સાંભળજો. મહારાજ! તમે આત્મા દેખો-દેખો કરો છો. આમ પ્રશ્ન કર્યો, હોં! ક્યાં દેખવો અમારે? આમ તો આ દેખાય. આંખો મીચીએ તો અંધારું દેખાય. આમ છોકરો બોલ્યો, ૭ વર્ષની ઉંમર, હોં! અત્યારે તો ૧૫-૧૬ વર્ષ થઈ ગયા. અમારા આત્માને ક્યાં દેખવો? આ બધું દેખાય. ઉભો થઈને (બોલ્યો), હોં! રાત્રે ચર્ચા વખતે. આ દેખાય છે. આંખો મીચીએ તો અંધારું દેખાય છે. ભાઈ! બાપુ! એ અંધારું શેમાં દેખાય છે? અંધારું અંધારામાં દેખાય? અંધારું જેની સત્તામાં દેખાય છે એ ચૈતન્યમૂર્તિ આત્મા છે. 'લાલચંદભાઈ'! ૭ વર્ષનો બાળક, હોં! બહુ હોશિયાર છે. અત્યારે તો બહુ ઝીણા પ્રશ્ન કરે છે.

અંધારું કોનામાં જણાય છે? ભાઈ! આ અંધારું છે. એ અંધારાનું હોવાપણું અંધારામાં જણાય? એ અંધારાનો જાણનાર ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ એ એમ કહે કે આ અંધારું છે. હું અંધારું નહિ. હું તો અંધારાનો જાણનાર છું. આ તો સમજાય એવું છે, હોં! સાદી ભાષા છે બહુ અઘરી નથી. પણ કોઈ દિ' આની સામું જોયું ન હોય. કબુલી લીધું ન હોય, લ્યો. કોર્ટે નવો માણસ ચડે. કોને કેટલા પૈસા દેવાતા હશે, કોને પાન-બાન ખવડાવવું શું દેવું? રીપોર્ટ કરે કે શું લખે? રિપોર્ટ લખાવે ત્યારે ધ્રુજે. અરજી કોની પાસે લખાવવી. મોઢા આગળ બેઠો હશે કે અંદર બેઠો હશે? મુંઝાય. કણબી નવો પહેલો વહેલો ચડ્યો હોય. પણ જેણે ઘણીવાર પગથિયા તોડ્યા હોય એને ખબર હોય કે મોઢા આગળ કારકુન બેઠો હોય એની પાસે લખાવાય. આઠ આના આપશું એને. લખી દે. એમ આ નવા નિશાળીયાએ કાંઈ સાંભળ્યું ન હોય અને ચડ્યો હોય એને એવું લાગે કે આ શું કહે છે? એય..! 'પોપટભાઈ'! ભાઈ! આહાહા..! આ બધી રમતું જગતની રમાય અને થાય છે. એને કોનામાં જણાય છે? એ ચૈતન્યમાં જણાય છે. કીધું ને?

**'ચૈતન્યમાત્ર જેનું શરીર છે.'** એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. જ્ઞાનના તેજ-નૂર, જ્ઞાનના નૂરના પ્રકાશનું પૂર છે. ખબર નહિ, કોઈ દિ' વિચાર કર્યો નથી. નિજ ઘરમાં કોણ છે? પરઘરની બધી માંડી. સમજાણું કાંઈ? આહાહા..! 'ઘરના છોકરા ઘંટી ચાટે, પાડોશીને આટો.' આપણે લોકોમાં નથી કહેવાતું? બાયડી કહે કે, પણ આ ઘરમાં લોટ પણ નથી અને તમે પારકીની માંડી. આને લોટ દેવો, પણ અહીં ઘરમાં નથી એનું શું કરવું? એમ બધી પરની માંડી પણ તું કોણ છો એની એને ખબર નથી. આહાહા..! ભગવાન! તું તો પ્રત્યક્ષ છો. એમ કહે છે અહીં તો. કેમ? કે, પ્રત્યક્ષ નામ જાણવાની ભૂમિકામાં તારું સ્વરૂપ અને પર શું છે? એ જાણનારો તું પ્રત્યક્ષ છો આ જગતમાં. આ તો બધી ચીજો બાહ્ય-પર છે. બાહ્ય પર છે. સમજાણું કાંઈ?

કહે છે કે **'(નિરાકુળતાથી) ભરેલું ચૈતન્યમાત્ર જેનું શરીર છે.'** આહાહા..! તેવો ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ અને અનાકુળ સ્વભાવ. સ્વભાવમાં આકુળતા ન હોય. આકુળતા તો વિકલ્પ અને દુઃખરૂપ છે. એ બીજી ભિન્ન ચીજ છે. નિરાકુળ ભગવાન જ્ઞાનસ્વરૂપ. નિરાકુળ, જાણનાર-જાણનાર એમાં આકુળતા ક્યાંથી આવી? એવો જાણનાર અને નિરાકુળ સ્વરૂપ, એવો આત્મા. એ આત્મા, એ આત્માને જોવો, એ આત્મા ઉપર નજર કરવી અને એ આત્મામાં એકાગ્ર થવું. એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? એ ૧૯મો કળશ કહ્યો.

૨૦મો કળશ.

**शस्ताशस्तसमस्तरागविलयान्मोहस्य निर्मूलनाद्**
**देषाम्भःपरिपूर्णमानसघटयप्रध्वंसनात्पावनम्।**
**ज्ञानज्योतिरनुत्तमं निरुपधि प्रव्यक्ति नित्योदितं**
**भेदज्ञानमहीजसत्फलमिदं वन्द्यं जगन्मंगलम् ।।२०।।**

ભાષા જુઓ! કવિ છે ને પાછા એટલે. ૧૮૭ ગાથા અને ૩૧૧ કળશ. કળશ ઝાઝા. 'સમયસાર'માં ૪૧૫ ગાથા અને ૨૭૮ કળશ. આમાં ૩૧૧ કળશ છે. ૨૦માં કળશનો શ્લોકાર્થ નીચે.

**શ્લોકાર્થ :– 'મોહને નિર્મૂળ કરવાથી,...'** એટલે શું કહ્યું? કે પુણ્ય અને પાપના વિકલ્પો જેમાં જણાય એના એ નહિ. જાણનારના એ પુણ્ય-પાપના વિકલ્પ અને શરીર-વાણી એ નહિ. એ મારા છે એમ માન્યું હતું. એ મારા નહિ એમ મિથ્યાત્વનો નાશ કરીને, **'મોહને નિર્મૂળ કરવાથી,...'** સમજાણું કાંઈ? પહેલા મિથ્યાત્વની વાત લીધી. ભગવાન આત્મા, એનામાં તો જ્ઞાન અને આનંદ છે, એને મૂકીને જે કંઈ એનામાં નહોતું પુણ્ય, પાપ, વિકલ્પ, દયા, દાન, વ્રત આદિ, રાગ આદિ, શરીર આદિ, એને પોતાના માન્યા હતા. એ મોહને નાશ કરીને, નિર્મોહ કરીને. મારામાં એ રાગ અને વિકલ્પ અને શરીર નથી. મારામાં તો આનંદ અને જ્ઞાન છે. એને જાણનારું જ્ઞાન તે મારું છે.

એ વસ્તુ તે મારી નથી. એમ મિથ્યાત્વનો નાશ કરીને, સમજાણું કાંઈ? લ્યો, આ મિથ્યાત્વના નાશનો ઉપાય.

પોતાના–સ્વરૂપનું રૂપ આનંદ અને જ્ઞાન (છે). એમાં પરવસ્તુ મારી, વિકલ્પ આદિ માન્યા હતા એ મિથ્યાત્વભાવ હતો. મારામાં એ નથી, હું તો જ્ઞાન અને આનંદ છું. એમ ભાન દ્વારા મોહને નિર્મૂળ કરીને, મોહનું મૂળીયું કાઢી નાખીને. મિથ્યાત્વનો એક અંશ પણ છોડી દઈને, એમ કહે છે. ભાઈ! ભારે વાત! **'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત રાગનો વિલય કરવાથી...'** હવે રાગ-દ્વેષના નાશની વાત કરે છે. પછી શુભ-અશુભ જે વિકલ્પ ઊઠે. પ્રશસ્ત એટલે શુભ, અપ્રશસ્ત એટલે અશુભ. **'સમસ્ત રાગનો વિલય...'** (એટલે) નાશ. મારામાં એ રાગ નથી. એવો તો પહેલો નિર્ણય કર્યો હતો. પછી અસ્થિરતાનો રાગ રહે છે એનો પણ સ્વભાવમાં એકાગ્ર થઈને નાશ કરવાથી. સમજાણું કાંઈ?

**'દ્વેષરૂપી જળથી ભરેલા મનરૂપી ઘડાનો નાશ કરવાથી,...'** રાગ અને દ્વેષ બેનો નાશ કહે છે ને? પહેલા સમસ્ત રાગનો નાશ કર્યો. વિકલ્પમાત્ર એ હું નહિ. એવો અનુભવ નિર્ણય કરેલો. પણ પછી સ્વરૂપમાં રમવા આ ચારિત્ર છે. ચારિત્ર આનું નામ છે. ચારિત્ર આ લુગડા ફેરવ્યા, બાયડી-છોકરી છોડીને ઘરમાં લુગડા ફેરવે માટે ચારિત્ર, એમ ચારિત્ર નહિ. પહેલું સ્વરૂપ જ્ઞાન અને આનંદથી ભરેલો હું, પુણ્ય-પાપના રાગથી ખાલી. શરીર-વાણી-મનથી ખાલી, એના સંબંધીનું જ્ઞાન અને મારું જ્ઞાન, એનાથી ભરેલો હું છું. એવી આત્માની અનુભવની દૃષ્ટિ થાય ત્યારે તેણે મિથ્યાત્વનો નાશ કર્યો કહેવાય. એના પછી ચારિત્ર આવે. એ ચારિત્ર એટલે શું? રાગનો નાશ કરવો, દ્વેષને ફોડી નાખવો, તોડી નાખવો અને સ્વરૂપમાં ઠરવું, એનું નામ ચારિત્ર. સમજાય છે કાંઈ? લ્યો, 'પ્રકાશદાસજી'! આ ચારિત્ર. કઈ જાતનું ચારિત્ર? આહાહા..!

સમ્યગ્દર્શન અને ચારિત્ર બન્નેની વ્યાખ્યા કરી. મિથ્યાત્વ અને અચારિત્રનો નાશ અને સમકિત અને ચારિત્રની ઉત્પત્તિ. સમજાણું કાંઈ? જીવ અધિકાર છે ને? માથે શું અધિકાર છે? જીવ. તો જીવનો અધિકાર જીવના સ્વભાવમાં છે. એનો અધિકાર પુણ્ય-પાપ, રાગ આદિ શરીરમાં એનો અધિકાર નથી. છે? આહાહા..! કહે છે કે પોતાનો સ્વભાવ,.. એ માથે તો વાત કરી ગયા, નિરાકુળ જ્ઞાનમાત્રથી ભરેલો પદાર્થ, જેના આનંદને માટે બહાર શોધવું પડે નહિ. એવા આનંદથી ભરેલો છે. એની દૃષ્ટિ કરીને, એમાં સાવધાન થઈને, પરમાં સાવધાનીનો જે મિથ્યાત્વભાવ હતો, એનો નાશ કરે. આહાહા..! કહો, સમજાણું આ? એ કોઈ બાહ્યક્રિયાથી નાશ થાય એવું કાંઈ નથી. આહાહા..!

**'પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત રાગનો વિલય કરવાથી...'** જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ વૃત્તિ ઊઠે છે એ પણ રાગ છે. એનાથી ખસીને અંદર સ્વરૂપમાં ઠરતા, આનંદમાં રમતા રાગનો નાશ થાય તેને ચારિત્ર કહે છે. ભાઈ! ભારે. સાંભળ્યું ન હોય. આ તો બાયડી-છોકરા

છોડ્યા, ધંધો છોડ્યો અને બેઠા. લોંચ કરે, ઊના પાણી પીવે, આ છોડ્યું. ધૂળેય છોડ્યું નથી, સાંભળને! છોડ્યો છે ધર્મ.

કહે છે કે આમ આત્મા સ્વભાવનો ભરેલો ભગવાન. સામે લીધુંને? **'દ્વેષરૂપી જળથી ભરેલો મનરૂપી ઘડો...'** મનનો સ્કંધ છે ત્યાં આગળ દ્વેષ થાય છે. પ્રતિકૂળ ચીજ દેખીને દ્વેષ, અનુકૂળ થઈને રાગ, મનનો ઘડો ફોડ! આહાહા..! અને આત્મા ચૈતન્યમૂર્તિ છે એને જાગૃત કર, એમ કહે છે. આહાહા..! ભારે, ભાઈ! વાત. સમજાણું કાંઈ? પવિત્ર ભગવાન આત્મા... પણ એ આત્મા આવો છે એ સાંભળ્યો ન હોય. સાંભળ્યા વિના એને બેસે શી રીતે?

ભગવાન આત્મા જ્યાં રાગ-દ્વેષ રહિત છે એવો અનુભવ થયો. પછી રાગ-દ્વેષનો અભાવ કરવા, સ્વરૂપમાં સ્થિરતા કરી, ત્યારે રાગ-દ્વેષનો અભાવ થયો. ત્યારે તે સ્વરૂપમાં આનંદની લહેર જાગે એને ચારિત્ર કહેવામાં આવે છે. અતીન્દ્રિય આનંદની લહેર, ઉભરો આવે. આહાહા..! સમજાણું કાંઈ?

એવો પવિત્ર ભગવાન આત્મા. **'નિરુપધિ...'** જેમાં ઉપધિ નથી. **'પરિગ્રહ રહિત; બાહ્ય સામગ્રી રહિત; ઉપાધિ રહિત; છળકપટ રહિત–સરળ.' 'નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ...'** નિત્ય, સદા જ્ઞાનજ્યોતિ ઉદિત અંદર પ્રગટ જ છે. એની અંતરમાં દૃષ્ટિ આપતા અને સ્થિર થતાં નિત્ય જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. એ પર્યાયમાં પ્રગટ થાય છે. આહાહા..! એકરૂપ સામાન્ય જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સ્વભાવભાવ, નિત્યભાવ છે, એમાં એકાગ્ર થવાથી વિશેષભાવ, ચારિત્રભાવ, સમ્યગ્દર્શનભાવ, એવો નિત્ય-ઉદિત જ્ઞાનમાં આવે છે, પર્યાયમાં આવે છે એમ કહે છે. જેવો નિત્ય ભગવાન અંદર છે, **'(સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે.'** પાછી પર્યાયમાં નિત્ય-ઉદિત રહે છે એમ કહે છે. જ્ઞાનનો ભાવ પ્રગટ્યો. એ પ્રગટ્યો એ પ્રગટ્યો.

અ..હો..! **'ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે,...'** જુઓ! એ નિર્મળ વીતરાગી પર્યાય. **'ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ વંદ્ય છે,...' 'સુંદર ફળ; સારું ફળ; ઉત્તમ ફળ; સાચું ફળ.'** એ શું કહ્યું? **'ભેદજ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્ફળ...'** સંયોગથી જુદો, રાગથી જુદો, વિકલ્પથી જુદો, પર્યાયના એક અંશ જેટલો નહિ એવો ત્રિકાળ. એવો પરથી જુદો પાડીને પોતાના સ્વભાવમાં ભેદજ્ઞાન કરીને ઠરે છે, એનું ફળ–સત્ફળ વંદ્ય છે. સુંદર ફળ વંદવાને લાયક છે. લ્યો. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્વિકારી દશા, એ વંદ્ય છે. એ વંદનીય છે, આદરણીય છે, વેદન કરવા લાયક એ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જગતને મંગળરૂપ છે.'** આહાહા..! લ્યો. આ જીવે મંગળીક કર્યું. આત્મા નિત્યાનંદ પ્રભુ! એના સન્મુખની એકાગ્રતાથી અને પરથી ભિન્ન પડીને જેણે વીતરાગી સમકિત, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર–સ્થિરતા પ્રગટ કરી, એ જગતમાં માંગલિક છે. મંગળીક થયું એને ઘરે હવે. આહાહા..! મંગળના વાજા વાગ્યા. સમજાણું કાંઈ? પાંચ-પચ્ચીસ હજાર, લાખ-બે લાખ મળે તો

(કહે), આજ લાપસી કરજો. આજે બપોરે શેરબજારમાં જઈને બે કલાકમાં એક લાખ પેદા કર્યા છે. એય..! મરી ગયો તરત એક જણો. 'પોરબંદર'વાળા 'કલ્યાણજીભાઈ' હતા ને? 'કલ્યાણજી ગોવિંદજી' અહીં તો અમારી પાસે ઘણા દાખલા હોય ને. ચોમાસામાં અમે ત્યાં હતા. 'પોરબંદર'. એક વાગે ગયા. પહેલા ૨૦ લાખ હતા. એમાં ૧૦ લાખ ગયા હતા. ધંધો માંડ્યો. એક દિવસના એક લાખ. લાખ જ્યાં પેદા કર્યા... થઈ રહ્યું.... 'લક્ષ્મીચંદ પિતાંબર' હતા. બધા ભાઈબંધો. એય..! ક્લ્યુ (clue). બસ, ક્લ્યુ (clue) કીધું ત્યાં તો ઊડી ગયો અંદરથી. કાંઈ ન મળે. એક લાખ પેદા કર્યા હતા.

મુમુક્ષુ :– શેના માટે?

ઉત્તર :– મમતા માટે. દસ લાખ તો હતા. પહેલા વીસ લાખ હતા. દસ લાખ ગયેલા હશે એ પ્રમાણે ધંધો કરીને પાછા ભેગા કર્યા. પર્યુષણ સુધી રહેલા ને પાછા 'મુંબઈ' ગયેલા. આહાહા..! ઉડી ગયા. આહાહા..! પંખી ઊડીને ક્યાંક ગયું. આ મેળા હતા ભેળા, છૂટી ગયા. પણ હતો કે દિ' એની સાથે? એ તો બધી ચીજ પર છે. સમજાણું કાંઈ? આહાહા..! જગતને આ મંગળિક છે. પેલા તો પૈસા ભેગા થાય તો મંગળિક કરો, આમ કરો, તેમ કરો, એમ કરે લ્યો. પાંચ લાખ પેદા થયા છે. ૫૦ લાખમાં ૨ લાખનો ખર્ચ અને ૫ લાખ આ અને ૭ લાખનું.. ૯૫ લાખ ભેગા થયા. આંકડો ગણીને અંદરથી ખુશી-ખુશી થઈ જાય. અમંગળિક છે બધું. પાપના પોટલા ફોડ્યા છે કહે છે.

મુમુક્ષુ :– ભલે આ તો અમંગળિક, પણ ચક્રવર્તી કરતા તો ઓછા પૈસા છે ને?

ઉત્તર :– મમતામાં ઓછા ક્યાં છે એને? મમતામાં તો એને બધું જોઈએ છે. આહાહા..! એક ફેરી નહોતું કહ્યું? અન્યાયથી જેને એક પૈસો પણ લેવાનો ભાવ છે, એને પુણ્યને કારણે આખું જગત મળે તો એને ગળી જવાનો ભાવ છે. આડી રીતે અન્યાયથી.. સમજાણું કાંઈ? એક પૈસો પણ લેવાની જેની અનીતિનો ભાવ છે, એને બાહ્યથી જો પુણ્યને કારણે આખું જગત મળી જાય, એટલી મમતા એની અંદર છે. એય..! 'પોપટભાઈ'! આહાહા..! તૃષ્ણાના મોટા ખાડા. ભગવાનમાં આનંદની ખાણ ભગવાન. આહાહા..! એ આનંદની સામું જોયા વિના,એની આસ્થા અને શ્રદ્ધા વિના જગતના પદાર્થો મળે તો ઠીક, એ તૃષ્ણાના બીજડા વાવી, ફાલ્યાફળ, કહે છે. આ પણ ફળ ફાળ્યું. મંગળિક ફળ આ ફાળ્યું. ઓલાને અમંગળિક ફળ ફાલ્યું. આહાહા..!

**'જગતને મંગળરૂપ છે.'** આહાહા..! વાહ! જગત મંગલમ બન્યું છે. મંગ એટલે પવિત્રતાની, લ એટલે પ્રાપ્તિ. અથવા મં એટલે પાપનો ગળ એટલે ગાળવું. મંમગળ–મંગ એટલે મિથ્યાત્વરૂપી પાપ. વિકલ્પથી માંડીને બીજી ચીજ મારી એવો મિથ્યાત્વ, એને મં–પાપ કહેવાય, એને ગ એટલે ગાળે–નાશ કરે એને મંગળિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તમારી દુકાનમાં શબ્દો સાંભળ્યા પણ નહિ હોય. બધા ભાઈઓ ભેગા થઈને આ વાત કરો તો આ વાત

બેસે? ઓલો તમારો એક જાગ્યો છે થોડો. નાનો છે એટલે એનું બહુ સાંભળે નહિ. ત્યાં દુકાનમાં .. 'નવલચંદભાઈ'! નહિ? આહાહા..!

કહે છે કે આહાહા..! શું વાત કરી? જુઓ! શું કહે છે? કે જેણે રાગાદિથી ભેદ પાડીને સ્વભાવના ભાનમાં આવ્યો, એ વૃક્ષના ફળ વંદ્ય છે, મંગળિક છે. અને જેણે ભગવાન આત્માના આનંદથી ખસીને, બીજી ચીજ મારી એમ માનવાના જે વૃક્ષ રોપ્યા, આ એના ફળ અમંગળિક મોટી પાપની દુર્ગતિ થશે. 'પોપટભાઈ'! આહાહા..! રૂપિયા પણ સાથે નહિ આવે, હોં! આવશે?

મુમુક્ષુ :– જે મળે એ ભોગવવું તો જોઈએ ને?

ઉત્તર :– કોણે ભોગવવું કીધું? ભોગવવાનું એ પાપ છે. પૈસા ભોગવાય છે? એ પ્રશ્ન અમારે અહીંયા (સંવત) ૧૯૮૩ની સાલમાં થયો હતો. આ ચારિત્રવિજય છે ને? નથી ઓલું? આશ્રમ છે ને બીજું. અહીંથી ૧૯૮૩ની સાલમાં અહીંયા વળાનો આપણો ઊતારો છે ને? 'લાઠી'. વળાનો ઉતારો. પેલું ઝાડ છે ત્યાં. ત્યાં અમે ઉતર્યા હતા. ભાવનગર જાવું હતું. ૧૯૮૩ની સાલની વાત છે. ૧૭ અને ૨૭, ૪૪ વર્ષ થયા. પછી અમે ભાવનગર ગયા અહીં 'ચારિત્રવિજય' હતા ને? એ કહે, અરે..! 'કાનજીસ્વામી' અહીં નીકળ્યા અને મારી પાસે ન આવ્યા. અમે વૃદ્ધ થયા એટલે વળતા એણે કહેવરાવ્યું તો લાવ ત્યાં જઈએ. ગયા હતા. પછી એણે આ પ્રશ્ન મૂક્યો હતો. એને એમ કે આ તો મહારાજ છે અને .. બધા ભોગવીએ છીએ એટલે આ અમને પાપી ઠરાવશે. મહારાજ! આ પુણ્યના ફળ તો કોને કહેવા? કીધું. પુણ્યના ફળ એને કહેવા કે વસ્તુની સામગ્રી મળે એટલું. તો ભોગવે એ? ભોગવે એ નવા પાપ. સંવત્ ૧૯૮૩ની વાત છે. ૧૯૮૩ની વાત છે. અહીં 'સોનગઢ'માં 'ચારિત્રવિજય' (હતા).

મુમુક્ષુ :– વક્તા હતા.

ઉત્તર :– વક્તા કરતા ગમે તે હતા. આ અત્યારે બીજો વિષય ચાલે છે. વિષય બીજો ચાલે એમાં વક્તા નાખ્યું. કહો, સમજાણું કાંઈ? એને એમ કહ્યું હતું, અને કહેવું હતું એ કે આ બધા હજી પૂર્વના પુણ્ય છે ને એ બધા ખાઈએ છીએ. જુઓ! સાધુ થઈને પણ આવું કરીને બેઠા. તમને એમ લાગે કે આ પૂર્વના પુણ્ય ખાઈએ છીએ અમે. મેં કીધું, પુણ્યની વ્યાખ્યા શું? પૂર્વના પુણ્ય ફળ્યા એની વ્યાખ્યા એટલી કે સામગ્રી મળે એટલી. પણ એને ભોગવવાનો ભાવ એ નવું પાપ છે.

મુમુક્ષુ :– નકામું ગયું.

ઉત્તર :– નકામું શું? એ હતું કે દિ' ત્યાં? ૪૪ વર્ષ પહેલા આ મોટો પ્રશ્ન થયો હતો, ભાઈ! 'નવલચંદભાઈ'! ૪૪ વર્ષ પહેલાં. આ 'સોનગઢ'માં જ તે. તે દિ' તો આ હતા જ ક્યાં? તે દિ' તો અહીં રહેવું છે એવું ક્યાં હતું? ૧૯૮૩ની વાત છે. સમજાણું કાંઈ? પૂર્વના પુણ્યની વ્યાખ્યા એટલી કે પૂર્વના સત્તામાં પડેલા હોય, કોઈ શુભભાવ કર્યો હોય. એકેન્દ્રિયમાં શુભભાવ થાય. આ લીલોતરીમાં ભગવાન તો આ વનસ્પતિમાં છે ને. (એને) શુભભાવ થાય છે. ત્યાંથી નીકળીને મોટો

કરોડોપતિ રાજા થાય. પણ એ શુભભાવનું ફળ સામગ્રી. એ સામગ્રીને ભોગવવાની વૃત્તિ થાય, એ પાપ. આહાહા..!

મુમુક્ષુ :– પુણ્ય-પાપ..

ઉત્તર :– પુણ્ય-પાપનો ફેર નથી, બાપુ! ના. એ તો સામગ્રી મળી એટલી જ વાત, બસ. હવે નવા શુભભાવ કરે તો પુણ્ય અને ભોગવવાનો ભાવ એ પાપ. સમજાણું કાંઈ? આહાહા..! ૪૪ વર્ષ થયા. ૧૯૮૩. લ્યો, આ ભોગવવું કે નહિ? એને એમ નહોતું કહ્યું. એને એમ કે આ મહારાજ છે. આમ તો બહુ ઓલા હતા. હું ગયો તો ઊભા થઈ ગયા. આવો.. આવો... મહારાજ. ઊભા થઈ ગયા. બહારમાં બહુ ઓલા હતા. સત્ રાજકીય. પછી આમ પ્રશ્ન કરતા કરતા આ મૂક્યો. સમકિતીને પણ પુણ્ય કહ્યું છે. શાતા વેદનીયને, રતિને પુણ્ય કહ્યું છે. પુણ્યનો અર્થ શું? એ પુણ્ય નથી. એ વાત ૪૪ વર્ષ પહેલા થઈ ગઈ. શ્વેતાંબરના 'તત્ત્વાર્થસૂત્ર'માં એ હાસ્ય, રતિ, સમકિત મોહનીયને પુણ્યમાં નાખ્યું છે. 'તત્ત્વાર્થસૂત્ર'માં ફેરવી નાખ્યું. તે દિ' ૧૯૮૩માં આ વાત થઈ કે આમાં પુણ્ય કીધું છે ને? બિલકુલ નહિ. એ.. 'ચેતનજી'! બિલકુલ નહિ. સમકિત મોહનીયને શ્વેતાંબરોએ ફેરવી નાખ્યું. પાપ છે એને પુણ્યમાં નાખ્યું છે. બિલકુલ નથી. તે દિ' ૪૪ વર્ષ પહેલા આ વાત થઈ હતી. આ નહિ, કીધું. અને પુણ્યની મર્યાદા એટલી કે પૂર્વે શુભભાવ થયો હોય તો પુણ્ય બંધાય. અને બંધાવાનું ફળ સંયોગો આવે એટલું. હવે એ સંયોગો ઉપર જો લક્ષ જાય, રળવાનો ભાવ થાય એ નવું પાપ. પુણ્યની લોન બળી ગઈ અને નવા પાપની લોન (ઉભી કરી). આવી (વાત) છે, બાપા! ભગવાનના ઘરની વાત તો આમ છે. આહાહા..! કહો, સમજાણું?

અહીં તો ઓલું વૃક્ષ આવ્યું ને? ભાઈ! જે જાતના વૃક્ષ રોપ્યા હશે એ ફળ આવશે. દાડમના રોપ્યા હશે તો દાડમના ફળ આવશે અને જમરૂખના ફળ રોપ્યા હોય તો જમરૂખના ફળ આવશે. એમ જેણે તૃષ્ણાના ફળ રોપ્યા હશે, એને મરતા તૃષ્ણાના ફળ આવશે. આ કરો... આ કરો... લાવો આ.. આ કરો.. જાય મરીને હેઠે.

જેણે આત્માના આનંદના ફળ રોપ્યા છે, ઝાડ રોપ્યા, ઝાડ.. આહાહા..! **'ભેદજ્ઞાનરૂપી વૃક્ષ'** એમ કીધું જોયું? ભેદ પાડતા... પાડતા.. પાડતા.. એકાગ્ર આવ્યું છે. એનું ફળ તો વંદ્ય છે, મંગળિક છે. આહાહા..! એના સરવાળા તો શાંતિના અને આનંદના છે, એમ કહેછે. અને આ તૃષ્ણાની આખો દિ' હોળી સળગી હોય એના ફળ તો મરતા ગાંડો થઈ જશેએવા એના ફળ છે. 'પોપટભાઈ'! પાગલ-પાગલ. કહો સમજાણું? લ્યો. એ ૨૦મો કળશ કીધો.

**मोक्षे मोक्षे जयति सहजज्ञानमानन्दतानं**
**निर्व्याबाधं स्फुटितसहजावस्थमन्तर्मुखं च।**
**लीनं स्वस्मिन्सहजविलसच्चिच्चमत्कारमात्रे**
**स्वस्य ज्योतिः प्रतिहततमोवृत्ति नित्याभिरामम् ।।२१।।**

**'आनन्दतानं'** એટલે? આનંદવાળુ? વિસ્તાર. 'આનંદમાં જેનો ફેલાવ છે,...' **'आनन्दतानं'**. ફેલાવ, વિસ્તાર.

**શ્લોકાર્થ :– 'આનંદમાં જેનો ફેલાવ છે,...'** એવો આત્મા. એ આત્મા કેવો છે ભગવાન? કે જેણે રાગ અને પરથી ભિન્ન પાડીને આત્માની એકાગ્રતા સેવી છે. એ **'આનંદમાં જેનો ફેલાવ છે, અવ્યાબાધ (બાધા રહિત) છે,...'** જેની દશા, આનંદની દશા, સ્વભાવમાં સન્મુખ થઈને ધર્મ જે થયો, એ કેવી દશા છે? આનંદનો ફેલાવ છે, બાધારહિત છે. પહેલું અસ્તિ કર્યું. એને વિઘન કોઈ જાતનું નથી. **'જેની સહજ અવસ્થા ખીલી નીકળી છે,...'** દશા જેની અંદર શક્તિમાં હતી. કળી જેમ ખીલે એમ આનંદનો નાથ અંદર હતો એ ખીલી નીકળ્યો છે. જેની દશામાં ખીલી ગયો છે.

**'જે અંતર્મુખ છે,...'** એ પર્યાય નિર્મળ છે એ અંતર્મુખ છે. ધ્રુવના અંતર્મુખ છે. **'જે પોતામાં–સહજ વિલસતા (ખેલતા, પરિણમતા) ચિત્ચમત્કારમાત્રમાં–લીન છે,...'** આહાહા..! ધર્માત્માનું આનંદનું ફળ અથવા ધર્મદશા, એ આત્મામાં લીનતા છે એ ધર્મદશા છે. **'ચિત્ચમત્કારમાત્રમાં લીન છે,...'** રાગ નહિ, પુણ્ય નહિ, કાંઈ હો, હો, એને ઘરે. મારા ઘરમાં તો આનંદ અને જ્ઞાન છે. એમાં જે લીન છે. **'જેણે નિજ જ્યોતિથી તમોવૃત્તિને (–અંધકારદશાને, અજ્ઞાનપરિણતિને) નષ્ટ કરી છે...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ! એને અંતર અનુભવીને, જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે. સૂર્ય હોય ત્યાં અંધકાર રહેતો નથી. એમ ભગવાન આત્માના આનંદનું ભાન થઈને, સ્વરૂપના અનુભવની દશા થઈને, જેણે અજ્ઞાનરૂપી અંધકારને તો નષ્ટ કરી દીધો છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

**'અને જે નિત્ય અભિરામ (સદા સુંદર) છે,...'** પ્રગટેલું જ્ઞાન, હોં! **'એવું સહજજ્ઞાન સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે.'** આહાહા..! જેણે આત્માના સ્વભાવને પરથી ભિન્ન પડીને ભેદજ્ઞાન કરીને ઠર્યો છે, અંતર્મુખ દશા જેની થઈ છે, એને એવી સહજજ્ઞાન દશા સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે. એ અંતર્મુખથી થયેલું અંતર્મુખ પર્યાયનું અંતર્મુખપણું છે. કેવળજ્ઞાન બહિર્મુખપણું નથી. આહાહા..! ભારે કામ, ભાઈ!

મુમુક્ષુ :– ... સુખી થાય.

ઉત્તર :– આ સારી ગાડી, લાડી, ઘોડી, વાડી હોય તો સુખી થાય. એ તો બધી હોળી છે. આ તો અંદર આત્મામાં આનંદ છે. ચૈતન્યનો લાલ આનંદનો છે. આહાહા..! જેમ ચોસઠ પહોરી પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે એ બહાર આવે છે. એમ આત્મામાં આનંદ પડ્યો છે. એની એકાગ્રતાથી એને આનંદ બહાર આવે છે. એ એનો આનંદ છે. ધૂળનો આનંદ કે દિ' હતો? મૂંઢે બહારથી માન્યો છે. આ પૈસા, બાયડી, આબરૂ, કીર્તિ, મકાન... ચારે કોર બધી હોળી સળગે છે. આહાહા..!

આનંદ તો આત્માનું સ્વરૂપ છે. વસ્તુ જે હોય એ દુઃખરૂપ ન હોઈ શકે. સ્વભાવ એનો દુઃખરૂપ ન હોય. એના સંયોગમાં એ ચીજ ન હોય. એ પોતાના સ્વભાવમાં હોય. પોતે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનનો સ્વભાવ છે. એમાંથી આનંદ આવે છે. સિદ્ધ ભગવાન આનંદને ભોગવે છે. આનંદને ભોગવે છે. 'વજુભાઈ'! એમનો ૧૨ વર્ષનો દીકરો 'દિલીપ' છે ને? 'જયંતીભાઈ'નો. એના બાપે 'જયંતિ'એ પૂછ્યું હતું એને. 'દિલીપ'! આ મહારાજ કહે છે કે સાધુ જંગલમાં રહે. 'લાલચંદભાઈ'! ઓળખો છો ને આ 'જાદવજીભાઈ'? તમારે 'કલકત્તા'. 'જંયતિભાઈ' છે ને મોટા? છોકરો એવો પાક્યો છે. ઘરે જઈને એનો બાપ પૂછે, એલા 'દિલીપ'! આ મહારાજ કહે છે કે સાધુ એવા હોય કે જંગલમાં રહે. એને સાધુ કહે. જંગલમાં એને કેમ ગોઠતું હશે? એય..! 'પપ્પા'! એમ કરીને કહ્યું, હોં! એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરતા હોય છે. કેમ ગોઠતું હશે એ શું કહો છો તમે? 'જયંતિભાઈ'ને એવો જવાબ આપ્યો હતો. અતીન્દ્રિય આનંદમાં. એકલા કેમ ગોઠતું હશે? એ આનંદમાં રહે છે, અતીન્દ્રિય આનંદમાં. પછી બીજો જવાબ આપ્યો, એ ઉપરાંત દલીલ આપી. પપ્પા! સિદ્ધ એકલા રહે છે કે નહિ? સિદ્ધ-સિદ્ધ. ણમો સિદ્ધાણં. એને એકલા નહિ ગોઠતું હોય એમને? પપ્પા! અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે. તમારે આ... શું કહેવાય? આ તમને ઘોંઘાટ ગમે છે. તમને નિવૃત્તિ જોઈતી નથી. બોલે તો એના બાપની સામે ધડાકા લે. ઠીક બેટા. તમને ઘોંઘાટ ગોઠે છે. આ કરવું, તે કરવું. એટલે ઘોંઘાટ વિનાની ચીજ, તમારે નિવૃત્તિ જોઈતી નથી. સિદ્ધ નિવૃત્તિ લઈને બેઠા છે અને એકલા આનંદમાં છે. તમને ઘોંઘાટમાં દેખાય છે અને ઘોંઘાટ વિનાની ચીજ આનંદવાળી કેમ હોય? એય..! 'લાલચંદભાઈ'! હજી બાર વર્ષ થયા છે, હોં! તેરમું વર્ષ ચાલે છે. 'કલકત્તા'માં છે. રજા પડે ને? શું કહેવાય? વેકેશન પડે ત્યારે અહીંયા આવે. બાપને જવાબ આપ્યો. એ નહિ ગોઠતું હોય સિદ્ધને એમને? સિદ્ધ છે કે નહિ? એકલા ત્યાં નહિ ગમતું હોય. ઇ અતીન્દ્રિય આનંદમાં મજા કરે છે. તમને ઘોંઘાટ જોવે છે. આ કરવું ને તે કરવું, એ વિના તમને સખ આવતું નથી. ઠીક ભાઈ. સાચું હોય તો છોકરો કહે તો પણ વાંધો નહિ. એમાં શું છે? કેમ 'શાંતિભાઈ'! એ તો છોકરો છે, અમને સમજાવે તો અમે એની પાસે સમજીએ. આહાહા..!

**'અને જે નિત્ય અભિરામ (સદા સુંદર) છે, એવું સહજજ્ઞાન...'** જેવું શક્તિમાં આનંદ અને જ્ઞાન હતું. જેમ પીપરમાં ચોસઠ પહોરો તીખો રસ અને લીલો રંગ હતો એ બહાર આવ્યો છે. એમ આત્મામાં અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનું સંપૂર્ણ... સંપૂર્ણ... સંપૂર્ણ... સત્ત્વ, તત્ત્વ હતું એ એકાગ્રતા દ્વારા બહાર આવ્યું છે. આહાહા..! અરે..! વિશ્વાસ તો લાવે એને ખબર ન મળે. આવો ભગવાન ચિદાનંદ પ્રભુ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ તો ધર્મ બહારથી માનીને બેઠા હોય. આ કર્યા અને તે કર્યા, સામાયિક, પોષા, પડિક્કમણા (કરે). ભાન વિનાના સામાયિક કેવા તને? પોષા-

પડિક્કમણા એ તો બધા એકડા વિનાના મીંડા છે. રણમાં પોક મૂકવા જેવું છે. પોક કોઈ સાંભળે એવું નથી. સમજાણું કાંઈ?

પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે, અહો..! આવો ભગવાન! આ સહજ જ્ઞાનની પર્યાયની વ્યાખ્યા થાય છે. **'સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે.'** વસ્તુના સ્વભાવમાં જયવંત સહજજ્ઞાન–સ્વભાવિક જ્ઞાન તો છે પણ એનો અનુભવ થતાં પર્યાય પ્રગટ થઈ એ પણ સહજજ્ઞાન મોક્ષમાં વર્તે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

૨૨ નાનો શ્લોક છે.

**सहजज्ञानसाम्राज्यसर्वस्वं शुद्धचिन्मयम्**
**ममात्मानमयं ज्ञात्वा निर्विकल्पो भवाम्यहम् ।।२२।।**

આહાહા..! **'સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે...'** એ ત્રિકાળની સ્વભાવિક વાત છે. સ્વભાવિકજ્ઞાનરૂપી **'સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે...'** આત્માનું રાજ્ય આત્મામાં છે. જુઓ! સામ્રાજ્ય. સમજાણું કાંઈ? આ સામ્રાજ્ય. કીધું હતું ને? આ 'જામનગર'ના દરબાર પાસે ગયા હતા ને એક વખત. (સંવત) ૨૦૧૦ની સાલમાં. આ શું કહેવાય? હમણા ગુજરી ગયોને. 'દિગ્વીજય' તેણે કહ્યું, મહારાજ! મારે દર્શન કરવા છે. મને ઠીક નથી. 'દિગ્વીજય' એક કરોડની ઉપજ છે. એ હમણા ગુજરી ગયા. એનો છોકરો. ૨૦૧૦ની સાલમાં ગયેલા. આહાહા..! નોખા-નોખા... એને આંખનું ઓપરેશન કરવાનું હતું. મારે દર્શન કરવા છે. હું એના બંગલા પાસે દિશાએ જાતો. પાંચ મિનિટના રસ્તે. એટલે એને ખબર પડી કે મહારાજ અહીં આવે છે. એનો મૂળ માણસ આપણો સ્થાનકવાસી જૈન હતો. મહારાજ અહીંયા આવે છે, એટલા માટે તમારે દર્શન કરવા હોય તો, મહારાજને વિનંતી કરો. પછી ગયા હતા. પા કલાક બેઠા. 'ગુલાબરાણી' એની વહુ હતી. તમારું એક કરોડની ઉપજનું આ સામ્રાજ્ય નહિ, કીધું. આ તો ધૂળનું રાજ છે. સામ્રાજ્ય તો આત્મામાં જ્ઞાન અને આનંદનું અનંતગુણનું રાજ એ સામ્રાજ્ય છે. પછી રાણી બોલી. હા, મહારાજ! એ વાત સાચી છે. હોશિયાર છે. પા કલાક ગયા. સવારે દિશાએ ગયા હતા, વખત નહોતો વળતા પા કલાક (ગયા હતા). એક હજાર રૂપિયા મૂક્યા. એક હજાર મુકીએ છીએ. પા કલાક થઈ એના બંગલે. દિશાએ જઈને સવારે વહેલા. એક હજાર ગણ્યા હતા. આપણે 'મોક્ષશાસ્ત્ર'માં નાખ્યા હતા. આ નહિ... આ નહિ... ભાઈ! આ ધૂળના ઢગલા એ રાજ નહિ.

આત્માનું **'સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય...'** જુઓ! આહાહા..! અનંત અનંત બેહદ્દ જેનો જ્ઞાનસ્વભાવ સ્વભાવિક, એવા-એવા અનંતગુણનું રાજ. એ સર્વસ્વ આત્માનું સ્વરૂપ–રાજ છે. એનાથી તે શોભે છે. **'એવો શુદ્ધચૈતન્યમય મારા આત્માને જાણીને,...'** જુઓ! **'એવો શુદ્ધચૈતન્યમય મારા આત્માને જાણીને,...'** આવો આત્મા છું એમ જાણીને. જ્ઞાનથી આમ ભરચક્ક છલોછલો ભરેલો. દરિયો જેમ ઊછળે એમ આત્મા જ્ઞાન અને આનંદથી છલોછલ ભરેલો છે.

નજરું નાખ્યા વિના એ નજરે પડે એવો નથી. સમજાણું કાંઈ? કાંઈ ખબરું ન મળે. આંધળાની જેમ અનાદિથી ચાલ્યો જાય. 'પોપટભાઈ'! ઘરે ભગવાન બિરાજે એની સામું ન જોવું અને પારકા સામું જોવું, લ્યો.

ભર્યે ભાણે ઘરે ખાતો નથી અને એંઠા ચાટવા જાય છે, એમ નથી કહેતા? એમ ભગવાન કહે છે કે ત્રણલોકનો નાથ, આનંદનો ધામ તું અહીં અંદર છો ને! કાંઈકના ચાટવા જાય છે, ભોગના, વિષયના, આબરૂ અને કીર્તિના, વિકલ્પના એંઠાં ચાટે છે તું. તને શરમ નથી આવતી? બાપ એમ કહે ને કે કાંઈક બહારચલ્લો હોય તો. ઘરે બાઈ ખાનદાનની દીકરી છે, અને તું આ વાઘરણને લઈને બેઠો. તને શરમ નથી આવતી? બાઈ ખાનદાનની, બહાર નીકળે મોઢું ઊંચુ કરે નહિ એવી એને મુકીને ભર્યે ભાણે આ બીજે જ્યાં-ત્યાં ભટકે છે, એમ બાપ એને કહે.

એમ ભગવાન કહે છે કે તારું સામ્રાજ્ય અંદર છે ને, ભગવાન! આ બીજાનું રાજ કરવા ક્યાં ચાલ્યો તું? પુણ્ય તારા, શરીર મારું, વાણી મારી, રાજ મારું, ધૂળ મારા. એઠા ચાટવા જાય છે? સમજાણું કાંઈ? નિંભર થઈ ગયો છે ને એને ચાબખા વાગતા નથી. 'જેઠાભાઈ'! આહાહા..!

કહે છે, અરે..! અમારું સર્વસ્વ રાજ તો ચૈતન્ય આનંદ છે. **'એવો શુદ્ધચૈતન્યમય મારા આત્માને...'** જુઓ! આવો ચૈતન્ય. એમ. રાગવાળો, કર્મવાળો, શરીરવાળો નહિ. **'એવો શુદ્ધચૈતન્યમય મારા આત્માને જાણીને,...'** પહેલું જાણીને એમ કહ્યું છે ને? **'હું આ નિર્વિકલ્પ થાઉં.'** આ વસ્તુ જ્ઞાનમય છે, આનંદમય છે, એમ એનું જ્ઞાન કરીને, હું હવે ઠરું છું. વિકલ્પ રહિત થઈને નિર્વિકલ્પ થાઉં છું. આનું નામ ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? વાત તો મોટી લાગે એય...! 'ભીખાભાઈ'! એ વાત તો તારા ઘરની મોટામાં મોટી છે. આહાહા..! શું કરે? રાંકો થઈને ચાર ગતિમાં રખડે છે. એ કળશ કીધો, લ્યો. ૨૨ થયા ને? હવે ગાથા. ૧૧-૧૨ ગાથાના કળશો.

એ જ્ઞાનઉપયોગની વ્યાખ્યામાં આ બધું આવ્યું. આહાહા..! જ્ઞાનના ઘણા ભેદ આવ્યા હતા ને? હવે આ દર્શનના ભેદ લે છે. અંતર સહજાનંદ, સહજજ્ઞાન ત્રિકાળ એને કારણજ્ઞાન કહ્યું હતું. કેવળજ્ઞાનને કાર્યસ્વભાવજ્ઞાન કહ્યું હતું. ચાર જ્ઞાનને વિભાવજ્ઞાન કહ્યું હતું. કેવળજ્ઞાનના તો પ્રકાર પાડશે. કેવળજ્ઞાન મોક્ષદશામાં જે વર્તે છેલ્લું કીધું એ. એ કેવળજ્ઞાન સ્વભાવિક જ્ઞાન છે એમ કહ્યું. આમાં ભાવમાં એને વિભાવભાવવાળું કહેશે.

મુમુક્ષુ :– અધુરું જ્ઞાન છે માટે?

ઉત્તર :– નહિ.. નહિ... અધુરું ક્યાં છે. પર્યાય છે માટે. કેવળજ્ઞાન એ કાર્યસ્વભાવજ્ઞાન છે. અરે..! ભાષા કઈ જાતની આ! અને ત્રિકાળી જ્ઞાન એ કારણસ્વભાવજ્ઞાન છે. હવે કાર્યસ્વભાવજ્ઞાનને ત્રણ રીતે ઓળખાવશે. એને વિભાવ કહેશે. કેવળજ્ઞાનને વિભાવજ્ઞાન કહેશે. ત્રિકાળી પરમસ્વભાવજ્ઞાનની અપેક્ષાએ. અને એને કાર્યપર્યાયજ્ઞાન કહેશે. ભાઈ! કાર્યપર્યાયજ્ઞાન. સ્વભાવકાર્યપર્યાયજ્ઞાન. પર્યાય ને? સમજાણું કાંઈ? આહાહા..! કેટલું યાદ રાખવું આમાં? એમાં

ના ન પાડવી. એ કેવળજ્ઞાનની વ્યાખ્યા આ રીતે કહી. અથવા જ્ઞાનભાવની. હવે દર્શનભાવની વ્યાખ્યા ઉપયોગની કરશે.

(શ્રોતા : – પ્રમાણ વચન ગુરુદેવ !)

**ફાગણ વદ ૯, રવિવાર, તા. ૨૧-૩-૧૯૭૧**
**ગાથા – ૧૩, પ્રવચન નં. ૨૦**

'નિયમસાર' જીવ અધિકાર, ૧૩મી ગાથા.

**तह दंसणउवओगो ससहावेदरवियप्पदो दुविहो ।**
**केवलमिंदियरहियं असहायं तं सहावमिदि भणिदं ।।१३।।**
**ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;**
**અસહાય, ઇંદ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.**

શું અધિકાર ચાલે છે? ઉપયોગ. આ આત્મા જે વસ્તુ છે એનો જ્ઞાન અને દર્શન ઉપયોગ ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન એની દશા, એનું સ્વરૂપ ચાલે છે. જ્ઞાનની વ્યાખ્યા આવી ગઈ, હવે દર્શનની.

**'ટીકા :-- આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.'** સામાન્યપણે વસ્તુને દેખે એવા ભાવને દર્શનઉપયોગ કહે છે. ઝીણું છે. **'જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદોવાળો છે,...'** જ્ઞાનના પણ ઘણા ભેદ પાડ્યા હતા. એક કારણસ્વરૂપજ્ઞાન ત્રિકાળ, એક કાર્યસ્વરૂપજ્ઞાન સ્વભાવજ્ઞાન વર્તમાન, અને તેમાં પણ મતિ-શ્રુતાદિના ઘણા ભેદ (કહ્યા હતા). ચાર જ્ઞાન વિભાવ, કેવળજ્ઞાન સ્વભાવ. એવા ઘણા ભેદ પાડ્યા. એમ આ દર્શનઉપયોગ પણ તેવા ઘણા ભેદવાળો છે. એટલા બધા નહિ પણ ભેદવાળો છે.

**'સ્વભાવદર્શન ઉપયોગ, વિભાવદર્શન ઉપયોગ. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે : કારણસ્વભાવ દર્શનઉપયોગ અને એક કાર્યસ્વભાવ દર્શન ઉપયોગ.'** શું કહે છે? આત્મામાં એક દર્શન નામનો સ્વભાવ ઉપયોગ ત્રિકાળ છે. આત્મા વસ્તુ છે, એમાં દર્શન નામનો ઉપયોગ ત્રિકાળ છે એને અહીંયા કારણસ્વભાવ દર્શન ઉપયોગ કહે છે. અને વર્તમાન એની કાર્ય દશા આવે સ્વભાવદર્શન, કારણ ત્રિકાળ ઉપયોગ, એમાં એકાગ્ર થઈને, જે કાર્યદર્શન ઉપયોગ સ્વભાવ, કેવળદર્શન, એને અહીંયા કાર્યસ્વભાવ ઉપયોગ કહેવામાં આવે છે. આ બધો ઝીણો વિષય છે. જેને અભ્યાસ ન હોય એને આ બધું ઝીણું લાગે.

હવે કારણસ્વભાવ દર્શનઉપયોગ એને અહીંયા કારણદૃષ્ટિ તરીકે વર્ણવે છે. આત્મા એક વસ્તુ છે, પદાર્થ. એમાં ત્રિકાળી સામાન્ય દર્શન ઉપયોગ એને અહીંયા કારણદૃષ્ટિ પણ કહે છે. કારણદર્શન ઉપયોગ પણ કહે છે અને એને કારણદૃષ્ટિ પણ કહે છે. એ **'કારણદૃષ્ટિ'**. દૃષ્ટિ નીચે છે. **'દર્શન. [દર્શન અથવા દૃષ્ટિના બે અર્થ છે : (૧) સામાન્ય પ્રતિભાસ,...]'** એ દર્શન ઉપયોગ. સામાન્ય, આત્મામાં સામાન્યપણે એટલે ભેદ પાડ્યા વિના દેખવાનો એક ઉપયોગ આત્માનો

ત્રિકાળ, એને સામાન્ય દર્શન ઉપયોગ કહે છે. એને ને એને શ્રદ્ધાની અપેક્ષાએ દૃષ્ટિ પણ કહીએ. કારણદૃષ્ટિ, કારણદર્શનોપયોગ, કારણશ્રદ્ધા. એટલા શબ્દો એમાં વાપર્યા છે. **'(૨) શ્રદ્ધા. જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. બન્ને અર્થો ગર્ભિત હોય ત્યાં બન્ને સમજવા.]'** આમાં બન્ને છે. કારણદૃષ્ટિ, સ્વરૂપશ્રદ્ધાનમાત્ર કહેશે. અથવા ત્રિકાળ કારણદર્શન ઉપયોગ ધ્રુવરૂપે. આત્મા... આ બધી ઝીણી વાત છે. આ ઓલા ખજુર જેવી નથી કે ઝટ દઈને સમજાય જાય. 'મનુભાઈ'!

આત્મા, આ વસ્તુ છે આત્મા, એમાં એનો ત્રિકાળી દર્શન ઉપયોગ સ્વભાવ છે. એને કારણદૃષ્ટિ પણ કહીએ, સ્વરૂપશ્રદ્ધાન પણ કહીએ. ત્રિકાળી, હોં! એને કારણદર્શન ઉપયોગ પણ કહીએ. બન્ને રીતે કહેવાય. તે **'સદા પાવનરૂપ અને ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...'** છે. ઝીણી વાત છે. ભગવાનઆત્મા, એમાં ત્રિકાળ કારણદૃષ્ટિ અથવા કારણ સામાન્ય ઉપયોગદર્શન અથવા સ્વરૂપશ્રદ્ધાન. વસ્તુ ત્રિકાળ છે એના સ્વરૂપની શ્રદ્ધા ત્રિકાળ. પર્યાય નહિ. કહે છે કે એ કારણદૃષ્ટિ, કારણદર્શન ઉપયોગ અથવા એ સ્વરૂપશ્રદ્ધાનસ્વરૂપ વસ્તુ. એ ચાર વિભાવસ્વભાવ પરભાવને અગમ્ય છે.

વસ્તુ જે આત્મા છે, ભગવાનઆત્મા એમાં જે દર્શન ઉપયોગ અથવા કારણદૃષ્ટિ ત્રિકાળ (છે), એ ઉદય–દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એ ઉદયભાવ છે, એને પણ એ દર્શન ઉપયોગ કાયમી અથવા કારણદૃષ્ટિ ત્રિકાળ એનાથી અગમ્ય છે. એનાથી જણાય એવો નથી. સમજાણું કાંઈ? એમ ઉપશમ. દર્શનમોહ, ચારિત્ર આદિનો ઉપશમ થાય છે ને? એ ઉપશમભાવથી પણ એનો આશ્રય કરવાથી અગમ્ય છે એમ કહેવું છે મૂળ તો. ઉપશમભાવથી અગમ્ય છે એનો અર્થ? કે ઉપશમભાવનો આશ્રય કરવાથી આ ભાવ પ્રગટે એમ છે નહિ. આ ભાવ સમજાય એમ નથી. એમ કહે છે. ઝીણું છે, 'પોપટભાઈ'! બહારમાં તો બધું એમ ને એમ જાડુ ચાલ્યું હોય. પુણ્ય હોય એને લઈને પૈસા, બૈસા, ઢગલા ધન થાય એને જગતમાં ડાહ્યા કહેવાય. જગતમાં, હોં! આ વસ્તુ જુદી છે. આત્માને ઓળખવો અને આત્મજ્ઞાન એ જ મોક્ષનો માર્ગ છે. એ જ ધર્મ અને સુખને પંથે પડવાનો રસ્તો છે. આહાહા..!

એ કહે છે કે આત્મા કારણદૃષ્ટિ અથવા કારણદર્શનઉપયોગ સ્વરૂપશ્રદ્ધાનસ્વરૂપ બધું આમાં ભેગું લીધું. એ ઉદય એટલે રાગાદિના વિકલ્પથી અગમ્ય છે. ઉપશમના આશ્રયે પણ અગમ્ય છે. ચાર જ્ઞાન આદિનો ક્ષયોપશમ જે છે એનાથી પણ અગમ્ય છે. એનો આશ્રય કરવાથી પણ સમજાય નહિ. એમ ક્ષાયિકભાવ. એ ચારને વિભાવસ્વભાવ કહ્યા છે. કેમકે જેમાં વિ... વિશેષે વિશેષપણું આવે છે અને જેમાં પરની કોઈ અભાવ આદિની અપેક્ષા આવે છે, એથી ઉદય-ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક ચારને વિભાવસ્વભાવ-પરભાવ કહ્યા છે. છે ને? વિભાવસ્વભાવ-પરભાવ.

આજનો વિષય ઝીણો છે. રવિવાર છે ને આજ! રવિવાર આવે છે એટલે આ 'ભાવનગર'વાળા આવે છે ત્યારે ઝીણું આવે છે.

આત્મા સત્ વસ્તુ સત્ છે, છે. એમાં એનો ઉપયોગ એટલે ગુણ, દર્શન ઉપયોગ, સામાન્યપણે જે દેખવાની શક્તિ અથવા કારણદૃષ્ટિ એ સમ્યગ્દર્શન એ કારણદૃષ્ટિ અંદર વસ્તુ ત્રિકાળ, હોં! કાં એ સ્વરૂપશ્રદ્ધાન. ત્રિકાળી વસ્તુ છે એના સ્વરૂપની શ્રદ્ધામાત્ર ધ્રુવ. ઘરે જાણે વાંચવાનો વખત મળે નહિ. 'પોપટભાઈ'! કો'ક દિ' આવું સાંભળવા મળે, એમાં (આવી ઝીણી વાત આવે). કહો, સમજાણું કાંઈ?

જેને આત્માનું હિત કરવું છે, સુખી થવું હોય, એને શી રીતે સુખી થવાય અને હિત થાય? કે જે આત્મા વસ્તુ છે એમાં ત્રિકાળી દર્શન ઉપયોગ છે કે ત્રિકાળી સ્વરૂપશ્રદ્ધાન કે કારણદૃષ્ટિ જે ત્રિકાળી છે, એનો આશ્રય કરે તો તેને કલ્યાણ અને સુખ થાય, તો એને લાભ થાય. શું કીધું સમજાણું કાંઈ?

ચાર ભાવ વર્તમાન પ્રગટ (છે). પુણ્ય-પાપનો વિકાર, ઉપશમ સમકિત કે ઉપશમ ચારિત્ર, કે ક્ષયોપશમ જ્ઞાન કે ક્ષયોપશમ ચારિત્ર, ક્ષાયિક જ્ઞાન કે ક્ષાયિક ચારિત્ર. એ બધા ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર ભાવ (છે), એ ચાર ભાવનો આશ્રય કરવાથી સ્વરૂપનો લાભ થાય નહિ, ધર્મનો લાભ થાય નહિ. આહાહા..! કહો, 'ભીખાભાઈ'! પણ ક્યાં ગયા? આમાં દેવ-ગુરુ તો ક્યાંય રહી ગયા.

મુમુક્ષુ :– બાજુએ રાખી દીધા...

ઉત્તર :– શું કીધું એ? બાજુએ રાખી દીધા. આહાહા..! તારામાં ખાણ એવી છે કહે છે. સ્વરૂપશ્રદ્ધાન નામનો અંદર ત્રિકાળ એક ગુણ છે. શ્રદ્ધાન નામનો ગુણ છે ત્રિકાળ અથવા કારણદૃષ્ટિ નામનો ગુણ છે અથવા દર્શનોપયોગ કારણરૂપ તે ત્રિકાળ ગુણ છે. આહાહા..! એનો લાભ એ જીવનો પરમસ્વભાવભાવ છે. આત્મા વસ્તુ છે એનો પરમસ્વભાવભાવ, કારણદૃષ્ટિ, કારણ ઉપયોગ, સ્વરૂપ શ્રદ્ધાન એ એનો કાયમી ધ્રુવ સ્વભાવ છે. એનો આશ્રય કરે તો એને સમ્યગ્દર્શન અને આનંદની <u>પ્રાપ્તિ</u> થાય. સમજાણું કાંઈ? આહાહા..! કેમકે, ચાર તો વિશેષે અપેક્ષિત ભાવ છે. નીચે કહ્યું, જુઓ!

**'વિશેષ ભાવ; અપેક્ષિત ભાવ. [ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી તેમને વિભાવસ્વભાવ પરભાવો કહ્યા છે.]'** એને વિભાવસ્વભાવ અહીં કહ્યા, એને જ પહેલા કેવળજ્ઞાનને સ્વભાવભાવ પણ કહ્યો હતો. કેવળજ્ઞાન જે પ્રગટ થાય એને સ્વભાવઉપયોગ કહ્યો હતો. કેવળદર્શનને પણ સ્વભાવઉપયોગ આમાં કહ્યો

છે. છતાં અહીંયા વિશેષ ભાવ છે એ અપેક્ષાએ એને વિભાવસ્વભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નથી સમજાણું. કહ્યું ને?

આત્મામાં જે ત્રિકાળ જ્ઞાનસ્વભાવ છે એને તો કારણજ્ઞાન ઉપયોગ કહીએ. હવે એને આશ્રયે થયેલો કેવળજ્ઞાન કાર્યસ્વભાવ ઉપયોગ, કેવળજ્ઞાન, એને ત્યાં સ્વભાવ ઉપયોગ કહ્યો હતો, એને અહીંયા વિભાવસ્વભાવ કહ્યો છે અને પરભાવ કહ્યો છે. ત્રિકાળી પરમસ્વભાવની અપેક્ષાએ વિશેષભાવ, અપેક્ષિતભાવ અથવા પરભાવ (કહ્યો). 'શેઠી' આ વાંચ્યું છે કે નહિ? તમારે ઘરે તો કર્યું છે આ. હિન્દી કરાવ્યું છે. આહાહા..!

ફરીને. આ આત્મા વસ્તુ છે. શરીર, વાણી આ તો માટી જડ છે. એ કાંઈ આત્મામાં નથી અને આત્માના નથી. બરાબર છે? આ આત્માના નહિ? ખજૂરના ઠળીયા (આત્માના નહિ)? હવે કહે છે કે જે આ અંદર કર્મ છે, એ આત્મામાં નથી, આત્માના નથી. બરાબર છે? હવે કહે છે એની પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં ચાર ભાવ છે. અનાદિથી એક ઉદયભાવ છે, અનાદિથી ક્ષયોપશમભાવ પણ છે. ધર્મ પામે ત્યારે ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવ થાય છે. એવા ચાર પ્રકાર એની દશામાં છે. એ દશામાં છે એમાં જે કેવળજ્ઞાનનો ઉપયોગ છે, એને સ્વભાવ ઉપયોગ કહ્યો હતો. અહીં એને વિભાવ ઉપયોગ કહીને પરભાવ કહ્યો છે. ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ, જ્ઞાન ઉપયોગ ત્રિકાળ. એની અપેક્ષાએ, વર્તમાન પ્રગટેલી કેવળજ્ઞાનની દશારૂપી ભાવ એને અપેક્ષિત ભાવ ગણી, વિશેષ ગણી, વિભાવ ગણીને પરભાવ કહ્યો છે.

દર્શન ઉપયોગને પણ એમ કહ્યું છે. આ જ ગાથામાં દર્શનસ્વભાવ ઉપયોગ કહ્યો છે. ત્રિકાળી એક દર્શનસ્વભાવ ઉપયોગ, ત્રિકાળી. અને એક એમાંથી પ્રગટેલો કેવળદર્શન ઉપયોગ કાર્ય. એ કાર્યઉપયોગ જે છે એને સ્વભાવ ઉપયોગ કહ્યો છે. છતાં અહીં એને વિભાવ અપેક્ષા લઈને, અપેક્ષિતભાવ ગણીને, વિશેષભાવ ગણીને એને વિભાવસ્વભાવ પરભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ 'નિયમસાર' છે. ઘરે છે ને 'હિંમતભાઈ'? વાંચ્યું છે? ... એમાં નહિ. ... ઘરે પુસ્તક છે કે નહિ? ઘરમાં પૈસા છે એ વાપરે છે કે નહિ? પુસ્તક છે એને વાપરે છે કે નહિ? એમ કીધું. જુઓ! આ લેખ. આહાહા..!

તારી મૂડીમાં, પુંજીમાં શું છે? અને પુંજીમાંથી પ્રગટ શું થાય છે? એ વાત છે. તારી પુંજીમાં અંદરમાં કારણજ્ઞાન ઉપયોગ ત્રિકાળ પડ્યો છે અને તારી પુંજીમાં કારણદર્શન ઉપયોગ ત્રિકાળ પડ્યો છે. તારી પુંજીમાં કારણદૃષ્ટિ સ્વરૂપશ્રદ્ધાનમાત્ર ભાવ ત્રિકાળ પડ્યો છે. હવે એમાંથી પ્રગટ થવા માટે... એ તો શક્તિરૂપ છે, ધ્રુવરૂપ છે, હવે પ્રગટ ધર્મ થવા માટે કહેછે કે એ પર્યાયમાં જે ચાર ભાવ છે એનો આશ્રય કરવાથી ધર્મની પર્યાય પ્રગટ થતી નથી.ધર્મ જે પ્રગટેલો હોય, એને

આશ્રયે પણ પરમપારિણામિકસ્વભાવ જાણવામાં આવતો નથી એને આશ્રયે, હોં! એનાથી થાય છે એ જુદી વાત છે. આ તો બધું ગ્રિક લેટિન જેવું છે. આહાહા..!

કહે છે, ભાઈ! તારી ઋદ્ધિ, સમૃદ્ધિ, ચૈતન્યની સમૃદ્ધિ, એમાં અંતરના દર્શન ઉપયોગ અને જ્ઞાનઉપયોગ આત્માના, શક્તિમાં, ધ્રુવમાં સામાન્યપણે (રહેલા છે). જ્ઞાનસામાન્ય અને દર્શનસામાન્ય એટલે પર્યાય વિનાનું એમ. એવો ત્રિકાળભાવ પડ્યો છે, એમ કારણદૃષ્ટિ પણ આત્મામાં ધ્રુવરૂપે ત્રિકાળ પડી છે. અને સ્વરૂપશ્રદ્ધાન, આખા સ્વરૂપના શ્રદ્ધાનરૂપ અભેદ એવી શ્રદ્ધા પણ ત્રિકાળ પડી છે. સમજાણું કાંઈ? એને પરમપારિણામિક સ્વભાવભાવ કહેવામાં આવે છે. અને પ્રગટેલા ચાર ભાવને વિભાવસ્વભાવ પરભાવ કહેવામાં આવે છે. 'પંડિતજી'!

ત્રિકાળી જ્ઞાયકભાવ, ત્રિકાળી દર્શનભાવ, ત્રિકાળી સ્વરૂપશ્રદ્ધાનભાવ, ત્રિકાળી કારણદૃષ્ટિભાવ, એ સ્વપરમસ્વભાવની અપેક્ષાએ પર્યાયમાં પ્રગટેલા ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકને પરભાવ, પરસ્વભાવ વિભાવભાવ કહેવામાં આવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગમ્ય છે. એટલે કે, જુઓ! નીચે લખ્યું છે ને. **'ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમપારિણામિકભાવનો આશ્રય થતો નથી.'** નોટમાં. **'પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને મોક્ષદશા સુધીની દશાઓ પ્રાપ્ત થાય છે.'** આહાહા..! ભગવાનઆત્મા અંતર્મુખની શક્તિમાં, જ્ઞાન-દર્શન-શ્રદ્ધા વગેરે કારણદૃષ્ટિ, એ શક્તિરૂપ જે ધ્રુવ છે એ પરમસ્વભાવભાવ છે. એનો આશ્રય કરવાથી ધર્મ થાય છે.

સમકિતથી માંડીને કેવળજ્ઞાન આદિની પર્યાય ઉત્પન્ન થાય. એ ત્રિકાળી સ્વરૂપશ્રદ્ધા, કારણદૃષ્ટિ, દર્શન ઉપયોગ અને જ્ઞાનઉપયોગ, એના આશ્રયે અંતરમાં ધ્રુવને અવલંબતા, ત્રિકાળી શક્તિવાળું તત્ત્વ એની આ શક્તિનું વર્ણન છે. તે ત્રિકાળી શક્તિનું અવલંબન કરતા, પછી કાંઈ શક્તિ અને શક્તિવાન એમ ત્યાં ભેદ પડતો નથી. ત્રિકાળી શક્તિવાન અને શક્તિ, એનો અંતર આશ્રય કરતાં, સમ્યગ્દર્શન–ધર્મની પહેલી ભૂમિકા–પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? ત્યાંથી માંડીને મોક્ષદશા, કૈવલ્યદશા, એ બધી દશાઓ–હાલતો–પર્યાયો–ત્રિકાળી વસ્તુની શક્તિઓમાં આશ્રય કરતા પ્રગટ થાય છે. નિમિત્તનો કે રાગનો કે નિર્મળ પર્યાય ક્ષયોપશમાદિનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન ઉત્પન્ન થતું નથી.

આ તો આ બધું રાત્રે પૂછે તો આવડશે કે નહિ? આમાં બધું આવડે? હા પાડી. બહુ ઓલી હા નથી પાડતા. 'મનસુખભાઈ'! ઘરે રૂપિયા કેટલા છે એની એને ખબર ન હોય? એ ચોક્કસ હોય. આહાહા..! એને પછી ગોખવું પડતું હશે? ફટ કહે. ભાઈ! મારે માટે બીજા ભલે આટલા ધારે

પણ મારી પાસે આટલા તો છે. આહાહા..! એમ અહીં કહે છે કે આત્મામાં તારા માટે બીજા ગમે તેમ ધારે પણ અંદરમાં શું છે એની તને ખબર છે? એમ કહે છે.

અંદરમાં ત્રિકાળી આનંદકંદ ભગવાનઆત્મામાં એ કારણજ્ઞાન, કારણદર્શન, કારણસ્વરૂપશ્રદ્ધાન, કારણદૃષ્ટિ એવો ધ્રુવસ્વભાવ તારામાં–ખાણમાં–પડ્યો છે. એવી ખાણનો આશ્રય અંતર્મુખ (થઈને) લે તો તને ધર્મની પર્યાય, ચારિત્રની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય, મોક્ષની પર્યાય પ્રગટ થાય. વ્યવહારથી વ્યવહારને લઈને આશ્રય ન થાય, એમ ના પાડી છે. ક્ષયોપશમ જ્ઞાન થયું હોય, ક્ષાયિકસમકિત થયું હોય તો એને આશ્રયે નવી પર્યાય ન થાય એમ કહે છે અહીંયા. એને ઠેકાણે વ્યવહાર, દયા, દાન, વ્રત ને કષાયની મંદતાથી નિશ્ચયપ્રગટ થાય એ તો ક્યાંય રહી ગયું. આહાહા..! હજી રીતની ખબર ન મળે. માર્ગની વિધિ શું છે? સુખી થવાનો પંથ, એની શું રીત છે? આ ઝીણું છે, હોં 'મનીષ'! બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે. લખવા માગે છે ને આજ ઝીણું છે, ઝીણું આજે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'પરભાવોને અગોચર...'** એમ પાછો અગમ્ય છે. એનો અર્થ એ કે પરભાવને આશ્રયે તે થતું નથી. એમ એનો અર્થ છે. અગમ્ય તો ઉપશમભાવને ગમ્ય છે. ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવને પારિણામિકભાવ ગમ્ય છે. ત્રિકાળ ભાવ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકને ગમ્ય છે. પણ અહીંયા અગમ્ય છે એમ કહેવાનો આશય, એને આશ્રયે તે જણાતો નથી. સમજાણું કાંઈ? આવું ઝીણું કોણે કર્યું હશે? વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એમાં કર્યું કોણે? સત્ જ એ છે.

વસ્તુ સત્ છે. આત્મા ત્રિકાળ સત્ છે. તો એના કારણ ઉપયોગ અને કારણદૃષ્ટિ એ પણ ત્રિકાળ સત્ છે. એમાંથી ધર્મ પ્રગટવા માટે એટલે કે જ્ઞાનનો સમ્યક્ ઉપયોગ પ્રગટવા માટે કે દર્શનનો ઉપયોગ પ્રગટવા માટે સમકિતને પ્રગટ કરવા માટે, ત્રિકાળી ચાર ભાવથી રહિત **'એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...'** એ જે કારણઉપયોગ કહો, કારણદૃષ્ટિ કહો, સ્વરૂપશ્રદ્ધાન કહો, એ **'કારણસમયસારસ્વરૂપ છે.'**

**'સહજ પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...'** ત્રિકાળી સ્વભાવભાવ સહજ વસ્તુ છે તેમ એની શક્તિઓ એટલે ગુણો પણ એમ ને એમ છે. સમજાણું કાંઈ? **'એવો સહજ પરમપારિણામિકભાવરૂપ...'** આ પરમપારિણામિક ક્યો? ઓલા કારણદૃષ્ટિ, કારણ ઉપયોગ, કારણજ્ઞાન વગેરે. અહીં દર્શનની વાત છે. ત્રિકાળ સ્વરૂપશ્રદ્ધાન એ બધો **'સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...'** ભારે ઝીણું! આ બે ભાઈઓ કો'ક દિ' આવે છે એમાં આવું ઝીણું આવ્યું. સમજાય છે? 'મનુભાઈ' એમાં બુદ્ધિવાળા ગણાય. લૌકિકમાં ગણાય છે એમ કીધું. કહો, સમજાણું આમાં? ભાઈ! આવો ધર્મ ભારે. ઓલું તો કહે વ્રત કરવા, તપ કરવા, રોટલા ન ખાવા, અપવાસ કરવા, જાવ (થઈ ગયો ધર્મ). ધૂળમાં પણ ધર્મ નથી સાંભળને હવે.

સમુકુ આ મેં ત્યાગ કર્યું, આ મેં ગ્રહણ કર્યું એ મિથ્યાત્વભાવનું પોષણ છે. પર્યાયમાં આને ગ્રહણ કરું, આને છોડું, આ લઉં ને આ મૂકું... આહાહા..! અરે..! એ તો વિકલ્પનો ભાવ અને માને કે આનાથી મને લાભ. મિથ્યાત્વને પોષે છે. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાનઆત્મામાં જેમ પ્રભુ પોતે અવિનાશી અનાદિ છે એમ એમાં અવિનાશી કારણદર્શન ઉપયોગ, અવિનાશી સ્વરૂપશ્રદ્ધાન, અવિનાશી કારણદૃષ્ટિ એ આત્મામાં ત્રિકાળ પડી છે. એ **'પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...'** પેલા ચારભાવ છે એ તો પર્યાયની વાત છે. આ ચાર ત્રિકાળ સ્વભાવની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? અંતર દરબાર ભગવાનનો અલૌકિક છે એમ કહે છે. પણ કોઈ દિ' સાંભળ્યો નથી. આહાહા..! તારા અંતર દરબારમાં કારણદૃષ્ટિ, કારણદર્શન ઉપયોગ કે સ્વરૂપ શ્રદ્ધા પરમ સહજસ્વભાવભાવરૂપ પડ્યા છે.

**'જે કારણસમયસારસ્વરૂપ છે,...'** લ્યો. કારણ આત્મસ્વરૂપ છે. **'કારણસમયસારસ્વરૂપ છે,...'** એ દર્શનઉપયોગ ત્રિકાળ, કે કારણદૃષ્ટિ ત્રિકાળ કે સ્વરૂપશ્રદ્ધાન, એ હતી શક્તિ અને ગુણનું વર્ણન. પણ કહે છે કે એ **'કારણસમયસારસ્વરૂપ છે,...'** અભેદ વર્ણવ્યું. એ ત્રણે દ્રવ્યસ્વરૂપ જ છે, એ દ્રવ્યસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? શું કીધું ઇ? **'એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે, જે કારણસમયસારસ્વરૂપ છે,...'** વસ્તુ ભગવાનઆત્મા એ ગુણના ભેદથી જણાવે છે, છતાં એ ગુણો બધા કારણસ્વરૂપ પરમાત્મા આત્માના સ્વરૂપ જ છે એ બધા, ભેદ છે નહિ. સમજાણું કાંઈ?

**'કારણસમયસારસ્વરૂપ છે,...'** આહાહા..! કોણ? કે આ આત્મા જેમ અવિનાશી સત્ છે... છે... છે... છે... છે.... છે... એમ એમાં દર્શન, કારણદૃષ્ટિ અથવા સ્વરૂપશ્રદ્ધાન, એ પણ પરમસ્વભાવભાવે છે... છે... છે... છે... છે... છે... છે... અને એ બધાને કારણસમયસારસ્વરૂપ પણ કહીએ છીએ. સમજાણું કાંઈ? **'નિરાવરણ જેનો સ્વભાવ છે,...'** ભગવાનઆત્મા જેમ વસ્તુ છે. એનો જેમ આવરણ વિનાનો નિરાવરણ સ્વભાવ છે, એમ એનો ત્રિકાળ દર્શનઉપયોગ, કે કારણદૃષ્ટિ કે સ્વરૂપશ્રદ્ધાન નિરાવરણીય વસ્તુ ત્રિકાળ પડી છે. સમજાય છે કાંઈ? પર્યાયની અપેક્ષાએ વાત નથી. આ ગુણ જે કારણસમયસાર સ્વરૂપ છે એ ત્રિકાળ નિરાવરણ જેનો સ્વભાવ છે. આહાહા..!

**'જે નિજ સ્વભાવસત્તામાત્ર છે,...'** જે નિજ સ્વભાવસત્તામાત્ર છે. કારણદર્શન ઉપયોગ, કારણદૃષ્ટિ અથવા શ્રદ્ધાન, એ નિજ સ્વભાવસત્તા–પોતાના સ્વભાવનું હોવાપણારૂપે છે. આત્મામાં નિજ સ્વભાવસત્તા હોવાપણારૂપે છે. પહેલા આવું ક્યાંય આવ્યું હતું? સંપ્રદાય છે ને? આ 'ચેતનજી'એ કારણપર્યાયનું પૂછ્યું હતું ને? આ ત્યાં ક્યાંય હતું? શું થાય? માણસને પોતાનો પક્ષ છોડવો નથી. આહાહા..! આ બધો કરિયાવર બતાવે છે. તારા ઘરમાં શું છે? સમજાણું કાંઈ?

કહે છે કે એ તો ત્રિકાળ નિરાવરણ સ્વભાવ છે. વસ્તુ જેમ નિરાવરણ છે એમ એનો શક્તિ સ્વભાવ નિરાવરણ છે. નિજ સ્વભાવસત્તામાત્ર છે. ભગવાનઆત્મા જેમ છે, એમ આ શક્તિરૂપ નિજ સ્વભાવસત્તા ત્રિકાળ છે. પર્યાયની આ વાત નથી, અવસ્થાની વાત નથી. આહાહા..! **'જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...'** જે પરમચૈતન્યસામાન્ય, અત્યારે દર્શનની વ્યાખ્યા છે ને? એમ. એ દર્શન સાથે કારણદૃષ્ટિ આવે અને સ્વરૂપશ્રદ્ધાન બધું એમાં આવે. **'પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...'** પરમચૈતન્યસામાન્યસ્વરૂપ અંદર છે. આહા..! ભાષા જ પકડવી કઠણ પડે. સમજાણું કાંઈ? **'જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે,...'** ત્રિકાળ. અકૃત્રિમ– નહિ નવું કરેલું એવું પરમસ્વસ્વરૂપમાં પરમસ્વસ્વરૂપ અંદરનું. ન ચળે એવી સ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે એ બધું. ત્રિકાળ, હોં! ભારે ગાથા છે!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બધું સાથે જ છે ને. ભેગા જ છે ને. જુદા ક્યાં છે. અભેદ વર્ણવવું છેને.

**'જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળ...'** કોઈ દિ' ન ચળે એવું એનું ચારિત્ર સુચારિત્ર ધ્રુવસ્વભાવ છે. એ સત્તા-નિજસત્તામાત્ર કારણદૃષ્ટિમાં, કારણઉપયોગમાં આ બધું પડ્યું છે. આહાહા..! ભારે ભાઈ! ધર્મની આવી વ્યાખ્યા હશે! જે અકૃત્રિમ નહિ, પર્યાયરૂપે કરાવવું એવું પરમસ્વસ્વરૂપમાં, પરમસ્વસ્વરૂપમાં, ત્રિકાળી ધ્રુવસ્વરૂપમાં, અવિચળ ચળે નહિ એવી સ્થિરતારૂપ, સ્થિતિરૂપ પરમ શુદ્ધચારિત્રસ્વરૂપ છે.

**'જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે...'** ભગવાનઆત્મા, જેમ આ કારણઉપયોગ કહીએ, કારણદૃષ્ટિ કહીએ, સ્વરૂપશ્રદ્ધાન કહીએ, પરમસ્વભાવભાવમાં અને એ સમયસારસ્વરૂપ. એમાં **'નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે...'** એ તો કાયમ નિર્મળ એવો અંજન વિનાનો જ્ઞાનસ્વરૂપપણે પોતે એવો છે. જુઓ! 'પદ્મપ્રભમલધારીદેવે' આવી ટીકા કરી. પેલો કહે, ક્લિષ્ટ કરી. કેટલી સ્પષ્ટ છે!

મુમુક્ષુ :– ઘણી સ્પષ્ટ વાત કરી છે.

ઉત્તર :– ... વાત કરે છે. એ કહે છે કે આ ટીકાના કરનારા અમે તે કોણ? ગણધરથી માંડીને એ ટીકાઓ ચાલી આવે છે. અમે મંદબુદ્ધિ તે કોણ? આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન પરમાત્મસ્વરૂપ મહારાજા, એની અંદરની ઋદ્ધિનું આ વર્ણન ચાલે છે.

**'નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે...'** સમસ્ત દુષ્ટ પાપરૂપી વીર દુશ્મનો. બધા, હોં! પુણ્ય-પાપ બધું ભેગું. દુશ્મનોની સેનાની ધજાને લુંટનાર છે. લુંટનારો એટલે એના સ્વભાવમાં એ છે નહિ. એ સ્વભાવનો આશ્રય લે એના આ પાપનો નાશ થયા વિના રહે નહિ. આહાહા..! **'સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર...'**

પાપરૂપી વીરો, એના દુશ્મનોની સેના, એની ધજાના નાશનું કારણ. **'એવા આત્માના ખરેખર...'** એવો જે આત્મા, આ બધા થઈને કીધા એ. એનું **'ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...'** આવા આત્માની સ્વરૂપશ્રદ્ધાન ત્રિકાળ છે. પ્રગટની વાત નથી. ત્રિકાળ સ્વરૂપશ્રદ્ધાન. **'એવા આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...'** સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે. લ્યો સમજાણું? '(અર્થાત્ કારણદૃષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે).' માથેથી પહેલું આવ્યું હતું ને? કારણદૃષ્ટિ ત્યાંથી શરૂ કર્યું. પેરેગ્રાફથી. એ કારણદૃષ્ટિ ખરેખર શુદ્ધાત્માના, ત્રિકાળી શુદ્ધસ્વરૂપના શ્રદ્ધાસ્વરૂપ, શ્રદ્ધામાત્ર ત્રિકાળ એવી શ્રદ્ધા અંદર પડી છે. નીચે નોટ એકડો.

**'સ્વરૂપશ્રદ્ધાન = સ્વરૂપ-અપેક્ષાએ શ્રદ્ધાન.'** પોતાનું જે ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ એની શ્રદ્ધા અંદરમાં, હોં! કેમ કે પ્રગટ સમ્યગ્દર્શન થાય તેનું કારણ પણ સ્વરૂપશ્રદ્ધાન ત્રિકાળ છે. સમકિતની–ધર્મની દશા પ્રગટ થાય, તેનું કારણરૂપ સ્વરૂપશ્રદ્ધાન ત્રિકાળ છે. એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

**'[જેમ કારણસ્વભાવજ્ઞાન (ત્રિકાળ) અર્થાત્ સહજજ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે,...'** પહેલા સ્વરૂપ પ્રત્યક્ષ કહ્યું હતું ને? જેમ જ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે, ત્રિકાળ, હોં! જેમ ત્રિકાળજ્ઞાન અંદર સ્વરૂપપ્રત્યક્ષ જ છે. **'તેમ કારણસ્વભાવદૃષ્ટિ અર્થાત્ સહજદર્શન સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે.]'** સહજદર્શન કહો કે સ્વરૂપશ્રદ્ધાનમાત્ર એમ બે ભેગા નાખ્યાને. કહો, સમજાણું આમાં? પહેલા સ્વરૂપપ્રત્યક્ષ કહી ગયા હતા. જ્ઞાનસ્વરૂપ પ્રત્યક્ષ છે એમ કહી ગયા હતા. એટલે શું? કે ત્રિકાળ આત્મા જે છે, એનું જે જ્ઞાન અંદર એ સ્વરૂપપ્રત્યક્ષ જ છે. પોતાનું પોતાને આશ્રયે પ્રત્યક્ષ છે. એને કોઈની અપેક્ષા છે નહિ. જેમ એ સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાન પણ ત્રિકાળ છે, એમ સ્વરૂપશ્રદ્ધાનમાત્ર પણ ત્રિકાળ છે. જેમ સ્વરૂપ જ્ઞાનની અપેક્ષાએ સ્વરૂપપ્રત્યક્ષ કીધું. તો અહીંયા દર્શનની અપેક્ષાએ અથવા શ્રદ્ધાની અપેક્ષાએ સ્વરૂપશ્રદ્ધાન કહ્યું. બસ.

અરે..! ચીજ કેટલી પડી છે! લોકો સ્વાધ્યાય કરે નહિ, વાંચે નહિ, મનન કરે નહિ. એમ ને એમ બહારનું એકલું આ પાળો, આ પાળો અને આ પાળો. પાળા નાખીને અંદર પડ્યા છે. પાળા-પાળા આ ધૂળના પાળા ખેતરમાં નથી નાખતા? પાણી ભરાઈ રહે. એમ પાળા નાખ્યા. સાચું સમજવાનું એક કોર મુકી દીધું. આહાહા..! કહો, સમજાણું?

**'[જેમ કારણસ્વભાવજ્ઞાન અર્થાત્ સહજજ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ છે, તેમ કારણસ્વભાવદૃષ્ટિ (ત્રિકાળ) અર્થાત્ સહજદર્શન સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે.]'** કહો, સમજાણું કાંઈ? આ ત્રિકાળ કારણદૃષ્ટિ, સ્વરૂપશ્રદ્ધાન ત્રિકાળદર્શન ઉપયોગ, એ ક્યા ભાવે અહીંયા કહ્યું? પરમપારિણામિકભાવે કહ્યું. તમને ન પૂછ્યું. ત્રિકાળ પરમપારિણામિકભાવે કહ્યું. કારણદર્શન ઉપયોગ ત્રિકાળ, કારણસ્વરૂપ દૃષ્ટિ કે કારણદૃષ્ટિ કે કારણસ્વરૂપ શ્રદ્ધાન એ બધું

પરમપારિણામિકભાવે છે. સહજ કહ્યું હતું ને. માથે આવી ગયું. **'એવો સહજપરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...'** પહેલી લીટી. ઘણું ભરી દીધું છે. એનો અંતર સ્વભાવ આવો છે, એનો આશ્રય કરે તો ધર્મ થાય. બાકી કોઈ દેહની ક્રિયા કે દયા, દાન, વ્રતની ક્રિયાથી ધર્મ-બર્મ છે નહિ. એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કારણની વ્યાખ્યા કરી.

જેમ જ્ઞાનમાં કારણસ્વરૂપમાં સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું હતું, એમ અહીંયા કારણદર્શનઉપયોગમાં સ્વરૂપ શ્રદ્ધાન અને સ્વરૂપ કારણદૃષ્ટિ સિદ્ધ કરી. હવે કાર્ય. પહેલા કારણદૃષ્ટિ હતી ને એની સામે કાર્યદૃષ્ટિ. જુઓ! અહીં દૃષ્ટિ દર્શનઉપયોગને પણ દૃષ્ટિ કહેવામાં આવે છે. અને ક્ષાયિકસમકિતને પણ દૃષ્ટિ કહેવામાં આવે છે અને સ્વરૂપશ્રદ્ધાનમાંથી પ્રગટેલી સમકિત દશા એને પણ કાર્યદૃષ્ટિ કહેવામાં આવે છે. પણ આ કાર્યદૃષ્ટિ પૂર્ણ દર્શનની વ્યાખ્યા છે અત્યારે.

**'દર્શનાવરણીય-જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે.'** કાર્યદૃષ્ટિ કેમ થાય છે? આત્મામાં કેવળદર્શન અને કેવળજ્ઞાન અને સ્વરૂપદૃષ્ટિ પૂરી પ્રગટ બહારમાં, હોં! એ કેમ થાય છે? એ **'દર્શનાવરણીય-જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે.'** એ ચાર કર્મનો નાશ થવાથી આ કાર્યદૃષ્ટિ પ્રગટે છે. દર્શન ઉપયોગ, કાર્ય ઉપયોગ ત્યારે પ્રગટે છે એમ કહે છે. જ્ઞાનાવરણીય ભેગું લઈ લીધું છે. કારણ કે એ સાથે જ છે ને. સામે પુસ્તક છે. ક્યા શબ્દનો અર્થ થાય છે એનું જરી ખ્યાલ આવે એવું છે.

કાર્યદૃષ્ટિ એટલે કે કેવળદૃષ્ટિ, કેવળજ્ઞાન સાથે રહેલું પ્રગટ કેવળદર્શન ઉપયોગ, એ ચાર ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે. લ્યો, ઠીક. નહિતર તો કાર્યદૃષ્ટિ તો દર્શન ઉપયોગના આશ્રયે પ્રગટ થાય છે. દર્શનાવરણીય કર્મના નાશથી પ્રગટ થાય છે. પણ બધું સાથે લેવું છે ને? સમજાણું? ઓલામાં આવ્યું હતું ને? 'ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ' આત્મા વસ્તુ, એમાં ચૈતન્યગુણ, એને અનુસરીને થતો ઉપયોગ. એ ચૈતન્ય સામાન્ય ને વિશેષગુણ બન્નેવાળા, સહિત. ચૈતન્યદ્રવ્ય, એનું સામાન્ય વિશેષવાળું ચૈતન્ય. એને અનુસરીને થતો જ્ઞાન અને દર્શનનો ઉપયોગ. ત્યાં એટલું લીધું હતું. એકલો ઉપયોગ ઓલાના આશ્રયે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે આવી કાર્યદૃષ્ટિ, ચાર કર્મના નાશથી (ઉત્પન્ન થાય છે). કારણ કે કાર્યદૃષ્ટિમાં દર્શનઉપયોગ સાથે આ બધું થાય છે. 'પંડિતજી'! ઘણું સૂક્ષ્મ.

પહેલું એમ આવ્યું હતું. ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ. અહીં કાર્યદૃષ્ટિને સિદ્ધ કરતા, ચાર ઘાતિનો નાશ થઈને, જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ, સ્વરૂપશ્રદ્ધાન, પૂર્ણ ક્ષાયિક દૃષ્ટિ વગેરે ચાર ઘાતિના નાશથી ઉત્પન્ન થાય, એકસાથે ઉત્પન્ન થાય એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? નહિતર ત્યાં તો એવું કહ્યું કે ચૈતન્યના ઉપયોગને આશ્રયે અનુસરીને બાર ઉપયોગ થાય.

તો શ્રદ્ધાને આશ્રયે સમ્યક્, ચારિત્રના આશ્રયે ચારિત્ર વગેરે. પણ એ ગુણભેદ ન લેતા. અહીં તો કાર્યદૃષ્ટિ પ્રગટી. દર્શનાવરણીય જ્ઞાનાવરણીય આદિનો ક્ષય થઈ, એની સાથે કાર્યદૃષ્ટિ, કાર્યકેવળજ્ઞાન વગેરે સાથે પ્રગટ્યા છે. પૂર્ણ વીર્ય, પૂર્ણ આનંદ. કહો સમજાણું કાંઈ? 'મનુભાઈ'! આવું ઝીણું છે આ. ઘરમાં પુસ્તક રાખીને થોડુંક વાંચવું જોઈએ કો'ક કો'ક દિ'. કો'ક કો'ક દિ', હોં. આહાહા..! કેટલી ઋદ્ધિ મોટી છે! આહાહા..!

**'બીજી કાર્યદૃષ્ટિ...'** એમ કીધું ને? પહેલી કારણદૃષ્ટિ કહી હતી. હવે આ બીજી કાર્યદૃષ્ટિ. **'દર્શનાવરણીય-જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે.'** એ તો એક નિમિત્તની વાત કરી. પણ કાર્યદૃષ્ટિ પ્રગટે છે તો આખા દ્રવ્યનો આશ્રય કરીને કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય, અનંતઆનંદ પ્રગટ થાય છે એટલે ચાર ઘાતિનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? **'આ ક્ષાયિક જીવને—'** જુઓ! એ જીવને જ પર્યાયવાળો ક્ષાયિકજીવ કહ્યો. પરમપારિણામિક ત્રિકાળ સ્વભાવ એને આશ્રયે જે ક્ષાયિકજ્ઞાન પ્રગટ્યું, એને અહીં ક્ષાયિકજીવ કહ્યો. સમજાણું કાંઈ? **'આ ક્ષાયિક જીવને–જેણે સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યા છે,...'** આહાહા..! છેવટે કહેશે કે ક્ષાયિક જીવને **'કેવળજ્ઞાનની માફક આ (કાર્યદૃષ્ટિ) પણ યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.'** ધીમે ધીમેથી તો આ ચાલે છે,ભાઈ!

આત્મા પરમસ્વભાવભાવથી ભરેલું ત્રિકાળી તત્ત્વ (છે). એનો આશ્રય કરવાથી કાર્યદૃષ્ટિ અથવા દર્શનઉપયોગ પૂર્ણ પ્રગટ થાય છે. કહે છે કે એ જીવને કાર્યદૃષ્ટિ જે પ્રગટી અથવા કાર્યઉપયોગ પ્રગટ્યો એ ક્ષાયિકભાવ છે. માટે **'ક્ષાયિક જીવને–'** એમ (કહ્યું). એ ક્ષાયિક દશા પ્રગટી એવા જીવને **'(કાર્યદૃષ્ટિ) પણ યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.'** તીર્થંકરનો આધાર આપશે. આહાહા..! **'જેણે સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યા છે,...'** ત્રણ ભુવન શબ્દ એટલે લોકના ત્રણ ભાગ જાણ્યા એમ નહિ, બધું જાણ્યું.

**'નિજ આત્માથી ઉત્પન્ન થતાં પરમ વીતરાગ સુખામૃતનો જે સમુદ્ર છે,...'** કહે છે કે ક્ષાયિકજીવને શું શું છે અને તેથી તેને કાર્યદૃષ્ટિનું શું કાર્ય છે? એ વાત કરે છે. **'નિજ આત્માથી ઉત્પન્ન થતાં પરમ વીતરાગ સુખામૃતનો જે સમુદ્ર છે,...'** આહાહા..! પહેલું જ્ઞાન લીધું, (હવે) આનંદ લીધો. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે એમાંથી પ્રગટ થતું. એમ. ત્રિકાળ આનંદમાંથી, **'નિજ આત્માથી ઉત્પન્ન થતા...'** એ પણ આત્મા આખો લીધો. અનંત ગુણનો, અનંતસ્વભાવનો એક સાગર, એવા આત્માથી ઉત્પન્ન થતું. એ પર્યાય છે. આ કેવળજ્ઞાન કે આનંદ એ પર્યાયની વાત છે.

**'પરમ વીતરાગ સુખામૃત...'** ઓહો..! દુનિયાના રાગના સુખ ઝેર જેવા (લાગે). એ છૂટીને જેને પરમ વીતરાગ સુખામૃતનો સમુદ્ર ઉછળ્યો છે. આહાહા..! અહીં જરી પાંચ-પચાસ લાખ કે

બે કરોડ-પાંચ કરોડ થઈ જાય તો એમ કહે આહાહા..! આપણે તો સરવાણી એટલી પૈસાની આવે છે. વીરડામાંથી જેમ પાણી આવ્યા કરે. વીરડાનું પાણી દેખાય બે છાલીયા શું કહેવાય? છાલિયા. વીરડામાં બે છાલિયા પાણી દેખાય. વીરડો સમજો છો? અમારે તો બધું ત્યાં 'ઉમરાળા'માં હોય છે ને એટલે જોયેલું છે. તરસ લાગે ત્યાં જઈએ. બાયું પાણી ભરતી હોય તો લાવો પીવાનું. ચોખ્ખું પાણી મળેને તાજું. વીરડામાં બે છાલિયા હોય. પણ કાઢે તો હજારો છાલિયા નીકળ્યા જ કરે. એમાંથી સરવાણી આવ્યા જ કરે. એમ આ પૈસા પેદા થાય એમાં સરવાણી આવ્યા જ કરે. એ ધૂળની, હોં! અહીં આત્મામાંથી સરવાણી આવ્યા જ કરે, એમ કહે છે. એવો દરિયો છે એ. સુખામૃતનો સાગર. આહાહા..!

એને **'આ (કાર્યદૃષ્ટિ) પણ યુગપદ લોકાલોકમાં વ્યાપનારી છે.' એમ સિદ્ધ કરવું છે ને? 'જે યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે,...'** કાર્યજીવ કેવા છે? ક્ષાયિકજીવ અહીંયા કીધું. કાર્યજીવ ઓલામાં લીધું. જીવને કારણજીવ અને કાર્યજીવ. કાર્યજીવને અહીં ક્ષાયિકજીવ કીધો. સમજાણું કાંઈ? કેટલું યાદ રહે આમાં? ઓલું તો છકાયની દયા પાળવી, છકાયના પીયર... લખેને ઓલા કાગળમાં? છકાયના ગોવાળ, છકાયના પીયર, છકાયના રક્ષક. કોઈ રક્ષક નથી. કોને પાળે? આત્મા કાંઈ પરને પાળી શકતો હશે? વ્યવહારના લખાણ એવા સારા લાગે. છકાયના ગોવાળ, છકાયના ગોવાળ. જેમ ગાયોને રાખેને એનો ગોવાળ. છકાયના જીવને રાખે. રાખી શકે? પછી દયા પાળવી કે નહિ ન રાખી શકે તો? વિકલ્પ આવે કે આ જીવને હું ન મારું. પણ એથી કરીને આ વિકલ્પને કારણે એ બચી જાય કે દયા પળી જાય એની એમ છે નહિ. અને વિકલ્પ આવ્યો એ પણ દયા નથી. પોતાના આત્માની ત્યાં હિંસા થઈ એટલી.

અહીં તો **'યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્ર...'** આહાહા..! જુઓ! પ્રગટની વાત છે, હોં! **'યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે,...'** એ ક્ષાયિકજીવ. એને આવી કાર્યદૃષ્ટિ હોય છે. સમજાણું કાંઈ? આવા વખાણ પણ કોઈ દિ' સાંભળ્યા ન હોય, લ્યો. આવો આત્મા છે અને આનો આવો કરિયાવર અંદર ભર્યો છે. આત્મા છે બસ એક લ્યો. પણ શું આત્મા છે? આહાહા..!

**'જે સાદિ-અનંત અમૂર્ત અતીંદ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારનયાત્મક છે,..'** કહે છે, લ્યો. નય સ્વરૂપ છે. જુઓ! 'જે સાદિ-' કેવળદર્શન આદિ સાદિ થયું ને? નવી. અનંતકાળ રહેવાનું એ. અમૂર્ત છે એ. ક્ષાયિકજીવ અતીન્દ્રિય સ્વભાવવાળો છે. **'શુદ્ધસદ્ભૂતવ્યવહારનયાત્મક છે,...'** શુદ્ધ સદ્ભૂત વ્યવહારસ્વરૂપ જ છે કહે છે લ્યો. ભારે ભાઈ ટીકા! એ **'શુદ્ધસદ્ભૂતવ્યવહારનયાત્મક...'** નીચે બગડો છે ને.**'તીર્થંકરપરમદેવ શુદ્ધસદ્ભૂત વ્યવહારનયસ્વરૂપ છે,..'** કાર્ય છે ને એ. એ તો વ્યવહારનયસ્વરૂપ છે. આહાહા..! પર્યાય છે એ વ્યવહાર છે. એનો છે માટે સદ્ભૂત છે. અંશ છે માટે વ્યવહાર છે. શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ ભગવાન છે. તીર્થંકર કેવળજ્ઞાની, કેવળદર્શન એ

શુદ્ધસદ્ભૂતવ્યવહારનયસ્વરૂપ છે. લ્યો. **'કે જે શુદ્ધસદ્ભૂતવ્યવહારનય સાદિ-અનંત...'** જ્યારથી દશા પ્રગટી ત્યારથી સાદિ **'અમૂર્તિક અને <u>અતીન્દ્રિય</u>સ્વભાવવાળો છે.'** એ નય આવો છે એમ કહે છે. સમજાણું આમાં?

**'અને જે ત્રિલોકના ભવ્ય જનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે,...'** સિદ્ધ ભગવાન તો પરોક્ષ થઈ ગયા. એ પ્રત્યક્ષ વંદન યોગ્ય નથી. આ તો તીર્થંકર સમવસરણમાં બિરાજતા હોય, કાર્યદૃષ્ટિવાળા, ત્રણલોકના ભવ્યજનોને. જુઓ! અહીં તો બધાને પૂજનીય કહે છે. કેટલાય વિરોધ કરનારા હોય ને? એ એની ગણતરી અહીં નહિ. **'ત્રિલોકના ભવ્યજનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે, એવા તીર્થંકરપરમદેવને–કેવળજ્ઞાનની માફક આ (કાર્યદૃષ્ટિ) પણ યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.'** એટલે સાથે લોકાલોકને દેખનારી છે. એક સમયમાં લોકાલોકને દેખે એવી એને કાર્યદૃષ્ટિ પ્રગટ થાય છે. એ ત્રિકાળી જ્ઞાયકભાવ, સ્વભાવભાવ, ધ્રુવભાવ, પારિણામિકભાવ એનો આશ્રય કરવાથી ધર્મની શરૂઆતથી પૂર્ણતા એને આશ્રયે પ્રગટ થાય, એ અહીં સિદ્ધ કરવું છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ફાગણ વદ ૧૦, સોમવાર, તા. ૨૨-૩-૧૯૭૧**
**ગાથા - ૧૪, શ્લોક - ૨૩ થી ૨૫, પ્રવચન નં. ૨૧**

તેરમી ગાથામાં ૩૪માં પાને છે ને હિન્દી. છે? ૩૪. બન્નેમાં સરખું. ૩૪માં પાને. પહેલી લીટી.

**'આ રીતે કાર્યરૂપે અને કારણરૂપે સ્વભાવદર્શનોપયોગ કહ્યો.'** આવ્યું 'શેઠી'? શું કહ્યું? આ આત્મા જે વસ્તુ છે, તેમાં દર્શનઉપયોગ અંદરમાં ત્રિકાળ છે. તેને અહીંયા કારણરૂપે કહ્યો. કારણરૂપ દર્શનઉપયોગ. આત્મા વસ્તુ છે વસ્તુ, એમાં ત્રિકાળ દર્શનોપયોગ છે, તેને કારણદર્શનોપયોગ કહ્યો અને તેમાંથી કેવળદર્શનઉપયોગ પ્રગટ્યો તે કાર્યદર્શનઉપયોગ થયો. સમજાણું કાંઈ? 'શેઠી'! શું? બે વાત થઈ.

જેને કેવળજ્ઞાનરૂપી અથવા કેવળદર્શન કાર્યોપયોગ પ્રગટ કરવો હોય, તો તેને કારણઉપયોગ જે ત્રિકાળી આત્મામાં છે તેનો આશ્રય કરવો જોઈએ, એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ ચૈતન્યમાં ત્રિકાળ દર્શનઉપયોગ ધ્રુવરૂપ પડ્યો છે તેને કારણસ્વભાવ ઉપયોગ કહેવામાં આવ્યો છે અને તેમાંથી કેવળદર્શનઉપયોગ પ્રગટ્યો તેને કાર્યસ્વભાવ ઉપયોગ કહેવામાં આવ્યો છે. તેનો અર્થ કે કેવળદર્શનઉપયોગનું કારણ ત્રિકાળ દર્શનઉપયોગ છે. તેનાથી એ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? પહેલી વાત કાલે ઘણી ચાલી ગઈ. નોંધ હતી ને? કારણદૃષ્ટિનું ઘણું કહ્યું હતું.

ત્રિકાળ આત્મા, જેમ અવિનાશી ત્રિકાળ વસ્તુ આત્મા છે, એમ તેમાં દર્શનઉપયોગ અથવા દૃષ્ટિ અથવા સ્વરૂપશ્રદ્ધાન એ અંદરમાં ત્રિકાળ પડેલો છે. તેને અહીંયા કારણદૃષ્ટિ કહે છે, કારણદર્શનોપયોગ કહે છે અને સ્વરૂપશ્રદ્ધાનમાત્ર શ્રદ્ધાનની અપેક્ષાએ કહે છે. ભારે ભાઈ! અને તેનાથી પ્રગટે એ કાર્યદૃષ્ટિ, કાર્યદર્શનઉપયોગ વગેરે કહેવામાં આવે છે.

**'વિભાવદર્શનોપયોગ હવે પછીના સૂત્રમાં (૧૪મી ગાથામાં) હોવાથી ત્યાં જ દર્શાવવામાં આવશે.'** આ તો સ્વભાવદર્શનઉપયોગની વ્યાખ્યા થઈ. વિભાવદર્શન ઉપયોગની વ્યાખ્યા ૧૪મી ગાથામાં આવશે.

**'[હવે ૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ શ્લોક કહે છે :]'** જંગલમાં વસનારા દિગંબર મુનિ સંત હતા. આત્મધ્યાની, જ્ઞાની, અમૃતના-અમૃતના ઓઘમાં અનુભવ કરતા હતા. એવા મુનિ શ્લોક કહે છે, જુઓ! ૨૩. ઉપર ૨૩મો શ્લોક છે.

**दृग्ज्ञप्तिवृत्यात्मकमेकमेव**
**चैतन्यसामान्यनिजात्मतत्त्वम्।**
**मुक्तिस्पृहाणामयनं तदुच्चै-**
**रेतेन मार्गेण विना न मोक्षः ।।२३।।**

આહાહા..! નીચે ઉસકા અર્થ હૈ.

**શ્લોકાર્થ :–** **'દશિ-'** દશિ એટલે દર્શન. સમ્યગ્દર્શન. પોતાનું શુદ્ધ ધ્રુવ ચૈતન્યની પ્રતીતિ અનુભવમાં થવી એવું સમ્યગ્દર્શન. ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક કારણપ્રભુ, પોતાનો નિજ ત્રિકાળ સ્વભાવ, તેની પ્રતીતિ કરવી, અનુભવ કરીને આ આત્મા શુદ્ધ આનંદ છે એવો અનુભવ કરીને પ્રતીતિ કરવી, તેનું નામ સમ્યગ્દર્શન, મોક્ષનો માર્ગ છે. કહો, 'પંડિતજી'! ભારે વાત!

**'જ્ઞપ્તિ-'** બીજો બોલ છે ને? જ્ઞપ્તિ. પોતાનું નિજ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ, પરમાત્મા નિજ સ્વભાવ, તેનું જ્ઞાન કરવું. સ્વરૂપ ભગવાન આત્મા ત્રિકાળી આનંદ આદિ જ્ઞાયકભાવને ધરનારો, એવા ધ્રુવ સ્વભાવનું જ્ઞાન કરવું તે જ્ઞાન છે. તે મોક્ષનો માર્ગ છે. ભારે ઝીણું! અને ત્રીજું.

**'વૃત્તિસ્વરૂપ...'** ચારિત્રસ્વરૂપ. ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ! તેમાં લીન થવું, અતીન્દ્રિય આનંદ ધ્રુવમાં લીન થવું, રમવું, જમવું, અતીન્દ્રિય આનંદનો વિશેષ ઉપભોગ કરવો, તેનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? દેહની ક્રિયા ચારિત્ર નથી, નગ્નપણું એ પણ ચારિત્ર નથી. પંચમહાવ્રતનો વિકલ્પ રાગ ઉઠે તે પણ ચારિત્ર નથી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ આત્મા છે, તેના શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક સ્વરૂપ શુદ્ધમાં લીન (થવું), રમવું, જમવું, ચરવું, આનંદના અનુભવમાં ચરવું તેનું નામ ભગવાન ચારિત્ર કહેછે.

એ **'(દર્શનજ્ઞાનચારિત્રરૂપે પરિણમતું)...'** એવા સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રથી પરિણમિત– અવસ્થામાં તેની દશા થવી. **'એવું જે એક જ ચૈતન્યસામાન્યસ્વરૂપ નિજ આત્મતત્ત્વ,...'** આહાહા..! એવું જે એક ચૈતન્ય સ્વભાવ સામાન્યસ્વરૂપ–ભેદ પડ્યા વિના. માત્ર ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... સદશ સ્વભાવરૂપ એવું આત્મતત્ત્વ. ભારે ભાઈ! સંતોની વાણી જુઓ! ભગવાન આત્મા આ શરીર, વાણી તો નહિ, કર્મ નહિ, પુણ્ય-પાપ નહિ, એક સમયની વિકાસની દશા છે તે પણ નહિ અને ગુણભેદ પણ નહિ. એકરૂપ ત્રિકાળ. **'એક જ ચૈતન્યસામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ,...'** સામાન્ય ચૈતન્ય સ્વભાવ ધ્રુવ, એકરૂપ એવું સામાન્ય ચૈતન્યસ્વભાવ. સામાન્ય એટલે ભેદ પડ્યા વિના એકરૂપ ચૈતન્ય સામાન્યતત્ત્વ, એવું જે આત્મતત્ત્વ, તે **'નિજ આત્મતત્ત્વ,...'** ભગવાનનું તત્ત્વ પણ નહિ. આહાહા..! તીર્થંકર પરમેશ્વર જે થયા, ધર્મના શરણમાં તે ચીજ પણ નહિ. આહાહા..! એમાં તો નિજ આત્માનું શરણ છે. આહાહા..! 'પંડિતજી'! માર્ગ ભારે, ભાઈ!

**'એક જ ચૈતન્યસામાન્યરૂપ...'** ધ્રુવ, નિત્યાનંદ ચૈતન્યસ્વભાવ સ્વરૂપ, એવું જે આત્મતત્ત્વ, ભાવ, સ્વભાવવાન તે નિજાત્મતત્ત્વ. એ પોતાનો આત્મસ્વભાવ, આત્મતત્ત્વ, તેનો આશ્રય

કરવાથી **'મોક્ષેચ્છુઓને (મોક્ષનો)...'** ઇચ્છક-ઇચ્છા કરનારને મોક્ષનો માર્ગ ત્યાંથી શરૂ થાય છે. આહાહા..! **'નિજ આત્મતત્ત્વ, તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...'** જુઓ! શું કહે છે? ઘણી માર્મિક વાત છે. અનંતકાળમાં તેણે નિજ આત્મતત્ત્વનું શરણ લીધું જ નથી. આમ તો મંગળિકમાં કહે છે ને! 'અરિહંતાશરણમ્, સિદ્ધાશરણમ્, સાહૂશરણમ્ કેવળી પણ્ણત્તો ધમ્મો શરણમ્' મંગળિકમાં એવું આવે છે કે નહિ? એ તો વ્યવહારની વાત છે, ભગવાન! નિશ્ચયથી તો પોતાનો ધ્રુવ ચૈતન્યમૂર્તિ ભગવાન એ નિજ શરણ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'નિજ આત્મત્ત્વ....'** પોતાનું નિજ સ્વરૂપ. ત્રિકાળ અસ્તિ સત્તામાત્ર શુદ્ધ સ્વભાવનો ભંડાર ભગવાન, એવું આત્મતત્ત્વ. **'તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...'** એ આત્મતત્ત્વ એ જ મોક્ષનો પ્રસિદ્ધ માર્ગ છે. અર્થાત્ એના આશ્રયથી ઉત્પન્ન થાય છે તે મોક્ષમાર્ગ. ભારે ઝીણી વાત, ભાઈ! શું કહ્યું સમજાણું કાંઈ? અંદર આત્મા જે વસ્તુ છે વસ્તુ, અનાદિઅનંત-આદિ અને અંત વગર-અને તેનો સ્વભાવ, જ્ઞાન આદિ. સામાન્ય ચૈતન્ય, સામાન્ય એટલે એકરૂપસ્વરૂપ. એવા સામાન્ય સ્વભાવરૂપ જે આત્મતત્ત્વ છે, તે મોક્ષની ઇચ્છાવાળા જીવને તે જ આત્મતત્ત્વનું શરણ થયું તે જ મોક્ષમાર્ગ છે. લ્યો. અહીં બે મોક્ષમાર્ગ છે એની ના કહે છે. નિશ્ચય પણ મોક્ષમાર્ગ છે અને વ્યવહાર પણ મોક્ષમાર્ગ છે એની આચાર્ય ના પાડે છે. 'પદ્મપ્રભમલધારીદેવ' સંત જંગલવાસી હતા. મુનિ તો પહેલા જંગલમાં જ રહેતા હતા. સમજાણું કાંઈ? મહાઆનંદસ્વરૂપમાં મસ્ત, બહારમાં નગ્નદશા, વસ્ત્રનો એક ટૂકડો પણ નહિ. એવી દશા સંતોની હતી. એ જંગલમાં રહેતા હતા. વીતરાગમાર્ગમાં, હોં! બીજા માર્ગમાં નગ્ન રહે તે માર્ગ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા અંતરમાં સામાન્ય એટલે એકરૂપ. આનંદજ્ઞાન ચૈતન્યસામાન્ય આદિ સદૃશ શક્તિઓ પડી છે. એવી સદૃશ-શક્તિનું તત્ત્વ જે ભગવાન આત્મા તે જ એક મોક્ષમાર્ગ છે. અર્થાત્ તેનો આશ્રય કરવાથી મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે. ભારે વાત. છે? શ્લોક છે. જુઓ! અંદર શ્લોક છે. પુસ્તક રાખ્યું છે કે નહિ?

**'નિજ આત્મતત્ત્વ,...'** કેવું નિજ આત્મતત્ત્વ? કે એક ચૈતન્યસામાન્યરૂપ, સદૃશ સ્વભાવનો પિંડ ભગવાન આત્મા, **'તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...'** અનાદિથી પ્રસિદ્ધ છે એમ કહે છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં એ તો પ્રસિદ્ધ છે. સમજાણું કાંઈ? આત્મતત્ત્વ ભગવાન, નિત્યાનંદ પ્રભુ, ધ્રુવ સ્વભાવી, એક સ્વભાવી, સામાન્ય સ્વભાવી સદૃશ જ્ઞાન આનંદ આદિ અનંત સ્વભાવી વસ્તુ, એ આત્મતત્ત્વ જ મોક્ષમાર્ગ છે. અર્થાત્ એ આત્મતત્ત્વના આશ્રયથી ઉત્પન્ન થયો તે જ મોક્ષમાર્ગ છે. પરના આશ્રયથી, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ વિકલ્પ છે એ મોક્ષમાર્ગ નથી, એમ કહે છે. આહાહા..! કહો, 'પંડિતજી'! એમાં એવો અર્થ છે? એ 'જયપુર'માં સંસ્કૃતના પ્રોફેસર છે. આ અમારા 'જયપુર'ના વૃદ્ધ છે. સમજાણું કાંઈ? 'જયપુર' જવાનું છે ને? પંદર દિવસ તો કહ્યા છે.

મુમુક્ષુ :– એકવીસ દિવસ.

ઉત્તર :– કેટલા?

મુમુક્ષુ :– એકવીસ.

ઉત્તર :– ના મેં કહ્યું જ નથી. તમારી મેળાએ કહ્યું છે. એ તો પંદર દિવસ કહ્યું છે. કદાચિત્ શરીર અનુકૂળ હોય તો વીસ દિવસ. બસ. એકવીસ દિવસ નહિ. વળી આ ક્યાંથી કાઢ્યું? તમે લોભી થઈ ગયા. સમજાણું કાંઈ?

કહે છે, આહાહા..! પ્રભુ! તારી પાસે તો ભંડાર ભર્યો છે. તારા સ્વભાવમાં તો મહાભંડાર-ખજાનો છે. અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, સામાન્ય અનંત સ્વભાવ પડ્યો છે. એવું આત્મતત્ત્વ ભગવાન (ઉપર) અંતર્મુખ દૃષ્ટિ કરીને, વિકલ્પ અને નિમિત્તનું લક્ષ છોડીને, ભગવાન આત્મા નિજ આત્મતત્ત્વનું જે અવલંબન લે છે તે જ મોક્ષનો માર્ગ પ્રસિદ્ધ છે. વીતરાગ જિનવર તીર્થંકરદેવના માર્ગમાં આ માર્ગ અનાદિથી પ્રસિદ્ધ છે. સમજાણું કાંઈ?

**'આ માર્ગ વિના મોક્ષ નથી.'** લ્યો. અસ્તિ-નાસ્તિ કરી, આ અનેકાંત કર્યું. કેટલું સ્પષ્ટ કર્યું છે! પોતાના ભગવાન અનંત અનંત સામાન્ય શક્તિ સ્વભાવ સ્વરૂપ ભગવાન આત્મતત્ત્વ, તેના આશ્રયથી, તેના અવલંબનથી, તેના સન્મુખથી, જે દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા થાય છે, તે એક જ મોક્ષમાર્ગ જૈનદર્શનમાં પ્રસિદ્ધ છે. **'આ માર્ગ વિના મોક્ષ નથી.'** વ્યવહાર વચ્ચે ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી વીતરાગ ન હોય ત્યાં સુધી વ્યવહાર વચ્ચે આવે છે. પણ એ મોક્ષમાર્ગ નથી.

મુમુક્ષુ :– માર્ગ પર્યાયમાં થાય છે.

ઉત્તર :– મોક્ષમાર્ગનો અર્થ જ્ઞાન, ઉપચાર, કથન.

**'આ માર્ગ વિના મોક્ષ નથી.'** ત્રણકાળ, ત્રણલોકમાં. સમજાણું કાંઈ? કહો, 'ભીખાભાઈ'! ભારે ઝીણું, હોં. સાચી વાત છે. **'(મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...'** આમ તો શબ્દ કહ્યો છે. આહાહા..! બાપુ! અનંતકાળથી પ્રભુ! આવો પ્રસિદ્ધ માર્ગ ઇન્દ્રો, ગણધરોની વચ્ચે ભગવાન ફરમાવતા હતા. આહાહા..! સમજાણું કાંઈ? અર્ધ લોકના દક્ષિણના સ્વામી શક્રેન્દ્ર, ઉત્તરના અર્ધલોકના સ્વામી ઇશાન ઇન્દ્ર એવા સો-સો ઇન્દ્રોની વચ્ચે, ગણધરો, સંતોના અગ્રેસર એવા સંત ગણધર, એમની વચ્ચે ભગવાન આમ કહેતા હતા. સમજાણું કાંઈ? એ વાત 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, એ જ વાત 'પદ્મપ્રભમલધારીદેવ' કહે છે. અમે તો કાંઈ કહેતા નથી. આ તો પરંપરા ગણધરોથી ચાલી આવી છે એ વાત અમે કહીએ છીએ. સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ!

**'આ માર્ગ વિના મોક્ષ નથી.'** છે અંદર? જુઓ! **'રેતેન માર્ગેણ વિના ન મોક્ષઃ'** સંસ્કૃતમાં છે. વ્યવહારથી મોક્ષમાર્ગ નહિ. આહાહા..! નિમિત્તના અવલંબનથી વિકલ્પ ઉત્પન્ન થાય છે તેનાથી મોક્ષમાર્ગ નહિ. પોતાના નિજ સ્વભાવના અવલંબનથી નિર્વિકલ્પ વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય તે મોક્ષમાર્ગ એક જ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ૧૩ ગાથા. મૂળ તો એમાં

કારણ કહેવું હતું ને. એ કારણને અહીંયા ચૈતન્ય સામાન્ય કહ્યું. કારણદૃષ્ટિ, કારણદર્શન ઉપયોગ. એ ૧૩મી ગાથામાં છે ને?

મુમુક્ષુ :– ત્રિકાળી દ્રવ્યને જ મોક્ષમાર્ગ કહી દીધો.

ઉત્તર :– એ માર્ગ જ એ છે. એનો આશ્રય કરવાનો અર્થ કે એ જ મોક્ષમાર્ગ છે. આહાહા..! જગતને સત્ય વાત સાંભળવી મુશ્કેલ પડી ગઈ છે, દુર્લભ થઈ ગઈ. અને સમજવી અને અંતરમાં રુચિ કરવી, પરિણમન (થવું) એ તો અલૌકિક વાત થઈ ગઈ.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે, ભગવાન! જુઓ! આત્માને ભગવાન તરીકે જ સંબોધે છે. તારો સામાન્ય ત્રિકાળી સ્વભાવ, પર્યાય–વિશેષ અવસ્થા વિનાનો, વર્તમાન અવસ્થા જે દશા વિશેષ છે એ વિનાનું. ત્રિકાળ જ્ઞાયક ધ્રુવ સ્વભાવભાવ ચૈતન્ય સામાન્ય દર્શનઉપયોગ વગેરે વગેરે એવા સામાન્ય સ્વભાવરૂપ આત્મતત્ત્વ, એ જ એક મોક્ષનો માર્ગ છે. ત્રણ વાત લીધી. ત્રિકાળ સામાન્ય સ્વભાવ એ શક્તિ, એવું આત્મતત્ત્વ શક્તિવાન અને એના આશ્રયથી મોક્ષમાર્ગ પ્રગટ થયો એ પર્યાય છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણે આવી ગયા. ઇ વળી શું કહ્યું?

ફરીને. જુઓ! **'એક જ ચૈતન્યસામાન્યરૂપ...'** એક જ નિજ આત્મતત્ત્વ. એમ. કેવું છે? કે ચૈતન્યસામાન્યરૂપ. આ તો અધ્યાત્મની વાત છે, ગંભીર વાત છે. ભગવાન આત્મા એ તો વસ્તુ દ્રવ્ય તત્ત્વ થયું, પણ એનો સામાન્ય દર્શનઉપયોગ ત્રિકાળી કારણઉપયોગ, ત્રિકાળી સ્વભાવ સામાન્ય ઉપયોગ એ ગુણ થયો અને એ ગુણને ધરનારું તત્ત્વ તે જ મોક્ષમાર્ગ. એનો અર્થ એ કે એ તત્ત્વની અંતર્મુખ થઈને, જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય તે મોક્ષમાર્ગ. તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી ગયા. 'શેઠી'! સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે? ભગવાન જાણે. થઈ રહ્યું. આપણે તો કરો ને ધર્મ. પણ ક્યાંથી? ધૂળમાં ધર્મ થશે? ચીજ શું છે એ સમજ્યા વિના ધર્મ ક્યાંથી ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થનારી શક્તિ કેટલી સામર્થ્યવાળી છે, એની ખબર વિના ધર્મ ક્યાંથી થશે? ભગવાન આત્મા આહાહા..! ભારે પણ. આવી તો ટીકા કરી છે ને કહે છે કે અમને માન્ય નથી. એને ઉડાડે. દર્શનઉપયોગની વાત હતી ને આમાં? ભાઈ! કારણદર્શનઉપયોગ. આહાહા..!

મુમુક્ષુ :– એમાંથી સ્વરૂપશ્રદ્ધા કાઢી, એમાંથી મોક્ષમાર્ગ કાઢ્યો.

ઉત્તર :– એ બધું. કારણદર્શનઉપયોગ ત્રિકાળી, કારણ ત્રિકાળી શ્રદ્ધા, સ્વરૂપશ્રદ્ધા ત્રિકાળી, એ બધું સામાન્ય. એ ચૈતન્ય સામાન્ય, એકરૂપ સામાન્ય એવું જ આત્મતત્ત્વ. એ આત્મતત્ત્વ તે જ મોક્ષમાર્ગ. એટલે? એ મોક્ષમાર્ગની, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનો આધાર આત્મા છે, પર છે નહિ. વ્યવહાર મોક્ષમાર્ગ જે કહેવામાં આવ્યું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું. વસ્તુ એ નથી. વસ્તુ આ એક જ મોક્ષમાર્ગ છે.

**'તે (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે;...'** એમ કહ્યું ને? **'मुक्तिस्पृहाणामयनं तदुच्चै'** મોક્ષનો માર્ગ. **'णामयनं'** એટલે માર્ગ કહ્યો. **'तदुच्चै'** એટલે પ્રસિદ્ધ છે. જૈનમાર્ગની અંદર, વીતરાગમાર્ગની અંદર અનાદિથી કેવળી ચાલ્યા આવ્યા છે. સંસાર-જગત અનાદિ છે. કેવળી પણ અનાદિથી સાથે જ છે. આ જગતમાં ક્યારે પણ કેવળી નહોતા, એમ કદી બનતું નથી. અનાદિથી કેવળી છે, અનાદિથી સિદ્ધ છે, અનાદિથી મોક્ષમાર્ગ છે, અનાદિથી મિથ્યામાર્ગ પણ છે. સમજાણું કાંઈ? અનાદિથી કેવળી ભગવાન આમ કહેતા આવે છે. પ્રસિદ્ધ માર્ગ છે, એમ કહે છે. ઓહોહો..! અંદર ભગવાન અંતર સ્વભાવનો માલ લઈને પડ્યો છે. એવા સામાન્ય સ્વભાવરૂપ આત્મતત્ત્વ, એ જ મોક્ષમાર્ગ. એટલે? એ તત્ત્વની અંતર્મુખ થઈને શક્તિમાંથી જે વ્યક્તતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીતરાગી નિર્દોષ આનંદરૂપી દશા પ્રગટ થઈ, તે જ એક મોક્ષમાર્ગ છે, અન્ય કોઈ મોક્ષમાર્ગ નથી. કહો, સમજાણું કાંઈ? એ ૧૩મી ગાથા થઈ. ૧૪મી.

**चक्खु अचक्खू ओही तिण्णि वि भणिदं विहारदिट्ठि त्ति।**
**पज्जाओ दुवियप्पो सपरावेक्खो य णिरवेक्खो ।।१४।।**

નીચે હરિગીત :-

**ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;**
**નિરપેક્ષ, સ્વપરાપેક્ષ—એ બે ભેદ છે પર્યાયના. ૧૪.**

આ ૧૩મી ગાથામાં કારણદર્શનઉપયોગ અને કાર્યદર્શનઉપયોગની વ્યાખ્યા થઈ. કારણસ્વભાવદર્શનઉપયોગ અને કાર્યસ્વભાવદર્શનઉપયોગ. 'શાંતિભાઈ'! ૧૩મી ગાથામાં ભગવાન આત્મામાં ત્રિકાળી દર્શન ઉપયોગરૂપી શક્તિ છે. એ કારણદર્શન ઉપયોગની વ્યાખ્યા થઈ, જે ત્રિકાળ છે. અને તેમાંથી વ્યક્ત કાર્ય કેવળદર્શન પ્રગટ થાય છે, તે કાર્યસ્વભાવદર્શન ઉપયોગ, સ્વભાવદર્શનઉપયોગ કહેવામાં આવ્યું છે. હવે વિભાવદર્શન ઉપયોગની વ્યાખ્યા કરેછે.

**'આ, અશુદ્ધ દર્શનની...'** અશુદ્ધ દર્શન, જુઓ! વિભાવ કહો કે અશુદ્ધ (કહો). **'તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની...'** ભાષા એમ લીધી. અશુદ્ધ દર્શન કહો કે વિભાવદર્શન. વિભાવદર્શન કહ્યું હતું ને? એને અહીં અશુદ્ધ દર્શનની વ્યાખ્યા કરી છે. અને **'શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચના છે.'** અવસ્થા. શુદ્ધદશા અને અશુદ્ધદશા. દશા એટલે પર્યાય.

**'જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને જાણે છે,...'** પોતાના પુરુષાર્થના કારણે મતિજ્ઞાનાવરણીયમાં કર્મનો ક્ષયોપશમ થયું, તો પોતાના જ્ઞાનની પર્યાયમાં વિકાસ–ક્ષયોપશમરૂપ જ્ઞાનની દશા ઉત્પન્ન થઈ. એ દશાથી મૂર્ત વસ્તુને આત્મા જાણે છે. મતિજ્ઞાનનો ન્યાય આપ્યો.

**'તેમ ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી...'** ચક્ષુ તો નિમિત્ત છે. તેનાથી કોઈ જાણતું કે દેખતું નથી, પણ જાણવા પહેલા દેખવાનો ઉપયોગ અંદરમાં થાય છે એ **'ચક્ષુદર્શનાવરણીય**

**કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને દેખે છે.'** દેખવાનો અર્થ કે **'સામાન્યપણે અવલોકવું;...'** નીચે નોટ છે. 'સામાન્ય પ્રતિભાસ થવો.' એ સૂક્ષ્મ વાત છે. જાણવાનો વેપાર થયા પહેલા એક અંતર્મુખ અંતરનો વેપાર થવો, તેનું નામ સામાન્યદર્શનઉપયોગ કહે છે, દેખવું કહે છે. ભારે ભાઈ! જેમ મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી વિકાસથી મૂર્ત વસ્તુને જાણે છે, એમ **'ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને દેખે છે.'** એમ કહે છે. જાણે છે એ પહેલા દેખે છે. છદ્મસ્થની વાત છે ને આ તો પહેલી.

**'જેમ શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા...'** કેવું આવ્યું જોયું? ઓલામાં એટલું ન કહ્યું. ફક્ત ક્ષયોપશમથી મૂર્ત વસ્તુને જાણે છે. આમાં આત્મામાં સ્વભાવના આશ્રયથી જે ભાવશ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે, તે **'શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા...'** શાસ્ત્રના શબ્દોમાં, દ્રવ્યશ્રુતમાં ભગવાને જે કહેલું, **'મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે,...'** શ્રુતજ્ઞાનથી જાણે છે એમ કહે છે. પરને જાણવાની વાત અહીં છે. સ્વને જાણવાની વાત નથી. **'શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે,...'** જુઓ! શ્રુતજ્ઞાનમાં, પોતાની પર્યાયમાં ભગવાને દ્રવ્યશ્રુતમાં સમસ્ત વસ્તુ કહી, તેને પરોક્ષ રીતે જાણે છે. પરોક્ષ કહ્યું. દ્રવ્યશ્રુત દ્વારા કહેલું, સમસ્ત વસ્તુને મૂર્ત-અમૂર્તને ભાવશ્રુતજ્ઞાન પોતાની પર્યાયમાં જાણે છે. તેને ભાવશ્રુત કહેવામાં આવે છે.

**'તેમ અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા તેને યોગ્ય વિષયોને દેખે છે.'** દેખતાનો અર્થ સામાન્યપણે અવલોકવું. **'જેમ અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) શુદ્ધપુદ્ગલપર્યંત (–પરમાણુ સુધીના) મૂર્તદ્રવ્યને જાણે છે, તેમ અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સમસ્ત મૂર્ત પદાર્થને દેખે છે.'** લ્યો. જાણવું-દેખવું બન્ને સાથે લેવું છે.

**'(ઉપર પ્રમાણે) ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે:'** વ્યાખ્યા ઘણી લાંબી. પહેલા તો એમ કહ્યું કે આત્માનો જ્ઞાનઉપયોગ બે પ્રકારના. એક ત્રિકાળ જ્ઞાનઉપયોગ અને વર્તમાન કાર્ય જ્ઞાનસ્વભાવ ઉપયોગ. જ્ઞાનઉપયોગના બે પ્રકારઃ એક કારણ સ્વભાવ ઉપયોગ. સમજાણું કાંઈ? અને એક જ્ઞાનઉપયોગના સ્વભાવની વાત થઈ. વિભાવમાં ચાર જ્ઞાન. ચાર જ્ઞાન વિભાવ છે ને! પણ થાય છે ચૈતન્ય અનુવિધાયથી, પોતાથી. જુઓ! અહીં નાખ્યું છે કર્મના ક્ષયોપશમમાં, હોં! પણ પહેલા ખુલાસો આપી દીધો છે. સમજાણું કાંઈ? એમ દર્શન ઉપયોગના બે ભેદ : કારણદર્શન ઉપયોગ ત્રિકાળી અને કાર્યદર્શન ઉપયોગ. અને વિભાવદર્શન ઉપયોગના ત્રણ પ્રકાર. પેલા વિભાવજ્ઞાનના ચાર પ્રકાર હતા. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય. દર્શનમાં ત્રણ છે ચક્ષુ, અચક્ષુ અને અવધિ. તેની વ્યાખ્યા થઈ. હવે પર્યાયની વ્યાખ્યા કરે છે. ઉપયોગની વ્યાખ્યા થઈ. છે તો ઉપયોગ, કાર્ય ઉપયોગ તે પણ પર્યાય. પણ અહીં ભિન્ન

પર્યાયની વાત હવે કરવાની છે. શું કહ્યું? નહિતર તો આત્મા વસ્તુ ત્રિકાળી છે, જ્ઞાન દર્શન કારણ જ્ઞાન એ તો ધ્રુવ છે, પણ સ્વભાવકાર્ય જ્ઞાન, સ્વભાવકાર્ય દર્શન, વિભાવ ચાર જ્ઞાન, અને વિભાવ ત્રણ દર્શન છે તો પર્યાય. પણ આ તો બીજી જાતની પર્યાય હવે કહેવી છે. 'વજુભાઈ'! આ કાર્યપર્યાય પર્યાય નથી?

મુમુક્ષુ :– અશુદ્ધદર્શન પોતે જ પર્યાય છે.

ઉત્તર :– પર્યાય છે, પણ આ બીજી જાતની પર્યાય વર્ણવવી છે. પર્યાયનો ભેદ હવે કહેવામાં આવશે. આહાહા..!

**'અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે : 'परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः' અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે તે પર્યાય છે.'** વસ્તુ, આત્મા અને તેની શક્તિઓ, તેમાં પર્યાય અંશરૂપે ભેદ પડે તેને પર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વસ્તુ આત્મા, તેના જ્ઞાન, દર્શન આદિ ત્રિકાળી ગુણ, તેની એક સમયની અવસ્થા ભેદરૂપ પર્યાય. ગુણ અને દ્રવ્ય ત્રિકાળી એ તો અભેદ થયા, તેની એક સમયની પર્યાય અવસ્થા ભેદરૂપ તેને પર્યાય કહેવામાં આવે છે.

**'તેમાં, સ્વભાવપર્યાય છ દ્રવ્યને સાધારણ છે,...'** સ્વભાવપર્યાય. છ દ્રવ્ય છે ને? ભગવાને જોયા. ભગવાને કેવળજ્ઞાનમાં જાતિએ છ દ્રવ્ય જોયા છે. સંખ્યા અનંત. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, કાળાણુઓ અસંખ્ય, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એવા છ દ્રવ્ય કેવળી ભગવાને જોયા. તીર્થંકર ભગવાને છ દ્રવ્ય જોયા છે. સંપ્રદાયમાં વાત કેવી ઘટી ગઈ. ક્રિયાકાંડમાં ઘૂસી ગયા. તત્ત્વની દૃષ્ટિ આઘી પડી રહી. તત્ત્વની સમજણ કરવી કે ચીજ શું છે? (એ રહ્યું નહિ). 'શેઠી'! લ્યો આમાં શું સમજવું? બોઘા જેવું લાગે છે. શું કહે છે આ?

**'સ્વભાવપર્યાય છ દ્રવ્યને સાધારણ છે,...'** ભગવાને છ દ્રવ્ય કહ્યા, એમાં સ્વભાવપર્યાય છએ દ્રવ્યને (સાધારણ છે). એ સ્વભાવપર્યાય **'અર્થપર્યાય છે,...'** આ સ્વભાવપર્યાય અર્થપર્યાય છે. નહિતર તો કેવળજ્ઞાન, કેવળદર્શન એ સ્વભાવપર્યાય છે. કાર્ય નહિ, કાર્ય તરીકે જ લીધું અહીં પર્યાય તરીકે બીજી વાત લીધી. **'વાણી અને મનને અગોચર છે,...'** આ સ્વભાવપર્યાય અર્થપર્યાય, વાણી અને મનથી અગમ્ય છે. **'અતિસૂક્ષ્મ છે, આગમપ્રમાણથી સ્વીકારવાયોગ્ય...'** છે. ભગવાનની વાણીથી સ્વીકાર કરવા યોગ્ય છે.

**'છ હાનિ-વૃદ્ધિના ભેદો સહિત છે અર્થાત્ અનંતભાગ વૃદ્ધિ...'** થોડી સૂક્ષ્મ વાત છે. **'અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાત ભાગ વૃદ્ધિ, સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ અને અનંતગુણ વૃદ્ધિ સહિત હોય છે અને એવી રીતે (વૃદ્ધિની જેમ) હાનિ પણ ઉતારાય છે.'**એક સમયમાં અનંતગુણી વૃદ્ધિ થાય છે. અસંખ્યગુણી અને સંખ્યગુણી. એક સમયમાં અનંતગુણ હાનિ, અસંખ્યગુણ હાનિ અને સંખ્યગુણ હાનિ થાય છે. એવા છ દ્રવ્યમાં એક સમયમાં અનંત ષટ્પ્રકારપણે પરિણમવું એવી કોઈ સ્વભાવપર્યાય ભગવાને જોઈ છે. સમજાણું કાંઈ?

**'અશુદ્ધપર્યાય નર-નારકાદિ વ્યંજનપર્યાય છે.'** લ્યો. આ એક શુદ્ધ પર્યાયમાં અહીં નાખ્યું આ. ૧૫માં શુદ્ધપર્યાય બીજી રીતે છે. અશુદ્ધપર્યાય ચાર ગતિ છે : મનુષ્ય, નારકી, દેવ, પશુ એની અંદર વ્યંજનપર્યાય, હોં! વિભાવ. શરીર નહિ. **'[હવે ૧૪ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોકો કહે છે : ]'**

૨૪.

**अथ सति परभावे शुद्धमात्मानमेकं**
**सहजगुणमणीनामाकरं पूर्णवोधम्।**
**भजति निशितवुद्धिर्यः पुमान् शुद्धदृष्टिः**
**स भवति परमश्रीकामिनीकामरूपः ।।२४।।**

ભગવાન 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિ છે. પરમેષ્ઠી છે ને. **'પરભાવ હોવા છતાં,...'** શું કહે છે? અરે..! આત્માની વર્તમાન દશામાં **'પરભાવ હોવા છતાં,...'** પરભાવ એટલે વિભાવપર્યાય. રાગાદિની તો અહીં વાત નથી, અહીં તો જ્ઞાનદર્શનની અપેક્ષાએ તો પરભાવ. એ ચાર જ્ઞાન, ત્રણ દર્શન એ બધા પરભાવ–વિભાવભાવ છે. જોકે અહીં તો કેવળજ્ઞાનને પરભાવ કહી દીધું છે. પણ અહીં સાધકને તો એ છે નહિ. એટલે એ વાત નહિ. શું કહે છે? આત્મા, તેની વર્તમાન દશામાં ચાર જ્ઞાન વિભાવ અને ત્રણ દર્શન વિભાવ હોવા છતાં, રાગ-દ્વેષ હોવા એ તો ઠીક કારણ કે એ તો વિકલ્પ છે.

એમ હોવા છતાં પણ ભગવાન આત્મા અંદર કેવો છે? **'સહજગુણમણિની ખાણરૂપ...'** છે. સ્વભાવિક સહજગુણમણિની ખાણ. આહાહા..! **'સહજગુણમણિની ખાણરૂપ..'** આત્મા છે. અનંત અનંતજ્ઞાન, આનંદ એમાંથી કાઢો તો પણ તેમાંથી ખૂટે નહિ, એવી ભગવાન આત્મામાં શક્તિ પડી છે. એવા આત્માનું મહાત્મ્ય એને આવતું નથી અને બહારનું આવે છે. વિકલ્પનું, નિમિત્તનું અને એક સમયની પર્યાયનું મહાત્મ્ય આવે છે. કહે છે કે એમ હોવા છતાં પણ અમે તો સહજગુણમણિ. ભગવાન આત્મામાં સ્વભાવિક ગુણની મણિ પડી છે. આહાહા..! અનંતજ્ઞાન સ્વભાવિક ગુણમણિ રત્નની ખાણ (ભરી છે).

**'અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને..'** પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને. અંતર જ્ઞાન સ્વભાવ... સ્વભાવ... વસ્તુમાં જ્ઞાનસ્વભાવ પૂર્ણ ભર્યો છે, દ્રવ્યસ્વભાવ પૂર્ણ છે. એવા **'પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે,..'** એવા શુદ્ધાત્માને એકને જ. એકને તીક્ષ્ણબુદ્ધિવાળા, જેની જ્ઞાનબુદ્ધિ ઉગ્ર થઈને, દ્રવ્યસ્વભાવમાં ઘૂસી છે. આહાહા..! ત્રિકાળ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સ્વભાવભાવ, ગુણમણીની ખાણ, એવા એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળા (ભજે છે). લ્યો, આને એકને તીક્ષ્ણબુદ્ધિવાળા કહ્યા. જેના જ્ઞાનની વર્તમાન દશા **'એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે,...'** આહાહા..! જુઓ! **'તીક્ષ્ણબુદ્ધિવાળો**

**શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે,...'** આત્માનું ભજન. અનંતજ્ઞાનમણિની ખાણ ભગવાન અને જ્ઞાનથી પરિપૂર્ણ પ્રભુ, દૃષ્ટિને તીક્ષ્ણ કરી, પકડીને, એવા દ્રવ્યસ્વભાવને પકડીને તેનું ભજન કરે છે એટલે એમાં એકાગ્રતા થાય છે તેને શુદ્ધદૃષ્ટિ તીક્ષ્ણબુદ્ધિવાળો પુરુષ કહેવામાં આવે છે. બીજું ક્ષયોપશમ જ્ઞાન ઓછું હોય તો એની સાથે સંબંધ નથી, એમ કહે છે. સહજગુણમણિ ખાણ પ્રભુ! તેને જે બુદ્ધિએ પકડી લીધો, બસ! એ મોક્ષનો માર્ગ. આહાહા..! શું કહે છે આ? અજાણ્યા માણસને તો ગ્રીક-લેટિન જેવું લાગે છે. માર્ગ એવો છે, ભગવાન! તને ખબર નથી. સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ! સર્વજ્ઞ એટલે પૂર્ણજ્ઞાન કહ્યું ને અહીંયા? પૂર્ણ જ્ઞાનસ્વભાવ એવો શુદ્ધ, શુદ્ધ આત્મા એક જ, સામાન્ય વિશેષ લઈ લીધા. સામાન્યને ધરનાર. શુદ્ધાત્મા એકને જ બીજાને નહિ, પર્યાયને નહિ, વ્યવહારને નહિ, નિમિત્તને નહિ.

**'તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ...'** તીક્ષ્ણબુદ્ધિ અને શુદ્ધદૃષ્ટિ. તીક્ષ્ણબુદ્ધિવાળો, અંદર જ્ઞાનની વર્તમાન જ્ઞાનકળાને અંતરમાં વાળીને શુદ્ધ દૃષ્ટિવંત પુરુષ ભજે છે. ધ્રુવ સ્વભાવની એકાગ્રતા કરે છે એમ કહે છે. આહાહા..! એ શુદ્ધગુણમણિની ખાણ. એ ગુણની ખાણ આત્મા થયો ને. અને પૂર્ણ જ્ઞાનવાળો શુદ્ધાત્મા, ગુણવાળો આત્મા. **'એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે,...'** તેને શુદ્ધદૃષ્ટિ કહે છે. દ્રવ્ય સ્વભાવમાં એકાગ્ર થાય તે શુદ્ધદૃષ્ટિ. 'પંડિતજી'! આ 'નિયમસાર' ક્યારેય જોયું છે કે નહિ?

મુમુક્ષુ :– આવું નહિ.

ઉત્તર :– તમે તો સંસ્કૃતના પ્રોફેસર (છો). 'જયપુર'માં સંસ્કૃતના પ્રોફેસર (છે). સંસ્કૃતના પ્રોફેસર આમાં શું કામ કરે? આહાહા..! જુઓ તો ખરા મુનિએ શ્લોક કેવો મુક્યો છે!

આવો જે ભગવાન અંતરમાં, જેમાંથી અનંત કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ દશારૂપી પર્યાય પ્રગટ થાય છે, એવી અનંતી અનંતી પર્યાય પ્રગટ થાય તો પણ ખૂટે નહિ એવી ખાણ આત્મા છે. આહાહા..! એવા ભગવાન આત્માને એકને જ, બીજાને નહિ. ભગવાનને પણ નહિ, એમ કહે છે. ભગવાન... ભગવાન.. ભગવાન... ભગવાન... એ નહિ. તારો ભગવાન આ.

**'એકને જ તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે,...'** તે મોક્ષનો માર્ગ. શુદ્ધ ધ્રુવ સ્વભાવ, જ્ઞાનસ્વભાવ, સહજમણીરત્નની ખાણ એવું તત્ત્વ, તેની સન્મુખ થઈને એકાગ્ર થાય તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. **'તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ બને છે.'** એને મુક્તિ પ્રાપ્ત થાય છે. આહાહા..! **'પરમશ્રીરૂપી કામિની...'** એટલે મુક્તિ. આહાહા..! મુક્તદશા, સિદ્ધદશા. માર્ગ અને માર્ગનું ફળ બંનેનું વર્ણન કરી નાખ્યું. આહાહા..! બહુ વાત થોડી છે, પણ છે મોટી ગંભીર.

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જોયો પરિપૂર્ણ ગુણવંત, પરિપૂર્ણ ગુણવંત. સહજમણિની ખાણ કહ્યું ને. અને પૂર્ણ જ્ઞાનવંત સર્વજ્ઞસ્વભાવી તેને એકને જ ભજે છે. બસ, એકને

જ ભજે છે. એવા સ્વભાવને, દ્રવ્યસ્વભાવને એકને જ ભજે છે. તેમાં જ શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા કરે છે. એ અલ્પકાળમાં પૂર્ણ લક્ષ્મી એવી જે મુક્તિસુંદરી તેનો વલ્લભ એટલે પ્રિય થાય છે. એટલે કે તે પર્યાય પ્રાપ્ત થાય છે. આહાહા..!

**'તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો...'** જેની પાસે સિદ્ધપદમાં અનંતઆનંદ આદિ પડ્યા છે. મુક્તિમાં અનંતઆનંદ, અનંત પૂર્ણ કાર્યદશા, તેનો વલ્લભ બને છે એટલે એ પર્યાય તેને છોડતી નથી. તે પર્યાયને પ્રાપ્ત કરે છે. જુઓ! મોક્ષનો માર્ગ અને મોક્ષ બેનું વર્ણન એક શ્લોકમાં કહી દીધું. ગાગરમાં સાગર ભરી દીધો છે, લ્યો. એ ૨૪મો કળશ થયો.

મુમુક્ષુ :– માર્ગની વાત કરી.

ઉત્તર :– આ માર્ગ કહ્યો ને. જે આત્મા પોતાના સ્વભાવિક ગુણમણી, સ્વભાવિક એટલે પરમસ્વભાવપણે પડેલા જ્ઞાન-દર્શન-આનંદ આદિ-અનંત ગુણમણી અને તેમાં એક સર્વજ્ઞપણું વિશેષ લીધું. અને પૂર્ણ જ્ઞાનમય ભગવાન આત્મા ધ્રુવ, તે એકને જ ભજે છે. બસ, બીજા કોઈનું કામ નથી. પરમેશ્વર તો ભગવાન પરમેશ્વરનું પરમેશ્વરપણું તેમની પાસે રહ્યું. ભગવાન પરમેશ્વરને ભજવા જશે તો રાગ ઉત્પન્ન થશે. કહો, સમજાણું કાંઈ? ણમો અરિહંતાણં... ણમો.. એય..! પંડિતજી! પરમેશ્વરને ભજવા જશે તો વિકલ્પ ઉત્પન્ન થશે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :– બસ, વાત એ જ છે. વીતરાગનું સ્વરૂપ જ એ માર્ગ છે. નિજ પરમાત્મા. આહાહા..! પોતાનો નિજ સ્વભાવરૂપ પરમાત્મા. પોતાનું નિજ સ્વરૂપ. પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ આદિ શક્તિથી ભરેલો છે. ગુણમણી, મણી લખ્યું છે, જુઓને! ગુણમણિ. જેમ સ્વયંભૂરમણ સમુદ્ર એકલા મણિરત્નની રેતીથી ભરેલો છે. એમ ભગવાન આત્મા મહા સ્વયંભૂ. સ્વયંભૂ આવ્યું વળી. ઓલું ઉત્પન્નનું આવ્યું. **'निजोगम'** આત્મા પોતાથી છે. બીજા કોઈથી ક્યારેય ઉત્પન્ન થયો નથી. અનાદિ છે. એનો કોઈ કર્તા-હર્તા છે નહિ. સ્વયંસિદ્ધ ભગવાન આત્મા, પોતાની તીક્ષ્ણબુદ્ધિથી શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે. આહાહા..! નિત્યાનંદ સ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને એકાગ્ર થાય છે તે મુક્તિસુંદરીનો વલ્લભ થાય છે. આહાહા..! સ્વયંવર. તેને મુક્તિકન્યા મળે છે. શિવરમણી. આ માર્ગ અને માર્ગનું ફળ બે બતાવ્યું છે. પણ આ તો નિશ્ચય.. નિશ્ચય... નિશ્ચય... પણ વચ્ચે વ્યવહાર (આવે એનું શું)? ભાઈ! વ્યવહાર હો તો વિકલ્પ છે, એ કોઈ મોક્ષનો માર્ગ નથી. તેથી તો અહીં જોર દીધું છે.

એવા શુદ્ધાત્મા **'એકને જ તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ (એકાગ્ર થઈને) ભજે છે,...'** તેને મુક્તિ મળે છે. આહાહા..! જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનું પણ ભજન નથી કરવાનું એમ કહે છે. એ તો રાગ છે.

મુમુક્ષુ :— તીર્થંકર ભગવાનના તો બહુ વખાણ ને પૂજા (આવે છે).

ઉત્તર :— એ ભાવ હોય ત્યારે એવી વાત આવે ને. વિકલ્પ આવે છે ત્યારે ભગવાન આવા છે. પણ એ બધા વિકલ્પનું કારણ છે. શુભભાવમાં નિમિત્ત છે. ભગવાનના દર્શન વગેરે શુભભાવનું નિમિત્ત છે. શુદ્ધનું નહિ. આહાહા..! વીતરાગમાર્ગમાં આમ કહે. બીજા તો કહે અમને આપો, આહાર-પાણી દ્યો. અમારી સેવા કરો, તમારું કલ્યાણ થઈ જશે. અહીં કહે છે કે અમારી સેવા કરવાથી તને વિકલ્પ ઉઠશે.

મુમુક્ષુ :— તારું કલ્યાણ રોકાઈ જશે.

ઉત્તર :— તારા નિજાનંદ ભગવાનને ભજ, તારી મુક્તિ થઈ જશે. એ કહેનારા એક વીતરાગી સંત જ છે. આહાહા..! તારામાં શું ખામી છે કે તું પરને ભજવા જાય છે. તારામાં શું અપૂર્ણતા છે કે પૂર્ણ થવા પરનો આશ્રય લેવા જાય છે? એમ કહે છે. આહાહા..! 'પ્રકાશદાસજી'! આ ભગવાન સાક્ષાત્ પરમાત્માને ભજે તો વિકલ્પ થાય છે એમ કહે છે.

મુમુક્ષુ :— આહાર આપે મુનિને તો સંવર-નિર્જરા થાય.

ઉત્તર :— ધૂળેય સંવર-નિર્જરા થાય નહિ. તીર્થંકર જેવા છદ્મસ્થને આહાર-પાણી આપે તો એ પુણ્યબંધ છે. કેવળીને તો આહાર-પાણી હોતા જ નથી. તીર્થંકર જ્યારે છદ્મસ્થ હોય છે ત્યારે આહાર લેવા જાય છે. એમને નિહાર નથી, પણ આહાર છે. આહાર છે તો આહાર દેનારાને તો પુણ્યભાવ થાય છે, સંવર-નિર્જરા બિલકુલ નહિ. કહો, સમજાણું કાંઈ? આમ વાત છે, ભાઈ! સંવર-નિર્જરા નામ ધર્મ તો સ્વદ્રવ્યના આશ્રયથી જ થાય છે. એવો અનાદિ પ્રસિદ્ધ માર્ગ વીતરાગમાં છે, બીજામાં તો એ માર્ગ છે જ નહિ. બીજે ક્યાંય એ માર્ગ છે જ નહિ. આહાહા..! સત્ય વાત સમજવી, સાંભળવા મળવી મહાકઠણ છે. બાકી તો ગપ્પેગપ ચાલે છે. આહાહા..! સાચી વાતને ખોટી ગણાવે. એકાંત છે, એકાંત છે. એકાંત જ કહે છે, જુઓ! 'એકને જ...' એમાં બીજો નહિ. અહીંયા તો એકાંત કહે છે.

મુમુક્ષુ :— અનેકાંત નથી કહ્યું ને.

ઉત્તર :— તેથી કહ્યું ને. માથે કહ્યું. આહાહા..! કળશ ૨૫.

**इति परगुणपर्यायेषु सत्सूत्तमानां**
**हृदयसरसिजाते राजते कारणात्मा।**
**सपदि समयसारं तं परं ब्रह्मरूपं**
**भज भजसि निजोत्थं भव्यशार्दूल स त्वम् ।।२५।।**

**'स त्वम्' 'सत्वम्'** આખું નહિ. **'स'** તેને **'त्वम्'** તું ભજ. તેને ભજ. એ ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ છે તેને ભજ. ભાઈ! ભક્તિ-બક્તિ તો ભગવાનની થાય. તું ભગવાન નથી? સત્ સમાગમથી બધું મળે છે. તો તું સત્ નથી? 'સોગાની'એ એક જગ્યાએ એમ કહ્યું છે, ભાઈ!

અમારે સત્‌સમાગમ હોય તો સત્‌નો લાભ થાય. બરાબર છે. તું સત્ છો કે નહિ? કે તું અસત્ છો? ભગવાન! તું સત્ છો કે નહિ? અને સત્ય છે કે નહિ? સત્યસાહેબ ત્રિકાળી આનંદકંદ પ્રભુ! સત્‌સાહેબ તું છે. તારી અપેક્ષાએ આખી દુનિયા અસત્ છે. સમજાણું કાંઈ?

**'એ રીતે પર ગુણપર્યાયો હોવા છતાં,...'** જુઓ! નીચે અર્થ છે ને? **'એ રીતે પર ગુણપર્યાયો...'** એટલે? ચાર જ્ઞાન, વિભાવ રાગાદિ **'હોવા છતાં, ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં કારણ-આત્મા વિરાજે છે.'** આહાહા..! અંતરમાં આનંદસ્વરૂપ ભગવાન કારણપરમાત્મા, કાર્યનું કારણ અંદર ત્રિકાળ બિરાજમાન છે. આહાહા..!

મુમુક્ષુ :– ઉત્તમ પુરુષને ને?

ઉત્તર :– ઉત્તમ પુરુષના હૃદયમાં. ભાન નથી એને શું? એમ કહે છે.

મુમુક્ષુ :– બધા જીવોને...

ઉત્તર :– ના, ના ભાન હોય એને બિરાજે છે. ભાન નથી એને શું છે? એ તો પામર થઈને પડ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ. કોઈ જગ્યાએ ગંધ નથી.

મુમુક્ષુ :– કેમ નથી?

ઉત્તર :– હોય ક્યાંથી? વિપરીત દૃષ્ટિ કરીને તો ઊભા થયા છે બધા. આ તો સનાતન સર્વજ્ઞ પરમેશ્વર, ત્રિલોકનાથનો પ્રવાહ છે સંતો પાસે તો. દિગંબર મુનિઓ તો પૂર્વના પ્રવાહમાં જોડાઈ ગયા છે એ તો. સમજાણું કાંઈ? વાત જુઓને! આવો એક શ્લોક જુઓ, તત્ત્વ જુઓ. મધ્યસ્થથી. એય..!

**'ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં અંતરઆત્મામેં કારણ-આત્મા વિરાજે છે.'** જેમાંથી કાર્ય થાય છે એવો કારણસ્વરૂપ ભગવાન તો તારી ચીજ તું છો. આહાહા..! **'પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને–'** એ આત્મા તો પોતાથી જ છે. પોતાથી જ છે. **'એવા તે પરમબ્રહ્મરૂપ સમયસારને—કે જેને તું ભજી રહ્યો છે...'** જુઓ! તું જેને અંદરમાં ભજી રહ્યો છે, તેને ભજ. **'હે ભવ્યશાર્દૂલ (ભવ્યોત્તમ), તું શીઘ્ર ભજ; તું તે છે.'** આહાહા..! તે તું છો. ભગવાન જ્ઞાયકભાવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ તેને ભજે છે તો ભજ. તે તું છો. બીજી કોઈ ચીજ તારી છે નહિ. એમ કહીને એને સ્વરૂપ ત્રિકાળનું શરણ લેવા માટે પોકાર કર્યો છે. તે જ ઉત્તમ છે, તે શરણ છે, તે મંગળિક આત્મા ત્રિકાળ છે. દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્યનો આશ્રય લઈને એકાગ્ર થવું, એ જ આત્માનું ભજન કહેવામાં આવે છે. તે જ મોક્ષનો માર્ગ છે. તેનાથી જ મોક્ષ થાય છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૧૧, મંગળવાર, તા. ૨૩-૩-૧૯૭૧**
**ગાથા - ૧૫, શ્લોક - ૨૬, પ્રવચન નં. ૨૨**

'નિયમસાર' જીવ-અધિકાર. ૧૪મી ગાથાનો છેલ્લો કળશ. ૨૬.

**कचिल्लसति सद्गुणैः कविदशुद्धरूपेर्गुणिः**
**कचित्सहजपर्ययैः कचिदशुद्धपर्यायकेः ।**
**सनाथमपि जीवतत्वमनाथं समस्तैरिदं**
**नमामि परिभावयामि सक्लार्थसिद्धये सदा ।।२६।।**

નીચે શ્લોકાર્થ. જીવપદાર્થ છે ને? જીવપદાર્થ.

**શ્લોકાર્થ :– 'જીવતત્ત્વ ક્વચિત્ સદ્‌ગુણો સહિત વિલસે છે–'** નિર્મળ ગુણની પર્યાય સહિત કદાચિત્ **'દેખાય છે,...'** ગુણ તો ત્રિકાળ છે પણ સદ્‌ગુણો એટલે પર્યાય. એવા ગુણથી તે વિલસે છે, આવિર્ભાવ થાય છે. જે શક્તિરૂપે ગુણ છે એ આવિર્ભાવરૂપે વિલસે છે, દેખાય છે. **'દેખાવ દેવો, ઝળકવું,...' 'ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે–'** વ્યંજનપર્યાય વિનાના ગુણોની અશુદ્ધ પર્યાય થાય, એને અહીંયા અશુદ્ધરૂપ ગુણ કહેવામાં આવ્યા છે. શું કહ્યું ઇ?

મુમુક્ષુ :– વ્યંજન પર્યાય સિવાયની અર્થપર્યાયો થાય...

ઉત્તર :– અર્થપર્યાય કીધી નથી. વ્યંજનપર્યાય સિવાયના ગુણો, એની જે પર્યાય અશુદ્ધ છે એની આ વાત છે. બહુ સ્પષ્ટ થાય એવું નથી. આ ધીમે ધીમે સમજાય એવું છે. 'શેઠી'! ૧૫ મી ગાથાનો વિષય બહુ ઝીણો આવશે. આ અધિકાર વખતે કોઈ વખતે તમે હશો કે નહિ એ ખબર નથી. 'નિયમસાર'ની શુદ્ધ કારણપર્યાય વખતે કોઈવાર હતા અહીંયા?

**'ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે'** એ ગુણની નિર્મળ અવસ્થા–શુદ્ધપર્યાયો. **'ક્વચિત્ અશુદ્ધ પર્યાયો,...'** એ વ્યંજનપર્યાયો. **'આ બધાથી સહિત હોવા છતાં...'** જીવતત્ત્વ પર્યાયમાં આ પ્રકારે **'હોવા છતાં પણ જે એ બધાથી રહિત છે...'** વસ્તુ જે જીવતત્ત્વ ધ્રુવ છે, તે આવા બધા ભેદોથી રહિત છે. સમજાય છે કાંઈ? કોઈ વખતે નિર્મળ શુદ્ધ જ્ઞાનગુણ આદિની પ્રગટ અવસ્થાથી શોભે, કોઈ વખતે અશુદ્ધ ગુણ એટલે કે વિકારી પર્યાય આદિથી શોભે. વ્યંજનપર્યાય સિવાયની. કોઈ વખતે સહજ પર્યાયો કેવળજ્ઞાનાદિ, એનાથી શોભે. કોઈ વખતે અશુદ્ધ વ્યંજનપર્યાયથી વિલસે. દેખાવ દે, દેખાવ દે, આમ દેખાવ દે, એમ કહે છે. **'આ બધાથી સહિત હોવા છતાં પણ...'** પાઠ છે ને? **'सनाथमपि जीवततत्वमनाथं'** એની વ્યાખ્યા કરી. સ્વભાવિક. આ બધા ભાવો પર્યાયમાં હોવા છતાં, પણ એ પર્યાયરહિત.

**'એ બધાથી રહિત છે એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું,...'** ધ્રુવ તત્ત્વ, જેમાં અનંત અનંત શાંતિ-સામગ્રી આદિ અનંત પડી છે. ધ્રુવરૂપ સામાન્ય સ્વભાવ. આ બધા પર્યાયો હોવા છતાં પર્યાયનો આશ્રય-લક્ષ કરવા જેવું નથી. આશ્રય કરવા જેવો નથી એમ કહે છે. જાણવા જેવું ભલે હોય, પણ ભગવાન આત્મા એ પર્યાયોની નિર્મળતા, સહજતા વગેરે દશામાં હોવા છતાં, વસ્તુ તો ધ્રુવ ચૈતન્ય નિત્ય (રહી છે). એવા **'જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે...'** મારા શાંતિ અને આનંદની પૂર્ણ પ્રયોજનદશા–મુક્તિ, એને માટે **'સદા નમું છું,...'** મારું વલણ જ ધ્રુવ ઉપર સદાય છે, એમ કહે છે. એને હું ધ્રુવને ભાવું છું. ધ્રુવને નમું છું અને એને 'ભાવું છું.' છે ને બે? **'परिभावयामि'** અને **'नमामि'** બે છે. ભગવાન આત્મા જીવતત્ત્વ, આવી પર્યાયોવાળું હોવા છતાં હું તો જીવતત્ત્વ જે અખંડ અભેદ ધ્રુવ છે, એ પર્યાયો રહિત તત્ત્વ છે. સમજાણું કાંઈ?

**'એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે...'** મારા કેવળજ્ઞાન અને પરમઆનંદની પ્રાપ્તિ માટે હું તે ધ્રુવને **'સદા નમું છું,...'** મારું વલણ તેમાં છે અને ધ્રુવની ભાવના હું કરું છું. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ કેવો હશે આ! પર્યાયો આવી છતાં વસ્તુ પર્યાયરહિત. અને પર્યાયરહિત એને હું ભાવું. ભાવું એ પર્યાય. પણ ભાવવું ધ્રુવ. **'નમું છું,...'** એ પર્યાય છે. **'ભાવું છું.'** એ પર્યાય છે. પણ ભાવે છે કોને? અને નમે છે કોને? ધ્રુવને. સમજાણું કાંઈ?

આવો જીવ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયો. એની પર્યાયોમાં આવા પ્રકારો હોવા છતાં, અવસ્થામાં આ બધી દશાઓ હોવા છતાં વસ્તુ તો એ અવસ્થારહિત છે. એ અવસ્થારહિત વસ્તુ છે તેને હું નમું છું. મારો અંતરની દૃષ્ટિનો ઝુકાવ ત્યાં ગયો છે, એમ કહે છે. સમજાણું કાંઈ? તેને હું **'સદા નમું છું,...'** પાછું એમ લીધું છે ને? **'सदा नमामि परिभावयामि'** નિરંતર. ભગવાન આત્મા પર્યાયના ભેદ વિનાનો, એવા દ્રવ્ય સ્વભાવના નમનમાં, આદરમાં, નિરંતર મારો આદર છે. કહો, સમજાણું કાંઈ? નિમિત્તનો આદર નહિ, વિકલ્પનો નહિ, આવા પર્યાયના ભેદનો પણ આદર નહિ. એ ૧૪ ગાથા થઈ. હવે આ ૧૫મી ગાથા. લ્યો આ 'શશીભાઈ', 'પ્રવિણભાઈ' એની માટે આવ્યા છે ને. 'પ્રવિણભાઈ'! ખબર હતી? ઠીક. ભાઈ આવ્યો નથી? મનિષ. ભણવામાં હશે.

ગાથા ૧૫.

**णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा ।**
**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा ।।१५।।**

નીચે હરિગીત. :-

**તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;**
**પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.**

ભગવાને એમ ભાખિયા એમ કહે છે. **'भणिदा'** છે ને? **'भणिदा'**. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર, એમણે આ સ્વભાવ-વિભાવ પર્યાયનું વર્ણન કર્યું છે. સમજાણું કાંઈ? એની ટીકા.

**ટીકા :– 'આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે. ત્યાં, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.'** આ બધી ઝીણી, સૂક્ષ્મ વાત છે આજે. આત્મામાં સ્વભાવપર્યાય અને વિભાવપર્યાયનું અસ્તિત્વ છે. એ બે પ્રકારમાં સ્વભાવપર્યાય જે છે એના બે પ્રકાર છે. જીવદ્રવ્ય છે ને? જીવદ્રવ્ય એટલે વસ્તુ, એના અસ્તિત્વમાં સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય એવા બે પ્રકાર એના અસ્તિત્વમાં છે. પરને લઈને નહિ, પરમાં નહિ. એવા સ્વભાવ-વિભાવ દશાઓમાં અહીંયા સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે.

એક કારણશુદ્ધપર્યાય એના અસ્તિત્વમાં છે અને એક કાર્યશુદ્ધપર્યાય જીવતત્ત્વના અસ્તિત્વમાં છે. હવે કારણશુદ્ધપર્યાય. આ આત્મા છે. એકદમ ઝીણો વિષય છે. આ વિષય આખા હિન્દુસ્તાનમાં ક્યાંય ચાલ્યો નથી અને ચાલતો નથી. કહો, સમજાણું કાંઈ? અહીંથી શરૂઆત (સંવત) ૨૦૦૦માં એનો વિસ્તાર થયો હતો. ભગવાને આ કહ્યું છે એમ કહ્યું ને? સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય એ ભગવાને કહી છે. એ સ્વભાવપર્યાયના બે પ્રકાર પાડે છે : એક કારણશુદ્ધપર્યાય અને એક કાર્યશુદ્ધપર્યાય. હવે કારણશુદ્ધપર્યાય ઘણી સૂક્ષ્મ છે. એનું પહેલું વર્ણન કરે છે. કારણ કે એ અનાદિની વસ્તુ છે. કાર્યશુદ્ધપર્યાય તો પછી સાદિ થાય છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન આદિ કાર્યશુદ્ધપર્યાયની સાદિ–આદિ છે. અને આ કારણશુદ્ધપર્યાયની આદિ નથી. તેથી એને પહેલી વર્ણવવામાં આવે છે. 'રતિભાઈ'! આ ઝીણું છે. સમજાય એટલું પકડવું. સમજાય છે, લ્યો. વાહ!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાની પરમેશ્વરે સ્વભાવપર્યાય અને વિભાવપર્યાયના પ્રકાર કહ્યા. હવે એમાં સ્વભાવપર્યાય. પાઠમાં પહેલી વ્યંજનપર્યાય છે, ભાઈ! તો એનું વર્ણન પછી કરશે. મૂળ ગાથા. પહેલું આ સમજે તો એની વ્યંજનપર્યાય યથાર્થ સમજાય. એમ. કહે છે કે આત્મામાં,... આ તો અગમનિગમની વાતું છે. સર્વજ્ઞ પરમેશ્વરના પેટમાંથી–અંદર જ્ઞાનમાંથી આવેલી વાત છે.

કહે છે કે કારણશુદ્ધપર્યાય કોને કહેવી?

જે **'સહજ શુદ્ધ નિશ્ચયથી,...'** સ્વભાવિક શુદ્ધનિશ્ચયથી આત્મામાં છે. ભેદવાળી, વ્યવહારવાળી, કાર્યવાળી નહિ. ત્રિકાળ સહજ સ્વભાવિક શુદ્ધનિશ્ચયથી. આ પહેલો નય લીધો છે. આમાં નય પહેલો લીધો છે, ભાઈ! અને કાર્યમાં નય પછી લેશે. સમજાણું કાંઈ? ત્યારપછી અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂત વ્યવહારથી એમ લેશે. અહીં પહેલી શુદ્ધ નિશ્ચય લીધી. શું કીધું વળી એ? એક બોલે તો સમજાય નહિ પહેલીવારે, નહિ?

આ અનાદિઅનંત આત્મામાં કારણશુદ્ધ ધ્રુવપર્યાય છે, એ સ્વભાવિક શુદ્ધનિશ્ચયથી અનાદિ છે. એટલે એને પહેલું નય, સહજ શુદ્ધ નિશ્ચય પહેલો લીધો. સમજાણું કાંઈ? એ અનાદિઅનંત છે.

મુમુક્ષુ :– પર્યાય અનાદિઅનંત?

ઉત્તર :– અનાદિઅનંત પર્યાય છે. બહુ ઝીણી વાત. દ્રવ્ય-ગુણ અનાદિ, તેની સાથે પર્યાય પણ અનાદિઅનંત છે. ભાઈ! આ વાત હિન્દુસ્તાનમાં ક્યાંય ચાલી નથી. આ વાત જ્યારે નીકળી હતી ત્યારે એકાદ-બે પંડિતને પૂછ્યું તો ગોટાળા વાળવા માંડ્યા કે આ બહાર ક્યાં કાઢી? નહિતર તો નક્શો નાખવો હતો. છે ને નક્શો? એ નકશો છે. ૧ થી ૧૯ ગાથા(ના પુસ્તકમાં) 'નિયમસાર'માં નક્શો નાખવો હતો. પેલી બારી પાસે ઉપર. એમાં દરિયાનું દૃષ્ટાંત આપ્યું છે. દરિયો દરિયો. જે સમુદ્ર હોય છે ને? સમુદ્ર, એ સમુદ્રની અંદર જે આખું સમુદ્રનું દળ છે, એ અંદરનું સામાન્ય ધ્રુવ (છે) અને એની ઉપર સરખી સપાટી, આમ વળ વિનાની ઉપરની સરખી સપાટી (છે), એને અહીંયા કારણશુદ્ધપર્યાયમાં ગણવામાં આવી છે. એનું દળ જે ધ્રુવદળ છે સામાન્ય, દરિયો હોય છે ને આ દરિયો આખો? એનું સામાન્ય દળ છે અને ઉપર સરખી સપાટી (હોય). એના ઉપર ચાર ભાવ.

મુમુક્ષુ :– લહેર વિનાની.

ઉત્તર :– લહેર વિનાની. અને ઉપરમાં ચાર લહેર આવે એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર ભાવની ઉપરની લહેર છે. એમાં નીચે નાખ્યું છે. સમજાણું કાંઈ? નક્શો જોયો છે કે નહિ કોઈ દિ'? 'જેઠાભાઈ'! બસ, જોયો નથી. ઓલો રહ્યો, જુઓ ઉપર. આ પહેલો તખ્તો ઉપર. દ્રવ્યદૃષ્ટિની નીચે. એ તખ્તાની ઉપર છે, જુઓ! નાનો તખ્તો છે. 'પ્રકાશદાસજી' લખતા હતા. એમાં કાંઈ સમજાય એવું નહોતું.

કહે છે, આ ભગવાન આત્મા એની અંદર **'સહજ શુદ્ધ નિશ્ચયથી,...'** એટલે સ્વભાવિક શુદ્ધ નિશ્ચયથી. એમ. **'અનાદિ-અનંત...'** છે. અનંત ચતુષ્ટય અંદર અનાદિ-અનંત છે. એની સાથે આ કારણપર્યાય પણ અનાદિ-અનંત છે. અનંત ચતુષ્ટયયુક્ત આ કારણપર્યાય અનાદિ-અનંત છે. **'અમૂર્ત,...'** છે. એ અંદર અમૂર્ત છે, મૂર્તપણું નથી. **'અતીંદ્રિયસ્વભાવવાળાં...'**એ બધો શબ્દાર્થ તો કાર્યમાં પણ આવશે. **'અતીંદ્રિયસ્વભાવવાળાં...'** શું? **'શુદ્ધ એવાં સહજજ્ઞાન...'** ત્રિકાળી, સ્વભાવિક જ્ઞાન ત્રિકાળી. ધ્રુવ જ્ઞાન સહજ ત્રિકાળી, **'સહજદર્શન,...'** ત્રિકાળી. સ્વભાવિકદર્શન, ધ્રુવદર્શન ત્રિકાળી. **'સહજચારિત્ર-'** સ્વભાવચારિત્ર ત્રિકાળી, ધ્રુવચારિત્ર ત્રિકાળી અને **'સહજપરમવીતરાગસુખાત્મક...'** સ્વભાવિક પરમ વીતરાગ આનંદસ્વરૂપ ત્રિકાળી.આહાહા..! **'સહજપરમવીતરાગસુખાત્મક...'** એ ચાર બોલ લીધા. **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** એ શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ છે. આહાહા..! અરૂપી ભગવાન આત્માનું આ અંતરદળ છે, અંતઃતત્ત્વસ્વરૂપ

(છે). **'જે સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ..'** સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ. અહીં સ્વરૂપ શબ્દની એક વિશેષતા છે. કાર્યમાં ફળની વિશેષતા છે. સમજાણું કાંઈ? શુદ્ધ અંતઃતત્ત્વનું સ્વરૂપ, **'સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** ત્યાં સુધી તો એના સામાન્ય દર્શન-જ્ઞાન આદિના ભાવો-સ્વભાવ વર્ણવ્યા. ધ્રુવ.. ધ્રુવ... ધ્રુવ.

**'તેની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ...'** એ અનંત ચતુષ્ટયયુક્ત સ્વભાવની સાથે તન્મયપણે રહેલી **'પૂજિત પંચમભાવપરિણતિ...'** જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ, એ ચાર પદાર્થની ઉત્પાદ-વ્યયવાળી પર્યાય સદૃશ એકરૂપ ત્રિકાળ શુદ્ધ છે. સમજાણું કાંઈ? ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, એના ઉત્પાદ-વ્યયમાં અશુદ્ધતા કે ભેદ ક્યાંય છે નહિ. એકસરખી ઉત્પાદ-વ્યય.. ઉત્પાદ-વ્યય પરિણતિભાવ અનાદિ-અનંત છે. એવી એક આત્મામાં વર્તમાન પર્યાય જે પ્રગટ છે એ સિવાયની, એ ચારમાં પ્રગટરૂપ પર્યાય એકરૂપ છે, તો આત્મામાં પ્રગટરૂપ પર્યાય એકરૂપ નથી. કેમ કે, અનાદિ અશુદ્ધ પર્યાય છે. મોક્ષમાર્ગ ઉત્પાદ-વ્યયવાળી (પર્યાય છે). સમ્યગ્જ્ઞાન–ભાન થતાં સાધકમાં કાંઈક શુદ્ધ અને અશુદ્ધ છે. પૂર્ણ થતાં એકલી શુદ્ધ છે. એટલા ભેદ પડી જાય છે. એકરૂપ દશા જેમ ચાર દ્રવ્યમાં છે એમ એની ઉત્પાદ-વ્યયની દશામાં એવી એકરૂપ દશા નથી. તેથી તેની એકરૂપ દશા કારણપર્યાયને ધ્રુવ ગણવામાં આવી છે. આમાં બહુ વન્સ મોર થાય એવું નથી. આમાં તો માંડ માંડ પકડાય એવું છે. 'પંડિતજી'!

મુમુક્ષુ :– એ પર્યાય સદૃશ છે?

ઉત્તર :– સદૃશ. કોઈ વખતે હશો નહિ આમાં. આ 'નિયમસાર'ની ૧૫ મી ગાથામાં કોઈવાર હતા? યાદ નહિ હોય. પહેલા મેં પૂછ્યું હતું.

ભગવાન જીવતત્ત્વ, એ જેમ શુદ્ધ સહજ નિશ્ચયથી ત્રિકાળ છે. એમ એ સહજ શુદ્ધ નિશ્ચયથી એના ચતુષ્ટય ત્રિકાળ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને આનંદ. જુઓ! આમાં આનંદ પણ લીધો છે. સમકિત લીધું નથી. પણ એ શ્રદ્ધા ત્રિકાળ એ બધું આમાં આવી જાય છે. સહજ દર્શનમાં નાખવું હોય તો પણ આ પ્રમાણે કારણદૃષ્ટિ આવી છે એમાં આવી જાય છે. અને નહિતર આ પરમવીતરાગ અમૃત એમાં પણ સમ્યગ્દર્શન (આવી જાય છે). જોકે આમાં ચારિત્ર જુદું પાડ્યું છે.

એવું જે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ, ચાર ભાવ-સ્વભાવરૂપી અંતઃતત્ત્વ ધ્રુવસ્વરૂપ, જે સ્વભાવ અનંત ચતુષ્ટયનું સ્વરૂપ. કાર્યમાં ફળ કહેશે. આ તો એનું સ્વરૂપ છે. અનંતચતુષ્ટય ત્રિકાળ સ્વરૂપ છે. **'તેની સાથેની જે પૂજિત...'** આમાં **'તેની સાથેની જે પૂજિત...'** શબ્દ વિશેષ વાપર્યો છે. અને કાર્યમાં એની સાથેની પરમઉત્કૃષ્ટ શબ્દ વાપરશે. બેમાં ફેર છે. સમજાણું કાંઈ? **'અનંતચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ...'** પૂજવા યોગ્ય, આદરવા યોગ્ય, સત્કાર કરવા યોગ્ય, ઉપાદેય કરવા યોગ્ય. ત્રિકાળ જે ચતુષ્ટયયુક્ત સ્વભાવ છે તેની સાથે રહેલી આ

પંચમભાવપરિણતિ, પારિણામિકભાવની પરિણતિ, હોં! છે ને? એ પંચમભાવપરિણતિ છે. એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકના ઉત્પાદ-વ્યયની નથી. સમજાણું કાંઈ?

એવી પંચમભાવ. એ ત્રિકાળી ચાર ભાવની સાથે જે પૂજવા યોગ્ય, કે જેમાંથી કાર્યપર્યાય પ્રગટ થાય. એવી **'પૂજિત'** એટલે આદરવા લાયક. **'પંચમભાવપરિણતિ...'** આત્મામાં. જેમ ચાર દ્રવ્યમાં એકરૂપ ઉત્પાદ-વ્યય પારિણામિકભાવે સરખો છે, એવો આના ઉત્પાદ-વ્યયમાં એકસરખો ભાવ નથી. એથી એનામાં આ એક ઉત્પાદ-વ્યયનો પારિણામિકભાવનો પર્યાય ત્રિકાળ સરખો છે, ત્યારે એનું સામાન્યરૂપ એકસરખું થાય છે. ઉત્પાદ-વ્યય તે વિશેષ છે. મોક્ષ-મોક્ષનો માર્ગ એ બધો ઉત્પાદ-વ્યય પર્યાયના છે. પ્રગટ આવિર્ભાવના છે. આ શક્તિરૂપ પર્યાયની વાત ચાલે છે. આહાહા..!

**'(-તેની સાથે તન્મયપણે રહેલી...)'** કોની સાથે? અનંત ચતુષ્ટયનું સ્વરૂપ. અનંત ચતુષ્ટય એનું સ્વરૂપ, સ્વ-રૂપ. **'(-તેની સાથે તન્મયપણે રહેલી જે પૂજ્ય એવી પારિણામિકભાવની પરિણતિ)'** પરિણતિ કીધી, પણ છે એ પંચમભાવની પરિણતિ. એ કોઈ ક્ષાયિક પરિણતિ કે ઉદય અવસ્થા, એ અવસ્થા નથી. **'તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.'** 'પંડિતજી'! આવું કોઈ દિ' વાંચ્યું હતું? (નથી વાંચ્યું.) આ કારણશુદ્ધપર્યાયની તો વાત જ નથી.

મુમુક્ષુ :– આ 'સમયસાર'ની ગાથામાં પણ છે.

ઉત્તર :– નહિ.. નહિ... થોડીઘણી વાત નીકળી હતી. એકાદ-બે પંડિતને પૂછ્યું હતું. આ શું? (તો) ગોટા વાળ્યા.. અરે..! કીધું શું આ? બહાર મુકવું કઠણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આ ઉત્પાદ-વ્યયરૂપ નથી.

ઉત્તર :— નહિ. પર્યાય ત્રિકાળી ધ્રુવરૂપ.

મુમુક્ષુ :– જેમ દ્રવ્ય ધ્રુવ, ગુણ ધ્રુવ..

ઉત્તર :– એમ આ પર્યાય ધ્રુવ. બસ.

**'એ જ કારણશુદ્ધપર્યાય છે,'** (એમ પાછો) **'એવો અર્થ છે.'** કારણશુદ્ધસ્વભાવપર્યાય... કારણશુદ્ધસ્વભાવપર્યાય. આ સ્વભાવપર્યાય છે ને? સ્વભાવપર્યાયનો ભેદ છે ને? એટલે સ્વભાવપર્યાયનો ભેદ કારણશુદ્ધપર્યાય. સ્વભાવપર્યાયના બે ભેદમાં એક સ્વભાવપર્યાય કારણશુદ્ધપર્યાય અને એક સ્વભાવપર્યાય કાર્યશુદ્ધપર્યાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સ્થાયી છે? મહારાજ!

ઉત્તર :– સ્થાયી છે આ. ત્રિકાળ. તેથી પહેલું કહ્યું ને, જુઓ! **'સહજ શુદ્ધ નિશ્ચય,...'** ત્યાંથી જ ઉપાડ્યું. સ્વભાવિક નિશ્ચય સત્ય, ત્રિકાળ નિશ્ચય સત્ય. **'અનાદિ-અનંત, અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા...'** ઓલામાં વિશેષણ ફરશે. શુદ્ધ નિશ્ચય નહિ, અનાદિ નહિ. બાકી આ

બધા વિશેષણો એમાં આવશે. આમાં શુદ્ધ એવા ત્રિકાળી જ્ઞાન-દર્શન-આનંદ અને ચારિત્ર, એવું શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. આત્માનું અંતઃસ્વભાવસ્વરૂપ. આહાહા..! આત્મા કેવો છે એના ભાન વિના, એના આદર વિના જે કાંઈ કરવામાં આવે એ બધું થોથે-થોથાં છે. એ મુનિવ્રત પાળે કે વ્રત કરે, છ-છ મહિનાની તપસ્યાઓ કરે એ બધા ચાર ગતિમાં રખડવા માટે છે.

આવો જે ભગવાન આત્મા, જેની એક સમયની પ્રગટ પર્યાયમાં અનંતદ્રવ્ય, અનંતક્ષેત્ર, અનંતકાળ, ભાવ, બેહદ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, જેના જ્ઞાનની પ્રગટ ઉત્પાદ એક સમયની પર્યાયમાં, ભલે એને અસંખ્ય સમય લાગે પણ અસંખ્ય સમયમાં આટલું અનંતુ જેના એક સમયની પર્યાયમાં ખ્યાલ આવે છે. એ તો ખ્યાલ તો એક સમયમાં જ આવે છે, પણ અસંખ્ય સમય થાય ત્યારે એનો ઉપયોગ કામ કરે છે. એટલે પ્રગટ એની પર્યાયમાં બેહદ ક્ષેત્ર, બેહદ કાળ, બેહદ ભાવ અને બેહદ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ, ત્રિકાળ. એનો ખ્યાલ જે એની જ્ઞાનની વર્તમાન ઉત્પાદ પ્રગટ પર્યાયમાં આવે છે. એવી એવી અનંતી પર્યાયો, જેના અંતરના ધ્રુવ સ્વભાવમાં પડી છે, એની કારણ પર્યાયમાં પણ એટલી અનંતી શક્તિ પડી છે. સમજાણું કાંઈ?

જેના એક ક્ષણના ભાવમાં હદ વિનાનું ક્ષેત્ર, હદ વિનાનો કાળ, હદ વિનાની અપરિમિત શક્તિઓની સંખ્યા અને અપરિમિત દ્રવ્યની સંખ્યા. જેને પ્રગટ એક સમયની પર્યાયમાં આટલો ખ્યાલ આવે છે. એવો જેનો એક પર્યાયના સ્વભાવનો સામર્થ્ય ભાવ છે. એ સિવાયની શુદ્ધકારણ પર્યાયમાં એનાથી અનંતગણું સામર્થ્ય સ્વભાવ છે. સમજાણું કાંઈ? આ તો અગમ-નિગમની વાતું છે. 'પંડિતજી'! આહાહા..! વાદ-વિવાદે આ કાંઈ પાર પડે એવું નથી. વસ્તુનો સ્વભાવ જ કોઈ અચિંત્ય છે. આહાહા..!

એવી એવી શક્તિઓ, જેનો સ્વભાવ કીધો ને અહીં તો? શુદ્ધકારણ સ્વભાવ કીધો અહીં. એમ કીધું ને? શુદ્ધકારણપર્યાયસ્વભાવ, શુદ્ધકારણપર્યાયસ્વભાવ. સ્વભાવ તો પહેલો લીધો હતો એટલે છેલ્લે કીધું કે એ કારણશુદ્ધપર્યાય છે. સ્વભાવપર્યાયના બે ભેદ છે ને? ... સ્વભાવપર્યાયના ભેદ છે. સમજાણું કાંઈ? સ્વભાવની દશાના પર્યાયના પ્રકાર છે આ. છેવટે પણ કહેશે. શુદ્ધપર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા. એમ આવે છે ને? ભાઈ! છેલ્લે આવે છે ને? **'उक्तः समासतः शुद्धपर्यायविकल्पः' 'शुद्धपर्यायविकल्पः'** સંસ્કૃત છે. આ બધા શુદ્ધ પર્યાયના ભેદોનું આ વર્ણન કર્યું. એની એક પર્યાયનું આ વર્ણન કર્યું. આહાહા..!

પહેલો શુદ્ધ નિશ્ચય. સ્વભાવિક એકલો નહિ પણ શુદ્ધ નિશ્ચય પાછો લીધો. ત્રિકાળ-ત્રિકાળ શુદ્ધનિશ્ચયભાવ. પછી ભલે નય ન નાખી. સમજાણું? પણ એ સહજ શુદ્ધ નિશ્ચય ભાવ **'અનાદિ-અનંત, અમૂર્ત, અતીંદ્રિયસ્વભાવવાળાં..'** એક વાત. **'અને શુદ્ધ એવા સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-'** સહજ. ઉત્પાદ-વ્યયરૂપે, પ્રગટરૂપે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આ પરમાત્માના દરબારમાં અંદર આવું ભર્યું છે, એમ કહે છે. તું પોતે પરમાત્મા, હોં! આહાહા..!

મુમુક્ષુ :– ...ઉત્પાદ-વ્યય તો રહ્યો નહિ.

ઉત્તર :– ના અહીં ઉત્પાદ-વ્યય છે નહિ. ઉત્પાદ-વ્યયની પર્યાય તો પછી કાર્યસ્વભાવપર્યાયમાં લેશે. સમજાય છે કાંઈ? પકડાય એટલું પકડવું. પણ કાંઈક ગંભીર ઊંડી વાત છે એટલું તો લક્ષમાં રહે ને. આહાહા..!

**'તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.' 'कारणशुद्धपर्याय इत्यर्थः'** સંસ્કૃત કર્યું છે. ઓહોહો..! એ તો પહેલી વાત કહી ગયા છે. આની ટીકા ગણધરથી પરંપરાએ કરાયેલી છે. મારા જેવા મંદબુદ્ધિનું શું કામ છે? આહાહા..! ભાઈ! પહેલી વાત આવી ગઈ છે ને? ગણધરોથી પરંપરાએ જેનો અર્થ ચાલ્યો આવે છે. આહાહા..! અરે..! મહાવ્રતધારી છે, બાપા! સંત છે, મુનિ છે, દિગંબર છે. એકલા નગ્ન એમ નહિ. એવા નગ્નપણા તો અનંતવાર લીધા અને પંચમહાવ્રતની ક્રિયાઓ પણ અનંતવાર કરી. એ વસ્તુ નથી. એ કાંઈ ધર્મ નથી. સમજાય છે? એ તો રાગનો પર્યાય પણ પુદ્ગલનો પર્યાય છે ખરેખર. આકરું પડે એને. આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્યનો પિંડ પ્રભુ! ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશ હો, પણ એના ભાવ તો અનંત... અનંત... અનંત... અનંત... સ્વભાવભાવથી ભરેલા છે. જેનો સ્વભાવ છે એને હદ શી? જેનો સ્વભાવ છે એના સામર્થ્યની મર્યાદા, પરિમિતતા શી એની? એવો ભગવાન આત્મા અનાદિ-અનંત, જેના સ્વભાવિક ગુણો આદિથી ભરેલો, અને એ ગુણ સહિતનો અને પૂજિત પંચમભાવપરિણતિ પણ સાથે રહેલી. આહાહા..! એને અહીં કારણશુદ્ધપર્યાય કહેવામાં આવે છે. એ કારણશુદ્ધપર્યાય પૂજનિક છે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– ...બધા ગુણો...

ઉત્તર :– બધા-બધા ભેગા. અહીં કાંઈ એક પર્યાયની .. ઉપરમાંથી .. વાત કરે છે. આખું દળ તો છે જ પણ ઉપરની વાત કરતા બધું ભેગું અભેદ છે. આ તો ઉપરમાંથી આટલું આવે તો બધા દળની શું વાત કરવી? એવો અભેદ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગના વિજ્ઞાનના વિજ્ઞાન છે. એને સ્વભાવ શબ્દ વાપર્યો હતો અને એને અનંતચતુષ્ટયનું સ્વરૂપ શબ્દ વાપર્યો હતો. સ્વરૂપ છે ને એનું? એમ કહે છે. પોતાનું રૂપ જ એવું છે. એમ એની સાથે રહેલી આ.. અહો..! જેને ઉપાદેય તરીકે આદરણીય હોય તો એ શુદ્ધ કારણપર્યાય છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે...

ઉત્તર :– ત્રણે એકરૂપ પારિણામિકભાવે છે. બસ. ધર્માસ્તિ આદિમાં પારિણામિકભાવે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે છે. ઉત્પાદ-વ્યય પણ એના પારિણામિકભાવે છે. ધર્માસ્તિ-અધર્માસ્તિમાં ઉત્પાદ-વ્યય પારિણામિકભાવે છે. આમાં પારિણામિકભાવે ઉત્પાદ-વ્યય નથી. એથી એને આ પારિણામિકભાવે કારણશુદ્ધપર્યાય ત્રિકાળ છે. એમ અહીં સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ?

'શ્રીમદ્'માં એવો ટુકડો મૂક્યો હતો એક ફેરી. મોટા શબ્દ હતા પણ અર્થ નથી ત્યાં. 'શ્રીમદ્'માં એક શબ્દ છે. આમાં જુનામાં મોટો અક્ષર છે. હવે ઓલાએ કાઢી નાખ્યો હતો. બીજાએ મોટો અક્ષર કાઢી નાખ્યો હતો. એને કાંઈ નહિ લાગ્યું હોય. છે ને ઓલો જૈન? જૈનધર્મમાં નથી. છે? ૫૦૦? એ પાનું ફાટી ગયેલું છે. આ છે, લ્યો. ૩૬મો બોલ છે. ૩૫માં એ છે કે સિદ્ધત્વપર્યાય સાદિઅનંત અને મોક્ષ અનાદિઅનંત. આ જૈનદર્શન માર્ગનું સ્વરૂપ છે એમ કહે છે. ત્યારે પારિણામિક પદાર્થ નિરંતર સાકાર પરિણામી હોય, તો પણ અવસ્થિત...ફાટી ગયું છે, હોં! સ્વાકાર પરિણામી હોય તો પણ અવસ્થિત પરિણામી. એટલે શું? મોટો અક્ષર મૂક્યો છે હોં. પણ પછી પાછો કાઢી નાખ્યો છે. પણ એનો અર્થ...

મુમુક્ષુ :– સમજ્યા ન હોય એટલે કાઢી નાખ્યો હોય.

ઉત્તર :– પણ સ્વાકાર શબ્દ મોટો પડ્યો છે. પરિણામી પદાર્થ નિરંતર સ્વઆકાર પરિણામી હોય ખરેખર તો. ભેદ હોય નહિ. છતાં એમાં અવ્યવસ્થિતપણું એ પણ એક જૈનમાર્ગની સ્થિતિ છે. આ તે દિ' (સંવત) ૨૦૦૦માં જોયું હતું. જુઓ! ઓલું નવું છે ને? બીજું 'સમયસાર' છે નવું. આ છે ને આપણે. સ્વઆકારપરિણામી. એમ કહેતા, જેવો પોતાનો સ્વભાવ છે તે આકારે જ પરિણામી હોવું જોઈએ. છતાં પર્યાયમાં અવ્યવસ્થિતપણું પાછું. ઉત્પાદ-વ્યયમાં અવ્યવસ્થિતપણું. આહાહા..! સ્વઆકારપરિણામમાં વ્યવસ્થિતપણું. છતાં ઉત્પાદ-વ્યયમાં અવ્યવસ્થિતપણું. આ તે દિ' આ કાઢ્યું હતું. જૈનમાર્ગ આ છે. મગજ એનું ઘણું. 'શ્રીમદ્'નો ક્ષયોપશમ ઘણો. એવો ક્ષયોપશમ પુરુષ હિન્દુસ્તાનમાં એ વખતે કોઈ નહોતો. એટલું કામ કરેલું. પણ અમુક સ્થિતિ બહાર ન આવી, ઉંમર નાની અને કામ કરી ગયા. જુઓ, આ. આ ચોખ્ખા શબ્દો છે, પેલામાં ફાટી ગયું.

પરિણામી પદાર્થ નિરંતર સ્વઆકાર પરિણામી. સ્વઆકાર આવડા મોટા અક્ષરમાં છે. તો પણ અવ્યવસ્થિત પરિણામીપણું. અનાદિ હોય તે કેવળજ્ઞાન વિષે ભાસ્યમાન.... આ બધા વાંધા ઉઠાવે છે ને? અનંત હોય તે શી રીતે જણાય? અનાદિ હોય તે શી રીતે જણાય? પણ અનાદિ, અનાદિ જણાય છે. જાણનાર જેમ જાણે છે એમ છે. છે એમ જાણે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કીધું ને પરિણામી પદાર્થ નિરંતર સ્વઆકાર પરિણામી હોય. અવ્યવસ્થિત પરિણામી પર્યાયમાં, છતાં એનો સ્વઆકાર પરિણામી હોય. 'શ્રીમદ્ રાજચંદ્ર'. 'સમયસાર'માં નથી. જૈનમાર્ગની વ્યાખ્યા છે આમાં. જૈનમાર્ગ આવી રીતે હોય છે. લોકસંસ્થાન, ધર્મ, અધર્મ, આકાશ દ્રવ્ય જૈનમાર્ગમાં આવું સ્વરૂપ છે. જૈનમાં છે. અરૂપીપણું સૂક્ષ્મ વગેરે.. વગેરેની વાત છે. વિભાવિક દશા પારિણામિકભાવે. વિભાવનું ઉપાદાન કારણ વીર્ય આદિનું આત્મગુણનું ચેતનપણું. જૈનમાર્ગની અંદર આવી વ્યાખ્યા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પર્યાયમાં પણ સ્વઆકાર પરિણામી.

ઉત્તર :– પર્યાયમાં પણ સ્વઆકાર પરિણામી હોય. એકરૂપ. એમ. અને છતાં પર્યાયમાં ઉત્પાદ-વ્યવમાં અવ્યવસ્થિતપણું પાછું. સ્વઆકાર પર્યાય પરિણામ હોય છતાં ઉત્પાદ-વ્યયમાં અવ્યવસ્થિતપણું. આ એક જૈનમાર્ગનો સ્વભાવ છે કે જે વીતરાગે જોયેલો અને એવું સ્વરૂપછે.

મુમુક્ષુ :– ઉત્પાદ-વ્યય છે માટે અવ્યવસ્થિત...

ઉત્તર :– અવ્યસ્થિત છે ને? ઉત્પાદ-વ્યય અવ્યવસ્થિત છે. એમાં એકપણું ક્યાં છે? ઉત્પાદ-વ્યયમાં એકપણું નથી. સંસાર છે ત્યાં મિથ્યાત્વનો ઉત્પાદ છે, મોક્ષમાર્ગમાં નિર્મળ પર્યાય ને મલિનનો થોડો ઉત્પાદ હોય છે, સિદ્ધમાં પૂર્ણ સિદ્ધપર્યાય હોય. એટલે ઉત્પાદ-વ્યયમાં એકસરખો સ્વઆકાર પરિણામ ન રહ્યો. ચાર દ્રવ્યમાં તો એક આકાર ઉત્પાદ-વ્યયરૂપે છે. એવો એક આત્મામાં કારણપર્યાયરૂપ સ્વઆકાર પરિણામી પર્યાય ત્રિકાળી અનાદિ-અનંત છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું છે, 'જાદવજીભાઈ'!

મુમુક્ષુ :– પૂર્ણ દ્રવ્ય. દ્રવ્ય, ગુણ ને પર્યાયથી.

ઉત્તર :– એ ત્રણ અભેદ એકરૂપ છે. ઉત્પાદ વિનાની ચીજ. ઉત્પાદ-વ્યય વ્યવહાર છે. આ ત્રણે થઈને નિશ્ચય છે. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યય એ પર્યાય વ્યવહાર છે. સિદ્ધપર્યાય પણ વ્યવહાર છે. આહાહા..! એ અભૂતાર્થ છે. આ ત્રણ થઈને ભૂતાર્થ છે. આહાહા..! પકડાય એટલું પકડવું. એમાં કાંઈ... લ્યો, એ કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા થઈ. હવે કાર્યશુદ્ધપર્યાય. આ ઉત્પાદ-વ્યયવાળી.

મુમુક્ષુ :– તેમાં પણ સ્વભાવ લીધો છે.

ઉત્તર :– સ્વભાવ લીધો છે. કાર્ય પણ સ્વભાવ છે. પર્યાયસ્વભાવ. એક અપેક્ષાથી પર્યાયસ્વભાવ લીધું છે, એક અપેક્ષાએ ભાવની અપેક્ષાએ વિભાવભાવ લીધું છે, એક અપેક્ષાથી કર્મરહિત લીધું છે અહીં, એક અપેક્ષાએ પંચાસ્તિકાયમાં કાર્યભાવ ને કર્મ વિના કાર્ય નહીં, એમ લીધું છે. અપેક્ષા સમજવી જોઈએ ને, ભાઈ!

ફરીને. કેવળજ્ઞાનની પર્યાયને સ્વભાવ કેમ લીધો? અહીં સ્વભાવપર્યાયના બે ભેદ ચાલે છે. એક કારણસ્વભાવપર્યાય, કાર્યસ્વભાવપર્યાય. કેવળજ્ઞાન તો અહીં ભાવની અપેક્ષાએ તો ક્ષાયિકભાવને વિભાવભાવ કહ્યો હતો પહેલો. અને પંચાસ્તિકાયમાં કહ્યું, કર્મ વિના ચાર ભાવ હોય નહિ. અપેક્ષા રહી ને, કર્મના અભાવની તો અપેક્ષા રહીને. ક્ષાયિકભાવ, એટલી અપેક્ષા. એ અપેક્ષા અહીં ગણી નથી.

અહીં તો ચાર જ્ઞાનમાં કર્મના વર્તમાન નિમિત્તની વિદ્યમાનતા છે તેથી તેને વિભાવ ગણ્યો. અને વિદ્યમાનતા નથી માટે તેને સ્વભાવ કહીને કાર્ય કેવળજ્ઞાનસ્વભાવ કહેવામાં આવ્યો. કેટલા પ્રકાર? એય..! 'વજુભાઈ'! પહેલા કહ્યું હતું કે કેવળજ્ઞાન સ્વભાવ છે. ચાર જ્ઞાન વિભાવ છે. એમ

કહ્યું હતું ને? ભાઈ! ચાર જ્ઞાન વિભાવ છે, કેવળજ્ઞાન સ્વભાવ છે. એક વાત. વળી કહ્યું કે કેવળજ્ઞાન વિભાવભાવ છે. ચાર ભાવમાં એને ગણવામાં આવ્યો એટલે વિભાવભાવ છે, એ પરભાવ છે. પરમપારિણામિકભાવની અપેક્ષાએ વિભાવ એટલે વિશેષ ભાવ છે, અપેક્ષિત છે, પરના નિમિત્તમાં અભાવની અપેક્ષા એમાં છે તેથી એને વિભાવભાવ કહેવામાં આવ્યો છે. અહીં વર્તમાન એને નિમિત્તપણાની કર્મની અસ્તિ નથી તેથી તેને સ્વભાવકાર્યપર્યાય કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? કહો, 'પ્રવિણભાઈ'! એ માટે બધા 'ભાવનગર'થી આવ્યા છે. આ તો ખજાનાની વાતું છે અંદરની. ખજાનામાં શું શું ભર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

પહેલા ચાર જ્ઞાનમાં એને વિભાવ ગણી અને કેવળજ્ઞાનને સ્વભાવ કીધો. પાછું પારિણામિકભાવની અપેક્ષાએ ચાર ભાવમાં ક્ષાયિકભાવને વિશેષપર્યાયની અપેક્ષાએ વિભાવભાવ કહ્યો હતો. અહીંયા એને કેવળજ્ઞાનને સ્વભાવકાર્યપર્યાય કહે છે. વર્તમાન નિમિત્તનો અભાવ છે એથી એને સ્વભાવ કહેવામાં આવે છે. ભારે, ભાઈ! આ વાત દિગંબર શાસ્ત્રો સિવાય બીજે ક્યાંય નથી. હોય જ નહિ. આ તો પરંપરા સત્ય છે. કેવળજ્ઞાની પરમાત્માનું પરંપરાએ કહેલું સત્ય છે. એથી કહ્યું ને કે ગણધરોથી રચાયેલી આ ટીકા છે. હું તે કોણ કરનાર? આહાહા..!

મુમુક્ષુ :– માર્ગ શાસ્ત્રમાં તો છે નહીં. તેના સ્પષ્ટીકરણની શરૂઆત તો અહીંથી થઈ છે.

ઉત્તર :– દિગંબર સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. મુનિઓએ.. આહાહા..! સનાતન સત્ ધોધ ઉત્સર્ગમાર્ગ ભગવાનનો એમાં જન્મ્યા, એમાં સંતો થયા એને તો કેવળજ્ઞાનને આમ હથેળીમાં બતાવી દીધું છે. અને એના કારણરૂપ વસ્તુ કેવી? એની સ્પષ્ટતા બીજે ક્યાંય છે નહિ. પણ વાડામાં ઊપજ્યા માટે એને સમજાઇ જાય એમ નથી.

હવે કાર્યસ્વભાવપર્યાયની વ્યાખ્યામાં પહેલો નય ન લેતાં, પહેલા સાદિ-અનંત લીધું છે. ઓલામાં પહેલો **'સહજ શુદ્ધ નિશ્ચય'** હતો. અહીં સાદિ-અનંત લીધો છે. નય પછી લેશે. સમજાણું કાંઈ? **'સાદિ-અનંત,...'** ઓલું **'સહજ શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત,...'** એમ હતું. અહીં તો નવી પર્યાય પ્રગટેલી છે. એથી પ્રગટેલી પર્યાયનું વર્ણન સાદિ-અનંત કહીને, પછી શું છે? સદ્ભૂત વ્યવહારનય છે એમ કહેશે. ઓલી તો પ્રગટેલી નથી, એ તો અનાદિ એમ ને એમ છે, છે ને છે. સમજાણું કાંઈ? ઠીક આ હવે ગુજરાતીમાં બધું આવ્યું, હોં! હિન્દીમાં આવું ન આવી શકે.

**'સાદિ-અનંત,...'** કેવળજ્ઞાન એ સાદિ-અનંત છે. કેવળજ્ઞાન અનાદિ-અનંત નથી. પરિણામિકભાવે નથી. કારણપર્યાય પરિણામિકભાવે અનાદિ-અનંત છે. આ ક્ષાયિકભાવ છે માટે સાદિ-અનંત. નવી પ્રગટે છે. કેવળજ્ઞાનદશા નવી પ્રગટે છે.

મુમુક્ષુ :– તે અનાદિઅનંત અને આ સાદિ અનંત.

ઉત્તર :– સાદિ-અનંત. એ અમૂર્ત, આ પણ અમૂર્ત. એ અતીંદ્રિયસ્વભાવવાળા, આ પણ અતીન્દ્રિયસ્વભાવવાળું. હવે અહીં ફેર પડ્યો.

'શુદ્ધસદ્ભૂતવ્યવહારથી,...' ત્યાં 'સહજ શુદ્ધ નિશ્ચયથી,...' પહેલું નાખ્યું હતું. કહે છે કે કેવળજ્ઞાન શુદ્ધ છે, સદ્ભૂત છે અને વ્યવહાર છે. એક સમયની પર્યાય માટે વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શુદ્ધ છે, સદ્ભૂત છે, હયાતી છે. એક સમયની પર્યાય પણ હયાતી છે. પણ એક અંશ છે માટે વ્યવહાર છે. સમજાણું કાંઈ? બધું ઝીણું તો છે પણ હવે. આ 'હીરાભાઈ' સાથે આવ્યા છે ને. ત્રણ જણા આવ્યા છે? ત્રણ. ઠીક. આહાહા..! કેવળજ્ઞાન....

હવે ઓલું કાર્ય લેવું છે ને? તે કોની સાથે રહેલું છે એમ સિદ્ધ કરવું છે. ઓલું ત્રિકાળ સાથે રહેલું કહ્યું હતું ને? અનંતજ્ઞાન, દર્શન, સુખ અને આનંદ, ચારિત્ર અને આનંદ, એના સહિત કારણપર્યાય હતી. આ કાર્યપર્યાય કોની સહિત, કોની સાથે છે? આહાહા..! **'કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિયુક્ત...'** ઠીક. એ વીર્ય ત્યાં લીધું. પણ ત્યાં અનંતચતુષ્ટયનું સ્વરૂપ લીધું હતું, અહીં લીધું **'કેવળશક્તિયુક્ત ફળરૂપ...'** આ ફળરૂપ એટલો ફેર પાડ્યો. ઓલું તો ત્રિકાળી સ્વરૂપ હતું. એ કાંઈ ફળરૂપ નહોતું. આ તો ફળ આવ્યું છે. અનંતચતુષ્ટય ત્રિકાળ અને કારણપર્યાય, એનો આશ્રય કરીને ફળરૂપ પર્યાય કાર્યશુદ્ધપર્યાય પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ? ઓલામાં સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ હતું. ત્રિકાળ છે માટે. આ તો ફળરૂપ દશા છે. ફળ પાક્યું આ.

**'ફળરૂપ અનંતચતુષ્ટયની સાથેની...'** છે ને? ઓલા ચાર પહેલા કહ્યાં હતા ને? ઓલામાં પણ પહેલા ચાર કહ્યા હતા અને પછી અનંતચતુષ્ટય કહ્યું હતું. શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ ત્યાં કહ્યું હતું. સમજાણું? આ તો પર્યાય પ્રગટ છે એટલે અંતઃતત્ત્વસ્વરૂપ નહિ. ઓલામાં **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ..'** એમ. આ તો **'અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારથી, કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિયુક્ત ફળરૂપ અનંતચતુષ્યની સાથેની...'** એમ. ઓલું અંતઃતત્ત્વરૂપવાળું આ નહિ. અંતઃતત્ત્વ તો પારિણામિકભાવે ત્રિકાળછે.

**'ફળરૂપ અનંતચતુષ્ટયની સાથેની (-અનંત-ચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી)...'** ત્યાં કહ્યું હતું કે **'તેની સાથેની પૂજિત પંચમભાવપરિણતિ...'** જ્યારે આ એની સાથે પરમઉત્કૃષ્ટ ક્ષાયિક એટલો ફેર પાડી દીધો. એ **'સાથેની પૂજિત પંચમભાવપરિણતિ...'** ત્યારે આ **'પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ...'** પૂજિત-પૂજિત શબ્દ અહીં નહિ. આહાહા..! જુઓને!

મુમુક્ષુ :– પૂજિત આદરણીય..

ઉત્તર :– આદરણીય ઓલું ત્રિકાળ. એના આદરવામાંથી ફળરૂપ આ આવે. સમજાણું કાંઈ? અહીં **'પરમોત્કૃષ્ટ..'** શબ્દ વાપર્યો છે. ચાર ભાવ છે ને? ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, ...

એનાથી પણ આ શુદ્ધ પરિણતિ. **'તે જ કાર્યશુદ્ધપર્યાય છે.'** લ્યો. ઓલામાં હતું ને **'તે જ કારણશુદ્ધપર્યાય છે,...'** અહીં કહે છે, **'તે જ કાર્યશુદ્ધપર્યાય છે.'**

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**ફાગણ વદ ૧૨, બુધવાર, તા. ૨૪-૩-૧૯૭૧**
**ગાથા - ૧૫, શ્લોક - ૨૭, પ્રવચન નં. ૨૩**

'નિયમસાર' જીવ-અધિકાર. ૧૫ મી ગાથા. છેલ્લો ભાગ રહી ગયો હતો.

આ ૧૫મી ગાથામાં અધિકાર સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય(નો ચાલે છે). એટલે કે આત્મા તો દ્રવ્ય અને ગુણે તો ધ્રુવ છે. એમાં સ્વભાવપર્યાય પણ એક ધ્રુવ છે એમ અહીં સિદ્ધ કરવું છે. વસ્તુ પોતે આત્મા, સત્ ધ્રુવ તરીકે, દ્રવ્ય તરીકે અનાદિઅનંત છે. અનંતગુણ પણ અનાદિઅનંત છે. એમાં એની એક પર્યાય, સ્વભાવિક પર્યાય, ધ્રુવ પર્યાય એ પણ અનાદિ-અનંત છે. એનો આશ્રય કરવાથી ધર્મ થાય છે. સમજાણું કાંઈ? વસ્તુ શુદ્ધ ચૈતન્યપદાર્થ, એની શક્તિ ધ્રુવ, ગુણ અને એની કારણપર્યાય એ પણ ધ્રુવ છે. એનો આશ્રય કરવાથી, એની દૃષ્ટિ કરવાથી, ધર્મ એટલે આત્માને શાંતિ મળે. એનાથી એને જન્મ-મરણ ટળે. બીજી કોઈ રીત છે નહિ. સમજાણું કાંઈ?

સ્વભાવપર્યાયના બે પ્રકાર લીધાને? કારણસ્વભાવપર્યાય ત્રિકાળ, એક કાર્યસ્વભાવપર્યાય એ કેવળજ્ઞાન આદિ. કેવળજ્ઞાન, કેવળદર્શન એ બધા કાર્યસ્વભાવપર્યાય છે. એ એનું ફળ છે. ફળ આવ્યું હતું ને? ફળ આવ્યું હતું ક્યાંય? પણ ફળ આવ્યું હતું ક્યાં? બરોબર એમ નહિ. ફળરૂપ, બસ ઇ. તમે ચોપડા વાંચનારા કહેવાઓને એટલે.

આત્મા, જેને ધર્મ કરવો છે એટલે કે જેની દશામાં અનાદિ અધર્મ છે, એને ધર્મ કરવો હોય તો તે ધર્મ સ્વભાવ વસ્તુમાં પડેલો છે. સમજાણું કાંઈ? જે ધર્મ કરવો છે એવી જે નિર્મળ પર્યાય એ બધા સ્વભાવો, અનંત પર્યાયનો પિંડ એ તો વસ્તુમાં પડી છે. વસ્તુ પોતે અનાદિ-અનંત સત્ પદાર્થ છે. એવા એના ગુણો અનાદિ-અનંત સત્ (છે), એમ એની પર્યાય પણ કારણપર્યાય અનાદિ-અનંત શુદ્ધ નિશ્ચયથી સત્ (છે). ભારે ઝીણું, ભાઈ!

મુમુક્ષુ :– કારણપર્યાયનો આશ્રય લેવો કે પરમપારિણામિકભાવનો.

ઉત્તર :– એ તો બધું એક જ થઈ ગયું. એનો આવ્યો એટલે બધાનો આવી ગયોને. ત્રણે ભેગા છે, જુદાં ક્યાં છે? સમજાણું કાંઈ? એવી પૂજનિક પરિણતિ ત્રિકાળ, એના સન્મુખનું અંતર્મુખ મનન, ધ્યાન અને ધ્યેયને પકડીને લીનતા એનું નામ ધર્મ. વીતરાગધર્મ એને કહે છે. બાકી વચ્ચે આ દયા, દાન, વ્રત અને ભક્તિ આદિના પરિણામ થાય એ ધર્મ નથી, એ ધર્મ નથી.

એ અનંત કારણપર્યાયનું ફળ, અનંત અંતર્મુખ થવાથી **'અનંતચતુષ્ટયની સાથેની (–અનંત ચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ...'** એનું

વેદન, અનુભવ એને મોક્ષપર્યાય અથવા કાર્યશુદ્ધપર્યાય કહે છે. અરે..! બસ, એ તો આવી ગયું છે. પહેલી વાત આવી ગઈ છે. એને અહીંયા કહે છે. **'અથવા'** સ્વભાવપર્યાય આને પણ કહેવાય છે. ષટ્ગુણ-હાનિ-વૃદ્ધિ પહેલી આવી ગઈ. ૧૪મી ગાથામાં. **'અથવા, પૂર્વ સૂત્રમાં કહેલા સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી,...'** ઝીણી વાત છે, ભગવાન! એની પર્યાયમાં સૂક્ષ્મ એક સમયના ષટ્ગુણ-હાનિ-વૃદ્ધિવાળા પર્યાય થાય છે. જો કે એ પણ પર્યાય છે. દ્રવ્યમાં એ નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ ઋજુ–વર્તમાન આત્મદ્રવ્યની વર્તમાનદશામાં સૂક્ષ્મ ઋજુ એટલે એક સમયના પરિણામને સીધા જોવા, એવા **'અભિપ્રાયથી છ દ્રવ્યોને સાધારણ...'** એ પર્યાય છે. અર્થપર્યાય છ દ્રવ્યોમાં (સાધારણ છે). ભગવાન તીર્થંકરે છ દ્રવ્યો જોયા. એ દરેક દ્રવ્યમાં આ ષટ્ગુણ-હાનિ-વૃદ્ધિવાળી પર્યાય અવસ્થામાં છે. **'છ દ્રવ્યોને સાધારણ...'** છે એટલે બધામાં છે.

**'સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા...'** એને શુદ્ધપર્યાયો જાણવી. ઓલા કારણશુદ્ધપર્યાય છે એ તો વાત કરી, પણ આને પણ શુદ્ધપર્યાય જાણવી. આ શુદ્ધપર્યાય જે છે એ વ્યવહારનયનો વિષય છે અને કારણશુદ્ધપર્યાય છે એ નિશ્ચય દૃષ્ટિ દ્રવ્યાર્થિકનો વિષય છે.

મુમુક્ષુ :– હાનિ-વૃદ્ધિવાળી...

ઉત્તર :– હાનિ-વૃદ્ધિવાળી વ્યવહારનો વિષય. પર્યાય છે ને. આહાહા..! સમજાણું કાંઈ?

**'(એ રીતે) શુદ્ધપર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા.'** લ્યો.

મુમુક્ષુ :– બધી બાજુએ શુદ્ધ..

ઉત્તર :– શુદ્ધપર્યાય–અર્થપર્યાય છએ દ્રવ્યમાં. સિદ્ધમાં પણ છે. જાણવાલાયક છે. આદરવાલાયક તો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ છે. સમજાણું કાંઈ?

**'હવે વ્યંજનપર્યાય કહેવામાં આવે છે :...'** ઓલી અર્થપર્યાય કહી અથવા કારણપર્યાય કહી અથવા કાર્યપર્યાય કહી, **'હવે વ્યંજનપર્યાય કહેવામાં આવે છે : જેનાથી વ્યક્ત થાય–પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે. શા કારણે?'** વસ્ત્રાદિ આમ બહારમાં દેખાય ને આમ આકાર વસ્ત્રનો, પાત્રનો, કોઈ ચીજનો આમ આકાર દેખાય. જુઓ! બહારમાં આ આકાર દેખાય ને. એ આકારને વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. એ **'ચક્ષુગોચર હોવાથી,...'** એ આકાર ચક્ષુને ગમ્ય છે. **'(પ્રગટ થાય છે);...'** એ અવસ્થાઓ સમય-સમયમાં વ્યંજન આકૃતિની પર્યાય છ દ્રવ્યમાં પ્રગટ થાય છે.

**'અથવા, સાદિ-સાંત મૂર્ત વિજાતીયવિભાવસ્વભાવવાળો હોવાથી,...'** હવે એ વ્યંજનપર્યાય, આ આત્માની વિકારી વ્યંજનપર્યાય. આ મનુષ્યગતિ, દેવગતિ આદિ છે ને? એ સાદિ-સાંત છે. એ આકૃતિ–ચાર ગતિની પર્યાય ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે. એ **'સાદિ-સાંત મૂર્ત વિજાતીયવિભાવસ્વભાવવાળો હોવાથી, દેખાઈને નાશ પામવાના સ્વરૂપવાળો હોવાથી**

**(પ્રગટ થાય છે).'** શરીરનો આકાર લીધો. ભાઈ! શરીરનો આકાર મૂર્ત છે ને મૂર્ત? વિજાતીય છે ને. ચૈતન્યનથી ભિન્ન. એને જીવની આકૃતિ છે. ... પણ એના શરીરની આકૃતિ આ થાય ને? આ શરીર, માટીની, આ મૂર્ત છે, જડ છે, ચૈતન્યથી વિજાતીય છે. આ જડનો આકાર ચૈતન્ય અરૂપી ભગવાનથી વિજાત છે. એ **'વિજાતીયવિભાવસ્વભાવવાળો હોવાથી, દેખાઈને નાશ પામવાના સ્વરૂપવાળો હોવાથી (પ્રગટ થાય છે).'** સમયે સમયે શરીરની ભિન્ન-ભિન્ન આકૃતિઓ જડમાં, જડની થાય છે. કાલે નીચે નોટ રહી ગઈ હતી. પ્રશ્ન થયો હતો, નહિ? મનહર કે કોઈ કહેતું હતું. નીચે નોટ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જડની આકૃતિ આ....

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... લઈ લેવી. નીચે છે નોટ.

**'સહજજ્ઞાનાદિ સ્વભાવ-અનંતચતુષ્ટયયુક્ત...'** છે નીચે? ભગવાનઆત્મા વસ્તુ છે. એમાં સ્વભાવિક જ્ઞાન આદિ-અનંત ચતુષ્ટયસહિત કારણશુદ્ધપર્યાયમાંથી, ઓલા સહિત આવ્યું હતું ને પાઠમાં? અનંત ચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની, એમ હતું ને? એટલે અહીંયા અનંત ચતુષ્ટયયુક્ત સહિત (કહ્યું છે). ભગવાનઆત્મા વસ્તુ છે, એમાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતદર્શન, અનંતવીર્ય અથવા સુખ, એ અનંતચતુષ્ટય શુદ્ધ ધ્રુવરૂપે આત્મામાં અનાદિ પડ્યા છે. એની ખાણમાં અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતબળ, અનંતવીર્ય આદિ એ સામાન્યધ્રુવ તરીકે આત્માના સ્વભાવમાં પડ્યા છે. આહાહા..!

એ **'અનંતચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાય...'** કારણશુદ્ધપર્યાય જે ત્રિકાળી અનાદિ-અનંત નિર્મળ ધ્રુવ, એમાંથી **'કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયયુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે.'** લ્યો. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન, કેવળદર્શન અરિહંત ભગવાનને પરમેશ્વરને પ્રગટ થાય છે. અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, વિભુતા સર્વવ્યાપક પર્યાય અંદરમાં–અનંતમાં, એવી જે અનંત પર્યાયો પ્રગટ થાય છે, એ બધી સ્વભાવના અંતરની એકાગ્રતાથી પ્રગટ થાય છે. અંતરમાંથી પ્રગટ થાય છે. છે ને? પર્યાયમાંથી પ્રગટ થાય છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો આ. આ તો ત્રિકાળી પર્યાય કીધી ને. એ ક્યાં વર્તમાન પર્યાયમાંથી પર્યાય આવે છે. સમજાણું કાંઈ? વર્તમાન પર્યાય જે પ્રગટ છે એમાંથી નવી પર્યાય ન થાય. આ તમારો પ્રશ્ન કર્યો. 'પાલિતાણા' કહ્યું હતું. પ્રશ્ન પૂછ્યો હતો ને કે પર્યાયમાંથી પર્યાય થાય? તો કહે હા.

કેમ? કે દસ પરમાણુમાંથી પંચ પરમાણુનો સ્કંધ થાય એ પર્યાયમાંથી પર્યાય થઈ. એમ જવાબ આપ્યો હતો. કાંઈ ખબર ન મળે. મોટા આચાર્ય (કહેવાય). સમજાણું? દસ પરમાણુ છે ને? આ દસ રજકણો છે. આ તો સ્થુળ છે. પણ એનો પોઈન્ટ, છેલ્લો રજકણ, છેલ્લો ટુકડો, છેલ્લો. એક, બે, ત્રણ એમ દસ પરમાણુંનો પિંડ હોય, એ વિભાવિક પર્યાય છે. અને પછી પાંચ પરમાણુ ભેગા થાય તો પંદર પરમાણુનો સ્કંધ થાય. જુઓ પર્યાયમાંથી પર્યાય થઈ કે નહિ? ક્યાં થઈ પર્યાયમાંથી પર્યાય? દલીલ તો શું કરીએ હવે. એ તો દસ પરમાણુની પર્યાયનો સ્કંધ હતો, એનો વ્યય થઈને પાંચ ભેગા થઈને ઉત્પાદરૂપે પંદર પરમાણુના સ્કંધની પર્યાય ઉત્પન્ન થઈ. નવી થઈ. પર્યાયમાંથી પર્યાય ક્યાંથી આવી? અરે..! મૂળ તત્ત્વની વાતની ખબર ન મળે. અને આ ધર્મ-ધર્મ-ધર્મ જગતમાં ચાલે. ધૂળમાં પણ ધર્મ નથી ક્યાંય. શેત્રુંજયમાં નથી અને સમ્મેદશિખરમાં પણ નથી.

મુમુક્ષુ :– પરમાં ક્યાં છે...

ઉત્તર :– અપાસરામાં પણ નથી અને દેરાસરમાં પણ નથી.

મુમુક્ષુ :– અહીં તો છે.

ઉત્તર :– આત્મામાં છે. સમજાણું કાંઈ? આત્મા અનંતઆનંદ આદિ સ્વભાવ, એની જે કારણપર્યાય, એમાંથી આ પર્યાય પ્રગટ થાય છે, ધ્રુવમાંથી આ પર્યાય ઉત્પાદ થાયછે.

મુમુક્ષુ :– આ પર્યાય તો અમૂર્ત અને પેલી મૂર્ત...

ઉત્તર :– બન્ને અમૂર્ત છે. બન્ને અમૂર્ત છે. કેવળજ્ઞાનપર્યાય અમૂર્ત છે. એ તો આવી ગયું ને. અહીંયા શુદ્ધ ચાલે છે. તે અંદર આવી ગયું ને? સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળી શુદ્ધસદ્‌ભૂત વ્યવહારનય. વ્યંજનપર્યાય બીજી. તે વાત અહીંયા નથી. નીચે તો અંદર અર્થપર્યાય જે ત્રિકાળ. આહાહા..!

**'કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે.'** 'કાંતિભાઈ'એ કાલે પ્રશ્ન કર્યો હતો ને. મનન કરવાથી. કાલે પૂછ્યું હતું ને. એ આમાં મનન કરવાથી નથી. એ 'નિયમસાર'માં મનન કરવાથી શબ્દ પડ્યો છે. ભાઈમાં 'શીતળપ્રસાદ'માં. 'શીતળપ્રસાદ' માં છે, ખબર છે. એમાં છે.કારણશુદ્ધપર્યાયનું મનન કરવાથી. એમ શબ્દ ત્યાં 'શીતળપ્રસાદ'માં પડ્યો છે. તે દિ' વાંચ્યુ હતું. જૂની બુકમાં. અહીં નથી મુક્યું? કાલે મુક્યું હતું. મનનનો અર્થ કે અંતર એકાગ્રતા. પાછો કોઈ મનનનો અર્થ એવો કરી નાખે કે વિકલ્પથી આમ ચિંતવે. એમ નહિ. અંતર આનંદમૂર્તિ ભગવાન, શુદ્ધ આનંદનું ધામ આત્મા, એમાં અંદર સ્થિર થઈ જવું. એનાથી એને કેવળજ્ઞાન આદિ પ્રગટે છે. કહો, સમજાણું કાંઈ?

**'પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.'** એ.. 'પ્રકાશદાસજી'! ક્યારેય સાંભળ્યું પણ નથી

એટલે સમજવામાં કઠણ પડે એવી વાત છે. આ આત્મા વસ્તુ છે ને? વસ્તુ. અસ્તિ છે ને? સત્તાવાળો પદાર્થ છે. આ શરીર એ તો માટી-જડ છે. આની સત્તા તો જડ છે. એની સત્તાનું હોવાપણું ચૈતન્યમાં નથી અને ચૈતન્યની સત્તાને લઈને આ બધી સત્તાવાળી ચીજો છે, એમ નથી. આ તો ભિન્ન-ભિન્ન ચીજ છે. જડ માટી છે, ધૂળ છે. આત્મા એક સત્તાવાળી, હોવાવાળી ચીજ ભગવાન અંદર છે. એમાં અનંતજ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ચતુષ્ટય શક્તિરૂપે, ધ્રુવરૂપે પડ્યા છે. એવા અનંતજ્ઞાન, દર્શન, આનંદના ચતુષ્ટય ચાર સ્વરૂપસહિત, અનાદિ-અનંત દરિયાની સપાટીની પેઠે કારણશુદ્ધપર્યાય જે ધ્રુવ છે. એમાં એકાગ્ર થવાથી પરિણામને પરિણામીમાં એકાકાર કરવાથી એને ધર્મની પર્યાય પ્રગટ થઈ અને પૂર્ણ પર્યાય કેવળજ્ઞાન આદિ પ્રગટ થાય છે. આવી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે આ બાજું આવ્યું. ૩૯ પાને. **'પર્યાયી આત્માના જ્ઞાન વિના...'** શું કહે છે? પર્યાયી એટલે પર્યાયનો ધરનાર એમ વ્યવહારે તો અહીં કહેવું છે ને. એવો દ્રવ્યસ્વભાવ ભગવાનઆત્મા. પર્યાયી આત્મા એટલે પર્યાયવાળો દ્રવ્ય આત્મા, એમ. ભગવાનઆત્મા **'પર્યાયી..'** એટલે દ્રવ્યસ્વભાવવાળો આત્મા, એના **'જ્ઞાન વિના...'** વસ્તુ ભગવાન શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ધ્રુવ, નિત્યાનંદ, સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. કેવળજ્ઞાની તીર્થંકરને એ પ્રગટ્યો છે એ અવસ્થા અંદરમાં હતી એમાંથી પ્રગટેલી છે. એ કાંઈ બહારથી આવતી નથી. સમજાણું કાંઈ? એવો જે ભગવાનઆત્મા, **'પર્યાયી આત્મા...'** એમ. પર્યાયી એટલે દ્રવ્યઆત્મા એમ. પર્યાય આત્મા નહિ પણ **'પર્યાયી આત્મા...'** એટલે દ્રવ્યઆત્મા. પર્યાયનો ધારણ કરનારો આત્મા, એ જરી કઠણ પડે એટલે આમ કરી નાખ્યું. જેમ પર્યાયને ધારણ કરનારો પછી દ્રવ્ય પર્યાયને ધારણ કરે છે. પ્રમાણની અપેક્ષાએ એ બરાબર છે. પ્રમાણની અપેક્ષાએ દ્રવ્ય પર્યાયને ધારણ કરે છે, એ અપેક્ષાએ બરાબર છે. પણ નિશ્ચયની અપેક્ષાએ દ્રવ્ય પર્યાયને ધારણ કરતું નથી. બહુ ઝીણું, બહુ. વીતરાગ માર્ગ બહુ ઝીણો છે. અત્યારે તો બધું ગપેગપ ચાલે છે ચારે કોર. સમજાણું કાંઈ? મૂળ માર્ગ મૂકીને બીજે (ચાલવા માંડ્યા). આહાહા..! **'પર્યાયી..'** એટલે કે દ્રવ્ય. પર્યાયવાળો. એમ પાછું કીધું. દ્રવ્ય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના ના. પર્યાયવાળો એમ કહેવું એ વ્યવહાર છે, એમ. પણ ખરેખર એ પર્યાયવાળો એટલે? પર્યાય જેની અવસ્થામાં છે એવું જે દ્રવ્ય. આત્મામાં આનંદ છે એ આનંદ ત્રિકાળી છે. આત્મામાં અતીન્દ્રિય આનંદનો રસ છલોછલ ભર્યો છે. આહાહા..! એ પર્યાયીઆત્મા. સમજાણું કાંઈ? એની દશામાં હાલતમાં પ્રગટ થાય, એ તો પર્યાય છે, એ અવસ્થા છે.

જેમ ચોસઠ પહોરી પીપરમાં તિખાશ ભરી છે. એ ચોસઠ પહોરી પૂરેપૂરી ભરી છે. એમાંથી પ્રગટે છે. એમાંથી પ્રગટે છે તે પર્યાય છે. ચોસઠ પહોરી બહાર પ્રગટે ને? એમ આ આત્મા, ચોસઠ

એટલે રૂપિયે-રૂપિયો પૂર્ણ આનંદનું ધામ આત્મા છે. એમાં અનંતઆનંદ છે. જેનો સ્વભાવ છે તેની મર્યાદા શું હોય? એના ક્ષેત્રનું નાનાપણું દેખીને એના ભાવનું નાનાપણું જાણવું એ ભ્રમ છે. સમજાણું કાંઈ? એનું ક્ષેત્ર શરીર પ્રમાણે ભિન્ન છે. આટલું ક્ષેત્ર છે માટે તેનો ભાવ અપરિમિત નથી અને પરિમિત છે, એમ નથી. 'પંડિતજી'! આહાહા..!

ભગવાનઆત્મા પોતાના સ્વક્ષેત્રમાં છે. આ શરીરના રજકણમાં એ નથી. એ તો અંદર જુદી ચીજ છે. આ તો માટી છે. અજીવ, ધૂળ, માટી પરમાણુ પુદ્‌ગલ છે. એમાં આત્મા નથી અને આત્મામાં આ નથી. આત્મામાં તો અનંતજ્ઞાન આનંદ આદિ ધામ સ્વરૂપ ભગવાન પરિપૂર્ણ છલોછલ ભરેલું છે. પણ રાગ ને નિમિત્ત ને એક સમયની પર્યાયની રમતમાં તેને ભગવાનઆત્મા દેખાતો નથી. સમજાણું કાંઈ? અનાદિથી ધર્મને નામે જૈનનો સાધુ થયો, દિગંબર થયો, મુનિ થયો, જંગલમાં રહ્યો, પંચમહાવ્રત પાળ્યા પણ એ બધી એક સમયની પર્યાયની રમતમાં રમતો હતો. એ પર્યાય વિનાનું આખું દ્રવ્ય છે એમ એની ઉપર એની દૃષ્ટિ કરી નથી. આહાહા..!

**'પર્યાયી આત્માના જ્ઞાન વિના...'** ભગવાનઆત્મા શુદ્ધ આનંદધામ, જેના આનંદને લેવા માટે ક્યાંય બહારમાં જરૂર નથી. આહાહા..! જેને ધર્મ કરવા માટે બહારના કોઈ આશ્રય અને આલંબનની જરૂર નથી. એને ધર્મ કરવા માટે દ્રવ્યના આલંબનની જરૂર છે, એમ કહે છે. એ વાતું જરા સમજવા જેવી છે. બાકી પર્યાય પોતે છે એ કહે છે કે હું તારું આલંબન લેતી નથી. હું એક સત્ છું. આ તો પરાશ્રયમાંથી કાઢવા અહીં આલંબન લે છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– વલણ ત્યાં છે.

ઉત્તર :– વલણ થાય છે ને. એ અપેક્ષાએ ત્યાં દ્રવ્યનું આલંબન લીધું (એમ કહેવાય છે). બાકી પર્યાય તે સત્ છે કે નહિ? આ પ્રભુ મહાસત્ છે તો આ પણ ક્ષણિક સત્ છે. ક્ષણિક સત્ પણ દ્રવ્ય સત્‌નું આલંબન લેતી નથી. આહાહા..! આલંબન એટલે? એનો આધાર લઈ લે તો બે એક થઈ જાય. જુદી રહીને, દ્રવ્ય ઉપર ધ્યેય કરીને પર્યાય પ્રગટ થાય છે. આ કઈ જાતનો ધર્મ?

મુમુક્ષુ :– અરે..! પ્રભુ! વીતરાગનો આપે દર્શાવ્યો, બાપુ!

ઉત્તર :– કોઈ કહે, આવો જૈન ધર્મ હોય? ભાઈ! જૈનધર્મ તો આ લીલોતરી ન ખાવી, કંદમુળ ન ખાવા, ચોવિયાર કરવા, ફલાણું.. અત્યાર સુધી તો આવું સાંભળ્યું. આઠમ, ચૌદશ, પાખીના અપવાસ કરવા, સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા, આવું સાંભળીએ. બાપા! એ વાતું બીજી અને ધર્મ બીજી ચીજ છે, ભાઈ! વીતરાગનો ધર્મ કોઈ બીજી ચીજ છે. એ તો બધા વિકલ્પની ક્રિયાના, રાગની ક્રિયાની વાતું છે. સમજાણું કાંઈ? આહાહા..! એ.. 'પ્રકાશદાસજી'! બહુ ઝીણું છે, હોં! આહાહા..!

પ્રભુ કેટલો ઝીણો! કે જેની એક સમયની પર્યાયમાં શ્રુતજ્ઞાનની પ્રગટ પર્યાયમાં લોકાલોક સમાઇ જાય તો પણ એ પર્યાય ઘણું જાણવાને બાકી રહી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી એની એક સમયની પ્રગટ પર્યાયની આટલી તાકાત! લોકાલોકને જાણે છતાં જાણવાનું હોય એ પૂરું જાણે એવી એની તાકાત છે. એક સમયની પ્રગટ દશામાં. તો આખો ભગવાન પરિપૂર્ણ છે. **'પર્યાયી આત્મા...'** એ.. 'પ્રેમચંદભાઈ'! ભારે વાતું આ. ધર્મ નહિ પણ ધર્મના નામે અત્યાર સુધી બધા ઢસરડા કર્યા છે.

આ વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં ધર્મનું આવું સ્વરૂપ કહેતા હતા. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અંતર્મુખ સ્વભાવથી ભરેલો પ્રભુ! એને અહીં પર્યાયઆત્મા કહેવામાં આવે છે. આહા..! એના **'જ્ઞાન વિના...'** એના જ્ઞાન વિના **'આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે;...'** એ આત્મા તો એક સમયની દશાવાળો છું, એમ એ માને છે. આહાહા..! રાગવાળો માને, પુણ્યવાળો માને, કર્મના સંબંધવાળો માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. પણ એક સમયની પર્યાયસ્વભાવવાળો હું છું, એ માન્યતા પણ મિથ્યાદૃષ્ટિની છે. આ બધી આકરી વાતું છે, 'શેઠી'!

મુમુક્ષુ :– એક સમયની પર્યાયવાળો માન્યો.

ઉત્તર :– એક સમયની પર્યાય જેવડો માનવો એ તો મિથ્યાદૃષ્ટિ છે. ત્રિકાળ જ્ઞાયકભાવ ભગવાન ધ્રુવસ્વરૂપ, એના જ્ઞાન વિના પર્યાયસ્વભાવવાળો ચાર ગતિમાં રખડે છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'પર્યાયી આત્માના...'** વસ્તુ... વસ્તુ... વસ્તુ... ભગવાન અંતર વસ્તુ, એમાં અનંતાગુણોનો વાસ વસેલો છે. એવી જે વસ્તુ, એના જ્ઞાન વિના. અહીં એમ નથી કહ્યું કે એણે આ દયા, દાન, ને વ્રત નહોતા પાળ્યા માટે આ રખડે છે. સમજાણું કાંઈ? એવું તો અનંતવાર પાળ્યું છે એણે. એ તો રખડવાના લક્ષણ છે એ અહીં સિદ્ધ કરે છે. એય..! આહાહા..! ફક્ત રખડવાનું કારણ, કે પોતે વસ્તુ ભગવાન દ્રવ્યસ્વભાવ ચૈતન્ય ધ્રુવ, જેમાં પરિણામનો એક અંશનો પણ જેની અંદર પ્રવેશ નથી, એ પરિણામથી તો એ વસ્તુ ભગવાન ખાલી શૂન્ય છે. અને તેના ત્રિકાળી સ્વભાવભાવથી તે લવ-લવ ભરેલો, ભરેલો લવા-લવ છે. એમાં તો અનંતી કેવળજ્ઞાન અને અનંતા આનંદની પર્યાયનું સત્ત્વરૂપ શક્તિ તો આખી ભરી છે. સમજાણું કાંઈ? મૂળ આત્માની ખબર નહિ. અને આ આત્મા સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. બીજા બધા વાતું કરે કે આત્મા આમ છે, અદ્વૈત છે, વ્યાપક છે, ઢીકણું છે તેનું ધ્યાન કરો. શેના ધ્યાન? વસ્તુનું ભાન ન હોય એને ધ્યાન ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રના જ્ઞાન વિના એમ નથી કહ્યું આમાં. નવતત્ત્વના જ્ઞાન વિના રખડે છે, એમ પણ નથી કીધું.

મુમુક્ષુ :– પ્રભુ! ... ભૂમિકા એ પહેલા એનું...

ઉત્તર :– એ પહેલા અને પછી કાંઈ છે નહિ. એ પછી કરશે એનું પછી રહી જશે. એય..!

મુમુક્ષુ :– આ વસ્તુ સમજાવનાર દેવ-ગુરુ-શાસ્ત્ર...

ઉત્તર :– એ દેવ-ગુરુ-શાસ્ત્ર-બાસ્ત્ર એમાં ક્યાંય છે નહિ. અહીં તો કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર જે પર્યાયે જાણ્યા એ પર્યાય એમાં નથી. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય છે એ દ્રવ્યમાં નથી. એ.. 'લાલજીભાઈ'! આ તો બધી રમતું જુદી જાતની છે. આહાહા..! વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર, ત્રિલોકનાથ તીર્થંકરદેવના માર્ગની રીત કોઈ જુદી છે. જગત ક્યાંક ચાલે છે અને માને છે કે અમે ભગવાનનો ધર્મ કરીએ છીએ. સમજાણું કાંઈ?

અહીં તો બે વાત લીધી કે **'પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા (પોતે) પર્યાયસ્વભાવવાળો હોય છે;...'** દ્રવ્યસ્વભાવવાળો માન્યો નથી માટે પર્યાયસ્વભાવવાળો માન્યો છે એમ કહે છે. ભારે ટીકા ઓહોહો..! ટીકા તે કાંઈ ટીકા! આ એક લીટીમાં આટલું ભર્યું છે. ગજબ વાત છે. આહાહા..! **'પર્યાયી આત્માના જ્ઞાન વિના આત્મા...'** પોતે પોતાના ત્રિકાળી દ્રવ્યના જ્ઞાન વિના. એ આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે. એક સમયની અવસ્થાવાળો એ માને છે. બસ, માટે તે મિથ્યાત્વ છે અને એને લઈને ચાર ગતિના કારણ સેવે છે. સમજાણું કાંઈ? ઝીણું પડે, મોંઘુ લાગે એટલે બિચારા એ રસ્તેથી નીકળી ગયા. અને સોંઘુ પડે એમાં ઘૂસી ગયા. સોંઘુ નથી પણ મોંઘુ પડશે. રખડવાનો રસ્તો છે, સાંભળને. સમજાય છે કાંઈ? માણસને એમ લાગે કે આ તો સમજાય. પોષા કરવા, પડિક્કમણા કરો, અપવાસ કરો, અપવાસ આઠ દિ'એ ચોવિયારા કરી નાખો, લ્યો. પર્યુષણના આઠ દિવસના ચોવિયાર. લાંઘણુ છે તારી, સાંભળને હવે. એ.. લાંઘણ છે. કેમકે આત્મા શું ચીજ છે એ જ્ઞાન વિના એ બધું થોથા છે. સમજાણું કાંઈ? શું કરે છે ઇ? મહાજન પાસે જાય અને શું કરે છે. લાંઘણ કરે. શું કહે એ? ત્રાગા-ત્રાગા. એ ત્રાગા કરે છે ઇ. આત્મા અંતરમાં ભગવાન પરમેશ્વરે ત્રિલોકનાથે કહ્યો, એવું જે આત્માનું અંતર અનંતઆનંદનું મહાસ્વરૂપ, એના ભાન વિના એ બધા ત્રાગા કરે છે. ત્રાગા નહિ પણ કાંઈક બીજું. પૈસા માગવા માટે બાવા આવે છે ને? પછી પૈસો આપતા જરી વાર લાગે તો અહીં છરી મારે. અમને તો હિન્દી ભાષા બહુ આવડતી નથી. અહીં તો અમારી કાઠિયાવાડી ભાષા છે ને. બાવા આવે છે ને? બાવા. પૈસા દેવામાં થોડીવાર લાગે તો આમ છરી લગાડે. વળી બહુ આકરું થઈ જાય એટલે એ પૈસો આપે તો પાછું એને અડાડીને વળી એના ખોરડામાં નાખી દે. પૈસા લઈ લે ખરો પાછો. પાછું ઓલું લોહી નીકળ્યું હોય ને એને અડાડીને અંદર ખોરડામાં નાખી દે. અમે જોયું છે. અમારી દુકાને આવતા. અમે તો ઘણું જોયું છે ને. એમાં ભાઈ એકવાર તપી ગયા હતા. નહોતું આપ્યું તો એવું કર્યું હતું. એવું બધું ચાલે છે.

અહીં શું કહેવું છે? આહાહા..! અરે..! ભગવાન! તારો અંતર ભગવાન પર્યાય આત્મા વસ્તુસ્વરૂપ, એના જ્ઞાન વિના જે કાંઈ તારા એક અંશને પણ માનીને જે કાંઈ ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, તપ એ બધા ત્રાગા છે. લોહી નીકળે અને ખૂન છે. ચાર ગતિમાં રખડવાના એ ભાવ છે. એમ કહે છે. એય..! 'મલુપચંદભાઈ'! ... રાત્રે ઊંઘ નહિ આવતી હોય? કહો, સમજાણું આમાં? આહાહા..!

કહે છે કે છે તો સ્વભાવભાવવાળો આત્મા. ત્રિકાળ આનંદ આદિ વસ્તુ સ્વભાવ અંદર, એવી ત્રિકાળી શક્તિના સ્વભાવવાળું તત્ત્વ (છે). એના ભાન વિના, એના જ્ઞાન વિના, એની શ્રદ્ધા વિના, એવો આત્મા પર્યાયસ્વભાવવાળો, એક સમયની અવસ્થાના ભાવને માનનારો, જાણનારો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પહેલુંવહેલું છે ને આજ તો હજી. સવા આઠથી સવા નવ. નહિતર પાછું સવા નવનું ધ્યાન રાખવું. કારણ કે પહેલો દિવસ છે ને. કહો, સમજાણું આમાં? આહાહા..! ગજબ વાત કરી છે, હોં!

કહે છે, જેને ભગવાન એક સમયનો પ્રભુ! પૂર્ણમિદં આખો આત્મા, અનંતા અનંતા આનંદની દશા પ્રગટ પરમાત્માને થાય, એવી અનંતી દશાઓને અંદર સંઘરીને પડ્યો છે, એવો પિંડ પ્રભુ! એવા આત્માનું જેને સ્વસન્મુખનું જ્ઞાન નથી, એ એક સમયની પર્યાયવાળો, બહિર્મુખ દૃષ્ટિવાળો છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું, ભાઈ! અને વાણિયા બિચારા સાધારણ વેપારી હોય હવે એને સામાયિક કરવી હોય તો એક કલાક, બે કલાક મળે. કરી આવે. એને આવું સમજવું ભારે પડે. એ કરતા આઠમનો એક અપવાસ કરી નાખવો. ધૂળેય નથી. ત્રાગા છે તારા, સાંભળને. અધર્મ છે ત્યાં ધર્મ નથી. એય...! 'ચુનીભાઈ'! ભારે કામ આકરું, ભાઈ!

**'તેથી શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે,...'** ભાષા જુઓ! આહાહા..! પુસ્તક છે ને 'વજુભાઈ'? જુઓ! આ કાંઈક અલૌકિક વાતું છે. ત્યાં 'જલગામ'માં ક્યાંય ન મળે. વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવનું સ્વરૂપ છે આ. લોકો કહે, અમે ધર્મ કરીએ. ... જાવ ભગવાન કહે એ સાચું. પણ શું? હજી સમજ્યા વિના? સાચો શેનો તું? આપણે ભગવાન કહે એ સાચું. શું ભગવાન કહે એ સાચું? પણ તને ભાન તો કાંઈ નથી. ભગવાન આમ કહે છે, કે તારો સ્વભાવ એટલે ત્રિકાળી સ્વભાવ વસ્તુ, એના જ્ઞાન વિનાનો તું ખાલી, અને એક સમયની પર્યાયમાં રહેલો, રમતમાં રમતો, મિથ્યાદૃષ્ટિ છો. તેથી આવો જીવ **'શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે,...'** વસ્તુમાં નથી પણ પર્યાયની દૃષ્ટિવાળો છે તેથી તે પર્યાયમાં શુભાશુભ પરિણામ કરી અને મનુષ્ય થાય છે. પર્યાય જ્ઞાનવાળો આત્મા તે મનુષ્ય થતો જ નથી. એને શુભાશુભ પરિણામ હોતા જ નથી. આહાહા..!

મુમુક્ષુ :– એને ક્યાં ચારમાં ગતિમાં ક્યાંય નથી.

ઉત્તર :– પણ પરિણામ જ નથી. વિકલ્પ ક્યાં છે એને? એ તો ભિન્ન છે. સમજાણું કાંઈ?

કહે છે, **'તેથી શુભાશુભરૂપ મિશ્ર પરિણામ..'** મનુષ્ય છે ને? મનુષ્ય. વ્યવહારે મનુષ્ય થાય. નિશ્ચયથી કાંઈ આત્મા મનુષ્ય થઈ જતો નથી, એમ કહે છે. પર્યાયદૃષ્ટિવાળો એટલે વ્યવહારદૃષ્ટિવાળો વ્યવહારે મનુષ્ય થાય છે, એમ કહે છે. ભારે ભાઈ! માણસ પાસે ધર્મ એવો પિરસાણો છે ને કે જેમાં ધર્મની ગંધ નથી. એવું પિરસાણું છે. અને થાળી ભરીને ખાવા બેસી ગયો. પથરા પિરસ્યા, પથરા. 'પંડિતજી'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ વળી જુદી વાત છે. અત્યારે એ વાત ક્યાં છે. ક્યાંકનું ક્યાંક લગાવે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે, આ આત્મા વસ્તુ ભગવાનઆત્મા, સિદ્ધ સમાન પોતાનું સ્વરૂપ. અરે..! સિદ્ધની પર્યાયનું સદૃશપણું પણ જેના દ્રવ્યને લાગુ પડતું નથી. એવી સિદ્ધની અનંતી પર્યાય જેના અંતરમાં આત્મામાં છે, એવો આ ભગવાનઆત્મા દેહના પરમાણુના મંદિરમાં અંદર બિરાજમાન છે. જે તીર્થંકરો, સર્વજ્ઞો થયા, એ બધા એ દશાઓ ક્યાંથી આવી? એ અંતર વસ્તુના સ્વભાવમાં હતી એમાંથી આવી છે. એવા આત્માના જ્ઞાન વિનાના પ્રાણીઓ, અનાદિકાળથી શુભ અને અશુભ મિશ્રભાવ કરે (અને) મનુષ્ય થાય. ચાર ગતિમાં રખડે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આ દેહમાં ચૈતન્યમૂર્તિ પ્રભુ (બિરાજે છે). આ રજકણ તો માટીના હાડકા છે આ તો. એનાથી (ભિન્ન) અમૃતનો સાગર અંદર પ્રભુ (બિરાજે છે). એના ભાન વિના, એના જ્ઞાન વિના, એનો આશ્રય લીધા વિના, અનાદિથી અજ્ઞાની એક સમયની દશાની રમતમાં રમતો, એને શુભાશુભ પરિણામ થાય ત્યારે મનુષ્ય થાય. વ્યવહારે મનુષ્ય થાય. નિશ્ચયથી કાંઈ આત્મા મનુષ્ય થતો નથી. આહાહા..!

**'તેનો મનુષ્યાકાર તે મનુષ્યપર્યાય છે;...'** લ્યો ઠીક. **'તેનો મનુષ્યાકાર તે મનુષ્યપર્યાય છે;...'** આહાહા..! જુદી જાતની ટીકા જ ભારે કરી છે. આહાહા..! **'કેવળ અશુભ કર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે,...'** નારકીમાં અનંતવાર ગયો. કેમ? કે, પર્યાયદૃષ્ટિવાળો, એક સમયની અવસ્થાની રમતમાં રમતો, વસ્તુના સ્વભાવની સન્મુખતાને છોડતો, એક સમયની દશામાં રમતો એણે નરકના એવા અશુભ પરિણામ કર્યાં (કે એ) મરીને નરકમાં ગયો. પર્યાયદૃષ્ટિવાળો આવા ભાવ કરે એ નરકમાં જાય, એમ કહે છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો મિથ્યાદૃષ્ટિની જ આ વ્યાખ્યા છે. પર્યાયસ્વભાવવાળો એટલે જ મિથ્યાદૃષ્ટિ. આહાહા..! હમણા તો આ 'નિયમસાર'

ચાલે છે. બપોરે વળી 'સમયસાર નાટક' ચાલે છે. બન્ને વાર આ ઠીક ચાલે છે, લ્યો. આ તો સમજવાની ચીજ છે. વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. આહાહા..!

વસ્તુ ભગવાનઆત્મા, કહે છે કે પોતાની જાત, નિત્યાનંદની જાત છે એ તો. પૂર્ણ શાંતિ અને પૂર્ણ જ્ઞાનની જાતવાળું તત્ત્વ આત્મા છે. એવા પૂર્ણ આત્માને કૃત્યકૃત્ય છે, પરિપૂર્ણ છે, અચળ છે, અવિનાશી છે, ધ્રુવ છે, નિત્ય છે, અભેદ છે. એવા આત્માના જ્ઞાન વિના, એના ભાન વિના એને આવું અનંતવાર મિશ્ર પરિણામ પણ કર્યાં. તેથી એને મનુષ્યપણું મળ્યું. અશુભભાવ કર્યાં (તો) નરક ગયો, નારકી થયો. સમ્યગ્દૃષ્ટિ નારકી અને મનુષ્ય થતો નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ તો આત્માના દ્રવ્યસ્વભાવના ભાનવાળો, એની ભાનની દશામાં તો વીતરાગતા જ ઉત્પન્ન હોય છે. એથી એને ચાર ગતિ અને ચાર ગતિના કારણો, સમ્યગ્દૃષ્ટિ એનાથી દૂર થઈ ગયો છે. સમજાણું કાંઈ? 'જેઠાભાઈ'! દૂર થઈ ગયો. આહાહા..!

અશુભભાવ કરવાથી. ઓલામાં મિશ્ર પરિણામથી કહ્યું હતું. અહીં વળી **'અશુભ કર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે,...'** એમ કહ્યું છે. ઓલામાં પરિણામ કહ્યા હતા. પણ અહીં સમજી લેવું. કેવળ અશુભભાવથી અને એનું અશુભ કર્મ બંધાવાથી **'વ્યવહારે આત્મા નારક થાય છે,...'** તે આત્મા અંતર સ્વરૂપના સમ્યક્ ભાન વિના. પંચમહાવ્રત પાળનારો જૈનનો સાધુ પણ અનંતવાર થયો. હજારો રાણીને છોડી જંગલમાં રહેનારો, પણ પર્યાયસ્વભાવવાળો, દ્રવ્યસ્વભાવવાળો નહિ. સમજાણું કાંઈ? આહાહા..! **'તેનો નારક-આકાર તે નારકપર્યાય છે;...'**

**'કિંચિત્‌શુભમિશ્રિત માયાપરિણામથી આત્મા વ્યવહારે તિર્યંચકાયમાં જન્મે છે,...'** કાંઈક શુભમિશ્રિત લીધું. માયા, કપટ, કુટિલતા. આત્માનું દર્શન નથી, આત્માનું જ્ઞાન નથી, આત્મા કોણ છે એનું ભાન નથી. એ ભાન વિનાનો, એક સમયની પર્યાયમાં જ ઊભો રહેલો, એને આવા માયાના, કપટના પરિણામ થયા (એ) મરીને ઢોર થાય. કહો, સમજાણું કાંઈ? પશુ-પશુ. કિંચિત્ શુભ થોડું ભેગું. **'આત્મા વ્યવહારે તિર્યંચકાયમાં જન્મે છે, તેનો આકાર તે તિર્યંચપર્યાય છે;...'**

**'અને કેવળ શુભકર્મથી વ્યવહારે આત્મા દેવ થાય છે,...'** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કરુણા, કોમળતા, એવા પરિણામ પર્યાયદૃષ્ટિવાળાને હોય છે. શું કીધું સમજાણું? મિથ્યાદૃષ્ટિને હોય છે. સમ્યગ્દૃષ્ટિને એ પરિણામ હોતા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! **'કેવળ શુભ...'** એકલા પુણ્ય પરિણામ કર્યાં. દેવ થાય. આત્મા અંતર આનંદની મૂર્તિ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો, એવા વસ્તુના સ્વભાવનું જ્ઞાન નહિ, વસ્તુના સ્વભાવની દૃષ્ટિ સમ્યક્ નહિ. એક

સમયની પર્યાયની રમતમાં મિથ્યાજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિ આવા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અનંતવાર કર્યા અને એને લઈને દેવ થયો. સમજાણું કાંઈ?

**'શુભ કર્મથી...'** કહ્યું છે ને? ઓલામાં માયાપરિણામ લીધા. ઓલામાં સમુચ્ચય પરિણામ પહેલા, બીજામાં અશુભ કર્મ લીધું, ત્રીજામાં પાછા માયાપરિણામ લીધા, ચોથામાં પાછુ કેવળ શુભકર્મ લીધું. એ તો બધું એક જાત બતાવે છે. પરિણામ અને કર્મ... પરિણામ અને કર્મ... સમજાણું કાંઈ? કેવળ શુભભાવથી એકલા શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, આમ મહિના મહિનાના વર્ષીતપના પારણા આદિના ભાવ છે ને એ શુભરાગ છે, પણ છે મિથ્યાદૃષ્ટિ. કેમકે, એને સ્વભાવની દૃષ્ટિ અને વસ્તુની દૃષ્ટિની ખબર નથી. એવા પર્યાયના એક સમયના અંશને માનનારા મિથ્યાદૃષ્ટિ આવા પરિણામ કરે તો દેવ થાય. **'તેનો આકાર તે દેવપર્યાય છે.'** લ્યો, આકાર, હોં! **'આ વ્યંજનપર્યાય છે.'** આ વ્યંજનપર્યાય મિથ્યાદૃષ્ટિને મળે એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિને નહિ. કારણ કે એ તો ચાર ગતિ અને ચાર ગતિના ભાવથી ભિન્ન છે. સ્વભાવથી અભેદ છે અને પરથી ભિન્ન છે. આહાહા..!

મુમુક્ષુ :– વ્યવહારથી મુક્ત?

ઉત્તર :– મુક્ત જ છે. વ્યવહારથી મુક્ત જ છે. આ તો પર્યાયદૃષ્ટિવાળો તો વ્યવહાર સહિત જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવો ધર્મ ક્યાંથી કાઢ્યો હશે આ? કોઈ કહે, 'સમયસાર' આ નવું કાઢ્યું લાગે છે. ક્યાંથી શું, અનાદિનો માર્ગ ભગવાનનો છે આ. કોઈનો કાઢેલો છે? અનાદિ તીર્થંકર કેવળીઓ પરમાત્મા એમ કહેતા આવ્યા છે. અત્યારે મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. એ બિરાજે છે એ કહે છે, અનંતા થશે એ એમ જ કહેશે અને એમ જ એની રીત છે. આહાહા..! સત્ય હોય એમ સત્ય કહે.

**'આ વ્યંજનપર્યાય છે. આ પર્યાયનો વિસ્તાર અન્ય આગમમાં જોઈ લેવો.'** અહીં કેવું છે શું? કે આવી વ્યંજનપર્યાય ચાર ગતિની મિથ્યાદૃષ્ટિને મળે છે. જેને આત્માના સ્વભાવની દૃષ્ટિનું ભાન નથી એને અંશ ઉપર જેની રમતું છે, એ પરિણામમાં રમનારો છે. પરિણામ પરિણામી સાથે જેણે જોયા નથી. સમજાણું કાંઈ? ઓલા ચોપડા વાંચ્યા કરે તો એમાંથી કાંઈ આવું નીકળે નહિ. આહાહા..! આ તો ભગવાનના દરબારની વાત છે, ભાઈ! પરમેશ્વર ત્રિલોકનાથ. આહાહા..! એવી વાત બીજે ક્યાંય છે નહિ.

**'[હવે ૧૫ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]'** લ્યો. ૨૭.

**अपि च बहुविभावे सत्ययं शुद्धदृष्टिः**

**सहजपरमतत्त्वाभ्यासनिष्णातवुद्धिः।**

**सपदि समयसारान्नान्यदस्तीति मत्त्वा**
**स भवति परमश्रीकामिनीकामरूपः ।।२७।।**

આહાહા..! જુઓ! હવે શું કહે છે? કહે છે કે અજ્ઞાનીના તો વિભાવભાવ જે છે એ પર્યાયબુદ્ધિવાળો છે માટે ચાર ગતિનું કારણ (છે). હવે ધર્મીને? જેને આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ થઈ, દ્રવ્યસ્વભાવનું ભાન થયું. એને **'વિભાવ હોવા છતાં પણ,...'** એની પર્યાયમાં વિભાવો **'હોવા છતાં પણ, સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે...'** આહાહા..! સમજાય છે? એ તો આત્મા ભગવાન, સહજ પરમ તત્ત્વ, સ્વભાવિક પરમસ્વરૂપ ભગવાનઆત્મા, એના **'અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે...'** કહો, સમજાણું કાંઈ? ઓલો પર્યાયસ્વભાવવાળો લીધો. હવે દ્રવ્યસ્વભાવવાળાને શું થાય એમ કહે છે. સમજાણું કાંઈ?

**'બહુ વિભાવ હોવા છતાં પણ,...'** ધર્મીજીવને, સમ્યગ્દૃષ્ટિને વસ્તુ જે ત્રિકાળ દ્રવ્યસ્વભાવ, એનો એમાં અભ્યાસ હોવાથી આ વિભાવનો અભ્યાસ એને નથી, એમ કહે છે. વિભાવ હોવા છતાં વિભાવનો અભ્યાસ જ્ઞાનીને નથી. **'સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે...'** નિપુણ છે ને. આવ્યું હતું ને? નિષ્ણાંત છે. આ માણસ નથી કહેતા? આ બાબતમાં આ માણસ નિષ્ણાંત છે. ભગવાન કહે છે કે જેની બુદ્ધિ આત્મા માટે નિષ્ણાંત છે. **'સહજ પરમ તત્ત્વના (અંતરમાં) અભ્યાસ...'** કરવામાં, અંતર્મુખ જવામાં જેની બુદ્ધિ નિષ્ણાંત છે. આહાહા..!

**'એવો આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ,...'** અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવિણ છે એમ લીધું. જ્ઞાન લીધું. **'એવો આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ, 'સમયસારથી અન્ય કાંઈ નથી'...'** આવો જે ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ! એ સિવાય કાંઈ બીજી ચીજ નથી. **'એમ માનીને, શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે.'** ઓલો ચાર ગતિમાં રખડે છે. આત્માના વસ્તુ પર્યાય આત્માના ભાન અને શ્રદ્ધા અનુભવ વિના, એક સમયની પર્યાયની રમતવાળો ચાર ગતિમાં રખડે છે. વસ્તુ સ્વભાવ હોવા છતાં તેનું જ્ઞાન નથી એટલે આમાં રખડે છે. આને વિભાવ હોવા છતાં, સ્વભાવિક પરમતત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ નિષ્ણાંત થઈ ગઈ છે.

અ..હો..! હું તો એ પુણ્ય-પાપની ક્રિયાના વિકલ્પથી પણ ભિન્ન છું. એ દયા, દાન, વ્રતના વિકલ્પ પણ વિભાવ અને આસ્રવ છે. એવો જેને આત્મતત્ત્વનો અંતરમાં અભ્યાસ થયો છે, એને 'સમયસાર'થી અધિક કાંઈ નથી. એ ભગવાનઆત્માથી ઊંચી ચીજ કોઈ નથી. એવી અંતરદૃષ્ટિ અને જ્ઞાનની રમણતા હોવાથી. જુઓને! છે ને? પહેલું જ્ઞાન લીધું અને પછી દૃષ્ટિ લીધી. 'સમયસાર' જેવું બીજું કાંઈ નથી. એમાં રમે છે. **'શીઘ્ર પરમશ્રીરૂપી...'** એ અલ્પકાળમાં મુક્તિરૂપી

સુંદરીનો વલ્લભ એટલે મુક્તિપણાની પર્યાયને પામે છે. ઓલો મિથ્યાદૃષ્ટિ ચાર ગતિને પામે, સમ્યગ્દૃષ્ટિ મુક્તિને પામે, એમ બે વાત લીધી. વિશેષ લેશું...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ફાગણ વદ ૧૪, ગુરુવાર, તા. ૨૫-૩-૧૯૭૧**
**ગાથા ૧૬-૧૮, શ્લોક ૨૮-૨૯, પ્રવચન નં. ૨૪**

૧૬મી ગાથા. ૧૫ ગાથા થઈ. 'નિયમસાર' જીવ અધિકાર.

**माणुस्सा दुवियप्पा कम्ममहीभोगभूमिसंजादा।**
**सत्तविहा णेरइया णादव्वा पुढविभेएण ।।१६।।**

૧૭ (સાથે)

**चउदहभेदा भणिदा तेरिच्छा सुरगणा चउब्भेदा।**
**एदेसिं वित्थारं लोयविभागेसु णादव्वं ।।१७।।**
**છે કર્મભૂમિજ ભોગભૂમિજ—ભેદ બે મનુજો તણા,**
**ને પૃથ્વીભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા. ૧૬.**
**તિર્યંચના છે ચૌદ ભેદો, ચાર ભેદો દેવના;**
**આ સર્વનો વિસ્તાર છે નિર્દિષ્ટ લોકવિભાગમાં. ૧૭.**

એની ટીકા. ૧૬, ૧૭ ની ટીકા :– **'આ, ચાર ગતિના સ્વરૂપનિરૂપણરૂપ કથન છે.'** ચાર ગતિના સ્વરૂપના (નિરૂપણરૂપ) કથન (છે). નિરૂપણ એટલે કહેવારૂપ. **'મનુનાં સંતાન તે મનુષ્યો છે.'** મનુ છે ને? મનુ–કુલકર. અન્યમતિમાં આવે છે મનુઃસ્મૃતિ ગ્રંથ. આ કુલકરો જે છે ને? નીચે છે, જુઓ! **'ભોગભૂમિના અંતમાં...'** આ ભોગભૂમિ હોય છે ને? જુગલિયા. એના અંતમાં જુગલિયા પૂરા થાય ત્યારે એમ મનુષ્ય ભૂમિમાં. **'કર્મભૂમિના આદિમાં...'** જેમ ઋષભદેવ ભગવાન પહેલા પછી ભોગભૂમિનો અંત આવી ગયો અને ત્યાંથી કર્મભૂમિની શરૂઆત થઈ ગઈ. ઋષભદેવ ભગવાનથી. **'થતા કુલકરો...'** એમાં થતાં કુલકર. જો કે ઋષભદેવ ભગવાન પહેલા પણ કુલકર હોય છે. **'મનુષ્યોને આજીવિકાનાં સાધન શીખવીને...'** એ વખતે આજીવિકાના સાધન, કલ્પવૃક્ષ સુકાઈ ગયા, કલ્પવૃક્ષ નહોતા એટલે કુલકરો આજીવિકાના સાધન શીખવે. ઋષભદેવ ભગવાન પણ છેલ્લા કુલકર હતા.

**'લાલિત-પાલિત કરે...'** વ્યવહારની વાત છે. રાજા પોતે એ વખતે કુલકર બુદ્ધિવાળા એ હોય. સાધારણ પ્રાણી લાખો-કરોડો, એને બીજું સાધન ન મળે. જુગલિયા હતા. કલ્પવૃક્ષથી જીવતા. કલ્પવૃક્ષ તો ખલાસ થઈ ગયા. એ વખતે આ મનુષ્ય–કુલકરો **'લાલિત-પાલિત કરે છે તેથી તેઓ મનુષ્યના પિતા સમાન છે. કુલકરને મનુ કહેવામાં આવે છે.'** લ્યો. આ મનુ શબ્દ પડ્યો છે ખરો ને. એ બધા કુલકરો છે. શાસ્ત્રમાં તો એવો લેખ છે, કુલકરો છે એ બધા ક્ષાયિક સમકિતી. ઋષભદેવ ભગવાન પણ છેલ્લા કુલકર છે. ક્ષાયિકસમકિતી. છતાં બધાને શીખવવાનો વિકલ્પ

હોય છે. એ લોકો અજાણ્યા છે. કેમ રાંધવું, ઠામ-ઠીકરા કાંઈ ન મળે. બધા અજાણ્યા માણસો હતા. એને આ શીખવતા કે આમ કરવું... આમ કરવું... તેથી તેને **'મનુનાં સંતાન...'** એનાથી પ્રવૃત્તિ ચાલી માટે તેને મનુષ્યો કહેવામાં આવેછે.

**'તેઓ બે પ્રકારના છે : કર્મભૂમિજ અને ભોગભૂમિજ. તેમાં કર્મભૂમિજ મનુષ્યો પણ બે પ્રકારના છે : આર્ય અને મ્લેચ્છ.'** આ કર્મભૂમિ છે ને. **'પુણ્યક્ષેત્રમાં રહેનારા તે આર્ય છે...'** આ પુણ્યક્ષેત્ર છે, એમાં રહેનારા તે આર્ય છે. **'પાપક્ષેત્રમાં રહેનારા તે મ્લેચ્છ છે.'** આર્યક્ષેત્ર સિવાય બીજા બધા પાપક્ષેત્ર છે. પાંચ ખંડ છે ને? છેલ્લા મ્લેચ્છ છે. **'ભોગભૂમિજ મનુષ્યો આર્ય નામને ધારણ કરે છે,...'** બધી ભોગભૂમિ જે હોય છે ને? કલ્પવૃક્ષથી જીવે, એ પણ આર્ય છે, એ મ્લેચ્છ નથી.

એમાં **'જઘન્ય, મધ્યમ અથવા ઉત્તમ ક્ષેત્રમાં રહેનારા છે...'** એમાં ત્રણ પ્રકાર. **'એક પલ્યોપમ, બે પલ્યોપમ અથવા ત્રણ પલ્યોપમના આયુષવાળા છે.'** જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ત્રણ પલ્ય આયુષ્યવાળા હોય છે લ્યો. દેવકુરુ, ઉત્તરકુરુ આવે છે ને? એ મનુષ્યની વાત કરી. ભોગભૂમિજ અને કર્મભૂમિજ. હવે નારકીની વાત કરે છે. જીવ-અધિકાર છે ખરો ને. જીવનું ત્રિકાળ સ્વરૂપ બતાવ્યું અને એની વર્તમાન પર્યાયમાં કેટલા પ્રકાર હોય છે તે પણ બતાવે છે. નીચે નારકી છે.

**'રત્નપ્રભા,...'** નારકીનું નામ રત્નપ્રભા છે. **'શર્કરાપ્રભા,..'** કાંકરા, **'વાલુકાપ્રભા,..'** વેળુ. **'પંકપ્રભા,..'** કાદવ, **'ધૂમપ્રભા,..'** ધુમાડો, **'તમઃપ્રભા અને મહાતમઃપ્રભા...'** સાત પૃથ્વીના નામ છે. ભગવાને સાત નારકી નીચે જોયા. એ **'પૃથ્વીના ભેદને લીધે નારક જીવો સાત પ્રકારે છે. પહેલી નરકના નારકો એક સાગરોપમના આયુષવાળા છે,..'** પહેલી નરક છે ત્યાં એક સાગરોપમનું આયુષ્ય છે. **'બીજી નરકના નારકો ત્રણ સાગરોપમના આયુષવાળા છે, ત્રીજી નરકના નારકો સાત સાગરોપમના આયુષવાળા છે, ચોથી નરકના નારકો દસ સાગરોપમ, પાંચમી નરકના સત્તર સાગરોપમ, છઠ્ઠી નરકના બાવીશ સાગરોપમ અને સાતમી નરકના નારકો તેત્રીશ સાગરોપમના આયુષવાળા છે.'** આ જીવનો અધિકાર છે ને. પહેલા તો સ્વરૂપે તો કારણસ્વરૂપે ભગવાનઆત્મા છે એમ વર્ણવ્યું. ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવ સ્વભાવ એ કારણપ્રભુ, એનો આશ્રય કરવાથી ધર્મ થાય એમ પહેલું કહ્યું. એમાંથી કાર્યપરમાત્મા પ્રગટ થાય. એ પૂર્ણ એના ફળરૂપે, આનંદની દશા પૂર્ણને અનુભવે. એમ વર્ણન કરીને પછી આ જીવના અધિકારો લીધા.

**'હવે વિસ્તારના ભયને લીધે સંક્ષેપથી કહેવામાં આવે છે :– તિર્યંચોના ચૌદ ભેદ છે...'** પશુ. એકેન્દ્રિથી માંડીને. **'(૧-૨) સૂક્ષ્મ એકેંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૩-૪) બાદર એકેંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૫-૬) દ્વીંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૭-૮) ત્રીંદ્રિય પર્યાપ્ત અને**

**અપર્યાપ્ત, (૯-૧૦) ચતુરિંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૧૧-૧૨) અસંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૧૩-૧૪) સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત.'** ચૌદ ભેદ છે, લ્યો.

**'દેવોના ચાર નિકાય (સમૂહ) છે : (૧) ભવનવાસી,...'** **નીચે છે. '(૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) કલ્પવાસી.'** છે. જુઓ! આ જ્યોતિષના દેવો છે એમ કહ્યા છે.

**'આ ચાર ગતિના જીવોના ભેદોના ભેદ લોકવિભાગ નામના પરમાગમમાં જોઈ લેવા.'** લોકવિભાગ નામનું શાસ્ત્ર છે તેમાંથી જોવું. **'અહીં (આ પરમાગમમાં) આત્મસ્વરૂપના નિરૂપણમાં અંતરાયનો હેતુ થાય...'** અહીં તો આત્મસ્વરૂપની વ્યાખ્યા છે. એટલે વિસ્તાર કરવા જાય ત્યાં અંતરાય થાય. **'તેથી સૂત્રકર્તા પૂર્વાચાર્ય મહારાજે (તે વિશેષ ભેદો) કહ્યા નથી.'** એનો બહુ વિસ્તાર કર્યો નથી.

**'[હવે આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોકો કહે છે :]'**

**स्वर्गे वाऽस्मिन्मनुजभुवने खेचरेन्द्रस्य दैवा-**
**ज्ज्योतिर्लोके फणपतिपुरे नारकाणां निवासे।**
**अन्यस्मिन् वा जिनपतिभवने कर्मणां नोऽस्तु सूतिः**
**भूयो भूयो भवतु भवतः पादपङ्कजभक्तिः ।।२८।।**

**'(હે જિનેંદ્ર!) દૈવયોગે હું સ્વર્ગમાં હોઉં,...'** આહાહા..! પુણ્યને કારણે હું સ્વર્ગમાં હોઉં. મુનિ છે તે સ્વર્ગમાં જ જશે. એટલે પહેલા સ્વર્ગની વાત લીધી. પંચમઆરાના સાચા સંત-મુનિ, એને કેવળજ્ઞાન થઈ શકે નહિ. એથી એ સ્વર્ગમાં જ જાય. સાચા, હોં! ખોટા તો ગમે તે વ્યંતર આદિમાં (જાય). સાચા આત્મજ્ઞાની, ધ્યાની, જેને ક્ષણે અને પળે છઠ્ઠુ-સાતમું ગુણસ્થાન આવતું હોય, જેની નિંદ્રા પોણી સેકન્ડની અંદર જ હોય, એવા મુનિઓ દૈવયોગે એવા પુણ્યના કારણે, હે નાથ! **'હું સ્વર્ગમાં હોઉં, આ મનુષ્યલોકમાં હોઉં,...'** ત્યાંથી મનુષ્યપણે પણ આવું. કારણ કે બીજો કોઈ ઉપાય નથી. પણ **'વિદ્યાધરના સ્થાનમાં હોઉં,...'** વિદ્યાધરની ભૂમિકાઓ છે ત્યાં કદાચિત્ જન્મ હો. **'જ્યોતિષ્ક દેવોના લોકમાં હોઉં,...'** કદાચ જ્યોતિષ્કમાં હોઉં. બધી સાધારણ વાત કરી. **'નાગેન્દ્રના નગરમાં હોઉં,...'** 'પ્રવચનસાર'માં વિભાવ લીધો છે ને. મુનિ કોઈ ભવનપતિ આદિમાં પણ ઊપજે. વિરાધક થઈ જાય તો થઈ જાય.

**'નાગેન્દ્રના નગરમાં હોઉં, નારકોનાં નિવાસમાં હોઉં,...'** કદાચિત્ કોઈ ભવ સમ્યગ્દર્શનનો થયો અને આયુષ્ય બંધાયું હોય. જેમ શ્રેણિક રાજા. આત્મભાન હતું. નરકનું આયુષ્ય પહેલું બંધાઈ ગયું. નારકીમાં ગયા. પહેલી નરકમાં. **'જિનપતિના ભવનમાં હોઉં,...'** લ્યો. શાશ્વત મંદિરો છે ને! એમાં કદાચિત્ હું હોઉં. **'કે અન્ય ગમે તે સ્થળે હોઉં, (પરંતુ) મને કર્મનો ઉદ્‌ભવ ન હોય,...'** બસ આ એક વાત. હું તો આત્માના ધ્યાનમાં રહું અને કર્મની ઉત્પત્તિ ન થાય, એ મારી ભાવના છે. કહો, સમજાણું કાંઈ? એનો અર્થ એ કે સમ્યગ્દર્શનમાં હું રહું. રાગ ને શરીર ને કર્મથી રહિત મારો

ભગવાન પરમાત્મસ્વરૂપ એવો શુદ્ધ ચૈતન્ય, એના આનંદમાં રહું. સમજાણું? એથી કર્મનો ઉદય હોય નહિ. કર્મનો ઉદ્‌ભવ જ ન હોય, બંધન જ નથી. અબંધ પરિણામી આત્માના ભાનના કાળમાં એને બંધન છે નહિ. એમ સિદ્ધ કરે છે. ગમે ત્યાં હોઉં પણ હું તો મારા આત્માના ભાનમાં હોઉં. એથી મને કર્મબંધન હોય નહિ. સમજાણું કાંઈ?

**'ફરી ફરીને આપના પાદપકંજની ભક્તિ હો.'** આહાહા..! જેને કર્મનો ઉદ્‌ભવ ન હોય, એવો સમ્યગ્દૃષ્ટિ જીવ, એમ કહેવું છે. એને તો **'આપના પાદપંકજની ભક્તિ હો.'** જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમાત્મા, વિકલ્પ ઊઠે તો એની ભક્તિ હોય, એમ કહે છે. બે વાત સ્થાપી. પ્રભુ! હું ગમે ત્યાં હોઉં, પણ હું મારા સ્વભાવમાં હોઉં. ક્ષેત્રે ગમે ત્યાં હોઉં, પણ મારો આનંદ, જ્ઞાન સ્વભાવ એવો ચૈતન્યપ્રભુ એવા ભાવમાં હું હોઉં, કે જેથી મને રાગ-દ્વેષની ઉત્પત્તિ જ ન હોય ને. હોય તો પણ એ પૃથક છે, મારા સ્વભાવમાં છે નહિ. અને સ્વભાવમાં ન રહી શકું તે કાળે, તો એ વખતે ભગવાન આપના ચરણકમળની ભક્તિ હો. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ભગવાનની ભક્તિ કરવી એ તો દોષ છે.

ઉત્તર :– દોષ પણ આવે છે ને. દોષ તો છે. દોષ શેનો? આવ્યા વિના રહેતી નથી. આવે છે ને વચ્ચે. બીજાનો રાગ ન આવતા આવો રાગ એની ભૂમિકામાં હોય છે એમ જણાવે છે. દોષ પણ આવે, આવ્યા વિના રહે નહિ, (ન આવે) તો વીતરાગ થઈ જાય. શુભભાવ તો આકુળતા છે, અગ્નિ છે, ભઠ્ઠી છે, દુઃખ છે, ઝેર છે. પણ છે. આહાહા..!

મુમુક્ષુ :– કોઈને ન પણ આવે.

ઉત્તર :– ન આવે એમ રહે નહિ. થોડો કાળ જ ન આવે. એકદમ ન આવે તો થઈ રહ્યું. મિથ્યાદૃષ્ટિ થઈ જાય. થોડો કાળ ... એકદમ .. તો એને. પહેલો તો વિકલ્પભાવ હોય ને. ભગવાન આવા છે, સર્વજ્ઞદેવ આવા છે. સમજાણું કાંઈ? અહીં તો લાંબા કાળની વાત છે ને. હું આમાં હોઉં... આમાં હોઉં... આમાં હોઉં... બહારના સંયોગ ક્ષેત્રમાં હોઉં, સ્વભાવના ક્ષેત્રથી ખસું નહિ, એમ કહે છે. મારા સ્વભાવની ભાવનાથી ખસું નહિ એટલે મને કર્મબંધન ઉત્પન્ન હો નહિ. અને હો તો વિકલ્પ આવો હોય. આવો હોય.

મુમુક્ષુ :– હો, એમ નહિ?

ઉત્તર :– હોય. **'આપના પાદપંકજની ભક્તિ હો.'** એનો અર્થ જ એ. આવો ભાવ હોય. જ્યાં સુધી વીતરાગતા ન હોય તો આપ ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનપતિ વીતરાગના પતિ, વીતરાગ સ્વભાવના સ્વામી, જેણે અંતરમાં ઠરીને બધું સમાડી દીધું છે. રાગને ઉડાડી દીધો છે. એવા વીતરાગપતિ, જિનપતિ એ મારા પતિ તરીકે, ધણી તરીકે હો તો વિકલ્પમાં આની ભક્તિ હો, એમ કહે છે. એ તો વ્યવહારે એ બધું કહેવાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આવે ખરો.

ઉત્તર :– આવે ખરો. આવે ખરો. કહે એમ. વ્યવહારનયથી એમ પણ કહે કે ભક્તિ કર એમેય કહે. પણ ખરેખર તો આવે છે તેને જાણનારો છે. પણ એ કાળે મારું જ્ઞાન જ આવું હોય એમ કહે છે. કે સ્વભાવની ઉત્પત્તિ હોય અને વિભાવની ઉત્પત્તિ હોવા છતાં તેને જ્ઞાનમાં હું જાણું. એવી જ્ઞાનની મારી દશા હોય એ કાળે એમ કહે છે. સમજાણું કાંઈ? કેવી જૈનદર્શનની રીત છે! નય નયની જાળ એવી છે. ઇંદ્રજાળ કીધું છે ને? આહાહા..! એમાં ખૂંચી જાય એમ નહિ? એવી અટપટી વાત છે કે એને સમજવા માટે ઊંડી દૃષ્ટિ જોઈએ એમ કહે છે. ગુંચાવાની વાત નથી આમાં. કોઈ કહે કે શુભભાવ ઝેર છે. અમને હો તો તો એની ભાવના થઈ ગઈ. પણ હોય છે, આવે છે, થઈ જાય છે, તો એને કીધું કે પ્રભુ! હો તો મારે આપની ભક્તિ હો. આપના પાદપંકજ. પાદ નામ ચરણ. પંકજ એટલે કમળ. ચરણકમળની ભક્તિ હો. અંતરમાં વીતરાગસ્વભાવની ભક્તિ, બહારમાં આપ વીતરાગના સ્વભાવનો વિકલ્પ, બસ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બે લેવા. એ જયવિરાજમાં કાંઈ ન મળે. કહો, સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં આવે છે ને એ? મૂળના ઠેકાણા ન મળે ને ... આખી વાત જ ફેર છે. શું કરવું? મૂળમાર્ગનો ફેર છે. એની કથની બધી તત્ત્વથી વિરુદ્ધ છે. એવી વાત છે. આ તો અહીંયા જે કથનનો મેળ છે એને મેળ કરાવે છે. એ જયવિરાજમાં ખોટું છે બધું. એની તો કથની એકલી વ્યવહારની છે. અહીં તો ભાનસહિતની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

કારણ કે હજી હું પંચમઆરાનો મુનિ છું એટલે કંઈક ભવ તો છે, એમ કહે છે. એટલે ક્યાંક હોઈશ તો ખરો એમ કહે છે. તો એ જિનપતિના ભવનમાં પણ હોઉં, એમ કહે છે. નબળાઈ છે. મારી જાત નથી પણ અંદર આવ્યા વિના રહેતું નથી. **'ફરી ફરીને આપના પાદપંકજની ભક્તિ હો.'** પાદ એટલે ચરણ, પંકજ એટલે કમળ. ચરણકમળની જ **'ભક્તિ હો.'** નિશ્ચયમાં વીતરાગસ્વરૂપ કારણપરમાત્માની ભક્તિ અને વ્યવહારમાં વીતરાગ પરમાત્માની ભક્તિ. આ બે વાત કરે છે.

મુમુક્ષુ :– બે એક સાથે હોય?

ઉત્તર :– બે એક સાથે હોય. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

બીજો શ્લોક. ૨૯.

**नानानूननराधिनाथविभवानाकर्ण्य चालोक्य च**
**त्वं क्लिश्नासि मुधात्र किं जडमते पुण्यार्जितास्ते ननु।**
**तच्छक्तिर्जिननाथपादक मलद्वन्द्वार्चनायामियं**
**भक्तिस्ते यदि विद्यते बहुविधा भोगाः स्युरेते त्वयि ।।२९।।**

**'નરાધિપતિઓના અનેકવિધ મહા વૈભવોને સાંભળીને તથા દેખીને, હે જડમતિ,'** મોટા રાજાઓ, અબજોપતિઓ, ચક્રવર્તીઓ, વાસુદેવ, બળદેવ એની વૃદ્ધિ દેખીને, ઠાઠમાઠ જાણે હોય. અરે..! એ શું છે કહે છે. **'નરાધિપતિઓના અનેકવિધ મહા વૈભવોને સાંભળીને...'** એના મોટા વૈભવો સાંભળીને. **'તથા દેખીને,...'** કદાચિત્ નજરે દેખવામાં આવ્યા. મોટા આહાહા..! ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ. શું છે પણ ભાઈ?

**'હે જડમતિ, તું અહીં ફોગટ ક્લેશ કેમ પામે છે!'** એને દેખીને તને પ્રમોદ કેમ આવે છે? કહે છે. આહાહા..! આ વૈભવ! શું છે એ? ધૂળ છે કહે છે એ તો. આહાહા..! એ તો તને તારા આત્માના સ્વરૂપના ધ્યાનમાં કચાશનો વિકલ્પ આવશે તો એના ફળ તરીકે તો આવી જશે એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– આશ્વાસન આપે છે.

ઉત્તર :– આશ્વાસન નહિ. એનું આવું સ્વરૂપ ફળ તરીકે હોય છે. તું આમ દેખીને એમ કેમ ઇચ્છા કરે છે?

**'ફોગટ ક્લેશ કેમ પામે છે! તે વૈભવો ખરેખર પુણ્યથી પ્રાપ્ત થાય છે.'** જુઓ! લ્યો. અત્યારના વૈભવો તો બધા ધૂળ જેવા છે. સમજાણું કાંઈ? ઓલા તો મહાપુણ્યના વૈભવો. વાસુદેવ, બળદેવ, તીર્થંકરો. ઓહોહો..! ઇન્દ્રો જેને આમ ખમા ખમા કરે. છતાં એ તો ઉદાસ છે. આ મારું નથી. હું છું ત્યાં આ નથી. સમજાણું? અહીં તો સામગ્રી હોય, એને દેખીને કે સાંભળીને શું કરવા વિકલ્પ ઉઠાવે છે? શું છે આ? એ ચીજ તો તને પુણ્યથી પ્રાપ્ત થાય છે.

**'તે (પુણ્યોપાર્જનની) શક્તિ જિનનાથના પાદપદ્મયુગલની પૂજામાં છે;...'** ભાષા કેવી છે જુઓ! ઓહોહો..! ભગવાનઆત્મા, વીતરાગમૂર્તિ સ્વરૂપ ત્રિકાળ ધ્રુવસ્વરૂપ, વીતરાગ સ્વરૂપ, એની જ્યાં દૃષ્ટિ છે, એને **'જિનનાથના પાદપદ્મયુગલની પૂજા..'** ભગવાનના ચરણકમલયુગલ, એની પૂજામાં એ શક્તિ છે. કહે છે કે તને ભગવાનની પૂજાનો વિકલ્પ આવે, તેના ફળ તરીકે તો તીર્થંકરપણું, બળદેવ, વાસુદેવ તો ઠીક. સમજાણું કાંઈ? ચક્રવર્તીપણું તો સહેજે આવશે. સમજાણું કાંઈ? અમૃતના કણહલા પાકે ત્યાં તો ભેગુ થોડું ખડ હોય. ખડની આશા શું કરવા કરે છે? એમ કહે છે. આશા શું કરવા કરે છે? ભાઈ! હશે. હો. એ તો જ્ઞાનનું જ્ઞેય છે. આમ... ખમા... ખમા.. ખમા... હાથીઓનો ઠાઠ ચોરાશી લાખ, હણહણતા ઘોડા, માથે હિરામાણેકના.. શું કહેવાય આને? એના શણગાર. હાથીના અને ઘોડાના. એક ચક્રવર્તી, બળદેવ. તીર્થંકરને તો શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ. છ ખંડના રાજ (હતા). એ બધા પુણ્યના ફળ છે. એ પુણ્યનું ફળ તો તને વીતરાગભક્તિના ચરણકમળની યુગલની સેવા કરવાથી સહેજે પ્રાપ્ત થાય, થાશે. એમાં કાંઈ આદરવા જેવું છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'જિનનાથના પાદપદ્મયુગલની...'** પાદ, પદ્મ એટલે કમળ અને યુગલ એટલે બે. ભગવાનના બે પાદકમળ એની સેવા. આહાહા..! એટલે કે પરમાત્મા પ્રત્યેનો ભક્તિનો (ભાવ). પરમાત્મા તો પોતે જ છે. જેને સમ્યગ્દર્શન, જ્ઞાન (થયા છે) તેને સાચી ભક્તિ (છે), એને આવા પાદકમળ ભગવાનની ભક્તિનો વિકલ્પ (આવે છે). એને તો સહેજે એ વસ્તુ તો આવશે. કાંઈ માગવા જેવું નથી. જેને વિસ્મયતા, એના વૈભવની અધિકતા છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ઘણા મોટા ધામધૂમથી લગ્ન થતા હોય ને, ઘોડા, હાથી, કાચના ઓલા શું કહેવાય? મોટા કાચ રાખે છે ને? બત્તીઓ. ફૂલવાડી, કાચની ફૂલવાડી રાખે છે ને? દીવાબત્તીઓ અને ઝગમગ નીકળતો હોય આમ હજારો લાખો માણસો, ઘોડા હણહણતા હોય, હાથી આવે. આહાહા..! એમાં એ વર ઘોડે નીકળ્યો હોય અને ઓલા માણસો ... આહાહા..! શું છે પણ? સાંભળને. એ બધા પુણ્યના ઠાઠ છે, ધૂળના. તારે તો જિનપતિની ભક્તિ છે તો એવા પુણ્ય સહેજે બની જશે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુનિ છે ને! ઇ સ્વર્ગમાં જશે. મોટી ૠદ્ધિ (પ્રાપ્ત થવાની છે). આરાધક (છે), એની ૠદ્ધિનું શું કહેવું? ત્યાંથી નીકળીને મોટા વૈભવી રાજા થશે. સમજાય છે? પછી છોડી મુનિ થઈને મોક્ષ જશે. એમ કહે છે. વચમાં આવું આવશે, કહે છે. હો. આહા..! એ પુણ્ય ઉપાર્જનની શક્તિ તો. આવા પુણ્ય, હોં! ઓલા પુણ્ય તો ઠોઠનિશાળિયા જેવા. આ તો તીર્થંકરોના પુણ્ય જુઓ, બળદેવના પુણ્ય જુઓ, ચક્રવર્તીના, જેના પુણ્ય સામે નહિ એવું દેખાય. એ તો કહે છે કે વીતરાગ પરમાત્મા પોતે નિજાનંદ પ્રભુ, એની જેને ભક્તિ એટલે ભજન, એનું ભજન જાગ્યું છે, એને બાકી રહેલી દશામાં ત્રિલોકનાથની ભક્તિનો વિકલ્પ આવે. એના ફળમાં એ આવશે. એમાં તારે કાંઈ ઇચ્છા કરવા જેવું નથી. જાણવા જેવું છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જો તને એ જિનપાદપદ્મની ભક્તિ હોય,..'** જોયું! વીતરાગ ત્રિલોકનાથ, ચૈતન્યપ્રભુ પરમાત્મા, જિનેન્દ્રદેવ, એના અંતરની ભક્તિ તો તને છે. હવે આવી ભક્તિનો જો વિકલ્પ હોય. એમ કહે છે. **'તો તે બહુવિધ ભોગો તને (આપોઆપ) હશે.'** એની મેળે આવશે. તારે જલસા નહિ કરવા પડે એમ કહે છે.

મુમુક્ષુ :– બનાવટી જલસા.

ઉત્તર :– આ જલસા કરે છે ને? પાંચ વર્ષ નોકરીને જાતો હોય પછી જલસા કરે. કોઈક મોટાઓને કહે, તમે આવું કરજો એની શોભા કહેવાય. પાંચ વર્ષ અહીંયા રહ્યો છું. 'પોપટભાઈ'! એ બધા પાપાનુબંધી પુણ્યવાળા. આ તો પુણ્યાનુબંધીપુણ્ય. આત્માના આનંદના ભાનમાં, જ્યાં રાગનો આદર નથી.. આહાહા..! એવા રાગમાં જે પુણ્ય બંધાઈ જાય એ સહેજે આપોઆપ બાહ્ય સામગ્રી આવી જશે. એ જાણવા માટેની વાત છે, હોં! સામગ્રી આવે તો ઠીક એમ અહીં પ્રશ્ન નથી. આહાહા..! ઠીક તો આ આત્મા ભગવાન, કારણપ્રભુ ચૈતન્ય પરમાત્મા, એનો આદર છે અને એ

જોઈને એ પ્રગટ પર્યાય થાય. ધર્મીને એ ભાવના હોય. પણ વચ્ચે આવો રાગ હોય તો એના ફળ તરીકે આવું આવે. એને જ્ઞેય તરીકે જાણવાનું જ્ઞાન જ એ જાતનું ઊભું થશે. એ જાતના એને જ્ઞેયો હોય એમ કહે છે. આહાહા..! સમજાણું?

૧૮મી ગાથા.

**कत्ता भोत्ता आदा पोग्गलकम्मस्स होदि ववहारो ।**
**कम्मजभावेणादा कत्ता भोत्ता दु णिच्छयदो ।।१८।।**
**આત્મા કરે, વળી ભોગવે પુદ્‌ગલકરમ વ્યવહારથી,**
**ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.**

**‘આ, કર્તૃત્વ-ભોક્તૃત્વના પ્રકારનું કથન છે. આત્મા નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી દ્રવ્યકર્મનો કર્તા અને તેના ફળરૂપ સુખદુઃખનો ભોક્તા છે,...’** જુઓ! નય નાખી હવે. કહે છે કે આત્મા નિકટ એટલે નજીકનો. ઓલા કર્મ નજીકમાં છે ને? સ્વક્ષેત્રે છે ને. પોતાના ક્ષેત્રમાં છે ત્યાં કર્મ છે. એટલે નિકટવર્તી છે. અનુપચરિત છે. દૂર નથી, અહીં નજીક છે. અનુપચરિત એટલે ઉપચાર નથી. આ તો અનુપચાર અહીં નજીક સંબંધ છે, પણ અસદ્‌ભૂત છે. એ આત્માની પર્યાયમાં નથી.

**‘અસદ્‌ભૂત વ્યવહારનય...’** નિમિત્ત છે. **‘વ્યવહારનયથી દ્રવ્યકર્મનો કર્તા...’** એમ કહેવામાં આવે છે. ખરેખર એનો કર્તા નથી. પણ નજીકમાં પરમાણુનું પરિણમન છે. એમાં નિમિત્તરૂપે અજ્ઞાનીના રાગ-દ્વેષ છે. તેથી તેને વ્યવહારથી દ્રવ્યકર્મનો કર્તા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– અનુપચરિત.

ઉત્તર :– અનુપચરિત. નજીક એને ઘર-મકાન આદિ ઉપચરિત. અહીં નજીક છે તો અનુપચરિત. નિકટ ઉપચરિત–નજીકમાં ઉપચાર નથી, પણ ઉપચાર સંબંધ છે નજીકમાં. એવા અસદ્‌ભૂત વ્યવહારનયથી–જૂઠી દૃષ્ટિથી–જડકર્મનો કર્તા **‘અને તેના ફળરૂપ સુખદુઃખ...’** એટલે સંયોગો. કર્મનું ફળ સંયોગ છે. આ રાજપાટ, કુટુંબ, નિર્ધનતા, દરિદ્રતા એ એનું ફળ. એને ભોગવે એ પણ એ પ્રમાણે છે. ભોગવતો નથી. પણ નજીકમાં દરિદ્રતા, નિર્ધનતા આદિ હોય છે, સધનતા અને ધનાઢ્યપણું એવું નજીકમાં હોય છે, એથી તેનું ફળ ભોગવે છે એમ કહેવું એ અસદ્‌ભૂત વ્યવહારનયથી–જૂઠીનયથી કહેવામાં આવે છે. કારણ કે એને એ ભોગવી શકતો નથી. ફક્ત પોતાના રાગ-દ્વેષના અનુભવના કાળમાં એ ચીજો નિમિત્તરૂપે છે તેથી તેને ભોગવે છે એમ વ્યવહાર અસદ્‌ભૂત–જૂઠી દૃષ્ટિએ કહેવાય છે. સમજાણું કાંઈ? આ શરીરને ભોગવે દાળ-ભાત વગેરે (ભોગવે છે) એ કહેવું એ કાળે પોતાને રાગનો જે અનુભવ છે, એ રાગના અનુભવમાં એ ચીજોમાં નિમિત્તપણું છે, એથી એને ભોગવે છે એવો જૂઠી નયે વ્યવહારથી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એકવાર કહ્યું હતું ને? ઘણા વર્ષ પહેલાની વાત છે. ચારિત્ર આશ્રમ. એમ કે પુણ્ય કોને કહેવાય? એમ પ્રશ્ન કર્યો હતો. કીધું પુણ્ય એને કહેવાય કે જે સંયોગો વાપરે એટલું. ભોગવે એ? ભોગવે એ પુણ્ય નહિ, એ તો નવું પાપ છે. એને ભોગવે નહિ પણ એ તરફનું વલણ થઈને રાગ આદિને ભોગવે છે ને? એ પ્રશ્ન થયો હતો. (સંવત) ૧૯૮૩ની સાલમાં. ૧૭ અને ૨૭. ૪૪ વર્ષ પહેલાની વાત છે. અહીં 'સોનગઢ'માં. ચારિત્ર આશ્રમ. 'ચારિત્રવિજય' હતા ને? એણે પ્રશ્ન કર્યો હતો. હમણા થોડા દિવસ પહેલા કહ્યું હતું. એમ કે સાધુને આ બધું શું? એ તો પુણ્ય હોય એને ભોગવે. પુણ્યને શું ભોગવે? રાગને ભોગવે, દુઃખના ભાવને. ત્યારે એ પુણ્યને ભોગવે છે એમ જૂઠી નયે કહેવામાં આવે છે. એના અસ્તિત્વમાં એનો ભોગવટો આવતો નથી. એ જડનો ભોગવટો એ આત્માની પર્યાયના અસ્તિત્વમાં નથી આવતો. એ તો બહાર દૂર રહે છે. આહાહા..!

મુમુક્ષુ :– એવું માની બેઠો છે.

ઉત્તર :– એ તો માને છે. ગાંડો તો ગમે તે માને. આત્માની વર્તમાન પર્યાયની હયાતીમાં, એ શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, વૈભવનો અનુભવ એની પર્યાયમાં આવતો નથી. સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. વસ્તુ ત્રિકાળ દ્રવ્ય-ગુણમાં તો કાંઈ છે નહિ. પણ વર્તમાન પર્યાય–અવસ્થા છે એમાં જડનો અનુભવ આવતો નથી. અનુભવ તો એને રાગ-દ્વેષનો, હરખ અને શોકનો હોય છે. પણ એ હરખ-શોકના અનુભવમાં એ ચીજ નિમિત્ત પડી. નિમિત્ત એટલે વ્યવહાર અને આમાં નથી માટે અસદ્‌ભૂત. અસદ્‌ભૂત વ્યવહારનયે ભોગવે છે એમ કહેવામાં આવે છે. કહો, 'પોપટભાઈ'! આહાહા..! છ છોકરા બેઠા (હોય). પૂજ્ય પિતાશ્રી અને પૂજ્ય માતાશ્રી. કાલે કાગળ આવ્યો હતો ને? બેના નામ હતા. તમે બેઠા હતા કે નહિ? બધું સાંભળ્યું હતું એને, લાગે કે... આહાહા..! પણ એ એનો ભોગવટો નથી. એના શબ્દો છે એ તો જડ છે. જડ અહીંયા અડતા નથી. આત્માની દશામાં વર્તમાન પર્યાયમાં એ જડનું આવવું છે જ નહિ. જડ અડતું નથી. અડ્યા વિના એને શી રીતે ભોગવવું?

મુમુક્ષુ :– ...અસર કરે ને.

ઉત્તર :– ધૂળ. અસર શું કરે? જડ, જડમાં અસ્તિત્વની હયાતી, આત્માની પર્યાયમાં, પર્યાયના અસ્તિત્વની હયાતી. આની પર્યાયમાં એના અસ્તિત્વની નાસ્તિ. શું કહ્યું? રાગ અને દ્વેષનો અનુભવ, એની પર્યાયમાં અસ્તિ. અને જડની પર્યાયનો અનુભવ એનામાં નાસ્તિ. એનો અનુભવ ક્યાં છે? એ વસ્તુ તો અહીં છે જ નહિ. ફક્ત અનુભવમાં નિમિત્તપણું પડ્યું. પૃથક વસ્તુ છે. એથી અસદ્‌ભૂત વ્યવહારનયે ભોગવે એમ કહેવામાં આવે છે. આવી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? એ જડની વાત કરી. હવે એના વિકારની વાત કરેછે.

જડને ભોગવે ભોગવ્યું છે પણ જૂઠી નયે, નિમિત્ત દેખીને, આવા કથનો એને જ્ઞાન કરવા માટે આવે છે. આહાહા..! કોને ભોગવે? ભગવાન પોતે અરૂપી. હમણાં છોકરા પૂછતા હતા, આત્મા

અરૂપી કેમ હોય? એને રંગ, ગંધ, સ્પર્શ ક્યાં છે એમાં? એ તો રંગ, ગંધ, સ્પર્શનો તો પૃથક રહીને જાણનારો છે. રંગ, ગંધ, સ્પર્શને અડીને જાણનારો છે?

મુમુક્ષુ :– એ બધો કોણ વિચાર કરે?

ઉત્તર :– છોકરા સાડા સાતે જાય છે ને એ લોકો? વહેલા આવ્યા હતા. એક જણાએ પૂછ્યું કે આ અરૂપી આત્મા કેમ કહ્યું?

અરૂપી (કહ્યું કેમકે) એને રંગ, ગંધ, સ્પર્શ ક્યા છે? એનામાં રંગ, ગંધ, સ્પર્શ છે? રંગ, ગંધ, સ્પર્શનું અસ્તિત્વ તો જડમાં છે. આના અસ્તિત્વમાં તે નથી. માટે તે અરૂપી છે. સમજાણું કાંઈ? વાત સાંભળતા માણસને પ્રશ્ન તો ઊઠેને.

આત્માના અસ્તિત્વમાં ત્રણ પ્રકાર : એક દ્રવ્યનું હોવાપણું, ગુણનું હોવાપણું, પર્યાયનું હોવાપણું. હવે પર્યાયમાં પણ એક શુદ્ધ અને અશુદ્ધ બેનું હોવાપણું, બસ. આ સિવાયનું એનામાં હોવાપણું બીજું નથી. બરાબર છે? એના હોવામાં, એના ક્ષેત્રમાં, એના ભાવમાં, એ દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિઓ અને વર્તમાન દશા (છે). એ દશાના બે પ્રકાર. એક શુદ્ધ અને એક અશુદ્ધ. એટલું અસ્તિત્વ એનામાં છે. બસ. આટલું અસ્તિત્વ એનામાં છે. હવે એનામાં આ દાળ, ભાત, રોટલા, બાયડી, કુટુંબ, શરીર એના અસ્તિત્વમાં એ છે જ નહિ. સમજાણું કાંઈ? એની સત્તામાં ઇ સત્તા છે નહિ. છતાં એ સત્તાનો અનુભવ કરે એમ કહેવું એ અસદ્‌ભૂત વ્યવહારનયના કથન છે. જૂઠી નયના (કથન છે). જ્ઞાન કરાવવા (કહ્યું) કે આ નિમિત્ત આવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભૂખ ખરી લાગી હોય આમ. ભૂખ એ તો જડને હોય. જઠરાગ્નિ જડની દશા છે. એ આત્માને અડે છે? એમાં વળી શરીર નિરોગી હોય અને રસરસતા ઘીનો ઊનો શીરો આવ્યો હોય. ધોળા ઘઉંનો. ધોળિયા ઘઉંનો. કાંઈ જરૂર ન હોય. ફટ ફટ ઊઠે અંદર. જાણે હું કાંઈક ખાઉં છું. પણ શું ખાય છે તું? સાંભળને. આહાહા..! તને તો એ દેખાય છે કે આ છે. એ મારામાં છે એમ નહિ અને એનામાં હું છું એમ પણ નહિ. આ છે એમ દેખાય છે, એટલું. અને એ ક્રિયા થાય છે એ દેખાય છે. પણ એ ક્રિયા શેમાં? પરમાં થાય છે. તારામાં છે નહિ. એથી એને જડનો ભોગવટો કહેવો, સ્ત્રીના શરીરનો ભોગવટો કહેવો. આ બધા દાળ, ભાત અને મોસંબીના પીણા પીવે છે, એનો ઠંડો અનુભવ થાય છે એમ કહેવું. એ બધું અસદ્‌ભૂત જૂઠી નયનું કથન છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન જડને કેમ અડે? અને ભગવાન જડમાં કેમ આવે? જ્યાં રહ્યો છે એ પરમાં કેમ જાય? અને પર જ્યાં રહ્યા છે એ આત્મામાં કેમ આવે? સમજાણું કાંઈ? આહાહા..! તેથી જડનો ભોગવટો એમ અનુપચાર નજીકમાં પરમાણુઓ છે. એથી એને અસદ્‌ભૂત અનુપચરિત ગણી અને વ્યવહારનયથી કહ્યું. કર્તા અને ભોક્તા બન્ને.

**'અશુદ્ધ નિશ્ચયનયથી સમસ્ત મોહરાગદ્વેષાદિ ભાવકર્મનો કર્તા...'** લ્યો. **'અશુદ્ધ નિશ્ચયનયથી...'** એની પર્યાયમાં મિથ્યા રાગ-દ્વેષ આદિનો ભાવકર્મનો કર્તા. આ અજ્ઞાનભાવની વાત છે. સમજાણું કાંઈ? કર્મ એને મિથ્યાત્વ કરાવે એમ ના પાડે છે, જુઓ! કર્મને લઈને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જીવ કરે છે એમ નહિ. અશુદ્ધ નિશ્ચયનયથી. શુદ્ધ નિશ્ચયની દૃષ્ટિમાં તો કર્મનું કરવું, ભોગવવું છે નહિ. શુદ્ધ નિશ્ચયદૃષ્ટિમાં તો રાગનું કરવું, ભોગવવું છે જ નહિ. અશુદ્ધ નિશ્ચયની દૃષ્ટિવાળો એટલે મિથ્યાદૃષ્ટિ... આહાહા..! **'સમસ્ત મોહરાગદ્વેષાદિ ભાવકર્મ....'** મિથ્યાત્વ અને પુણ્યના, પાપના ભાવ, રાગ-દ્વેષનું પરિણમન કરે. કર્તા થાય. ઓલા જડપણે તો એ પરિણમતો નથી માટે કર્તા નથી, પણ આ તો પરિણમે છે માટે કર્તા છે. સમજાણું કાંઈ? શું કહ્યું એ? જડ કર્મપણે આત્મા પરિણમતો નથી અને જડના ફળપણે પણ આત્મા પરિણમતો નથી. તેથી તેને વ્યવહાર અસદ્‌ભૂત જૂઠી નયથી કર્તા અને ભોક્તા કીધો. આ તો પરિણમે છે. **'અશુદ્ધ નિશ્ચયનયથી સમસ્ત મોહરાગદ્વેષાદિ ભાવકર્મનો કર્તા...'** પરિણમે છે. પરિણમે માટે કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અશુદ્ધ નિશ્ચયનયથી સમસ્ત મોહરાગદ્વેષાદિ ભાવકર્મનો કર્તા અને ભોક્તા છે,...'** બન્ને લેવું છે ને? કારણ કે જીવ રાગ-દ્વેષને ભોગવવારૂપે પરિણમે છે. કાંઈ સ્ત્રી અને દાળ, ભાત, શાક ભોગવવાપણે પરિણમતો નથી. પરિણમતો નથી માટે જૂઠી નય છે. આ રૂપે તો પરિણમે છે. આહાહા..! રાગ-દ્વેષ, પુણ્ય અને પાપ આદિ ભાવ, વિકલ્પની લાગણીનો ભાવ, એ રૂપે પરિણમે છે એટલે અવસ્થામાં થાય છે, એના અસ્તિત્વમાં હોય છે, માટે અશુદ્ધ નિશ્ચયનયે એના પરિણમનનો કર્તા કહેવો અને એના પરિણમનમાં હરખ-શોક થાય છે, હરખ-શોકે પરિણમે છે, હરખ-શોકને અનુભવે છે. એના અસ્તિત્વમાં અનુભવે છે. પર્યાયના અસ્તિત્વમાં અનુભવે છે. પરના અનુભવના અસ્તિત્વમાં આ કાંઈ આવતો નથી. સમજાણું કાંઈ?

**'ભોક્તા છે,...'** લ્યો. અહીંયા સમુચ્ચય વાત કરવી છે. જ્ઞાની ભોગવે છે કેમ એ પ્રશ્ન અહીં નથી. આમ જીવ આત્માના ભાન વિના, જડ કર્મના પરિણમવાના કાળમાં પોતાના અશુદ્ધભાવનું પરિણમન છે માટે એનો કર્તા એને કહેવામાં આવે છે. અને તેમાં આ પરિણામ નિમિત્ત થઈને બંધ પડ્યો, એને નિમિત્ત થયા. સમજાણું કાંઈ? એથી જડનો કર્તા વ્યવહારે કહેવામાં આવ્યો. પાઠમાં એવું છે. **'कर्मजभावेन'** એમ છે ને? કર્મજનિત ભાવ. એનો અર્થ એ કે આત્મ સ્વભાવભાવ એ નહિ. પણ ત્યાંથી કોઈ એમ લઈ લે કે એ તો કર્મને કારણે થયેલા ભાવ છે, એમ નથી. કર્મ જેમાં નિમિત્ત છે અને ઉપાદાનથી પોતામાં થયેલું છે. પાઠ છે ને? મૂળ પાઠ છે. **'कर्मजभावेन'** કર્મથી ઉત્પન્ન થયેલા ભાવનો. આનંદ અને સમ્યગ્દર્શન એ કાંઈ કર્મથી નથી (થયેલા), એ તો આત્માથી ઉત્પન્ન થયેલા છે. એનો અનુભવ કરનારો ધર્મી શુદ્ધ નિશ્ચયમાં છે. સમજાણું કાંઈ?

ધર્મની પર્યાયનો કરનાર ધર્મરૂપે પરિણમે છે, નિશ્ચયથી પોતાના પરિણમનનો નિર્મળનો કર્તા છે અને નિર્મળનો ભોક્તા છે. એ તો એના અસ્તિત્વમાં છે. આ અશુદ્ધપણે પરિણમે છે. ભગવાન પોતે પોતાનો શુદ્ધ ભાવ, આનંદ સ્વભાવ ભૂલી અને પરના નિમિત્તનું લક્ષ કરી અને મિથ્યાભ્રાંતિ ઊભી કરે કે આ મને ઠીક પડે છે. અને રાગ-દ્વેષ ઊભા કરે, એ અશુદ્ધનિશ્ચયથી કર્મજનિત ભાવ કહેવાય છે. આત્મજનિત નહિ. એનો અશુદ્ધનિશ્ચયથી અજ્ઞાની કર્તા છે. સમજાણું કાંઈ? અશુદ્ધનિશ્ચયથી ભોક્તા છે.

હવે **'નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત...'** લીધો હતો, એની સાથે હવે **'અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી...'** શરીર લીધું આ. આ નિકટવર્તી ન લીધું. કારણ કે કર્મ તો એમને એમ સદા સાથે ને સાથે જ છે. શરીર તો જાય અને આવે... જાય અને આવે. એટલે એને નિકટવર્તી ન ગણતા **'અનુપચિરત અસદ્‌ભૂત...'** નજીક છે માટે અનુપચરિત. નિકટવર્તી નહિ. કાયમ સાથે રહ્યું નથી. **'અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી...'** આહાહા..! કેટલું યાદ રાખવું આમાં? આ તો ન્યાયનો પ્રશ્ન છે. એ કાંઈ યાદ રાખવાની વસ્તુ નથી. જે કર્મના રજકણો છે એ તદ્દન નિકટવર્તી કાયમ રહેલા છે. માટે તેને નિકટવર્તી અનુપચરીત ઉપચાર વિનાની જૂઠી નયથી વાત કરી. આ પણ ઉપચાર વિના અસદ્‌ભૂત શરીર, નિકટવર્તી નહિ પણ વારંવાર નવું નવું આવ્યા કરે છે. એવા **'અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી (દેહાદિ) નોકર્મનો કર્તા છે,...'** લ્યો. છે નહિ, હોં! પણ કર્તા શું કરવા કહ્યો? કે આત્મા પોતે વિકારી ભાવનો કર્તા થાય, એમાં એ વિકારી પરિણામ દેહાદિને નિમિત્ત થાય છે. તેથી એને વ્યવહારે કર્તા કહેવામાં આવે છે. આહાહા..! ભારે!

દેહાદિ એટલે વાણી, મન, શરીર, નોકર્મ એ બધાનો–નજીકનાનો કર્તા કહેવો એ અનુપચાર અસદ્‌ભૂત વ્યવહારથી (કથન છે). ઓલા અનુપચાર અને નિશ્ચય બે એક ગણ્યા છે એક ઠેકાણે. આવ્યું હતું ને? જૈનતત્ત્વ મિમાંસામાં. અનુપચાર અભેદનયથી. એ જુદું અનુપચાર. ભાઈ! આવ્યું હતું ઓલામાં. અનુપચાર એટલે અભેદ નહિ એમ આવ્યું હતું. ઉપચાર નહિ, એમ. ઉપચાર તો ભેદનય વ્યવહારે. એ અહીંયા નથી. અહીં તો નજીકમાં કાયમ રહેનારા એ કર્મ. નજીકમાં નહિ પણ વારંવાર રહેનારા ખરા, એ શરીર. એમ. એથી એને અનુપચાર કહેવામાં આવે છે. એ અનુપચાર એટલે અનુપચાર અભેદ નિશ્ચય એ આ નથી. 'જૈનતત્ત્વ મીમાંસા'માં આવ્યું હતું. સમજાણું કાંઈ? જુઓ! આ કર્તા છે કહ્યું છે. કહે છે. લ્યો. **'कत्ता भोत्ता आदा पोग्गलकम्मस्स होदि ववहारा'** વ્યવહારથી કર્તા છે. વ્યવહારથી કર્તા એટલે શું પણ?.

મુમુક્ષુ :– એ વ્યવહાર હોય ત્યારે જ ભગવાને કીધું હોય ને.

ઉત્તર :– હા, વ્યવહાર એટલે? કે આત્મા વિકાર કરે તેમાં તે ચીજનું નિમિત્તપણું દેખીને અથવા તે ચીજમાં આ પરિણામનું નિમિત્ત દેખીને વ્યવહારે કર્તા એમ કથન કરવામાં આવે છે. છે નહિ અને કહેવું એ વ્યવહાર છે.

મુમુક્ષુ :– કર્તાનો અર્થ સમજાવવા ઘણી લાંબી વાત કરી.

ઉત્તર :– કહો, 'ભીખાભાઈ'! પોતે પોતાના વિકારીભાવને કરે અને ભોગવે પરિણમીને, તે પરિણામ એને નિમિત્ત કહેવામાં આવે. નિશ્ચય પોતાના, ઓલાને નિમિત્ત. એથી તે અસદ્ભૂત વ્યવહારનયે છે નહિ કર્તા, નથી ભોક્તા, પોતાના અસ્તિત્વમાં છતાં કહેવું એનું નામ વ્યવહાર છે. આહાહા..! ઝઘડા... ઝઘડા... ઝઘડા. ઝઘડા ટાળવાના રસ્તામાં ઝઘડા ઊભા કર્યા.

'ઉપચરિત અસદ્ભૂત વ્યવહારથી ઘટ-પટ-શકટાદિનો (ઘડો, વસ્ત્ર, ગાડું ઇત્યાદિનો) કર્તા...' ઉપચારથી જૂઠી નયે ઘડાને કરે, પટને કરે, શકટ (ગાડા)ને કરે. એ તો ચલાવે છે તો રાગ. એટલે પોતે રાગને ચલાવે છે. પણ રાગ એને નિમિત્ત થાય છે. એથી એનો એ કર્તા એમ વ્યવહારે કહેવામાં આવે છે. ખરેખર બિલકુલ કર્તા-ભોક્તા નથી. ત્યારે તો વ્યવહાર કહ્યો. એ રૂપે પરિણમે છે? કર્તા નથી માટે એને ઉપચાર લાગુ પડે છે. પરિણમે છે એ રૂપે? ઘડારૂપે પરિણમે છે? બસ, પરિણમતો નથી માટે એની પરિણમવાની પર્યાયને નિમિત્ત થાય છે, માટે કર્તા વ્યવહારે કહેવામાં આવે છે. બસ.

મુમુક્ષુ :– પરિણમે તો ઘડારૂપ થઈ જાય.

ઉત્તર :– જડ થઈ જાય. ઘડાપણાનું આવ્યું છે, આપણે ૧૦૦મી ગાથામાં નથી આવ્યું? અજ્ઞાનીના યોગ અને ઉપયોગ, એની પર્યાય ઘટ-પટના પરિણમનના કાર્યકાળમાં અજ્ઞાનીના યોગ, ઉપયોગ નિમિત્ત છે. સમજાણું કાંઈ? 'સમયસાર'ની ૧૦૦ મી ગાથામાં આવ્યું છે. ઘટ, પટ, ગાડું, શાક, દાળ, ભાત, મકાન આદિ, એના કાર્યકાળ થવા વખતે. છે તો એનો કાર્યકાળ. સમજાણું કાંઈ? એ વખતે નિમિત્ત કોને કહેવું? કે યોગ અને રાગની કર્તાબુદ્ધિ જેની પર્યાબુદ્ધિ છે, એની પર્યાય એની સાથે નિમિત્તપણે કહેવામાં આવે છે. પર્યાયને અને એને નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. દ્રવ્ય-ગુણને સંબંધ નથી. પણ કઈ પર્યાયને? વિકારી પર્યાયનો કર્તા થાય છે, જે જુદો પડ્યો નથી, એવી વિકારી પર્યાયનો કર્તા વિકારથી જુદો પડ્યો નથી, એવો વિકારી પર્યાયનો કર્તા જીવ એ કાર્યકાળમાં એનું વિકારીપણું નિમિત્ત થાય છે. કહો, 'પંડિતજી'! આ ક્યાં યાદ રાખવું? ભાઈ! ઉંધા લાકડા ઘણા ઘૂસી ગયા છે તેને તેટલા પ્રમાણમાં પાછા સવળા સમજવા પડશે કે નહિ? સમજાણું કાંઈ?

ઉપચરિત જૂઠી નયથી. ઉપચાર છે ને. .... અહીં તો કહે છે. ઘટ-પટ-ગાડું-મકાન, એનો કર્તા કહેવો એ તો ઉપચાર, આરોપિત જૂઠા નયથી કથન છે. એવી નય ઉતારી આમાં! 'પંડિતજી'! આહાહા..! ઇત્યાદિનો કર્તા છે.

**'આમ અશુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું.'** જુઓ લ્યો. આ તો અશુદ્ધ જીવસ્વરૂપનું કથન છે. અશુદ્ધપણે પરિણમે છે. જે એનો સ્વભાવ નથી એવા અશુદ્ધપણે પરિણમે છે. એને માટે આ બે બોલ લાગુ પડે છે. નિશ્ચયથી વિકારનો કર્તા અને ભોક્તા, નિકટવર્તી અનુપચરિત કર્મનો કર્તા

અને ભોક્તા, અનુપચારે દેહાદિનો કર્તા, ઉપચારે ઘટ-પટ આદિનો કર્તા. એવા નિમિત્તપણાના આટલા ફેરે આમ કહેવામાં આવે છે. એ અશુદ્ધજીવનું સ્વરૂપ કહ્યું, લ્યો. પછી એનો શ્લોક કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ચૈત્ર સુદ ૧, શનિવાર, તા. ૨૭-૩-૧૯૭૧**
**શ્લોક - ૩૦ થી ૩૪, પ્રવચન નં. ૨૫**

જીવ અધિકાર. ૩૦ મો કળશ છે. ૩૦ છે ને? ૩૦ કળશ. 'શેઠી'! ક્યાં છે? પાનું ૪૩ છે ને. ૩૦ મો કળશ. 'કુંદકુંદાચાર્ય'મહારાજે કહેલા આ 'નિયમસાર'નો મોક્ષમાર્ગ અધિકાર છે. ધર્મનો અધિકાર શું છે અને મોક્ષ કેવી રીતે થાય, એની વ્યાખ્યા છે. ૩૦ મો કળશછે.

**अपि च सकलरागद्वेषमोहात्मको यः**
**परमगुरुपदाब्जदन्दसेवाप्रसादात्।**
**सहजसमयसारं निर्विकल्पं हि बुद्धाव**
**स भवति परमश्रीकामिनीकान्तकान्तः ।।३०।।**

તેનો અર્થ બીજી બાજુ ૪૪ પાને છે. શું કહે છે? જુઓ! થોડો સૂક્ષ્મ અધ્યાત્મ વિષય છે. અનંતકાળમાં ક્યારેય સાંભળ્યો નથી અને ક્યારેય કર્યો નથી. કહે છે કે **'સકળ મોહરાગદ્વેષવાળો જે કોઈ પુરુષ..'** આ આત્મા છે એ અનાદિથી પર્યાય–અવસ્થામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષસ્વરૂપ પર્યાયમાં છે. વસ્તુ જે આત્મા છે એ તો શુદ્ધ આનંદકંદ છે. પણ એની દશામાં અનાદિથી મોહ એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષવાળો છે. પર્યાયમાં–વર્તમાન હાલત–દશામાં, એવ, પુરુષ પણ એમ કહે છે.

**'કોઈ પુરુષ પરમ ગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી...'** સંત, મુનિ, વીતરાગી. જેને વીતરાગભાવ આત્માનો અનુભવ થયો હોય. આત્મા તો પુણ્ય-પાપની ક્રિયાકાંડના રાગથી ભિન્ન છે. એવું જેને અંતરમાં ભાન (થયું હોય) અને નિર્ગ્રંથ સંત મુનિ થયા હોય. કહે છે કે જીવને એનો ઉપદેશ મળે છે. પહેલા તો ઉપદેશ દેશનાલબ્ધિ (મળે છે). કેવી? **'પરમ ગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી...'** સેવાનો અર્થ, એણે જે સાંભળ્યું એનો વિનય કરીને, કે આ મહારાજ સંત આત્માના ધર્મની વાત કરે છે. 'પંડિતજી'! શું (કહ્યું)?

**'નિર્વિકલ્પ સહજ સમયસારને જાણે છે,...'** એમ એમણે કહ્યું. ગુરુએ એમ કહ્યું. ભગવાન! તારું સ્વરૂપ જે અંદર છે, એ પર્યાય અવસ્થામાં મોહ, રાગ-દ્વેષ હોવા છતાં તારી ચીજમાં એ નથી. અવસ્થામાં, પર્યાયમાં મોહ, રાગ-દ્વેષ હોવા છતાં પણ **'નિર્વિકલ્પ સહજ સમયસાર...'** શુદ્ધ આનંદકંદ ભગવાન આત્મા, જેમાં પુણ્ય અને પાપ, શુભ-અશુભરાગના વિકલ્પથી રહિત એવી નિર્વિકલ્પ ચૈતન્ય સત્તા, વીતરાગ સ્વભાવભાવ સ્વરૂપ આત્મા છે એ નિર્વિકલ્પ છે. સહજ, અનાદિ સહજ છે. એ કોઈથી બનેલો છે એમ નથી. અનાદિથી છે. **'સહજ સમયસાર...'** સમયસાર એટલે

આત્મા. શુભ-અશુભ પરિણામથી ભિન્ન, નિર્વિકલ્પ આત્મા, સહજ સમયસાર–આત્માને જાણે છે, તેને ધર્મ થાય છે. સમજાણું કાંઈ? 'પંડિતજી' છે?

પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં સકળ મોહ, રાગ-દ્વેષ હોવા છતાં. પર્યાયમાં તો અનાદિથી છે. પણ જ્યારે ધર્માત્મા, જ્ઞાની તેને મળે છે, ત્યારે તેને કહે છે કે તારો આત્મા સહજાનંદ સ્વરૂપ, પૂર્ણાનંદના સ્વભાવથી ભરપૂર, એવો નિર્વિકલ્પ અભેદ, સમયસાર એટલે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરહિત. દ્રવ્યકર્મ જડ આઠ, નોકર્મ શરીર, ભાવકર્મ–પુણ્ય-પાપનો વિકલ્પ રાગ, એથી ભિન્ન તારી ચીજ છે. તેને જાણ. 'વસંતીલાલજી'! ભારે વાત ભાઈ આ તો! પાધરો ધર્મ આવો?

વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર, ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માએ જે ફરમાવ્યું તે જ 'કુંદકુંદાચાર્યદેવે' અહીં કહ્યું અને એ જ વાત અહીં 'પદ્મપ્રભમલધારીદેવ' આ ટીકાના કળશ કરીને કહે છે. જંગલવાસી દિગંબર મુનિ હતા. 'કુંદકુંદાચાર્યદેવ' તો બે હજાર વર્ષ પહેલા સંવત ૪૯ માં અહીંયા થયા. 'કુંદકુંદાચાર્ય' ભગવાન પાસે ગયા હતા. વર્તમાનમાં સીમંધર પરમાત્મા મહાવિદેહમાં બિરાજમાન છે. ગયા હતા અને આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું. અને તેના ટીકાકાર 'પદ્મપ્રભમલધારીદેવ' જંગલવાસી દિગંબર સંત મુનિ આત્મધ્યાનમાં મસ્ત (છે).

એ કહે છે કે અનાદિનો કોઈપણ પ્રાણી, મોહ-મિથ્યાત્વ અને રાગ-દ્વેષની દશા તો તેનામાં છે. નિગોદથી માંડીને તેનામાં છે. સમજાણું કાંઈ? એમ હોવા છતાં પણ ગુરુના જ્ઞાનનો તેમને ઉપદેશ મળ્યો. ક્યો ઉપદેશ? સર્વજ્ઞપંથમાં સત્‌નો શું ઉપદેશ છે? સંતોનો શું ઉપદેશ છે? જ્ઞાનીઓનો શું ઉપદેશ છે? કે નિર્વિકલ્પ સહજ સમયસારને જાણ. આ ઉપદેશ છે. એમ ઉપદેશ હતો એમ જાણ્યું. અહો..! હું શરીરથી તો ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન, એક સમયની અવસ્થાથી પણ મારી ચીજ તો અભેદ ભિન્ન છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે. સમ્યગ્દર્શન શું છે એ કદી એણે જાણ્યું જ નથી. એ વિના અનંતવાર (રખડ્યો). સમજાણું કાંઈ?

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ 'છ ઢાળા'માં આવે છે. 'છ ઢાળા'માં આવે છે? 'દૌલતરામ'. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' પંચમહાવ્રત લીધા, નગ્નપણું ધારણ કર્યું. એવી ક્રિયા અનંતવાર કરી અને નવમી ગ્રૈવેયકમાં ચાલ્યો ગયો. પણ આત્મજ્ઞાન, આત્મા શું ચીજ છે એના સ્વભાવનો સ્પર્શ કર્યા વગર એના જન્મ-મરણ ટળ્યા નહિ. સ્પર્શ એટલે અનુભવ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાન આત્મા, ગુરુએ આમ કહ્યું એમ જાણ્યું. ગુરુએ એમ કહ્યું હતું. ભગવાન! તારી ચીજ તો અંદર નિર્વિકલ્પ એટલે ભેદ વિનાની અભેદ વસ્તુ છે અને સ્વભાવિક સમયસાર શુદ્ધ ભગવાન આત્મા તારું સ્વરૂપ છે. તારી દૃષ્ટિ ત્યાં લગાવ. તો તને સમ્યગ્જ્ઞાન અને

સમ્યગ્દર્શન થશે, નહિતર ધર્મની શરૂઆત થશે નહિ. સમજાણું કાંઈ? છે? એમાં છે ને 'પંડિતજી'? આહાહા..!

ગુરુની સેવાના પ્રસાદનો અર્થ એ કે એમણે એ કહ્યું હતું. સમજાણું કાંઈ? આ વીતરાગમાર્ગનો સ્વભાવભાવ ગુરુએ કહ્યો. ભગવાન! તારી ચીજ તો અંદર અભેદ નિર્વિકલ્પ અખંડ આનંદ, જ્ઞાન આદિ ગુણનો રસકંદ પિંડ આત્મા છે. એવા સમયસારનું જ્ઞાન કર. અંતર્મુખ થઈને તેનો અનુભવ કર. અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કર તો તારું કલ્યાણ થશે. સમજાણું કાંઈ? છે એમાં? આહાહા..! દુનિયાને પરમસત્ય શું છે એ સમજાયું નથી. સાંભળવામાં આવ્યું નથી કે આ ચીજ શું છે?

અખંડાનંદ પ્રભુ! પૂર્ણ શાંતરસ, પૂર્ણ જ્ઞાન અને આનંદરસ, એવો એકરૂપ સદૃશ સામાન્ય ધ્રુવ સ્વભાવ પડ્યો છે એને જાણ, એમ કહે છે. શાસ્ત્રને જાણવા કે બીજાને જાણવું, પુણ્ય-પાપને જાણવું કે એક સમયની પર્યાયને જાણવી એ વાત નથી કરી. આહાહા..! બાપુ! એ વાત તેં ભગવાન અનંતકાળમાં ક્યારેય સાંભળી નથી. એ વાત તેં સાંભળી નથી. આમ ક્રિયાકાંડ આમ કરવું... આમ કરવું... આ વ્રત, ભક્તિ, પૂજા એ તો બધું વિકલ્પનો ભાવ રાગ છે. તારી ચીજ તો રાગથી ભિન્ન છે. આહાહા..! એવું પરમ સહજ સમયસાર જાણે છે. જાણે છે એટલે એનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ?

અનાદિથી પર્યાયમાં–હાલત દશામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો જે અનુભવ કરતો હતો એને છોડીને, જેમણે અખંડાનંદ મૂર્તિ ભગવાન આત્મા, તેનો અનુભવ કર્યો, તે તરફની દૃષ્ટિ કરીને અભેદનો અનુભવ થયો તો તેણે આત્માને જાણ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! ભારે ઝીણું, ભાઈ! સમજાણું કાંઈ? આવી ચીજ ક્યારેય એણે યથાર્થપણે સાંભળી નથી. બહારની આ ક્રિયાકાંડ, આમ કરો ને તેમ કરો, વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, જાત્રા કરો... એ બધું છે, એ શુભરાગ છે. શુભ પુણ્ય રાગ છે, તે ધર્મ નથી. આહાહા..! ભારે કામ આકરું!

વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં ઇન્દ્રો અને સંતોની વચ્ચે આમ કહેતા હતા. ભાઈ! પ્રભુ! આચાર્ય 'અમૃતચંદ્રાચાર્ય' ભગવાન તરીકે જ બોલાવે છે. તારી ચીજ અંદર નિર્લેપ, કર્મ અને રાગના લેપરહિતની ચીજ અંદર છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો રાગનો લેપ એ તો ભાવબંધ છે. એ તો આસ્રવતત્ત્વ છે. અને કર્મનું બંધન એ તો અજીવતત્ત્વ છે. તારી ચીજમાં એ અજીવનો બંધ અને રાગના બંધ રહિતની તારી ચીજ છે. આહાહા..! એ તો કહ્યું ને રાગ-દ્વેષ-મોહ તો પર્યાયમાં છે. ભાવબંધ છે. પર્યાયદૃષ્ટિમાં એ તો અનાદિથી આવું સેવ્યું. મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો અનુભવ કર્યો. એ તો અધર્મ છે. એનાથી તો નરક અને નિગોદમાં અનંતવાર ગયો.

તારો ભગવાન આત્મા અંદર છે તેનો અનુભવ કર. જાણે છે એટલે અનુભવ કરે છે. તે પુરુષ અનુભવ કરે છે એ મોક્ષનો માર્ગ. એ ધર્મ. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે કહેલો માર્ગ. આહાહા..! છે ને? સામે પાંચ શ્લોક છે. જુઓ! અંદર છે. **'સમયસારને જાણે છે,...'** એમ લખ્યું છે. બીજાને જાણે છે, ફલાણાને જાણે છે, વ્યવહારને જાણે છે, નિમિત્તને જાણે છે. આહાહા..! પહેલા કરવાની ચીજ તો આ છે. એ ક્યારેય કર્યું નથી એટલે એના જન્મ-મરણ ક્યારેય ટળ્યા નહિ. આહાહા..!

છે તો સિદ્ધ કર્યું. રાગ-દ્વેષ-મોહ તો છે અને કર્મ પણ છે. વસ્તુ છે. છે તો એમાં શું થયું? મારી સત્તામાં એ નથી. પૂર્ણાનંદ પ્રભુ સ્વભાવિક વીતરાગ સમયસાર. સમ-સાર એવો આત્મા રાગ, કર્મ, નોકર્મથી રહિત એવા આત્માનો તું અનુભવ કર, એ મોક્ષનો માર્ગ છે, એ ધર્મ છે. આ વીતરાગનો ધર્મ છે. સમજાણું કાંઈ?

**'તે પુરુષ પરમશ્રીરૂપી સુંદરીનો પ્રિય કાન્ત થાય છે.'** મોક્ષ થશે. એવા આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આત્માનો અનુભવ કરશે તો તે મુક્તિસુંદરીનો પ્રિય થશે. અર્થાત્ તેને મુક્તિ મળશે. એ સિવાય કોઈ ક્રિયાકાંડથી મુક્તિ-બુક્તિ મળતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ક્રિડાકાંડથી નહિ મળે એવું ક્યાં લખ્યું છે?

ઉત્તર :– આમાં શું કહ્યું? એટલી વાત છે. આ જ છે. બીજું મોહ-રાગ પહેલા કહ્યું હતું કે મોહ-રાગ-દ્વેષ છે, તેનાથી તો સંસાર છે.

મુમુક્ષુ :– અનેકાંત...

ઉત્તર :– અનેકાંત છે. આત્માથી થાય છે અને તેનાથી થતું નથી તે અનેકાંત છે. સમજાણું કાંઈ? એ તો પહેલા કહ્યું ને, મોહ, રાગ-દ્વેષ છે, વ્યવહાર આદિ, વિકલ્પ આદિ છે તો છે, એમાં શું? આહાહા..! કઠણ છે. અંતર ભગવાન ચિદ્દ્ઘન અતીન્દ્રિય આનંદ રસકંદ પ્રભુ નિત્યાનંદ સ્વરૂપ આત્મા. એ નિત્યાનંદનો અનુભવ કરવાથી આનંદનો સ્વાદ આવે છે, તેને ધર્મ કહે છે. વીતરાગમાર્ગમાં તો આ છે. અન્યમાં તો આ કાંઈ છે જ નહિ. સમજાણું કાંઈ? લ્યો. એ એક શ્લોક થયો.

બીજો શ્લોક ૩૧. ઉપર.

**भावकर्मनिरोधेन द्रव्यकर्मनिरोधनम्।**
**द्रव्यकर्मनिरोधेन संसारस्य निरोधनम् ।।३१।।**

... બોલ સંવરમાં આવે છે. એ અહીં બધી રીતે લીધું.

**શ્લોકાર્થ :– 'ભાવકર્મના નિરોધથી...'** શું કહે છે અહીં? કે શુભ અને અશુભ જે વિકલ્પ ઉઠે છે એ ભાવકર્મ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો, યાત્રાનો શુભરાગ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ વાસના, પાપ-રાગ, એ બન્ને રાગને અહીં ભાવકર્મ કહેવામાં આવ્યો છે. **'भावकर्मनिरोधेन'** ભાવકર્મને રોકવાથી. ભાષા તો ઉપદેશના વાક્યો છે. ભાવકર્મની ઉત્પત્તિ નહિ થવાથી **'દ્રવ્યકર્મનો નિરોધ થાય છે; દ્રવ્યકર્મના નિરોધથી સંસારનો નિરોધ થાય છે.'** આહાહા..! શું કહે છે?

ભગવાન આત્મા પરમ આનંદસ્વરૂપ, ધ્રુવ, નિત્યાનંદ, એને સ્પર્શ કરવાથી, એના અનુભવથી ભાવકર્મ રોકાઈ જાય છે. પુણ્ય-પાપના વિકલ્પની ઉત્પત્તિ નથી થતી. અને તેના કારણે દ્રવ્યકર્મ પણ નવા આવતા નથી. આત્મામાં શાંતિ, સ્વચ્છતા, સ્વભાવમાં, અંતરમાં, શક્તિમાં, સત્ત્વમાં, તત્ત્વના સત્ત્વમાં જ્ઞાન અને આનંદ જે ભરેલા છે, તેનો અનુભવ કરવાથી તેને ધર્મ થાય છે. તેની મુક્તિ થાય છે.

મુમુક્ષુ :– વ્યવહાર મોક્ષમાર્ગ ક્યાં જશે?

ઉત્તર :– વ્યવહાર-ફ્યવહાર મોક્ષમાર્ગ છે જ નહિ. મોક્ષમાર્ગ એક જ છે–નિશ્ચય. સમજાણું કાંઈ? હજી તો આગળ કહેશે છેલ્લે. સિદ્ધ અને સંસાર આત્મામાં છે જ નહિ. એ તો પર્યાયમાં છે. આત્મા તો આત્મા છે. આત્મામાં સંસાર અને વ્યવહાર ક્યાં છે? છઠ્ઠા શ્લોકમાં કહેશે. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથે કહેલો માર્ગ અલૌકિક છે, ભાઈ! આહાહા..! લોકોને સાંભળવા ન મળે એટલે માની લે કે આ શું? આ શું? આ શું નહિ આ છે. 'પંડિતજી'! આહાહા..! પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો આ સંદેશ છે. 'કુંદકુંદાચાર્ય' એ સંદેશ લઈને આવ્યા. આઠ દિવસ ભગવાન પાસે ગયા હતા. સંવત્ ૪૯. દિગંબર સંત એ સમાચાર–સંદેશ લાવ્યા કે ભગવાન તો આમ કહે છે, ભાઈ!

ત્રિલોકનાથ વીતરાગ પરમાત્મા કહે છે કે ભાવકર્મની ઉત્પત્તિ ન થાય, તેનો અર્થ કે તારા આનંદસ્વભાવની ઉત્પત્તિ થાય, શુદ્ધોપયોગની ઉત્પત્તિ થાય, સ્વભાવના આશ્રયથી શુદ્ધભાવની ઉત્પત્તિ થાય તો અશુદ્ધભાવની ઉત્પત્તિ ન થાય. અશુદ્ધની ઉત્પત્તિ ન થાય તો કર્મ એને આવતા નથી, કર્મ રોકાઈ જાય છે. તો તેને ભાવધર્મ થયો અને તેનાથી ભાવમુક્તિ થાય છે. સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ આવું.

મુમુક્ષુ :– ભાવધર્મ કોને કહેવો?

ઉત્તર :– એ કીધું ને? ભાવકર્મ રહિત એ ભાવધર્મ. પુણ્ય-પાપનો વિકલ્પ એ ભાવકર્મ એટલે અધર્મ. તેને રોકવાનો અર્થ સ્વભાવ સન્મુખ થવું. સ્વભાવ સન્મુખ થઈને જે નિર્મળ શ્રદ્ધા-

જ્ઞાન-શાંતિની ઉત્પત્તિ થાય તેનું નામ ભાવધર્મ. તે ભાવધર્મથી ભાવકર્મની ઉત્પત્તિ નથી થતી અને કર્મનું આવવું રોકાઈ જાય છે અને મુક્તિ થાય છે. આહાહા..!

૩૨. એક એક કળશમાં ઘણું ભર્યું છે! 'પદ્મપ્રભમલધારીદેવ' જંગલવાસી દિગંબર સંત મુનિ હતા. આત્મધ્યાનમાં, અતીન્દ્રિય આનંદમાં મસ્ત. થોડો વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર બની ગયું, ટીકા બની ગઈ. સમજાણું કાંઈ? ૩૨ મો. કહતે હૈ...

**संज्ञानभावपरिमुक्तविमुग्धजीवः**
**कुर्वन् शुभाशुभमनेकविधं स कर्म।**
**निर्मुक्तिमार्गमणुमप्यभिवाञ्छितुं नो**
**जानाति तस्य शरणं न समस्ति लोके ।।३२।।**

**શ્લોકાર્થ :– 'જે જીવ સમ્યગ્જ્ઞાનભાવરહિત...'** જુઓ! શું કહે છે? અહીં જીવથી ઉપાડ્યું. જે ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ, તેના જ્ઞાનથી રહિત છે, તેનું જ્ઞાન નથી. **'સમ્યગ્જ્ઞાનભાવરહિત વિમુગ્ધ (મોહી, ભ્રાન્ત) છે, તે જીવ શુભાશુભ અનેકવિધ કર્મને કરતો થકો....'** શું કહે છે? જુઓ! આહાહા..! જેને ભગવાન આત્મા જ્ઞાનાનંદ અને આનંદસ્વરૂપ (છે), એનો જેને અનુભવ નથી, જ્ઞાન નથી, એવા જ્ઞાનથી રહિત જીવ અનાદિથી શુભાશુભ અનેક કર્મ કરે છે. શુભાશુભ પરિણામને કરે છે, જે વિકાર છે. સમજાણું કાંઈ?

**'સમ્યગ્જ્ઞાનભાવરહિત વિમુગ્ધ (મોહી, ભ્રાન્ત) છે, તે જીવ શુભાશુભ અનેકવિધ કર્મને કરતો થકો...'** પુણ્ય અને પાપના વિકલ્પોના ભાવ કરતા થકા, શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગ, એ સમ્યગ્જ્ઞાનરહિત પુરુષ એને કરે છે એમ કહે છે. ધર્મી, સમ્યગ્દૃષ્ટિ જીવ શુભાશુભ પરિણામને કરતો નથી એમ કહે છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! ચૈતન્યસ્વરૂપ ભગવાન, ચૈત્યનનું નૂર, એવું પ્રકાશનું પૂર, એનું જેને જ્ઞાન નથી, અનુભવ નથી એ મિથ્યાદૃષ્ટિ તો પુણ્ય-પાપના ભાવ કરે છે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

**'જે જીવ સમ્યગ્જ્ઞાનભાવરહિત વિમુગ્ધ (મોહી, ભ્રાન્ત) છે,...'** એ ભ્રાંતિ મિથ્યાદૃષ્ટિ શુભાશુભ પરિણામને કરે છે. આહાહા..! કારણ કે વસ્તુ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપનું તો ભાન નથી અને અજ્ઞાન ભૂમિકામાં વસ્તુના સ્વરૂપનું અજ્ઞાન છે તો અજ્ઞાનભૂમિકામાં અજ્ઞાનભાવરૂપ પુણ્ય-પાપભાવનો કર્તા થાય છે એમ કહે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? તમારી ભાષામાં, સમજમેં આતા હૈ? સમજાય છે કાંઈ? અમારી ગુજરાતી ભાષા છે. આહાહા..!

ભગવાન તીર્થંકરદેવ, પાછળ નામ પણ આવ્યું ને? મંગલમ્ ભગવાન વીરો, મંગલમ્ ગૌતમોગણી, પછી મંગલમ્ કુંદકુંદાર્યો. ત્રીજા નંબરે 'કુંદકુંદાચાર્ય' આવ્યા. એ 'કુંદકુંદાચાર્ય' ફરમાવે છે તેનો અર્થ 'પદ્મપ્રભમલધારીદેવ' કહે છે. આહાહા..!

અહીં તો શું કહે છે? કે જેને આત્મા આનંદ અને પરિપૂર્ણ ધ્રુવસ્વરૂપ છે, તેનું જ્ઞાન નથી એ તો ભ્રાંતિમાં પડ્યા છે. કેમકે હું રાગ છું, હું એક સમયની પર્યાય છું એવી ભ્રાંતિમાં પડ્યા છે. તો ભ્રાંતિવાળો શું કરશે? શુભ અને અશુભ પરિણામ કરશે. એને શુદ્ધતાનું તો ભાન નથી. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધૂળમાં ખાતા ખાતા થાય? એ તો કાલે આવ્યું હતું કે નહિ? ઝેર ખાતા ખાતા અમૃતનો ઓડકાર આવે? અમૃતનો ઓડકાર ન આવે? ઝેર-ઝેર પીવે છે. એય..! લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે? એમ રાગ કરતા કરતા ધર્મ થશે? આ તો વીતરાગધર્મ છે. રાગ કરતા કરતા તો અજ્ઞાનભાવ થશે, એમ કહે છે. જુઓ! અજ્ઞાનભાવમાં રાગનો કર્તા થાય છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્જ્ઞાનભાવરહિત છે એ શુભાશુભનો કર્તા થાય છે, એમ કહે છે. ધર્મીજીવ છે એને તો શુદ્ધ આત્માનું ભાન છે. તો શુભ-અશુભ પરિણામનો કર્તા જ્ઞાની થતો નથી. થાય છે તેને જાણનાર રહે છે. ભારે કામ! 'પ્રકાશદાસજી'! જુઓ! કળશ જુઓ! કેવું ભર્યું છે કળશમાં! કળશમાં અમૃત ભર્યું છે. કળશમાં પાણી ભર્યા હોય ને? એમ આ કળશ કહે છે. મુનિઓ, સંતો, જંગલમાં આનંદમાં રહેનારા દિગંબર, ધર્મનું આવું સ્વરૂપ પ્રસિદ્ધ કરે છે કે ધર્મ આ છે. આવી વાત વીતરાગ પરમેશ્વર સિવાય, દિગંબર સંતો સિવાય ક્યાંય છે જ નહિ. આવું કોઈ કહી શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એમાં છે ને? એમાં જુઓને!

**'જે જીવ.'** એક વાત. જીવ તો દ્રવ્ય થયું. **'સમ્યગ્જ્ઞાનભાવરહિત...'** એટલે કે પોતાના દ્રવ્યસ્વભાવનું ભાન નથી. તો એ સમ્યગ્જ્ઞાનરહિત મિથ્યાદૃષ્ટિ છે. જુઓ! અહીં સમ્યગ્જ્ઞાનભાવરહિત કહ્યું અને તેને મિથ્યાત્વી કહ્યો. **'તે જીવ શુભાશુભ અનેકવિધ કર્મને...'** શુભભાવ અને અશુભભાવ અસંખ્ય પ્રકારના છે. તો શુભ-અશુભભાવને કરે છે. રાગથી ભિન્ન આત્મા શું ચીજ છે એની તો એને ખબર નથી. ક્રિયાકાંડમાં જો શુભભાવ છે એ તો આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વને કરે છે. કેમ કે આસ્રવથી રહિત ભગવાન આત્મા ભિન્ન છે એનું તો ભાન નથી. તો ભાન વિનાના પ્રાણી પુણ્ય-પાપના ભાવને કરે. આહાહા..! સમજાણું કાંઈ?

**'મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** છે? શુભાશુભભાવને કરનારો સમ્યગ્જ્ઞાનરહિત જીવ, **'મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** મોક્ષમાર્ગ, જે પવિત્ર આનંદ સ્વરૂપ આત્મા, નિર્વિકલ્પ આનંદઘન આત્મા, તે તરફનો શુદ્ધ ઉપયોગ એ મોક્ષનો માર્ગ છે. તો શુદ્ધ ઉપયોગની વાંછા, **'લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** એમ કહે છે, જુઓ!

મુમુક્ષુ :– એટલે શુદ્ધ ઉપયોગ થઈ શકે છે.

ઉત્તર :– એનો અર્થ કે એનાથી વાંછા કરતો નથી. એ ત્યાં જ કર્યા કરે છે. આ કરું... આ કરું.. આ કરું... આ કરું... એનાથી શુદ્ધ ઉપયોગ થાય? શુભાશુભભાવ કરતા કરતા શુદ્ધ થાય? એમ કહે છે. જુઓ! એમ કરતો થકો, એમ છે ને? કરે છે ને? રાગ... રાગ.. રાગ... રાગ... શુભરાગ... શુભરાગ... શુભરાગ.

**'કરતો થકો મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** અહીં ક્યાં હોય? એમ કહે છે. આહાહા..! મોક્ષમાર્ગને લેશમાત્ર નથી વાંછતો, એમ કહે છે. એનો અર્થ કે શુભાશુભભાવ કરે છે તો શુદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી તો નિર્મળ ઉપયોગ જે શુદ્ધ થાય, તેને તે વાંછતો નથી. વાંછે છે પુણ્યકર્મ આમ કરું.... આમ કરું.. આમ કરું.. 'શેઠી'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ન ચાલે કેમ? શેઠ મોઢા આગળ બેસાડશે. ચાલશે એ તો. એ તો અસ્તિમાં છે, નાસ્તિમાં નથી. 'જયપુર'માં આગળ બેસશે. કહો, સમજાય છે કાંઈ? 'જયપુર' જાવું છે ને? 'જયપુર'. ત્યાં શિક્ષણ શિબિર ચાલશે. વીસ દિવસ ચાલશે. જેઠ વદ ૫. તમારી. 'જયપુર' વીસ દિવસની છે. બહારથી ઘણા માણસો આવશે. વીસ દિવસની શિક્ષણ શિબિર છે. ભોજન મફત વીસ દિવસ. ત્યાં 'જયપુર'માં. અમે ત્યાં જવાના છીએ. સમજાણું કાંઈ? આ 'જયપુર'ના શેઠ છે. આહાહા..! 'જયપુર' તો આ ભગવાન આત્મા જયનું પુર છે. જેમાં રાગ-દ્વેષને જીતીને, આત્માની વીતરાગતા પ્રગટ કરે એ જયપુર તો ભગવાન આત્મા છે. 'શેઠી'! તમારા ગામમાં આ થાય છે. બાકી તો હારપુર છે. પુણ્ય અને પાપ કરનારા હારપુર છે. પોતાના રાજ્યની તે હાનિ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કહે છે?

**'લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** શુભભાવ કરતા-કરતા કાંઈક તો થાશે કે નહિ? તો કહે છે તેને શુદ્ધની લેશમાત્ર વાંછા નથી. આહાહા..! શુભભાવ કરતા-કરતા અંદર કંઈક થશે કે નહિ? અંશ છે કે નહિ? બિલકુલ નહિ.

મુમુક્ષુ :– થોડો શુદ્ધનો અંશ છે.

ઉત્તર :– ધૂળમાં પણ નથી. આહાહા..! જુઓ!

મુમુક્ષુ :– વીતરાગભાવની વ્યાખ્યા શું?

ઉત્તર :– વીતરાગભાવ એટલે રાગની અનુત્પત્તિ થવી અને સ્વભાવના આશ્રયથી નિર્દોષ દશા ઉત્પન્ન થવી તે વીતરાગભાવ છે. તે ધર્મ છે. પહેલો વિકલ્પ સહિત નિર્ણય તો કરે કે આવી ચીજ છે. અને એ નિર્ણયમાં હજી યથાર્થ આનંદ આવ્યો નથી, યથાર્થ નિર્ણય તો અનુભવ કરે ત્યારે યથાર્થ નિર્ણય થાય ત્યારે આનંદ સાથે આવે છે. તો યથાર્થ નિર્ણય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

અનેકવિધ શુભાશુભ કરે છે. **'મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** વાંછવાનું જાણતો નથી, એમ કહે છે. જાણતો પણ નથી કે મોક્ષમાર્ગની વાંછા શી રીતે હોય. એ તો પુણ્ય... પુણ્ય... પુણ્ય... પુણ્ય... દયા, દાન, વ્રત, ભક્તિ... ભક્તિ... કરતા... કરતા... કરતા... થશે. એને મોક્ષમાર્ગની વાંછાનું જાણપણું પણ નથી, એમ કહે છે. આહાહા..! ભારે જગતના પ્રવાહમાં આ વાત એવી અથડાય. સમજાણું કાંઈ? **'લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી; તેને લોકમાં (કોઈ) શરણ નથી.'** જુઓ! શુભાશુભ પરિણામ અજ્ઞાની કરે છે એને કોઈ શરણ નથી. શરણ તો શુભાશુભભાવથી રહિત પોતાનો આનંદસ્વરૂપ ભગવાન, એનો તો સ્પર્શ કર્યો નથી, અનુભવ કર્યો નથી, મહાસત્તાનો, ચૈતન્ય મહાપ્રભુનો, આનંદસહિત નિર્ણય તો કર્યો નથી તેને કોઈ શરણ નથી. સમજાણું કાંઈ? એ ૩૨ મો કળશ થયો. ૩૩. ઉપર કળશ છે.

**यः कर्मशर्मनिकरं परिहृत्य सर्वं**
**निष्कर्मशर्मनिकरामृतवारिपूरे।**
**मज्जन्तमत्यधिकचिन्मयमेकरूपं**
**स्वं भावमद्वयममुं समुपैति भव्यः ।।३३।।**

**'જે સમસ્ત કર્મજનિત સુખસમૂહને પરિહરે છે,...'** કર્તા પરિહર છે. શું કહે છે? આત્મામાં જે પુણ્ય-પાપભાવ ઉત્પન્ન થાય છે એમાં એ કર્મજનિત સુખ માને છે. એમ કહે છે કે જે શુભાશુભભાવમાં ઠીકપણું માને છે, એમાં સુખ માને છે, **'એ સુખસમૂહને પરિહરે છે,...'** એ નહિ. શુભ-અશુભભાવમાં સુખ નથી. સમજાણું કાંઈ? સુખ તો મારી ચીજ આત્મા આનંદમાં સુખ છે. આહાહા..! કદી દિશા જોઈ નથી. કેમ જાવું અને ક્યાંથી નીકળવું એ ક્યારેય સાંભળ્યું નથી. આમ ને આમ અનાદિથી આંધળે આંધળો ચાલ્યો આવે છે. આહાહા..!

કહે છે કે **'સમસ્ત કર્મજનિત સુખસમૂહને...'** સુખસમૂહ એટલે આ કલ્પના કરી હતી કે આ પુણ્યમાં ઠીક છે, શુભભાવમાં મને શાંતિ મળે છે. સમજાણું કાંઈ? આ પૈસામાં સુખ છે, ધૂળમાં સુખ છે એમ માનનાર તો મહામૂઢ છે. સમજાણું કાંઈ? આ કરોડપતિ છે તે સુખી છે. મૂઢ છે. ધૂળમાં ક્યાં સુખ આવ્યું?

મુમુક્ષુ :– ઉદ્યોગપતિ તો છે.

ઉત્તર :– ઉદ્યોગપતિ ને? એ તો પાપનો ઉદ્યોગપતિ છે. 'શેઠી'! ઉદ્યોગપતિ સુખી છે. મૂંઢ છે. એ તો રાગ છે અને રાગ તો દુઃખ છે. આહાહા..! પૈસામાં, સ્ત્રીમાં, કુટુંબમાં અનુકૂળતામાં અમે સુખી છીએ. ક્યાંથી સુખ આવ્યું? પરમાં સુખ ક્યાં હતું તે સુખી છે. એય..! બે-પાંચ-પચ્ચીસ લાખ મળે, કરોડ-બે કરોડ મળે તો સુખી છે. મૂંઢ છે. તને કોણ સુખી કહે છે? મૂર્ખ સુખી કહે તને. તું માને મૂર્ખ. અહીં વીતરાગમાર્ગમાં તો આવી વાત છે. સમજાણું કાંઈ?

એ કહે છે, જુઓ! **'કર્મજનિત સુખસમૂહ...'** આમ કુટુંબ, પરિવાર, પૈસા, આબરુ, શરીર રૂપાળા સુંદર. ધૂળમાં પણ નથી, એ તો પર છે. સમજ્યા ને? કર્મસમૂહ લીધો છે ને? બધો. શરીર સુંદર, વાણી મીઠી, બાયડી, છોકરા, કુટુંબ, માન, મકાન અને બે-પાંચ-પચ્ચીસ લાખની કમાણી, સુખી છે. ધૂળમાં પણ સુખ નથી. મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. પરમાં સુખ માને તે મિથ્યાદૃષ્ટિ મૂઢ જૈન નહિ. કહો, સમજાણું કાંઈ? એમ છે? 'વસંતીલાલજી'? તમે પૈસાવાળાને સુખી કહો છો.

મુમુક્ષુ :– પૈસાના કારણે આકુળતા હશે?

ઉત્તર :– આકુળતા કરે છે માટે થાય છે. પૈસા ઉપર લક્ષ જાય એ આકુળતા છે. ત્યાં ધૂળમાં ક્યાં સુખ છે?

**'કર્મજનિત સુખસમૂહ...'** આહાહા..! એ શુભ વિકલ્પ ઉઠે છે એમાં પણ ઠીક છે એમ માને છે એ મૂઢ જીવ છે. (તેને) 'પરિહરે છે, તે ભવ્ય પુરુષ...' લ્યો. વિકલ્પને છોડી, શુભ વિકલ્પમાં પણ સુખ નથી. સુખ તો મારી ચીજમાં અતીન્દ્રિય આનંદ આત્મામાં છે. હું અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા છું. નિત્યાનંદ પ્રભુ મારું અતીન્દ્રિય આનંદ–સુખ મારામાં છે. એ પુણ્ય-પાપના ભાવમાં તો નથી તો બહારમાં તો છે જ નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ જ અહીંયા કહે છે. **'તે ભવ્ય પુરુષ નિષ્કર્મ સુખસમૂહરૂપી...'** હજી તો એના વિશેષણ આવશે. આહાહા..! એમ કહે છે કે શુભ-અશુભરાગમાં જે મીઠાશ-રુચિ છે એને ઉઠાવી લે, એમ કહે છે. કંઈ પણ શુભભાવમાં અંદર મીઠાશ લાગે તે મિથ્યાત્વભાવ છે. એમાંથી દૃષ્ટિ ઉઠાવી **'જે ભવ્ય પુરુષ નિષ્કર્મ સુખસમૂહરૂપી..'** જુઓ! ત્યાં પણ કર્મજનિત સુખસમૂહ હતું. અહીં પણ **'નિષ્કર્મ સુખસમૂહ...'** ભગવાન આત્મામાં રાગ અને વિકલ્પ વિનાનો આનંદ પડ્યો છે. સુખસમૂહ આનંદનો સમુદ્ર છે. આહાહા..!

જેમ સમુદ્ર જળથી લવાલવ ભરેલો છે, એમ આત્મા અતીન્દ્રિય આનંદથી લવાલવ ભરેલો છે. ક્યાં હશે ખબર નથી. સમુદ્રમાં જેમ પાણી લવાલવ ભરેલું છે, તેમ ભગવાન આત્મા દેહથી ભિન્ન, રાગથી ભિન્ન, પુણ્યથી ભિન્ન, અંતર સ્વભાવથી અભિન્ન, અતીન્દ્રિય આનંદથી લવાલવ ભરેલો છે. એવા **'અમૃતના સરોવરમાં મગ્ન થતા...'** ચૈતન્યમય સ્વરૂપ કેવું છે? આ તો અનાદિની વાત ચાલે છે. એ તો **'અમૃતના સરોવરમાં મગ્ન થતાં એવા આ અતિશયચૈતન્યમય,...'** એવો ભગવાન આત્મા. કહે છે કે ચૈતન્યમયસ્વરૂપ અંતર અમૃતસ્વરૂપ એવા આનંદમાં અનાદિથી મગ્ન જ છે. સમજાણું કાંઈ? અરે..! આવું કદી સાંભળ્યું નથી.

શું કહે છે? **'ભવ્ય પુરુષ નિષ્કર્મ સુખસમૂહરૂપી...'** કર્મ વિનાનો આનંદ આત્મામાં છે, રાગના કાર્ય વિનાનો અંતરમાં આનંદ છે. એવા **'સુખસમૂહરૂપી અમૃતના સરોવરમાં...'** અમૃતના સરોવરમાં ભગવાન અંદર બિરાજમાન આત્મા છે. આહાહા..! આ આત્મા અતીન્દ્રિય **'અમૃતના**

**સરોવરમાં મગ્ન થતાં એવા આ અતિશય ચૈતન્યમય,..'** જેની મહા વિશેષ ચૈતન્યદશા, જેનો જ્ઞાયકભાવ, પરિપૂર્ણ ભગવાન અનાદિઅનંત એવો આત્મા **'એકરૂપ,...'** જુઓ! **'અદ્વિતીય નિજ ભાવને પામે છે.'** એવો નિજભાવ જે દ્રવ્યસ્વભાવ, તેને પ્રાપ્ત થાય છે, એ પર્યાય છે. ફરી. માર્ગ ભારે ઝીણો છે. લોકો બહારમાં કલ્પીને બેઠા છે. માર્ગ નીકળ્યો બીજો.

કહે છે, ભગવાન તારો આત્મા નિષ્કર્મ સુખ આનંદસમૂહ અમૃત સરોવરમાં આત્મા અંદર મગ્ન છે. ધ્રુવ-આનંદ **'એવા આ અતિશય ચૈતન્યમય,...'** વસ્તુ અભેદ એકરૂપ અદ્વિતીય– એની સાથે બીજા કોઈની જોડ નથી. એવો નિજ ભાવ આત્મા. ત્રિકાળી નિજ ભાવ આત્મા, તેને પ્રાપ્ત થાય છે. નિજ સ્વભાવભાવ આત્મા એને જે પ્રાપ્ત થાય છે, એ મુક્તિનો માર્ગ છે.

મુમુક્ષુ :– આમાં છોડવાનું શું?

ઉત્તર :– છોડવા-ફોડવાનું કાંઈ નથી. અંદરમાં એકાકાર થવાનું. એ તો પહેલા છોડવાની વાત કરી. ભાઈ! તારો માર્ગ તો બીજો છે, ભાઈ! શું થાય?

કહે છે કે વિકલ્પમાત્ર છે એ દુઃખરૂપ છે. અજ્ઞાની એને સુખનો સમૂહ માને છે. એને છોડીને. એનો અર્થ તેનું લક્ષ છોડીને. ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ પોતાના આનંદમાં મગ્ન છે. આત્મા અનંતઆનંદસ્વરૂપ અમૃત સરોવરમાં અતિશય ચૈતન્યમય આત્મા, એમાં અનાદિથી લીન છે. એવા આત્માને જે દૃષ્ટિમાં પ્રાપ્ત કરે છે, સ્વસન્મુખ થઈને જે અનુભવમાં પ્રાપ્ત કરે છે તેને મુક્તિનું કારણ પ્રાપ્ત થયું. હજી તો ભાષા સમજવી કઠણ. ધર્મ તો ક્યાંય રહ્યો. આહાહા..! જુઓને! આચાર્ય શું કહે છે? સાધારણ માણસને તો આમ એવું લાગે. અત્યાર સુધી માન્યું હોય એમાંથી આ બીજો ઘા પડે કે આ નહિ, આ નહિ.

મુમુક્ષુ :– આ તો શૂરવીર બનાવી દે એવી વાત છે..

ઉત્તર :– વીર, વીર. વીરના રસ્તે ચડે તે વીર. એ વીરતા. બહારમાં રૂવાંટા ઊભા થઈ જાય. આહાહા..! આવો ! આવે છે ને ઓલામાં... રૂંવાટા અનુભવમાં? સવિકલ્પી અનુભવ કરે ત્યારે રૂંવાટા... એવું આવે છે ને? રોમાંચ ઊભો થાય છે. આહાહા..!

**'એવા આ અતિશયચૈતન્યમય, એકરૂપ, અદ્વિતીય નિજ ભાવ...'** એવા ત્રિકાળી જ્ઞાયકભાવને પામે છે. આને છોડે એ આને પ્રાપ્ત થાય એમ કહે છે. રાગાદિને છોડે છે એ સ્વભાવને પ્રાપ્ત કરે છે. કહો, પંડિતજી! આવો માર્ગ છે. બધું છૂટી ગયું. પોતાનું નિજ સ્વરૂપ ભગવાન અમૃતમાં મગ્ન સરોવર એવો ચૈતન્ય. આનંદ અને ચૈતન્ય બે ભાગ લીધા. એવા આત્માને અર્થાત્ એવા નિજ સ્વભાવને, પરભાવને છોડીને નિજ સ્વભાવને પ્રાપ્ત કરે છે તે ધર્મી છે. કહો, સમજાણું કાંઈ? હજી તો ખ્યાલ પણ નથી કે માર્ગ શું છે. અને ધર્મ થઈ ગયો. ધર્મ... ધર્મ. બાપા! ધર્મના (ફળ) ઘણા ઊંચા છે. જેનું ફળ મુક્તિ છે. સમજાણું કાંઈ? પાંચમો શ્લોક. ૩૪ મો.

**असति सति विभावे तस्य चिन्तास्ति नो नः**
**सततमनुभवामः शुद्धमात्मानमेकम्।**
**हृदयकमलसंस्थं सर्वकर्मप्रमुक्तं**
**न खलु न खलु मुक्तिर्नान्यथास्त्यस्ति तस्मात् ।। ३४।।**

**શ્લોકાર્થ :–** આહાહા..! **'(અમારા આત્મસ્વભાવમાં) વિભાવ અસત્ હોવાથી...'** જુઓ! શું કહે છે? મુનિ પોતાની વાત કરે છે અને જગતને ઉપદેશ દે છે. પોતાની પર્યાયમાં વિકાર અસત્ છે. અમારા સ્વભાવમાં એ વિકાર છે જ નહિ. આહાહા..! પુણ્ય અને પાપના વિકલ્પ, **'વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી;...'** અમારામાં નથી એને છોડવાની અમને ચિંતા નથી, એમ કહે છે. આહાહા..! પુણ્ય અને પાપનો ભાવ વિભાવ અસત્ છે. ત્રિકાળી સત્‌માં છે નહિ. દ્રવ્યસ્વભાવ સત્ છે તો વિભાવસ્વભાવ અસત્ છે. સ્વભાવની અપેક્ષાએ એ વસ્તુ અસત્ છે. એમ કહે છે.

**'(અમારા આત્મસ્વભાવમાં) વિભાવ અસત્ હોવાથી...'** આત્મસ્વભાવી છે ને? ભગવાન આત્માનો તો નિર્દોષ વીતરાગી સ્વભાવ છે. અવિકારી નિર્દોષ સ્વભાવની અપેક્ષાએ વિકાર તો અસત્ છે. જેમ પોતાના દ્રવ્યની અપેક્ષાએ બીજા દ્રવ્ય અદ્રવ્ય છે. પોતાની વસ્તુની અપેક્ષાએ બીજી ચીજ અદ્રવ્ય છે, અવસ્તુ છે. એમ પોતાના સ્વભાવની અપેક્ષાએ રાગ વિભાવ અસત્ છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! આવો ધર્મ હશે? ભાઈ!

**'વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી;...'** કેમ કે અમારામાં નથી તેને અમારે છોડવું શું અને મુકવું શું? એમ કહે છે. અમે તો શુદ્ધ આનંદઘન છીએ. એના સ્વભાવમાં પોતાનો નિજ સ્વભાવ, ત્રિકાળી આનંદ આદિ સ્વભાવમાં વિભાવનો અભાવ છે. સમજાણું કાંઈ? જુઓને! કેવો કળશ મુક્યો છે! જંગલમાં મુનિ હતા જંગલમાં, હોં! 'પદ્મપ્રભમલધારીદેવ' સંત જંગલમાં વસતા હતા. મુનિઓ તો પહેલા જંગલમાં જ રહેતા હતા ને. આત્મધ્યાની, જ્ઞાની મુનિ એને કહે છે. અંતરમાં તો હજારો વાર છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારો વાર આવતું હતું. આનંદમાં-આનંદમાં મસ્ત. ઉપદેશનો વિકલ્પ ઉઠતો હતો એ પણ દુઃખરૂપ લાગતો હતો. આહાહા..! પંચમહાવ્રતનો વિકલ્પ આવતો હતો એ પણ દુઃખરૂપ લાગતો હતો. આહાહા..! કેમ કે એ અમારામાં નથી, એમ કહે છે. ઓહોહો..!

**'વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી; અમે તો હૃદયકમળમાં સ્થિત, સર્વ કર્મથી વિમુક્ત,...'** અંદરમાં ભગવાન દ્રવ્યસ્વભાવ હૃદયકમળમાં અંદર ભિન્ન બિરાજે છે. **'અમે તો હૃદયકમળમાં સ્થિત, સર્વ કર્મથી વિમુક્ત,...'** હું તો છું. સમજવા માટે એમ કહ્યું. **'સર્વ કર્મથી વિમુક્ત, શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ,...'** આહાહા..! અમે તો કર્મથી વિમુક્ત નાસ્તિ અને **'શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ,...'** (એ અસ્તિ). શુદ્ધ ધ્રુવ ચૈતન્ય

ભગવાન અભેદ, તેને એકને જ નિરંતર અનુભવીએ છીએ. લ્યો, એનું નામ મોક્ષમાર્ગ છે. આહાહા..! કાયરના તો કાળજા કંપી ઊઠે એવું છે. અરે...! આવો માર્ગ હોય! વ્યવહાર-ફહેવાર કાંઈ છે જ નહિ? હો, દુઃખરૂપ છે. આ શું કહે છે? અસત છે. એના ઘરમાં છે, સ્વભાવમાં નથી.

**'અમે તો હૃદયકમળમાં સ્થિત, સર્વ કર્મથી વિમુક્ત, શુદ્ધ આત્માને એકને...'** જુઓ! શુદ્ધ આત્માને એકને. એકરૂપ સ્વરૂપ છે તેને જ **'સતત અનુભવીએ છીએ,...'** એ પર્યાય થઈ. **'શુદ્ધ આત્માને એકને...'** તે દ્રવ્ય સ્વભાવ થયો. **'સતત અનુભવીએ છીએ,..'** એ પર્યાય થઈ. કરવાનું આ કાર્ય છે. **'કારણ કે અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી, નથી, નથી જ.'** આવે છે ને આપણે અહીંયા? **'न खलु यस्मात अन्यथा साध्यसिद्धि'** ૧૭-૧૮ ગાથામાં. એ બધી.. **'શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ, કારણ કે અન્ય કોઈ પ્રકારે...'** ભાષા જુઓ! અન્ય કોઈ પ્રકારથી. કે ભાઈ! શુભભાવથી આમ થાય, થોડું આમ થાય, ઢીકણું થાય... **'કોઈ પ્રકારે મુક્તિ નથી, નથી, નથી જ.'** છે કે નહિ આમાં?

મુમુક્ષુ :– **'न खलु न खलु'**

ઉત્તર :– **'न खलु न खलु'** નથી, નથી. શુભભાવથી ધર્મ નથી, મુક્તિ નથી. પોતાના દ્રવ્યસ્વભાવના આશ્રયે શુદ્ધોપયોગ ઉત્પન્ન થાય છે. તે જ એક મુક્તિનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. કહો, આહાહા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધ આત્માને એકને સતત...'** જુઓ! ભાષા. પર્યાય કીધી, અશુદ્ધ છે. પણ એ અમારામાં ક્યાં છે? અમારામાં તો છે જ નહિ. લે વળી તો તમે કોણ છો? અમે તો શુદ્ધાત્મા છીએ. વળી આગળ ૬ શ્લોકમાં તો ખૂબ લઈ જશે. સિદ્ધ અને સંસાર બેમાંથી એક્કે અમારામાં નથી. અમે તો એક જ ધ્રુવ છીએ. સમજાણું કાંઈ? **'અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી,...'** એ છઠ્ઠા શ્લોકમાં કહેશે... વખત થઈ ગયો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ચૈત્ર સુદ ૨, રવિવાર, તા. ૨૮-૩-૧૯૭૧**
**શ્લોક - ૩૦ થી ૩૫, પ્રવચન નં. ૨૬**

જીવ અધિકાર ચાલે છે. કેવો જીવનો સ્વભાવ દૃષ્ટિમાં આવતા સમકિત થાય છે? મોક્ષમાર્ગનો અધિકાર છે. મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. કેમકે સમ્યગ્દર્શન-જ્ઞાન કેવા જીવની પ્રતીત કરવાથી, અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે એ વાત ચાલે છે. ૩૫ મો કળશ છે. ૩૫ મો કળશ છે ને ઉપર? પાનું ૪૫ છે.

**भविनि भवगुणाः स्युः सिद्धिजीवेऽपि नित्यं**
**निजपरमगुणाः स्युः सिद्धिसिद्धाः समस्ताः।**
**व्यवहरणनयोऽयं निश्चयान्नैव सिद्धि-**
**र्न च भवति भवो वा निर्णयोऽयं बुधानाम् ।।३५।।**

જરી સૂક્ષ્મ વિષય છે. શું કહે છે? આ જીવનો અધિકાર છે ને? તો આ જીવ જે આત્મા છે, એ સંસાર દશામાં અનાદિથી એમાં સંસારી ગુણ હોય છે. શું કહે છે? ગુણ શબ્દે પર્યાય. આત્મા તેની પર્યાયમાં, સંસાર દશામાં સંસારી, વિકારી પર્યાય હોય છે. એ એક સમયની પર્યાય છે. છે?

**શ્લોકાર્થ :– 'સંસારીમાં સાંસારિક ગુણો...'** અહીંયા ગુણ શબ્દે પર્યાય. ભગવાનઆત્મા જે ધ્રુવ ચૈતન્યમૂર્તિ આત્મા, તેની વર્તમાન પર્યાય સંસાર દશામાં, સાંસારિક ગુણો એટલે સંસારી મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ આદિ વિકારી અવસ્થા હોય છે. એક વાત.

**'અને સિદ્ધ જીવમાં સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ...'** અને સિદ્ધ ભગવાનમાં સિદ્ધજીવમાં, એ જીવ છે ને એ? **'સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ (મોક્ષથી સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ થયેલા)...'** મોક્ષને યોગ્ય જે પરિપૂર્ણ દશા, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ આદિ અવસ્થા, અહીંયા ગુણ કહ્યું પણ અવસ્થા, એવા પરિપૂર્ણ **'નિજ પરમગુણો હોય છે–'** સિદ્ધમાં પરમ નિજ પરમગુણનો અર્થ, નિજ પરમ નિર્મળદશા હોય છે. સમજાય છે? જીવ વસ્તુ આત્મા. જીવ કહો કે આત્મા કહો બે એક છે. તેની પર્યાયમાં, અવસ્થામાં, સંસારી દશામાં વિકારી અવસ્થા હોય છે અને મોક્ષ દશામાં નિર્વિકારી પરિપૂર્ણ શુદ્ધ અવસ્થા હોય છે. સમજાણું કાંઈ?

કહે છે **'આ પ્રમાણે વ્યવહારનય છે.'** આહાહા..! એક સમય, સેકન્ડના અસંખ્યમાં ભાગમાં, આત્મામાં એક સમયની વિકારી સંસારદશા, અને જ્યારે મોક્ષદશા હોય છે ત્યારે એક સમયની નિર્વિકારી (અવસ્થા હોય છે). નિર્વિકારી અવસ્થામાં વિકારી અવસ્થા નથી, વિકારી અવસ્થામાં નિર્વિકારી અવસ્થા નથી. પણ એ નિર્વિકારી, નિર્દોષ, પરમાત્મ સિદ્ધ દશા અને સંસાર

દશા બંને વ્યવહારનયનો વિષય છે. આહાહા..! વર્તમાન જે અવસ્થાનું લક્ષ કરે, એવા વ્યવહારનયનો એ વિષય છે. સૂક્ષ્મ છે. એ નિશ્ચય વસ્તુ નહિ. સમજાણું કાંઈ?

જીવના બે ભાગ. જીવ–આત્મા વસ્તુ દ્રવ્ય છે ને? એમાં એક સંસાર અવસ્થા (હોય ત્યારે) મોક્ષ અવસ્થા ન હોય. જ્યારે પરિપૂર્ણ નિજ ગુણની મોક્ષ દશા (હોય), ત્યારે સંસારદશા નથી. પણ કહે છે કે જીવની એ અવસ્થા વર્તમાન નયનો વિષય, વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ? એ આશ્રય કરવા લાયક નથી, આદર કરવા લાયક નથી એમ કહે છે. આહાહા..! સંસારદશા હોય તો તો એ વિકાર છે, આત્મામાં એ એક સમયની દશા છે. અને સિદ્ધદશા હોય છે તે પણ એક સમયની સિદ્ધદશા છે. સિદ્ધદશા બે સમય નથી રહેતી. એક સમયમાં જે દશા થઈ, એ બીજા સમયમાં બીજી થઈને એક સમય જ રહે છે. કહે છે કે બન્ને અવસ્થા વર્તમાન ભેદ પાડીને જોવું, એવો જે વ્યવહારનય, તેનો વિષય છે. આહાહા..! 'પંડિતજી'!

**'નિજ પરમગુણો...'** લખ્યું છે, જુઓ! સિદ્ધમાં નિજ પરમપર્યાય. ભગવાનઆત્મા મુક્તદશા હોય ત્યારે નિજ સ્વભાવ શુદ્ધ છે, તેની પર્યાયમાં શુદ્ધતા, પરિપૂર્ણ પરિપૂર્ણ શુદ્ધતા (હોય), તે સિદ્ધ. એ પણ એક સમયની અવસ્થા છે, પર્યાય છે, વ્યવહાર છે, હેય છે, આદરણીય નથી. આહાહા..! સૂક્ષ્મ વિષય છે, ભાઈ! સમજાણું કાંઈ?

**'નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ અને સંસાર પણ નથી જ.'** આહાહા..! ભગવાનઆત્મા, અહીં નિશ્ચયમાં નય નથી નાખી. વ્યવહારમાં નય શબ્દ પડ્યો છે. પણ (નિશ્ચય) નય લેવી. નિશ્ચયનયથી તો ભગવાનઆત્મા ધ્રુવ, નિત્યાનંદ 'અપ્પા સો પરમઅપ્પા' આત્મા પોતે નિજ સ્વરૂપ, પોતાનું પરમાત્મ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ, એ નિશ્ચય, જીવનું વાસ્તવિક એ સ્વરૂપ છે, તેને જ યથાર્થમાં જીવ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વિષય છે, ભાઈ!

આત્મામાં અનાદિથી કર્મ, શરીર આદિ તો નથી. એક સમયની વિકારી દશા છે, અને વિકાર નાશ હોવાથી સિદ્ધદશા ઉત્પન્ન હોય તો એક સમયની પૂર્ણ શુદ્ધદશા એક સમયની છે. તે બે સમય નથી રહેતી. કેમ કે સિદ્ધદશા છે એ પર્યાય છે, દશા છે, હાલત છે, અવસ્થા છે. એ અવસ્થા એક સમયમાં રહેનારી, વ્યવહારનય છે. પર્યાય એ જ વ્યવહાર છે. આહાહા..! અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિ અને પરિણામ એ વ્યવહાર, અને એનાથી નિશ્ચય થાય એવું કાંઈ નથી. સમજાણું કાંઈ? પંડિતજી!

ભગવાનઆત્મા, સચ્ચિદાનંદ સ્વરૂપ, સિદ્ધ સ્વરૂપ, ત્રિકાળ તેનું સિદ્ધ સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે. ધ્રુવ, નિત્ય, પરિણામની ક્રિયાથી પણ રહિત, સિદ્ધની પર્યાયથી રહિત, સંસારની પર્યાયથી રહિત. સમજાણું કાંઈ? એવો ભગવાન આ આત્મા, નિશ્ચયથી જુઓ તો અંતર્મુખ દૃષ્ટિ કરીને, જ્ઞાન નિશ્ચયથી તેને જુઓ તો, સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ છે, જેના આશ્રયે

સમ્યગ્દર્શન થાય છે, એવી ધ્રુવ ચીજ છે, તેમાં તો સિદ્ધિ પણ નથી. મોક્ષદશા તેમાં નથી. મોક્ષદશા તો એક સમયની પર્યાય છે. આહાહા..!

સાદિઅનંત મોક્ષદશા ઉત્પન્ન થઈને રહે છે ને? જ્યારથી ઉત્પન્ન થાય ત્યારથી અનંતકાળ રહે છે. નહિ, નહિ. એક સમયની અવસ્થા બીજી થઈ જાય છે. એની એ અવસ્થા નથી રહેતી. સિદ્ધમાં પણ કેવળજ્ઞાનની પર્યાય એક સમયની હોય છે. બીજા સમયે એ પર્યાય નથી, એવી હોય પણ એ ન હોય. આહાહા..! કહે છે કે સિદ્ધ–મુક્તદશા પણ વ્યવહારનયનો વિષય છે. જીવ એકરૂપમાં બે ભેદ પડી ગયા એ વ્યવહાર છે. આહાહા..! એ વ્યવહાર પણ અભૂતાર્થ છે.

ત્રિકાળ ભગવાનઆત્મા જ્ઞાયકમૂર્તિ ધ્રુવ, એકરૂપ જે નિશ્ચય સ્વભાવ, પરમ સ્વભાવભાવ ધ્રુવ નિત્ય અનાકુળ આનંદનો રસકંદ એકરૂપ સદૃશ સ્વભાવ, નિશ્ચયથી તે ચીજ આત્માની છે, તે આત્મા છે. સમજાણું કાંઈ? તે આત્મામાં સિદ્ધગતિની પર્યાય, સંસારની પર્યાયની નાસ્તિ છે. સૂક્ષ્મ વિષય છે, ભાઈ! સમજાય છે? સૂક્ષ્મ વિષય છે.

ભગવાનઆત્મા.. 'તારણસ્વામી' તો વારંવાર કહે છે કે 'અપ્પા સો પરમઅપ્પા'. એમાં આવે છે. એ શું? આત્મા એક સમયમાં પરિપૂર્ણ ચૈતન્ય ધ્રુવ એ અપ્પા એ પરમાત્મા. સિદ્ધની પર્યાય અને સંસારી પર્યાય એ પરમાત્મા નહિ. આહાહા..! ગજબ વાત છે! સમજાણું કાંઈ? કહે છે કે નિશ્ચયનયથી જુઓ તો, જુઓ! અહીં નય લીધી. પેલું જ્ઞાન. ભાઈ! એકલી દૃષ્ટિ-દૃષ્ટિ કરે છે ને! દૃષ્ટિ પણ સાથે જ્ઞાન છે. જ્ઞાન સાથે છે. આ વસ્તુનું લક્ષ કરવું એ તો નયથી લક્ષ થાય છે. સમજાય છે કાંઈ? સમજાય છે ઇ અમારી ગુજરાતી ભાષા છે.

અંતરમાં ભગવાનઆત્મા, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, પૂર્ણ ધ્રુવ નિષ્ક્રિય, સિદ્ધ અને કેવળજ્ઞાનની પર્યાયથી પણ રહિત અને સંસારના મિથ્યાત્વ, રાગ-દ્વેષ, અજ્ઞાન એ પર્યાયથી પણ રહિત છે. જેને એકરૂપ સ્વભાવ કહો, ધ્રુવ કહો, અભેદ કહો, સામાન્ય કહો, એક જ્ઞાયકભાવ ચૈતન્યધ્રુવ જે શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે, એ નિશ્ચય આત્મા છે. પેલો વ્યવહાર આત્મા. આહાહા..! જીવ અધિકાર છે ને? સિદ્ધની પર્યાય અને સિદ્ધનો આત્મા એ વ્યવહારઆત્મા કહે છે. આહાહા..! એય..! એક સમયની અવસ્થા છે, બે સમય નથી. ભગવાન તો ત્રિકાળ ધ્રુવ... ધ્રુવ... કંદ ચિદાનંદ અભેદ, એકરૂપ સ્વભાવથી આત્મા પૂર્ણ પડ્યો છે. એ નિશ્ચયનયના વિષયમાં સિદ્ધની પર્યાય અને સંસારની પર્યાય અને મોક્ષમાર્ગની પર્યાય એની અંદર છે જ નહિ. સમજાણું કાંઈ?

પોતાનો ચૈતન્ય ભગવાન પૂર્ણ સત્તા–અસ્તિત્વ, શુદ્ધ ધ્રુવ, તેની દૃષ્ટિ કરવાથી, સિદ્ધ આદિ પર્યાયની એમાં નાસ્તિ છે. પર્યાય, પર્યાયમાં છે. સિદ્ધપર્યાય, કેવળજ્ઞાન એ તો પર્યાય છે. કેવળજ્ઞાન ગુણ નથી. અહીં શબ્દ એવો લીધો છે કે નિજ પરમગુણ. ગુણનો અર્થ પર્યાય. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ જે અવગુણ છે એ પર્યાય છે. એ અવગુણનો વ્યય થઈને, જે નિજગુણની

નિર્મળપર્યાય થઈ તેને ગુણ કહેવામાં આવે છે. પણ એ ઉત્પાદ અને વ્યય, બન્ને વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ? આહાહા..!

હજી તો ઓલાના ઝઘડા. આ વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, એના ભાવથી ધર્મ થાય. અરે ભગવાન! ક્યાં છે બાપુ તું? ખબર નથી તને. સમજાણું કાંઈ? દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, ભગવાનની પૂજા કરો, ભક્તિ કરો, જાત્રા કરો. ભાઈ! એ તો એક વિકલ્પ રાગ છે. એ રાગ તે ધર્મ નથી. રાગથી પૃથક થઈને જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય ભગવાન છે તેની દૃષ્ટિ કરવાથી નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ થાય તેનું નામ ધર્મ. એનું નામ ધર્મ. એ ધર્મ મુક્તિનો ઉપાય છે. સમજાણું કાંઈ? 'નવરંગભાઈ'! આ છઠ્ઠા શ્લોકનું 'લાલુભાઈ' કહેતા હતા. એ જ બરાબર અહીં આવ્યું. કાલે બહું સારું હતું, હોં! છએ શ્લોક સારા હતા. કાલે ખૂબ ચાલ્યું હતું.

મુમુક્ષુ :– ફરીને લ્યો તો કાંઈ વાંધો નથી.

ઉત્તર :– એ કાંઈ પાર ન આવે પાછું. કહો, સમજાણું કાંઈ?

પરિપૂર્ણ આત્માની કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, પૂર્ણ સ્વચ્છતા, એવી દશા પ્રગટ થાય તે ઉત્પાદ છે, નવી અવસ્થા છે. સિદ્ધ પણ જૂની શક્તિ નથી. સિદ્ધ પણ નવી અવસ્થા છે. અને સંસારી પણ નવી અવસ્થા વિકારી છે, જૂની વસ્તુ નથી. 'રતિભાઈ'! પુરાણુ તત્ત્વ તો એ એક સમયની પર્યાય સિવાયનું. સિવાય કહે છે ને? અલાવા. અમને હિન્દી નથી આવડતી, હોં! અમે તો કાઠિયાવાડી ગુજરાતી છીએ ને. થોડી થોડી હિન્દી આવડે. એક સમયની સિદ્ધની દશા–અવસ્થા છે, એનાથી રહિત ભગવાનઆત્મા, પૂર્ણાનંદ ધ્રુવ ચૈતન્ય ભગવાન તે જ નિશ્ચયનયનો વિષય કહો અથવા એ જ નિશ્ચય છે. અથવા એ જ તત્ત્વ છે, બસ. એ જ સત્ત્વ છે અને એ જ પરમાત્મા છે. આહાહા..! 'વસંતીલાલજી'! લોકો ક્યાંયને ક્યાંય ભટક્યા ભટક કરે. ધર્મ અહીંથી થશે અને અહીંથી થશે. આહાહા..! એય..! 'પ્રકાશદાસજી'! જાણે સમ્મેદશિખર જઈએ ત્યાંથી મુક્તિ થશે, શેત્રુંજય જઈએ ત્યાંથી મુક્તિ થશે. આ તો મુક્તિ થાય તારા દ્રવ્યથી. એ પર્યાય પણ તારા દ્રવ્યમાં નથી. પરને લઈને મુક્તિ-બુક્તિ થતી નથી. સમજાણું કાંઈ? ભગવાનની એવી વાત છે.

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર પરમાત્મા, સર્વજ્ઞ જ્ઞાનથી બધું જોયું, વાણી દ્વારા એવું કથન આવ્યું તેને આગમ કહેવામાં આવ્યું. એ પરમાગમમાં આવું ફરમાન છે. ભગવાન તું આત્મા છો? હા. તો આત્મામાં બે પ્રકાર : એક પર્યાય અને એક ધ્રુવ. સિદ્ધની અને સંસારીની એ બન્ને પર્યાય વ્યવહાર છે. ત્રિકાળ સ્વરૂપમાં નથી એ અપેક્ષાએ તો અસત્યાર્થ છે, અભૂતાર્થ છે. અરે..રે..! પર્યાયની અપેક્ષાએ પર્યાય છે. વસ્તુની અપેક્ષાથી એ છે જ નહિ. અસત્ છે. જેમ સ્વદ્રવ્યની અપેક્ષાથી પરદ્રવ્ય અસત્ છે, અદ્રવ્ય છે. એમ ભગવાન નિશ્ચયની અપેક્ષાએ પર્યાય અસત્ છે. અસત્ છે એનો અર્થ નથી એમ નથી. એનાથી તો સત્ છે. સ્વભાવની અપેક્ષાએ અસત્ છે.

આહાહા..! ત્રિકાળ જ્ઞાયકભાવની અપેક્ષાએ સિદ્ધપર્યાય અસત્ છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. જીવદ્રવ્યનો અધિકાર છે ને? જીવ અધિકાર. વાસ્તવિક જીવ, યથાર્થ જીવ, ભૂતાર્થ, સત્યાર્થ, સાચો પ્રયોજનભૂત જીવ એ તો નિશ્ચય ધ્રુવ છે, જેમાં બંધની ક્રિયા પણ નથી અને મોક્ષની ક્રિયા પણ નથી અને મોક્ષના માર્ગની ક્રિયા પણ એમાં નથી. આહાહા..!

**'આ પ્રમાણે વ્યવહારનય છે.'** આહાહા..! ગજબ વાત છે. સિદ્ધ, કેવળજ્ઞાન વ્યવહારનય છે. કેવળજ્ઞાન પર્યાય છે. ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન.... જ્ઞાયક... જ્ઞાયક... સદૃશ ધ્રુવ... સદૃશ ધ્રુવ... અભેદ ધ્રુવ, પરમાર્થે આત્મા એને કહેવામાં આવે છે. અને એ આત્માની દૃષ્ટિ કરવી, તેને સમ્યગ્દર્શનમાં આવો આત્મા પ્રતીતમાં આવે છે. આવો આત્મા પ્રતીતમાં આવે તેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. હજી સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર તો પછી છે. સમજાણું કાંઈ? સાથે અંશે જ્ઞાન, અંશે ચારિત્ર છે. પણ આવી દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપર ગયા વિના, વાસ્તવિક સત્‌ની શ્રદ્ધા તેને થતી નથી. સમજાણું કાંઈ? વાસ્તવિક સત્ ભગવાનઆત્મા, ચિદાનંદ જ્ઞાયક ધ્રુવ, અનાદિઅનંત, એકરૂપ, સદૃશ તે વાસ્તવિક આત્મા, યથાર્થપણે આત્મા, સત્યપણે, નિશ્ચયથી આત્મા (છે), તેની દૃષ્ટિ કરે તો એ આત્મા એવો છે એવી પ્રતીત થાય તો એ દર્શનને સમ્યગ્દર્શન કહે છે. કેમ કે એના વિષયમાં આખો આત્મા દૃષ્ટિમાં આવી ગયો છે. આહાહા..! ભારે વાત, ભાઈ! ધર્મ કેવો છે એ સમજવું કઠણ પડે.

એ **'નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી...'** ભગવાન જેને યથાર્થ, ભૂતાર્થ (દૃષ્ટિમાં આવ્યો)... એ તો છઠ્ઠી ગાથામાં કહ્યું અને અગિયારમી ગાથામાં કહ્યું એ જ વાત છે. આહાહા..! જ્ઞાયક ધ્રુવ સ્વભાવ ભગવાનઆત્મા. ત્યાં એમ કહ્યું કે પ્રમત-અપ્રમત અવસ્થાની નાસ્તિ. અહીં સિદ્ધની પર્યાય અને સંસારની નાસ્તિ એટલું લંબાવ્યું, ભાઈ!

મુમુક્ષુ :– અહીંયા બધી પર્યાયો લીધી.

ઉત્તર :– અહીંયા બધી પર્યાયો લઈ લીધી. ત્યાં જરી શરૂઆત છે એટલે એની સંસાર અવસ્થાની પહેલેથી ચૌદમા સુધીની અવસ્થા. એક જ્ઞાયકભાવ. **'ण वि होदि अपमत्तो ण पमत्तो जाणगो दु जो भावो'** એ જ્ઞાયકભાવ જે જ્ઞાયકભાવ છે, એમાં એ પ્રમત-અપ્રમતની પર્યાયનો અભાવ છે, નાસ્તિ છે. એમાં હો, પર્યાય તરીકે પર્યાય હો. વસ્તુમાં તેનો અભાવ છે. એવું અગિયારમી ગાથામાં કહ્યું. **'भुदत्थमस्सिदो खलु'** અથવા **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ભૂતાર્થ ત્રિકાળ એક સમયની પર્યાય સિવાયનો આખો આત્મા એ જ સત્ય છે અને એ જ શુદ્ધનય છે અને એ જ નિશ્ચય વસ્તુ છે. તેનો આશ્રય કરવાથી, તેનું લક્ષ કરવાથી, તેમાં દૃષ્ટિ દેવાથી, જે નિર્મળ અનુભવ થાય, તેની પ્રતીત થાય તેનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરો, સમકિત છે. નવતત્ત્વની શ્રદ્ધા કરો (એ સમકિત છે), એમ છે નહિ. નવતત્ત્વની શ્રદ્ધા કરો એ સમ્યગ્દર્શન છે. એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, ખરેખર નિશ્ચયથી ભગવાનઆત્માને અંદરમાં તપાસે તો એવો નિત્યાનંદ ભગવાન નિત્ય.. નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... નિત્ય... એમાં મુક્તિ પણ નથી. **'સંસાર પણ નથી જ. આ બુધ પુરુષોનો નિર્ણય છે.'** આહાહા..! **'निर्णयोऽयं बुधानाम्'** જ્ઞાનીઓનો આ નિર્ણય છે. સમજાણું કાંઈ? જ્ઞાનીઓનો આ નિર્ણય છે. અનંતજ્ઞાની, તીર્થંકરો, સર્વજ્ઞો, મુનિઓ. સાચાની વાત છે, હોં! લુગડા ફેરવીને નગ્ન થઈને બેસે એ કાંઈ સાધુ છે એમ નથી. હજી આત્મા શું ચીજ છે? અને એમાં શું રાગ આદિ નથી? અને એમાં સિદ્ધની પર્યાય અને સંસારની પર્યાય નથી. એવા આત્માના અનુભવ વિના સમ્યગ્દર્શન નહિ અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર-ફારિત્ર હોતું નથી. એકડા વિનાના મીંડા છે. શું કહે છે? શૂન્ય.

**'નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ અને સંસાર પણ નથી જ.'** લ્યો. આ જ્ઞાનીપુરુષોનો નિર્ણય. આ નિર્ણયમાં આનંદ સાથે આવે છે એ નિર્ણય. એવો વિકલ્પથી નિર્ણય કરવો... સમજાણું કાંઈ? એમાં આનંદ આવ્યો નહિ તો આખું દ્રવ્ય દૃષ્ટિમાં નથી આવ્યું. સમજાણું કાંઈ? વિકલ્પથી, મનથી નિર્ણય કરે તો એ નિર્ણયમાં તો દુઃખદશા ઊભી છે. તેમાં અનંત-અનંત ગુણનો રાશિ પ્રભુ ચૈતન્ય, એવી દ્રવ્ય–વસ્તુ, તેનો નિર્ણય થાય તો તેમાં જેટલા ગુણ છે, તે બધા પર્યાયમાં, વેદનમાં, અનુભવમાં આવ્યા વિના રહે નહિ. તેને અહીંયા બુધ પુરુષોનો નિર્ણય કહે છે. આહાહા..! આમ નિર્ણય નિર્ણય કરે છે ને? નિર્ણયમાં આમ મોટો ફેર છે. 'શેઠી'! આહાહા..!

અરે..! તારો માર્ગ તો જો. ભગવાન! તારું સ્વરૂપ તો એક સમયના કેવળજ્ઞાનમાં પણ આવતું નથી. સિદ્ધની એક સમયની કેવળજ્ઞાનની પર્યાય છે એમાં દ્રવ્ય આવતું નથી. વસ્તુ (પર્યાયમાં) આવી જાય તો બીજા સમયમાં નાશ થઈ જાય. સમજાણું કાંઈ? આહાહા..! એ તો જે છે એ છે. એમાં કાંઈ હલનચલન, ફેરફાર, હિનાધિકતા કંઈ નથી. આહાહા..! 'જેઠાભાઈ'! આવો આત્મા! ભારે ભાઈ! આ તો પાંચસો ને ચોસઠ ભેદ જીવના શીખી ગયા. ફલાણા ભેદ.. એ પણ બધા વિકારના. એ ક્યાં મૂળ જીવ છે. સમજાણું કાંઈ? એ તો બધા ભેદ છે.

અહીં તો પ્રભુ પોતે. પર્યાય બે પ્રકારની–સંસાર અને મુક્તિની. એ પર્યાય પણ વ્યવહારઆત્મા છે. એ સત્ય આત્મા, નિશ્ચય આત્મા, ભૂતાર્થ આત્મા નહિ. પંડિતજી! ભારે ભાઈ આવો માર્ગ! સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર એમ ફરમાવે છે. ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે દિવ્યધ્વનિ દ્વારા એમ આવ્યું અને 'કુંદકુંદાચાર્યદેવે' જાણી લીધું, અનુભવ થયો, ચારિત્ર થયું, તે એમ કહે છે કે ભાઈ! માર્ગ આ છે. સમજાણું કાંઈ? ઓહોહો..! ભારે શ્લોક, ભાઈ! લ્યો, એ.. 'રતિભાઈ'! તમે બરાબર આવ્યા અને આ શ્લોક બાકી રહી ગયેલો. કાલે વિચાર હતો, કીધું બે મિનિટ રહી ગઈ હતી. આ ક્યાં અત્યારે ચાલશે. પાંચ શ્લોક તો ચાલ્યા.

મુમુક્ષુ :– આજ પાંચમો રહી ગયો.

ઉત્તર :– પાંચમો થયો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો આવ્યું ને.

મુમુક્ષુ :– વિભાવ અસત્ હોવાથી...

ઉત્તર :– હા. હા. કહ્યું ને એ. પાંચમો ફરીને લ્યો એમ કહે છે. એ ૩૪. આ ૩૫ છે ને એની ઉપર ૩૪ છે. એ બધા શ્લોક એવા છે. છએ શ્લોક એવા છે.

પહેલા શ્લોકથી જુઓ. પહેલો ૩૦મો કળશ.

**'સકળ મોહરાગદ્વેષવાળો જે કોઈ પુરુષ...'** અહીં તો કહે છે કે સકળ મોહરાગદ્વેષની પર્યાય પર્યાયમાં હોય, છતાં **'જે કોઈ પુરુષ પરમ ગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી નિર્વિકલ્પ સહજ સમયસારને જાણે છે,...'** એટલું કહે છે. એક સમયમાં સકળ મોહરાગદ્વેષ હો. પર્યાયમાં હો, વસ્તુમાં નથી. ગુરુની સેવા કરવાથી અર્થાત્ ગુરુ કહે છે કે તારો દ્રવ્ય સ્વભાવ સંપૂર્ણ નિર્વિકલ્પ સહજ સમયસારને જાણો. ગુરુએ એમ કહ્યું. ગુરુનો ઉપદેશ એ છે. બીજી જાતનો ઉપદેશ હો કે રાગથી (થાય), એ ગુરુનો ઉપદેશ નથી.

જુઓ! **'પરમ ગુરુના ચરણકમળયુગની સેવાના પ્રસાદથી...'** ૩૦ માં છે, ભાઈ! ૩૦ મો કળશ. નિર્ગ્રંથ મુનિ, રાગમાંથી નીકળીને સ્વભાવનું ભાન થયું, તેમનો ઉપદેશ એ થયો. એમનો મુખ્ય ઉપદેશ એ છે કે નિર્વિકલ્પ ભગવાન તારી ચીજ તો વિકલ્પના ભેદથી રહિત નિર્ભેદ છે. પર્યાયનો ભેદ પણ તેમાં નથી. અને તું સહજ સમયસાર છે. સ્વભાવિક આત્મા જે ધ્રુવ સ્વરૂપ છે તેને જાણો એમ ગુરુએ કહ્યું હતું. તેને જાણ્યો. જાણે છે તેનો અર્થ કે અનુભવ કર્યો. **'સમયસારને જાણે (અનુભવે) છે, તે પુરુષ પરમશ્રીરૂપી સુંદરી...'** તેને મુક્તિરૂપી પર્યાય પ્રાપ્ત થાય છે. સિદ્ધની પર્યાય તેને પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ તો ખરા! શ્લોક નાખ્યા છે ને. થોડું થોડું લઈ લીધું. ૩૧ મો શ્લોક. 'લાલભાઈ' કહે, થોડું થોડું લ્યો. ૩૧.

**'ભાવકર્મના નિરોધથી દ્રવ્યકર્મનો નિરોધ થાય છે; દ્રવ્યકર્મના નિરોધથી સંસારનો નિરોધ થાય છે.'** પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ રાગ ભાવકર્મ છે. તેની અનુત્પત્તિ થવી. નિરોધનો અર્થ તેની અનુત્પત્તિ થવી. એ કારણે દ્રવ્યકર્મની પણ ઉત્પત્તિ ન થવી. **'દ્રવ્યકર્મના નિરોધથી સંસારનો નિરોધ થાય છે.'** વર્તમાન વિકારી પર્યાયની ઉત્પત્તિ ન થવી, તો કર્મ પણ આવતા નથી, તો દ્રવ્ય સ્વભાવના આશ્રયે વિકારી પર્યાય ઉત્પન્ન થતી નથી, તો કર્મ પણ આવતા નથી, તો વસ્તુના સ્વભાવના આશ્રયે મુક્તિ થાય છે. કોઈ વ્યવહાર-રત્નત્રય, દયા, દાન ને એનાથી મુક્તિ થાય છે એમ છે નહિ. કેમકે ભાવકર્મના નિરોધથી. તો વ્યવહારરત્નત્રય, શુભરાગ ભાવકર્મ છે. તેને રોકવાથી. નિરોધનો અર્થ રોકવાથી. રોકવાનો અર્થ તો ઉપદેશની કથન શૈલી છે ને. જેમાં રાગ નથી એવો ચૈતન્ય ભગવાનઆત્મા, તેનો અંતર આશ્રય કરવાથી, પરમાનંદની દશારૂપ મુક્તિ

થાય છે તો ભાવકર્મ અને દ્રવ્યકર્મ ખરી થઈ જાય છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! ૩૨ મો શ્લોક.

**'જે જીવ સમ્યગ્જ્ઞાનભાવરહિત વિમુગ્ધ (મોહી, ભ્રાન્ત) છે,...'** જેને આત્મા જ્ઞાયકભાવ ચિદાનંદ શુદ્ધ ધ્રુવ, તેને જ્ઞેય બનાવીને જેણે જ્ઞાન કર્યું નથી, એવી ચીજનું જેણે જ્ઞાન કર્યું નથી, આવી વસ્તુનું જેણે જ્ઞાન કર્યું નથી, એ ભ્રાંતિરૂપ પ્રાણી છે. આખી પર્યાયમાં એની રમત છે, એમ કહે છે. **'જે જીવ સમ્યગ્જ્ઞાનભાવરહિત...'** છે. પોતાનો નિજ સ્વભાવ ધ્રુવ સ્વરૂપ પ્રભુ! તેના જ્ઞાનરહિત છે. તે દ્રવ્ય સ્વભાવના જ્ઞાનરહિત છે. પર્યાયના ભાનમાં રમે છે તો મિથ્યા ભ્રાંતિ છે.

**'તે જીવ શુભાશુભ અનેકવિધ કર્મને કરતો થકો...'** અજ્ઞાની છે ને? એ અજ્ઞાની પુણ્ય-પાપના ભાવનો કર્તા થાય છે. જ્ઞાની પુણ્ય-પાપનો કર્તા નથી. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ પોતાના વસ્તુ સ્વભાવનું ભાન થવાથી, તેમાં વિકાર નથી તો એ વિકારનો કર્તા નથી. જ્યાં સુધી વિકાર અને સ્વભાવ વચ્ચે એક્તા માનતો હતો, જેને એક માને છે તેનો કર્તા થાય છે. ઇ કહે છે, જુઓ! **'તે શુભાશુભ અનેકવિધ કર્મને કરતો થકો...'** અજ્ઞાની. કેમ? કે એ શુભ અને દયા, દાન, વિકલ્પ એ મારી ચીજ છે, જેમાં એક્તા માની છે તેનો એ કર્તા થાય છે. અજ્ઞાની કર્તા થાય છે, જ્ઞાની કર્તા નથી. કેમ કે જ્ઞાનીએ સ્વભાવમાં એક્તા માની છે. રાગથી અનેકતા–ભિન્ન કરી દીધો છે. આહાહા..! ભારે વાતું ભાઈ! વિકલ્પ જે થાય છે એનાથી એકત્વ તોડી નાખ્યું છે તો દ્રવ્યસ્વભાવમાં એક્તા થઈ છે. તે પુણ્ય-પાપનો કર્તા નથી. સમજાણું કાંઈ? કાલે હતા? 'પ્રવિણભાઈ' કાલે નહોતા. પરમ દિવસે હતા. આ તો કાલનું થોડું ફરીને (લઈએ છીએ). રવિવાર છે એટલે.

**'મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** આહાહા..! જે શુભ અને અશુભ વિકલ્પ રાગભાવ અને શુભ-અશુભ ઉપયોગ છે, એમાં અજ્ઞાનીની અસ્તિત્વબુદ્ધિ છે. અહીંયા અસ્તિત્વ જે મહાપ્રભુ પડ્યો છે તેના જ્ઞાનથી રહિત છે. મહા ચૈતન્યપ્રભુની સત્તાના જ્ઞાનથી રહિત છે. તેથી એ શુભાશુભ પરિણામમાં રોકાણો છે. અજ્ઞાની એનો કર્તા થાય છે માટે લેશમાત્ર પણ મોક્ષની વાંછાની તેને ખબર નથી. **'વાંછવાનું જાણતો નથી;...'** જાણતો નથી. પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રતના વિકલ્પનો કર્તા થાય છે એ **'મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** આહા..! એ રાગની ક્રિયા કરે છે અને તેનાથી મને લાભ થશે એવો મિથ્યાદૃષ્ટિ **'મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી;...'** આહાહા..! ભારે કામ, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાનની ભક્તિ, પૂજા, દયા, વ્રત અને તપ એ બધા શુભ વિકલ્પ છે અને વિકલ્પનો કરનારો કર્તારહિત જ્ઞાતા છે, તેનો મોક્ષમાર્ગ સ્વભાવથી શરૂ થાય છે તેને બિલકુલ વાંછતો નથી, જાણતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? કહે છે ને કે વ્યવહાર કરતા કરતા થશે. અહીં તો કહે

છે કે વ્યવહારના કર્તા થાય છે તેને લેશમાત્ર પણ મોક્ષમાર્ગની ઇચ્છા નથી. મોક્ષમાર્ગ કેમ ઉત્પન્ન થાય છે તેને જાણતો નથી.

મુમુક્ષુ :– પરમ સત્ય છે.

ઉત્તર :– પરમ સત્ય છે. એ તો પરમ ત્રિકાળ સત્ય છે. દુનિયા માને, ન માને એનાથી કાંઈ સત્ય અસત્ય થઈ જાય છે? આહાહા..! સમજાણું કાંઈ?

૩૩ મો શ્લોક. **'જે સમસ્ત કર્મજનિત સુખસમૂહને પરિહરે છે,...'** શું કહે છે? જેને શુભ વિકલ્પમાં પણ સારું લાગે છે તેને કર્મ સમૂહના સુખમાં સારું લાગે છે કે આ ઠીક છે.. ઠીક છે. આત્માના આનંદસમૂહને એ આદરતો નથી. **'સમસ્ત કર્મજનિત સુખસમૂહ...'** જુઓ! શુભભાવમાં સુખ માને છે, ઠીક માને છે. હિત માને છે. તેને પરિહરણ કર્તા છે. તેને છોડે છે. શુભભાવમાં પણ સુખ નહિ, હિત નહિ, મદદગાર નહિ. સમજાણું કાંઈ? શેમાં? આત્માના સમ્યગ્દર્શનમાં આ શુભભાવ કિંચિત મદદગાર નથી. ભારે વાત, ભાઈ!

મુમુક્ષુ :– 'સમયસાર'માં હસ્તાવલંબ કહ્યું છે.

ઉત્તર :– નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. ફળ સંસાર બતાવ્યું છે. હસ્તાવલંબ કહ્યું પણ ફળ સંસાર બતાવ્યું છે. આવે છે? 'જેઠાભાઈ'! ક્યાં આવે છે?

મુમુક્ષુ :– 'સમયસાર'...

ઉત્તર :– ૧૧મી ગાથા. આહાહા..! એ હસ્તાવલંબનો અર્થ? રાગની મંદતા, ત્યાં એવું હોય છે. બસ. પણ એનું ફળ તો બંધન, સંસાર છે. આત્માનો ધર્મ એના કારણે ફળે, પ્રગટે એમ નથી. એમ છે નહિ. અગમ્ય વાતું છે, ભાઈ! ચિદાનંદ ભગવાન નિર્વિકલ્પ સહજાનંદની મૂર્તિ આત્મા છે. તેમાં એ રાગ... આહાહા..! એ તો સુખસમૂહની કલ્પના અજ્ઞાનીની છે. (તેને) છોડે છે. એનો અર્થ એમ કે, આનાથી કાંઈ પ્રાપ્ત થશે, શુભરાગમાં ઠીક છે, સુખ છે, મદદ મળશે એવી દૃષ્ટિ છોડે છે.

**'તે ભવ્ય પુરુષ-નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતના સરોવરમાં મગ્ન થતાં...'** કાલે જરી સૂક્ષ્મ વાત આવી ગઈ છે. જેણે વિકલ્પનો ભાવ ઠીક છે એવી દૃષ્ટિ છોડી દીધી છે, તે **'નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતના સરોવરમાં મગ્ન...'** કોણ? અતિશય ચૈતન્યમય દ્રવ્ય. પોતાનું દ્રવ્ય, નિષ્કર્મ સુખ, આનંદસમૂહરૂપી અમૃતના સરોવરમાં જ્ઞાનમય ચૈતન્ય મગ્ન છે. અનાદિથી મગ્ન છે. સમજાણું કાંઈ? કાલે તમે હતા. 'વસંતીલાલજી'! કાલે સવારે હતા કે નહિ?

**'તે ભવ્ય પુરુષ-'** બસ, આ રાગથી ઠીક છે એને છોડે છે. શુભભાવ પુણ્ય તે ઠીક છે, એવી દૃષ્ટિ છોડે છે એ શેમાં લીન થાય છે? આ ભાવને છોડે છે તો કેવા ભાવની પ્રાપ્તિ થાય છે? કે અનાદિ નિષ્કર્મ, કર્મ વિનાની ચીજ, સુખસમૂહ આનંદનો પિંડ પ્રભુ, આત્માના અમૃત સરોવરમાં તે મગ્ન છે. કોણ? આવી અતિશય ચૈતન્યમય વસ્તુ. આનંદ અને જ્ઞાન બે લીધા. ચૈતન્યમય સ્વભાવ અતીન્દ્રિય આનંદમાં લીન છે. એકરૂપ. એ વસ્તુ ત્રિકાળ એકરૂપ છે. અનંતઆનંદ

અતીન્દ્રિયમાં મસ્ત, અતિશય ચૈતન્યમય મગ્ન છે. એવો ભગવાન એકરૂપ, એકરૂપ છે. પર્યાય આદિ તો બે રૂપ થઈ ગયું.

**'અદ્વિતીય નિજ ભાવને પામે છે.'** લ્યો. એ અજોડ નિજભાવને પામે છે. એ નિજ સ્વભાવને પામે છે તો પર્યાયમાં આનંદની પ્રાપ્તિ થાય છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! માણસને એવું લાગે કે આવો કાંઈ ધર્મ હશે! વીતરાગનો ધર્મ આવો હોય? વીતરાગમાં તો કંદમૂળ નહિ ખાવા, વનસ્પતિ ન ખાવી, ચોવિયાર (કરવા), રાત્રે આહાર ન કરવો. છ પરબી ખાવું નહિ, બ્રહ્મચર્ય પાળવું, વ્રત કરવા, અપવાસ કરવા, પૂજા કરવી એવું હોય. એય..! 'પંડિતજી'! એ તો રાગની મંદતાની ક્રિયા શું છે એને જણાવે છે. સમજાણું કાંઈ? એ કોઈ ધર્મ નથી. આહાહા..!

ધર્મ તો અદ્વિતીય ચૈતન્ય નિજ ભાવ જે અનાદિઅનંત, તેને પ્રાપ્ત થાય છે. આહાહા..! અહીં રાગની સુખબુદ્ધિ છોડીને, સુખસમુદ્રમાં મગ્ન ચૈતન્યમય એક અદ્વિતીય આત્મા, તેને પામે છે. સમજાણું કાંઈ? એક કોર છોડે છે અને એક કોર પ્રાપ્ત થાય છે. એક તરફ વ્યય થાય છે અને એક તરફ ઉત્પન્ન થાય છે. ત્રિકાળીમાં દૃષ્ટિ કરી તો નિજભાવની પ્રાપ્તિ થાય છે. આત્મા, આત્મા છે એ ભાવ તો કાંઈ બહાર નથી આવતો. પણ નિજભાવ આ છે તેની પર્યાયમાં પ્રાપ્તિ (થાય છે તેને) પર્યાયમાં જ્ઞાયકભાવ આવી ગયો એમ કહે છે. સમજાણું કાંઈ?

અગિયારમી ગાથામાં કહ્યું નહિ? જ્ઞાયકભાવ તિરોભાવ હતો તે આવિર્ભાવ થઈ ગયો. જ્ઞાયકભાવ તિરોભાવ હતો? જ્ઞાયકભાવનું જે ભાન નહોતું, તે ભાન થયું તો જ્ઞાયકભાવનો આવિર્ભાવ થયો, જ્ઞાયકભાવ પ્રગટ થયો (એમ કહ્યું). એમ આ નિજભાવ પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? વ્યવહારના વિકલ્પને છોડીને, ઉપદેશની પદ્ધતિમાં નાસ્તિથી તો એમ આવે. છૂટે ક્યારે? નિત્યાનંદ ભગવાન ચૈતન્યમય સ્વરૂપ છે, તેની દૃષ્ટિ કરવાથી, તેનો આશ્રય કરવાથી, તે છે એની સત્તાનો સ્વીકાર અનુભવમાં થયો તો વ્યવહારનો નાશ થયો. નિશ્ચયના આશ્રયે શાંતિની પ્રાપ્તિ થઈ, જે પ્રાપ્તિ થઈ એ ધર્મ છે. આહાહા..! કહો, 'કાન્તિભાઈ'! આવો ધર્મ. બહુ મોંઘો ધર્મ, ભાઈ! દુર્લભ ધર્મ આ તો કહે. દુનિયાએ તો બહારમાં જરી કરી લીધું. જાવ એક દયા પાળો, એક ભક્તિ કરો, એક ભગવાનની જાત્રા કરી લ્યો, જાવ થઈ ગયો ધર્મ.

મુમુક્ષુ :– સમજ પીછે સબ સરલ હૈ.

ઉત્તર :– ... એવું 'શ્રીમદ્'નું વાક્ય છે. બરાબર.

એવા **'અદ્વિતીય નિજ ભાવને પામે છે.'** અજોડ નિજભાવ જ્ઞાયક ત્રિકાળ, તેનો ભેટો જ્ઞાનીને થાય છે, એમ કહે છે. આહાહા..! હવે ૩૪મો શ્લોક.

**'(અમારા આત્મસ્વભાવમાં) વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી;...'** અમે તો આત્મા શુદ્ધ આનંદકંદ છીએ. એમાં તો સંસાર, વિભાવ છે જ નહિ. સમજાણું કાંઈ? ત્યાં સંસારમાર્ગ નથી. પછી કહે સંસાર, સિદ્ધિ અમારામાં નથી. એ પછીના શ્લોકમાં નાખ્યું.

ચૈતન્યભગવાન અભેદ એકરૂપ સદૃશ ત્રિકાળી વસ્તુ એમાં, અમારા સ્વભાવમાં, ત્રિકાળી સ્વભાવમાં, વિભાવ તો અસત્ છે. જૂઠો છે. એની અમને ચિંતા નથી. અમારામાં છે જ નહિ એને કાઢવાની કે છોડવાની ચિંતા શું? એમ કહે છે. અમારામાં એ વિભાવ છે જ નહિ પછી એને છોડવાની ચિંતા અમને ક્યાં છે. અમારો સ્વભાવ છે એને પકડી લીધો તો અસત્ભાવ ઉત્પન્ન થતો નથી. છૂટી જાય છે. છોડવા-ફોડવાનું અમારે છે નહિ, એમ કહે છે. એવી ચિંતા જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી;...'** તેનો અર્થ? વિભાવ છોડું, વ્યવહાર ત્યાગું, પરવસ્તુ ત્યાગું એ તો અંતરમાં છે જ નહિ. અહીં તો હજી પરનો ત્યાગ કર્યો અને ધર્મ થઈ ગયો. ધૂળમાં પણ ધર્મ નથી. સાંભળ તો ખરો. પરનો ત્યાગ જ છે, તારા આત્મામાં કે દિ' ઘૂસી ગયા છે? શરીર, વાણી, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ એ કોઈ આત્મામાં ઘૂસી ગયા છે? આત્મામાં પર્યાય જ નથી તો આ ચીજ ક્યાંથી આવી? એમ કહે છે. 'પંડિતજી'! પણ માણસને આવું લાગે કે આ 'સોનગઢ'ની વાત એકાંત છે.. એકાંત છે એમ પોકાર કરે. વાત સાચી છે એની. સમ્યક્ એકાંત છે, સાચું એકાંત છે. આહાહા..! આવું એકાંત થાય ત્યારે એને પર્યાયનું જ્ઞાન થાય, એ પછી ૧૯ ગાથામાં લેશે. આવું સમ્યક્ એકાંતનું ભાન થાય, તેને પર્યાયનું જ્ઞાન થાય છે કે પર્યાય છે. બસ. સમજાણું કાંઈ?

અહો..! **'અમે તો હૃદયકમળમાં સ્થિત, સર્વ કર્મથી વિમુક્ત,...'** ભગવાનઆત્મા હૃદયકમળ એટલે અંતર જ્ઞાનસ્વરૂપ પ્રભુ! એમાં સર્વ કર્મથી એ વિમુક્ત છે. રાગાદિ, વિકલ્પાદિ, કર્મથી રહિત એ તત્ત્વ એ દ્રવ્યસ્વભાવ વસ્તુ છે. **'શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ,...'** આહાહા..! જુઓ! દિગંબર મુનિ છે. સંત 'પદ્મપ્રભમલધારીદેવ' જંગલમાં વસતા હતા, વનવાસમાં હતા. સમજાણું કાંઈ? (એ કહે છે), અમે તો **'શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ,...'** એય..! 'જાદવજીભાઈ'! લ્યો. એ તમારા પૌત્રએ પૂછ્યું હતું ને? તમારા દિકરાએ તમારા પૌત્રને પૂછ્યું હતું. એના છોકરાનો છોકરો 'દિલીપ' ૧૨ વર્ષનો છે. ઘણો હોશિયાર છે. બાર વર્ષનો, હોં! એ બાર વર્ષનો. એના પિતાજીએ પૂછ્યું, અરે..! 'દિલીપ'! અત્યારે તો 'કલકત્તા' છે ને? 'દિલીપ'! મહારાજ કહે છે કે જંગલમાં મુનિ રહે છે તો એને કેમ ગમતું હશે? ગોઠે કહે છે? હિન્દીમાં શું કહે છે? ક્યું અચ્છા લગતા હોગા? એ કાઠિયાવાડી ભાષા બોલે. એના પુત્ર અને એનો પુત્ર. એને પુછયું હતું, અરે..! 'દિલીપ'! મહારાજ કહે છે કે મુનિઓ તો જંગલમાં વસે છે. એને કેમ ગમતું હશે? અરે...! પપ્પા! એમ કહ્યું, ૧૨ વર્ષનો છોકરો છે. હમણા ત્યાં કલકત્તા છે. પપ્પા! એ મુનિઓ તો આનંદમાં લહેર કરે છે. 'દિલીપ'ને ક્યારેય જોયો છે? 'કલકત્તા'માં. 'જયંતીભાઈ'નો છોકરો. એ મુનિઓ તો આનંદમાં લહેર કરે છે. પપ્પા! તમને કહું? સિદ્ધ ભગવાન એકલા કેમ રહે છે? એમ કહ્યું. એમ પાછી દલીલ આપી. ૧૨ વર્ષનો છોકરો છો. સિદ્ધભગવાન

એકલા રહે છે કે નહિ? તેને દુઃખ હશે? એકલા રહે છે. અનંતઆનંદમાં સિદ્ધ બિરાજે છે. પપ્પા! તમારે ઘોંઘાટ જોઈએ છે, તમારે નિવૃત્તિ નથી જોઈતી. એવો છોકરો છે. ઘોંઘાટ. આમ કરવું અને આમ કરવું, વ્યાજવટાવનો ધંધો છે ને? ગૃહસ્થ માણસ છે. 'કલકત્તા'માં હૂંડી અને વ્યાજ વટાવનો ધંધો છે. તો કહ્યું કે તમારે ઘોંઘાટ જોઈએ છે. ઘોંઘાટ સમજો છો? અમારી કાઠિયાવાડી ભાષા છે. કોલાહલ. પપ્પા! તમારે કોલાહલ જોઈએ છે. આમ જોઈએ અને આમ જોઈએ. તમને નિવૃત્તિ નથી ગોઠતી.

જુઓ! **'અમે તો હૃદયકમળમાં સ્થિત, સર્વ કર્મથી વિમુક્ત, શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ,...'** અમે તો આનંદમાં છીએ એમ કહે છે. આહાહા..! નગ્ન મુનિ માત્ર વસ્ત્ર છોડ્યા એટલું નહિ. એવું નગ્નપણું તો અનંતવાર થયું. પંચમહાવ્રતના વિકલ્પ અને અઠ્યાવીસ મુલગુણ અનંતવાર પાળ્યા. એ ચીજ નહિ. સમજાણું કાંઈ? હું તો સર્વ કર્મથી મુક્ત. **'શુદ્ધ આત્માને એકને...'** ભાષા જુઓ! **'એકને...'** સાથે બીજો વિકલ્પ નહિ. આહાહા..! આ મુનિપણું. આહાહા..! લોકોએ હજી મુનિપણું સાંભળ્યું જ નથી અને થઈ ગયા મુનિ.. આહાહા..!

કહે છે કે **'શુદ્ધ આત્માને એકને સતત...'** નિરંતર અમારા આનંદનો અનુભવ અમને છે. અંદર રાગ અને વિકલ્પનો મિશ્રિતભાવ નથી. તેનું નામ મુનિપણું અને મોક્ષમાર્ગ છે. આહાહા..! **'કારણ કે અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી, નથી, નથી જ.' 'न खलु न खलु'** આહાહા..! પોતાનો નિજાનંદ ભગવાન, તેમાં પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અંતરનો અનુભવ કરવાથી મુક્તિ થાય છે. એ સિવાય કોઈ ક્રિયાકાંડથી મુક્તિ-ફુક્તિ થતી નથી. આહાહા..! લ્યો, **'નથી, નથી નથી જ.'** પછી છઠ્ઠા શ્લોકમાં કહે છે, સંસારી અને સિદ્ધ બન્ને પર્યાય અમારામાં નથી. પહેલા તો કહ્યું હતું કે વિભાવ અમારામાં નથી. પછી કહે છે કે સંસારની વિકારી પર્યાય અને મુક્તિની અનંતઆનંદ પર્યાય એ વ્યવહાર છે, વ્યવહાર છે. એક સમય... એક સમય.. અનંત.. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... આદિ અંત વિનાની ચીજ, તેની પાસે એક સમયની અવસ્થા વ્યવહાર છે. તેને છોડીને અમે તો ત્રિકાળી આનંદકંદમાં રમીએ છીએ. તેનું નામ ધર્મ છે. એ કહે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## ચૈત્ર સુદ ૩, સોમવાર, તા. ૨૯-૩-૧૯૭૧
## ગાથા - ૧૯, શ્લોક - ૩૬, પ્રવચન નં. ૨૭

'નિયમસાર' જીવ અધિકાર. ૧૮ ગાથા પૂરી થઈ. ૧૯મી ગાથા.

**दव्वत्थिएण जीवा वदिरित्ता पुव्वभणिदपज्जाया।**
**पज्जयणयेण जीवा संजुत्ता होंति दुविहेहिं ।। १९।।**
**પૂર્વોક્ત પર્યાયોથી છે વ્યતિરિક્ત જીવ દ્રવ્યાર્થિકે;**
**ને ઉક્ત પર્યાયોથી છે સંયુક્ત પર્યાયાર્થિકે. ૧૯.**

**ટીકા :– 'અહીં બન્ને નયોનું સફળપણું કહ્યું છે.'** એટલે કે આત્મા શુદ્ધ ત્રિકાળ દ્રવ્ય હોવા છતાં એની પર્યાય–અવસ્થામાં–સંસાર અને સિદ્ધદશા થાય છે. વસ્તુ છે એ તો ત્રિકાળ ધ્રુવ શુદ્ધ પરમ સ્વભાવભાવરૂપ છે. પણ એની સાથે પર્યાય નથી એમ કહ્યું હતું. પણ પર્યાય, પર્યાયમાં છે. અહીં તો જોકે વ્યંજનપર્યાય લેશે. સમજાણું કાંઈ? વસ્તુ પોતે શુદ્ધ ચિદાનંદ આનંદ, જ્ઞાયકભાવ, એ જ વસ્તુ નિશ્ચયનયનો વિષય છે. પણ એની સાથે પર્યાય નથી. એમાં નથી પણ પર્યાયમાં પર્યાય નથી એમ નહિ. પર્યાય છે. વ્યવહારનયનો વિષય છે. પણ અહીંયા તો વ્યંજનપર્યાયને પર્યાય કહીને ટીકાકાર નિષેધ કરશે.

જુઓ! **'ભગવાન અર્હંત્ પરમેશ્વરે...'** સર્વજ્ઞદેવ પરમેશ્વર વીતરાગ પરમાત્માએ **'બે નયો કહ્યા છે : દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.'** જુઓ! આ તત્ત્વ આ રીતે છે એ રીતે ન સમજે તો એને એકાંત અજ્ઞાન થાય છે એમ સમજાવે છે. એકલું દ્રવ્ય જ છે અને પર્યાય નથી, તો એ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. પર્યાય છે અને દ્રવ્ય નથી, વસ્તુ નથી તો પણ મિથ્યાત્વ એકાંત થઈ જાય. સમજાણું કાંઈ? પરમ સ્વભાવનું વર્ણન ખૂબ આવ્યું કે જેમાં સિદ્ધ અને સંસાર બે દશા જ નથી. એ વાત નિશ્ચયની દ્રવ્યાર્થિક વસ્તુદૃષ્ટિએ બરાબર છે. પણ એમાં પર્યાય નથી એમ નથી. પર્યાય–અવસ્થા છે, હાલત છે. સમજાણું કાંઈ? એ અવસ્થાને ન માને એ તો એકાંત અજ્ઞાન છે.

સંસાર અવસ્થા છે. ચાર ગતિની અવસ્થાઓ વ્યંજનપર્યાયની દશા છે. મોક્ષ પણ એક નિર્મળદશા છે. એવો અરિહંત ભગવાનનો ઉપદેશ બે નયથી છે. નિશ્ચયથી અને પર્યાયથી. નિશ્ચયને અહીંયા દ્રવ્યાર્થિકનય કહ્યો છે. જુઓ આવે છે. દ્રવ્યાર્થિક–પર્યાયાર્થિક. હવે દ્રવ્યાર્થિક કોને કહેવું? કે **'દ્રવ્ય જ જેનો અર્થ એટલે પ્રયોજન છે....'** વસ્તુ દ્રવ્ય એટલે ત્રિકાળી જ્ઞાયક આનંદસ્વરૂપ, એ જે નયનું પ્રયોજન દ્રવ્ય છે, વસ્તુ છે, તે નયને દ્રવ્યાર્થિક કહેવામાં આવેછે.

ફરીને. નય એટલે જ્ઞાનનો એક અંશ છે. જ્ઞાનનો એક ભાગ. શ્રુતજ્ઞાનપ્રમાણનો એક ભાગ. શ્રુતજ્ઞાન પ્રમાણ એ પણ એક પર્યાય છે. હવે શ્રુતજ્ઞાન પ્રમાણના બે પ્રકાર. એક દ્રવ્યાર્થિકનય

અને એક પર્યાયાર્થિકનય. વસ્તુ આ રીતે સમજ્યા વિના અનાદિથી ગોટો ઊઠ્યો છે. ઘણા આત્મા એમ કહે કે શુદ્ધાત્મા... શુદ્ધાત્મા.. પણ શુદ્ધ શું છે? તેની પર્યાયમાં શું છે? તેના જ્ઞાન વિના શુદ્ધપણું એકાંતે માને તો એને પર્યાયનું જ્ઞાન નથી, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? કહે છે, જેનું પ્રયોજન દ્રવ્ય-અર્થ. જે જ્ઞાનનો અંશ છે, એનું પ્રયોજન દ્રવ્ય છે. વસ્તુ-વસ્તુ એ નયને દ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે. આ બધું સમજવાને માટે છે.

**'અને પર્યાય જ જેનો અર્થ એટલે કે પ્રયોજન છે...'** હાલત. આત્માની પર્યાય, અવસ્થા, દશા. ધર્મ એક દશા છે, મોક્ષમાર્ગ પણ એક દશા છે, કાંઈ ત્રિકાળી વસ્તુ નથી. ત્રિકાળી તો ધ્રુવ ચિદાનંદ શુદ્ધ છે. સમજાણું કાંઈ? તો કહે છે કે જે જ્ઞાનનું પ્રયોજન વર્તમાન અવસ્થા હાલત, દશા છે, એને અહીં પર્યાયાર્થિકનય કહેવામાં આવે છે. છે ને? પર્યાયાર્થિક–અર્થ. પર્યાય જેનું પ્રયોજન છે એને પર્યાયનય કહેવામાં આવે છે. **'એક નયને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી...'** આહાહા..! એકલો નિશ્ચયનયનો જ ઉપદેશ અને પર્યાય નથી, એવો ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી.

મુમુક્ષુ :– ગ્રહવાયોગ્ય નથી એટલે શું?

ઉત્તર :– જાણવાયોગ્ય અને આદરવાયોગ્ય નથી. એ ઉપદેશ આદરવાલાયક નથી. એ વસ્તુનું સ્વરૂપ એમ નથી. સમજાણું કાંઈ?

**'એક નયને અવલંબતો...'** નિશ્ચયને જ અવલંબે અને પર્યાયને જ અવલંબે, બેમાંથી એકને (અવલંબે), એ વસ્તુ અજ્ઞાન છે, ખોટી છે. સમજાણું કાંઈ? **'એક નયને...'** એટલે જ્ઞાનના એક અંશને, વિષય કરતો, **'અવલંબતો ઉપદેશ...'** જાણવાયોગ્ય નથી, આદરવાયોગ્ય નથી. **'પણ તે બન્ને નયોને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય છે.'** જ્ઞાન તો બન્ને નયોનું કરવાલાયક છે. ઝીણું તત્ત્વ છે. આમ તો બધા શુદ્ધ.. શુદ્ધ તો ઘણા કરે છે. અભેદ છે ને શુદ્ધ છે. પણ અભેદ છે, શુદ્ધ છે એ શું? અને તારી દશામાં શું? સંસારીદશા પણ જો શુદ્ધ હોય તો તો એને શુદ્ધતાનો આનંદ હોવો જોઈએ. એની દશામાં ભૂલ છે અને ભૂલ ટળીને દશા નિર્મળ થાય એ પણ એક દશા છે, એ કાંઈ ત્રિકાળી ચીજ નથી. સમજાણું કાંઈ? કહો, 'વસંતીલાલજી'! આવું છે.

**'બન્ને નયોને અવલંબતો...'** ત્રિકાળી વસ્તુ સમજાવે એ નય અને વર્તમાન અવસ્થા વિકારી, અવિકારી મુક્તિ આદિ એ દશાને જણાવે, એ નયનો ઉપદેશ જાણવાયોગ્ય અને આદરવા યોગ્ય છે. સમજાણું કાંઈ? એકલો આત્મા કુટસ્થ છે, ધ્રુવ જ છે. તો તો પછી કુટસ્થ હોય એને સમજવાનું કાંઈ રહેતું નથી. એને કાંઈ આનંદ પ્રગટ કરવો અને આનંદનો અનુભવ કરવો એ તો રહેતું નથી. 'પંડિતજી'! એવી વાત છે. ઝીણી વાત છે, ભાઈ!

**'સત્તાગ્રાહક (–દ્રવ્યની સત્તાને જ ગ્રહણ કરનારા) શુદ્ધ દ્રવ્યાર્થિક નયના બળે...'** હવે શું કહે છે? બે નયનો ઉપદેશ ગ્રહવાલાયક, જાણવાલાયક બરાબર છે. હવે જે આત્માની ત્રિકાળ સત્તા એકરૂપ, ધ્રુવ સત્તા (છે) એ **'સત્તાગ્રાહક (–દ્રવ્યની સત્તાને જ ગ્રહણ કરનારા) શુદ્ધ દ્રવ્યાર્થિક**

**નયના બળે...'** શુદ્ધ દ્રવ્ય સ્વભાવના જ્ઞાનના બળે **'પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી મુક્ત તેમ જ અમુક્ત (–સિદ્ધ તેમ જ સંસારી) સમસ્ત જીવરાશિ સર્વથા વ્યતિરિક્ત જ છે.'** શું કહે છે? ભગવાનઆત્મા મહાસત્તા ત્રિકાળી ધ્રુવ, એ દૃષ્ટિના બળે, તે સંસારી જીવ હોય કે મુક્ત સિદ્ધ હોય, બન્ને **'વ્યંજનપર્યાયોથી મુક્ત તેમ જ અમુક્ત (સિદ્ધ તેમજ સંસારી)..'** એ વ્યંજનપર્યાયથી સર્વથા વ્યતિરિક્ત જ છે. વસ્તુની દૃષ્ટિએ ત્રિકાળ વસ્તુ છે, એમાં એ ચાર ગતિની આકૃતિ વ્યંજન આદિ પર્યાય એમાં છે નહિ.

**'પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી મુક્ત...'** એટલે સિદ્ધ અને સંસારી બન્ને **'સમસ્ત જીવરાશિ સર્વથા વ્યતિરિક્ત જ છે.'** જોયુંને! વસ્તુ જે સત્તા ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ, એ અપેક્ષાએ તો એની આ ચાર ગતિની આકૃતિનો વ્યંજનપર્યાય, એમાં છે નહિ. સિદ્ધને પણ નથી અને સંસારીને પણ નથી. સમજાણું કાંઈ? આ બધું સમજવું પડશે. ઉપર ઉપરથી આ લઈ લીધું કે આ આત્મા છે, ફલાણું છે, ઢીકણું છે. પણ પાછી એની પર્યાયો શું? એને પર્યાયથી મુક્ત કેમ કહ્યો? પહેલું તો કીધું કે બે નયનો ઉપદેશ ગ્રહણ કરવો. વળી પાછું અહીંયા કહ્યું કે એ તો દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય જોઈએ તો વ્યંજનપર્યાયોનો એમાં અભાવ છે. પણ પર્યાયમાં પર્યાય છે. સમજાણું કાંઈ?

**'સમસ્ત જીવરાશિ...'** સમસ્ત જીવરાશિમાં સંસારી અને મુક્ત બધા. વ્યંજનપર્યાય એટલે આકૃતિ ચાર ગતિની પર્યાય વસ્તુમાં છે જ નહિ. વસ્તુમાં, હોં! સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનયમાં. **'કેમ? 'सव्वे सुद्धा हु सुद्धण्या''** કારણ કે શાસ્ત્રમાં કહ્યું છે કે શુદ્ધનયે બધા આત્માઓ શુદ્ધ જ છે. શુદ્ધદૃષ્ટિએ બધા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ નિર્મળ શુદ્ધ જ છે. એમાં અશુદ્ધ છે એમ આવતું નથી. શુદ્ધનયની સત્તાગ્રાહક દૃષ્ટિમાં એની વાસ્તવિક કાયમસત્તા જે વસ્તુની છે, એને જાણનારના બળની દૃષ્ટિએ વ્યંજનપર્યાયથી તો બંને મુક્ત જ છે. કેમ કે **'सव्वे सुद्धा हु सुद्धण्या'**. શુદ્ધનયે બધા શુદ્ધ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આ તો બધું! કેટલુંક જાણવું આમાં!

મુમુક્ષુ :– ધર્મ કરવો એમાં નયનું શું કામ છે?

ઉત્તર :– પણ ધર્મ નથી એની દશામાં ત્યારે એને ધર્મ કરવો છે. જો ધર્મ હોય તો ધર્મ કરવો એમ ક્યાંથી આવ્યું? તો ધર્મ નથી ત્યારે શું છે? કે અધર્મ છે.

મુમુક્ષુ :– દ્રવ્યમાં પૂરેપૂરો ભર્યો છે ને?

ઉત્તર :– ત્યાં ભલે ભર્યો હોય પણ અહીં અધર્મ છે એનું જ્ઞાન કર્યા વિના ધર્મની દૃષ્ટિ થશે શી રીતે? અધર્મદશા છે.

મુમુક્ષુ :– એવો બોજો લઈને શું કરવા ચાલે?

ઉત્તર :– એય...! દશામાં અંદર અશુદ્ધતા છે. વસ્તુ શુદ્ધ છે. જો અશુદ્ધતા ન હોય તો ધર્મ કરવો એ તો રહેતું નથી. એ તો છે, બસ. થઈ રહ્યું, તો તો દશા જ શુદ્ધ છે. એમ નથી. સમજાણું કાંઈ?

**'એવું (શાસ્ત્રનું) વચન હોવાથી.'** પાછો ખુલાસો કરે છે. **'વિભાવવ્યંજનપર્યાયાર્થિક નયના બળે...'** હવે આ ત્રિકાળી દ્રવ્યાર્થિક મહાસત્તાને જોવે તો એમાં પર્યાય છે જ નહિ. સિદ્ધને અને સંસારીને વ્યંજનપર્યાય છે જ નહિ. એ તો બધા આવી ગયા. કહો, સમજાણું કાંઈ? આ બધું રાતે પૂછે તો આકરું પડે એવું છે. 'પોપટભાઈ'! જવાબ દેશે. ઠીક.

અહીંયા તો કહે છે, વસ્તુની સ્થિત વર્ણવે છે. વસ્તુ આવી છે કે દ્રવ્યાર્થિક મહાસત્તા ત્રિકાળથી જોઈએ તો, એ દૃષ્ટિએ તો એમાં વ્યંજનપર્યાય કે પર્યાય એકપણ નથી. પણ વ્યંજનવિભાવિક-વિકારીપર્યાય એમ લેવી છે અહીં તો અત્યારે. **'વિભાવવ્યંજનપર્યાયાર્થિક નયના બળે તે સર્વ જીવો (પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી) સંયુક્ત છે.'** આહાહા..! સમજાણું કાંઈ? ખુબી આમાં (એ કહી કે) સિદ્ધ પણ વિકારી પર્યાયસહિત છે એમ કહે છે. એય..! ધ્યાન રાખવા જેવી વાત છે. **'વિભાવવ્યંજનપર્યાયાર્થિક નયના બળે...'** પહેલામાં એમ લીધું હતું કે સત્તાગ્રાહકનયના બળે. અહીંયા વિભાવવ્યંજનપર્યાયના બળે. એમ લીધી. એકલી પર્યાય નથી લીધી. બધી અર્થપર્યાય. વિભાવિકવ્યંજન આકૃતિ આ મનુષ્યપ્રમાણે અંદર જીવને આકાર થાય છે. આ શરીર નહિ, જડ નહિ. મનુષ્યનો આકાર થાય, દેવનો, જે જે અવતાર. એ વ્યંજનપર્યાય વિભાવિક, એનાથી **'નયના બળે તે સર્વ જીવો (પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી) સંયુક્ત છે.'** શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી સંયુક્ત નથી. પર્યાયાર્થિકનયથી સર્વ જીવ સંયુક્ત છે. બે વાત થઈ.

સિદ્ધ હો કે સંસારી હો, અંતર ધ્રુવ સ્વભાવ મહાસત્તાની દૃષ્ટિએ જોઈએ તો એ બન્ને વ્યંજનપર્યાયથી રહિત છે. પણ વિભાવવ્યંજનપર્યાયની વર્તમાનની દૃષ્ટિએ જોઈએ, વિભાવવ્યંજનપર્યાય એના બળે જોઈએ તો બધા જીવો વિભાવવ્યંજનપર્યાયસહિત જ છે. સિદ્ધ સહિત. હમણા પ્રશ્ન કહેશે. સિદ્ધને કેમ? કે પૂર્વે હતું એની અપેક્ષાએ. સિદ્ધને પૂર્વે હતીને? એ નૈગમનયે વર્તમાનમાં છે એમ કહેવામાં આવે. ભારે ભાઈ!

મુમુક્ષુ :– વર્તમાનમાં?

ઉત્તર :– વર્તમાનમાં કહેશે. હમણા કહેશે. પૂર્વનૈગમનયની અપેક્ષાએ.

મુમુક્ષુ :– વર્તમાનમાં એમ કહેશે?

ઉત્તર :– નૈગમનયની અપેક્ષાથી વર્તમાનમાં છે.

મુમુક્ષુ :– વર્તમાનમાં નથી...

ઉત્તર :– નથી તો નથી એ તો બરાબર છે. પણ નૈગમનયે સર્વ જીવો કહ્યા ને? **'તે સર્વ જીવો સંયુક્ત છે.'** એમાં કોઈ જીવ બાકી નથી રાખ્યા. અશરીરી પરમાત્મા સિદ્ધ થઈ ગયા. તે પણ અત્યારે વિભાવવ્યંજનપર્યાયસહિત છે. કઈ રીતે? એ કહેશે.

**'વિશેષ એટલું કે–સિદ્ધ જીવોને અર્થપર્યાયો સહિત પરિણતિ છે,...'** જુઓ! ઓલી કાઢી નાખી. વ્યંજન જુદી વિકારીને કાઢી નાખી. ફક્ત ગુણની પરિણતિ જ અર્થ છે. આનંદ, જ્ઞાન, શાંતિ

એવા સ્વભાવની દશા સિદ્ધ ભગવાનને, પરમાત્માને છે. **'પરંતુ વ્યંજનપર્યાયો સહિત પરિણતિ નથી.'** સિદ્ધને વિભાવવ્યંજન પર્યાય નથી. ધ્યાન રાખજો. એમાંથી પ્રશ્ન ઊઠશે. **'કેમ? સિદ્ધ જીવો સદા નિરંજન હોવાથી.'** સિદ્ધ પરમાત્મા અશરીરી થયા એ તો નિરંજન શુદ્ધ થઈ ગયા. એને હવે અશુદ્ધતા કે વ્યંજનપર્યાય હોતી નથી.

**'(પ્રશ્ન :–) જો સિદ્ધ જીવો સદા નિરંજન છે...'** સદા નિરંજન છે એમ તમે કહો છો. **'તો બધા જીવો દ્રવ્યાર્થિક તેમ જ પર્યાયાર્થિક બન્ને નયોથી સંયુક્ત છે એવો સૂત્રાર્થ વ્યર્થ ઠરે છે.'** શું કહે છે? જ્યારે તમે એમ કહો છો કે સિદ્ધ ભગવાન સદા નિરંજન છે. અશરીરી થઈ ગયા એ. સંસારનો નાશ કરી, વિકારનો નાશ કરીને પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ એ સિદ્ધ ભગવાન સદા નિરંજન છે એમ કહો છો. વળી એક બાજુ તમે કહ્યું કે બધા જીવો બે નય સહિત છે. જુઓ! અર્થાત્ **'બધા જીવો દ્રવ્યાર્થિક તેમ જ પર્યાયાર્થિક બન્ને નયોથી સંયુક્ત છે'** એમ કહ્યું હતું આપે.

મુમુક્ષુ :– સર્વ જીવ કહ્યું.

ઉત્તર :– સર્વ જીવ એમ લખ્યું છે.

**'બધા જીવો દ્રવ્યાર્થિક તેમ જ પર્યાયાર્થિક બન્ને નયોથી સંયુક્ત છે (અર્થાત્ બધા જીવોને બન્ને નયો લાગુ પડે છે) એવો સૂત્રાર્થ (ગાથાનો અર્થ) વ્યર્થ ઠરે છે.'** શું કહે છે? જ્યારે સિદ્ધ ભગવાન પરમાત્મા જે દેહ રહિત થઈ ગયા, એને જ્યારે તમે સદા નિરંજન કહેશો, તો વળી એક બાજુ કહો છો કે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંને નયે બધા જીવો સહિત છે. તો એમાં વ્યંજનપર્યાયસહિત છે એવું તો પાછું એ નયમાં આવી ગયું. અને તમે સિદ્ધને સદા નિરંજન કહો છો. તો બેમાં પર્યાયાર્થિકનયનો ઉપદેશ વ્યર્થ જાય છે.

આ ઓઘે-ઓઘે આ બધા સામાયિક અને પોષા કરતા હોય એને સમજવું કઠણ પડે છે. શું છે આ જ્ઞાન? આ કઈ જાતનું જ્ઞાન? એય..! 'ભીખાભાઈ'! આ વસ્તુ... 'પ્રકાશદાસજી'! જુઓ! આ સમજવાની ચીજ છે. આમ ઓઘે-ઓઘે પકડી લે (એની ના પાડે છે). પર્યાય ન હોય એમ કીધું હતું હમણાં સવારમાં. પર્યાય તો પરની છે. પર્યાય પરની નથી, જીવની છે.

મુમુક્ષુ :– પર્યાય પર નથી?

ઉત્તર :– એ કઈ અપેક્ષાએ?

મુમુક્ષુ :– દ્રવ્યથી પર નથી તો બન્ને એક થઈ જાય.

ઉત્તર :– દ્રવ્યથી પર છે પણ પર્યાયથી પોતામાં પોતાથી છે. પરને લઈને પર્યાય છે એમ નથી. પરને લઈને પર્યાય હોય તો તો દ્રવ્યમાં પર્યાય રહી જ નહિ. થઈ રહ્યું. પર્યાયાર્થિકનયે પણ દ્રવ્ય મુક્તિ અને સંસારદશા રહિત થઈ ગયો, એમ નથી. આ મોટો ગોટો હજી મૂળમાં. પણ મૂળ પ્રયોજન પકડે નહિ એટલે સમજ્યા વિના બધું તુંબડીમાં કાંકરા લાગે.

મુમુક્ષુ :– તુંબડીમાં કોઈ દિ' કાંકરા હોય જ નહિ.

ઉત્તર :– કાંકરા નહિ પણ ઓલા સુકા બી હોય ને? સુકાઈ જાય એટલે ખખડે.

અહીં શું કહે છે? જુઓ! શાંતિથી, ધીમેથી સમજો. એક બાજુ એમ કહ્યું કે આત્મામાં બે નયનો ઉપદેશ ભગવાનનો છે તે બરાબર એણે ગ્રહણ કરવો જોઈએ. બરાબર છે? એક નયનો ઉપદેશ છે કે આ અવલંબન કરવા જેવું નથી. એક વાત. હવે બે નયમાં ત્રિકાળ સત્તાગ્રાહક વસ્તુ છે એ દૃષ્ટિએ જોઈએ તો એમાં પર્યાય છે જ નહિ. હવે પર્યાયાર્થિક વિભાવવ્યંજનપર્યાયની દૃષ્ટિએ જોઈએ. વિભાવવ્યંજન આકૃતિ સંસારના આકાર-વિકાર, એનાથી જોઈએ તો બધા જીવો વિભાવવ્યંજનપર્યાયસહિત છે. ત્રીજું. સિદ્ધ સદા નિરંજન છે એમ જ્યારે આપ કહો, તો બધા જીવો પર્યાયાર્થિકનયે પણ વિભાવવ્યંજનપર્યાયવાળા છે એ વાત વ્યર્થ જાય છે. કહો, સમજાય છે કાંઈ? આ બધું વેપારીને પકડવા જેવું છે, 'વજુભાઈ'!

મુમુક્ષુ :– આ નયના જ્ઞાનની જરૂર શું છે?

ઉત્તર :– નય એટલે? જ્ઞાનનો વિષય કરનાર. જે વસ્તુ છે તેનો વિષય કરનાર તે નય. વસ્તુ કેવી છે એને જાણ્યા વિના નય જાણશે શી રીતે? વસ્તુને એના બે પડખા છે, એને બે પડખાને જાણવાનો જે નય એટલે જ્ઞાન, એ જ્ઞાનનો વિષય તે દ્રવ્ય અને પર્યાય છે. માટે નય જાણવી જોઈએ. અત્યાર સુધી શુદ્ધ-શુદ્ધ બહુ આવતું એટલે આ વળી જરી ગુંચવાડો આખો ઊભો થશે. પણ જ્ઞાનના જ ઠેકાણા ન મળે ત્યાં એમાં... વાત કરી ઇ સમજાય છે કાંઈ?

એક બાજુ આપ એમ કહો છો કે બે નયનો ઉપદેશ ગ્રહણ કરવો. વળી બીજી રીતે એમ કહો છો કે પર્યાયાર્થિકનયે વિભાવ-વિકારની આકૃતિના પર્યાયે બધા જીવો સહિત છે. એક બાજુ કહો છો કે સિદ્ધ ભગવાન સદા નિરંજન છે. તો પર્યાયાર્થિકનયે વિકારી વ્યંજનપર્યાય સહિત છે એ વાત શાસ્ત્રનો ઉપદેશ વ્યર્થ જાય છે. આહાહા..! 'જેઠાભાઈ'! એની રમતું દ્રવ્ય અને પર્યાય બેમાં છે. બહારમાં કાંઈ છે નહિ. બહાર બહાર બધું દૂરનું. આહાહા..!

**'ઉત્તર :– વ્યર્થ નથી ઠરતો...'** જે પર્યાય એટલે અવસ્થાદૃષ્ટિએ વિકારી આકૃતિના પર્યાયો બધા જીવો કહ્યા હતા એ વાત ખોટી પડતી નથી. અને સદા સિદ્ધ નિરંજન કહ્યા અને પર્યાયાર્થિકનયે બધા વિભાવ-વિકારવાળા કહ્યા, એ વાતમાં વિરોધ આવતો નથી. કેમ? કેમ નથી આવતો? **'નિગમ એટલે વિકલ્પ; (ભેદ) તેમાં હોય તે નૈગમ.'** નીચે ખુલાસો છે, જુઓ! નીચે નોટ. **'જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે...'** ગયા કાળની દશા થઈ ગયો હોય એ વર્તમાન છે એમ કહે, એ એક નૈગમનય જ્ઞાનના અંશનો ભાગ છે.

**'ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે,...'** એ પણ એક નૈગમનય. જ્ઞાનના અંશનું પૂર્વનું વર્તમાન અને ભવિષ્યનું વર્તમાન જણાવવું એ પણ એક નયનો વિષય છે. **'અથવા કંઈક નિષ્પન્નયુક્ત અને કંઈક અનિષ્પન્નયુક્ત વર્તમાન પર્યાયને સર્વનિષ્પન્નવત્ સંકલ્પિત કરે,**

**તે જ્ઞાનને (અથવા વચનને) નૈગમનય કહે છે.'** વિસ્તાર છે, બાપુ! એ નૈગમનય એટલે ભૂતકાળની દશા અત્યારે કહેવી, ભવિષ્યની દશા અત્યારે કહેવી એનું નામ નૈગમનયનો વિષય છે. એ પણ એક જ્ઞાન કરવાલાયક છે. સમજાણું કાંઈ?

**'તે નૈગમનય ત્રણ પ્રકારનો છે : ભૂત નૈગમ, વર્તમાન નૈગમ અને ભાવી નૈગમ. અહીં ભૂત નૈગમનયની અપેક્ષાએ ભગવંત સિદ્ધોને પણ...'** લ્યો. સિદ્ધ ભગવાન અશરીરી આત્મા થયા, પણ પૂર્વે તો સંસારી હતા ને? કે સિદ્ધ જ હતા? અનાદિ સિદ્ધ છે એ અપેક્ષાએ અહીં વાત નથી. એ અશરીરી આત્મા વસ્તુસ્વરૂપ એવું છે એવું દશામાં જેને પ્રગટ થઈ ગયું, એ દશામાં પહેલા સંસારીજીવ (હતા), એ સંસારી હતા. એ પણ એકેન્દ્રિય ચાર ગતિમાં હતા. વિકારી અંશપણે હતા. આહાહા..! સમજાણું કાંઈ?

**'અહીં ભૂત નૈગમનયની...'** ગયા કાળના અંશની **'અપેક્ષાએ ભગવંત સિદ્ધોને પણ વ્યંજનપર્યાયવાળાપણું અને અશુદ્ધપણું સંભવે છે,...'** એ ગયા કાળની અપેક્ષાએ એને વ્યંજનપર્યાય અને અશુદ્ધપણું વર્તમાન છે એમ સંભવે છે. ગયા કાળની અપેક્ષાએ. આહાહા..! એની પર્યાયમાં અશુદ્ધતા હતી ને? વિકાર દશામાં હતો ને? ન હતો તો વિકાર ટાળીને નિર્વિકાર થયો શી રીતે? આત્યંતિક દુઃખથી મુક્ત થાઓ, એમ કહ્યું ને? તો દુઃખ હતું ને? મુક્તિ એટલે આત્યંતિક દુઃખથી સર્વથા છૂટી જવું. પણ ત્યારે પહેલું દુઃખ હતું ને? એ દુઃખથી મુક્ત થયા ત્યારે દુઃખ નથી. પણ દુઃખ તો પહેલી દશામાં હતું. એ પહેલી દશાનો આરોપ કરીને વર્તમાનમાં છે એમ કહેવું એ નૈગમનયનો વિષય છે. આહાહા..! વેપારી માણસને જરી... એય..! 'શિવલાલભાઈ'! ઉપર ઉપરનું નિશ્ચયનું હતું એ ઠીક લાગે. એ દ્રવ્યસ્વભાવમાં સંસાર નથી, ભેદ નથી, એકલો પર્યાય પણ નથી.

મુમુક્ષુ :– એ તો અસત્ છે, એનું અમારે શું કામ છે. એ અસત્ છે એમ તો લખ્યુંછે.

ઉત્તર :– શેમાં અસત્ પણ? દ્રવ્યમાં અસત્ છે. તેની અવસ્થામાં સત્ છે.

મુમુક્ષુ :– એની અમારે શું ચિંતા છે?

ઉત્તર :– ચિંતા કઈ અપેક્ષાએ ચિંતા નહિ? અમારા સ્વભાવમાં એ વિભાવ નથી. વિભાવ, વિભાવમાં હો, પણ અમે જ્યાં દૃષ્ટિ મૂકી છે એમાં એ નથી. એટલે અમારે ટાળવું કે રાખવું કે છે એનું અમારે શું કામ છે? એમ કહે છે. પણ પર્યાયમાં છે (એમ) રાખીને (વાત છે). સમજાણું કાંઈ? (શ્રોતા :– મેળ કરવો કઠણ પડે.) આહાહા..! વીતરાગ કીધું ને પહેલું અરિહંત ભગવાનના બે નયનો ઉપદેશ છે.

મુમુક્ષુ :– પહેલેથી જ એમ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– પહેલેથી ઉપાડેલું છે. વસ્તુનો પર્યાય અંશ છે કે નહિ? દશા છે કે નહિ? દશા ન હોય તો કાર્ય તો બધું દશામાં છે. સંસારદશા, મોક્ષમાર્ગદશા, મોક્ષદશા એ બધી

દશા છે. વસ્તુ તો ત્રિકાળી ધ્રુવ ચિદાનંદમૂર્તિ ધ્રુવ છે. ધર્મ એ દશા છે. ધર્મ એ કોઈ ગુણ અને ત્રિકાળી વસ્તુ નથી. અજ્ઞાન અને વિકાર એ પણ એક દશા છે. સમજાણું કાંઈ? આ બધા વેપારીને આ બધું કહેવું. એય...! 'મલુકચંદભાઈ'! ઓલા આડાઅવળા ગોળા માર્યા હોય ને. અને સ્થૂળ સ્થૂળ મોઢાઆગળ કલ્પાઈ ગયું હોય, એને (એમ લાગે) આ શું વળી! મૂળ સમજણના ઠેકાણા નથી, કહે છે.

પર્યાય આત્મામાં સિદ્ધને પણ પૂર્વે હતી એ ગણીને વર્તમાન છે એમ નૈગમનયથી કહેવામાં આવે છે. એ સિદ્ધ ભગવાનને પણ ભૂતકાળની અપેક્ષાએ, રાજા હતો, પણ પછી રાજાથી ઊઠી ગયો અત્યારે. એક દાખલો. સમજાય છે? તો પણ પૂર્વની અપેક્ષાએ એને (એમ કહેવાય કે), રાજા છે, ભાઈ! રાજા. કહેવાય કે નહિ?

મુમુક્ષુ :– રાજા આવે એટલે ..

ઉત્તર :– એમ જ કહે ને. ત્યાં મૂળબિદ્રિમાં... નહિ? ત્યાં ઉતર્યા હતા. દિગંબર રાજા હતા. રાજા હતા. એના મકાન અત્યારે જુઓ તો બધાં ઊંચા થાંભલા ને બધું. હવે તો બિચારા ઘસાઈ ગયા. પણ રાજા. એને રાજ તરફથી મળે છે કાંઈક. વર્ષાસન મળે. પણ શેઠિયા અત્યારે. પણ રાજા હતા એ લોકો. નામ ભૂલી ગયા. 'જગદીશ' એવું નામ હતું. દિગંબર છે. રાજા હતા. અત્યારે રાજા કહેવાય છે. મકાનો જુઓ તો મોટા ઊંચા થાંભલા. સમજ્યા ને? હવે તો ઘસાઈ ગયા. નવા કરવાનું કાંઈ ઓલું નથી. પણ એને રાજ તરફથી આજીવિકા માટે કાંઈક હજારો રૂપિયા મળે છે. તો એમ કહેવાય કે આ રાજા હતા. રાજા હતા નહિ પણ રાજા છે એમ પણ કહેવાય છે. આ રાજા માણસ છે એ તો જુદી વાત, હોં! એ તો વળી ભોળાને રાજા કહેવાય. મૂર્ખ એટલે રાજા માણસ છે. એમ નથી કહેતા? એટલે મૂર્ખ ન કહેતા મીઠો શબ્દ વાપર્યો. રાજા માણસ છે, ભાઈ! એટલે શું? મૂર્ખા છે એમ. આ તો ગયા કાળના રાજા હતા એને વર્તમાનમાં રાજા તરીકે ઓળખાવવા એવો પણ એક નયનો વિષય કહેવામાં આવે છે. અને આ કુંવર થાય તો એમ કહે, જે રાજાના હોય તો કહે એ તો રાજા છે. ભવિષ્યમાં રાજા થવાના. તીર્થંકર ભવિષ્યમાં થવાના એને વર્તમાનમાં તીર્થંકર કહે.

મુમુક્ષુ :– તીર્થંકરના ગર્ભકલ્યાણક...

ઉત્તર :– તીર્થંકરના ગર્ભકલ્યાણક. તીર્થંકર દીક્ષા લે છે. એ ક્યાં તીર્થંકર હતા? તીર્થંકર તો કેવળી થાય ત્યારે હોય. બોલાય તો એમ જ બોલાયને. ભગવાન જન્મ્યા, તીર્થંકર જન્મ્યા એમ કહે લ્યો. પણ તીર્થંકર તો તેરમે ગુણસ્થાને થશે. પણ એ વાત વર્તમાનમાં કહેવી એવો એક નૈગમનયનો વિષય છે. જ્ઞાનને ભૂત-ભવિષ્યને લંબાવીને વર્તમાનમાં કહેવું એવો પણ એક વિષય છે.

કેમ કે **'ભગવંત સિદ્ધોને પણ વ્યંજન...'** એટલે આકૃતિ વિભાવ વ્યંજનપર્યાય પણ છે અને અશુદ્ધપણું પણ છે, લ્યો. **'કેમ કે પૂર્વ કાળે તે ભગવંતો સંસારીઓ હતા...'** પહેલા એ ચાર ગતિમાં રખડતા હતા. આહાહા..! અનાદિ સંસારમાં તીર્થંકરો પણ પર્યાયમાં ભૂતકાળમાં એ ચાર ગતિ અનંતવાર કરી. એ વિકારી પર્યાય છે. એના અસ્તિત્વમાં છે. પર્યાયના અસ્તિત્વમાં હતી. એને વર્તમાનમાં કહેવી એ નૈગમનયનો વિષય છે. **'પૂર્વ કાળે તે ભગવંતો સંસારીઓ હતા એવો વ્યવહાર છે.'** એવો વ્યવહાર છે એમ કહે છે. પૂર્વે સંસારી હતા એમ અત્યારે કહેવું એવો એક વ્યવહાર છે.

**'બહુ કથનથી શું? સર્વ જીવો બે નયોના બળે શુદ્ધ તેમ જ અશુદ્ધ છે એવો અર્થ છે.'** લ્યો. બધા જીવો ત્રિકાળીની અપેક્ષાએ શુદ્ધ છે. વર્તમાન ત્રિકાળ શુદ્ધ છે. અને પર્યાયે શુદ્ધ થયેલા કે અશુદ્ધ રહેલા બેયને, સર્વ જીવને વર્તમાનમાં અશુદ્ધ કહેવામાં એ પણ એક નયનો વિષય છે. સમજાણું કાંઈ? જેણે પર્યાય માની નથી એને આ વાત કોઈ રીતે ન બેસે. એ પર્યાય છે, એ અવસ્થા મનાવવા, વસ્તુની સ્થિત મનાવવાની આ શૈલી ઊભી કરી. સમજાણું કાંઈ? પર્યાય નહોતી. પર્યાય છે જ નહિ... પર્યાય છે જ નહિ. શેમાં નથી? દ્રવ્યમાં નથી–ત્રિકાળી વસ્તુમાં નથી. વર્તમાન દશામાં નથી તો કાર્ય તો પર્યાયમાં થાય છે.

મુમુક્ષુ :– પર્યાય તો કાર્ય કર્યા જ કરે છે, આપણે શું કામ છે?

ઉત્તર :– એ પણ ક્યારે? દ્રવ્ય સ્વભાવનો અનુભવ થયો ત્યારે. એકલી પર્યાય... પર્યાય.. કર્યા કરે. કોના વિના? શેમાં થશે? પર્યાય, પર્યાયનું કાર્ય કરે. શેમાં પણ? કોણ? વસ્તુ જે જ્ઞાયકભાવ ધ્રુવ ચિદાનંદ સ્વરૂપ છે, એવો અનુભવ દૃષ્ટિમાં આવ્યો. બસ પર્યાય, પર્યાયનું કામ કરશે જ હવે. દ્રવ્ય એ પર્યાયનું કામ નહિ કરે. છેલ્લી ગાથાનો આ અટપટો વિષય છે. જીવદ્રવ્યનો અધિકાર છે ને? તો દ્રવ્યનું પૂરું રૂપ તો દ્રવ્ય અને પર્યાય બે થઈને થાય છે. 'પંડિતજી'! જીવ અધિકાર છે ને? જીવનો અધિકાર દ્રવ્યે એટલે ત્રિકાળ સત્તાગ્રાહક વસ્તુએ પણ છે અને વર્તમાન અવસ્થાએ પણ છે. એ વર્તમાન અવસ્થા વ્યંજનપર્યાયવાળી સંસારમાં હતી, એનો નાશ થઈને સિદ્ધને નિર્મળ (પર્યાય) થઈ. છતાં ભૂતકાળની અપેક્ષાએ પણ એને અશુદ્ધતા છે, વ્યંજનપર્યાય છે. બધા જીવોને છે તો એ પણ ભેગા આવી ગયા. સમજાણું કાંઈ? આરોપિતથી.

મુમુક્ષુ :– વાસ્તવિક નહિ.

ઉત્તર :— વાસ્તવિક વર્તમાન નૈગમથી કહેવામાં આવે છે. ભૂતની અપેક્ષાએ છે. ભૂતની અપેક્ષાએ (કહે) પણ વર્તમાનમાં છે એમ કહેવાય.

મુમુક્ષુ :– વર્તમાનમાં એવો આરોપ થઈ શકે.

ઉત્તર :– આરોપ થઈ શકે. આ જીવના અધિકારની છેલ્લી ગાથા પૂર્ણતાની પર્યાય સાથે બતાવવા માટે બે નયનો (વિષય લીધો). આહાહા..! આમાં તો ઘણા પ્રકારો આવ્યા,હોં!

પહેલું એમ કહ્યું કે ભગવાન અરિહંત પરમેશ્વરે બે જ્ઞાનના અંશો કહ્યા. કેમકે એનો વિષય બે છે માટે. વસ્તુ ત્રિકાળી અને વર્તમાન દશા. બે અંશો–વિષય છે. વિષય છે તો એ વિષયને જાણનારા બે નયો કહ્યા. વિષય છે એ ભિન્ન ચીજ છે. જાણનારું જ્ઞાન તે ભિન્ન છે. એક નયે ત્રિકાળ છે એ નયનો વિષય છે. એક નયે એનામાં વર્તમાન અવસ્થા છે. ચાહે તો સંસારી હો, વ્યંજનવાળી હો, વિકાર સહિત કે સિદ્ધ પણ છે. એવો બે નયનો (વિષય છે). કેમકે દ્રવ્યમાં બે પ્રકાર છે. દ્રવ્ય અને પર્યાય એના અસ્તિત્વમાં બે છે. માટે ભગવાને બે નયનો ઉપદેશ કહ્યો છે. એ જાણવાલાયક છે.

પહેલા એમ આવ્યું હતું કે દ્રવ્ય જેનું પ્રયોજન છે તેને દ્રવ્યાર્થિક કહીએ. પર્યાય જેની જરૂરિયાત, પ્રયોજન છે તેને પર્યાયાર્થિક કહીએ. સત્તાગ્રાહકનયે વસ્તુ સત્.. સત્... સત્.. ધ્રુવ (છે). એ ગ્રાહકનયે એમાં પર્યાય-ફર્યાય છે જ નહિ. સત્તા ત્રિકાળી સત્તાની ગ્રાહકદૃષ્ટિએ, એના બળે, એના જોરે એમાં પર્યાય નથી. અને પર્યાયાર્થિકનયના બળે બધા જીવોને પર્યાય છે એમ સિદ્ધ કર્યું છે.

ત્યારે વળી ફરીને લીધું કે આ સિદ્ધ તો સદા નિરંજન આપ કહો છો ને. એને તો અશુદ્ધતા નથી. નિરંજન શુદ્ધ પરમાત્મા થઈ ગયા ને. સાંભળને. ઇ કઈ અપેક્ષાએ કહ્યું? એને પણ ભૂતકાળમાં એ અવસ્થા અશુદ્ધ હતી. ચાર ગતિની આકૃતિ હતી. એને ટાળીને થયા. એ ગઈ છે એને વર્તમાનમાં ઓળખાવવી, એવો એક નૈગમનયનો વિષય છે. સમજાણું કાંઈ?

ચોખા લેવા જાતા હોય તો કહે શું લેવા જાવ છો? ભાત. ભાત તો હજી થયા પણ નથી. પણ એને ઓળખાવવા માટે (એમ કહે). ભાત કરવા છે ને.? (તો કહે), ભાત લેવા જાય છે. ઘરે રંધાણું. થોડું કાચું છે. ભાત થઈ ગયા. બેસી જાવ ખાવા. થોડું કાચું છે તો પણ એને પૂર્ણ નથી છતાં પૂર્ણ છે એમ કહેવાનો નયનો એક અધિકાર છે. બેસી જાવ. પૂરા થઈ ગયા, લ્યો. એમ કહે છે કે નહિ? શાક થોડું કાચું અને થોડું પાકી ગયું હોય તો કહે બેસી જાવ. બે મિનિટમાં પાકી જશે. અનિષ્પન્ન છે એને નિષ્પન્ન કહેવું. નથી પ્રાપ્તિ એની વર્તમાન પ્રાપ્તિ કહેવી એવો પણ એક (નય છે). કેમકે એવો એક ભાગ છે. ભવિષ્યની પર્યાય સાથે વર્તમાનને સંધિ કરો તો એવો ભાગ એને લાગુ પડે છે. સમજાણું?

ત્યારે કહે, તમે એમ કહ્યું વળી! સર્વ જીવો વ્યંજનપર્યાયવાળા બધા જીવો છે. એક બાજુ કહ્યું સિદ્ધ નિરંજન છે. તો બધા જીવો વિકાર વ્યંજન-આકૃતિવાળા છે, એ શાસ્ત્રનો ઉપદેશ વ્યર્થ જાય છે. વ્યર્થ નથી જતો. પૂર્વની અપેક્ષા લઈને વર્તમાનમાં કહેવું એ અપેક્ષાએ વ્યર્થ જતો નથી. કહો, સમજાણું કાંઈ? કેટલું યાદ રહેશે આમાં? 'પોપટભાઈ'એ તો કીધું છે કે કહીશું એમ કીધું. પેલી લાદીમાં કેમ બધું યાદ રહે છે? આઠ હાથ નાખવી, ફલાણી નાખવી, ઢીકણું નાખવી. જેમાં જેનો રસ, એમાં જ એનો રંગ જામેલો હોય. વાતું કરવા બેસે તો જાણે... આહાહા..!

અહીં આત્માની વાત છે. આત્મા અને દરેક વસ્તુ. દરેક વસ્તુના બે પડખાં છે. એક દ્રવ્ય પડખું, એક પર્યાય પડખું. બે પડખાં છે ને આ? શરીરના બે પડખાં છે કે નહિ આ? ડાબું અને જમણું. એમ દરેક આત્મા, દરેક પરમાણુ છ દ્રવ્ય, કાયમ રહેનારો એક અંશ, નય છે ને એટલે નય તો અંશનો જ વિષય કરે. આખાનો વિષય કરે તો પ્રમાણજ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? પરમાણુ દ્રવ્ય છે એ પરમાણુની વ્યાખ્યા હવે અજીવને લેશે. આ પછી. એમાં નથી પણ એનું જ્ઞાન કરીને છોડવાલાયક છે એમ બતાવે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે સર્વ જીવો પોતાના ભૂતકાળમાં, વર્તમાનમાં ભલે પવિત્ર સિદ્ધ પરમાત્મા થઈ ગયા, ભૂતકાળમાં દોષવાળા, આકૃતિવાળા હતા. એ અપેક્ષાએ એને લાગુ પડે છે વર્તમાન કહેવું એમ. એ વિરોધ પામતું નથી.

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ચોથા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** 'સમયસાર'માં આપણે આવી ગયું છે.

**उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके**
**जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः**
**सपदि समयसारं ते परं ज्योतिरूच्चै-**
**रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव ।।**

એ ચોથો શ્લોક આપણે આવી ગયો છે. **'બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા,..'** નિશ્ચયથી જે કહ્યું તેને તે રીતે. પર્યાયને વ્યવહારથી કહ્યું, તેને તે રીતે. બેનો વિરોધ હોવા છતાં **'સ્યાત્પદથી અંકિત જિનવચનમાં જે પુરુષો રમે છે,..'** અપેક્ષાએ તે કહ્યું હતું. વસ્તુના સ્વરૂપમાં ત્રિકાળી ધ્રુવમાં એ પર્યાય નથી. પર્યાય, પર્યાયમાં છે, એના અસ્તિત્વમાં છે. એમ બેનું જ્ઞાન કરીને, વીતરાગે કહેલો જે ત્રિકાળી ધ્રુવ સ્વભાવ, એમાં જે પુરુષો રમે છે. વચનમાં રમે એટલે વચનમાં કહેલો ભાવ. કારણ કે વસ્તુ જે ત્રિકાળ છે એ તો ધ્રુવ છે. હવે એમાં રમવું એ તો પર્યાય છે, નવી દશા છે. સમજાણું કાંઈ? તો પર્યાય પર્યાય તરીકે જાણી, દ્રવ્ય દ્રવ્ય તરીકે જાણી અને દ્રવ્યસ્વભાવ મુખ્યપણે ભગવાનની વાણીમાં આદરવાલાયક કહ્યો છે. સમજાણું કાંઈ?

વસ્તુ.. દ્રવ્ય અને પર્યાયે બેએ વર્ણવી ખરી. બેનું બરાબર જ્ઞાન કરીને, પ્રયોજનભૂત જે વસ્તુ ત્રિકાળી છે તેનો આશ્રય લેવો, એટલે એમાં રમવું, એ વીતરાગના કહેલા બે નયનો સાર છે. વર્તમાન અવસ્થાને અવસ્થા તરીકે મેલવાળી, અશુદ્ધવાળી જેમ હોય એમ જાણે. અને ત્રિકાળ શુદ્ધ એકરૂપ છે એને જાણે. જાણીને વર્તમાન પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવી (લેવી). જાણવા માટે બરાબર છે, આદરવા માટે બરાબર નથી. એમાંથી ઊઠાવીને વસ્તુ જે ત્રિકાળ વીતરાગે કહી તે. વીતરાગે તો ધ્રુવ સ્વભાવને આદરવાયોગ્ય કહ્યો. વીતરાગની વાણીમાં તો વીતરાગભાવ પ્રગટ કરવાનું

આવે. વીતરાગભાવ પ્રગટ કરવામાં આવે ત્યાં પર્યાયની ઉપેક્ષા કરવામાં આવે અને દ્રવ્યની અપેક્ષા કરવામાં આવે એ વીતરાગની વાણી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ સંસારમાં જુઓને ભણે છે. કેટલા છોકરાઓને પરીક્ષા ચાલે છે. પરીક્ષા આવશે એટલે રાત અને દિવસ ભણે-વાંચે. પાપની પરીક્ષા છે અને પાપનું ભણતર છે. તો પણ એમાં કેટલી લગની છે. તેમ આ આત્મા શું છે? વસ્તુ શું છે? પર્યાય શું છે? એને જાણવાને માટે કેટલોક કાળ દેવો પડશે છે કે નહિ?

બે નયનું બરાબર જેમ છે તેમ જ્ઞાન કરીને, પોતાનું પ્રયોજન વીતરાગમાર્ગમાં ધ્રુવનો આશ્રય કરવો, પરની ઉપેક્ષા કરવી, એવું જે સારરૂપ ભગવાને કહ્યું, એમાં જે આત્માના સ્વભાવમાં રમે છે, અખંડ આનંદપ્રભુ એમાં રમે છે આવી ગયું. ધ્રુવ ત્રિકાળી છે એમાં રમે છે એ પર્યાય થઈ ગઈ.

**'તેઓ સ્વયમેવ મોહને વમી નાખીને,...'** એટલે શું કહે છે? અખંડ ધ્રુવ આનંદની મૂર્તિ પ્રભુ! જે એક સમયની પર્યાયથી વેગળું તત્ત્વ છે. જાણવાલાયક પર્યાય છે એમ તો કહ્યું, પણ એ પર્યાયથી ભિન્ન દ્રવ્યાર્થિકનો વિષય જે આખું તત્ત્વ છે, એમાં જે પુરુષો રમે છે એનો મોહ–મિથ્યાત્વ–સ્વયં વમી જાય છે. એને મિથ્યાત્વ રહેતું નથી. સ્વભાવ સન્મુખ થતાં મિથ્યાત્વનો નાશ થયા વિના રહેતો નથી, એમ કહે છે. પર્યાયમાં મિથ્યાત્વ હતું તો ખરું. આહાહા..! વમી નાખે એમાં આવી ગયું. દ્રવ્ય શુદ્ધ છે એવો આશ્રય કરાવ્યો પણ પર્યાયમાં અશુદ્ધતા છે એનું જ્ઞાન કરાવ્યું હતું.

તેથી કહે છે કે જે અહીં ભગવાનઆત્મા ધ્રુવ ચૈતન્ય છે, એનો આશ્રય લઈને, અંતરમાં શ્રદ્ધા-જ્ઞાનથી રમે છે એનો મિથ્યાત્વનો ભાવ. **'સ્વયમેવ..'** એટલે? નાશ કરું તો નાશ થાય એમ ત્યાં છે નહિ. મિથ્યાત્વનો નાશ કરું તો નાશ થાય એમ ત્યાં છે નહિ. એ તો આત્માના સ્વભાવ સન્મુખ જ્યાં ઢળ્યો, એટલે મિથ્યાત્વની ઉત્પત્તિ ન થાય એને મિથ્યાત્વને વમી નાખ્યું છે. આહાહા..! ભાષાની ખૂબી એ છે, વમી નાખ્યું છે. જેમ કૂતરો વમેલું ખાય. માણસ વમેલું ખાય નહિ. એમ જેણે ભગવાનઆત્માના સ્વરૂપનું, પર્યાયનું જ્ઞાન કરવા છતાં ધ્રુવનો આશ્રય લીધો છે, એનું મિથ્યાત્વ વમી જાય છે, નાશ થઈ જાય છે. ફરીને મિથ્યાત્વ થતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**'તેઓ સ્વયમેવ...'** જુઓ! સ્વયમેવ, એમાં ઘણા વાંધા ઉઠ્યા ને. કર્તાકર્મ આવે છે ને? પાંચ ગાથામાં. સ્વયં-સ્વયં. એના વાંધા. અરે...! ભગવાન! ક્યારે તારે વાંધા કાઢવાના. ખોટુ લખાણ છે, એમાં આમ છે. સ્વયમેવ એટલે એ પરમાણુ, પરમાણુપણે પરિણમ્યો એમ સ્વયમેવ લેવું. પોતાથી જ પરિણમે છે અને પરથી નહિ, નિમિત્તથી નહિ એ વાત ન લેવી. પોતે પરિણમે છે. સ્વયં પરિણમવાનો અર્થ કે પુદ્ગલ પુદ્ગલરૂપે થાય છે. જીવ, જીવરૂપે થાય છે. પોતારૂપ. એમ. પોતાનું કીધું ને? પુદ્ગલ. પણ એનું અહીં શું કામ છે? ક્રમબદ્ધમાં એમ નાખે છે ને એ. એમ કહે કે આ

ક્રમનિયમિત છે ને? તો બરાબર છે. જીવ તે જીવરૂપે બીજી પર્યાયે થાય. બીજી પર્યાય જડરૂપે ન થાય, એમ કહ્યું છે ત્યાં. લ્યો. ઠીક. અરે...! આ વાંધા તે વાંધા. અરે..! ભગવાન! આવા ટાણા, ભાઈ! ટાણે કામ નહિ કર તો પછી નહિ થઈ શકે.

બે નયનો વિરોધ છે. છતાં કથંચિત્ દ્રવ્યદૃષ્ટિએ ધ્રુવ છે. કથંચિત પર્યાયદૃષ્ટિએ અશુદ્ધ છે અથવા પર્યાયદૃષ્ટિએ પર્યાય છે. એમ વિરોધ મટાડી દઈને, જે પુરુષ વીતરાગભાવમાં વસ્તુ પોતે ધ્રુવ ચૈતન્ય, અંતર આનંદનું ધામ ભગવાન ત્યાં વળી ગયો છે, ત્યાં વળી ગયો છે, એમાં રમે છે. એનું મિથ્યાત્વ સહેજે નાશ થઈ જાય છે.

**'અનૂતન (–અનાદિ) અને કુનયના પક્ષથી નહિ ખંડિત...'** લ્યો. અનવમ, અનય. અનવમ અને અનય. અનાદિ જે કુનયનો પક્ષ છે એનાથી ખંડિત નહિ થાય. એ તો પોતાના સ્વરૂપને પામીને આનંદની દશાને અનુભવશે. અનુભવ કાંઈ દ્રવ્યનો અને ધ્રુવનો નથી. અનુભવ એનો. પણ જે પર્યાયનો પર્યાયલક્ષે અનુભવ હતો, એ દ્રવ્યલક્ષે પર્યાયનો અનુભવ થયો એટલે ધ્રુવનો અનુભવ સાથે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વળી કહે કે દ્રવ્યનો અનુભવ હોય નહિ. પર્યાયનો અનુભવ હોય. કઈ અપેક્ષાએ? અનુભવ તો પર્યાયનો (છે), પણ જે પર્યાય અવસ્થા છે, અવસ્થા દૃષ્ટિમાં રહીને જે અનુભવ હતો, એ મિથ્યાત્વ અનુભવ હતો. અને એ ત્રિકાળી ધ્રુવમાં નજર કરીને અનુભવ થાય, એ ધ્રુવમાંથી આવતો હોવાથી ધ્રુવનો અનુભવ છે એમ કહેવામાં આવે છે. ધ્રુવનો અને પર્યાયનો બેયનો અનુભવ છે એમ કહેવામાં આવે. પણ કહેવાયનો અર્થ આટલો કે ધ્રુવના આશ્રયે પ્રગટ થતી દશાનો અનુભવ છે. ધ્રુવ કુટસ્થ વસ્તુ છે એનો અનુભવ હોઈ શકે નહિ. ખંડિત થતી નથી. કોઈ કુનયથી ન્યાય ખંડિત થાતો નથી એવી ચીજ છે, કહે છે. સમજાણું કાંઈ?

**'એવી ઉત્તમ પરમજ્યોતિને–સમયસારને–શીઘ્ર દેખે છે જ.'** અંદર. ભાષા જુઓ! **'શીઘ્ર દેખે છે જ.'** જે કોઈ પર્યાયને પર્યાય તરીકે જાણતા છતાં તેનો આશ્રય છોડીને ત્રિકાળી જ્ઞાયકનો આશ્રય કરે છે એ અલ્પકાળમાં સમયસારને શીઘ્ર, અલ્પકાળમાં પરમાત્મપદને પામે છે. આહાહા..!

હવે 'પદ્મપ્રભમલધારીદેવ' શ્લોક કહે છે. ૩૬મો.

**अथ नययुगयुक्तिं लंघयन्तो न सन्तः**
**परमजिनपदाब्जद्वन्द्वरमत्तद्विरेफाः।**
**सपदि समयसारं ते ध्रुवं प्राप्नुवन्ति**
**क्षितिषु परमोतोक्तेः किं फलं सज्जनानाम् ।।३६ ।।**

આહાહા..! જે કોઈ પુરુષો **'જેઓ બે નયોના સંબંધને નહિ ઉલ્લંઘતા થકા...'** દ્રવ્ય છે તે દ્રવ્યને દ્રવ્ય તરીકે જાણે અને પર્યાયને પર્યાય તરીકે મારામાં છે એમ જાણે. એ પર્યાય પરમાં છે અને પરની છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ ? **'પરમજિનના પાદપંકજયુગલમાં મત્ત**

**થયેલા...'** પરમવીતરાગના ચરણકમળના યુગલમાં **'મત્ત થયેલા ભ્રમર સમાન છે એવા જે સત્પુરુષો તેઓ શીઘ્ર સમયસારને અવશ્ય પામે છે.'** લ્યો. એ અલ્પકાળમાં આત્મા, એની બે નયો કીધી ને ? બેને નહિ ઉલ્લંઘતા. પર્યાય, પર્યાય તરીકે છે એમ બરાબર નક્કી કરે. મારામાં પર્યાય છે. પરની નહિ અને પરને લઈને નહિ. અને દ્રવ્ય, દ્રવ્ય તરીકે પર્યાય વિનાનું ત્રિકાળ છે. સમજાણું કાંઈ ? એમ જાણીનેજે અંતરમાં વીતરાગ ભગવાનનો આશ્રય જે છે આત્મમય ........ અંતર વીતરાગભાવનો આશ્રય લે છે, તે સમયસારને જરૂર પામે છે. લ્યો

**'પૃથ્વી ઉપર પર મતના કથનથી સજ્જનોને શું ફળ છે...'** સર્વજ્ઞ પરમેશ્વરે ત્રિકાળ જ્ઞાનથી જોયું, એવું કહ્યું, એવું છે. હવે બીજા અભિપ્રાયોથી જગતના પ્રાણીને શું કામ છે? પરમેશ્વરે જે આ માર્ગ કહ્યો એ સત્ પરમ પવિત્ર, પરમ સત્યની ધારાથી ચાલતો એને બીજા મતોથી શું કામ છે? લ્યો, એમ કરીને અહીંયા જીવ, વીતરાગે કહ્યો એવો જીવ, એમ. જીવ અધિકાર છે ને?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે કહેલો, અનંતગુણનો પિંડ દ્રવ્ય. પર્યાય, પર્યાય તરીકે અનાદિઅનંત પર્યાય છે. પર્યાય પણ કોઈ દિ' પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. અને દ્રવ્ય વિનાની પર્યાય હોય નહિ. એ તો પરની અપેક્ષાએ જુદું પાડતા. સમજાણું કાંઈ? એવો જે વીતરાગ માર્ગનો ઉપદેશ, એને બરાબર સમજીને અન્ય અભિપ્રાયથી તારે શું કામ? ફલાણા આમ કહે... ફલાણા આમ કહે. આ માર્ગ જ આવો છે. એવું સમજીને અંતરમાં આશ્રય કરવો, એ અલ્પકાળમાં સમયસાર પામે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## ચૈત્ર સુદ ૪, મંગળવાર, તા. ૩૦-૩-૧૯૭૧
## ગાથા ૨૦-૨૫, શ્લોક ૩૭-૩૮, પ્રવચન નં. ૨૮

આ 'નિયમસાર'. જીવ અધિકાર પૂર્ણ થયો. બીજો અજીવ અધિકાર. અજીવ અધિકારની શરૂઆત થાય છે. ભગવાને જ્ઞાનમાં જીવ-અજીવ બે દ્રવ્ય જોયા છે. અને અજીવનાં પાંચ પ્રકાર છે. જાણવું જોઈશે ને? ભગવાન કેવળી તીર્થંકરદેવે જ્ઞાનમાં છ દ્રવ્ય જોયા. એમાં આત્મા તો અખંડ અભેદ શુદ્ધ છે એની વાત કરી ગયા. હવે અજીવનું સ્વરૂપ વર્ણવે છે. અજીવમાં પણ પહેલું પુદ્ગલનું સ્વરૂપ વર્ણવે છે.

**अणुखंधवियप्पेण दु पोग्गलदव्वं हवेइ दुवियप्पं ।**
**खंधा हु छप्पयारा परमाणू चेव दुवियप्पो ।।२०।।**

નીચે હરિગીત :

**પરમાણુ તેમ જ સ્કંધ એ બે ભેદ પુદ્ગલદ્રવ્યના;**
**છ વિકલ્પ છે સ્કંધો તણા ને ભેદ બે પરમાણુના. ૨૦.**

અજીવનો અધિકાર. પાંચ વર્ષ પહેલા વાંચ્યો નહોતો. મૂકી દીધો હતો આ. 'રામજીભાઈ' કહે કે બધું ક્રમસર છે તે લેવું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ પહેલા આવ્યું હતું. ૭-૮ વર્ષ પહેલા.

**ટીકા :– 'આ, પુદ્ગલદ્રવ્યના ભેદોનું કથન છે.'** અજીવ પાંચ પ્રકારના, એમાં પણ પુદ્ગલ છે એની આ વ્યાખ્યા છે. **'પ્રથમ તો પુદ્ગલદ્રવ્યના બે ભેદ છે :'** પુદ્ગલ છે ને? જેને કહીએ પુદ્ગલ, એના બે ભેદ છે. **'સ્વભાવપુદ્ગલ અને વિભાવપુદ્ગલ.'** આ બધું જાણીને, એ મારા આત્માથી જુદી ચીજ છે એ માટે આ બતાવવામાં આવે છે. **'પરમાણુ તે સ્વભાવપુદ્ગલ છે..'** એક પોઈન્ટ છે, રજકણ એને પરનો સંબંધ કાંઈ નથી, એમાં વિભાવ નથી એથી એને સ્વભાવપુદ્ગલ કહેવામાં આવે છે. એક પરમાણુને સ્વભાવપુદ્ગલ કહેવામાં આવે છે. છતાં એ આત્માના સ્વરૂપમાં છે નહિ. એનો સ્વભાવ, પુદ્ગલનો પરમાણુ વાસ્તવિક એ જ પુદ્ગલ છે.

**'અને સ્કંધ તે વિભાવપુદ્ગલ છે.'** આ બે રજકણથી માંડીને અનંત પરમાણુ જે એકઠા દેખાય, એ બધાને વિભાવપુદ્ગલ કહેવામાં આવે છે. શરીર, વાણી, કર્મ, મન, પૈસો, દાળ, ભાત, શાક, રોટલા વગેરે, એ સ્કંધ છે. ઘણા રજકણનો બનેલો પિંડ છે. એ વિભાવપુદ્ગલ છે. એકબીજાના નિમિત્ત-નિમિત્તમાં સંબંધમાં આવ્યા ને. એટલે વિકારી પર્યાયવાળા એ વિભાવપુદ્ગલ છે. એને વિકાર હોય છતાં કાંઈ એને દુઃખ નથી. ફક્ત એનું સ્વરૂપ આવું છે એમ વર્ણવે છે.

**'સ્વભાવપુદ્ગલ કાર્યપરમાણુ અને કારણપરમાણુ એમ બે પ્રકારે છે.'** એક પરમાણુ છેલ્લો જે પોઈન્ટ છે, વસ્તુ, અસ્તિ, જગતનું તત્ત્વ, એના બે ભેદ. પહેલા પુદ્ગલના બે ભેદ કીધા. સ્વભાવપુદ્ગલ અને વિભાવપુદ્ગલ. સ્વભાવપુદ્ગલ પરમાણુ, વિભાવપુદ્ગલ સ્કંધ. સ્વભાવપુદ્ગલના બે ભેદ. એક પરમાણુના (બે ભેદ). કાર્યપરમાણુ અને કારણપરમાણુ બે પ્રકારે છે. એનો ખુલાસો પછી કરશે.

**'સ્કંધોના છ પ્રકાર છે :...'** અનંત રજકણનો જે પિંડ થાય, એને સ્કંધ કહેવાય. એના છ પ્રકાર : **'(૧) પૃથ્વી, (૨) જળ, (૩) છાયા, (૪) (ચક્ષુ સિવાયની) ચાર ઇંદ્રિયોના વિષયભૂત સ્કંધો, (પિંડો) (૫) કર્મયોગ્ય સ્કંધો અને (૫) કર્મને અયોગ્ય સ્કંધો–આવા છ ભેદ છે. સ્કંધોના ભેદ હવે કહેવામાં આવતાં સૂત્રોમાં (હવેની ચાર ગાથાઓમાં) વિસ્તારથી કહેવાશે.'** પછીની ચાર ગાથામાં કહેશે.

**'[હવે ૨૦ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ શ્લોક કહે છે.]'** ૩૭ મો શ્લોક છે.

**गलनादणुरित्युक्तः पूरणात्स्कन्धनामभाक् ।**
**विनानेन पदार्थे न लोकयात्रा न वर्तते ।।३७।।**

પરમાણુ જે છે એ ગલન દ્વારા સ્કંધમાંથી છૂટો પડે છે એમ કહે છે. એને અહીં પરમાણુ કહેવાય છે. આ રજકણો–જથ્થો છે, એમાંથી છેલ્લો છૂટો પરમાણુ પડે એને અહીં પરમાણુ કહેવામાં આવે છે. **'પૂરણ દ્વારા 'સ્કંધ' નામને પામે છે.'** પૂરણગલનની વ્યાખ્યા કરી.

**'(પુદ્ગલપદાર્થ) ગલન દ્વારા (અર્થાત્ ભિન્ન પડવાથી) 'પરમાણુ' કહેવાય છે અને પૂરણ દ્વારા (અર્થાત્ સંયુક્ત હોવાથી) 'સ્કંધ' નામને પામે છે.'** એમ કહેવું છે. આમ તો પરમાણુ પોતે પુદ્ગલ સ્વાભાવિક છે. પણ સ્થૂળ રીતે પરમાણુનો સ્વભાવ સ્કંધથી છૂટો પડવો, આમ ગળે, જુદો પડે એને પરમાણુ કહીએ. અને ઘણા રજકણનો પિંડ-જથ્થો થાય એને પૂરણ કહીએ. નજીક આવો. મોઢા આગળવાળાને છૂટ એટલી હોય છે ને કે પાછળ ખીચોખીચ થઈ જાય છે. છૂટ હોય છે ને. વહેલા આવે એ પહેલા બેસે ને.

**'આ પદાર્થ વિના લોકયાત્રા હોઈ શકે નહિ.'** આ ગમન-ફમન બધું છે એ જડની ક્રિયા છે. એ આત્માની ક્રિયા નથી. હાલવું, ચાલવું, ઉઠવું, બેસવું, રજકણો, આ દાળ, ભાતનું થવું, મકાનોનું થવું, એ બધી સ્થિતિ તો પુદ્ગલ પરમાણુની છે. આત્માની નહિ. સમજાય છે? **'આ પદાર્થ વિના લોકયાત્રા...'** લોકયાત્રા એટલે લોકમાં ગમન. આમથી આમ જાવું, એ પુદ્ગલની ક્રિયા છે. આત્માથી ભિન્ન છે. આત્માની ક્રિયા છે નહિ. એ ૨૦મી ગાથાનો કળશ થયો. ચાર ગાથા.

**अइथूलथूल थूलं थूलसुहुमं च सुहुमथूलं च।**
**सुहुमं अइसुहुमं इदि धरादियं होदि छब्भेयं ।।२१।।**
**भूपव्वदमादीया भणिदा अइथूलथूलमिदि खंधा।**
**थूला इदि विण्णेया सप्पीजलतेल्लमादीया ।। २२।।**
**छायातवमादीया थूलेदरखंधमिदि वियाणाहि।**
**सुहुमथूलेदि भणिया खंधा चउरक्खविसया य ।। २३।।**
**सुहुमा हवंति खंधा पाओग्गा कम्मवग्गणस्स पुणो ।**
**तव्विवरीया खंधा अइसुहुमा इदि परूवेंति ।। २४।।**

નીચે હરિગીત :-

**અતિસ્થૂલસ્થૂલ, સ્થૂલ, સ્થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મસ્થૂલ, વળી સૂક્ષ્મને**
**અતિસૂક્ષ્મ–એમ ધરાદિ પુદ્‌ગલસ્કંધના છ વિકલ્પ છે. ૨૧.**
**ભૂપર્વતાદિ સ્કંધને અતિસ્થૂલસ્થૂલ જિને કહ્યા,**
**ઘી-તેલ-જળ ઇત્યાદિને વળી સ્થૂલ સ્કંધો જાણવા; ૨૨.**
**આતપ અને છાયાદિને સ્થૂલસૂક્ષ્મ સ્કંધો જાણજે,**
**ચતુરિંદ્રિના જે વિષય તેને સૂક્ષ્મસ્થૂલ કહ્યા જિને; ૨૩.**
**વળી કર્મવર્ગણયોગ્ય સ્કંધો સૂક્ષ્મ સ્કંધો જાણવા,**
**તેનાથી વિપરીત સ્કંધને અતિસૂક્ષ્મ સ્કંધો વર્ણવ્યા. ૨૪.**

**ટીકા :– ‘આ, વિભાવપુદ્‌ગલના સ્વરૂપનું કથન છે.’** એની ટીકા. પરમાણુ સ્વભાવપુદ્‌ગલની સાધારણ વ્યાખ્યા આવી ગઈ. વિશેષ આગળ કહેશે. કાર્ય અને કારણપરમાણુ. ઘણા પરમાણુઓ એકઠા થાય છે અને છૂટા પડે છે, એની ક્રિયા જડની છે. એ આત્માની ક્રિયા બિલકુલ નથી. એને જાણીને પરમાણુ આવી જાત છે, એની સ્થિતિ આવી છે, જાણીને તો એનાથી લક્ષ છોડીને સ્વરૂપની દૃષ્ટિ કરવી એ માટે આ વાત છે. જેના ઉપરથી લક્ષ છોડવું છે, એ પણ ચીજ શું છે? એને તો એણે જાણવી જોઈશે ને.

**‘સુમેરુ (પર્વત), પૃથ્વી વગેરે (ઘન પદાર્થો) ખરેખર અતિસ્થૂલસ્થૂલ પુદ્‌ગલો છે.’** સ્થૂલસ્થૂલ પુદ્‌ગલો છે. સ્થૂલસ્થૂલ. મેરુ પર્વતાદિ ટુકડા થઈને એની મેળે ભેગા ન થાય એવી એ ચીજ છે એટલે એને સ્થૂળસ્થૂળ કહે છે. **‘ઘી, તેલ, છાશ, દૂધ, જળ વગેરે સમસ્ત (પ્રવાહી) પદાર્થો સ્થૂલ પુદ્‌ગલો છે. છાયા, આતપ, અંધકાર વગેરે સ્થૂલસૂક્ષ્મ પુદ્‌ગલો છે. સ્પર્શેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય અને શ્રોત્રેંદ્રિયના વિષયો—સ્પર્શ, રસ, ગંધ અને શબ્દ–સૂક્ષ્મસ્થૂલ પુદ્‌ગલો છે. શુભાશુભ પરિણામ દ્વારા આવતાં એવા શુભાશુભ કર્મોને યોગ્ય (સ્કંધો) તે સૂક્ષ્મ પુદ્‌ગલો છે.**

**આમનાથી વિપરીત અર્થાત્ કર્મોને અયોગ્ય (સ્કંધો) તે સૂક્ષ્મસૂક્ષ્મ પુદ્‌ગલો છે.–આમ (આ ગાથાઓનો) અર્થ છે. આ વિભાવપુદ્‌ગલનો ક્રમ છે.'** પાઠમાં તો આટલું છે. એના અર્થનું સ્પષ્ટીકરણ કરે છે.

પરમાણુના પિંડને અહીં સ્કંધ કહે છે. પરમાણુના ઘણા ભાગના એકઠાને સ્કંધ-પિંડ કહે છે. એ સ્કંધો છ પ્રકારના છે. **'(૧) કાષ્ટપાષાણાદિક જે સ્કંધો છેદવામાં આવતાં સ્વયમેવ સંધાઈ શકતા નથી તે સ્કંધો અતિસ્થૂલસ્થૂલ છે.'** કટકા થાય તો એની મેળે ભેગા ન થાય. **'(૨) દૂધ, જળ આદિ જે સ્કંધો છેદવામાં આવતાં ફરીને સ્વયમેવ જોડાઈ જાય તે સ્કંધો સ્થૂલ છે.'** તેલ, ઘી આમ છૂટા પડે વળી એકઠા થઈ જાય એવો એનો સ્વભાવ છે. એ પુદ્‌ગલનો, જડનો સ્વભાવ છે એમ કહે છે.

**'(૩) તડકો, છાંયો, ચાંદની, અંધકાર ઇત્યાદિ જે સ્કંધો સ્થૂલ જણાતા હોવા છતાં ભેદી શકાતા નથી કે હસ્તાદિકથી ગ્રહી શકાતા નથી....'** પ્રકાશ, છાંયાને પકડાય છે કાંઈ? પકડી શકાય? માટે **'તે સ્કંધો સ્થૂલસૂક્ષ્મ છે. (૪) આંખથી નહિ દેખાતા એવા જે ચાર ઇંદ્રિયોના વિષયભૂત સ્કંધો સૂક્ષ્મ હોવા છતાં સ્થૂલ જણાય છે (–સ્પર્શેનેંદ્રિયથી સ્પર્શી શકાયછે, જીભથી આસ્વાદી શકાય છે,....'** આ નિમિત્તથી કથન છે, હોં! આસ્વાદી શકાયનો અર્થ, નિમિત્તમાં એની જીભ જોડાય છે એટલી વાત. સમજાણું કાંઈ? ભાઈ! એક પરમાણુ બીજા પરમાણુને અડે નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ. અહીં વળી આસ્વાદી શકાય. છે ને? સ્પર્શી શકાય. એ વ્યવહારનયના કથનોથી પુદ્‌ગલોની જાતને સમજાવે છે.

**'જીભથી આસ્વાદી શકાય, નાકથી સૂંઘી શકાય છે અથવા કાનથી સાંભળી શકાય છે) તે સ્કંધો સૂક્ષ્મસ્થૂલ છે. (૫) ઇંદ્રિયજ્ઞાનને અગોચર એવા જે કર્મવર્ગણારૂપ સ્કંધો તે સ્કંધો સૂક્ષ્મ છે. (૬) કર્મવર્ગણાથી નીચેના (કર્મવર્ગણાતીત) જે અત્યંતસૂક્ષ્મ દ્વિ-અમુકપર્યંત સ્કંધો તે સ્કંધો સૂક્ષ્મસૂક્ષ્મ છે.'** અહીં પરમાણું નથી લેવાને. સ્કંધના ભેદ છે ને એટલે બે પરમાણુથી માંડીને સૂક્ષ્મથી સૂક્ષ્મસૂક્ષ્મ.

**'એવી જ રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પંચાસ્તિકાયસમયમાં (ગાથા દ્વારા) કહ્યું છે કે :– જુઓ શ્રી પરમશ્રુતપ્રભાવકમંડળ દ્વારા પ્રકાશિત પંચાસ્તિકાય, દ્વિતીય આવૃત્તિ પાનં ૧૩૦.'**

**'पुढवी जलं च छाया चउरिंदियविसयकम्मपाओगगा ।**
**कम्मातीदा एवं छब्भेया पोग्गला हौंति ।।'**

પંચાસ્તિકાયમાં 'કુંદકુંદાચાર્યદેવે' કહ્યું છે. અહીં 'નિયમસાર'માં કહ્યું છે. એ પણ 'કુંદકુંદાચાર્ય'નું છે. **'પૃથ્વી, જળ, છાયા, ચાર ઇંદ્રિયોના વિષયભૂત, કર્મને યોગ્ય અને કર્માતીત–**

**એમ પુદ્‌ગલો (સ્કંધો) છ પ્રકારનાં છે.'** આમાં કાંઈ લાંબુ સ્પષ્ટીકરણ બહુ ચાલે એવું નથી. 'શેઠી'! **'વળી માર્ગપ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**स्थूलस्थूलास्ततः स्थूलाः स्थूलसूक्ष्मास्ततः परे ।**
**सूक्ष्मस्थुलास्ततः सूक्ष्माः सूक्ष्मसूक्ष्मास्ततः परे ।**

એમાં પણ છના નામ છે. **'સ્થૂલસ્થૂલ, પછી સ્થૂલ, ત્યાર પછી સ્થૂલસૂક્ષ્મ, પછી સૂક્ષ્મસ્થૂલ, પછી સૂક્ષ્મ અને ત્યારપછી સૂક્ષ્મસૂક્ષ્મ (–આમ સ્કંધો છ પ્રકારના છે). એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસુરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૪૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે-'** એ 'સમયસાર'નો કળશ છે.

**अस्मिच्ननादिनि महत्यविवेकनाटये**
**वर्णादिमान् नटित पुद्रल एव नान्यः ।**
**रागादिपुद्रलविकारविरुद्धशुद्ध-**
**चैतन्यधातुमयमूर्तिरयं च जीवः ।।**

જુઓ! નાખ્યું. અરે..! **'આ અનાદિ કાળના મોટા અવિવેકના નાટકમાં...'** ભગવાન તો જ્ઞાનાનંદ સહજાનંદ મૂર્તિ આત્મા છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પ અને શરીર આદિ બધું પુદ્‌ગલ છે. એ બધા પુદ્‌ગલનું નાટક છે આ. ભગવાનઆત્મા તો સચ્ચિદાનંદ પ્રભુ! શુદ્ધ આનંદ અને જ્ઞાનનો ઘન છે. એને અહીંયા આત્મા કહીએ. એની દૃષ્ટિ થાય તેને સમ્યગ્દર્શન કહીએ. આ બધા ભેદથી જે આ વર્ણન ચાલે છે એ એમ કહે છે. **'અવિવેકના નાટકમાં અથવા નાચમાં વર્ણાદિમાન્ પુદ્‌ગલ જ નાચે છે,...'** આ નાચે, હલે, ચાલે આ બધા બોલે એ બધા પુદ્‌ગલ જડ છે. આત્મા બોલે નહિ, આત્મા હલે નહિ, આત્મા શરીરનું કાંઈ કરે નહિ.

અહીં તો એમ કહેવું છે, આત્મા તો ચિદાનંદપ્રભુ, ધ્રુવસ્વરૂપ, અખંડ આનંદકંદ એ આત્મા (છે). એ આત્મા કંઈ રાગમાં કે શરીરની ક્રિયામાં આવતો નથી. દયા, દાન, વ્રતના વિકલ્પ ઊઠે, એમાં કાંઈ આત્મા આવતો નથી. એ તો અનાત્મા છે. એ અનાત્માનું બધું નાટક છે, કહે છે. આહાહા..! **'અન્ય કોઈ નહિ;...'** તે વર્ણાદિમાં પુદ્‌ગલ જ પરિણમે છે, આત્મા નહિ. આહાહા..! આત્મા તો એને કહીએ કે જે આત્મા આનંદ અને જ્ઞાનનો કંદ પિંડ, એ અભેદસ્વરૂપ જે પ્રભુ, એમાં રાગનો કે પરનો ભેદ જ નથી. એવા આત્માની અંતરદૃષ્ટિ થવી, એનું નામ પ્રથમ ધર્મ અને સમ્યગ્દર્શન કહેવાય છે. અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ બધા પુદ્‌ગલનું નાટક છે એમ કહે છે. એય..! 'પંડિતજી'! આહાહા..! ભારે આકરું! એ બધા અજીવનું નાટક છે. ભગવાન એમાં આવતો નથી. આહાહા..!

**'(અભેદ જ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે, જીવ તો અનેક પ્રકારનો છે નહિ;) અને આ જીવ તો રાગાદિક પુદ્ગલવિકારોથી વિલક્ષણ,... '** જુઓ! ભગવાનઆત્મા શરીર, વાણી, સ્કંધો અને પરમાણુથી તો જુદો (છે), પણ દયા, દાન, વ્રત આદિના પરિણામથી પણ જુદો-વિલક્ષણ (છે). સમજાણું કાંઈ? આહાહા..! આવો આત્મા અંદર જ્ઞાનાનંદ રાગથી, વિકલ્પથી ભિન્ન, એવા આત્માનું અંદર ભાન અને શ્રદ્ધા થાય, એને ધર્મની પહેલી દશા કહે છે. બાકી ધર્મ-બર્મ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આ જીવ તો રાગાદિક પુદ્ગલવિકારોથી...'** ભાષા એમ લીધી છે. આ સ્કંધોનું તો વર્ણન કર્યું, પરમાણુનું કર્યું. પણ અહીં તો કહે છે કે આત્મામાં થતાં શુભ અને અશુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, યાત્રા આદિ એ બધો વિકલ્પ પુદ્ગલનો વિકાર છે. છે? આહાહા..! એ બધા પુદ્ગલના ફહફહાટ છે. ભગવાનઆત્મા એ તો ચિદાનંદ, જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આહાહા..! એની પર્યાયમાં પુદ્ગલના નિમિત્તે થતાં (ભાવો), તે બધા તેના છે, આત્માના નહિ. સમજાણું કાંઈ?

**'રાગાદિક પુદ્ગલવિકારો...'** એમ કીધું ને? શું કીધું? એ પંચમહાવ્રતના પરિણામ, વિકલ્પ, દયા, દાન, જાત્રાનો રાગ, ભક્તિ-પૂજાનો રાગ એ બધા પુદ્ગલનો વિકાર છે. કહો, 'શેઠી'! આત્માની જાતમાં એ છે નહિ. કર્મ પુદ્ગલ જડ છે. તેના સંગે ફહફહાટ બધો પુદ્ગલનો વિકાર છે. ભગવાનઆત્મા એનાથી ભિન્ન છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ભાષા શું છે? **'આ જીવ તો રાગાદિક પુદ્ગલવિકારોથી વિલક્ષણ,...'** એમ છે ને? આ 'સમયસાર'ની ગાથા છે. **'રાગાદિ પુદ્ગલવિકારોથી વિલક્ષણ, શુદ્ધ...'** પરમાણુ અને આ છ પ્રકારના સ્કંધ, એનાથી તો આત્મા વિરુદ્ધ-શુદ્ધ છે, પણ પુણ્ય અને પાપના વિકલ્પો, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, એવા વિકલ્પ (ઉઠે) એ પણ પુદ્ગલનો વિકાર છે. એનાથી ભગવાનઆત્મા વિલક્ષણ છે. એ લક્ષણ એનું નથી એમ કહે છે. આહાહા..! એક શબ્દમાં કેટલું નાખ્યું, જુઓ! સમજાણું કાંઈ?

અનંતા પરમાણુઓ કર્મના સ્કંધ-પિંડ, એના લક્ષે થતો વિકાર. એ પુણ્ય-પાપના ભાવ કાંઈ આત્માના લક્ષે થતા નથી. કહે છે કે પુદ્ગલ જે કર્મ છે એ જડ છે, અનંત સ્કંધ છે. સ્કંધની વ્યાખ્યા આવીને? તો એ સ્કંધના લક્ષે, સ્કંધના અસ્તિત્વ ઉપર લક્ષ જતાં, જે કંઈ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એને પુદ્ગલના વિકારો કહેવામાં આવે છે. એનાથી ભગવાનઆત્મા વિલક્ષણ છે. વિલક્ષણ એટલે ભિન્ન ચીજ છે. રાગાદિનું લક્ષણ આત્મામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સ્કંધમાં, પુદ્ગલમાં વળી આ નાખ્યું. કહો, સમજાણું? બંગડીઓ તો પુદ્ગલ છે, કર્મ પુદ્ગલ છે, પણ એને લક્ષે થતો વિકલ્પ એ પુદ્ગલનો વિકાર છે એમ કહે છે.

મુમુક્ષુ :– કાલે આપ એમ કહેતા હતા કે આ તો સમ્યગ્દૃષ્ટિ માટે છે.

ઉત્તર :– એ અજ્ઞાનીને થાય છે પણ એ પુદ્ગલનો જ વિકાર છે. એ જીવનો સ્વભાવ નથી. એ તો સ્વભાવની દૃષ્ટિ થતાં, રાગાદિનું અલ્પપણું રહ્યું એ પરિણમન એની દશામાં છે એમ જ્ઞાન

જાણે છે. પણ વસ્તુના સ્વભાવની દૃષ્ટિએ જોતા, દૃષ્ટિએ સ્વભાવથી જોતાં, સમજાણું? એ પર છે. આત્માનો સ્વભાવ નથી. સમજાણું? એક શબ્દ આખો.. 'સમયસાર નાટક'નો શ્લોક છે. પાઠમાં છે ને. **'अस्मिन्ननादिनि महत्यविवेकनाटये'** એકદમ દ્રવ્યસ્વભાવને વર્ણવવો છે ને. **'वर्णादिमान् नटित पुद्गल एव नान्यः।'**

એ જગતના પુદ્‌ગલો નાચે. ભગવાન તો એકરૂપ અભેદ છે, એ અનેકમાં કેમ આવે? એમ કહે છે. શરીર, વાણી, મન, આ બધું નાટક જડનું નાટક છે. આત્માનું નાટક એ છે નહિ. એ ઉપરાંત રાગાદિ પુદ્‌ગલ વિકાર, પુણ્ય અને પાપના ભાવો એ બધા પુદ્‌ગલના વિકૃત ભાવ છે. વસ્તુના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ. પછી જ્ઞાન કરે ત્યારે જાણે કે રાગનો ભાવ જરી પર્યાયમાં છે એમ જાણે. જ્ઞાનનો સ્વ અને પર બેને જાણવાનો સ્વભાવ છે એથી એને એમ કહ્યું. દૃષ્ટિને તો એકલો નિર્વિકલ્પ સ્વભાવ છે, અભેદ દેખવાનો સ્વભાવ છે એથી એને રાગાદિને પુદ્‌ગલનો વિકાર કહીને, એનાથી કોઈ વિલક્ષણ આત્મા છે (એમ કહ્યું). સમજાણું કાંઈ?

**'रागादिपुद्गलविकारविरुद्धशुद्ध-'** લ્યો. વિરુદ્ધનો અર્થ વિલક્ષણ કર્યો. શું કહ્યું? આ આત્મા જે વસ્તુ ભગવાનઆત્મા જે અંદર છે, એને આત્મા કહીએ કે જે રાગ, દયા, દાન, કામ, ક્રોધ, વિકલ્પો છે એ પુદ્‌ગલના વિકારથી આત્મા વિરુદ્ધ છે. આત્માના સ્વભાવથી, પુણ્ય-પાપના ભાવ વિરુદ્ધ છે અને એનાથી આત્મા વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? વિરુદ્ધ છે. રાગાદિભાવથી આત્મા વિરુદ્ધ છે. આત્માના સ્વભાવથી રાગાદિ વિરુદ્ધ છે એ તો ઠીક પણ અહીં તો અજીવનો અધિકાર છે ને? ત્યાં પણ અજીવ અધિકાર જ છેલ્લો આવે છે ને? સમજાણું કાંઈ?

રાગ, પુણ્ય, પાપ આદિ ભાવ, પુદ્‌ગલ વિકાર, એનાથી આત્મા તદ્દન વિરુદ્ધ સ્વરૂપ છે. કેમકે આ અજીવસ્વભાવ છે અને ભગવાન જીવસ્વભાવ છે. એટલે એ વિરુદ્ધભાવ છે. આહાહા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ શુભોપયોગ, એ પણ પુદ્‌ગલનો વિભાવ છે. એનાથી આત્મા વિરુદ્ધ છે. આહાહા..! એવો આત્મા અંદર રાગથી રહિત, વિકલ્પથી રહિત, એકલા આનંદ અને શાંતિથી સહિત, એનો અનુભવ કરવો અને આનંદનો સ્વાદ આવે, અતીન્દ્રિય સ્વાદના અનુભવમાં સુખ ભાસે, એને અહીંયા સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન કહેવાય. કહો, 'શેઠી'!

મુમુક્ષુ :– વિકાર થાય છે જીવના ભાવમાં.

ઉત્તર :– ભાવમાં (થાય છે), પણ એ પર્યાયમાં પરના લક્ષે થાય છે, એ અપેક્ષાથી પરનો કહીને કાઢી નાખ્યો છે. તેનાથી વિરુદ્ધ છે. રાગ બંધનું કારણ છે. સ્વભાવ અબંધસ્વરૂપ છે. રાગ વિપરીત છે, સ્વભાવ ચૈતન્ય તેનો અવિપરીત ભાવ છે. એ તો ૭૨મી ગાથામાં આવ્યું ને? રાગ વિપરીત ભાવ છે. **'विवरीयं'** રાગ આદિ આત્માથી વિપરીત છે એમ ત્યાં આવ્યું હતું. આસ્રવ અધિકારમાં આનાથી વિપરીત આ છે એમ આવ્યું. સમજાણું કાંઈ?

શુભ અને અશુભભાવ,.. ત્યાં ૭૨માં કર્તાકર્મમાં આવ્યું ને. **'असुचितं विवरीय दुक्खस्स कारणं'** આહાહા..! શુભભાવ દુઃખનું કારણ છે. શુભભાવ, શુભઉપયોગ એ દુઃખનું કારણ છે. એ આત્માથી વિપરીત છે ત્યાં આસ્રવમાં કહ્યું હતું. કર્તા-કર્મ છે ને ત્યાં આસ્રવ છે ને.

મુમુક્ષુ :– આત્માનો સુખસ્વભાવ છે.

ઉત્તર :– આત્માનો સુખસ્વભાવ છે તો આ રાગાદિથી વિલક્ષણ સ્વભાવ, દુઃખથી વિપરીત સ્વભાવ (છે). આહાહા..! 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે ને? 'વસંતીલાલે' એ પ્રશ્ન કર્યો હતો ને? ૫૬ ગાથા. **'मा चिट्ठह मा जंपह मा चिन्तह'** એ આજ પાછુ જોયું. હોં! શ્લોક આખો આવડતો નહોતો ને. હમણા જોયું. કાલે તમારો પ્રશ્ન હતો ને? ભાઈ! કહે છે કે **'मा चिट्ठह'** કાયાના વેપારથી જુદો પડ. કાયાનો વેપાર એ તારો નહિ. આમ થવું... આમ થવું... આમ થવું... એ બધો કાયાનો વેપાર છે. **'मा जंपह'** બોલીશ નહિ, કાંઈ બોલીશ નહિ. અંતર્જલ્પ છોડી દે. **'मा चिन्तह'** મન લીધું. કાયા, મન અને વચન. **'मा चिन्तह'** ભગવાનઆત્મા... એ કાલે પૂછયું હતું ને? રાત્રે ચિંતવ સુધી આવ્યું હતું. બીજા શબ્દો ભૂલી ગયા હતા. ...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ નહિ. **'मा चिट्ठह मा जंपह मा चिन्तह'** ચિંતવના ન કર. મનના વિકલ્પ ન કર એમ કહે છે. **'चिन्तह किंवि जेण होइ थिरो'** જેનાથી સ્થિર થાય. **'अप्पा अप्पम्मि रओ'** છે? આત્મા, આત્મામાં એટલે આત્મા જ્ઞાનદર્શન આનંદ સ્વભાવમાં **'अप्पा अप्पम्मि रओ'** એમાં લીન થાય એનું નામ ધ્યાન, એનું નામ મોક્ષનો માર્ગ, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, એનું નામ શુદ્ધોપયોગ. આહાહા..! એમણે આ પ્રશ્ન કર્યો હતો. રાત્રે અહીં સુધી આવ્યું હતું. **'मा चिट्ठह मा जंपह मा चिन्तह'** પહેલું આવી ગયું હતું. **'मा चिन्तह'** દેહ જડ છે, પુદ્‌ગલ છે. વાણીનો, બોલવાનો વિકલ્પ ઉઠે અંદર, એ જલ્પ છોડ. એ તારું સ્વરૂપ નથી. પુદ્‌ગલ સ્વરૂપ છે. મનનો રાગ છૂટે એ પણ પુદ્‌ગલસ્વરૂપ છે. આહાહા..! **'जेण होइ थिरो'**. વસ્તુ ચિદ્‌બિંબ ઘન આનંદઘન પડી છે. એક વિકલ્પની પાછળ અથવા એક સમયની પર્યાયની પાછળ. સમજાણું કાંઈ? મન-વચનને કાયાના ત્રણે સંબંધને દૃષ્ટિમાંથી છોડ એમ કહે છે. અને જેનાથી અંદર સ્થિર થાય, આત્મા જ્ઞાન-દર્શન અને આનંદમાં સ્થિર થાય. **'अप्पा अप्पम्मि रओ'** આત્મા, આત્માનો જાણવા, દેખવા અને આનંદનો સ્વભાવ એમાં સ્થિર થાય, એનું નામ ભગવાન મોક્ષનો માર્ગ–ધ્યાન કહે છે. એ ધ્યાન તે શુદ્ધોપયોગ તે મોક્ષનો માર્ગ છે. આહાહા..! ભારે કઠણ જગતને.

એ અહીં કહ્યું. **'આ જીવ તો રાગાદિક પુદ્‌ગલવિકારોથી વિલક્ષણ,...'** એક શબ્દમાં તો કેટલું નાખી દીધું! આહાહા..! એ છ સ્કંધોનું લક્ષ છોડ. એ તારામાં નથી, તારા નથી. સ્કંધોમાં તો બધું આવ્યું ને? શરીર, વાણી, મન, કર્મ, દાળ, ભાત, શાક, પૈસો એ બધું સ્કંધમાં આવી ગયું કે નહિ? પૈસો સ્કંધમાં આવી ગયો? પૈસો તારો નહિ, એ પુદ્‌ગલનો છે એમ કહે છે. દાળ, ભાત,

રોટલી, પાણી, મોસંબી એ તારા નહિ, એ તો પુદ્‌ગલના સ્કંધ છે. એ તો જડના સ્કંધ છે, જડનો જથ્થો છે. તારે લઈને એ નહિ અને તું એમાં નહિ અને એ તારામાં નહિ. આહાહા..!

તું કોણ? પુણ્ય અને પાપના પુદ્‌ગલવિકારથી વિરુદ્ધ તારું સ્વરૂપ છે. આહાહા..! છે શું ત્યારે? એ તો વિરુદ્ધ કીધું. નાસ્તિથી કહ્યું. અસ્તિ (શું)? **'શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્તિ છે.'** એકલો શુદ્ધ જ્ઞાન, આનંદ, અતીન્દ્રિય અનાકુળ શાંતરસ, આનંદરસ, શાંતરસ એટલે ચારિત્ર, આનંદરસ, સુખરસ એવા ચૈતન્યધાતુમય સ્વરૂપ છે. મૂર્તિ એટલે સ્વરૂપ. તારું તો શુદ્ધ ચૈતન્યધાતુ– ચૈતન્યપણું જેણે ધારી રાખ્યું છે. એ પુણ્ય-પાપને જીવે ધારી રાખ્યા નથી. આહાહા..! આવો આત્મા કે જેણે જ્ઞાન, દર્શન, આનંદને ધાર્યા છે, રાખ્યા છે, એને આત્મા કહીએ. પુણ્ય-પાપ, શરીર, વાણીને રાખ્યા નથી, એને ધાર્યા નથી. એ શ્લોકને 'સમયસાર'નો આધાર આપ્યો છે.

**'વળી (આ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ વિવિધ પ્રકારનાં પુદ્‌ગલોમાં રતિ નહિ કરતાં ચૈતન્યચમત્કારમાત્ર આત્મામાં રતિ કરવાનું શ્લોક દ્વારા કહે છે) :–'**

**इति विविधविकल्पे पुद्गले दृश्यमाने**
**न च कुरु रतिभावं भव्यशार्दूल तस्मिन् ।**
**कुरु रतिमतुलां त्वं चिच्चमत्कारमात्रे**
**भवसि हि परमश्रीकामिनीकामरूपः ।।३८।।**

હે ભવ્યસિંહ! હે ભવ્યશાર્દૂલ! એમ કહે છે. સિંહ તો હરણિયાને ફાડીને ચીરી નાખે. એમ હે ભવ્ય! રાગાદિને ચીરી નાખ, એ તો ભિન્ન છે. તારી ચીજમાં છે નહિ. આહાહા..!

**'આ રીતે વિવિધ ભેદોવાળું પુદ્‌ગલ...'** આત્મા તો કાંઈ ભેદ છે નહિ એ તો પહેલા કહી ગયા. **'આ રીતે વિવિધ ભેદોવાળું પુદ્‌ગલ જોવામાં આવતાં,...'** એમ લખ્યું છે ને? **'दृश्यमाने'** જોવામાં આવે છે એ કાંઈ તારી ચીજ છે નહિ. આહાહા..! શરીર, સ્ત્રી, કુટુંબ એ બધા વિવિધ પુદ્‌ગલો જોવામાં આવે છે. પુદ્‌ગલની જાત છે. કાળી હોય, ધોળી હોય, સુંવાળી હોય, આકાર ગોળ હોય, ચપટો હોય એ બધા વિવિધ પ્રકારના પુદ્‌ગલો જોવામાં આવે છે. એમાં તું નથી અને એ કાંઈ તારામાં નથી. આહાહા..! ભાષા નહિ, એની વસ્તુ અસ્તિ સમજવું જોઈએ. સમજાણું?

**'હે ભવ્યશાર્દૂલ! (ભવ્યોત્તમ!)'** ભવ્યમાં ઉત્તમ પ્રાણી! તારો મોક્ષ અલ્પમાં છે, નજીકમાં છે એમ પ્રાણીને સંબોધે છે. **'તું તેમાં રતિભાવ ન કર.'** એ રાગમાં રતિ ન કર. આહાહા..! જે તારાથી વિરુદ્ધ અને એનાથી તું વિરુદ્ધ એવા વિરુદ્ધભાવમાં પ્રેમ ન કર, ભાઈ! તને દુઃખ, હિંસા થાય છે. રાગાદિમાં પ્રેમ કરવાથી આત્મા ચૈતન્યચમત્કારપણે રહી શકતો નથી, હણાઈ જાય છે. આહાહા..! ચૈતન્યધાતુમાં હવે પ્રેમ કર. જુઓ! **'ચૈતન્યચમત્કારમાત્રમાં...'** એમ ભાષા છે ને? **'ચૈતન્યચમત્કારમાં...'** એ તો ચમત્કાર છે. જે પોતાને જાણે, રાગને જાણે, આટલા-આટલા વિવિધ

પ્રકારના પુદ્ગલો, એને પોતામાં રહીને પોતાના સામર્થ્યથી પોતાનું જ્ઞાન કરે. આહાહા..! એવો ચમત્કારી જીવ છે, કહે છે. એ ચીજ છે માટે જાણવાનું કામ કરે, એમ પણ નથી. સમજાણું કાંઈ?

શું કહે છે? એ બધા રાગાદિભાવ અને શરીરાદિ આ સ્કંધો કીધા એ બધા છે, માટે ચૈતન્યભાવ, એને જાણવાનો અસ્તિત્વનો ભાવ કરે છે એમ નથી. એ તો ચૈતન્યચમત્કાર વસ્તુ છે કે જેને પરની અપેક્ષા નથી અને સ્વ ને પરને જાણવાનું કાર્ય ચૈતન્યચમત્કારથી ઊભું થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એક આંગળી તૂટે, આંખ ફૂટે તો એને અંદર કાંઈક થઈ જાય. હાય.. હાય.. મારો અવયવ તૂટ્યો, હોં! એક આંગળી તૂટી જાય. આ ભીંસમાં આવી જાયને. બારણા બંધ કરતા અંદર ઘૂસી ગઈ. આ રેલમાં બહુ થઈ જાય. ઓલો બારણું કરતો હોય અને આંગળી ચેપાય જાય. હાય..હાય...! શું છે પણ? કહે છે. વિવિધ પ્રકારની દશા એને, એની હયાતીને કારણે નહિ પણ તારી હયાતીમાં ચૈતન્યચમત્કાર છે એથી તું સ્વ ને પરને જાણવાના સ્વભાવને પ્રગટ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આંખ ફૂટે ત્યાં અરે..રે..! એક આંખ ગઈ. બે આંખે કામ કરતા એક આંખ ગઈ. પણ આંખ ગઈ એ તો પુદ્ગલ ગઈ. તારામાંથી શું ગયું? પાંચ-દસ લાખ રૂપિયા હોય એમાંથી પાંચ હજાર, દસ હજાર જાય તો પૈસા ગયા એમ કહે છે. ગયા ક્યાં? વિવિધ પ્રકારની દશા છે એ જાણવા મળી તને. પહેલા અહીંયા હતા એમ જાણ્યું હતું. પછી ગયા એમ જાણ્યું. એ તો જાણવાનું થયું. ચૈતન્યચમત્કાર છે કે જે એને જાણવાનું જ કામ કરે છે. આહાહા..!

**'ચૈતન્યચમત્કારમાત્રમાં (અર્થાત્ ચૈતન્યચમત્કારમાત્ર આત્મામાં) તું અતુલ રતિ કર...'** ઓલામાં રતિ ન કર. (આમાં) **'અતુલ રતિ કર...'** જેની ઊપમા નથી એવો પ્રેમ અંદર આત્મામાં કર. સમજાણું કાંઈ? અહીંથી રતિ, પ્રેમ છોડી દે. જો આત્માનું હિત કરવું હોય અને ધર્મ કરવો હોય તો રાગથી માંડીને પર ચીજમાંથી પ્રેમ છોડી દે. આહાહા..! અને ભગવાન શુદ્ધ ચૈતન્યમાત્ર ચમત્કારમાત્ર આત્મા. **'તું અતુલ રતિ કર...'** ઠીક.

**'હે ભવ્યશાર્દૂલ!'** સંબોધન કરીને કહ્યું છે, હોં! **'કે જેથી તું પરમશ્રીરૂપી કામીનીનો વલ્લભ થઈશ.'** ભગવાનઆત્મા ચૈતન્યચમત્કાર જ્ઞાનાનંદ સ્વભાવ, એમાં જો પ્રેમ કરીશ તો તને મુક્તિ મળશે. જે મુક્તની દશા તારાથી જુદી કોઈ દિ' પડશે નહિ. એનું નામ વલ્લભ. સમજાણું કાંઈ? છે ને? **'વલ્લભ થઈશ.'** એટલે શું? એ પર્યાય કોઈ દિ' જુદી પડશે નહિ. આહાહા..! આત્માનો ચૈતન્યચમત્કાર સ્વભાવ, એમાં અંતર પ્રેમ કરવાથી, એ અંતરની અભેદ પર્યાય પૂર્ણ થઈ, એ પૂર્ણ પર્યાય હવે દૂર નહિ રહે. તારાથી એક સમયમાત્ર પણ દૂર નહિ રહે. પૂર્ણ પર્યાય તને વરી જશે. આહાહા..! પણ આ પ્રેમ અંદર આનંદમાં, અનુભવમાં આનંદમાં લઈને પ્રેમ કર, એમ કહેછે.

પરમશ્રી–પરમ લક્ષ્મી, જુઓ! મુક્તિ છે એ પરમલક્ષ્મીસ્વરૂપ છે. મુક્તિ–મોક્ષ છે એ પરમશ્રીરૂપી કામિની છે, એની પરિણતિ, એની સ્ત્રી છે, એનો વલ્લભ થઈશ. એ પર્યાય તને કોઈ દિ' છોડશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? રાગનો પ્રેમ કરીશ તો રાગ તો છૂટી જશે. શરીરના પુદ્ગલનો પ્રેમ કરીશ તો પુદ્ગલ છૂટી જશે. નહિ રહે તારા વલ્લભ કર્યા. ત્યાં વહાલપને જોડવાથી એ વસ્તુ નહિ રહે, એમ કહે છે. આહાહા..! એ ચાર ગાથાની સ્કંધની વ્યાખ્યામાં આ મૂક્યું. સમજાણું કાંઈ? સ્કંધો તારા નહિ, પરમાણુ તારા નહિ, પણ કર્મરૂપી સ્કંધના લક્ષે થયેલો ભાવ, એ પણ તારો નહિ. એનાથી વિરુદ્ધ સ્વભાવ તારો છે. હવે સ્વભાવ ઓલા પરમાણુનું કારણ અને કાર્ય આવ્યું હતું ને? એનું વર્ણન કરે છે.

**धाउचउक्कस्स पुणो जं हेऊ कारणं ति तं णेयो।**
**खंधाणं अवसाणं णादव्वो कज्जपरमाण् ।।२५।।**

જુઓ! આ ભાષા બીજી પાઠમાં છે. કાર્યપરમાણુ અને કારણપરમાણુ પાઠમાં છે. એટલે પછી કારણપરમાત્મા અને કાર્યપરમાત્મા એમાંથી ઊઠે છે. ત્યારે પરમાણુમાં આમ કહ્યું, એમાં લાગુ પડે છે. નવું એણે ઘરનું નાખ્યું છે એમ નથી.

મુમુક્ષુ :– ઘરનું નાખ્યું હોય તો પણ જ્ઞાનીની વાત છે ને.

ઉત્તર :– હા. નાખે પણ એને એમ કે આ ક્યાંથી નાખ્યું? ફલાણું ક્યાંથી નાખ્યું? ઢીંકણું... હવે સાંભળને. બધું નાખે.

**જે હેતુ ધાતુચતુષ્કનો તે કારણાણુ જાણવો;**
**સ્કંધોતણા અવસાનને વળી કાર્યપરમાણુ કહ્યો. ૨૫.**

**'આ, કારણપરમાણુદ્રવ્ય અને કાર્યપરમાણુદ્રવ્યના સ્વરૂપનું કથન છે.'** જુઓ! ખૂબી શું છે? કે પૃથ્વીના પરમાણુનો સ્કંધ થાય છે, જળના પરમાણુનો જે સ્કંધ છે, વાયુના, તેજનો આ જે સ્કંધ છે એ ચાર ધાતુ છે. એમનો હેતુ તે કારણપરમાણુ છે. એનો હેતુ જીવ નહિ. કે આ બધા લાડવા બનાવ્યા ને આ બનાવ્યું, ભેગું થયું, ફલાણું થયું... ફલાણું થયું.. આ પાણી થયું, પૃથ્વી થઈ, અગ્નિ થઈ, વાયુ થયો. એનો હેતુ તો કારણ પરમાણુ છે. સમજાણું કાંઈ? એ પરમાણુ કારણ થઈને બધા સ્કંધો થયા છે. જીવ કારણ થઈને સ્કંધ થાય છે કે ભાઈ! આ લાડવો વળે, રોટલી વળે, આમ અક્ષર લખાય (એમ નથી). સમજાણું કાંઈ? પહેલી કારણ પરમાણુની વ્યાખ્યા કરી. **'તે જ (પરમાણુ), એક ગુણ સ્નિગ્ધતા...'** જુઓ! ભાષા તો ગુણ છે. ખરેખર તો સ્નિગ્ધ પર્યાય છે. ભાઈ!

મુમુક્ષુ :– આ પોઈન્ટ બતાવવાનો...

ઉત્તર :– એ તો અગુરુલઘુમાં અનંતું નહોતું આવ્યું? અનંત અગુરુલઘુ. 'પંચાસ્તિકાય'માં અનંત અગુરુલઘુ પર્યાયની વાત હતી. ભલે ગુણ શબ્દ વાપર્યો હોય ત્યાં. શબ્દે પાર ન આવે.

ભાવ શું છે એ સમજે તો થાય. સમકિતને ગુણ કહ્યો છે, તમે શું વળી પર્યાય કહો છો? વળી એ એમ વાંધો ઉઠાવે. આહાહા..! ગુણ તો અહીં કીધો. 'એક ગુણ સ્નિગ્ધતા...' ચિકાશ. સ્પર્શ એ ગુણ છે. આ ચિકાશ તો પર્યાય છે. પરમાણુ છે રજકણ, એમાં સ્પર્શ નામનો ગુણ છે એ ત્રિકાળી છે. અને આ સ્નિગ્ધતા અને ચિકાશતા તો પર્યાય છે.

મુમુક્ષુ :– સમકિતના આઠ ગુણ નથી કહેવાતા?

ઉત્તર :– ભાષા તો એમ જ બોલેને સિદ્ધના. સમકિતના નિઃશંક આદિ આઠ ગુણ કહેવાયને? આઠ આચાર કહેવાય, આઠ ગુણ કહેવાય, આઠ લક્ષણ કહેવાય. ગુણ એટલે પર્યાય છે. કજિયાળા છોકરા અંદરથી કજિયા જ કાઢે. કાંઈક વાંધો જ કાઢે. આહાહા..!

કહે છે. પરમાણુમાં એક પર્યાય ચિકાશની અને એક પર્યાય રૂક્ષની. **'સમ કે વિષમ બંધને અયોગ્ય...'** વિષમ બંધને અયોગ્ય **'એવો જઘન્ય પરમાણુ...'** એ કેમ જઘન્ય કીધો? કે બંધ થવાને લાયક નથી માટે હલકો જઘન્ય કીધો એને. સમજાણું કાંઈ? કારણ કેમ કહ્યો? કે પૃથ્વી, જળ, તેજ, વાયુનું કારણ થાય માટે એ કારણપરમાણુ કહ્યો. એનું કારણ, એ સ્કંધનું કારણ પરમાણું છે. સ્કંધનું કારણ આત્મા અને આત્માનું જ્ઞાન કે વિકલ્પ છે નહિ. આહાહા..! આ રૂપિયા આવે છે અને જાય છે એનું કારણ એનો પરમાણુ છે એમ કહેછે.

મુમુક્ષુ :– ઇ તો જ્યારે થયા ત્યારે આવે ત્યારે તો અમારી પાસે આવે છે ને.

ઉત્તર :– કોની પાસે આવે? રાગ પણ આત્મા પાસે આવતો નથી તો વળી પૈસો ક્યાંથી આવતો હતો અહીં? એય..! 'પોપટભાઈ'! ભારે વાતું, ભાઈ!

રાગથી પણ વિરુદ્ધ ચૈતન્યનો સ્વભાવ એ રાગ પણ સ્વભાવની સમીપમાં નથી. એ તો દૂર છે. જેમ અજીવ દૂર છે એમ એ દૂર છે. આહાહા..! તત્ત્વ છે ને બીજું. એક તત્ત્વથી બીજું તત્ત્વ જુદું હોય તો જ બીજું તત્ત્વ કહી શકાય. નહિતર શી રીતે કહી શકાય?

મુમુક્ષુ :– બેપણું જ્યારે...

ઉત્તર :– બેપણું તો ઠીક પણ અનેરુ છે, એ તો અનેરુ છે. આહાહા..!

કહે છે એક ગુણ ચિકાશ, બે ગુણ ચિકાશ, લુખાશ. એમ. **'સમ કે વિષમ બંધને અયોગ્ય...'** સરખા કે અસરખા. સમજ્યા ને? બે હોય કે ચાર હોય, એક હોય ત્રણ હોય. પણ **'બંધને અયોગ્ય એવો જઘન્ય પરમાણુ છે–એમ અર્થ છે.'** એને જઘન્ય કહ્યો. બંધને લાયક નહિ તેને જઘન્ય કહ્યો. **'એક ગુણ સ્નિગ્ધતા કે રૂક્ષતાની ઉપર, બે ગુણવાળાનો અને ચાર ગુણવાળાનો સંબંધ થાય છે.'** લ્યો. દાખલો છે આ તો. **'સંબંધ એટલે બેકી ગુણવાળા પરમાણુઓનો બંધ અને વિષમબંધ એટલે એકી ગુણવાળા પરમાણુઓનો બંધ. અહીં (ટીકામાં) સમબંધનું અને વિષમબંધનું એકેક ઉદાહરણ આપ્યું છે તે પ્રમાણે બધાય સમબંધો અને વિષમબંધો સમજી લેવા.'** આટલો જ એમ ન લેવો. સમજાણું? ત્રણ અને પાંચ પછી પાંચ અને સાત, સાત અને નવ. એમ બધું લઈ લેવું. વિષમમાં

આમ લીધું છે, કહે છે. બે ને ચાર. બે ને ચાર જ એકલા ન લેવા. એ તો દૃષ્ટાંત છે. છ ને આઠ, આઠ અને દસ, દસ અને બાર એમ બધામાં બે અધિક લઈ લેવા.

**'તથા ત્રણ ગુણવાળાનો અને પાંચ ગુણવાળાનો વિષમબંધ થાય છે,–આ ઉત્કૃષ્ટ પરમાણુ છે.'** એટલે કે બંધને થવાને લાયક એને ઉત્કૃષ્ટ પરમાણુ કહ્યો. ઉત્કૃષ્ટનો અર્થ એવો નથી કે અનંત પર્યાયપણે પરિણમ્યો છે ઉત્કૃષ્ટ, એમ અહીં નથી કહેવું. પરમાણુ અનંતી ચિકાશપણે કે લુખાશપણે પરિણમે તો ઉત્કૃષ્ટ, એમ અહીં નથી કહેવું. ઉત્કૃષ્ટ પરમાણુ એને કહીએ કે જે સમ, વિષમ આદિના બંધને યોગ્ય થાય, એને ઉત્કૃષ્ટ પરમાણુ કહેવામાં આવે છે. બંધ થવાને અલાયકને જઘન્ય અને બંધ થવાને લાયક પછી ભલે ત્રણ ને પાંચ, બે ને ચાર, છ ને આઠ, નવ અને અગિયાર હોય, પણ એ બધાને ઉત્કૃષ્ટ પરમાણુ કહેવામાં આવે છે. 'પંડિતજી'! આ જાત જ જુદી છે. આહાહા..! એટલે કે એ પરમાણુમાં બીજા સાથે સંબંધ થવાની લાયકાત થઈ એટલે એને ઉત્કૃષ્ટ પરમાણુ કહ્યો. આહાહા..! 'નિયમસાર'ની ભાષા જ જુદી જાતની. પાઠમાં છે, જુઓને! કાર્ય-કારણ તો પાઠમાં છે. એમાંથી જઘન્ય ઉત્કૃષ્ટ કાઢ્યું. જઘન્ય ઉત્કૃષ્ટ એમાંથી કાઢ્યું.

**'ગળતાં અર્થાત્ છૂટાં પડતાં પુદ્‌ગલદ્રવ્યોના અંતમાં-અવસાનમાં (અંતિમ દશામાં) સ્થિત તે કાર્યપરમાણુ છે...'** લ્યો. અંતમાં અવસાન એટલે કાર્યપરમાણુ. છૂટો થવાને લાયક થઈ ગયો ને. છૂટો એ કાર્યપરમાણુ. સ્કંધમાંથી છુટો પડ્યો એ કાર્યપરમાણુ. સ્કંધનું કારણ થાય તે કારણપરમાણુ. સ્કંધમાંથી છુટો પડ્યો તે કાર્યપરમાણુ. જુઓ! એ પુદ્‌ગલની વિવિધતાનું વર્ણન. આવું સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું?

**'(અર્થાત્ સ્કંધો ખંડિત થતાં થતાં જે નાનામાં નાનો અવિભાગ ભાગ રહે તે કાર્યપરમાણુ છે). (આમ) અણુઓના (–પરમાણુઓના) ચાર ભેદ છે : કાર્ય, કારણ, જઘન્ય ને ઉત્કૃષ્ટ. તે પરમાણુદ્રવ્ય સ્વરૂપમાં સ્થિત હોવાથી...'** તે પરમાણુદ્રવ્ય સ્વરૂપમાં સ્થિત **'તેનો વિભાવનો અભાવ છે,...'** એને વિભાવનો અભાવ છે. કોને? પરમાણુ તો પોતાના સ્વરૂપમાં છે. બે પરમાણુમાં જોડાણ નથી. તેથી તે વિભાવનો તેમાં અભાવ છે. **'માટે (તેને) પરમ સ્વભાવ છે.'** પરમાણુને પરમસ્વભાવ કહેવામાં આવે છે.

સ્કંધનું કારણ એને કારણપરમાણુ કહ્યો હતો. સ્કંધના જોડાવાનું કામ કરે એને ઉત્કૃષ્ટ પરમાણુ કહ્યો. સ્કંધના પરમાણુનું કારણ એને કારણપરમાણુ કહ્યો અને એ સ્કંધના છૂટો પડવાનો એને કાર્યપરમાણુ કહ્યો. અથવા ઉત્કૃષ્ટ, જઘન્ય હવે. સ્કંધને લાયક માટે નથી એ જઘન્ય પરમાણુ અને સ્કંધ થવાને લાયક ચિકાશ આદિ છે એ ઉત્કૃષ્ટ પરમાણુ. આવી વાત શ્વેતાંબરમાં છે જ નહિ. પુદ્‌ગલની રીતનો પ્રકાર શ્વેતાંબરમાં નથી. આ વાત જ આખી સનાતન જુદી છે. ક્યાંય ન મળે. પછી 'પ્રવચનસાર'નો દાખલો આપશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ચૈત્ર સુદ ૫, બુધવાર, તા. ૩૧-૩-૧૯૭૧**
**ગાથા ૨૬-૨૭, શ્લોક ૩૯-૪૦, પ્રવચન નં. ૨૯**

૨૫ ગાથા થઈ ગઈ. 'નિયમસાર' અજીવ અધિકાર. કારણપરમાણુ અને કાર્યપરમાણુ. જઘન્ય પરમાણુ અને ઉત્કૃષ્ટ પરમાણુ એમ ચારનું વર્ણન કર્યું છે. કારણપરમાણુ એ કે જે સ્કંધ છે એનું કારણ છે માટે એને કારણપરમાણુ કહ્યું. એ જ કારણપરમાણુને બે લાગુ પડે. એમ છે ને પાઠમાં? **'તે જ પરમાણુ'** એમ. જે પરમાણુ છે, આ રજકણ, પોઈન્ટ, એવો એક વસ્તુનો સ્વભાવ. ભલે નાનો છે પણ દ્રવ્ય છે. સ્વભાવને કોઈ ક્ષેત્રની મોટપની જરૂર નથી. એક પરમાણુ આવો સ્વભાવ કે જે સ્કંધનું કારણ થાય, એ જ પરમાણુમાં એક ગુણ આદિ ચિકાશ હોય તો બંધને અયોગ્ય છે. એ જ પરમાણુને જઘન્ય પરમાણુ કહેવામાં આવે છે. એક, બે, ત્રણ આદિ હોય, બે-ત્રણ, ચાર આદિ, બે ને બે ચાર કે ત્રણ ને બે પાંચ, એ આદિ હોય તો એ એને-પરમાણુને બંધને યોગ્યને કારણે ઉત્કૃષ્ટ કહેવામાં આવે છે. જુઓ! આ એક વસ્તુનો જડનો સ્વતઃ સ્વભાવ. એને તો કાંઈ ખબર પણ નથી. ખબર તો આત્માને છે કે આમ આમાં થાય છે. એવો પરમાણુ (છે). સ્કંધનો છેલ્લો ટુકડો. ટુકડો કરતા કરતા બાકી રહી જાય એને કાર્યપરમાણુ કહે છે. આ ચાર પ્રકાર થયા. છે તમારે ત્યાં એમાં?

મુમુક્ષુ :– શ્વેતાંબરમાં ક્યાંથી હોય?

ઉત્તર :– નથી? કેમ ક્યાંથી હોય.

હવે 'પ્રવચનસાર'માં ૧૬૫ મી અને ૧૬૬ મી ગાથા દ્વારા કુંદકુંદાચાર્ય કહે છે :–

**णिद्धा वा लुक्खा वा अणुपरिणामा समा व विसमा वा।**
**समदो दुराधिगा जदि वज्झंति हि आदिपरिहीणा ।।**
**णिद्धत्तणेण दुगुणो चदुगुणणिद्धेण वंधमणुभवदि ।**
**लुक्खेण वा तिगुणिदो अणु वज्झदि पंचगुणजुत्तो ।।**

એ બાજુ છે. ૫૬ પાને. એનો અર્થ. **'પરમાણુ-પરિણામો,...'** પરમાણુ જે એક રજકણ-પોઈન્ટ છે, એના પરિણામ એટલે પર્યાય **'સ્નિગ્ધ હો કે રૂક્ષ હો,...'** ચિકાશ હોય કે રૂક્ષ હોય, **'બેકી અંશવાળા હો કે એકી અંશવાળા હો,...'** બે અંશવાળા, ચારવાળા, છવાળા હો કે ત્રણ, પાંચ અને સાતવાળા હો, **'જો સમાન કરતાં બે અધિક અંશવાળા હોય...'** બે ને બે ચાર, ત્રણ ને બે પાંચ, સાત ને બે નવ, આઠ ને બે દસ. એમ બે અધિકવાળા હોય તો **'બંધાય છે;...'** એકમાં બંધાય નહિ. એક અંશ પરમાણુ બંધને યોગ્ય નહિ.

એમ આત્મામાં પણ છેલ્લો ગુણ, અવગુણનો જે છેલ્લો અંશ છે, એ એના બંધનું કારણ નહિ. સમજાણું કાંઈ? ઇ શું કહ્યું? મોહનો, રાગનો છેલ્લો અંશ છે, એ પોતે પોતાના બંધનું કારણ નહિ. બીજાના બંધનું કારણ થાય. રાગનો અંશ રાગને બાંધે એમ ન બને. સમજાણું કાંઈ? 'હીરાભાઈ'!

અહીં જેમ પરમાણુમાં એક ચિકાશ કે એક લુખાશની પર્યાય છે, તે બંધને લાયક છે નહિ, એમ આત્મામાં પણ જે ક્રોધ, માન, માયા, દર્શનમોહ, દર્શનમાં સમકિતમોહનો પણ એનો છેલ્લો અંશ છે લ્યો ને, તો સમકિતમોહનો અંશ પણ દર્શનમોહને ન બાંધે. છેલ્લો અંશ છે ને? એમ રાગાદિનો છેલ્લો અંશ છે એ એના રાગાદિને ન બાંધે. એ રાગનો અંશ છ કર્મનું બંધન ભલે થાય. એવો જ વસ્તુનો સ્વતઃ સ્વભાવ છે. આહાહા..! એ ગાથા કીધી. બીજી ગાથા. એ નહીં બીજી ગાથા. એની ને એની બીજી.

**'સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ ચાર અંશવાળા સ્નિગ્ધ (અથવા રૂક્ષ) પરમાણુ સાથે બંધ અનુભવે છે;...'** જોયું અનુભવે શબ્દ છે. એને અનુભવવું છે ક્યાં? પણ થાય. અનુસરીને થાય. સમજાણું? **'અથવા રૂક્ષપણે ત્રણ અંશવાળો પરમાણુ...'** એ તો દાખલા આપ્યા છે, હોં! રૂક્ષ ત્રણવાળો અને એ તો ચિકાશ પણ ત્રણવાળો, પાંચવાળો હોય તો એ બંધને પામે. **'પરમાણુ પાંચ અંશવાળા સાથે જોડાયો થકો બંધાય છે.'** શું કહ્યું 'પંડિતજી'? ત્રણ રૂક્ષવાળો, પાંચ રૂક્ષવાળા સાથે બંધાય તો દૃષ્ટાંત. પણ ત્રણ ચિકાશવાળો, પાંચ ચિકાશવાળા સાથે બંધાય. બે ને બે ચારવાળો, ત્રણ ને બે પાંચવાળો એમ રૂક્ષ કે ચિકાશ ગમે તે હો એ પ્રમાણે બંધાય. એક ન બંધાય. એકડે એક, બગડે બે. એક અંશવાળો બંધાય નહિ. બે અંશવાળો બંધાય. જુઓ! પુદ્ગલનો પણ એવો સ્વભાવ. એક ન બંધાય.

**'વળી (૨૫ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા પુદ્ગલની ઉપેક્ષા કરી શુદ્ધ આત્માની ભાવના કરે છે) :–'**

**स्कन्धैस्तेः षट्प्रकारैः किं चतुर्भिरणुभिर्मम।**
**आत्मानमक्षयं शुद्धं भावयामि मुहुर्मुहुः ।।३९।।**

**'તે છ પ્રકારના સ્કંધો કે ચાર પ્રકારના અણુઓ સાથે મારે શું છે?'** ચીજ પર છે. હું તો એનો જાણનાર (છું). તે પણ મારામાં રહીને મારાથી જાણનાર (છું). આહાહા..! **'હું તો અક્ષય શુદ્ધ આત્માને ફરી ફરીને ભાવું છું.'** મને આનંદનું પ્રયોજન છે તો મારો આનંદ આત્મા સચ્ચિદાનંદ છે. એ આનંદના અક્ષય સુખ. અક્ષય શુદ્ધ આત્મા, એને હું ફરીફરીને ભાવું છું. મારું આનંદનું પ્રયોજન છે તો આનંદ તો મારી પાસે છે. એવા અક્ષય, ન ક્ષય થાય એવો શુદ્ધ આત્મા, દ્રવ્ય સ્વભાવ પરિપૂર્ણ, એને હું ભાવું છું. ભાવું છું એનો અર્થ શું થયો? **'ફરી ફરીને ભાવું છું.'** એવો પાઠ છે, લ્યો. **'भावयामि'** અને ચિંતયામી. વિકલ્પ છે એ?

મુમુક્ષુ :– એકાગ્રતા છે.

ઉત્તર :– એકાગ્રતાની વાત લીધી. દરેક અર્થમાં ફેરફાર. શુદ્ધ આત્મા અક્ષય, ત્રિકાળ ધ્રુવસ્વરૂપ એવો ભગવાનઆત્મા, એની અંદર એકાગ્રતા હું કરું છું. મારે તો એ કામ છે. પરમાણુના પ્રકાર ચાર હો તો હો. મારે એની સાથે પ્રયોજન નથી. આહાહા..! મારો ભગવાન અનંતઆનંદ અને અનંત સ્વચ્છતા, શાંતિ, સ્થિરતા વગેરે શક્તિઓથી અક્ષય શુદ્ધ આત્મા છે. એવા આત્માને હું અંતર્મુખ થઈને **'ફરી ફરીને ભાવું છું.'** વારંવાર એકાગ્રતા એમાં કરું છું. આ કરવાનું છે. આહાહા..!

જુઓ! સરવાળો આ કહ્યો. અજીવ જાણવા યોગ્ય છે. પણ જાણીને એના ઉપરથી લક્ષ છોડીને સ્વરૂપનું ધ્યાન, સ્વરૂપની ભાવના કરવાની છે. સમજાણું કાંઈ?

૨૬. પરમાણુનું વિશેષ કથન.

**अत्तादि अत्तमज्ग्खं अत्तंतं णेव इदियग्गेज्झं ।**
**अविभागी जं दव्वं परमाणू तं वियाणाहि ।। २६।।**

આચાર્ય કહે છે,

**જે આદિ-મધ્યે અંતમાં પોતે જ છે, અવિભાગી છે,**
**જે ઇંદ્રિથી નહિ ગ્રાહ્ય છે, પરમાણુ જાણો તેહને. ૨૬.**

આહાહા..! એ પરમાણુમાં પણ નાનું ક્ષેત્ર અનંતગુણમાં અસંખ્યમા ભાગનું છતાં જીવના અનંતગુણની જેટલી સંખ્યા છે એટલા ગુણ એમાં છે. આ તે કેમ (બેસે). જેટલા જીવના ગુણની સંખ્યા એટલા જ ગુણની સંખ્યા (પરમાણુમાં છે). ભલે ચૈતન્ય ન હોય એમાં. પણ જડની પર્યાય-ગુણની સંખ્યા એટલી જ અનંતી છે એમાં. શું કહ્યું? લ્યો. બે વાર કહ્યું તો પણ? 'હીરા'માં આમ કહેતા હશે? એક આત્મામાં જેટલા ગુણ છે એટલા જ ગુણ પરમાણુના જડના છે. એ નહિ પણ એટલા. શું કહ્યું? 'પંડિતજી'! જેટલા એક આત્મામાં અનંતાગુણની સંખ્યા, એટલા જ ગુણો એક પરમાણુમાં (છે). એવા નહિ પણ એટલા. સંખ્યાએ એટલા જ છે. શું કહ્યું? 'પંડિતજી'!

મુમુક્ષુ :– એક આત્મામાં પરમાણુમાં જેટલા ગુણ છે એટલી સંખ્યા...

ઉત્તર :– એટલી સંખ્યાએ. એ ગુણ નહિ. આત્મામાં તો જ્ઞાન, આનંદ આદિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો અસંખ્ય પ્રદેશી, પેલો એક પ્રદેશી. વસ્તુસ્વભાવ છે, એ વસ્તુસ્વભાવ છે. એમ મહાત્મ્ય આવતાં આ તારો સ્વભાવ, તારો સ્વભાવ અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે. એના ગુણ સ્વભાવની પહોળાઈ અસંખ્ય પ્રદેશી છે. ઓલા પરમાણુના ગુણની તો એક પ્રદેશી પહોળાઈ છે. તારા ગુણની અસંખ્યપ્રદેશી પહોળાઈ છે. એવો અંતર સ્વભાવ. અનંતજ્ઞાન, દર્શન, આનંદ પડ્યો

છે એનો આશ્રય કર, એની ભાવના કર. બસ, કરવાનું આ છે. કરી કરીને, ભણી ભણીને, બધું જાણીને પણ આ કરવાનું છે. સુખી થવું હોય તો.

**ટીકા :– 'આ પરમાણુનું વિશેષ કથન છે. જેમ સહજ પરમ પારિણામિકભાવની વિવક્ષાનો આશ્રય કરનારા...'** શું કહે છે? જુઓ! આત્માનો ત્રિકાળ સહજ સ્વભાવિક પરમપારિણામિકભાવ, એની વિવક્ષાનો આશ્રય કરનારા, એના કથનનો અને એના ભાવનો આશ્રય કરનારા, **'સહજ નિશ્ચયનયની અપેક્ષાએ...'** ભગવાનઆત્મા સ્વભાવિક પરમપારિણામિકભાવની વિવક્ષા જેમાં કરવી છે. જેમાં ઉદયની, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની (અપેક્ષા) નહિ. ત્રિકાળી જ્ઞાયકભાવ, પરમસ્વભાવભાવ એ જેમાં કહેવું છે, એવો સહજ નિશ્ચયનય. સ્વભાવિક નિશ્ચયનય. દેખો! એ **'નિશ્ચયનયની અપેક્ષાએ..'** ભગવાન નિત્ય છે. એ નિત્યથી કોઈ દિ' ચ્યુત થયો નથી. પરમ પારિણામિકભાવ સ્વભાવથી કોઈ દિ' ચ્યુત થયો જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'અને અનિત્ય નિગોદથી માંડીને સિદ્ધક્ષેત્ર પર્યંત રહેલા જીવો...'** નિગોદથી માંડીને એ બધી પર્યાય છે ને? તે સિદ્ધ સુધી. **'જીવોનું નિજ સ્વરૂપથી અચ્યુતપણું કહેવામાં આવ્યું,...'** એ નિગોદથી માંડી સિદ્ધની પર્યાય સુધીમાં, બધા એના દ્રવ્યો જે પરમસ્વભાવભાવ છે, એનાથી કોઈ દિ' ચ્યુત થયા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ફરીને. અમારા 'શેઠી'! ફરી, ફરીને કહે છે ને! ફિર.

જે આ આત્મા નિત્ય વસ્તુ છે. કેવી? કે સ્વભાવિક પરમ પારિણામિકભાવનું કથન કરવાવાળો જે નય, એ નયની અપેક્ષાએ આત્મા ત્રિકાળી નિત્ય.. નિત્ય... નિત્ય... ધ્રુવ છે. અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, પ્રભુતા એવી શક્તિઓથી ભરેલું સહજ તત્ત્વ પારિણામિક સ્વભાવે નિત્ય છે. તે આત્મા, આ અપેક્ષાથી સહજ પારિણામિકભાવની નિશ્ચયનયની અપેક્ષાએ નિગોદથી માંડીને સિદ્ધ સુધીની જે પર્યાયવાળા છે એ જીવો પણ આવા નિત્ય ત્રિકાળ છે. એ નિત્યથી કોઈ દિ' ચ્યુત થયા નથી. આહાહા..! વસ્તુના સ્વભાવની કથન કરવાની દિગંબર સંતોની શૈલી (બીજે) ક્યાંય છે નહિ.

મુમુક્ષુ :– અલૌકિક.

ઉત્તર :– અલૌકિક વસ્તુ સ્વભાવ વર્ણવે છે. આહાહા..! એવી વાત સાંભળવા બીજા સંપ્રદાયમાં મળે એવી નથી. એવી આ ચીજ છે. કારણ કે છે નહિ ત્યાં. આ તો હતું એમાંથી આવ્યું છે. સમજાય છે કાંઈ? શું કહે છે?

પરમાણુની વ્યાખ્યા કરતા, પરમાણુ જેમ પોતે પોતાથી આદિ, મધ્ય અને અંત છે, એમ આત્મા પણ વસ્તુસ્વભાવે પરમસ્વભાવ નિશ્ચયથી, નિશ્ચયનયની અપેક્ષાએ એ પોતે પોતાથી કોઈ દિ' ચ્યુત થયો નથી. પોતે જ પોતાની આદિમાં, પોતે જ પોતાના મધ્યમાં, પોતે જ પોતાના અંતમાં એ વસ્તુ ધ્રુવ છે એ એમ ને એમ છે. સમજાણું કાંઈ?

**'અનિત્ય નિગોદથી માંડીને...'** પર્યાયની વાત છે ને? **'સિદ્ધક્ષેત્ર પર્યંત...'** એ સિદ્ધની પર્યાયમાં પણ, પરમસ્વભાવભાવ જે ધ્રુવ છે, એ પર્યાયમાં આવ્યો નથી. એ ધ્રુવપણે ચ્યુત થયો નથી. આહાહા..! એ ચૈતન્ય મહા હીરો, એની કિંમતું શું? જેના મૂલ્યાંકન કરતા પોતાની બુદ્ધિમાં મૂલ્યવાળો થઈ જાય છે. અમૂલ્ય રહેતો નથી. એવી ચીજ આ છે. આહાહા..! ભગવાનઆત્મા પરમ સહજ પરમ પારિણામિકભાવ સહજ સ્વભાવિક પરમપારિણામિક (ભાવ), જેને કોઈ પર્યાયની, ઉદયની અપેક્ષા નથી, એવો જે સ્વભાવ. એવી સહજ નિશ્ચય પરમ પારિણામિકભાવને કહેવાવાળી એવી સહજ અને નિશ્ચય. એમ. એવો જે આત્મા, જેમ પરમાણુની આદિ, અંત અને મધ્યમાં પોતે જ છે. એમ આત્માના પરમ પારિણામિકભાવમાં નિત્યતામાં પોતે જ કાયમ છે. એમાંથી કોઈ દિ' ખસ્યો નથી. આહાહા..! **'નિજ સ્વરૂપથી અચ્યુતપણું કહેવામાં આવ્યું,...'** છે. કઈ નયે?

મુમુક્ષુ :– વ્યવહારનયે.

ઉત્તર :– ના, ના. ઇ નિશ્ચય આવ્યું.

**'સહજ પરમ પારિણામિકભાવની વિવક્ષાનો આશ્રય કરનારા...'** એને કહેવાનો આશ્રય કરનારી એવી નિશ્ચયનય. એની અપેક્ષાએ પોતે નિત્ય છે તે. અનંત જીવો પર્યાયમાં નિગોદ હો કે પર્યાયમાં ત્રસ હો કે પર્યાયમાં સિદ્ધ હો, છતાં એ જીવોનું નિજ સ્વરૂપથી અચ્યુતપણું નિશ્ચયથી, નિત્યથી અચ્યુત છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! જુઓ તો એક ટીકા! સમજાણું કાંઈ? કહે છે કે નિગોદની પર્યાયો સાતમી નરકના નારકીની પર્યાય હોય, અંતિમ ગ્રૈવેયકની મિથ્યાદૃષ્ટિની પર્યાય હોય કે ક્ષાયિક સમકિતીની પર્યાય હોય કે સિદ્ધની પર્યાય હોય, આહાહા..! જેમાં અનંતો આનંદ અને અનંતી શાંતિ પ્રગટી છે એવી પર્યાય હોય, છતાં વસ્તુ જે નિત્ય છે એમાંથી એ કોઈ દિ' ચ્યુત થઈ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ રહેલા જીવોનું. પાછું ઘણા બધા અનંત જીવ છે ને? એક જીવ નથી. અનંત આત્માઓ છે. નિગોદથી માંડીને સિદ્ધ. ત્યાં સુધી લીધા ને? નિગોદના અનંત આત્માઓ અને સિદ્ધના અનંત આત્માઓ અને વચમાં સાધક અને બાધક એવા અસંખ્ય આત્માઓ. સમજાણું કાંઈ? અક્ષરના અનંતમાં ભાગની જ્ઞાનની પર્યાય ઉઘડેલી બાકી છે નિગોદને અને કેવળજ્ઞાનની પર્યાય ઉઘડેલી છે પૂરી. અને વચમાં સાધકજીવને મોક્ષમાર્ગની પર્યાય ઉઘડેલી છે. અને મિથ્યાદૃષ્ટિ પંચેન્દ્રિય આદિમાં બધા આવી ગયા. એની પર્યાયમાં તીવ્ર મિથ્યાત્વ, ગ્રહિત મિથ્યાત્વનો પર્યાય પરિણમ્યો છે. કે સિદ્ધ અનંત કેવળજ્ઞાનપણે થયા છે. આહાહા..! છતાં એ જીવો પોતાના નિત્ય ધ્રુવ સ્વરૂપથી કોઈ દિ' ખસ્યા નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'પંડિતજી'! વાહ! બે લીટીમાં તો કેટલું સમાડી દીધું!

પરમાણુ જેવો અજીવ પદાર્થ એને રહેવાને કોઈની જરૂર નથી. એ પોતે જ પોતાથી છે. પોતે પોતાથી આદિમાં, મધ્યમાં અને અંતમાં છે. એમ ભગવાનઆત્મા નિગોદથી માંડીને સિદ્ધ

સુધી બધા આવી ગયા વચમાં? વાઘ અને વરુ, માંસના ખાનારાના પર્યાય. પર્યાય એની છે. બાકી માંસ બીજી ભિન્ન (પર્યાય છે). એવી પર્યાયમાં પણ, સિદ્ધની પર્યાયમાં પણ, તીવ્ર ગ્રહિત મિથ્યાત્વની પર્યાયમાં પણ... સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુ નિત્ય ધ્રુવ તો પોતાથી કદી ખસી જ નથી, કદી એ પર્યાયમાં આવી નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, આ વાત હતી? જુઓ! વાત છે પરમાણુની, એમાં નાખ્યો આત્મા.

**'તેમ પંચમભાવની અપેક્ષાએ...'** જુઓ! **'પરમાણુદ્રવ્યનો પરમસ્વભાવ હોવાથી...'** પંચમભાવની અપેક્ષાએ, હોં! **'પરમાણુદ્રવ્યનો પરમસ્વભાવ હોવાથી પરમાણુ પોતે જ પોતાની પરિણતિ...'** પરિણતિ શબ્દે અહીંયા પર્યાય ન લેવી. કેમકે અહીંયા પંચમભાવની ત્રિકાળની અપેક્ષા છે. સમજાણું કાંઈ? પરમાણુનો જે ત્રિકાળી પંચમભાવ એની અહીં વાત છે. નહિતર એની પર્યાય એ પારિણામિકભાવની પર્યાય છે. પણ અહીંયા એ સિદ્ધ નથી કરવું. પાઠમાં તો આદિ પોતે વસ્તુ છે, પરમાણુ સૂક્ષ્મ, એ પોતે પોતાની આદિ, પોતે પોતાનું મધ્ય અને પોતે પોતાનો અંત. સમય કહેવા માટે, બીજો કાંઈ ભેદ છે નહિ.

**'તેમ પંચમભાવની અપેક્ષાએ...'** કોનો આ પંચમભાવ? પરમાણુનો. **'પરમાણુદ્રવ્યનો પરમસ્વભાવ હોવાથી...'** જુઓ! પછી એમ લીધું ને ત્યાં? એનો પરમસ્વભાવ છે એટલે દ્રવ્ય લીધું. **'પરમાણુ પોતે જ પોતાની પરિણતિનો આદિ છે,...'** એટલે કે પરમાણુ પોતે પોતાના ભાવની આદિ છે, એમ. પરિણતિ શબ્દે અહીંયા પર્યાય નહિ પણ એનો ભાવ. સમજાણું કાંઈ? **'પોતે જ પોતાની પરિણતિનું મધ્ય છે...'** એટલે પોતે જ પોતાના સ્વભાવનું પણ પોતે જ મધ્ય છે. વસ્તુ ધ્રુવ... ધ્રુવ... દ્રવ્ય. આહાહા..! **'અને પોતે જ પોતાનો અંત પણ છે (અર્થાત્ આદિમાં પણ પોતે જ,...)'** એમ લીધું છે. જુઓ! સરવાળો. પરિણતિમાં અહીં પંચમભાવ છે ને અહીંયા તો. અને પરમસ્વભાવ લીધો છે ને? પંચમભાવમાં પરમ સ્વભાવ સાથે ન લેતા પછી લીધો. એટલે ઓલું દ્રવ્ય જ સિદ્ધ કરવું છે ત્યાં તો. વસ્તુ પરમાણુ દ્રવ્ય. આહાહા..! અતીન્દ્રિય વસ્તુ એક પરમાણુ, એક આકાશના પ્રદેશમાં એવા અનંતા પરમાણુના અનંતા સ્કંધ સમાય, એવો એક પરમાણુ આવો છે, કહે છે. આહાહા..! જેની આદિ, અંત અને મધ્યમાં વસ્તુ પોતે જ છે, બસ. કહો, સમજાણું? પોતે જ છે.

**'(ક્યારેય નિજ સ્વરૂપથી ચ્યુત થતો નથી).'** શું કીધું? એ પરમાણુ જે દ્રવ્ય છે એ કોઈ દિ' ચિકાશ-લુખાશની પર્યાયમાં આવતો નથી. એક ચીકાશ ગુણ હો, બે હો, કે ત્રણ હો, બંધયોગ્ય હો કે બંધને અયોગ્ય હો. વસ્તુ દ્રવ્ય જે છે, વસ્તુ પંચમભાવવાળું તત્ત્વ, એ કોઈ દિ' પર્યાયમાં આવતું નથી. ઓહોહો..! નહિતર એની પરમાણુની જે પર્યાય છે એ તો પારિણામિકભાવની જ પર્યાય છે. કારણ કે એને કાંઈ ઉદય કે એવું કાંઈ છે નહિ. પણ એ વસ્તુ જે ત્રિકાળ પંચમભાવ છે, વસ્તુ શક્તિ, ભાવ–શક્તિ. અરે..! જુઓ તો ખરા. વસ્તુ નાની-મોટી એમ ન દેખવી. એનો સ્વભાવ (જોવો). અરે...! આવા પરમાણુનો આવો સ્વભાવ કે એક ગુણની ચિકાશ હોય, અનંતગુણની

ચિકાશ હોય, એક ગુણની લુખાશ હોય, અનંતગુણની લુખાશ હોય. ભારેપણે પરિણમ્યો હોય કે હળવાપણે પરિણમ્યો હોય છતાં પરમાણુ તો તેનો તે જ છે. એ ભારે-હળવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ? કહો, 'પ્રકાશદાસજી'! ક્યારેય આવ્યું હતું? ત્રણ વર્ષમાં ક્યારેય સાંભળ્યું હતું? આહાહા..!

**'(ક્યારેય નિજ સ્વરૂપથી ચ્યુત નથી).'** એટલે? પંચમભાવવાળું અજીવ પરમાણુ તત્ત્વ ક્યારેય પોતાની પર્યાયમાં આવ્યું નથી. દુર્ગંધ પર્યાય હો કે સુગંધ હો. ચિકાશની હોય કે લુખાશની હોય, ઠંડાની હોય કે ગરમની હોય કે ભારેની હોય કે હળવાની હોય. પરમાણુમાં ભારે પર્યાય હોય? છે. પરમાણુની. ભારે અને હળવી પર્યાય થઈ છે. જુઓ ખૂબી! આમાં ભારે-હળવી થઈ છે. પરમાણુ એકની, હોં! અને એમાં જુદો છે. છતાં એ ભારે-હળવાની પર્યાયમાં એ પંચમભાવનું દ્રવ્ય આવ્યું નથી. આહાહા..! જુઓને! કેટલું લોજિક છે કે નહિ આ બધું? કે તમારું વકિલાતનું લોજિક હશે એકલું? વસ્તુવિજ્ઞાન છે. વસ્તુવિજ્ઞાન છે આ. આહાહા..!

આમાં પરમાણુ ભારે છે કે એવો ને એવો રહ્યો છે? આ જુઓ એટલા સ્કંધમાં આવતા ઠર્યો કે નહિ એટલો? પર્યાય સ્કંધમાં આવ્યો ત્યારે થઈને. પરને લઈને થઈ? એ પણ ખોટી વાત છે. સ્કંધમાં આવ્યો માટે પરમાણુ ધારેલી પર્યાયપણે પરિણમ્યો છે એ ખોટી વાત છે અને ભારેપણે પર્યાય પરિણમે છતાં દ્રવ્ય એમાં પર્યાયમાં આવ્યું છે એમ નથી. સમજાણું કાંઈ? 'વજુભાઈ'! ભાઈ! આ હજી વાંચવાનું થયું. ઓલી ફેરે નહોતું વાંચ્યું. પાંચ વર્ષ પહેલા આ અજીવનું મૂકી દીધું હતું. અજીવ, વ્યવહાર અને છેલ્લો ઉપયોગ, એ ત્રણ મુકી દીધા હતા. આ વખતે કહે બધું સરખું વાંચવું.

મુમુક્ષુ :– શું કહ્યું? મહારાજ!

ઉત્તર :– પહેલા વાંચન કર્યું હતું ત્યારે અધિકાર છોડી દીધા હતા. આ વ્યવહાર અધિકાર છે ને તો છોડી દીધો હતો. વ્યવહારનો અધિકાર, આ અધિકાર અને છેલ્લો ઉપયોગનો અધિકાર છે. આ વખતે સળંગ લીધું છે. સારું કર્યું, લ્યો, અમારે 'વજુભાઈ' કહે છે.

મુમુક્ષુ :– વ્યવહાર તો મહારાજ નિશ્ચયને બતાવે છે.

ઉત્તર :– અંદર એમ છે. વ્યવહાર નિશ્ચયને બતાવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એમ ન માનવું કે આ વળી પરમાણુની આવી વ્યાખ્યા શું વળી? એ વ્યાખ્યામાં ભગવાન સમાય જાય છે. કહે છે કે આવા પરમાણુઓ એની ગમે તે પર્યાયપણે થયેલ હો, ભારે-હળવો. શું કહેવાય પછી? બે, ચાર, ચિકાશ-લુખાશ તો છે. ઠંડો-ઊનો તો ઓલામાં આવ્યું. કર્કશ અને સુવાળું. કર્કશ અને સુવાળી પર્યાય, ભારે અને હળવી પર્યાય. એ સ્થૂળમાં હોય છે. પરમાણુમાં હોય છે. એ સમયમાં પણ એ પરમાણુ એમાં નથી આવ્યો, દ્રવ્ય એમાં નથી આવ્યું. આહાહા..! પર્યાય પર્યાયપણે થઈ, દ્રવ્ય પર્યાયપણે આવ્યું નથી.

મુમુક્ષુ :– દ્રવ્ય પર્યાયપણે આવી જાય તો દ્રવ્યનો નાશ થઈ જાય.

ઉત્તર :– નાશ થઈ જાય. પણ આવે જ નહિ. બે અંશો ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા નિગોદથી માંડીને કેટલા જીવો લીધા. એક શરીરમાં અનંત જીવ, એક આંગળના અસંખ્ય ભાગમાં, શક્કરકંદમાં, બટાકામાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંત જીવ, સિદ્ધ કરતા અનંતગુણા, એ બધાની પર્યાય ભલે અભવિની પર્યાય હોય કહે છે. આહાહા..! ગ્રહિત મિથ્યાત્વના તીવ્રપણે કષાયખાનાના કારખાના માંડી (બેઠો હોય), ભાવમાં, હોં! ભાવની પર્યાય આ તો. ગાયો અને ભેંસો રાખે છે ને આમ? પડે માથે ફડાક. ઓલી કોર જુદું અને આ જુદું. એવા મિથ્યાત્વની જે તીવ્ર કષાયની અવસ્થા છે, એમાં પણ દ્રવ્ય તો નિત્ય છે. એ દ્રવ્ય એમાં આવ્યું નથી. સમજાણું કાંઈ? અને જે સિદ્ધપણે પરિણમ્યા... આહાહા..! એ પર્યાયપણે પણ દ્રવ્ય તો આવ્યું નથી, કહે છે. અહો...! એવું ને એવું છે કહે છે. એમાં ભેદ કે ખંડ કંઈ છે નહિ. આહાહા..! એવો ભગવાનઆત્મા, એની અંતરમાં એકાગ્રતા કર એ તારા કલ્યાણનો રસ્તો છે. આહાહા..! આ તો બધી વાતું કરીને મરી ગયો, આ વ્રત અને આ તપ. હેરાન..હેરાન (થઈ ગયો). કાયક્લેશ. સમજાણું?

સહજાનંદ પ્રભુ! સહજ પરમ પારિણામિકભાવની કહેનારી એવી સહજ નિશ્ચયનયથી, એ તો એવો ને એવો છે. **'જે આવો હોવાથી,...'** એ પરમાણુ **'ઇંદ્રિયજ્ઞાનગોચર નહિ હોવાથી...'** ઇંદ્રિયજ્ઞાનગોચર નથી. **'અને પવન, અગ્નિ ઇત્યાદિ વડે નાશ પામતો નહિ હોવાથી, અવિભાગી છે તેને, હે શિષ્ય! તું પરમાણુ જાણ.'** આને તું પરમાણુ જાણ. આહાહા..! 'યોગસાર'માં તો કહ્યું છે કે છ દ્રવ્યને પ્રયત્નથી જાણ. એવી ગાથા આવે છે. છ દ્રવ્યનું વ્યવહારું જ્ઞાન પણ તું પ્રયત્નથી જાણ.

**'[હવે ૨૬ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]'**

**अप्यात्मनि स्थितिं बुद्धवा पुद्गलस्य जडात्मनः ।**
**सिद्धास्ते कि न तिष्ठंति स्वस्वरूपे चिदात्मनि ।। ४०।।**

**શ્લોકાર્થ :– 'જડાત્મક પુદ્‌ગલની સ્થિતિ પોતામાં (–પુદ્‌ગલ જ) જાણીને...'** જ્યારે પરમાણુ પણ આવો જડ પોતામાં રહે છે... આહાહા..! એમ કહે છે. જેને કંઈ ભાન નથી, જેમાં જ્ઞાન નથી, એવો પરમાણુ પણ પોતે પોતામાં દ્રવ્ય તરીકે કાયમ રહે છે. **'અર્થાત્ જડસ્વરૂપ પુદ્‌ગલો પુદગલના નિજ સ્વરૂપમાં રહે છે એમ જાણીને), તે સિદ્ધભગવંતો પોતાના ચૈતન્યાત્મક સ્વરૂપમાં કેમ ન રહે?'** જ્યારે પરમાણુ પણ આવા દ્રવ્યસ્વરૂપમાં ત્રિકાળ રહે છે તો સિદ્ધસ્વરૂપ એવો ભગવાનઆત્મા, સિદ્ધ ભગવંતોની વ્યાખ્યા ભાષા લીધી, પણ બધા આત્માની વાત છે. અરે..! આ આત્મા પોતાના દ્રવ્યમાં કેમ ન રહે? દ્રવ્ય તો એવું ને એવું છે, ત્યાં કેમ ન જાય? આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! દિગંબર સંતોની કથની, જડની હોય તો પણ જુદી, ચૈતન્યની

જુદી, વાતું જુદી, ભાઈ! માણસ માને છે કે આ સંપ્રદાય છે. વાડો છે એમ નથી ભગવાન! આ તો વસ્તુની સ્થિતિની મર્યાદાની વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ખુલાસો કરીને બતાવ્યું આપે, નહિતર અમને કોણ બતાવત?

ઉત્તર :– આહાહા..! ભગવાન! પરમાણુ જ્યારે પોતાની જડની સ્થિતિમાંથી ખસતો નથી તો દ્રવ્ય સ્વભાવ એવો ભગવાન પોતામાં પોતાથી કેમ ખસે? અને ત્યાં દૃષ્ટિ માંડીને એમાં રહે, એમ કહે છે. પર્યાયમાં પાછો, હોં! આવું સ્વરૂપ છે તે ખસ્યું નથી. એવું જેને જ્ઞાન થાય તે એમાં રહે છે. રહેલો છે જ. દરેકનો રહ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે કે જડસ્વરૂપ પુદ્ગલ જ્યારે પોતાની જાતમાં રહે છે, તો આ ભગવાન પોતે દ્રવ્યસ્વભાવ જેવો છે, એમાં કેમ ન રહે હવે? પર્યાયથી કેમ ન રહે એમ કહે છે, હોં! સમજાણું કાંઈ? એની જ્ઞાનની પર્યાયમાં એમ આવે કે આ તો આમ ને આમ છે. ત્યારે તેણે આમ ને આમ છે એમ જાણ્યું કહેવાય. 'પોપટભાઈ'! આહાહા..!

પોપટ છે એ ભૂંગળીને પકડીને આમ (ઉંધો) થઈ ગયો. એનામાં ઉડવાની શક્તિ તો છે, પણ આમ થઈ ગયો છે એટલે જાણે હું ઊંધો છું (એમ માને છે). આમ છોડે એટલે ફટ ઊડી જાય. ભલે આમ હેઠે માથું હોય. અરે..! આવો તારો સ્વભાવ. પરમાણુએ જ્યારે નિત્યપણું છોડ્યું નહિ, તો તારો નિત્ય આનંદકંદ પ્રભુ કેમ પોતાને છોડે? એવી દૃષ્ટિ કેમ ન કરે? અને એવી સ્થિરતા કેમ ન કરે? એમ કહે છે અહીં તો. આહાહા..! એય..! 'જેઠાલાલભાઈ'!

એ પરમાણુ નિત્ય છે. આવો ને આવો રહ્યો છે. એવું એને એની પર્યાયને ખબર નથી. પરમાણુની પર્યાયને ખબર છે? આની પર્યાયની આને ખબર છે કે પરમાણુ એવો ને એવો નિત્ય રહ્યો છે. એ રીતે પરમાણુ જ્યારે આમ એનામાં રહે છે અને પર્યાયમાં આવતો નથી, તો હું એક દ્રવ્યસ્વભાવ ત્રિકાળી આનંદકંદ પ્રભુ! હું કેમ પર્યાયમાં આવું? એમ માનતા પર્યાયને દ્રવ્યમાં સ્થિર કરે છે. સમજાણું કાંઈ? 'વાડીભાઈ'! આવી લહેર છે દિગંબર સંતોની. આહાહા..! આ મુનિ છે માટે એની ટીકા માન્ય નથી, એમ કહે છે. અરે..! ભગવાન શું કરે છે તું આ? ભાઈ! તને ખબર નથી. આહાહા..! એણે ક્યાં લઈને મુક્યું, જુઓ તો ખરા! વાત પરમાણુની કરે છે ને વાત અહીં કરી નાખી. ભાઈ! પરમાણુની આદિ-અંતમાં પોતે છે. એને કોઈ અપેક્ષાની જરૂર નથી. એને તો ખબર પણ નથી કે આદિ-અંતમાં હું નો હું છું કે નહિ. એના જાણનારની પર્યાયમાં એમ આવ્યું કે આ તો એમ ને એમ છે. આ જાણનારની પર્યાય, આ આત્મા એમ ને એમ છે, એમાં કેમ ન ઠરે? એમ કહે છે. 'હીરાભાઈ'!

**'(સ્વરૂપમાં જ રહે છે એમ જાણીને),...'** જાણીને કહ્યું છે ને? **'विहाण'** હતું ને? ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે **'विहाण'**, એમ હતું ને? વિશેષે જાણ. પણ એ જાણવાનું પ્રયોજન શું પાછું? કે પરમાણુ આવો છે... જેણે જે જ્ઞાનની દશાએ એક એક પરમાણુ એવા કેટલા? આત્માની સંખ્યા

કરતા અનંતગુણા. એવા પરમાણુ પણ દ્રવ્યે એમ ને એમ રહે છે. એવી જ વસ્તુની સ્થિતિ છે. એની તો એને ખબર નથી. એને ખબર કરનારું આ જ્ઞાન, એને જેમ દ્રવ્યને એમ ને એમ છે એમ રહે છે એમ જાણે છે, તો તું પણ એમને એમ સહજ પારિણામિકભાવે છો. એમાં કેમ સ્થિર ન થા? એમાં કેમ ન જાય? આહાહા..! એ... 'હિરાભાઈ'! ઊંચા કર્યા છે આમ.

અરે..! સિદ્ધ ભગવંત. એ સિદ્ધ ભગવાન જ આ આત્મા છે. નિશ્ચયથી સિદ્ધ ભગવાન જ છે ને. વસ્તુ પોતે સિદ્ધ જ છે. શુદ્ધધ્રુવ. એ **'પોતાના ચૈતન્યાત્મક..'** ચૈતન્યરૂપ **'સ્વરૂપમાં કેમ ન રહે?'** આહાહા..! જ્યારે જેના જ્ઞાનમાં એમ આવ્યું કે પરમાણુ દ્રવ્ય, અનંતા અનંતા જડ જેને કાંઈ જ્ઞાન નથી, જેની કાંઈ ખબર નથી, અમે જગતના તત્ત્વ છીએ કે નહિ એવી પણ જેને ખબર નથી. આહાહા..! એવા તત્ત્વોનો, એવું ને એવું દ્રવ્ય રહે છે એવો જાણનાર ભગવાન, એ અનંતા પરમાણુ દ્રવ્યપણે તો એમ ને એમ છે. પર્યાયમાં આવ્યા નથી. એવું જાણનારો પર્યાય જ્ઞાનનો, એ તારું દ્રવ્ય પણ એમ ને એમ છે. બહાર આવ્યું નથી. એવું સ્વરૂપ તરફ નિર્ણય કરીને કેમ ન ઠરે? આહાહા..!

(શ્વેતાંબરના) ૩૨-૪૫ (સૂત્રો) વાંચો તો આ મળે એવું નથી. આ એક-એક કડીમાં... આહાહા..! આ દિગંબર ધર્મ એટલે આત્મધર્મ. 'છોટાભાઈ' કહેતા કે હવે આ દિગંબર ધર્મ બહાર આવ્યો. નહિતર સંતાઈ ગયો હતો. 'છોટાભાઈ' 'કલોલ' રહે છે ને. દિગંબર ધર્મ કાંઈ ગણતરીમાં નહોતો. બહારમાં શ્વેતાંબર-શ્વેતાંબર. 'અમદાવાદ'માં ને બધે ભાઈ બે-ત્રણ દિવસ પહેલા કહેતા હતા. ભાઈ કહેતા હતા 'છોટાભાઈ'. અરે..! દિગંબર ધર્મ એટલે આવું આત્માનું સનાતન સ્વરૂપ. એ કોઈ પક્ષ અને વાડો નથી.

મુમુક્ષુ :– સમજાવનાર નહોતા એટલે ક્યાંથી બહાર આવે?

ઉત્તર :– જે વખતે હોય એમ આવે ને. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! કારણપરમાણુ, કાર્યપરમાણુ... કાઢીને પાછું નાખ્યું કે એ પરમાણુ પર્યાયમાં નથી આવ્યો, હોં! એક ગુણપણે પરિણમે.. ભાઈ! ગજબ વાત છે. વસ્તુની સ્થિતિને પ્રસિદ્ધ કરવાની રીત અલૌકિક છે. ઓહોહો..! જ્યારે પરમાણુ જેવા જડ પણ, ગમે તેટલી ભારે-હળવી, ચિકાશ-લુખાશપણે દ્રવ્ય થતું નથી. ઓહોહો..! તો આવું દ્રવ્ય, ભગવાનઆત્માનું દ્રવ્ય એ સંસારની પર્યાયપણે કેમ આવે અને કેમ જાય? કેમ થાય? એટલે એની દૃષ્ટિ દ્રવ્યમાં જતાં, એ સિદ્ધપણે પરિણમવાની લાયકાત અંદર થઈ જાય, એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, એ ૪૦મો શ્લોક થયો. ૨૭મી ગાથા.

**एयरसरूवगंधं दोफासं तं हवे सहावगुणं ।**
**विहावगुणमिदि भणिदं जिणसमये सव्वपयऽत्तं ।।२७।।**

ગુણ-ગુણ શબ્દ વાપર્યો છે હોં. છતાં એ પર્યાય છે.

**બે સ્પર્શ, રસ–રૂપ–ગંધ એક, સ્વભાવગુણમય તેહ છે;**
**જિનસમયમાંહી વિભાવગુણ સર્વાક્ષપ્રગટ કહેલ છે. ૨૭.**

**ટીકા :– 'આ સ્વભાવપુદ્‌ગલના સ્વરૂપનું કથન છે. તીખો, કડવો, કષાયલો, ખાટો અને મીઠો એ પાંચ રસોમાંનો એક રસ;...'** પરમાણુમાં હોય છે. સમજાણું કાંઈ? કારણ કે પરમાણુનો ગુણ રસ છે એ તો ત્રિકાળ છે. આ તો પર્યાયો છે, આ પર્યાયો છે. ખાટો-મીઠો એ પર્યાય છે, ગુણ નથી. શું કહ્યું? 'પંડિતજી'! પર્યાય છે એ તો, રસગુણ છે. આ ખાટો-મીઠો રસ એ તો પર્યાય છે. એ રસગુણ પણ પર્યાયમાં આવ્યો નથી.

**'ધોળો, પીળો, લીલો, રાતો અને કાળો એ (પાંચ) વર્ણોમાંનો એક વર્ણ;...'** છે. વર્ણોમાંનો. વર્ણ એટલે ગુણનો નહિ આ. વર્ણગુણ તો ત્રિકાળી છે, તેની આ પર્યાય છે. પર્યાયને અહીં ગુણ કહેવામાં આવે છે. આહાહા..! છતાં એ કાળી, રાતી આદિ પર્યાયમાં દ્રવ્ય નથી આવ્યું. નિત્ય રસથી ભરેલું તત્ત્વ આવી પર્યાયપણે આવતું નથી. આહાહા..! આ વીતરાગનું વિજ્ઞાન જ જુદી જાતનું છે. આ પહેલા અજીવનું વાચ્યું નહોતું ને. હવે કહે આ વાંચો.

**'સુગંધ અને દુર્ગંધમાંની એક ગંધ;...'** સુગંધ-દુર્ગંધ તો પર્યાય છે. ગંધ નામનો ગુણ ત્રિકાળ છે. આહાહા..! અરે...! પરમાણુનો ગુણ, ધ્રુવ પણ જ્યાં પર્યાયમાં ન આવે, દ્રવ્ય પર્યાયમાં ન આવે એનો અર્થ કે દ્રવ્યના અનંતા ગુણો પર્યાયમાં ન આવે. આહાહા..! વીતરાગના કથનો વીતરાગભાવની પ્રસિદ્ધિ કરે છે. આહાહા..! ભગવાન! ગમે તે પર્યાયપણે તારી દશા હો, એને ન જો, એમ કહે છે. તારું તત્ત્વ ત્રિકાળ પર્યાયમાં નથી આવ્યું એને જો. આ એમ આવે છે ને? જુઓને ચૌદ માર્ગણામાં, ભાઈ! માર્ગણા ન જો. માર્ગણા એ જીવદ્રવ્યમાં નથી. આહાહા..! તું ભવિ-અભવિ એમ ન જો. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્ય તો ..

ઉત્તર :– દ્રવ્યને જોયું એટલે એ ખલાસ થઈ ગયું. આહાહા..! ચૌદ માર્ગણામાં આવે છે ને? ગતિ-જાતિ માર્ગણા આવે છે ને? એ જીવમાં નથી એમ આવશે. જીવ અધિકારમાં. જીવમાં નથી. ત્યારે એ જીવ નહિ? કે ના. એ પર્યાયજીવ તે વ્યવહારજીવ. આહાહા..! ભારે વાત, ભાઈ! કેવળજ્ઞાનમાં જીવ આવ્યો નથી. એક અંશમાં આખો અંશી ન આવે, એમાં ન સમાય. આહાહા..! જ્ઞાન અને આનંદ ગુણનું તત્ત્વ-સત્ત્વ પ્રભુ, એની પર્યાયમાં આવતું નથી. એમ આ પરમાણુઓ આવા રસમાં આવતા નથી, પર્યાયમાં છે. આહાહા..!

**'કઠોર, કોમળ, ભારે, હળવો,...'** જુઓ! આવ્યું હવે. **'હળવો, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ (ચીકણો) અને રૂક્ષ (લૂખો) એ આઠ સ્પર્શોમાંથી છેલ્લા ચાર સ્પર્શોમાંના અવિરુદ્ધ બે સ્પર્શ;...'** એક પરમાણુમાં લેવા છે ને. એક પરમાણુમાં બે અવિરુદ્ધ બે સ્પર્શ. ઠંડો હોય તો ઊનો ન હોય અને ઊનો હોય તો ઠંડો ન હોય. ઊનો, ચીકણો, ટાઢો નહિ. **'આ જિનોના મતમાં...'** ઓહોહો..! વીતરાગ ભગવાનના અભિપ્રાયમાં **'પરમાણુના સ્વભાવગુણો છે.'** એ પરમાણુ દ્રવ્યના સ્વભાવપર્યાય છે.

**'વિભાવપુદ્‌ગલ વિભાવગુણાત્મક હોય છે.'** બે પરમાણુથી માંડીને અનંતા પરમાણુઓ સ્કંધ એ વિભાવગુણ છે. જુઓ! વિભાવગુણ એટલે વિભાવપર્યાય.

**'આ દ્વિ-અણુકાદિસ્કંધરૂપ વિભાવપુદ્‌ગલના વિભાવગુણો સકળ ઇંદ્રિયસમૂહ વડે ગ્રાહ્ય (જણાવાયોગ્ય) છે.'** ઓલો પરમાણુ ઇંદ્રિયગ્રાહ્ય નહોતો કહ્યો. આ પર્યાય ઇંદ્રિયગ્રાહ્ય છે. 'વિભાવપુદ્‌ગલના વિભાવગુણો સકળ ઇંદ્રિયસમૂહ વડે ગ્રાહ્ય (જણાવાયોગ્ય) છે.–આમ (આ ગાથાનો) અર્થ છે.' આહાહા..!

**'એવી રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી પંચાસ્તિકાયસમયમાં (૮૧મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'** લ્યો. આ કાલે કહ્યું હતું ઇ.

**एयरसवण्णगंधं दोफासं सद्कारणमसद्दं ।**
**खंधंतरिदं दव्वं परमाणुं तं वियाणाहि ।।**

લ્યો. એક આ સ્કંધ છે, આંગળીનો પિંડ. એમાં એક એક રજકણ, પોતાના સ્વ ચતુષ્ટયથી રહેલો છે. નિત્ય, પર્યાયમાં તો આવ્યું નથી. પણ પર્યાય અહીં બીજાને અડી નથી, એમ કહે છે. એક રસની પર્યાયવાળો પરમાણુ, એક રંગની પર્યાયવાળો પરમાણુ, એક ગંધવાળો પરમાણુ અને બે સ્પર્શવાળો પરમાણુ **'તે પરમાણુ શબ્દનું કારણ છે,...'** પણ પોતે **'અશબ્દ છે...'** પરમાણુ પોતે અશબ્દ છે. એક રજકણ આમાં ગમે તે, એમાં શબ્દ નથી, પણ શબ્દનું કારણ છે. **'સ્કંધની અંદર હોય તો પણ...'** આહાહા..! જુઓ તો ખરા! આ રજકણ દેહમાં હોય. આમાં સ્કંધમાં હોય **'તો પણ દ્રવ્ય છે (અર્થાત્ સદાય સર્વથી ભિન્ન, શુદ્ધ એક દ્રવ્ય છે).'** શુદ્ધનો અર્થ એકલું. પાછું છે તો વિભાવ ઉપર પરિણમેલું, ભાઈ! આ શુદ્ધ નાખી દીધું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. પણ છતાં તે બંધપર્યાયવાળો કીધો. પર્યાયવાળો પણ... એમ છે. પર્યાયવાળો કીધોને. **'પરમાણુ શબ્દનું કારણ છે, અશબ્દ છે અને સ્કંધની અંદર હોય તોપણ દ્રવ્ય છે.'** આવી પર્યાયવાળો. **'સર્વથી ભિન્ન, શુદ્ધ એક દ્રવ્ય છે.'** વસ્તુ તરીકે ગણો તો શુદ્ધ દ્રવ્ય છે. પર્યાય તરીકે ગણો તો પરના સંબંધ વિનાની ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ? કહો, આટલામાં એક રહેલો પણ પોતાના સ્વચતુષ્ટયમાં છે ઇ. આહાહા..! આવું જ્ઞાન સર્વજ્ઞ સિવાય અને તે પણ તેના જ્ઞાનગમ્ય થઈ શકે એ રીતે. સમજાણું કાંઈ? એક એક પરમાણુ એના સ્કંધમાં હોવા છતાં. **'સદાય સર્વથી ભિન્ન શુદ્ધ એક દ્રવ્ય છે.'** લ્યો. આહાહા..!

**'વળી માર્ગપ્રકાશમાં (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'** જુઓ શબ્દનું કારણ છે. કોણ? એક પરમાણુ, હોં! શબ્દનું કારણ આત્મા છે એમ નહિ. આ હોઠ શબ્દનું કારણ છે એમ નહિ. શબ્દનું કારણ પરમાણુ છે. આહાહા..! આત્મા શબ્દનું કારણ નથી. શબ્દની ઉત્પત્તિ આત્મા છે માટે થાય છે એમ નથી. આહાહા..! ભારે ભાઈ વાત છે.

મુમુક્ષુ :– હોઠ ચાલે તો થાય.

ઉત્તર :– હોઠ છે એ વર્ગણા બીજી છે. આહારવર્ગણા છે. ઓલી શબ્દવર્ગણા છે. આહારવર્ગણા તે શબ્દવર્ગણાની ઉત્પત્તિ નથી. આહાહા..! ભારે આકરું કામ જગતને. હજી તો બહાર પરદ્રવ્યનું કર્તા ન માને તો દિગંબર જૈન નહિ, એમ કહે. અર..ર...! શું કર્યું ભગવાન તેં? અરે..! એકલો વ્યવહારે ભિન્ન છે એટલો ખ્યાલમાં લેતા તને આકરું પડે છે. આત્મા શરીરમાં હોવા છતાં શરીરથી તદ્દન જુદો છે. રાગ સાથે દેખાવા છતાં રાગથી તદ્દન જુદો છે અને પર્યાયવાળો દેખાવા છતાં દ્રવ્ય પર્યાયથી જુદું છે. એવી દૃષ્ટિ કર્યા વિના એને સમ્યગ્દર્શન થશે નહિ. કહો, સમજાણું કાંઈ? લ્યો. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ચૈત્ર સુદ ૬, ગુરુવાર, તા. ૧-૪-૧૯૭૧**
**ગાથા ૨૮-૨૯, શ્લોક ૪૧-૪૩, પ્રવચન નં. ૩૦**

૨૭મી ગાથા થઈ ગઈ. ૨૬માં કહ્યું હતું કે આ આત્મા, '**સહજ પરમ પારિણામિકભાવની વિવક્ષાનો આશ્રય કરનારા સહજ નિશ્ચયનયથી...**' ત્રિકાળ શુદ્ધસ્વભાવથી કોઈ દિ' ભ્રષ્ટ થયો નથી. નિત્ય, અનિત્ય નિગોદમાં લીધું, આમ કાલે એમ નાખ્યું. ત્રિકાળ જ્ઞાયકભાવ નિત્ય એ નિગોદથી માંડીને પર્યાય અનિત્યમાં આવ્યો નથી એમ વાત કરી. અર્થ આમ છે. ભાવમાં કાંઈ ફેર નથી. આત્મા સહજ સ્વભાવ, એકરૂપ પરમભાવ એ પોતે પોતાના સ્વભાવથી નિગોદથી માંડીને સિદ્ધની પર્યાયમાં ક્યાંય આવ્યો નથી, ચ્યુત થયો નથી. એવું તે આત્મદ્રવ્ય તે ધ્યાન કરવા લાયક છે.

મુમુક્ષુ :– ધ્યાન કરવા લાયક તો પર્યાય થઈ ગઈ.

ઉત્તર :– પર્યાય છે પણ પર્યાયનો વિષય આ છે ને.

મુમુક્ષુ :– પર્યાયનો .. ન કરવો.

ઉત્તર :– ધ્યાન કરવું છે, મોક્ષમાર્ગ છે એ બધી પર્યાય છે.

મુમુક્ષુ :– કથન નહિ કરવાનું, એક જ કરવાનું ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ.

ઉત્તર :– પણ ધ્રુવ-ધ્રુવ કોણ નક્કી કરે? ધ્રુવનું નક્કી કોણ કરે? પર્યાય કરે કે ધ્રુવ કરે?

મુમુક્ષુ :– પર્યાય સામું જોવાનું નહિ. ભગવાને ના પાડી છે પર્યાય સામું જોવાની.

ઉત્તર :– સામું જોવાનું પણ આ સામું જોવે છે એ પર્યાય છે એની ના પાડી છે? એય..! 'કાંતિભાઈ'! શું છે? આ કાંઈક પ્રશ્ન ઊઠ્યો લાગે છે. અહીં તો કહે છે... આ તો નિત્ય નિગોદ, અનિત્ય એની સાથે સંબંધ હતો એટલે જરીક ફરીને (લીધું). વસ્તુ તો એક જ્ઞાયકભાવ શુદ્ધ પરમસ્વભાવ, પરમ પારિણામિકભાવ, જેમાં પર્યાય નથી, એમાં નથી. પણ નિર્ણય અને અનુભવ કરે છે પર્યાય.

મુમુક્ષુ :– હું ધ્રુવ છું એમ તમે કહેતા નથી અને તમે એમ કહો છો કે ધ્રુવની સમક્ષ અને શુદ્ધપણે પરિણમ્યા વિના ધર્મ થાય નહિ એમ કહો છો.

ઉત્તર :– પણ એ તો એનું એ થયું ને એમાં શું થયું? ત્રિકાળી ધ્રુવના સન્મુખ થઈને દશા પ્રગટ કર્યા વિના ત્રણકાળમાં ધર્મ થતો નથી.

મુમુક્ષુ :– એમ તમે શું કરવા કહો છો? હું ધ્રુવ છું... હું ધ્રુવ છું.. ધ્રુવ છું... એમ કીધા કરો. મેં કીધું પણ એ કહેવું એ પર્યાય છે. હું ધ્રુવ છું એમ કહેવું એ પણ પર્યાય છે.

ઉત્તર :– શું છે? 'ચેતનજી'! પણ હું ધ્રુવ છું એ જાણે છે કોણ? એ ધ્રુવ જાણે છે? એય..!

મુમુક્ષુ :– એને કહેનાર કોણ?

ઉત્તર :– પર્યાય. અહીંયા તો આત્મા પૂર્ણાનંદ પ્રભુ એક સમયમાં..

મુમુક્ષુ :– ... આમ કર્યા વિના ધર્મ ન થાય, એમ શું કરવા કહો છો? ધ્રુવ કહો.

ઉત્તર :– પણ ધ્રુવ છે એમ જાણનાર કોણ છે?

મુમુક્ષુ :– પણ એનું શું કામ છે? એ તો પર્યાય થઈ.

ઉત્તર :– એ.. 'ભિખાભાઈ'! કેવા? 'જેઠાભાઈ'! શું છે આ? કોની સાથે વાંધો ઉઠ્યો છે?

મુમુક્ષુ :– પોતાની સાથે.

ઉત્તર :– આત્મા... અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમ ફરમાવે છે અને એમ છે કે આ આત્મા ત્રિકાળ ધ્રુવ સ્વભાવ, પરમ સ્વભાવવાળું તત્ત્વ, એ જ આત્મા (છે). એનું ધ્યાન કરવું એટલે એની દૃષ્ટિ ને જ્ઞાન કરવું એ ધર્મ છે. આ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી ને એ બધો ધર્મ નથી.

મુમુક્ષુ :– આપ તો આટલું જ કહો, અધર્મ શબ્દ ન બોલતા.

ઉત્તર :– એ વાત માટે તો આ વાત છે. એ પણ હજી આમાં આવશે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર તો પર છે, એની સામું જોઈને જેટલી ભક્તિ થાય એ બધો રાગ છે, પુણ્ય છે, ધર્મ નહિ. સમજાણું કાંઈ? ત્રણલોકના નાથ તીર્થંકર સર્વજ્ઞ હો, સમવસરણમાં બિરાજતા હો, સો ઇન્દ્રો પૂજતા હોય એની પણ ભક્તિ, એની શ્રદ્ધા, એના સન્મુખનું જ્ઞાન એ બધું પરાધીન અને રાગ છે.

મુમુક્ષુ :– શાસ્ત્રનો અભ્યાસ એ?

ઉત્તર :– શાસ્ત્રનો અભ્યાસ એ રાગ અને પરાધીન છે.

મુમુક્ષુ :– એ વિના કામ નહિ ચાલે.

ઉત્તર :– એ વિના ચાલવાની વાત અહીં છે. વાત એ છે. દુનિયાને સત્ય હાથ જ આવ્યું નથી. સમજાણું કાંઈ? એય..! 'વસંતીલાલજી'! આહાહા..! કેવો માર્ગ છે? માર્ગને હજી તો સાંભળ્યો નથી. એમ જાણે આ ભક્તિ કરીએ ભગવાનની, ગુરુની અને આત્માનું કલ્યાણ થઈ જશે. ધૂળમાં પણ નહિ થાય. કલ્યાણ નહિ થાય તો ગતિ એક ભવ નહિ મટે. એય..!

મુમુક્ષુ :– .. સાધન નથી.

ઉત્તર :– ભવના નાશનો એ ઉપાય જ નથી. સાચો અંતર ભગવાનઆત્મા પણ.. તેથી લીધું ને? **'પરમ પારિણામિકભાવની વિવક્ષાનો આશ્રય કરનારા...'** નિશ્ચયનયથી ભગવાન! નિત્ય અને અનિત્ય નિગોદની પર્યાયોથી ભિન્ન છે. એ ૨૬ મી ગાથાનું આવી ગયું. હવે બીજી વાત. હવે આપણે ચાલે છે એ. ૫૯. ઓલો પંચાસ્તિકાયનો શ્લોક આવ્યો ને? એમાં પણ જરીક લેવાનું છે, જુઓ! પહેલો બારમો કાલે લેવાઈ ગયો છે. પણ એમાં જરી વિસ્તાર છે.

આ સ્કંધ છે ને રજકણો, આ જથ્થા, જડ, માટી, આંગળી, પૈસો, દાળ, ભાત, શાક, કર્મ, વાણી એમાં એક પરમાણુ જે રહેલો છે, એક પોઈન્ટ રજકણ એમાં છુટો એ **'એક રસવાળો, એક વર્ણવાળો, એક ગંધવાળો અને બે સ્પર્શવાળો તે પરમાણુ શબ્દનું કારણ છે,...'** આત્મા ભાષાનું કારણ છે નહિ. આત્મા બોલતો નથી અને આત્માથી ભાષા થતી નથી. જગતના સત્ત્વની ખબર ન મળે અને એમ ને એમ રખડપટ્ટીમાં રખડતા ધર્મ થઈ જાય. સમજાણું કાંઈ? એય..! 'કાન્તિભાઈ'! શબ્દનું કારણ પરમાણુ છે, આત્મા નહિ. આ અવાજ ઊઠે એ આત્માથી નહિ. આહાહા..! જડની દશા જડથી ઉત્પન્ન થાય છે.

**'અશબ્દ છે અને સ્કંધની અંદર હોય તોપણ દ્રવ્ય છે (અર્થાત્ સદાય સર્વથી ભિન્ન, શુદ્ધ એક દ્રવ્ય છે).'** અહીં તો ઓલો શુદ્ધ શબ્દ આવ્યો એટલે જરા વધારે સ્પષ્ટ કરવું છે. કે છે રજકણ આની અંદર, પણ છે એ એકલો સ્વતંત્ર તેથી એને શુદ્ધ કહીએ છીએ. છે તો એની પર્યાય વિભાવીક.

મુમુક્ષુ :– બીજાથી જુદો.

ઉત્તર :– બીજાથી જુદો. એટલે શુદ્ધ કહેવામાં આવે છે. નહિતર પર્યાય શુદ્ધ નથી. આમાં રહેલો રજકણ, જે છેલ્લો પોઈન્ટ, આ તો ઘણા રજકણનું પિંડ છે. ટુકડો કરતા... કરતા... કરતા... છેલ્લો પોઈન્ટ (રહે) એ જે એમાં છે એ શુદ્ધ છે. શુદ્ધનો અર્થ પરના સંબંધ વિનાનો. છે તો વિભાવીક પર્યાય. પરમાણુ આમાં રહેલો છે એ વિભાવિક અવસ્થાવાળો છે, વિકારી અવસ્થાવાળો છે. એ ગુણ અને પર્યાય એમાં વિકારી છે. છતાં તેને શુદ્ધ દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતને ક્યાંય જ્ઞાન ન મળે, સમજણ ન મળે અને એને ધર્મ થઈ જાય. અનંતકાળમાં ચોરાશીના રખડવાના રસ્તા છે.

મુમુક્ષુ :– શુદ્ધ કેમ કહ્યું?

ઉત્તર :– કહ્યું ને. આ શું કહ્યું? પરના સંબંધ વિના પોતાના ચતુષ્ટયમાં રહ્યો છે એ અપેક્ષાએ શુદ્ધ કહ્યો.

મુમુક્ષુ :– સારા-ખરાબ શબ્દો જે થાય છે...

ઉત્તર :– શબ્દો જડ છે.

મુમુક્ષુ :– સારું-ખરાબ...

ઉત્તર :– શબ્દમાં સારું-ખરાબ છે જ નહિ. એ તો વાણી જડ છે, ધૂળ છે.

મુમુક્ષુ :– શાસ્ત્ર તો કહે છે કે આ સાંભળો, પેલું સાંભળો નહિ.

ઉત્તર :– ન સાંભળો, એનો અર્થ, કે સાંભળવામાં વિકલ્પ આવે છે. તે રાગ છે, ધર્મ નથી.

મુમુક્ષુ :– શાસ્ત્ર વાંચવું-સાંભળવું.

ઉત્તર :– વાંચવા-સાંભળવામાં રાગ છે એમ કહે છે.

મુમુક્ષુ :– એમ કહે છે, કુશાસ્ત્ર ન વાચવા અને સુશાસ્ત્રો વાંચવા.

ઉત્તર :– એ વાત વ્યવહારે. શુભ વિકલ્પ છે. શુભરાગ એ અપેક્ષાએ વાત છે. સુશાસ્ત્ર સાંભળે અને વાંચે તો પણ શુભરાગ છે, પુણ્ય છે, ધર્મ નહિ.

મુમુક્ષુ :– કુશાસ્ત્ર કાંઈ સ્વયં તો નથી થયા ને...

ઉત્તર :– શાસ્ત્ર તો જડ છે. તેનાથી થયા છે. શાસ્ત્ર, શાસ્ત્રથી થઈ ગયા, જડથી. આત્માથી નહિ.

મુમુક્ષુ :– વાણી નિમિત્ત નહિ?

ઉત્તર :– પણ વાણી તો જડ છે.

મુમુક્ષુ :– અહીં પુદ્ગલ લખ્યું છે.

ઉત્તર :– આ પણ પુદ્ગલ છે, જડ છે. એ ક્યાં આત્મા છે? વાણી ઉઠે છે એ જડ છે. એ તો અવાજ છે. રજકણનો અવાજ છે, આત્માનો નથી. આત્મા તો તેનાથી ભિન્ન છે. વસ્તુની સ્થિતિની ખબર ન મળે. 'પોપટભાઈ'! ભગવાન શું કહે છે? આ તો જાણે કોઈ ભગવાન આપી દેશે અને ગુરુ આપી દેશે. ભક્તિ કરો, આપણે દાન આપો. કલ્યાણ થઈ જશે. ધૂળમાં પણ કલ્યાણ નહિ થાય. એકપણ ભવ નહિ ઘટે. તારા લાખ-કરોડ દાન આપ અને ભક્તિ કરીને મરી જા સો સો વર્ષથી. એમ કહે છે. સમજાણું કાંઈ? એક્કે ભવ નહિ ઘટે. એમ ને એમ અનંતા ભવ રહેશે. પરની ભક્તિ અને પરથી મને લાભ થાય, એ માન્યતામાં મિથ્યાત્વભાવ છે. એય..! 'પંડિતજી'!

અહીં તો આપણે આટલું આ શુદ્ધ દ્રવ્યથી કીધું હતું ને. રાત્રે પ્રશ્ન ઉઠ્યો હતોને કે શુદ્ધથી શું? એકલો દ્રવ્ય છે માટે શુદ્ધ કહેવું? અહીં તો મૂળ તો ગુણ પર્યાયવાળું દ્રવ્ય લીધું છે. શુદ્ધ પરમાણુ. એ નથી ભલે પણ દ્રવ્ય છે ને. સ્વતંત્ર દ્રવ્ય સિદ્ધ કરવું છે ને? ભલે કૌંસમાં લખ્યું પણ એનો અર્થ આપણે આમ લેવો. એમ.

મુમુક્ષુ :– આમાં છે ને પંચાસ્તિકાયમાં.

ઉત્તર :– શુદ્ધ શબ્દ નથી. ના. શુદ્ધ શબ્દ નથી. એ જોયું. ૮૧ (ગાથા) છે. ગુણ-પર્યાય મારે તો જોવી છે એમાં. એ સંસ્કૃતમાં છે. ગાથા છે ને, જુઓ! **'આ પરમાણુદ્રવ્યમાં ગુણ-પર્યાય વર્તવાનું (ગુણ અને પર્યાય હોવાનું) કથન છે.'** એકલા દ્રવ્યની વાત નથી. ભાઈ! અહીંયા. સંસ્કૃત છે આ. ગુણપર્યાય વર્તવાનું કથન છે. **'અને સ્નિગ્ધ-રૂક્ષત્વના કારણે બંધ થવાને લીધે અનેક પરમાણુઓની એકત્વપરિણતિરૂપ સ્કંધની અંદર રહ્યો હોય તોપણ સ્વભાવને નહિ છોડતો થકો, સંખ્યાને પ્રાપ્ત હોવાથી (અર્થાત્ પરિપૂર્ણ એક તરીકે જુદો ગણતરીમાં આવતો હોવાથી) એકલો જ દ્રવ્ય છે.'** બસ, શુદ્ધ શબ્દ આમાં નથી. પણ હવે આમાં શુદ્ધ નાખ્યો છે એનો અર્થ સરખો બેસવો જોઈએ એટલે. સમજાણું કાંઈ? એય..! આહાહા..! હવે કહે છે. ૧૩ મો શ્લોક છે.

**वसुधान्त्यचतुःस्पर्शेषु चिन्त्यं स्पर्शनद्वयम् ।**
**वर्णो गन्धो रसश्चैकः परमाणोः न चेतरे ।।**

પરમાણુ એટલે એક પોઈન્ટ, રજકણ. એ પણ સ્વતંત્ર વસ્તુ છે. **'પરમાણુને આઠ પ્રકારના સ્પર્શોમાંથી છેલ્લા ચાર સ્પર્શોમાંના બે સ્પર્શ, એક વર્ણ, એક ગંધ અને એક રસ સમજવાં, અન્ય નહિ.'** પરમાણુનું સ્વરૂપ સ્વતંત્ર છે. તેનું પરિણમન કરાય, ભાષા થાય, વાણી થાય, ચાલવું થાય એ સ્વતંત્ર જડથી થાય છે. આત્માથી બિલકુલ નહિ, એમ સિદ્ધ કરવું છે. અજ્ઞાનીને એ ક્રિયા ચાલવાની, બોલવાની મારી છે એમ માને તે મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– વ્યવહારથી તો કહેવાય ને.

ઉત્તર :– બિલકુલ વ્યવહારથી નથી. વ્યવહારથી કેવું? વ્યવહાર એટલે નિમિત્તનું કથન છે. જોડે કોણ હતું એટલું બતાવવા. એનાથી થયું નથી. પરમાણુથી થયેલી આ ભાષા છે. પરમાણુથી થયેલું આ શરીર છે. આ ચાલે આમ આમ તો એ પરમાણુથી પોતે ચાલે છે. આત્માને લઈને નહિ. એ જડ મારાથી ચાલે, માને એ અજીવને જીવ માને છે. મિથ્યાત્વ મહાપાપ. પાખંડનું મિથ્યાત્વનું મહાપાપ. કહો, સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ છે, ભાઈ! એણે સાંભળ્યો નથી અને કરવાની દરકાર જ કરી નથી. ક્યાંક સહેલું મળી જાય. દાન મળે, પૂજા, કાં ભક્તિમાંથી ધર્મ થઈ જાય એમ નથી. નજીક આવો. વચ્ચે જગ્યા ઘણી છે. બધા દ્વારકા જવા નીકળ્યા છે?

મુમુક્ષુ :– હા. દ્વારકાની બાજુમાં ...

ઉત્તર :– બરાબર. અહીંનો વિષય જરી ઝીણો બહુ છે, સૂક્ષ્મ છે. હવે અહીંયા આપણે શ્લોક લઈએ. શ્લોક છે ને? ૪૧. ૪૧મો શ્લોક, ભાઈ!

**વળી (૨૭ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા ભવ્ય જનોને શુદ્ધ આત્માની ભાવનાનો ઉપદેશ કરે છે) :–**

**अथ सति परमाणोरेकवर्णादिभावस्व-**
**त्रिजगुणनिचयेऽस्मिन् नास्ति मे कार्यसिद्धिः।**
**इति निजहृदि मत्त्वा शुद्धमात्मानमेकम्**
**परमसुखपदार्थी भावयेद्भव्यलोकः ।।४१।।**

આ જડ છે જડ. આ માટી છે. આંગળી, વાણી, દાળ, ભાત, શાક, આ મકાન એ બધા જડ તત્ત્વો છે. શરીર એ જડ તત્ત્વ, માટી તત્ત્વ છે. એ કાંઈ આત્મા નથી. આત્મા અંદર જુદું તત્ત્વ છે, આ જુદું તત્ત્વ છે. આ તો જડ માટી તત્ત્વ છે. એ માટીમાં કહે છે કે એનો જે પરમાણુ છે, એક પોઈન્ટ છેલ્લો. આ તો ઘણા રજકણ બનીને આંગળી થઈ છે. કાંઈ આ આત્મા નથી. આત્મા તો અંદર અરૂપી જ્ઞાનઘન, સચ્ચિદાનંદ, નિર્મળાનંદ, શુદ્ધ ભિન્ન છે. એ આત્મામાં, ગુણમાં હું રહું

એમ બતાવવા અહીંયા આ રજકણો એમાં જે છે, **'એકવર્ણાદિરૂપ પ્રકાશતા (જણાતા) નિજગુણસમૂહમાં છે,...'** એ રજકણો જે આ છે એની શક્તિના ગુણસમૂહમાં રહેલ છે, આત્મામાં નહિ. **'તો તેમાં મારી કાર્યસિદ્ધિ નથી.'** એ જડના ગુણોમાં રહેલું જડ, એને લઈને મારી કાર્યસિદ્ધિ શું? હું તો આત્મા છું. મારું સ્વરૂપ તો આનંદ અને સચ્ચિદાનંદ જ્ઞાનઘન છે.

કહે છે કે પરમાણુમાં આ થાય એમાં મારું શું? **'આમ નિજ હૃદયમાં માનીને પરમ સુખપદનો અર્થી...'** જેને આત્માનો આનંદ જોવે છે. **'પરમ સુખપદનો અર્થી ભવ્યસમૂહ શુદ્ધ આત્માને એકને ભાવે.'** ભાષામાં. હજી એમાં ઘણો અર્થ છે. એનો અર્થ હજી લાંબો થાય છે 'રતિભાઈ'! એ પાનું ફેરવે નહિ ચાલે. હજી એનો અર્થ થાય છે. શું કીધું? ઓલી કોર છે. ૫૯ પાને. એ પાનું ફેરવ્યું એટલે મેં એને ના પાડી.

અહીંયા કહે છે, રજકણો આ એક એક પરમાણુ આ માટી છે, એ એના ગુણમાં, શક્તિના ગુણમાં રહેલા છે. એ આત્મામાં નથી. માટે અહીં કહે છે કે જડ એના ગુણમાં રહ્યાં તેમ જાણીને અમે તો અમારા ગુણમાં રહેશું. અમે ભગવાનઆત્મા છીએ, એમાં આનંદ અને જ્ઞાન, શાંતિ છે. તો એ રજકણો જ્યારે એની શક્તિમાં, એની દશામાં રહ્યા છે તો એને લઈને કાંઈ અમારી કાર્યસિદ્ધિ નથી. અમે અમારા ગુણમાં રહીએ એ અમારી કાર્યસિદ્ધિ છે. 'પોપટભાઈ'! ઝીણી વાત છે, ભાઈ! તત્ત્વની વાતું નથી સાંભળી એણે.

**'સુખપદનો અર્થી...'** આત્મા આનંદસ્વરૂપ છે, સચ્ચિદાનંદ છે. સત્ એટલે શાશ્વત જ્ઞાન અને આનંદનું રૂપ એનું છે. એવા આનંદનો જે અર્થી, **'ભવ્યસમૂહ શુદ્ધ આત્માને એકને ભાવે.'** ભાષા જુઓ! આ દેવ-ગુરુ-શાસ્ત્રને ભાવે એ નહિ. એમ કહે છે. કારણ કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભાવના કરે અને એની ભક્તિ આદિ એ બધું રાગ અને શુભ છે, પુણ્ય છે, ધર્મ નહિ. અને એ પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય એમ પણ નહિ. ઝીણી વાત છે. સમજાણું કાંઈ?

**'સુખપદનો અર્થી...'** ભગવાનઆત્મા આનંદ ગુણવાળો છે. જેમ પરમાણુ તદ્દન સ્પર્શના ગુણવાળો છે, તો હું પણ એક આનંદના ગુણવાળો છું. પરમાણુ જેમ એના જડના ગુણમાં રહ્યા છે, તો હું મારા આનંદગુણમાં રહું. એમાં મારી કાર્યસિદ્ધિ છે. અરે..! વાતું ભારે આવી.

કહે છે સુખપદનો અર્થી, **'પરમ સુખપદનો અર્થી...'** અતીન્દ્રિય આનંદ ભગવાન મુક્તિ આત્માનું સ્વરૂપ. એ અતીન્દ્રિય આનંદ અંદર આત્મામાં છે. એ આનંદમય આત્મા છે. એવો ભવ્ય જીવ, **'સુખપદનો અર્થી ભવ્યસમૂહ...'** ભવ્યસમૂહ, જુઓ! ઘણા જીવોનું ટોળું, ભવ્યનું. એ આમ કરે, કહે છે. ભવ્યસમૂહ. લાયકના જીવો જે જીવો છે તે શુદ્ધ આત્માને પરમાનંદ પ્રભુ ધ્રુવ ચૈતન્ય આનંદ છું, એને એકને ભજે. એની એકની સેવા કરે. પરની નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી કાંઈ કલ્યાણ નથી. આ રાગ થાય, દયા, દાન, વ્રત, ભક્તિનો એનાથી કલ્યાણ નથી. આ એક સમયની વર્તમાન દશાને ભજવાથી પણ કલ્યાણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો આત્માની વાત છે, ભાઈ! આ આત્મા અંદર પ્રભુ છે. સચ્ચિદાનંદમૂર્તિ છે. એમાં અનંત અનંત શક્તિ છે. એમાં અનંત અતીન્દ્રિય આનંદથી લવાલવ ભરેલો છે. એવા **'ભવ્યસમૂહ શુદ્ધ આત્માને એકને ભાવે.'** લ્યો. શું કીધું સમજાણું? જુઓ! પાછા **'શુદ્ધ આત્માને એકને ભાવે.'** હું અખંડ આનંદ અને શુદ્ધ ચૈતન્યધાતુ, ચૈતન્યસ્વરૂપ છું. એવા સ્વરૂપ સન્મુખ થઈને તેનું એકાગ્ર થવું, એની ભાવના ધ્યાનમાં કરવી. વર્તમાન જ્ઞાનની દશાને ધ્રુવનો ધ્યેય, વિષય બનાવવો, એને ભાવના કહેવામાં આવે છે. એનું નામ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધ આત્માને ભવ્યનું ટોળું, ઘણા ભવ્યજીવો, લાયક જીવોએ કરવું શું? કલ્યાણ કરવું હોય તો શું કરવું? એને ધર્મ કરવો હોય તો શું કરવું? કે આનંદમૂર્તિ પ્રભુ આત્મા છે, એનું ભજન કરવું એટલે એમાં એકાગ્રતા કરવી. આહાહા..!

મુમુક્ષુ :– શુદ્ધ આત્મા એક કેવો છે એ પહેલા જાણવો પડે.

ઉત્તર :– શુદ્ધાત્મા શું છે? એક શું છે? પર્યાય શું છે? રાગ શું? સંયોગ શું? એ તો જાણવું પડે ને. નવ તત્ત્વની ભિન્નતા જાણ્યા વિના એક તત્ત્વમાં આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? ઝીણું બહુ, ભાઈ! અનાદિથી એવું તો (જાણ્યું નથી).

આત્મા પોતાનો સ્વભાવ સચ્ચિદાનંદ છે. એનું ધ્યાન છોડી, એણે બીજા ધ્યાન અનંતવાર કર્યા. એમાં કાંઈ વળ્યું નહિ. એ ચોરાશીના જન્મ-મરણ એમ ને એમ ઊભા છે. 'પરમાત્મપ્રકાશ'માં તો એમ પણ કહ્યું છે, ભવો, ભવો જિનવર પૂજા. આવે છે ને? ભવે ભવે જિનવર તીર્થંકરની પૂજા અનંતવાર કરી. થોથા ગઈ. રાગ છે ને એ ક્યાં ધર્મ હતો? એય..! 'પ્રકાશદાસજી'! આહાહા..! એ તો 'સમ્યગ્જ્ઞાન દીપિકા'માં આવે છે. તીર્થંકરદેવ આમ ભગવાન બિરાજતા હતા. મણિરત્નના દિવા, હિરાનો થાળ, કલ્પવૃક્ષના ફૂલ (લઈને) એવી ભગવાનની પૂજા સમવસરણમાં અનંતવાર કરી પણ કાંઈ આત્માનું વળ્યું નહિ. એ તો શુભરાગ છે, વિકલ્પ છે, એ તો પુણ્ય છે, ધર્મ નહિ. આહાહા..!

મુમુક્ષુ :– આત્મા ન મળ્યો પણ એવા સંયોગ તો મળ્યા ને.

ઉત્તર :– એ મળ્યા નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! સંપ્રદાયમાં અત્યારે તો એવો ગોટો ઉઠ્યો છે કે બહારના માર્ગમાં પડ્યા અને કહે આમાંથી ધર્મ થાય. કેટલાક દયા, દાન, વ્રત અને તપ કરીને ધર્મ માને. કેટલાક ભગવાનની ભક્તિ અને ગુરુની ભક્તિથી ધર્મ માને. બધા મિથ્યાદૃષ્ટિ ઊંધે રસ્તે છે. સમજાણું કાંઈ? એ અનાદિનો રખડવાનો રસ્તો છે એના એ રસ્તે છે એ.

મુમુક્ષુ :– સમ્યગ્દૃષ્ટિ ભગવાનની ભક્તિ તો કરે છે.

ઉત્તર :– એ તો વિકલ્પ આવે છે અને જાણે કે આ હેય છે. હેય છે પણ વસ્તુમાં ઠરી શકતો નથી એટલે અશુભથી બચવા એવું આવે છે પણ હેય છે, આદરણીય નથી. સ્વભાવ આદરણીય છે. ભાષા જુઓને! 'જેઠાભાઈ'! 'જેઠાભાઈ'એ બહુ ભક્તિ કરી છે અને બહુ અપવાસ કર્યા હતા.

ઉપધાન કરીને સુકાઈ ગયા હતા. ધૂળેય વળ્યું નહિ કાંઈ એમાં. ઉપધાનમાં તો બહુ ભગવાનને... શું કહેવાય? ખમાસણા. ઓ..હો..! ખમાસણા. મોટી મજુરી છે. આહાહા..!

કહે છે, ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે જે ભવ્યસમૂહ જીવ છે તે તો **'શુદ્ધ આત્માને એકને ભાવે.'** આહાહા..! જેમાં શક્તિ અનંત પડી છે, બેહદ ગુણ આનંદ શાંતિ પડ્યા છે. એવો જે ભગવાનઆત્મા એની અંદરમાં એકાગ્ર થઈને આત્માની ભાવના કરે, એનું નામ ભગવાન ધર્મ અને મુક્તિનો ઉપાય કહે છે. આહાહા..! અનંતકાળ એણે રખડવામાં ગાળ્યો. ચારગતિ. ધર્મને નામે પણ અધર્મ સેવ્યા અને માન્યા ધર્મ. સાંભળવા મળે નહિ. ન્યાં તો બીજું સાંભળે, કરો ભક્તિ. ધૂન લગાવો. ભગવાનની ભક્તિ કરો. ધૂન લગાવો એ રાગની ધૂન છે. સમજાણું કાંઈ?

એક આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ! અંદર પૂર્ણ સ્વરૂપ આત્મા છે. શાંતિથી ભરેલું તત્ત્વ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો એ ધામ પ્રભુ આત્મા છે. એની અંદર દૃષ્ટિ લગાવીને, એની એકાગ્રતાની ભાવના કરવી એનું નામ મુક્તિનો ઉપાય છે. કહો, 'રતિભાઈ'! શબ્દો તો યાદ રહે કે નહિ? 'રતિભાઈ'! અમારે આવ્યા છે ને, ભાઈ! રાજભા! 'રતિભાઈ' 'ચંપકભાઈ'ના ભાઈ. 'પોપટભાઈ'! ઓળખો છો કે નહિ? ... એના દિકરા છે 'રતિભાઈ'. 'ચંપકભાઈ'ના ભાઈ. બહુ પ્રેમ છે એને. પણ આ થોડો અભ્યાસ હોય તો વધારે ઠીક પડે. નહિતર આપણે. સમજાણું કાંઈ? આહાહા..! લોકોને બિચારાને ક્યાંના ક્યાં.. હેરાન-હેરાન થઈને મરી જાય બહારમાંથી. શેત્રુંજયની જાત્રા કરી, સમ્મેદશિખરની જાત્રા કરી, ત્યાંથી કલ્યાણ થશે. ધૂળમાં પણ નથી, સાંભળને.

મુમુક્ષુ :– આપણે પણ જાત્રામાં તો ગયા હતા.

ઉત્તર :– એ તો શુભભાવ હોય તો હોય છતાં એ આદરણીય નથી. છતાં એ આદરણીય નથી. અશુભથી બચવા માટેનો ભાવ છે. ધર્મ નહિ, ધર્મ નહિ, ધર્મ નહિ. એમાં ધર્મ માને એ શ્રદ્ધા ખોટી, એનું જ્ઞાન કરે એ જ્ઞાન પણ ખોટું અને રાગ છે માટે આચરણ પણ ખોટું. એવી વાત છે. જગતને કઠણ પડે એવી છે. સમજાણું કાંઈ? એ.. 'મોહનભાઈ'! આવું કઠણ છે. અત્યારે શું કરવું આમાં? ભજન કરી કરીને મરી ગયા.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– હો. એ તો બોલવામાં ક્યાં ન્યાં વાંધો છે?

આહાહા..! જુઓને! મુનિએ કેવું નાખ્યું છે! **'परमसुखपदार्थी भावयेद्भव्यलोकः।'** આહાહા..! એટલામાં તો કેટલું નાખ્યું! જે કોઈ સાચા સુખનો અર્થી હોય. સાચા સુખનો. આ બધા પૈસા-બૈસા અને ધૂળમાં સુખ માન્યા એ તો મૂઢ છે. સમજાય છે કાંઈ? ધૂળમાં ક્યાં સુખ હતું? પૈસામાં સુખ છે? બાયડીમાં સુખ છે? આબરૂમાં છે? એ તો બધા જડ છે. કલ્પના કરી કે મને સુખ છે, એ તો મૂઢ છે. સુખ તો ભગવાનઆત્મામાં અંતર ત્રિકાળ પડ્યું છે. આહાહા..! અતીન્દ્રિય

આનંદના સુખનો અર્થી **'ભવ્યસમૂહ...'** પાછો એકલો ભવ્ય નહિ. ઘણા ભવ્યજીવો **'શુદ્ધ આત્માને એકને ભાવે.'** છે. એકલો ભગવાનઆત્મા નિત્યાનંદ એની ઓળખાણ કરી, રાગ થાય વિકલ્પ એ પણ પર છે. શરીરની ક્રિયા તો જડ છે, વાણીની ક્રિયા જડ છે, મારા રાગમાં પણ હું નથી. અને એ રાગને જાણનારો એક સમયનો પર્યાય એટલો એમાં પણ હું નથી. આહાહા..! પર્યાયનું ભજન નહિ, રાગનું નહિ અને નિમિત્તનું નહિ.

અહીં તો એક શુદ્ધ આત્મા ત્રિકાળ આનંદકંદ ધ્રુવ એકને ભાવે. એની ભાવના કરે એટલે એકાગ્ર થાય. ભાવે એટલે કલ્પના હશે? કહો, 'ભીખાભાઈ'! આવો છે ભાઈ માર્ગ તો. આહાહા..! અહીં તો કહે કે અમારી ભક્તિ કરો, તમારું કલ્યાણ થશે. અમને માનો તો કલ્યાણ થશે. વીતરાગ અહીં ના પાડે છે. વીતરાગ તો કહે છે કે અમને માનો તો પણ તમને રાગ છે. તમે તમારા ચૈતન્યના સ્વભાવ સામું જોઈને એકાગ્ર થાવ. એનું નામ ધર્મ અને મુક્તિનો ઉપાય છે. કહો, 'વસંતીલાલજી'! ભારે વાત! એ ગાથા થઈ લ્યો. ૨૭ થઈને? હવે ૨૮મી ગાથા. આ તો જરી આત્માનું આવ્યું એટલે થોડું સ્પષ્ટ કર્યું છે. છે તો આમાં પુદ્ગલની વ્યાખ્યામાં. ૨૮મી ગાથા.

**अण्णणिरावेक्खो जो परिणामो सो सहावपज्जाओ ।**
**खंधसरूवेण पुणो परिणामो सो विहावपज्जाओ ।।२८ ।।**

નીચે શ્લોક.

**પરિણામ પરનિરપેક્ષ તેહ સ્વભાવપર્યય જાણવો;**
**પરિણામ સ્કંધસ્વરૂપ તેહ વિભાવપર્યય જાણવો. ૨૮.**

આ પરમાણુની વ્યાખ્યા છે. જડ જડનું સ્વતંત્રપણું બતાવે છે. તારે લઈને એ પરમાણુ નહિ. પરમાણુ, પરમાણુના ગુણ-પર્યાયને લઈને છે. આહાહા..! તો તું પણ એને લઈને નહિ. તું તારા ગુણ અને પર્યાયને લઈને તું રહે, એમ કહે છે. 'વાડીભાઈ'!

**'આ પુદ્ગલપર્યાયના સ્વરૂપનું કથન છે.'** ટીકા છે ને. પુદ્ગલની પર્યાય, હોં! પરમાણુની અવસ્થા. બે પ્રકારની. **'પરમાણુપર્યાય પુદ્ગલનો શુદ્ધપર્યાય છે.–'** શું કહે છે? એક પરમાણુ છે ને? રજકણ છૂટો છૂટો. એક આ પોઈન્ટ આમાં ભેગો છે એ છૂટો હોય, તો એ **'પરમાણુપર્યાય પુદ્ગલનો શુદ્ધપર્યાય છે–કે જે...'** હવે આવ્યું, જુઓ! **'પરમપારિણામિકભાવસ્વરૂપ છે,...'** પરમાણુમાં વળી પરમપારિણામિકભાવ શું કરવા લીધો?

મુમુક્ષુ :– પરમાણુની પર્યાય લીધી.

ઉત્તર :– પર્યાયને પણ પરમપારિણામિક કીધો. ઓલામાં તો પંચમભાવ આવ્યો હતો ને? એમ કહે છે. ચાર ભાવ એને ક્યાં છે કે પંચમભાવ એને લેવો. આત્મામાં તો હજી છે. એમ કહે છે. પણ એ પંચમભાવનો અર્થ, જગતમાં પાંચ ભાવ છે જીવમાં, એમ આ પંચમભાવ પરમાણુમાં

છે. આત્માના ત્રિકાળી ભાવમાં પંચમભાવ છે. અહીં તો પર્યાયને જ પરમપારિણામિકભાવસ્વરૂપ કહ્યું છે.

મુમુક્ષુ :– દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે...

ઉત્તર :– હા છે ને છે. અનુભવે છે. આહાહા..! હજી તો પોતાની તો ખબર ન પડે. પરમાણુ જડ, જુદા કેમ વર્તી રહ્યા છે એની ખબર ન મળે.

કહે છે, **'પરમપારિણામિકભાવસ્વરૂપ...'** એક પરમાણુ એકલો છૂટો, પર્યાયવાળો એ પરમાણુ પરમપારિણામિક છે. **'વસ્તુમાં થતી છ પ્રકારની હાનિવૃદ્ધિરૂપ છે, અતિસૂક્ષ્મ છે, અર્થપર્યાયાત્મક છે...'** તે પરમાણુમાં છે, એમ કહે છે. **'અને સાદિ-સાન્ત હોવા છતાં...'** પરમાણુની અવસ્થા એક સમયે ઉત્પન્ન થાય અને બીજે સમયે નાશ થાય એવું **'હોવા છતાં પરદ્રવ્યથી નિરપેક્ષ હોવાને લીધે...'** પરમાણુમાં એ પર્યાય ઉત્પન્ન વ્યય હોવા છતાં, પરની અપેક્ષા વિના ઉત્પન્ન-વ્યય થાય છે. જુઓ!

**'શુદ્ધસદ્ભૂતવ્યવહારનયાત્મક છે....'** એ શુદ્ધનયસ્વરૂપ છે ને. એક પરમાણુ, એની એકલી પર્યાય એ શુદ્ધ છે. સદ્ભૂત એટલે હયાતી ધરાવે છે. એક સમયની પર્યાય છે માટે વ્યવહારસ્વરૂપ છે. સમજાણું કાંઈ? જેમ આત્મામાં આત્માના અંતરમાંથી કેવળજ્ઞાનપર્યાય થાય એ પર્યાય એક સમયની છે. સાદિ-સાન્ત છે. પણ શુદ્ધ છે, સદ્ભૂત છે, વ્યવહારનય સ્વરૂપ છે. આવા બધા કેટલા પલાખા શીખવા? 'પંડિતજી'!

આ એક પરમાણુ આનો. આ તો ઘણા રજકણનો પિંડ છે. આ કાંઈ આત્મા નથી, તેમ આ કાંઈ એક ચીજ નથી. આ તો ઘણા રજકણો ભેગા થઈને આવું થયું છે. એનો માયલો એક રજકણ છૂટો એ શુદ્ધ પરમાણુની પર્યાય છે. પર્યાય એટલે અવસ્થા. એમાં ષટ્ગુણહાનિવૃદ્ધિની પર્યાય હોવા છતાં એક સમયની પર્યાય સાદિ-સાન્ત છે. પર્યાય ઉત્પન્ન થાય અને વ્યય થાય, ઉત્પન્ન થાય અને વ્યય થાય, છતાં પરદ્રવ્યથી નિરપેક્ષ હોવાથી પરદ્રવ્યનો એને સંબંધ નથી માટે શુદ્ધ કહેવાય. પરનો સંબંધ નથી માટે શુદ્ધ. પોતાની છે માટે સદ્ભૂત, એક અંશ છે માટે વ્યવહાર. અરે..! આમાં...

મુમુક્ષુ :– આમાં નયનું શું કામ છે?

ઉત્તર :– નયનું જ્ઞાન એનો પર્યાય કેવો વિષય છે? દ્રવ્ય કેટલો વિષય છે એને જાણવું જોઈએ કે નહિ? પરમાણુ ત્રિકાળી છે કે પંચમપરિણામિક એ તો નિશ્ચયનયનો વિષય છે. પરમાણુ ત્રિકાળ છે એ નિશ્ચયનયનો વિષય છે. પર્યાય છે એ વ્યવહારનયનો વિષય છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ પર્યાય છે કે નહિ એની? એની પર્યાય છે ને? એ પરિણામિકભાવની પર્યાય છે. પર્યાય છે માટે સદ્ભૂત થઈ ગયો, વ્યવહાર થઈ ગયો, વ્યવહાર થઈ ગયો. પણ છે તો પારિણામિકભાવની પર્યાય. ત્યાં એને ક્યાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક છે. ઝીણી વાત

છે. જૈનદર્શનને વીતરાગ પરમાત્માએ કહેલા માર્ગને સમજવો ભારે કઠિન છે. ઝીણી વાત છે. અને એ સમજ્યા વિના ચાર ગતિના થોથા બદલવાના નથી. બહારની ક્રિયા કરીને મરી જાય. સમજાણું કાંઈ?

**'એક સમયમાં પણ ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક હોવાથી સૂક્ષ્મૠજુસૂત્રનયાત્મક છે.'** એને અને એને. એક સમયની પર્યાય હોવાથી સાદિ-સાન્ત, પરદ્રવ્યથી નિરપેક્ષ હોવાથી શુદ્ધસદ્ભૂતવ્યવહારસ્વરૂપ, પણ એક સમયમાં ત્રણ ભેગા હોવાથી સૂક્ષ્મૠજુસૂત્રનયસ્વરૂપ પણ કહેવામાં આવે છે. **'સ્કંધપર્યાય સ્વજાતીય બંધરૂપ લક્ષણથી લક્ષિત હોવાને લીધે અશુદ્ધછે.'** બે ભાગ છે ને. પુદ્ગલ પર્યાયનું સ્વરૂપ દેખાડવું છે. પાઠમાં વિભાવપર્યાય છે ને. **'खंधसरूवेण पुणो परिणामो सो विहावपज्जाओ'**. આ સ્કંધ છે, આ બધું ભેગું છે. આ બધું પિંડ છે.

એ **'સ્વજાતીય બંધરૂપ...'** પરમાણુ એ પરમાણુને એકરૂપ રહેવાનું. **'લક્ષણથી લક્ષ્ય હોવાને લીધે અશુદ્ધ છે.'** લ્યો. વિભાવ છે એમ કહે છે. ત્યાં પાઠમાં વિભાવ શબ્દ નાખ્યો છે. આમાં અશુદ્ધ નાખ્યો છે. આહાહા..! પરમાણુમાં પણ શુદ્ધ અને સ્કંધમાં જાય તો અશુદ્ધ એમ બે પ્રકાર છે. એમ ભગવાનઆત્મા રાગાદિમાં જાય તો પણ અશુદ્ધ છે અને સ્વભાવમાં આવે તો તે શુદ્ધપર્યાય છે. સમજાણું કાંઈ?

**'[હવે ટીકાકાર મુનિરાજ ૨૮ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહે છે :]'** ૪૨.

**परपरिणतिदूरे शुद्धपर्यायरूपे**
**सति नच परमाणोः स्कन्धपर्यायशब्दः ।**
**भगवति जिननाथे पंचवाणस्य वार्ता**
**न च भवति यथेयं सोऽपि नित्यं तथैव ।।४२।।**

નીચે અર્થ છે. **'(પરમાણુ) પરપરિણતિથી દૂર...'** એક રજકણ છે, એમાં પર્યાય થાય, એ પરપરિણતિથી દૂર છે. તેથી **'શુદ્ધપર્યાયરૂપ હોવાથી પરમાણુને સ્કંધપર્યાયરૂપ શબ્દ હોતો નથી;...'** પરમાણુમાં શબ્દરૂપ સ્કંધ હોતો નથી. ઘણા પરમાણુ ભેગા થાય ત્યારે આ વાણી નીકળે છે. એક પરમાણુમાં શબ્દ નથી. **'જેમ ભગવાન જિનનાથમાં કામદેવની વાર્તા હોતી નથી,...'** દાખલો આપ્યો. વીતરાગ પરમાત્મા, એને પાંચ ઇંદ્રિયના ભોગોની–કામની વાસના હોતી નથી. **'વાર્તા હોતી નથી,...'** વીતરાગ પૂર્ણાનંદ સ્વરૂપ **'તેમ પરમાણુ પણ સદા અશબ્દ જ હોય છે (અર્થાત્ પરમાણુને પણ કદી શબ્દ હોતો નથી).'** કહો, સમજાણું કાંઈ?

૨૯.

**पोग्गलदव्वं उच्चइ परमाणू णिच्छएण इदरेण।**
**पोग्गलदव्वो त्ति पुणो ववदेसो होदि खंधस्स ।।२९।।**

**પરમાણુને 'પુદ્ગલદરવ' વ્યપદેશ છે નિશ્ચય થકી;**
**ને સ્કંધને 'પુદ્ગલદરવ' વ્યપદેશ છે વ્યવહારથી. ૨૯.**

**'આ, પુદ્ગલદ્રવ્યના કથનનો ઉપસંહાર છે.'** અહીંયા પૂરું થાય છે હવે. **'શુદ્ધનિશ્ચયનયથી સ્વભાવશુદ્ધપર્યાયાત્મક પરમાણુને જ...'** જુઓ! **'શુદ્ધનિશ્ચયનયથી સ્વભાવશુદ્ધપર્યાયાત્મક પરમાણુ..'** પરથી ભિન્ન, એવી નિર્મળ પર્યાયવાળાને પુદ્ગલદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આ સ્કંધને પુદ્ગલ કહેવું એ તો ઉપચારિક છે. આ તો બધા જડ ભેગા થયેલા છે. એકલો પરમાણુ (હોય) તેને સ્વભાવ શુદ્ધપર્યાય તેને ખરેખર પુદ્ગલદ્રવ્ય કહ્યું છે. આહાહા..! જેમ આત્માને પુણ્ય-પાપના રાગ રહિત જ નિર્મળ પર્યાયસહિત આત્માને આત્મા કહેવામાં આવે છે. આહાહા..!

જેમ પરમાણુને... કહે છે કે શુદ્ધ નિશ્ચય પોતાની સત્તાનું હોવાપણું. સ્વભાવ શુદ્ધપર્યાયસ્વરૂપ હોવાથી પરમાણુને પુદ્ગલદ્રવ્ય કહીએ. એમ ભગવાનઆત્માને કેમ કહેવો આત્માને? કે રાગ અને પુણ્ય રહિત સ્વભાવ શુદ્ધ છે એનું ભાન થયું, એવી પર્યાયસહિતનો જે આત્મા તેને આત્મા કહેવામાં આવે છે. દયા, દાન, ભક્તિનો વિકલ્પ તે આત્મા નહિ. એ અનાત્મા છે. સમજાણું કાંઈ? ૨૩ કલાકના પાપ કરે અને પછી એક કલાક રહે. થોડુંક વાંચે અને કાં અડધો કલાક, કલાક ભક્તિ કરી લે. થઈ જશે કલ્યાણ. આહાહા..! આવા ને આવા અવતાર અનંત કર્યા. એળે ગયા. એક તો બહારમાં જાણે ધૂળના પૈસા અને આબરુમાં સુખ માનીને મિથ્યાત્વ સેવ્યા. મૂંઢતા. એમાં વળી અહીં ભક્તિમાં ભાવ કરીને ધર્મ માન્યો. એ મિથ્યાત્વનું પોષણ છે. 'પંડિતજી'!

મુમુક્ષુ :– ... ભક્તિ કરે એને ઓછી મૂંઢતા હશે.

ઉત્તર :– ના, ના પૂરી મૂંઢતા છે. રાગને ધર્મ માનનારો પૂરી મૂંઢતા મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :– વ્યવહારે તો ઓછી છે ને.

ઉત્તર :– મિથ્યાત્વ ઓછા-વત્તાનો પ્રશ્ન અહીં નથી.

મુમુક્ષુ :– મંદ હો કે તીવ્ર બે એક જાત છે ને?

ઉત્તર :– એક જાત છે. ઝીણી વાત છે, ભાઈ!

**'એવું નામ હોય છે.'** જુઓ! શુદ્ધ નિશ્ચયથી અંતર વસ્તુથી જોઈએ તો **'સ્વભાવશુદ્ધપર્યાયાત્મક પરમાણુને જ 'પુદ્ગલદ્રવ્ય'...'** કહીએ. આ પૈસાને, બાયડી-છોકરાના શરીરને, દાળ-ભાતને પુદ્ગલ કહેવા એ તો વ્યવહાર છે, કહે છે. કારણ કે ભેગા થયેલાને પુદ્ગલ કહે. એકલો પરમાણુ એને ખરો પુદ્ગલ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જેમ શુદ્ધ પરમાણુને દ્રવ્ય કહ્યું, એમ આત્માને...?

ઉત્તર :– કહ્યું ને, આત્માની વાત થઈ ને. રાગથી, પુણ્યથી, વિકલ્પથી ભિન્ન. પોતાની પર્યાયથી આત્માનું ભાન થયું, તો એવો શુદ્ધ આત્મા છે એને શુદ્ધ કહ્યું. પર્યાય તો અનુભવ છે એ સહિતને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– શુદ્ધ પરિણમે ત્યારે ત્રિકાળ શુદ્ધ...

ઉત્તર :– શુદ્ધ પરિણમે ત્યારે ત્રિકાળ શુદ્ધનું ભાન થયું કહેવાય ને. એ વિના ક્યાંથી થયું?

મુમુક્ષુ :– એ પર્યાયસહિત?

ઉત્તર :– પર્યાયસહિત ત્રિકાળી શુદ્ધતા. આત્મા એને કહીએ. કારણ કે શુદ્ધતાનો પર્યાય એનો પોતાનો સ્વભાવ છે. ત્રિકાળી સ્વભાવ અને એક સમયની પર્યાયસ્વભાવ શુદ્ધ, એને આત્મા કહેવામાં આવે છે. એ આવ્યું ને? અનુભૂતિથી ભિન્ન. ન કહ્યું? રાગ આદિથી ભિન્ન, અનુભૂતિથી ભિન્ન, તો અનુભૂતિની પર્યાયવાળો જે આત્મા, એને આત્મા કહેવામાં આવે છે. કેટલામો બોલ છે? ૨૯. ભારે વાતું, ભાઈ! આહાહા..!

ભગવાનઆત્મા એને કહીએ, કે જેને શરીર, વાણી, મન, દયા, દાન, વ્રતના વિકલ્પથી ભિન્ન અનુભૂતિમાં એ વિકલ્પ આવતો નથી. અનુભવમાં તો એ આત્મા આવે છે. એવી અનુભૂતિથી ભિન્ન હોવાને લઈને બીજા બધાને પુદ્ગલ કહેવામાં આવે છે. અનુભૂતિ સહિત આત્માને આત્મા કહેવામાં આવે છે. શું થાય? જગત લૂંટાણું છે. એક તો સંસારના પાપને નામે આખી જિંદગી લુંટાણું છે. એમાં ધર્મને નામે બીજી રીતે લુંટાણા. આહાહા..! અરે..રે..! આત્માનું શું થશે? અહીંથી નીકળીને ક્યાં જઈશ? અને એના સાચા ભાવ કે ખોટા શું છે તેની ખબર ન મળે. નિર્ધન, અનાથ, અરક્ષક, દુઃખી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– માટે જ કીધું છે, આત્માને ત્વરાથી...

ઉત્તર :– પરાધીન છે પરાધીન.

**'પુદ્ગલદ્રવ્ય એવું નામ હોય છે. અન્ય એવા વ્યવહારનયથી વિભાવપર્યાયાત્મક સ્કંધપુદ્ગલોને પુદ્ગલપણું ઉપચાર દ્વારા સિદ્ધ થાય છે.'** લ્યો. સમજાણું?

**'[હવે ૨૯ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :]'**

**इति जिनपतिमार्गाद् बुद्धतत्त्वार्थजातः**
**त्यजतु परमशेषं चेतनाचेतनं च।**
**भजतु परमतत्त्वं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तर्निर्विकल्पे समाधौ ।।४३ ।।**

૪૩. એનો નીચે અર્થ. છે એ બાજુ? ૬૨ પાને.

**'એ રીતે જિનપતિના માર્ગ દ્વારા...'** વીતરાગ ભગવાનનો આ માર્ગ છે, કહે છે. જિનપતિ, જિનેશ્વરદેવ વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા, એના **'માર્ગ દ્વારા તત્ત્વાર્થસમૂહને જાણીને...'** એ ભગવાને કહેલા એવા તત્ત્વને જાણીને. અજ્ઞાનીઓએ કહેલા એ નહિ. તત્ત્વાર્થસમૂહ છે ને? જીવ, અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. **'જિનપતિના માર્ગ દ્વારા..'** વીતરાગે કહેલી, સર્વજ્ઞજ્ઞાનમાં આવેલી વાત. એમના કહેલા **'તત્ત્વાર્થસમૂહને જાણીને...'** જુઓ! પહેલું જાણે તો ખરું કે આત્મા શુદ્ધ છે, રાગાદિ અશુદ્ધ છે, કર્મ એ જડ છે, વાણી, શરીર અજીવ છે, એને અને મારે કાંઈ સંબંધ નથી. આ પૈસા અને બાયડી, છોકરાને મારે કાંઈ સંબંધ નથી. એ તો અજીવ છે, જગતની ચીજ જડ છે. એ દ્રવ્યો પોતાનાપણે થઈને રહ્યા છે. શરીર, શરીરની અવસ્થાપણે જડ થઈને રહેલ છે. એ કાંઈ આત્માની પર્યાય થઈને શરીર રહેલું નથી આ. પૈસા અજીવ થઈને રહેલ છે. એ આત્માની દશા થઈને રહેલ નથી, આત્માના થઈને રહ્યા નથી. સમજાણું કાંઈ? આહાહા..! જેમ જે થઈને રહ્યા છે, તેમ તેને બરાબર જાણવા એમ કહે છે.

આ શરીર તો અજીવ થઈને રહેલું છે. આત્માનું થઈને રહ્યું છે? આત્મા અરૂપી છે તો આ અરૂપી થઈ જાય. આ તો રૂપી થઈને રહેલું, જડ થઈને રહેલું છે. લક્ષ્મી જડ થઈને રહેલી છે, વાણી જડ થઈને રહેલી છે. એમ જડના તત્ત્વને તે રીતે રહેલા જાણીને આત્મા આત્માનો થઈને રહેલ છે. એમ આ પુણ્ય અને પાપના ભાવ થઈને રહ્યા છે તે આસ્રવ, બંધ, રાગ અને દુઃખ છે. એના રહિત ભગવાનઆત્મા રાગરહિત થઈને રહ્યો તે આત્મા છે.

**'જિનપતિના માર્ગ દ્વારા...'** વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર, એમણે જે માર્ગ કહ્યો એ **'દ્વારા તત્ત્વાર્થસમૂહને જાણીને...'** અન્યમતમાં જૈન સિવાય આવા તત્ત્વો હોતા નથી. વીતરાગમાર્ગ સિવાય ક્યાંય આ વાત હોતી નથી. સમજાણું કાંઈ? **'પર એવાં સમસ્ત ચેતન અને અચેતનને ત્યાગો;...'** જુઓ! પર ચેતન દેવ-ગુરુનો આત્મા ચેતન, બાયડી-છોકરાનો આત્મા ચેતન તેને દૃષ્ટિમાંથી ત્યાગો. એ મારામાં નથી. **'પર એવાં સમસ્ત ચેતન..'** પર છે ને ચેતન? સિદ્ધ ભગવાનઆત્માથી પર છે, અરિહંત ભગવાન આ આત્માથી પર છે. આહાહા..! પાંચેપરમેષ્ઠી પર આત્મા છે. આના ક્યાં છે?

**'એવાં સમસ્ત ચેતન અને અચેતનને...'** રાગ આદિ પુદ્ગલોને દૃષ્ટિમાંથી ત્યાગો. આહાહા..! જે તારામાં નથી તેની દૃષ્ટિ છોડ એમ કહે છે. તારામાં છે ત્યાં દૃષ્ટિને સ્થાપ. એ અસ્તિત્વમાં તારું હોવાપણું છે. આહાહા..! હજી તો એટલી ત્યાગની વ્યાખ્યા કરી. આ ત્યાગ છે. બહારનો ત્યાગ બાયડી-છોકરા છોડીને બેઠા અને ત્યાગી થઈ ગયા. ધૂળમાં પણ એ ત્યાગ નથી. અંતરમાં આ આત્મા સિવાયના બધા આત્માઓ નિગોદથી માંડીને સિદ્ધ પરમાત્મા, અરિહંત, પંચપરમેષ્ઠી આદિ એ મારા નથી, એ મારાથી રહેલા નથી. તે રહ્યા છે તેથી મને કાંઈ લાભ છે

નહિ. સમજાણું કાંઈ? આમાં કોને બાકી રાખ્યા? **'સમસ્ત ચેતન અને અચેતનને ત્યાગો;...'** એમાં કોને બાકી રાખ્યા?

મુમુક્ષુ :– બધા આવી ગયા.

ઉત્તર :– આવી ગયા? ગીરનાર પર્વત, સમ્મેદશીખર બધું આવી ગયું? ભગવાનનું સમવસરણ અને ભગવાન પોતે. ભગવાને કહેલા તત્ત્વાર્થના સમૂહને જાણી, પર **'એવાં સમસ્ત ચેતન અને અચેતનને ત્યાગો;...'** એટલે એના ઉપરથી લક્ષ છોડી દે. એ કાંઈ તારા નથી, તારામાં નથી, તું ત્યાં નથી. આહાહા..! ભારે કામ.

હવે કોણ છે તું? **'અંતરંગમાં નિર્વિકલ્પ સમાધિને વિષે પરવિરહિત (પરથી રહિત) ચિત્ચમત્કારમાત્ર પરમતત્ત્વને ભજો.'** અંતરંગમાં. અંતર અંગમાં–વસ્તુમાં. નિર્વિકલ્પ ભેદ વિનાની અભેદવસ્તુ ભગવાનઆત્મા. નિર્વિકલ્પ સમાધિ શાંતિને **'વિષે પરવિરહિત...'** શાંતિના સમયમાં એમ કહે છે. **'અંતરંગમાં નિર્વિકલ્પ સમાધિને વિષે પરવિરહિત (પરથી રહિત)...'** વિકલ્પથી રહિત **'ચિત્ચમત્કારમાત્ર પરમતત્ત્વને...' 'અંતરંગમાં નિર્વિકલ્પ સમાધિને વિષે પરમવિરહિત (પરથી રહિત) ચિત્ચમત્કારમાત્ર પરમતત્ત્વને ભજો.'** ભારે વાત, ભાઈ! શું કીધું? હજી તો અર્થ સમજવાને મુશ્કેલ પડે.

**'જિનપતિના માર્ગ દ્વારા...'** વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞએ કહેલો માર્ગ, એના **'તત્ત્વાર્થસમૂહને જાણીને પર એવાં સમસ્ત ચેતન અને સમસ્ત અચેતનને...'** એક રજકણ અને રાગ બધા અચેતનને છોડો. શું કરવું હવે? **'અંતરંગમાં નિર્વિકલ્પ સમાધિને વિષે...'** રાગને વિષે તો પર છે એમ દૃષ્ટિ હતી. હવે સમાધિને વિષે રાગરહિત અંતર્મુખ થઈને, અભેદ સમાધિને વિષે પરવિરહિત. રાગ અને વિકલ્પથી રહિત એવો ચિત્ચમત્કારમાત્ર તત્ત્વ ભગવાનઆત્મા, એને ભજો. એની અંદર એકાગ્ર થાવ. એ મુક્તિનો માર્ગ–ધર્મ છે. 'ભીખાભાઈ'! ભારે વાત, ભાઈ! આ તો આત્માને ભજો એમ કહે છે.

મુમુક્ષુ :– જી જી પ્રભુ! બરોબર સત્ય છે. ભગવાન! આપ બોલો તે તો...

ઉત્તર :– પણ આ અંદર છે કે નહિ? આ પાઠ ક્યાં અહીંનો છે? આ તો કુંદકુંદાચાર્યનો છે. બે હજાર વર્ષ પહેલાના કુંદકુંદાચાર્ય (કહે છે) અને અનંતકાળથી એમ મુનીઓ કહેતા આવે છે. આ તો 'નિયમસાર' શાસ્ત્ર છે. કુંદકુંદાચાર્ય નિમિત્ત હતા. આહાહા..!

મુમુક્ષુ :– એ તો એમ કહે છે, અમે તો આપને ઓળખીએ છીએ...

ઉત્તર :– આ તો આમાં છે એ કોનો છે એમ કહેવું છે. આહાહા..!

બે વાત કહી. હવે પાછી બેની ઉડાવે છે. ભગવાન! તારે કલ્યાણ કરવું હોય, હિત કરવું હોય, ધર્મ કરવો હોય તો રાગાદિ પરિણામ બધા અચેતન છે. ભગવાનની ભક્તિનો ભાવ, રાગ

એ અચેતન છે. એનું પણ લક્ષ છોડ. મારા શરીરના પરમાણુ સારા રહે તો ધર્મ થાય એ લક્ષ છોડી દે.

**'અંતરંગમાં નિર્વિકલ્પ સમાધિને વિષે...'** એટલે અંતરમાં રાગરહિત શાંતિ અને શ્રદ્ધાની દશામાં. **'પરવિરહિત...'** રાગ રહિત પોતાનું ચૈતન્ય ચમત્કાર તત્ત્વ, એવા **'પરમતત્ત્વને ભજો.'** ચૈતન્ય ચિત્ચમત્કારમાત્ર. એ ભગવાનઆત્મામાં તો એકલો જ્ઞાનમાત્ર ચમત્કાર સ્વભાવ છે. બાકી કોઈ દયા, દાન, વ્રત, વિકલ્પ એ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? ભારે પણ કામ, ભાઈ! પાધરું આ? પહેલો ઉપાય શું હશે? આ ઉપાય છે. આ પહેલા, પહેલા કાંઈ કરવું કે નહિ? પાધરું આ? આ જ છે.

મુમુક્ષુ :– ... તત્ત્વાર્થને જાણવું.

ઉત્તર :– જાણવું. આહાહા..!

રાગનું શું સ્વરૂપ છે? વસ્તુનો શું સ્વભાવ છે? ધર્મની દશા થાય તો એનું સ્વરૂપ શું છે? નિમિત્તપણે વિકારમાં કોણ ચીજ છે? પરવસ્તુ શું છે? સ્વવસ્તુ શું છે? એને બરાબર ભગવાને કહેલા માર્ગથી જાણવા જોઈએ. જાણીને અચેતનનો ત્યાગ અને ચેતનનું ગ્રહણ (કરવું) એમ કહે છે. ચૈતન્ય ભગવાન આનંદ સ્વરૂપ, એનું ભજન કર. એટલે એમાં એકાકાર થા અને પરનું લક્ષ છોડી દે. ત્યારે ધર્મની શરૂઆત થશે. લ્યો. અહીં સુધી આવ્યું. પછી તો કહે ચેતન અને અચેતનના બેના વિકલ્પ પણ મુનિને–ધર્મીને ન હોય. આ ચેતન એ તો શરૂઆતમાં વિચાર આવે કે હું આ ચેતન છું અને રાગાદિ અચેતન છે. પછી તો બેના વિકલ્પો પણ અભ્યાસથી–અંતરના ધર્મના ધ્યાનના અભ્યાસથી એ બે વિકલ્પ હોતા નથી. એ વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ચૈત્ર સુદ ૭, શુક્રવાર, તા. ૨-૪-૧૯૭૧**
**ગાથા ૩૦-૩૪, શ્લોક ૪૪-૫૧, પ્રવચન નં. ૩૧**

'નિયમસાર' અજીવ અધિકાર.

**पुद्गलोऽचेतनो जीवश्चेतनश्चेति कल्पना ।**
**साऽपि प्राथमिकानां स्यान्न स्यान्निष्पन्नयोगिनाम् ।। ४४ ।।**

પુદ્‌ગલની વ્યાખ્યા આવી ને? છ પ્રકારના સ્કંધ અને પરમાણુ સ્વભાવપર્યાય. સ્વભાવ અને વિભાવ પર્યાય વિગેરે ઘણું આવ્યું. કહે છે કે હો જગતમાં પુદ્‌ગલ. **'પુદ્‌ગલ'** અને રાગાદિ **'અચેતન છે અને જીવ ચેતન છે...'** જાણનાર-દેખનાર જીવ ભગવાનઆત્મા છે. રાગથી માંડીને પરમાણુ આદિ બધા અચેતન છે. **'એવી જે કલ્પના તે પણ પ્રાથમિકોને (પ્રથમ ભૂમિકાવાળાઓને) હોય છે,...'** શરૂઆતમાં જેમને ભેદ પાડવો છે અથવા ભેદ પાડીને ધ્યાન કરવું છે, એને એ હોય કે આ રાગાદિ પર અચેતન છે, આત્મા ચેતન છે. શરૂઆતમાં વિચાર જીવને એ હોય છે.

**'નિષ્પન્ન યોગીઓને હોતી નથી...'** એટલે? અંતરમાં રમણતા જ્યાં ઉગ્રપણે પ્રગટ થઈ છે. સ્વભાવ સન્મુખની, વીતરાગભાવપણાની સ્થિરતા પ્રગટ થઈ છે એને એ કલ્પના હોતી નથી કે આ અચેતન રાગ છે અને ચેતન હું છું. એ તો જ્ઞાતાદૃષ્ટાપણે પરિણમે છે. એવો જીવનો સ્વભાવ છે કે જાણવું, દેખવું. જેમ સિદ્ધ ભગવાન જાણે, દેખે છે. એમ આ પણ જીવ જાણવા-દેખવાના સ્વભાવ સ્વરૂપ છે. એમાં જે સ્થિરરૂપે બહુ જામ્યો નથી, એને આ અચેતન અને ચેતન એવા બે ભાગના વિકલ્પો, કલ્પના હોય છે. જ્ઞાન અને આનંદ સ્વભાવમાં, જ્યાં લીનતા જામી, યોગ એટલે અંતરની એકાગ્રતાની પ્રાપ્તિ થઈ, એવા સંતોને એ કલ્પના હોતી નથી. આહાહા..! કહો, સમજાણું?

સાર કાઢ્યો આ. પુદ્‌ગલો છે, છ પ્રકારના સ્કંધ છે. સ્વભાવિક કારણપરમાણુ છે, કાર્યપરમાણુ છે, જઘન્ય-ઉત્કૃષ્ટ પરમાણુ છે. હો. એની સાથે મારે કાંઈ સંબંધ નથી. ફક્ત વિચારમાં પહેલું એ આવે કે આ રાગ આદિ કલ્પના છે એ અચેતન, તેને જાણવા પ્રકારનો, અને હું એક ચેતન છું તો મારા ચેતનમાં મારે સ્થિર થવું જોઈએ. આ વસ્તુનું સ્વરૂપ છે. એ રીતે પહેલી કલ્પના, યોગ એટલે સ્વરૂપની જમવટ જ્યાં અંદર થઈ નથી, એને એવી કલ્પના પહેલી હોય છે.

**'નિષ્પન્ન યોગીઓને...'** જેમને આત્મા અને રાગની ભિન્નતા ઉગ્રપણે થઈને, પાકો યોગ એટલે એકાગ્રતા થઈ ગઈ છે. સ્વભાવમાં જ્યાં એકાગ્રતા ઉગ્ર થઈ છે. એને આ કલ્પના હોતી નથી કે આ પુદ્‌ગલ અચેતન છે અને હું ચેતન છું. આનું નામ સ્વભાવ સન્મુખની લીનતા, એનું નામ મોક્ષનો માર્ગ. આહાહા..! સમજાણું કાંઈ? એ ૪૪ મા શ્લોકમાં કહ્યું.

મુમુક્ષુ :– પ્રાથમિક એટલે મિથ્યાદૃષ્ટિ?

ઉત્તર :– સમ્યગ્દૃષ્ટિ. સમ્યગ્દૃષ્ટિ છે પણ હજી આ અચેતન છે અને આ ચેતન છે એવી જ્યાં વિચારની ધારા ચાલે છે ત્યાં સુધી એને નિષ્પન્ન–સ્થિરતા થઈ નથી. છે સમકિતી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સમકિતીને પ્રાથમિક કહેવાય?

ઉત્તર :– હા, વિકલ્પ છે ને હજી.

મુમુક્ષુ :– પ્રાથમિકને અપ્રાપ્ત કહ્યો.

ઉત્તર :– પ્રાથમિકને પ્રાપ્ત જ છે પણ વિકલ્પ છે એવા સ્થાનમાં આ અચેતન છે, હું ચેતન છું એવો ભાવ આવે છે.

મુમુક્ષુ :– ... પ્રાથમિકમાં આવી ગયા.

ઉત્તર :– એ પ્રાથમિકમાં નથી. એ જામી ગયેલા છે. એ વિકલ્પ, વિકલ્પને ઠેકાણે છે. અંતરની દૃષ્ટિમાં મને કાંઈ છે નહિ, એમ જામી ગયેલા છે. વીતરાગતા જામી છે. ઓહોહો..! જિનેન્દ્ર સ્વરૂપરૂપ એવો આત્મા, (એમાં) જામી ગયા છે. અહીં તો એક વાત (કરે છે કે) પહેલી કલ્પના એવી હોય છે. સ્વરૂપમાં ઠરતા એ હોતી નથી. એટલી વાત સિદ્ધ કરી. સમકિતી અને મુનિઓ બધાની.

૪૫ (મો શ્લોક).

**अचेतने पुद्गलकायकेऽस्मिन्**
**सचेतने वा परमात्मतत्त्वे ।**
**न रोषभावो नच रागभावो**
**भवेदियं शुद्धदशा यतीनाम् ।।४५।।**

આહાહા..! **'(શુદ્ધ દશાવાળા યતિઓને) આ અચેતન પુદ્ગલકાયમાં દ્વેષભાવ હોતો નથી...'** આ નહિ... આ નહિ... એમ. સમજાય છે? એવો ભાવ હોતો નથી. દ્વેષ નથી. એ તો જ્ઞાતાદૃષ્ટા છે. આહાહા..! શુદ્ધ દશા સાચા સંતને, સાચા મુનિને **'આ અચેતન પુદ્ગલકાયમાં દ્વેષભાવ હોતો નથી...'** એટલે કે આ હું નહિ, એવો પણ જેને દ્વેષ હોતો નથી. **'સચેતન પરમાત્મતત્ત્વમાં રાગભાવ હોતો નથી;—'** પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર સચેતન છે. એમાં પણ રાગભાવ હોતો નથી. વીતરાગભાવમાં થંભી ગયા છે, એમ કહે છે.

**'આવી શુદ્ધ દશા યતિઓની હોય છે.'** જુઓ! આ યતિ. આ જતિ કહેવાતા હશે એ? આ તો યતિ કહ્યા છે. જેને આનંદસ્વરૂપ જ્ઞાનભાવ અનુભવમાં આવ્યો છે અને એમાં યત્નામાં, એની યત્નામાં વર્તે છે. તદ્દન જેને આત્મસ્વભાવ, સમભાવ પ્રગટ્યો છે, એવો એને પરમાત્મ પ્રત્યે રાગ

નથી, ત્રણલોકના નાથ તીર્થંકર પ્રત્યે પણ રાગ નથી અને પુદ્ગલ પ્રત્યે દ્વેષ નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

**'અચેતન પુદ્ગલકાયમાં દ્વેષભાવ હોતો નથી કે સચેતન પરમાત્મતત્ત્વમાં રાગભાવ હોતો નથી;–'** આ મારા પરમેશ્વર છે, પરમાત્મા છે એવો રાગ હોતો નથી. આહાહા..! પહેલા હોય પણ એ આદરણીય નથી. આ તો ન હોય ત્યાં આગળ એકલો સમભાવ વર્તે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'આવી શુદ્ધદશા યતિઓની...'** મુનિઓની (હોય છે). આત્મધ્યાનમાં મસ્ત છે. આહાહા..! સમભાવ. દુનિયા આખી ડોલે તોપણ ત્યાં વિષમભાવ, વિકલ્પ ઊઠતો નથી. આહાહા..! અનુકૂળતા ઇન્દ્રોની આવી હોય તો પણ કહે છે કે રાગ નથી. પ્રતિકૂળતા, નિંદાની ઝડી વરસતી હોય તો દ્વેષ નથી. એ પુદ્ગલ છે. સમજાણું કાંઈ? અને જેના સમીપે પરમાત્માની હાજરી હોય, રાગ નથી. એવો આત્મા રાગરહિત સ્વભાવમાં સમસ્થિતિપણાને પ્રાપ્ત છે તે યતિઓની દશા છે.

નીચે ભલે રાગ હોય, પણ દૃષ્ટિમાં એ આદરણીય હોતો નથી. અહીં તો એ રાગ જ નથી હવે એમ કહે છે. અસ્થિરતા જ જ્યાં ગઈ છે. નીચે ગુણસ્થાનમાં પરમાત્મા પ્રત્યેનો વિકલ્પ અને આ નહિ, આ ન હોય એવો દ્વેષનો અંશ પણ આવે છે. એ અસ્થિરતાના દ્વેષ અને અસ્થિરતાના ભાવ જ્યાં છૂટી ગયા છે, ત્યાં આગળ તો સમભાવ... સમભાવ... વીતરાગી બિંબ થઈને પડ્યા છે, કહે છે. આહાહા..! નિંદાની ઝડીમાં દ્વેષ નથી અને સાક્ષાત્ પરમાત્મા હોય તો એને સાંભળવાનો પણ વિકલ્પ ને રાગ નથી. સમજાણું કાંઈ? એવી આત્મા પ્રત્યે સમસ્થિતિ (છે). એનું સ્વરૂપ જ સમભાવી છે. એવી દશામાં સમભાવ પ્રગટ થયો, એને બેયમાં સમતોલ જ્ઞાતા-દૃષ્ટા છે. પુદ્ગલ હોય કે પરમાત્મા હોય એમ કહે છે.

મુમુક્ષુ :– આવા પુરુષ દેખાતા નથી.

ઉત્તર :– આહાહા..! સાધુની દશા... સમજાણું કાંઈ?

આવી **'શુદ્ધ દશાવાળા યતિઓની હોય છે.'** હજી તો સમ્યગ્દર્શન શું છે? શ્રદ્ધામાં પણ એ પરમાત્માનો રાગ અને અચેતન પ્રત્યે દ્વેષ કરવા જેવો નથી. એમ શ્રદ્ધામાં થઈ જાય છે. અસ્થિરતા હોય છે. આ સમભાવી સંતોને એ અસ્થિરતા પણ હોતી નથી. આમ વાત છે. સમજાણું કાંઈ? હવે ૩૦મી ગાથા. પુદ્ગલની વ્યાખ્યા કરી. હવે ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ. છ દ્રવ્યની વ્યાખ્યા છે ને?

**गमणणिमित्तं धम्ममधम्मं ठिदि जीवपोग्गलाणं च ।**
**अवगहणं आयासं जीवादीसव्वदव्वाणं ।।३०।।**
**જીવ-પુદ્ગલોને ગમન-સ્થાનનિમિત્ત ધર્મ-અધર્મ છે;**
**જીવાદિ સર્વ પદાર્થને અવગાહહેતુ આભ છે. ૩૦.**

**ટીકા :– ‘આ ધર્મ-અધર્મ–આકાશનું સંક્ષિપ્ત કથન છે.’** ત્રણ દ્રવ્ય છે. જગતમાં ત્રણ પદાર્થ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. **‘આ ધર્માસ્તિકાય...’** એમાં પહેલું વર્ણન ધર્માસ્તિનું (કરે છે). **‘વાવના પાણીની માફક,...’** વાવનું પાણી હલતું નથી. નદીનું પાણી તો હજી હલે, ગતિ કરે. આ સ્થિર છે. એમ ધર્માસ્તિકાય અરૂપી પદાર્થ છે. **‘વાવના પાણીની માફક, પોતે ગતિક્રિયારહિત છે.’** એમાં ગતિ છે નહિ. **‘માત્ર (અ, ઇ, ઉ, ઋ, લૃ–એવા) પાંચ હ્રસ્વ અક્ષરના ઉચ્ચારણ જેટલી જેમની સ્થિતિ છે,...’** અયોગી ગુણસ્થાનની વાત કરે છે. અને અયોગી ગુણસ્થાનને અંતે સિદ્ધ થવાની ક્રિયામાં ધર્માસ્તિ નિમિત્ત છે એમ સિદ્ધ કરેછે.

**‘જેઓ ‘સિદ્ધ’ નામને યોગ્ય છે, જેઓ છ અપક્રમથી વિમુક્ત છે,..’** ઓલામાં લખ્યું ને એમાંથી. ‘નિયમસાર’ની ટીકામાં જ ભૂલ છે. છકાયથી વિમુક્ત છે એમ લખ્યું છે. નિયમસારની ટીકામાં. પછી અર્થ એવો કર્યો છ કાયથી વિમુક્ત છે. પણ છ અપક્રમ. અપક્રમ એટલે છ દિશાઓમાં જાવું. સંસારી જીવ દેહ છૂટે ત્યારે છ દિશા : પૂર્વ, ઊત્તર અને ચાર ખૂણા એમાં જાય છે. આ સિદ્ધ થાય ને અહીંથી સિદ્ધ થતા જાય એને છ દિશા હોતી નથી.

**‘જેઓ મુક્તિરૂપી સુલોચનાનાં લોચનનો વિષય છે. (અર્થાત્ જેમને મુક્તિરૂપી સુંદરી પ્રેમથી નિહાળે છે),...’** એટલે પૂર્ણદશા જેને પ્રાપ્ત થઈ ગઈ છે. અયોગી ગુણસ્થાન હોય છે. છૂટ્યા એટલે અહીં સિદ્ધ થયા છે. એ ગતિ કરીને જાય છે. એવી વ્યાખ્યા કરી. **‘જેઓ ત્રિલોકરૂપી શિખરીના શિખર છે,...’** ત્રણલોકરૂપી ડુંગર, ત્રણલોકરૂપી પર્વત એના શિખર છે. સિદ્ધ ભગવાન આવા છે. **‘જેમણે સમસ્ત ક્લેશના ઘરરૂપ પંચવિધ સંસારને (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભાવના પરાવર્તનરૂપી પાંચ પ્રકારના સંસારને) દૂર કર્યો છે...’** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવના પરાવર્તન–બદલવું એ જેનું બંધ થઈ ગયું છે.

**‘જેઓ પંચમગતિના સીમાડે છે—’** પંચમગતિને નજીક છે **‘એવા અયોગી ભગવાનને સ્વભાવગતિ ક્રિયારૂપે પરિણમતાં...’** અયોગીથી નીકળીને. એ અયોગી જ છે ને. **‘સ્વભાવગતિક્રિયાનો હેતુ ધર્મ છે.’** ધર્માસ્તિ તેને ગતિમાં નિમિત્ત છે. અહીંથી આમ સિદ્ધ થાય.

**‘વળી છ અપક્રમથી યુક્ત એવા સંસારીઓને...’** ઓલા મુક્ત હતા. આ યુક્ત (છે). **‘વિભાવગતિક્રિયાનો હેતુ છે.’** સંસારીને ચાર ખૂણે ઉપર-નીચે જાવું. એ વિભાવગતિનો હેતુ ધર્માસ્તિકાય છે. **‘જેમ પાણી માછલાંને ગમનનું કારણ છે, તેમ તે ધર્મ તે જીવ-પુદ્ગલોને ગમનનું કારણ (નિમિત્ત) છે. તે ધર્મ અમૂર્ત, આઠ સ્પર્શ રહિત, તેમ જ પાંચ વર્ણ, પાંચ રસ અને બે ગંધ વિનાનો, અગુરુલઘુત્વાદિ ગુણોના આધારભૂત, લોકમાત્ર આકારવાળો (–લોકપ્રમાણ આકારવાળો) અખંડ એક પદાર્થ છે.’** ધર્માસ્તિ. ચૌદ બ્રહ્માંડમાં (વ્યાપેલો છે). **‘સહભાવી ગુણો છે અને ક્રમવર્તી પર્યાયો છે’** સાથે રહેનારા ગુણો છે અને ક્રમે થનારા પર્યાયો છે. એ ધર્માસ્તિકાયને પણ હોય છે, એમ કહે છે.

**'એવું (શાસ્ત્રનું) વચન હોવાથી ગતિના હેતુભૂત આ ધર્મ દ્રવ્યને શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયો હોય છે.'** ધર્માસ્તિમાં પણ અનંતા શુદ્ધ ગુણો અને અનંતી શુદ્ધ પર્યાયો હોય છે. **'અધર્મદ્રવ્યનો વિશેષગુણ સ્થિતિહેતુત્વ છે. આ અધર્મદ્રવ્યના (બાકીના) ગુણ-પર્યાયો જેવા તે ધર્માસ્તિકાય (બાકીના) સર્વ ગુણ-પર્યાયો હોય છે.'** લ્યો. ધર્માસ્તિ જેવા અધર્માસ્તિના ગુણો હોય છે. **'આકાશનો, અવકાશદાનરૂપ લક્ષણ જ વિશેષગુણ છે. ધર્મ અને અધર્મના બાકીના ગુણો...'** ભાષા એમ ફેરવી છે. **'બાકીના ગુણો આકાશના બાકીના ગુણો જેવા પણ છે.'** નહિતર તો આકાશના ગુણો ધર્માસ્તિ-અધર્માસ્તિના હતા એવા હોય છે એમ હોવું જોઈએ, એને ઠેકાણે આમ લીધું. શું કીધું સમજાણું? ધર્માસ્તિ-અધર્માસ્તિના ગુણો જેવા આકાશના ગુણો છે એમ લેવું જોઈએ. પણ આ આમ લીધું. આકાશના જેવા ગુણો છે, એવા ધર્માસ્તિ-અધર્માસ્તિના ગુણો છે.

**'–આ પ્રમાણે (આ ગાથાનો) અર્થ છે.'** લ્યો. **'(અહીં એમ ખ્યાલમાં રાખવું કે) લોકાકાશ, ધર્મ અને અધર્મ સરખા પ્રમાણવાળાં હોવાથી કાંઈ અલોકાકાશને ટૂંકાપણું–નાનાપણું નથી.'** આ ત્રણ આવા છે માટે અલોક ટૂંકો થઈ ગયો છે એમ છે નહિ. અલોક તો અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... ચારે બાજુ અનંત છે.

**'[હવે ૩૦ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]'**

૪૬.

**इह गमननिमित्तं यत्स्थितेः कारणं वा**
**यदपरमखिलानां स्थानदानप्रवीणम्।**
**तदखिलमवलोक्य द्रव्यरूपेण सम्यक्**
**प्रविशतु निजतत्त्वं सर्वदा भव्यलोकः ।।४६ ।।**

જે ધર્માસ્તિ ગમનનું નિમિત્ત છે. અધર્માસ્તિ સ્થિતિનું નિમિત્ત છે. ત્યાં કારણ કહ્યું. એકને નિમિત્ત કહ્યું, બીજાને કારણ કહ્યું. વસ્તુ તો ઇની ઇ છે. સમજાણું? નિમિત્ત કહો, કારણ કહો, કારણને નિમિત્તને પણ કહેવાય અને નિમિત્તને કારણ પણ કહેવાય. એ વ્યવહારકારણથી .... **'વળી બીજું જે (દ્રવ્ય) સર્વને સ્થાન દેવામાં પ્રવીણ છે,...'** ઠીક. પ્રવીણ છે. આકાશ પ્રવીણ છે. એટલે બધા દ્રવ્યો તેમાં આવી ગયા. **'તે બધાંને સમ્યક્ દ્રવ્યરૂપે અવલોકીને...'** એ બધા સ્વતંત્ર પદાર્થો છે એમ જાણીને, એમ કહે છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ. જગતના સ્વતંત્ર પદાર્થો છે. અનાદિઅનંત ભગવાને જોયા છે. **'(–યથાર્થપણે સ્વતંત્ર દ્રવ્યો તરીકે સમજીને)...'** સમ્યક્ દ્રવ્યરૂપે કહ્યું છે ને? સમ્યક્પણે જોવું એટલે સ્વતંત્ર બધા દ્રવ્યો છે. કોઈ, કોઈને કાંઈ સંબંધ છે નહિ. સ્વતંત્ર છે. કોઈને કારણે કોઈ દ્રવ્ય નથી એમ કહે છે. **'ભવ્યસમૂહ સર્વદા નિજ તત્ત્વમાં પ્રવેશો.'** હે ભવ્ય! સર્વદા ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે.

મુમુક્ષુ :– બધા જીવોને આવો ઉપદેશ દેવો.

ઉત્તર :– ભવ્યસમૂહ કીધુંને આમાં. ભવ્યસમૂહ. ભવ્યનો સમૂહ લાયક છે. **'સર્વદા નિજ તત્ત્વમાં પ્રવેશો.'** આ કરવા જેવું છે.

મુમુક્ષુ :– અભવ્ય નહિ?

ઉત્તર :– અભવીની અહીં ક્યાં વાત છે? આ તો ભવ્યસમૂહને કહેવાનું છે આવું? બીજું કાંઈ કહેવું કે નહિ? પ્રથમાનુયોગનું, ફલાણુ કે કષાય મંદ કરવાનું.

મુમુક્ષુ :– ભવ્યજીવોને એકલાને?

ઉત્તર :– આખો સમૂહ કીધો. કાલે સમૂહ આવ્યો હતો. નહિ? આવ્યો હતો કે નહિ આમાં? ક્યાંક આવ્યું હતું ખરું. ભવ્યસમૂહ. જુઓ! એમાં પણ આવ્યું. **'પરમ સુખપદનો અર્થી ભવ્યસમૂહ શુદ્ધ આત્માને એકને ભાવે.'** છે? ૪૧ મો કળશ. ૫૯ પાનું. નીચે. **'પરમ સુખપદનો અર્થી ભવ્યસમૂહ...'** ત્યાં એ ભવ્યસમૂહ (આવ્યું છે). **'શુદ્ધ આત્માને એકને ભાવે.'**

મુમુક્ષુ :– ...વ્યવહારને તો સ્થાપો.

ઉત્તર :– આ જ વસ્તુ કરવાની છે. કરવાનું શું બધું? બધું સમજી-સમજીને સમજાવીને તો આ ચીજ છે એની. ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ, એમાં પ્રવેશ કરો, રાગ અને એનું અવલંબન છોડો. એ માટે આ બધો ઉપદેશ છે. અહીં આવ્યું જુઓ!

**'ભવ્યસમૂહ સર્વદા...'** સર્વદા પાછી ભાષા એમ છે. ઘણા જીવોનો સમૂહ અને સર્વદા. પહેલું આમ, પછી આમ **'સર્વદા નિજ તત્ત્વમાં પ્રવેશો.'** છે ને? આહાહા..! અરે..! આવું પહેલા-પછીનો પ્રશ્ન ક્યાં છે? એ વસ્તુના સ્વભાવને વ્યવહાર હોય તો, આવો હોય તો એવું કાંઈ વસ્તુના સ્વભાવમાં નથી. આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાયક સ્વભાવ ધ્રુવ, એમાં ઊંડે ઊંડે પ્રવેશ કરો, જાવ અંદર એમ કીધું. ત્યાં દૃષ્ટિ લગાવ અને ત્યાં આગળ પ્રવેશ કરો. આહાહા..!

મુમુક્ષુ :– શાસ્ત્રમાં આવે છે કે શ્રોતાને દેખીને ઉપદેશ આપે છે.

ઉત્તર :– એ આવે. આવે. વ્યવહારનું કથન. એ દેખીને શું આવ્યું. આવે. અંદર વિકલ્પ એવો હોય તો આવે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. મુખ્ય આ અધ્યાત્મનો ઉપદેશ છે. સભામાં કરવાનું. નથી આવ્યું? 'ટોડરમલ્લજી' (કહે છે). મોક્ષમાર્ગ ક્યાં છે? બીજે આ મોક્ષમાર્ગ નથી. જાણવાની વાતું છે. લ્યો. એ ૩૦ મી ગાથા થઈ. ૩૧ મી. કાળની વ્યાખ્યા છે હવે હોં!

**समयावलिभेदेण दु दुवियप्पं अहव होइ तिवियप्पं ।**
**तीदो संखेज्जावलिहदसंठाणप्पमाणं तु ।।३१।।**

આ 'ગોમ્મટસાર'ની ગાથા છે. ૫૭૭. જીવકાંડની ૫૭૭ ગાથા છે. એમાં જરી ગણતરીમાં ફેર હશે. એમાં કાંઈ નહિ. અરે..! પ્રયોજનભૂત છે એની સામું જોને. પેલા 'રતનચંદજી' આમાં દોષ કાઢે છે.

**આવલિ-સમયના ભેદથી બે ભેદ વા ત્રણ ભેદ છે;**
**સંસ્થાનથી સંખ્યાતગુણ આવલિપ્રમાણ અતીત છે. ૩૧.**

**'આ, વ્યવહારકાળના સ્વરૂપનું અને તેના વિવિધ ભેદોનું કથન છે. એક આકાશપ્રદેશે જે પરમાણુ રહેલો હોય...'** આ આકાશ પ્રદેશમાં. **'તેને બીજો પરમાણુ મંદ ગતિથી ઓળંગે...'** આકાશપ્રદેશમાં જે પરમાણુ રહ્યો હોય, એને બીજો પરમાણુ મંદગતિથી ઓળંગે, એમ ભાષા છે. નહિતર તો એક પ્રદેશમાં પરમાણુ છે, એ બીજા પ્રદેશે જાય. પરમાણુ, પરમાણુને ઓળંગે. એક પરમાણુ એક પ્રદેશમાં છે અને બીજો પરમાણુ એક પ્રદેશને ઓળંગીને બીજે જાય. **'તેટલો કાળ તે સમયરૂપ વ્યવહારકાળ છે.'** એને એક સમય એટલે વ્યવહાર નાનો કાળ કહેવાય છે.

**'એવા અસંખ્ય સમયોનો નિમેષ...'** એ બધું એનું માપ છે. **'આંખ વિચાંય તેટલો કાળ તે નિમેષ છે. આઠ નિમેષની કાષ્ઠા થાય છે. સોળ કાષ્ઠાની કળા, બત્રીશ કળાની ઘડી, સાઠ ઘડીનું અહોરાત્ર, ત્રીશ અહોરાત્રનો માસ, બે માસની ઋતુ, ત્રણ ઋતુનું અયન અને બે અયનનું વર્ષ થાય છે. આમ આવલિ આદિ વ્યવહારકાળનો ક્રમ છે.'** ભેદ થયો ને બધો વ્યવહાર. **'આ પ્રમાણે વ્યવહારકાળ સમય અને આવલિના ભેદથી બે પ્રકારે છે...'** એક સમયનો, એક સમય અને આવલિ આદિ બધા પ્રકાર. **'અથવા અતીત, અનાગત અને વર્તમાનના ભેદથી ત્રણ પ્રકારે છે.'** પાઠમાં છે. **'समयावलिभेदेण दु दुवियप्पं अहव होइ तिवियप्पं ॥'**

**'આ (નીચે પ્રમાણે), અતીત કાળનો વિસ્તાર કહેવામાં છે : અતીત સિદ્ધોને સિદ્ધપર્યાયના પ્રાદુર્ભાવસમયથી પહેલાં વીતેલો જે આવલિ આદિ વ્યવહારકાળ તે, તેમને સંસાર-અવસ્થામાં જેટલા સંસ્થાનો વીતી ગયાં તેમના જેટલો હોવાથી અનંત છે.'**

મુમુક્ષુ :– .. નહોતો જોયો.

ઉત્તર :– અનંત જ છે. બગડો છે નીચે જુઓ.

**'સિદ્ધભગવાનને અનંત શરીરો વીતી ગયાં; તે શરીરો કરતાં સંખ્યાતગુણી આવલિઓ વીતી ગઈ. માટી અતીત શરીરો પણ અનંત છે અને અતીત કાળ પણ અનંત છે. અતીત શરીરો કરતાં અતીત આવલિઓ સંખ્યાતગુણી હોવા છતાં બન્ને અનંત હોવાથી બન્નેને અનંતપણાની અપેક્ષાએ સરખા કહ્યા છે.'** આ અપેક્ષાએ સરખા કહ્યા છે. એમાં વાંધો કાઢે. ભાઈ! વાંધો નથી. આહાહા..! મુનિઓનું વાક્ય પણ એને ઠીક પડતું નથી. કારણ કે નિશ્ચયની વ્યાખ્યા એવી આવે. નિરપેક્ષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી થાય. વ્યવહારની એને જરૂર નથી. હાય..હાય..! એટલે આવી ભૂલ કાઢી ઓલું નહિ. જાવ. આહાહા..!

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ સ્વભાવથી ભરેલો, તેના સ્વભાવનો આશ્રય કરવામાં પરની કોઈ અપેક્ષા છે નહિ. એનું સમ્યગ્દર્શન, જ્ઞાન થવામાં કે ચારિત્ર થવામાં પરની અપેક્ષા વિના, સ્વદ્રવ્યની અપેક્ષાના કારણે જે દૃષ્ટિ, જ્ઞાન પ્રગટે તે નિરપેક્ષ તત્ત્વ છે. નિશ્ચયમોક્ષમાર્ગ તે

મોક્ષમાર્ગ છે. એને એ વાંધો આવે છે. નહિ, વ્યવહાર હોય તો થાય. વ્યવહારની અપેક્ષા જોઈએ. એ બધા વાંધા માટે આ બધી વાતો કાઢી... જીવોને ક્યાં... અનાદિથી આવું કર્યું છે. આહાહા..! **'અનાગત કાળ પણ અનાગત સિદ્ધોના જે મુક્તિપર્યંત અનાગત શરીરો તેમના જેટલો છે.'** લ્યો. પછી શ્લોક કહ્યો છે.

**समओ णिमिसो कडा कला य णाली तदो दिवारत्ती।**
**मासोदुअयणसंवच्छरो त्ति कालो परायत्तो ।।**

'પંચાસ્તિકાય'નો છે. **'સમય, નિમેષ, કાષ્ઠા, કળા, ઘડી, દિનરાત, માસ, ઋતુ, અયન અને વર્ષ–એ પરાશ્રિત કાળ (–જેમાં પરની અપેક્ષાએ આવે છે એવો વ્યવહારકાળ) છે.'** તે સિદ્ધ કરવામાં આવે છે. આવી ગયું છે. હવે પોતે મુનિરાજ શ્લોક કહે છે.

**વળી (૩૧ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-**

**समयनिमिषकाष्ठा सत्कलानाडिकाद्याद्**
**दिवसरजनिभेदाज्जायते काल एषः ।**
**न च भवति फलं मे तेन कालेन किंचिद्**
**निजनिरुपमतत्त्वं शुद्धमेकं विहाय ।।४७।।**

આહાહા..! એ બધા સમય આદિ કહ્યાં એ ભેદોથી વ્યવહારકાળ થાય છે. **'પરંતુ શુદ્ધ એક નિજ નિરુપમ તત્ત્વને છોડીને,...'** કાળથી મને કાંઈ ફળ નથી. શુદ્ધ એક નિજ નિરુપમ, અભેદ ચિદાનંદ અનંત સ્વભાવસ્વરૂપ, નિર્મળ એક અને નિરુપમ. જેની કોઈ ઉપમા નથી એવું તત્ત્વ ભગવાનઆત્મા, એમાં **'તત્ત્વને છોડીને,...'** એવા ભગવાનઆત્માના અભેદ રત્નત્રયનો આશ્રય એવું જે દ્રવ્ય, એવા દ્રવ્યને છોડીને **'તે કાળથી મને કાંઈ ફળ નથી.'** પરકાળનું જ્ઞાન કરવામાં પરાધીન જ્ઞાન થાય છે અને વિકલ્પ ઉત્પન્ન થાય છે એમ કહે છે. આત્માનો આશ્રય કરતાં નિર્વિકલ્પી આનંદ આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કાળ વસ્તુ છે. એ કહેશે વધારે. જુઓ! ૩૨ મી ગાથા.

**जीवादु पोग्गलादो णतगुणा चावि संपदा समया ।**
**लोयायासे संति य परमट्ठो सो हवे कालो ।।३२।।**

જુઓ! કાળદ્રવ્યને સિદ્ધ કરે છે, હોં!

**જીવોથી ને પુદ્‌ગલોથી પણ સમયો અનંતગુણા કહ્યા;**
**તે કાળ છે પરમાર્થ, જે છે સ્થિતિ લોકાકાશમાં. ૩૨.**

જુઓ! કાળ કોઈ માનતા નથી ને. શ્વેતાંબર કાળદ્રવ્યને માનતા નથી. તો કાળદ્રવ્ય સિદ્ધ કરે છે. અનાદિ સનાતન માર્ગમાં છ દ્રવ્યમાં કાળદ્રવ્ય છે.

**'આ, મુખ્ય કાળના સ્વરૂપનું કથન છે.'** જુઓ! **'જીવરાશિથી અને પુદ્‌ગલરાશિથી અનંતગુણા છે. કોણ? સમયો.'** સમય, સમય, હોં! કાળદ્રવ્ય નહિ. **'કાલાણુઓ લોકાકાશના પ્રદેશોમાં પૃથક પૃથક્ રહેલા છે, તે કાળ પરમાર્થ છે.'** સમય આદિને વ્યવહારકાળ કહ્યો. એ સમયો અનંતગુણા કહ્યા પણ કાળાણુ જે છે **'લોકાકાશના પ્રદેશોમાં પૃથક્ પૃથક્ રહેલા છે,...'** અસંખ્ય. એ મૂળ પદાર્થ છે. એ અરૂપી કાળ નામનો પદાર્થ છે.

છ દ્રવ્ય એટલા છે એટલું ન માને તો એક સમયના પર્યાયના સામર્થ્યની પણ પ્રતીત ન હોય. જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણવાની તાકાતવાળી પર્યાય છે. તો છ દ્રવ્યમાં કોઈપણ એક દ્રવ્ય ન માને, તો એની પર્યાયની એવડી તાકાત છે એવી એણે માની નથી. સમજાણું કાંઈ?

'પ્રવચનસાર'માં કહ્યું છે, લ્યો.

**समओ दु अप्पदेसो पदेसमेत्तस्स दव्वजादस्स ।**
**वदिवददो सो वट्टदि पदेसमागासदव्वस्स ।।**

**'કાળ તો અપ્રદેશી છે.'** કાળને પ્રદેશ નથી. બે અણુઓ ભેગા થતા નથી. આ પરમાણુ તો ભેગા થઈને આમાં દેખાય. એકઠા રજકણ. કાળાણુઓ બે ભેગા થતા નથી. **'પ્રદેશમાત્ર પુદ્‌ગલ-પરમાણુ આકાશદ્રવ્યના પ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય...'** પ્રદેશમાત્ર પુદ્‌ગલ-પરમાણુ આકાશદ્રવ્યના પ્રદેશને મંદ (ગતિથી ઓળંગતો હોય). પાછું આવ્યું. આ 'પ્રવચનસાર'ની શૈલીમાં આવ્યું. ઓલામાં આકાશના પ્રદેશમાં પરમાણુ હતો, એને પરમાણુ ઓળંગે. સમજાણું?

**'પ્રદેશમાત્ર પુદ્‌ગલ-પરમાણુ આકાશદ્રવ્યના પ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય ત્યારે તે વર્તે છે અર્થાત્ નિમિત્તભૂતપણે પરિણમે છે.' 'સમય' શબ્દથી મુખ્યકાલાણુનું સ્વરૂપ કહ્યું.'** લ્યો. સમય શબ્દથી મુખ્ય કાલાણું કહ્યો.

**'વળી અન્યત્ર (આચાર્યવર શ્રીનેમિચંદ્રસિદ્ધાંતિદેવ વિરચિત બૃહદદ્રવ્યસંગ્રહમાં ૨૨ મી ગાથા દ્વારા) કહ્યું છે કે :–'**

**लोयायासपदेसे एक्केक्के जे ट्ठिया हु एक्केक्का ।**
**रयणाणं रासी इव ते कालाणू असंखदव्वाणि ।।**

**'લોકાકાશના એક એક પ્રદેશે જે એક એક કાલાણુ રત્નોના રાશિની માફક ખરેખર સ્થિત છે, તે કાલાણુઓ અસંખ્ય દ્રવ્યો છે.'** આ વસ્તુ છે.

**'વળી માર્ગપ્રકાશમાં પણ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**कालाभावे न भावानां परिणामस्तदंतरात् ।**
**न द्रव्यं नापि पर्यायः सर्वाभावः प्रसज्यते ।।**

**'કાળના અભાવમાં, પદાર્થોનું પરિણમન ન હોય;...'** કાળ સિદ્ધ કરવો છે ને. નિમિત્ત સિદ્ધ કરવું છે. પણ કાળના અભાવમાં પરિણમન એનું છે ઇ પરિણમન ન હોય એમ છે? આવો દાખલો લે. જુઓ! કાળ ન હોય તો પરિણમન ન હોય. માટે કાળને લઈને પરિણમન છે. શું કરે?

મુમુક્ષુ :– ચોખ્ખી વાત તો કરે છે.

ઉત્તર :– કાળદ્રવ્યનું પરિણમન વયું જાય કાંઈ? કોઈ પર્યાય વિનાનું દ્રવ્ય હોય?

મુમુક્ષુ :– નિમિત્ત ન હોય તો ન થાય.

ઉત્તર :– અહીં તો નિમિત્ત (કહ્યું છે) પણ એની સિદ્ધિ કરવી છે. દરેક દ્રવ્યના પરિણમનમાં એ કાળ નામનો દ્રવ્ય નિમિત્ત છે. બસ. શું થાય? કઈ નયના કથન છે અને શું કરે છે? વાંધા જ આ ઊઠ્યા છે ને? શાસ્ત્રમાં જે લખ્યું એ બધું સાચું, જાવ. પણ કઈ નયે?

મુમુક્ષુ :– ખ્યાલ નથી આવતું એમને.

ઉત્તર :– નથી આવડતું. એટલે ગોટો ઊઠે છે.

**'કાળના અભાવમાં, પદાર્થોનું પરિણમન ન હોય;...'** લ્યો. પદાર્થનું પરિણમન ન હોય. **'અને પરિણમન ન હોય તો દ્રવ્ય પણ ન હોય તથા પર્યાય પણ ન હોય; એ રીતે સર્વના અભાવનો (શૂન્યનો) પ્રસંગ આવે.'** એ તો કાળને સિદ્ધ કરે છે. કાળ નામનો પદાર્થ છે. સમજાણું કાંઈ? કાળ નામનો પદાર્થ જેણે ઉડાવ્યો, એને સ્વકાળનો અનુભવ નથી. એમ એકવાર ઘણા વર્ષ પહેલા એ પ્રશ્ન ઊઠ્યો હતો. અમારા 'નારણભાઈ' સાથે જ્યારે અંદર ચર્ચા ચાલતી. ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૮૯ કે ૧૯૮૮. કાલાણુ ન માન્યો, આ કાળદ્રવ્ય નથી માન્યો એટલે એનો કાળ ફર્યો નથી. સ્વકાળ અનુભવનો થયો જ નથી. થાય તો એને કાળ નિમિત્ત છે એવું દ્રવ્ય પણ એની પ્રતીતમાં આવે. સમજાણું કાંઈ? **'એ રીતે સર્વના અભાવનો પ્રસંગ આવે.'**

હવે બે શ્લોક પોતે કહે છે.

**વળી (૩૨ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :**

**वर्तनाहेतुरेषः स्यात् कुम्भकृच्चक्रमेव तत् ।**
**पंचानामस्तिकायानां नान्यथा वर्तना भवेत् ।।४८ ।।**

**'કુંભારના ચક્રની માફક (અર્થાત્ જેમ ઘડો થવામાં કુંભારનો ચાકડો નિમિત્ત છે તેમ), આ પરમાર્થકાળ (પાંચ અસ્તિકાયોની) વર્તનાનું નિમિત્ત છે.'** ખરેખર પાંચ દ્રવ્યમાં આ દ્રવ્ય એવું છે લોકાકાશ પ્રમાણે કે બધામાં પરિણમનમાં એ નિમિત્ત છે. **'પરમાર્થકાળ વર્તનાનું નિમિત્ત છે. એના વિના, પાંચ અસ્તિકાયોને વર્તના (-પરિણમન) હોઈ શકે નહિ.'** એ તો કાળ સિદ્ધ કરવો છે ને. આ બધા વાંધા કાઢે, લ્યો. આ હોય તો પરિણમે. એ ન હોય તો ન પરિણમે. એનો અર્થ એ છે કે અહીં પરિણમે ત્યારે એ હોય છે. નિશ્ચયથી દ્રવ્યનું પરિણમન સ્વકાળે પોતાના કારણે, પરની અપેક્ષા

વિના પરિણમે છે. ત્યાં એક બીજું નિમિત્તરૂપે દ્રવ્ય સાપેક્ષ વ્યવહારે ગણવામાં આવ્યું છે. આની અપેક્ષાએ વ્યવહાર. એની અપેક્ષાએ નિશ્ચય છે. ઝગડા, ઝગડા, ઝગડા. શાસ્ત્રે વાદ ભર્યં. **'(પરિણમન) હોઈ શકે નહિ.'** ૪૮ કીધું ને?

૪૯.

**प्रतीतिगोचराः सर्वे जीवपुद्गलराशयः।**
**धर्माधर्मनभःकालाः सिद्धाः सिद्धान्तपद्धतेः ।।४९।।**

**'સિદ્ધાંતપદ્ધતિથી (શાસ્ત્રપરંપરાથી) સિદ્ધ એવા જીવરાશિ, પુદ્ગલરાશિ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ...'** જુઓ! સિદ્ધાંતપદ્ધતિ અનાદિની આ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનના સિદ્ધાંતપદ્ધતિની પરંપરાની રાશિ આ પ્રમાણે છે. જીવરાશિ અનંત, પુદ્ગલ અનંત, ધર્મ, અધર્મ એક, આકાશ અને કાળ અસંખ્ય. **'પ્રતીતિગોચર છે. (અર્થાત્ છ યે દ્રવ્યોની પ્રતીતિ થઈ શકે છે.)'** એમ કહે છે, લ્યો .સમજાણું કાંઈ? વાડામાં ઝઘડા, જુદા પડ્યામાં ઝઘડા, ભેગા રહ્યા એમાં અર્થ કરવાના ઝઘડા. આહાહા..! બીજી રીતે શાંતિથી જુઓ કે આ શું કહેવા માગે છે? કઈ વસ્તુ છે? સમજાણું કાંઈ?

અનાદિ સિદ્ધાંતપરંપરાથી સિદ્ધ છે કે.. એમ કહ્યું ને? જીવરાશિ આદિ કાળ બધા પ્રતીતિગોચર છે. એ કાળ વસ્તુ છે. અસંખ્ય કાલાણુ પદાર્થ છે. શ્વેતાંબર જીવ-અજીવની પર્યાયને કાળ ગણીને એ કાલાણુદ્રવ્ય નથી એમ કહ્યું. લ્યો, એ ૩૨મી ગાથા થઈ.

મુમુક્ષુ :– કાળદ્રવ્યને જીવ-અજીવની પર્યાયમાં...

ઉત્તર :– એ પર્યાય એ કાળ છે એમ શ્વેતાંબર માને છે. જીવ-અજીવની પર્યાય છે ને? કાળ તેનો સ્વકાળ તે જ કાળ.

મુમુક્ષુ :– કાળદ્રવ્ય જુદું નથી ગણ્યું.

ઉત્તર :– જુદું નથી. ધર્મ-અધર્મ, આકાશ-કાળ, આકાશ-પુદ્ગલ. કાળ નહિ. દરેક કાળની પર્યાય છે ને સ્વની, એને જ કાળ માની લે છે. એનો સ્વકાળ છે ખરો. દ્રવ્યનો પર્યાયનો સ્વકાળ એક સમયનો એને કાળ માની લીધો. એવું છે, ભાઈ! આહાહા..! આ પાછા દિગંબર સંપ્રદાયમાં પણ અંદરમાં ઝઘડા. ઓલો કહે કાળ હોય તો પરિણમે, ન હોય તો ન પરિણમે. વળી એ ઝઘડા. નિમિત્ત કે દિ' નથી? તો કહે, નહિ. નિમિત્ત આવે તો પરિણમે, ન આવે તો ન પરિણમે.

મુમુક્ષુ :– એનો ઉત્પાદ-વ્યય રોકાઇ જાય.

ઉત્તર :– ઉત્પાદ-વ્યય રોકાઇ જાય. ધારાવાહી પરિણમન છે એનું. આહાહા..!

**जीवादीदव्वाणं पखिट्टणकारणं हवे कालो ।**
**धम्मादिचणहं णं सहावगुणपज्जया होंति ।। ३३ ।।**

**જીવપુદ્‌ગલાદિ પદાર્થને પરિણમનકારણ કાળ છે;**
**ધર્માદિ ચાર સ્વભાવગુણપર્યાયવંત પદાર્થ છે. ૩૩.**

એમાં એમ સિદ્ધ કર્યું એ લોકોએ કે ભાઈ! ધર્માસ્તિકાય આગળ નથી માટે સિદ્ધ આગળ જતા નથી. આને કારણે આ. કાળ ન હોય તો પરિણમન ન થાય. એમ ધર્માસ્તિ ન હોય તો ઉપર જાતા નથી. અરે..રે..!

મુમુક્ષુ :– સિદ્ધોને પરતંત્ર માન્યા.

ઉત્તર :– હા. એ અનેકાંત ન થાય ને. અનેકાંત ક્યારે કહેવાય? કે કથંચિત્ સ્વતંત્ર, કથંચિત્ પરતંત્ર (કહો) ત્યારે એ સ્વતંત્ર, ત્યારે એ અનેકાંત. અહીં તો કહે છે, સર્વથા સ્વતંત્ર, પરતંત્ર જરીયે નહિ. એનું નામ અનેકાંત છે. શું થાય? અરે..રે..! ૩૩ ગાથા.

**'આ, કાળાદિ શુદ્ધ અમૂર્ત અચેતન દ્રવ્યોના નિજસ્વભાવગુણપર્યાયોનું કથન છે.'** નિજ સ્વભાવ ગુણો છે ને. એને તો બધા સ્વભાવગુણો જ છે અને સ્વભાવપર્યાય છે. **'મુખ્યકાળદ્રવ્ય જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશની (-પાંચ અસ્તિકાયોની) પર્યાયપરિણતિનો હેતુ હોવાથી...'** પાંચે અસ્તિના પર્યાય પરિણતિનો હેતુ હોવાથી **'તેનું લિંગ પરિવર્તન છે (અર્થાત્ કાળદ્રવ્યનું લક્ષણ વર્તનાહેતુત્વ છે)...'** વર્તે છે તેને નિમિત્ત થવું એનું નામ વર્તનાહેતુ. પર્યાયપરિણતિનો હેતુ એમ ભાષા છે ને? પર્યાયપરિણતિનો હેતુ. જીવને, પુદ્‌ગલને, ધર્મને, અધર્મને, આકાશને એની અવસ્થાની પર્યાય પરિણમે એનો હેતુ છે. **'તેનું લિંગ પરિવર્તન છે (અર્થાત્ કાળદ્રવ્યનું લક્ષણ વર્તનાહેતુત્વ છે)...'**

**'હવે (બીજી વાત એ કે), ધર્મ, અધર્મ, આકાશ અને કાળને સ્વજાતીય કે વિજાતીય બંધનો સંબંધ નહિ હોવાથી...'** કહો, ધર્મ, અધર્મ સ્વજાતીયમાં પણ સંબંધ નથી અને પરની સાથે પણ કાંઈ સંબંધ નથી. પરમાણુ સાથે પણ સંબંધ નથી, એમ કહે છે. **'તેમને વિભાવગુણપર્યાયો હોતા નથી,...'** ધર્માસ્તિ, આકાશ, કાળને વિભાવ ગુણપર્યાય હોતા નથી. **'પરંતુ સ્વભાવગુણપર્યાયો હોય છે–'** એને તો ગુણ અને પર્યાય બધા અનાદિ સ્વભાવિક શુદ્ધ હોય છે. **'એમ અર્થ છે.'** **'તે સ્વભાવગુણપર્યાયોનું પૂર્વે પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેથી જ અહીં સંક્ષેપથી સૂચન કરવામાં આવ્યું છે.'**

**'[હવે ૩૩ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]'**

**इति विरचितमुच्चैर्द्रव्यषट्कस्य भास्वद्**
**विवरणमतिरम्यं भव्यकर्णामृतं यत् ।**
**तदिह जिनमुनीनां दत्तचितप्रमोदं**
**भवतु भवविमुक्त्यै सर्वदा भव्यजन्तोः ।। ५०।।**

**'એ રીતે ભવ્યોનાં કર્ણોને અમૃત એવું..'** લાયક પ્રાણીને આ છ દ્રવ્યની પ્રતીત આવે છે કહે છે. એના કાનમાં ભવ્યજીવોને આવા છ દ્રવ્યો છે એવું કાનમાં શ્રવણ આવે છે. એમ કહે છે. **'કર્ણોને અમૃત એવું જે છ દ્રવ્યોનું અતિરમ્ય દેદીપ્યમાન (-સ્પષ્ટ) વિવરણ વિસ્તારથી કરવામાં આવ્યું,...'** લ્યો, સમજાણું? **'તે જિનમુનિઓના ચિત્તને પ્રમોદ દેનારું...'** વીતરાગી દૃષ્ટિવંત અને વીતરાગી ચારિત્રવંત મુનિઓના ચિત્તને પ્રમોદ દેનારું. એ જાતનો વિકલ્પ છે ને? આહાહા..! છ દ્રવ્યો ભગવાને કહ્યા છે.

**'ષટ્દ્રવ્યવિવરણ ભવ્ય જીવને સર્વદા...'** લ્યો. એ **'ભવ્ય જીવને સર્વદા ભવવિમુક્તિનું કારણ હો.'** એનું વાસ્તવિક જ્ઞાન થઈને સ્વભાવ તરફ ઢળે, એને ભવની મુક્તિનું કારણ થાય. વસ્તુ છે ને! એમાંથી એકપણ દ્રવ્ય ઓછું માને તો એના સામર્થ્યની પર્યાયને જ માની નથી. પર્યાયને માની નથી તો પર્યાયને આવું સામર્થ્ય માને, એ દ્રવ્યનો આશ્રય કરે તો એને ધર્મ થાય. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું. એ કરતાં એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, દયા પાળવી કે આ કરવું એ બધું સહેલું (હતું). 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ.' સમજાય પણ ખરું માણસને. 'અનંત જીવ મુક્તિએ ગયા દયા તણા પ્રમાણ'.

મુમુક્ષુ :– સ્વદયા કે પરદયા?

ઉત્તર :– એ પરદયાની જ વાત છે. 'ગઢડા'માં છે ઓલા. ડેલો છે ને? એની ઉપર ઘડિયાળની પાસે 'લાઠી'વાળાએ એક પાટીયું મૂક્યું છે. 'દયા તે સુખની વેલડી,..' વાંધા જ આ. શાસ્ત્રમાં જ્યાં જ્યાં દયા આવે ત્યાં દયા એટલે પરદયા, પરદયા એટલે ધર્મ. બસ, એવું આ. 'રતનચંદજી' એમ ઠરાવે છે. આ કહે છે કે દયાના બે પ્રકાર છે.

મુમુક્ષુ :– બેનું શું કામ છે પણ.

ઉત્તર :– પણ આવે છે એમાં.

મુમુક્ષુ :– પણ બે પ્રકાર કરો છો શું કરવા? દયા જ કહો.

ઉત્તર :– દયા એટલે પણ કોઈ નિશ્ચયનયની દયા અને કોઈ વ્યવહારની દયા એવા બે પ્રકાર છે.

મુમુક્ષુ :– ઇ ના પાડે છે, દયા બે કરો છો શું કરવા?

ઉત્તર :– નય છે માટે કરે છે. નિશ્ચયદયા તો ભગવાનઆત્મા રાગ અને વિકલ્પ વિનાનો પ્રભુ, એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરવી, એ જ જીવની સાચી દયા છે. કે જેને સંસારથી મુક્ત થઈને મુક્તિ થાય. એ દયા છે. પરની દયાનો તો વિકલ્પ છે, રાગ છે. ખરેખર તો પોતાની હિંસા છે એમાં. આહાહા..! એ છ દ્રવ્યનું સ્વરૂપ (કહ્યું).

**'ભવ્ય જીવને સર્વદા ભવવિમુક્તિનું કારણ હો.'** લ્યો. ૩૪ મી ગાથા.

**एदे छद्दवाणि य कालं बोत्तूण अत्थिकाय त्ति ।**
**णिद्दिट्ठा जिणसमये काया हु वहुप्पदेसत्तं ।।३४।।**

આમાં છ દ્રવ્યો છે. વીતરાગ શાસ્ત્રમાં તો આમ છે એમ કહે છે.

**જિનસમયમાંહી કાળ છોડી શેષ પાંચ પદાર્થ જે;**
**તે અસ્તિકાય કહ્યા; અનેકપ્રદેશયુત તે કાય છે. ૩૪.**

**'આ ગાથામાં કાળદ્રવ્ય સિવાય પૂર્વોક્ત દ્રવ્યો જ પંચાસ્તિકાય છે એમ કહ્યું છે.'** કાળમાં અસ્તિકાય નથી ને. કાળ અસ્તિ છે. પ્રદેશો–કાયસમૂહ નથી. એથી પાંચ અસ્તિકાયથી એ ભિન્ન પડે છે. એમ. અસ્તિકાય નથી. ભિન્ન પડે છે માટે અસ્તિ નથી એમ નથી.

**'(આ વિશ્વમાં) કાળ દ્વિતીયાદી પ્રદેશ રહિત...'** કાળને બે પ્રદેશ હોતા નથી. **'એક કરતાં વધારે પ્રદેશો (વિનાનો) છે, કારણ કે समओ अप्पदेसो (કાળ અપ્રદેશી છે) એવું શાસ્ત્રનું વચન છે. આને દ્રવ્યપણું જ છે,...'** વસ્તુ જ છે. **'બાકીનાં પાંચને કાયપણું (પણ) છે જ.'** દ્રવ્યપણું પણ છે અને કાયપણું પણ છે. કાળને એકલું દ્રવ્યપણું છે અને કાયપણું નથી. કહો, સમજાણું કાંઈ?

**'બહુ પ્રદેશોના સમૂહવાળું હોય તે 'કાય' છે.'** કાયની વ્યાખ્યા કરી. જેના ઘણા પ્રદેશ હોય, બેથી માંડીને અનંત, એને કાય કહે છે. **''કાય' કાય જેવા (-શરીર જેવા અર્થાત્ બહુપ્રદેશોવાળાં) હોય છે. અસ્તિકાયો પાંચ છે.'** કહો. એને કાય છે. ઘણા પ્રદેશનો સમૂહ છે ને? ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને પુદ્ગલ.

**'અસ્તિત્વ એટલે સત્તા.'** હોવાપણું તે સત્તા. **'તે કેવી છે? મહાસત્તા અને અવાંતરસત્તા– એમ સપ્રતિપક્ષ છે.'** સપ્રતિપક્ષ–વિરોધ સહિત. મહાસત્તા, અવાંતરસત્તા પરસ્પર વિરોધી છે. **'ત્યાં, સમસ્ત વસ્તુવિસ્તારમાં વ્યાપનારી તે મહાસત્તા છે,..'** ભાષા જુઓ! બધું છે એમ કહેનારી, જાણનારી તે મહાસત્તા. એક જ સત્તા બધામાં વ્યાપે છે એમ નહિ. (ફક્ત) છે. **'સમસ્ત વસ્તુવિસ્તારમાં વ્યાપનારી તે મહાસત્તા છે,...'** એમ ભાષા છે. બધી ચીજમાં એક જ સત્તા વ્યાપેલી છે એમ નથી. પણ બધા દ્રવ્યોમાં છે... છે... છે... છે... છે... છે... છે... છે... છે... સત્તા તરીકે, એવી રીતે મહાસત્તા કહેવામાં આવે છે.

**'પ્રતિનિયત વસ્તુમાં વ્યાપનારી તે અવાંતરસત્તા છે;...'** જુઓ! નિયત, નિશ્ચિત અમુક જ પદાર્થ. એક-એકમાં. એક પરમાણુ, એક આત્મા, એક ધર્માસ્તિ વગેરે. એમાં રહેનારી, વ્યાપનારી તે અવાંતર પેટા ભેદ છે. 'પ્રવચનસાર'માં ઘણો વિસ્તાર આવે છે. **'સમસ્ત વ્યાપક રૂપમાં વ્યાપનારી તે મહાસત્તા છે, પ્રતિનિયત એક રૂપમાં વ્યાપનારી તે અવાંતરસત્તા છે;...'** લ્યો. એક-એક (સત્તા). અનંત પર્યાયમાં વ્યાપનારી તે મહાસત્તા છે. એટલે? બધી પર્યાયો છે, અનંત છે, પર્યાયો અનંતી છે. **'પ્રતિનિયત એક રૂપમાં વ્યાપનારી તે અવાતંર સત્તા છે;...'** પર્યાયના

અનંતપણાનું એકરૂપ ગણતા મહાસત્તા છે. એક એકની પર્યાય ભિન્ન ગણતા તે અવાંતર સત્તા છે. **'પદાર્થનો અસ્તિ એવો ભાવ તે અસ્તિત્વ છે.'** લ્યો. અસ્તિત્વ હોવાપણું.

મુમુક્ષુ :– પરમાણુ પણ એક પ્રદેશી છે.

ઉત્તર :– હો. પરમાણુની પર્યાય.

મુમુક્ષુ :– પરમાણુ ભળતો નથી તો પછી આ અસ્તિકાય કેમ કહ્યું?

ઉત્તર :– ભળતો નથી. એની યોગ્યતા છે ને. થવાની યોગ્યતા છે માટે ગણી છે. કાળમાં છે એવી? એટલે. પરમાણુમાં ઘણા પરમાણુને સ્કંધ થવાની યોગ્યતા છે એટલે એને અસ્તિકાય કહ્યું.

મુમુક્ષુ :– ઉપચારથી કહ્યું.

ઉત્તર :– ઉપચારથી કહ્યું છે. એક પરમાણુ પુદ્ગલ છે. એમ આવ્યું હતું ને કાલે?

મુમુક્ષુ :– બહુ પ્રદેશી તો પરમાણુ તે ઉપચારથી કહ્યું છે, સ્કંધ થવાની યોગ્યતાને કારણે.

ઉત્તર :– હા, એ તો સ્કંધ કીધું ને. સ્કંધની યોગ્યતાને કારણે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ કહ્યું ને. આ શું કહ્યું? પરમાણુ તે નિશ્ચયપુદ્ગલ છે. સ્કંધ તે વ્યવહારપુદ્ગલ છે.

**'આ અસ્તિત્વથી અને કાયત્વથી સહિત પાંચ અસ્તિકાયો છે.'** હોવાપણે અને સમૂહપણે પ્રદેશોવાળા પાંચ અસ્તિકાયો છે. **'કાળદ્રવ્યને અસ્તિત્વ જ છે, કાયત્વ નથી, કારણ કે કાયની માફક તેને બહુ પ્રદેશોનો અભાવ છે.'** ઘણા પ્રદેશોનો જે કાય શરીર છે એવો એમાં અભાવ છે. માટે એને અસ્તિકાય કહીએ. અસ્તિ કહીએ પણ કાય કહેવામાં ન આવે.

**[હવે ૩૪ મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]**

**इति जिनमार्गाम्भोधेरुद्धता पूर्वसूरिभिः प्रीत्या ।**
**षड्द्रव्यरत्नमाला कंठाभरणाय भव्यानाम् ।।५१।।**

**'એ રીતે જિનમાર્ગરૂપી રત્નાકરમાંથી..'** જુઓ! વીતરાગ સર્વજ્ઞનો જિનમાર્ગરૂપી વીતરાગમાર્ગ રત્નાકરમાંથી મોટો દરિયો છે. જૈનમાર્ગરૂપી રત્નાકર મોટો દરિયો છે. આહાહા..! **'પૂર્વાચાર્યોએ પ્રીતિપૂર્વક..'** પાછું એમ. આ બધા પૂર્વે આચાર્યો થઈ ગયા, કુંદકુંદ આદિ એ. **'એને ષટ્દ્રવ્યરૂપી રત્નોની માળા...'** આવું તો સ્પષ્ટ કર્યું છે. 'શ્રીમદ્'ને 'નિયમસાર' હાથ નહોતું આવ્યું. **'રત્નાકરમાંથી પૂર્વાચાર્યોએ પ્રીતિપૂર્વક ષટ્દ્રવ્યરૂપી રત્નોની માળા ભવ્યોના કંઠના આભરણને અર્થે બહાર કાઢી છે.'** રત્નોની માળા ભવ્યોના કંઠના આભરણને અર્થે. જ્ઞાનરૂપી ભાવ એની શોભા છે. ષટ્દ્રવ્યનું જ્ઞાન તે શોભા છે. યથાર્થ જ્ઞાન ષટ્દ્રવ્યનું, એ જ્ઞાનની પર્યાયની શોભા છે. માટે એ

છ દ્રવ્યનું જ્ઞાન થવું એ ભવ્યજીવના કંઠનું આભરણ છે, શોભા છે. એને માટે આ કહ્યું છે. ૩૫-૩૬ પછી કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

## ચૈત્ર સુદ ૯, રવિવાર, તા. ૪-૪-૧૯૭૧
## ગાથા - ૩૫ થી ૩૮, શ્લોક ૫૨-૫૩, પ્રવચન નં. ૩૨

૩૫ અને ૩૬ ગાથા થોડી જાણવાની છે. ત્રણ ગાથા છે.

**संखेज्जसंखेज्जाणंतपदेसा हवंति मुत्तस्स ।**
**धम्माधम्मस्स पुणो जीवस्स असंखदेसा हु ।।३५।।**
**लोयायासे तावं इदरस्स अणंतयं हवे देसा ।**
**कालस्स ण कायत्तं एयपदेसो हवे जम्हा ।।३६।।**
**અણસંખ્ય, સંખ્ય, અનંત હોય પ્રદેશ મૂર્તિક દ્રવ્યને,**
**અણસંખ્ય જાણ પ્રદેશ ધર્મ, અધર્મ તેમજ જીવને; ૩૫**
**અણસંખ્ય લોકાકાશમાંહી, અનંત જાણ અલોકને,**
**છે કાળ એકપ્રદેશી, તેથી ન કાળને કાયત્વ છે. ૩૬.**

**એની ટીકા. આમાં છ દ્રવ્યો** ભગવાને જોયેલા છે એના **પ્રદેશનું લક્ષણ** કહેવામાં આવ્યું છે **અને તેના સંભવ...** એ હોઈ શકે કે નહીં? એના પ્રકાર કહેવામાં બે પ્રકાર કહ્યા—એનું લક્ષણ અને સંભવ. ઓલી કોર અર્થ છે.

**'શુદ્ધ પુદ્ગલપરમાણુ વડે રોકાયેલું આકાશસ્થળ જ પ્રદેશ છે. (અર્થાત્ શુદ્ધ પુદ્ગલરૂપ પરમાણુ આકાશના જેટલા ભાગને રોકે, તેટલો ભાગ તે આકાશનો પ્રદેશ છે'.** એ પ્રદેશની વ્યાખ્યા કરી આકાશની અપેક્ષાએ. બાકી તો નીચે છે. **'કાશના પ્રદેશની માફક કોઈ પણ દ્રવ્યનો એક પરમાણુ વડે વ્યપાવાયોગ્ય જે અંશ તેને તે દ્રવ્યનો પ્રદેશ કહેવામાં આવે છે'.** ઓલો આકાશની અપેક્ષાએ કહ્યું હતું, આ છૂટું બીજી વાર કહ્યું. **દ્રવ્યે પુદ્ગલ એકપ્રદેશી હોવા છતાં પર્યાયે સ્કંધપણાની અપેક્ષાએ પુદ્ગલને બે પ્રદેશોથી માંડીને અનંત પ્રદેશો પણ સંભવે'.** છે.

**'પુદ્ગલદ્રવ્યને એવા પ્રદેશો સંખ્યાત, અસંખ્યાત અને અનંત હોય છે. લોકાકાશને, ધર્મને, અધર્મને તથા એક જીવને અસંખ્યાત પ્રદેશો છે. બાકીનું જે અલોકાકાશ તેને અનંત પ્રદેશો છે. કાળને એક પ્રદેશ છે, તે કારણથી તેને કાયપણું નથી પરંતુ દ્રવ્યપણું છે જ'.**

શ્લોક.

**'[હવે આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે : ]'**

**पदार्थरत्नाभरणं मुमुक्षोः**
**कृतं मया कंठविभूषणारर्थम्।**
**अनेन धीमान् व्यवहारमार्गं**
**बुद्ध्वा पुनर्बोधति शुद्धमार्गम्।।५२।।**

**શ્લોકાર્થ : 'પદાર્થોરૂપી (–છ દ્રવ્યોરૂપી) રત્નોનું આભરણ'...** મુનિ કહે છે. છ દ્રવ્ય ભગવાને જોયા એની વ્યાખ્યા કરી. **'એ રત્નોનું આભરણ મેં મુમુક્ષુની કંઠની શોભા અર્થે બનાવ્યું છે...** વ્યવહાર છે ને? **'એના વડે ધીમાન પુરુષ'–બુદ્ધિવાન પુરુષ વ્યવહારમાર્ગને જાણીને...** છ દ્રવ્ય, એના પ્રદેશો–એના કાય વિગેરે **'શુદ્ધમાર્ગને પણ જાણે છે'.** શુદ્ધમાર્ગને પણ જાણે છે, એમ. વ્યવહારમાર્ગ—છ દ્રવ્યો, એના પ્રદેશો બધું છે, જેવું છે તેમ પહેલું જાણે. જાણીને શુદ્ધ માર્ગ–આત્મા અનંત સ્વરૂપના પવિત્ર માર્ગને પણ જાણે. જાણીને આ જાણવું છે એમ કહે છે.

**'શુદ્ધમાર્ગને પણ જાણે છે.'** એમ કહ્યુંને? ઓલો વ્યવહારમાર્ગ કહ્યો ખરોને? શુદ્ધ આત્માને જાણે છે એમ ન કહ્યું. વ્યવહારમાર્ગને જાણે અને શુદ્ધમાર્ગને પણ જાણે. ક્યા કહા?

શ્રોતા : વ્યવહારકો જાને.

પૂજ્ય ગુરૂદેવશ્રીઃ અને પછી આ શુદ્ધકો જાને. શુદ્ધમાર્ગકો જાને એમ કહા. દ્રવ્યકો ઐસે નહીં કહા, એમ. ૩૭મી છેલ્લી ગાથા.

**पोग्गलदव्वं मुत्तिविरहिया हवंति सेसाणि ।**
**चेदणभावो जीवो चेदणगुणवज्जिया सेसा ।।३७।।**
**છે મૂર્ત પુદ્ગલદ્રવ્ય, શેષ પદાર્થ મૂર્તિવિહીન છે;**
**ચૈતન્યયુત છે જીવ ને ચૈતન્યવર્જિત શેષ છે. ૩૭.**

**ટીકા : 'આ, અજીવદ્રવ્ય સંબંધી કથનનો ઉપસંહાર છે'.** ટીકા એની. **'તે (પૂર્વોક્ત) મૂળ પદાર્થોમાં, પુદ્ગલ મૂર્ત** (જડ) **છે, બાકીના** (પાંચ) **અમૂર્ત છે; જીવ ચેતન છે, બાકીના અચેતન છે; સ્વજાતીય અને વિજાતીય બંધની અપેક્ષાએ'...** પરમાણુનો પરમાણુની સાથે સંબંધ એ સજાતીય અને પરમાણુ જીવની સાથે બંધાય એ વિજાતીય. **'જીવ તથા પુદ્ગલને (બંધ-અવસ્થામાં) અશુદ્ધપણું હોય છે, ધર્માદિ ચાર પદાર્થોને વિશેષગુણની અપેક્ષાથી (સદા) શુદ્ધપણું જ છે.** એના તો ગુણ ને પર્યાય બધા શુદ્ધ જ છે. કળશ.

**(હવે આ અજીવ અધિકારની ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ શ્લોક કહે છે :)**

**इति ललितपदानामावरिर्भाति नित्यं**
**वदनसरसिजाते यस्य भव्योत्तमस्य ।**
**सपदि समयसारस्तस्य हृत्पुण्डरीके**
**लसति निशितबुद्धेः किं पुनश्चित्रमेतत् ।।५३।।**

**શ્લોકાર્થ : 'એ રીતે લલિત પદોની પંક્તિ'...** છ દ્રવ્યોનું ફળ બતાવ્યુંને? **'જે ભવ્યોત્તમના વદનારવિંદમાં સદા શોભે છે'...** ઉત્તમ ભવ્યના મુખમાં એ શોભે છે. છ દ્રવ્ય જગતમાં છે એના ગુણો, પર્યાયો.. વ્યવહાર ...સિદ્ધ કરે છે. એ વાત બરાબર છે (એમ) કહે છે, સ્થાપે છે, જાણે છે—એમ કહે છે. **'તે તીક્ષ્ણ બુદ્ધિવાળા પુરુષના હૃદયકમળમાં શીઘ્ર સમયસાર (-શુદ્ધ આત્મા) પ્રકાશે છે'...** છ દ્રવ્યનું જ્ઞાન એક સમયની પર્યાયમાં આવે છે એવું જાણીને તીક્ષ્ણ બુદ્ધિવંત પુરુષના **'હૃદયકમળમાં શીઘ્ર–સમયાંતરમાં (-શુદ્ધ આત્મા) પ્રકાશે છે'.** અંતર્મુખ થતા ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકભાવ આનંદરૂપે પ્રકાશે છે, એનું નામ ધર્મ ને આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે. **'અને એમાં શું આશ્ચર્ય છે?'** આવો વ્યવહારમાર્ગ બરાબર જેણે જાણ્યો, એ પછી ત્યાંથી નીકળીને અંતર્મુખમાં... ઓલું **'વદનારવિંદમાં'** કહ્યું (એટલે) મુખમાં શોભે છે, એમ. પ્રરૂપણા છ દ્રવ્ય... વ્યવહારની... અને આ તો અંતર્બુદ્ધિ કરીને **'તીક્ષ્ણ બુદ્ધિવાળા પુરુષના હૃદયકમળમાં શીઘ્ર સમયસાર'...** આનંદનો કંદ પ્રભુ જ્ઞાયકભાવ, જે વસ્તુ તરીકે અનાદિ ખરેખર આત્મા એ અંતરમાં પ્રકાશે છે. **'અને એમાં શું આશ્ચર્ય છે?'** એમાં આશ્ચર્ય શું છે? આત્મા એવો જણાય અને અનુભવાય એ તો એનું સ્વરૂપ છે, એમાં આશ્ચર્ય શું છે? એ અધિકાર અજીવનો પૂરો થયો, લ્યો.

**'આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમનો પરિગ્રહ હતો'.** નગ્ન મુનિ હતાને દિગંબર? **'એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) અજીવ અધિકાર નામનો બીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

હવે ત્રીજો. માખણ છે આ હવે ત્રીજો (અધિકાર). આ ત્રણ ગાથા પૂરી કરી દસ મિનિટમાં. હવે આ ગાથા નહીં ઝટ પૂરી થાય ~~એવી છે~~. **શુદ્ધભાવ અધિકાર.**

**जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ।।३८।।**

નીચે એનું હરિગીત :-

**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**–જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.**

કર્મથી ઉત્પન્નમાં તો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક—ચારેય નાખ્યા, ભાઈ! સમજાણું? પાઠમાં છેને અત્યારે? ક્ષાયિકભાવ પણ કર્મના અભાવની અપેક્ષા રાખે છે ને? 'કર્મથી ઉત્પન્ન' શબ્દ છે. આ ચારેય ભાવ. એમાંથી કાઢ્યું કે ચાર ભાવ અગોચર છે. આમાંથી કાઢ્યું છે.

**ટીકા : આ, 'હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.'** છાંડવાયોગ્ય અને આદરવાયોગ્ય એવા તત્ત્વોનું આ કથન છે.

**'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** વ્યવહારુ પર્યાયનો જીવ–એક સમયની પર્યાયનો જીવ, એ વ્યવહારજીવ છે. એક સમયની પર્યાય, એમ અજીવ, એમ પુણ્ય, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ—સાતેય તત્ત્વો પર્યાયવાળા, પર્યાય સમયના છે માટે પરદ્રવ્યો છે. એક સમયની જીવની પર્યાય પણ પરદ્રવ્ય છે. સંવર, નિર્જરા ને મોક્ષ પણ પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? ક્યા હૈ?

શ્રોતા : હેય-ઉપાદેય...

પૂજ્ય ગુરૂદેવશ્રી : હેય-ઉપાદેયકી બાત ચલતી હૈ. જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય છે. જીવ લીધો ભેગો. ક્યો જીવ? એક સમયની પર્યાયવાળો. એક સમયની પર્યાય, ચાહે તો ક્ષાયિકની હોય, ચાહે તો ઉપશમની હોય કે ઉદયની હોય—એ એક સમયની પર્યાય પરદ્રવ્ય છે, ત્રિકાળી સ્વદ્રવ્ય નહીં. પંડિતજી! ભારે આકરું. આસ્રવ, બંધ તો ઠીક, પણ સંવર, નિર્જરા અને મોક્ષ પણ એક સમયની પર્યાય છે. માટે ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકભાવ અંતર્મુખના વિષયની અપેક્ષાએ પર્યાયતત્ત્વને બહિર્દ્રવ્ય કહેવામાં આવ્યા છે.

અહીં તો, દેવ-ગુરુ-ધર્મ એ પરદ્રવ્ય કહેવાય? એવા પ્રશ્નો આવતા. એય! અમરચંદભાઈ! તમારે કાકો. દસની સાલમાં વીરચંદભાઈ હતા ગઢડે. આ દેવ-ગુરુ એ તો શુદ્ધ છે, એ પર કહ્યા? એ પરદ્રવ્ય કહેવાય? હા..... અહીં તો પોતાની પર્યાયનો અંશ જે એક સમયનો છે એને ત્રિકાળીની અપેક્ષાએ પરદ્રવ્ય કહ્યું છે. સમજાણું કાંઈ? જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ (કહ્યો), તો જીવ આવ્યોને ભેગો? ક્યો જીવ? એક સમયની પર્યાયવાળું તત્ત્વ. સમજાય છે કાંઈ?

શ્રોતા : એક સમયની પર્યાય લેવી કે એક પર્યાય સહિતનો જીવ લેવો?

પૂજ્ય ગુરુદેવશ્રી : નહીં, જીવ નહીં, એકલો પર્યાય. જીવદ્રવ્ય ત્રિકાળી છે એ ભિન્ન છે. જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ તે પરદ્રવ્ય છે. બીજા જીવો ભલે હો, આ તો પોતાના જીવ માટે છેને ભેગું? જીવાદિ સાત તત્ત્વો, નવ તત્ત્વો પર્યાયના તત્ત્વો, વ્યવહારતત્ત્વો કહ્યા છે. એ પરદ્રવ્ય છે. પંડિતજી! કભી ભી સુના નહીં ઐસી (બાત). સંસ્કૃતકા પ્રોફેસર હૈ ન? ઐસી બાત હૈ. અહીં

તો સાત તત્ત્વ કહ્યાને? સાત તત્ત્વો પર્યાયવાળા, એ પર્યાય છે બધી, એને અહીંયા ખરેખર પરદ્રવ્ય (કહ્યા) છે. પરદ્રવ્ય હોવાને લીધે ઉપાદેય નથી, એમ પાછું સિદ્ધ કર્યું. ખરેખર ઉપાદેય નથી. કહો, સમજાણું કાંઈ? 'મોક્ષમાર્ગપ્રકાશ'માં તો એમેય આવે કે સંવર, નિર્જરા, મોક્ષ ઉપાદેય છે, હિતકર છે, જુઓ!

શ્રોતા : એ તો પરમહિતરૂપ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : પરમહિતરૂપ છે. નિર્જરા તો પરમહિત(કર) છે, ઉપાદેય છે, સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે. મોક્ષ પરમહિતકર છે. એ તો પ્રગટ કરવાની અપેક્ષાએ (કહ્યું). બાકી વસ્તુસ્થિતિએ એક સમયનો ભગવાન ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય એ સિવાયના બધા પર્યાયોનો ભેદ તે બધું પરદ્રવ્ય છે. ત્યાં અજીવની વાત કરી કે આવા ધર્માસ્તિ ..... છે. કાઢી નાખી, એ નહીં ને એની પર્યાય પણ નહીં. કહો, સમજાણું કાંઈ?

આમ તો પહેલા આવી ગયું આપણે પાંચમી ગાથામાં. બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વની શ્રદ્ધા પણ વ્યવહાર સમકિત છે. પાંચમી ગાથામાં આવી ગયું. બહિઃતત્ત્વ સાત આ અને અંતઃતત્ત્વ પરમાત્મા—એ બેની શ્રદ્ધા.. બે થયુંને બે? માટે વ્યવહાર સમકિત છે. પાંચમી ગાથામાં આવી ગયું આમાં. ક્યા કહા? બહિઃતત્ત્વ સાત ઔર અંતઃતત્ત્વ પરમાત્મા... છે, લ્યો જુઓને પાંચમી જુઓને? અહીં પડ્યું છેને સામે પુસ્તક છે. પાંચમી ગાથા. જુઓ! ૧૨મે પાને છે. **'તત્ત્વો બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ'**, દેખો! **'એવા બે ભેદોવાળા છે. અથવા જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા ભેદો... તત્ત્વોની શ્રદ્ધા તે વ્યવહારસમ્યક્ત્વ છે'.** નિશ્ચય નહીં. બહિઃતત્ત્વ પર્યાયવાળા બધા અને અંતઃતત્ત્વસ્વરૂપ પરમાત્મા પોતે ધ્રુવ ત્રિકાળી—એ બેની શ્રદ્ધા.. ભેદ પડ્યાને બે? બેની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત છે. અંતઃતત્ત્વ ત્રિકાળી પરમાત્મતત્ત્વ એકલું, એની શ્રદ્ધા તે નિશ્ચય સમકિત છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું. એકદમ અજીવ અધિકાર મૂકીને એકદમ આ પૂરો ઝીણો અધિકાર... વ્યવહાર સમકિતની વ્યાખ્યા કરી છે ન્યાં. બીજે વળી, સાચું છે સમકિત એમ ઓલા અર્થ કરે છે. વ્યવહાર સમકિત એ સમકિત છે ને? વ્યવહાર પણ છે ને? પણ વ્યહાર કોને કહેવો? એ તો વિકલ્પવાળી શ્રદ્ધા છે, ભેદવાળી શ્રદ્ધા છે.

શ્રોતા : જ્ઞાન કરનેકી બાત...

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્યા? જ્ઞાન કરના... કુછ યહાં પ્રશ્ન હી નહીં. યહાં તો, યે તો ભેદકી શ્રદ્ધા હૈ માટે વ્યવહાર છે. આ તો વ્યવહારને નિશ્ચય કહે છે એ લોકો. એમ નથી. આહાહા!

ન્યાંય કહ્યુંને? ત્યાં સાત તત્ત્વ લીધા છે. જુઓ! જીવ-અજીવ (આદિ). પાંચમી ગાથામાં. એ જ અહીંયા સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે... એ પરવસ્તુ છે. કર્મ, રાગ-દ્વેષ આદિ પરવસ્તુ, પણ એનો એક સમયનો પર્યાય–એક અંશ એ પણ પરવસ્તુ છે. કેમકે જેમ

પરદ્રવ્યમાંથી નવી પર્યાય થતી નથી, એમ પર્યાયમાંથી નવી પર્યાય થતી નથી. માટે એ પરદ્રવ્ય છે. દ્રવ્ય તો ઓલું અખંડાનંડ પ્રભુ અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ, ધ્રુવતત્ત્વ છે. એકરૂપ પરમાત્મતત્ત્વ ત્રિકાળી એ અપેક્ષાએ આ બધું પરદ્રવ્યને લઈને ખરેખર ઉપાદેય નથી. મોક્ષની પર્યાય, સંવર-નિર્જરાની પર્યાય પણ ખરેખર આદરણીય નથી. આહાહા! ભારે. હૈ, ઉસમેં હૈ કિ નહીં?

**'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ**... ભેદનો પ્રકાર પડ્યોને બધો? **'પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.'** આહાહા! હજી તો અહીંયા વ્યવહારરત્નત્રય ઉપાદેય નથી એમ કહેતા પાણી ઉતરે છે એને. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન એ હેય છે. એટલું હેય કહેતાં કઠણ પડે છે એને. એમાં પાછું આ. આહીં તો કહે કે સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય પણ હેય છે. એ પ્રકાશદાસજી! તમે કોઈએ સાંભળ્યું નહીં હોય આટલા વર્ષમાં. આહાહા! પરદ્રવ્ય તો હેય છે, રાગાદિ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ હેય છે, આશ્રય કરવાલાયક નથી અને સંવર-નિર્જરાનો પર્યાય હેય છે, આશ્રય કરવાલાયક નથી. ધર્મની પર્યાય પ્રગટી, એ ધર્મની પર્યાય આશ્રય કરવાલાયક નથી. એ ધર્મની પર્યાય, કહે છે કે બહિઃતત્ત્વ છે. અંતઃતત્ત્વ વસ્તુ જે છે એ નહીં. આહાહા!

શ્રોતા : પર્યાયમાત્ર સબ હેય હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા...કારણ કે બાહ્ય છે તો બહાર આવ્યુંને? ઓલી તો અંતઃવસ્તુ છે ત્રિકાળી ધ્રુવ. આહાહા! પર્યાય પ્રગટ થઈને? પ્રગટ, સંવર-નિર્જરા-મોક્ષાદિ પ્રગટ છે એ બધું, પ્રગટ છે માટે બહિઃતત્ત્વ છે. ઓલું અપ્રગટ, આ પર્યાયની અપેક્ષાએ અપ્રગટ હોં, વસ્તુ તો પ્રગટ જ છે. સમજાણું કાંઈ? **'પરદ્રવ્ય હોવાને લીધે'**... એવું ઘણે ઠેકાણે આવે છે આ. પાનું લખ્યું છે. પાના ૧૦૩ છે. ૧૯૯માં છે, ૧૭૨માં છે. આ બધા શબ્દો છે. એમાં ૧૦૩માં પણ છે, જુઓ! ત્યાંય છે જુઓ! **'કારણ તેઓ પરસ્વભાવો છે'**... પરદ્રવ્ય છે. જુઓ! **'કારણ કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ પરદ્રવ્ય છે. સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.'** ૧૦૩માં પણ છે. ૫૦મી ગાથા. ૧૦૩ પાને

**'શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય એક જ છે'...** સ્વદ્રવ્ય એ જ છે. ૧૭૨ પેજ છે. (ગાથા ૯૨). (૫ મી આવૃત્તિ ઇ. સ. ૨૦૦૧) **'નવ પદાર્થમાં ઉત્તમ અર્થ આત્મા છે. સચ્ચિદાનંદમય કારણસમયસારસ્વરૂપ એવા તે આત્મામાં જે તપોધનો સ્થિત રહે છે...'** નવ પદાર્થમાં ઉત્તમ અર્થ તો આત્મા જ છે. એ સ્વદ્રવ્ય છે, એમ. નવમાંથી કાઢ્યું, અહીં સાતમાં કહ્યું છે. પછી ૧૯૬ છે. (ગાથા ૧૦૩). પાનું ૧૯૬. **'નવ પદાર્થરૂપ પરદ્રવ્યનાં શ્રદ્ધાન-જ્ઞાન-આચરણસ્વરૂપ રત્નત્રય સાકાર (-સવિકલ્પ) છે'.** ભારે સ્પષ્ટ કર્યું છે. નવ પદાર્થના... છે ને? નવ પદાર્થ પરદ્રવ્ય છે. એનું શ્રદ્ધાન-આચરણ એ રત્નત્રય વ્યવહાર છે, વિકલ્પ છે. આહાહા! ૧૯૬ પાનું. શું કહ્યું સમજાણું

આમાં? આ ઓલી ત્રણ ગાથા ચાલી ગઈ એમ આ (ગાથા) ન ચાલે. **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...'** આ ત્રણ ઠેકાણે લખ્યું છે બધું. પરદ્રવ્ય એટલે કે ખરેખર શુદ્ધ ધ્રુવતત્ત્વમાં એ સાત તત્ત્વો છે જ નહીં. લ્યો! હીરાભાઈ! સમજાણું કાંઈ? એક અસ્તિ મહાપ્રભુ ધ્રુવ જ્ઞાયકભાવ અભેદવસ્તુ, એમાં આ સાત તત્ત્વોરૂપ પર્યાયની નાસ્તિ છે. ભારે આકરું કામ. **'ખરેખર ઉપાદેય નથી.'**

ત્યારે હવે, **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ...'** પોતાની વાત કરે છે. મુનિ છે ને પોતે? સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલના શિખર... આહાહા! પરથી ઉદાસ.. ઉદાસ.. ઉદાસ.. **'સહજ વૈરાગ્યરૂપી...'** પરથી ઉદાસ સ્વભાવથી... એવો મહેલ મોટો... વૈરાગ્યનો મહેલ એ સ્વભાવ. એનો મહેલ.. મહેલ એટલે બંગલો. મહેલ એટલે આ મેલ નહીં. બંગલાનું શિખર એનું **શિખામણિ = ટોચ ઉપરનું રત્ન, ચૂડામણિ, કલગીનું રત્ન.**

**'પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે...'** આહાહા! દેખો! એ પર્યાયો સાત છે એનાથી પરાઙ્મુખ છું હું તો, એમ કહે છે જુઓ! આહાહા! આ મુનિની વ્યાખ્યા કરે છે. **'પરદ્રવ્યથી પરાઙ્મુખ છે.'** દેવ-ગુરુ-શાસ્ત્રથી તો પરાઙ્મુખ છે. દેવ-ગુરુ-શાસ્ત્રને અનાયતન કહ્યા છે. સ્વભાવની અપેક્ષાએ તો અનાયતન છે ને? સ્વભાવ પોતાનો એ આયતન છે, સ્વભાવ એ નિજઘર છે. પરદ્રવ્ય તો અનાયતન છે, આત્માનું ઘર એ નથી. પણ વ્યવહાર આયતન કહે તો ભડકે. હાય હાય! દેવ-ગુરુ-શાસ્ત્ર એ અનાયતન? 'આયતન નથી' એને (આયતન) કહેવું એ વ્યવહાર (આયતન). ખરેખર આયતન, ભગવાન અનંત આનંદનું ધામ ઘર–નિજઘર આયતન તો શુદ્ધ ધ્રુવ છે. આહાહા! સમજાણું કાંઈ?

**'પરદ્રવ્યથી પરાઙ્મુખ છે...'** કોણ? પોતે મુનિ. આહાહા! વિકલ્પથી પરાઙ્મુખ છે, નિમિત્તથી પરાઙ્મુખ છે ને પર્યાયથી પરાઙ્મુખ છે. **'પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે...'** પાંચ ઇન્દ્રિયનો વિસ્તાર જ જેને નથી, એકલો દેહ જ આમ રહી ગયો છે. આહાહા! અતીન્દ્રિય આનંદમાં મશગુલ છે, એને મુનિ કહીએ. અહીં તો હજી પંચમહાવ્રતના પરિણામ જે સમકિત વિનાના, એનાય ઠેકાણા ન હોય. એમાં મોટા ગાબડા. બાપુ! માર્ગ ભાઈ! તારો માર્ગ અલૌકિક છે ભાઈ! એ બીજે રસ્તે મનાવીશ, માનીશ મા. છેતરાઈ જાઈશ. તને લાભ નહીં થાય ત્યાં હોં. દુનિયા (તને) માનશે, પણ લાભ તને નહીં થાય. આખો ભગવાન આત્મા ... એની અપેક્ષાએ પર્યાય પણ જ્યાં... મહાવ્રતથી તો પરાઙ્મુખ મુનિ છે જ, પણ તે કાળે પંચમહાવ્રતને જાણવાનો જ્ઞાનનો વ્યક્ત પર્યાય એનાથી વિમુખ છે. વિ-મુખ છે, જેનું મોઢું એનાથી વિમુખ છે. આહાહા! જુઓ તો એક વીતરાગ માર્ગ! સમજાણું કાંઈ?

**'જે પરમ જિનયોગીશ્વર છે...'** દેહમાત્ર જેને પરિગ્રહ.. એટલે શું? દેહ કંઈ છૂટી ગયો નથી, એ તો પડ્યો છે. **'જે પરમ જિનયોગીશ્વર છે...'** પરમ વીતરાગ યોગીશ્વર છે. ઓહો! પરમ

વીતરાગસ્વભાવ જે ધ્રુવ એના જોડાણમાં પરમ જિન-પરમ વીતરાગયોગનો ઈશ્વર છે. પરમ વીતરાગી યોગનો ઈશ્વર છે, યોગનો ઈશ્વર છે. આહાહા! ભગવાન પરમ ધ્રુવ અચળબિંબ નિત્યાનંદ એમાં જેણે જોડાણ કર્યું છે... પરમ જોડાણ કર્યું છે, એમ પાછું. સમકિતીએ જોડાણ કર્યું છે, પણ આણે તો પરમ જોડાણ કર્યું છે. આહાહા! સમજાણું કાંઈ? અભેદ ધ્રુવ જ્ઞાયક પરમ સ્વભાવભાવ એમાં જેણે જોડાણ કરીને રાગને જીતી લીધો છે. એવો પરમ, જિન, યોગ ને ઈશ્વર—ચાર શબ્દ વાપર્યા છે. આહાહા! પરમ, જિન, યોગ અને ઈશ્વર. એવો છે એમ કહે છે. મુનિ એવા છે કહે છે અને પોતે કહે છે કે હું આવો છું. આહાહા! હું પંચમહાવ્રતધારીવાળો છું, હું નગ્ન છું, દિગંબર છું—એમ હું નથી. હું તો પરમસ્વરૂપ ભગવાન આત્મા, વીતરાગમૂર્તિ સ્વતત્ત્વ.. જીવનું સત્‌નું સત્ત્વ વીતરાગભાવનો રસકંદ એના સન્મુખમાં ઉગ્રપણે મારું જોડાણ છે અને એવા યોગમાં પણ હું ઈશ્વર છું. આહાહા! જુઓ! આ એક મુનિપણાની દશા. આહાહા! સાંભળ્યું ન હોય અને મુનિપણું આવું ને તેવું માનીને... બાપુ!

**'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે...'** ઠીક! જે જ્ઞાનની ધારા-વર્તમાન જ્ઞાનની ધારા જેણે સહજ-આસાનીથી દ્રવ્ય સન્મુખ કરી દીધી છે, સમજાણું કાંઈ? આ માખણ છે અત્યારે આજ તો. આ રવિવાર છે ને? એટલે તો ઓલું ઝટ પુરું કરી દીધું. આહાહા! કહે છે, સ્વદ્રવ્ય... પરદ્રવ્યથી પરાઙ્મુખ કીધું. કીધુંને પહેલું? અને **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે**.' નાસ્તિ કરીને અસ્તિ કરી. આહાહા! સમજાવા માટે એક પછી એક સમજાવે છે ને? આ છે તો બધું એક સાથે. પરદ્રવ્યથી પરાઙ્મુખ, સ્વદ્રવ્યમાં તીક્ષ્ણબુદ્ધિ—છે તો એક સાથે, પણ સમજાવે શી રીતે?

**'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—એવા આત્માને**...' વસ્તુ અભેદ એક ધ્રુવ જ્ઞાયકભાવ છે એમાં જેની બુદ્ધિ તીક્ષ્ણ છે... દેખો! વર્તમાન પર્યાય કીધી એ. ઓલું સ્વદ્રવ્ય એ ત્રિકાળી અને પરમ તીક્ષ્ણ બુદ્ધિ છે એ વર્તમાન (પર્યાય). જેની જ્ઞાનની દશા એવી તીખી-ઝીણી છે કે જે સ્વદ્રવ્યમાં ગઈ છે, સ્વદ્રવ્યને-સૂક્ષ્મને પકડ્યું છે. આહા! આ બધું બહારને પકડે છે ને? એ છે નહીં, (પણ) આ પર્યાયને પકડે એ પણ બુદ્ધિ તીક્ષ્ણ નથી કહે છે. આહાહા! જે હેય છે એને જાણે એ બુદ્ધિ તીક્ષ્ણ નહીં, એમ કહે છે. આહાહા! સંવર, નિર્જરા, મોક્ષને જાણે એ બુદ્ધિ તીક્ષ્ણ નહીં. ભાઈ! દોષને જાણે... આહાહા! સમજાણું કાંઈ? ઓહોહો! મુનિએ ગજબ કામ કર્યા છે ને પણ! દિગંબર સંતો એ ધર્મના થાંભલા, ઓહો! ધર્મને થંભાવી રાખ્યો છે. આ વસ્તુ.. આ વસ્તુ.. આ વસ્તુ.

ધ્રુવ ભગવાન આત્મા એક સમયની પર્યાય વિનાનો... કારણ કે એક સમયની પર્યાય પણ જેમાં નથી એવું સ્વદ્રવ્ય એમાં જેની તીક્ષ્ણ.. બહુ ઝીણી બુદ્ધિ છે એને અહીં તીક્ષ્ણ બુદ્ધિ કીધી છે. સ્વદ્રવ્યને પકડવામાં જેનું જ્ઞાન સૂક્ષ્મ થઈ ગયું છે. સમજાણું કાંઈ? અરે! આવી વાતું! અમૃતના સાગર ભર્યા છે ને. દેખ્યા નહીં. જ્ઞાનનો અવતાર ને સુખના સાગરનો પૂર છે એ તો.

અતીન્દ્રિય આનંદનો નાથ પૂર પ્રભુ છે. જ્ઞાનનો તો અવતાર છે એટલે કે જ્ઞાનસ્વરૂપ જ એ છે, એમ કહે છે. એવો આત્મા એમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે. કહો, સમજાય છે કાંઈ? આ બધી બુદ્ધિઓ આ તમારે વપરાય છેને વકીલાતમાં? શું કહેવાય આ તમારા લાદીમાં ને પથરામાં ને લોઢામાં? એય અતુલભાઈ! અતુલભાઈને ગોઠવી દીધા એ બધા પથરામાં. પથરા શું? એ લોઢામાં. લોઢામાં ને પથરામાં.... એ બુદ્ધિ, કહે છે કે... એય! આ તો ભણે તો બુદ્ધિ કામ આવે તો ઇજનેરનું થાય, શું કહેવાય? આ મોટા મોટા મકાનો ને જે કંઈ બનાવે ને. બુદ્ધા તારા જોયા, સાંભળને! એય! અમરચંદભાઈ! બુદ્ધિ તો એને ઝીણી ને તીક્ષ્ણ કહીએ, આહાહા! કે જે પર્યાયને પકડવું છોડીને દ્રવ્યને પકડે. શશીભાઈ! આહાહા! ટીકા તે ટીકા છેને પણ! ... કથન પણ ઓલાનું હોં. ઓલાનું આ..... વ્યવહાર આત્મા નથી, પર્યાય આદરણીય નથી. આ તે શું....?

શ્રોતા : વ્યવહાર આદરણીય હોય? પર્યાય પોતે વ્યવહાર...

પૂજ્ય ગુરુદેવશ્રી : ભગવાન વ્યવહાર જાણવાયોગ્ય છે એ તો કહ્યું. છે, પણ છતાં નિશ્ચયમાં એ છે નહીં. પર્યાય છે જ નહીં. આહાહા!

એવું ભગવાનનું સ્વરૂપ છે પ્રભુ! તારું એવું સ્વરૂપ છે ભાઈ! તું ભગવાન પૂરો પૂર્ણ પડ્યો છો ભાઈ! વાત તને બેસતી નથી. તું તો અનંત આનંદના પૂર.. પૂરના પ્રવાહ જેમ હાલતા હોય, એમ તારામાંથી તો અનંત આનંદનો પૂર વહેવું જોઈએ. આહાહા! એવો અતીન્દ્રિય.. અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન, એ ભગવાનને પરિપૂર્ણ તું જાણ. ઓછો ન જાણ, વિપરીત ન જાણ. આહાહા! અધિકો છે ને..... કહો, ભીખાભાઈ! આહાહા! આવી વાત. કહે છે, બાપુ! આ શરીર, વાણી, મન એ તો ક્યાંય રહી ગયા, એ પાપના પરિણામ ક્યાંક રહી ગયા, દયા-દાન, વ્રત ને વ્યવહારશ્રદ્ધાના વિકલ્પ પણ ક્યાંય રહી ગયા, પણ સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય પણ જેમાં નથી અને જેને વ્યવહાર તરીકે કહીને હેય કહ્યા છે. આહાહા! હૈ કિ નહીં પ્રકાશદાસજી? પુસ્તક રખા હૈ? ઉસમેંસે નિકલતા હૈ વહ બાત કહતે હૈં, ઉપરસે નહીં કહતે. **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે એવા આત્માને,'** એમ પાછું. આવા આત્માને આ **''આત્મા' ઉપાદેય છે.'** ભાષા તો જુઓ! આમ ઉપાદેય.. ઉપાદેય.. એમ નહીં.

શ્રોતા : આમ ઉપાદેય.. ઉપાદેય નહીં એટલે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી : એટલે શું? જાણપણામાં વિચારે કે આ ઉપાદેય છે ને આ ઉપાદેય છે ને આ ઉપાદેય નથી—એમ નહીં.

શ્રોતા : પરિણમેલ હોવો જોઈએ ને? શુદ્ધરૂપે પરિણમેલ હોવો જોઈએ ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : એમ કહે છે. જુઓ! શું કહે છે? આવા આત્માને... એમ ભાષા વાપરી છે ને? આહાહા! ગજબ ટીકા છે હોં. વસ્તુની સ્થિતિ મર્યાદા બતાવવાની ભાષા.. ઓહોહો! દિગંબર મુનિઓ-સંતોએ પોતાના કામ કર્યાં અને જગતને સત્ય ધર્મ કેમ પ્રગટે, ક્યાંથી

પ્રગટે...? ભગવાન મોટો બિરાજે છે ત્યાં બુદ્ધિને ગોઠવ-ત્યાં બુદ્ધિને મૂક. ત્યારે એ આત્માને આ આત્મા ઉપાદેય છે એમ થયું. સમજાણું કાંઈ? કહો, ચેતનજી! કહો, આ છે ક્યાંય? આહાહા! અમૃત રેડ્યા છે મુનિઓએ તો જગત પાસે. બાપુ! માર્ગ તો આ છે ભાઈ! કોઈ બીજા બીજી રીતે કહે અને આનો વિરોધ કરે, નિંદા કરે. માર્ગ તું ભૂલીશ નહીં ભાઈ! દુનિયા.. દુનિયાને ખ્યાલ ન આવે, તેથી મૂંઝાય છે, આ એકાંત છે.... એક જ ઉપાદેય છે. એકાંત કીધું. એકાંત છે. બાપુ! એકાંત જ છે ભાઈ! અંતર આનંદનો નાથ ભગવાન જે અતીન્દ્રિય આનંદ પરમાત્માને પ્રગટ્યો એ અતીન્દ્રિય આનંદની પર્યાય પણ આદરણીય નહીં. આહાહા! તને તો નથી, પણ છે એના ઉપર લક્ષ જશે તો વિકલ્પ આવશે તને. સમજાણું કાંઈ?

જિનયોગીશ્વર આવો... કોણ? કે પરથી તો મહાવૈરાગ્યનો શિખામણિ છે, પરદ્રવ્યથી પરાઙ્મુખ છે, એવા વૈરાગ્યને કારણે પરથી પરાઙ્મુખ છે, એ પાંચ ઇન્દ્રિયનો ફેલાવ જ જ્યાં નથી, અતીન્દ્રિય આનંદમાં જ્યાં મશગુલ છે અને શરીર રહ્યું છે.... તેથી પરિગ્રહ કહ્યો છે ને? છે ખરૂં. પરમ જિનયોગીશ્વર છે. મહા...... રાગને જીતી, પર્યાય ઉપરથી લક્ષ છોડીને જેણે મહા સ્વરૂપમાં ઈશ્વરપણું યોગમાં પ્રગટ કર્યું છે. એવા મુનિને **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે એવા આત્માને...'** આવા આત્માને **'આ 'આત્મા' ખરેખર ઉપાદેય છે'**. એવા આત્માને **'આ આત્મા'** ખરેખર ઉપાદેય છે. આવી દશાવંતને સ્વદ્રવ્ય એવો આત્મા... આવા આત્માને **'આ આત્મા'** ઉપાદેય છે. કહો, સમજાણું કાંઈ?

શ્રોતા : ઉપાદેય છે એટલે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી : ત્યાં નજર નાખીને ઠરવા જેવું છે. ઉપાદેયની વ્યાખ્યા—આ ઉપાદેય ને હેય છે એમ છે? આવે નહીં... આવે તો ભાષાની પદ્ધતિ જેમ હોય એમ આવેને શાસ્ત્રમાં? શાસ્ત્ર શાસ્ત્રની રીતે વાત કરે. ભાષામાં આવે કેટલું? ત્યાં દૃષ્ટિ મૂકીને એકાકાર થવા જેવું છે, બસ એમ કહ્યું છે. સમજાણું કાંઈ?

તીક્ષ્ણ બુદ્ધિ છે એવા આત્માને.... આવા આત્મા (માટે) માથે વિશેષણ કર્યાં. આહાહા! **'ખરેખર ઉપાદેય છે.'** **'ખરેખર'** ઓલામાં આવ્યું હતુંને? ખરેખર હેય છે, એમ આવ્યું હતું. ઉપાદેય નથી એમ આવ્યું હતું. એ હેય છે એમ ન કહ્યું, પણ ઉપાદેય નથી એમ કહ્યું. એમ નકાર કર્યો છે. હેય છે એમ નહોતું કહ્યું. પાઠમાં હેય ને ઉપાદેય શબ્દ છે. **'हेयमुपादेयम्..'** મથાળામાંય એમ છે. 'ઉપાદેય નથી' એમ કરીને અર્થ કર્યો છે હેયનો. આ ખરેખર ઉપાદેય છે. સ્વ-ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ જેમાં કર્મ નથી, શરીર નથી, રાગ નથી ને પર્યાય નથી. એવો ભગવાન આત્મા, અંતર્મુખ વળેલા જોગીને આવો આત્મા ઉપાદેયપણે છે, એમ. ભાષા તો એમ જ કહેને? ઉપાદેય છે એટલે એ ઉપાદેયપણે આ છે, એમ. સમજાણું કાંઈ?

વીતરાગની વાતું છે બાપુ! આ સર્વજ્ઞની હાજરીમાં... સર્વજ્ઞ પરમેશ્વર કહેતા હોય માર્ગને અને સાંભળતા હોય ઇન્દ્રો આદિ, એ માર્ગ કેવો હોય! સમજાય છે? અને કેવા એ વિનયથી.. કેવા વિનયથી એને સાંભળે! આહાહા! એ તો વીતરાગ કેવળજ્ઞાનીની સભા છે. સાધારણ રાજસભામાં જાય તોય અમુક જાતની અવ્યવસ્થા ન કરે, વિવેકથી જાય છે. આહા! પરમાત્મા જાણે કહે છે, સર્વજ્ઞદેવ પરમેશ્વર જાણે કહે છે અને સાંભળનાર જાણે સમવસરણમાં બેઠો હોય અને સાંભળે છે. આહાહા! ઓલામાં આવ્યું છે, નહીં? કાલ કાગળિયું... કાલ વાંચતો હતો. શું આમ પૈસા ઉઘરાવવા આવ્યો હશે. અહીં તો આત્મામાં પેસવાનું કામ છે.

પરમેશ્વરની વાણી-દિવ્યધ્વનિ છૂટે છે, સાંભળનારા સાંભળે છે. દિવ્યધ્વનિમાં એમ આવે છે કે ભાઈ! જે પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈ ગયો છે, અમે પણ આત્મા છીએ છતાં અમારાથી પરાઙ્મુખ થયો છે. આહાહા! ક્યા વસંતલાલજી? તીર્થંકરની વાણીમાં એમ આવે છે કે જે મુનિ અમારાથી પરાઙ્મુખ થયો છે. પરાઙ્મુખનો અર્થ કે અમારી સામે જોતો નથી. આહાહા! એવા આત્મા, જેને અંતર્મુખ તીક્ષ્ણ બુદ્ધિથી જોવાની જાગૃતિ થઈ છે, આવો વૈરાગ્યનો શિખામણિ મોટો છે—એવાને એનો આત્મા ઉપાદેય છે. આહાહા! એમ ભગવાન વાણીમાં ફરમાવતા હતા. આહાહા! સમજાણું કાંઈ? આવા આત્માને એનો **'આ આત્મા'** એની પર્યાયમાં આવી ઉગ્રતા પ્રગટી છે કે જેણે દ્રવ્યમાં પકડ થઈને સ્થિર થયો છે, એને એ ઉપાદેયરૂપે પરિણમી રહ્યો છે એ કહે છે.

શ્રોતા : ખરેખર ઉપાદેય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : ખરેખર ઉપાદેય, એ કહ્યુંને? અંદરમાં લીન થયો છે. આહાહા! આમ ધારણામાં કરે કે આ ઉપાદેય નથી, આ ઉપાદેય છે ને આ ઉપાદેય નથી—એ ખરેખર ઉપાદેય ન થયું. ઉપાદેય તો વસ્તુ પકડી હોય ત્યારે ઉપાદેય કહેવાય. અને વસ્તુ લક્ષમાંથી છૂટી ગઈ તો એ ઉપાદેય નથી એમ કહેવાય. સમજાણું કાંઈ? એ બધી શૈલી ભાષા.... આમ ફર્યો ને વળીને પરિણમન કરે ત્યારે એને આ ઉપાદેય છે, લે! આ ઉપાદેય છે, વળી પર્યાય એને ઉપાદેય કરે છે એવો પણ ભેદ છે નહીં.

આ રામ નવમી છે આજ. રામચંદ્રજી પુરુષોત્તમ પુરુષ હતા એનો આ જન્મદિન છે. લ્યો, મોક્ષે પરમાત્મા પધાર્યા છે, સિદ્ધ ભગવાન થઈ ગયા છે. સમજાણું કાંઈ? આ બીજી રીતે ચીતર્યા કે કર્તા, એ નહોતા. એ આ આત્મામાં પુરુષોત્તમ પુરુષ હતા. આહાહા? રાજમાં હતા, પણ તેના આત્મામાં ધ્યાન (હતું) અને નીતિની અલૌકિકતા હતી. રામરાજ્ય કહેવાય છે ને? ઉપમા દી જાતી હૈ. ઓહોહો! રામ એટલે શું? જેનો આત્મા રંગાઈ ગયેલો આત્મામાં.. વિકલ્પ હતો ત્યાં સુધી રાજમાં દેખાતા, વિકલ્પ છૂટીને ઠર્યા, જાઓ. 'સાદિ-અનંત અનંત સમાધિ સુખમાં..' જેના જન્મ સફળ છે. જેણે જન્મીને મરણ કર્યા નથી, મરણ કર્યા એને કહીએ કે ફરીને

ભવ ધારણ કરે. મરણ એને કહીએ કે જે ફરીને ભવ ધારણ કરે, એમ. અને જન્મ્યા પછી મરણ શું, મુક્તિ થઈ ગઈ. હા, મુક્તિ મરણની. આહાહા!

કહે છે, અરે! આવા આત્માને... પાઠ છે ને જુઓને? **हेयमुवादेयमप्पणो अप्पा...** એમ શબ્દ છે. બીજું પદ છે. **उवादेयमप्पणो..** પોતાનો આત્મા, એમ શબ્દ છે. ચોથા.... પોતાનો આત્મા આવો ઉપાદેય છે એટલે અંતે એકાકાર થઈ ગયો છે. આહાહા! આ તો મુનિની વ્યાખ્યા કરી, પોતે મુનિ છે એટલે. નહીંતર સમ્યગ્દર્શનમાં પણ એ જ વાત છે. પણ મુનિ તો ઉત્કૃષ્ટ, વૈરાગ્ય પણ ઉત્કૃષ્ટ છે ને, લીનતા ઉત્કૃષ્ટ છે, અલૌકિક દશા છે. એકલી નગ્નદશા–દિગંબર દશા, અંતર ને બાહ્ય બેય. અંતરમાં મશગુલ... વસ્તુ પરમ આત્મતત્ત્વને એકને જ પકડીને અનુભવ કરી રહ્યો છે ઉગ્રપણે. સમજાણું કાંઈ?

હવે કહે છે... ઓલામાં આવ્યુંને ત્રીજું પદ? આ બીજા પદની વ્યાખ્યા થઈ. **जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा..** હવે, **कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो..** એની વ્યાખ્યા ચાલે છે. જુઓને! ટીકા તે ટીકા પણ કેવી છે! હવે, ઉદયાદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી... એ કર્મની ઉપાધિના નિમિત્તના ચાર ભાવ છે. એમાંથી કાઢ્યું એ. ઉપર છે ને? **कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं...** કર્મના નિમિત્ત ને નિમિત્તના અભાવથી ઉત્પન્ન થયેલી પર્યાય, એનાથી વ્યતિરેક છે આહાહા! સમજાણું કાંઈ? શું કહ્યું એ? આત્મામાં કર્મનું નિમિત્ત ને રાગ-દ્વેષ ઉત્પન્ન થાય, નિમિત્તનો અભાવ—ઉપશમ ને ક્ષયોપશમ ને ક્ષાયિકભાવ થાય—એ બધા કર્મની ઉપાધિની કે અભાવની નિમિત્તની અપેક્ષા છે એવી જે ગુણપર્યાય, એનાથી ત્રિકાળી દ્રવ્ય વ્યતિરેક છે–જુદો છે. સમજાણું કાંઈ? એય! સેઠી બોલતા નથી. ક્યા કહા? પાઠ છે ને? કર્મ ઉપાધિથી ઉત્પન્ન થયેલા ગુણપર્યાય...

શ્રોતા : .... વાત હતી ને ચાર ક્યાંથી આવી ગયા?

પૂજ્ય ગુરુદેવશ્રી : ચારેય આવી ગયા એમાં. અપેક્ષા, જેને ક્ષાયિકમાં પણ કર્મના ક્ષયની અપેક્ષા રહી. એવી અપેક્ષા જેમાં નથી એવો પરમ સ્વભાવભાવ એ ચાર ભાવની અપેક્ષા વિનાનો છે. આહાહા! કેવળજ્ઞાન ક્ષાયિક પર્યાય એ પણ જેનામાં નથી... એનાથી વ્યતિરેક કીધુંને? સમજાણું કાંઈ?

આત્મા તો મહા ભગવાન છે, પૂરો ભગવાન છે, ઉત્કૃષ્ટ છે, જેને પર્યાયમાં આવવુંય નથી. આહાહા! એવો જે ધ્રુવ ભગવાન સ્વદ્રવ્ય એ ચારે ઉદય ભાવ આદિ છે... ઉદય એટલે આ ગતિ આદિ. આવે છે ને તત્ત્વાર્થસૂત્રમાં? ઉદયભાવના બોલો આવે છે, ક્ષયોપશમના ૧૮, ઉદયના ૨૧—એમ કાંઈક આવે છે. ઉપશમના બે, ક્ષાયિકના નવ. એ બધા ભાવાંતરો... ભાવાંતરો એટલે અનેરાભાવ. ભાવાંતરો=(ભાવ)+અંતર એટલે અનેરા ભાવ. પરમ સ્વભાવભાવ સ્વદ્રવ્ય એની અપેક્ષાએ ચાર ભાવ અનેરાભાવ છે. નીચે છે નોટ. **'ભાવાંતરો =**

**અન્યભાવો.'** અંતર એટલે અનેરા. **'(ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક—એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે...'** ધ્રૌવ્યસ્વરૂપ ભગવાન આત્મા પરમ સહજ સ્વભાવ એવા ભાવની અપેક્ષાએ આ ચાર ભાવ અન્ય છે તેથી **'ભાવાંતરો કહ્યા છે.'** પરમ સ્વભાવ ધ્રુવસ્વભાવ નિત્યાંનંદ, પર્યાય વિનાનો એવા સ્વભાવભાવની અપેક્ષાએ ચાર ભાવ અનેરા ભાવ છે, આ ભાવની અપેક્ષાએ અનેરા ભાવ કહ્યા છે. આહાહા! ઘણું ઝીણું. ક્યાં ઓલું જાડું ગયું ને પાછું આ ઝીણું આવી ગયું. આહા! સમજાય છે કાંઈ?

કહે છે કે જે વસ્તુ ભગવાન આત્મા સહજભાવ, ધ્રુવભાવ સહજભાવ છે, એમને એમ છે—એવો જે ત્રિકાળી પરમસ્વભાવભાવ એની અપેક્ષાએ પર્યાયના ચાર બોલ એ અનેરો ભાવ છે. આનાથી અનેરો ભાવ છે. ક્ષાયિકભાવ પણ પરમસ્વભાવભાવથી અનેરો ભાવ છે-ભાવાંતર છે. આહાહા! એક કોર કહે કે કેવળજ્ઞાનની પર્યાય અભેદ થઈ ગઈ હવે. ધ્યેય નિશ્ચય શું? સમજાણું કાંઈ? ભગવાન સ્વભાવભાવ પરમભાવ પરમપારિણામિકસ્વભાવિકભાવ જેનું છે પણું.. છે પણું.. છે પણું જ છે, બસ. એમાં આ હતું ને નાશ થયું ને ઉત્પન્ન થયું છે—એવું કાંઈ છે નહીં. એવા પરમસ્વભાવભાવ એની અપેક્ષાએ ચાર ભાવ—કેવળજ્ઞાનભાવ, કેવળદર્શનભાવ, ક્ષાયોપશમિક સમકિતભાવ (આદિ) એ બધો ભાવ અનેરો ભાવ છે. ઓહોહો! પુણ્ય-પાપને પરભાવ કહેવા, અહીં તો ક્ષાયિકસમકિતને અનેરો ભાવ કહેવો. એ પરભાવ છે. પરભાવની વ્યાખ્યા? જ્ઞાયક ત્રિકાળી સ્વભાવભાવની અપેક્ષાએ એ સ્વભાવ નહીં, પરભાવ છે. સમજાણું કાંઈ?

**'પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા'** ચાર ભાવાંતરોને અગમ્ય છે. અગમ્ય એટલે ચાર ભાવની પર્યાય એમાં આવતી નથી. સમજાણું કાંઈ? એ ચાર ભાવની પર્યાય એમાં જતી નથી અથવા ચાર ભાવનો આશ્રય લેતા લાભ થતો નથી. પરમસ્વભાવભાવનો આશ્રય લે તો લાભ થાય. લાભ સવાયા ત્યાં છે. આ બધા ધૂળના લાભ માટે ફરે છે ને? નહીં? કલકત્તા, મુંબઈ ચારે કોર રખડે છે. લાભ માટે રખડતા હશે કે નહીં? લાભ માને છે. અહીં તો કહે છે કે આ રાગ થયો એ પણ લાભ નથી, લે! તીર્થંકરગોત્રનો લાભ થયો એ લાભ નહીં હોં. આહાહા! ભારે વાત ભાઈ! પોતાનો સનાથ ભગવાન આત્મા ધ્રુવ એની અપેક્ષાએ ચાર ભાવ અનેરા ભાવ છે, એને અહીં કારણપરમાત્મા કહે છે. ઓલા ચાર ભાવથી અનેરો આ અને આનાથી અનેરા ચાર. અનેરો કારણપરમાત્મા એ જ આદરણીય છે. વિશેષ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)



: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઈ.

www.vitragvani.com